સ્પષ્ટાર્થ સહિત

# શ્રી કર્પૂરપ્રકર

અને

# શ્રી કદંબગિરિ બૃહત્કલ્પ

કર્તા

આચાર્ય શ્રી વિજયપદ્મસૂરિ

॥ नमो सिद्धचक्कस्स ॥

નેમિ પદ્મ ગ્રંથમાલા પુષ્પ ૧૧૬-૧૧૭

મૂલ-છંદોબદ્ધ ગૌર્જરી ટીકા-શ્લોકાર્થ-સ્પષ્ટાર્થ સહિત

# શ્રી કર્પૂરપ્રકર:


મૂલકાર

કવિરાજ શ્રીહરિસેન મુનિ


છંદોબદ્ધ ગૌર્જરી ટીકા-શ્લોકાર્થ-સ્પષ્ટાર્થના બનાવનાર-
તપોગચ્છાચાર્ય-પરમોપકારિશિરોમણિ-પૂજ્યપાદ પ્રાતઃ-
સ્મરણીય આચાર્ય મહારાજ શ્રીવિજયનેમિસૂરીશ્વર-
વિનેયાણુ-શાસ્ત્રવિશારદ-કવિ દિવાકર આચાર્ય
શ્રી વિજયપદ્મસૂરીશ્વર :

તથા

સ્વોપજ્ઞ સ્પષ્ટાર્થ સહિત

# શ્રી કદંબગિરિ બૃહત્કલ્પ

કર્તા : શ્રી વિજયપદ્મસૂરિ :


પ્રકાશક

શ્રી જૈન ગ્રન્થ પ્રકાશક સભા.

## અગાઉથી ગ્રાહક થનાર સદ્ગૃહસ્થોની નામાવલી.

| નકલો | નામ |
|---|---|
| ૨૫૦ | શા. મણીલાલ મગનલાલ |
| ૧૭૦ | શેરદલાલ જેસંગભાઇ કાલીદાસ |
| ૧૩૩ | શેઠ ચુનીલાલ શકરચંદ |
| ૧૦૦ | શેઠ ચીમનલાલ લાલભાઇ |
| ૧૦૦ | વકીલ મણીલાલ રતનચંદ |
| ૧૦૦ | શા. પરસોત્તમદાસ છોટાલાલ |
| ૫૧ | શેઠ જેસંગભાઈ ઉગરચંદ |
| ૫૧ | શેઠ સોભાગચંદ ચુનીલાલ |
| ૫૧ | શેઠ શકરચંદ મણીલાલ |
| ૫૧ | શેઠ વાડીલાલ સાંકલચંદ |
| ૫૧ | શા. ચીમનલાલ ગોકળદાસ |
| ૫૧ | શા. શકરચંદ દલસુખરામ |
| ૪૧ | શેઠ વાડીલાલ ચકુભાઈ |
| ૨૫ | શેઠ ચંદુલાલ બુલાખીદાસ |
| ૨૫ | પુંજી બ્હેન (શા. કરમચંદ ફુલચંદના સુપુત્રી) |

મુદ્રક : મણીલાલ છગનલાલ શાહ ધી નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ—અમદાવાદ.

સર્વતન્ત્રસ્વતન્ત્ર–શાસનસમ્રાટ્–સૂરિચક્રચક્રવર્ત્તિ જગદ્ગુરૂ

તપોગચ્છાધિપતિ–ભટ્ટારક

## આચાર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વર :

જન્મ : વિ. સં. ૧૯૨૯ કાર્તિક શુ. ૧ મહુવા




દીક્ષા : વિ. સં. ૧૯૪૫ જ્યેષ્ટ શુ. ૭ ભાવનગર

ગણિપદઃ વિ. સં. ૧૯૬૦ કાર્તિક વદ ૭ વળા (વલ્લભિપુર)

પન્યાસપદઃ વિ. સં. ૧૯૬૦ માગશર શુ. ૩ વળા (વલ્લભિપુર)

સૂરિપદઃ વિ. સં. ૧૯૬૪ જ્યેષ્ટ શુ. ૫ ભાવનગર

॥ ॐ अर्हं नमः ॥

# પ્રસ્તાવના

શ્રી જૈનેન્દ્રશાસનોપાસક પ્રિયબંધુઓ ! જ્યારે જગત ભરમાં વિરલાજ મહાપુરૂષો ૧ બુદ્ધિબલ, ૨ પ્રબલ પુણ્યાઇ, ૩ પરોપકાર કરવામાં તીવ્ર લાગણી, ૪ બહુજ સૂક્ષ્મદૃષ્ટિનો ઉપયોગ રાખીને, મહાપુરૂષોએ બનાવેલ ગ્રંથોને શાંતિમાં અને સારા વાતાવરણમાં વાંચ્યા બાદ, તે સર્વ ગ્રંથોનું અપૂર્વ રહસ્ય જાણીને હૃદયમાં ધારણ કરવાની અપૂર્વ તાકાત, ૫ પ્હેલાંના દેશ કાલાદિની પરિસ્થિતિમાં અને વર્તમાન દેશ કાલાદિની પરિસ્થિતિમાં થએલ પરિવર્તન તરફ તીવ્ર લક્ષ ૬ વિસ્તાર રૂચિવાળા જીવોનો અને સંક્ષેપ રૂચિવાળા જીવોનો પરિચય, ૭ ઇષ્ટ પ્રસંગને જરૂરી શબ્દોમાંજ અભ્યાસકાદિ વર્ગને જીવન સુધારણામાં ઉપયોગી બને તે રીતે વર્ણન કરવાની પ્રણાલિકા, ૮ નિજગુણ રમણતામાં અપૂર્વ લગની વગેરે ઉત્તમ સાધનોના બલેજ વિવિધ ગ્રંથોની રચના કરી શકે છે. પ્રસ્તુત શ્રીકર્પૂર પ્રકર ગ્રંથના બનાવનાર મહાત્મા શ્રીહરિસેન મુનિરાજ પણ તેવા મહાપુરૂષોમાંના એક મહાપુરૂષ છે. તેઓ નિર્મલ સંયમના સાધક તો હતાજ. તે ઉપરાંત અપૂર્વ કાવ્યની રચના કરવામાં પણ કુશલ હતા, એમ તેમણે બનાવેલા શ્રીનેમિચરિત્ર તથા આ કાવ્ય જોતાં જણાય છે. આ કાવ્યના પ્હેલા શ્લોકમાં શરૂઆતમાં '**कर्पूरप्रकरः**' આ શબ્દ હોવાથી આ કાવ્યની કર્પૂરપ્રકર નામે વધારે પ્રસિદ્ધિ છે. બીજું નામ '**सूक्तावली**' છેવટના શ્લોક ઉપરથી જણાય છે. મુનિરાજ શ્રીહરિસેન કવિએ આ કાવ્યમાં ૮૭ બાબતોનું વર્ણન દૃષ્ટાંત સાથે બહુજ સ્પષ્ટ જણાવ્યું છે. આની ઉપર શ્રીજિનસાગરસૂરિ વગેરે પંડિતોએ ટીકાઓ પણ રચી છે. સંસ્કૃત ભાષાનાં જાણકાર ભવ્ય જીવોને આ કાવ્ય અપૂર્વ સંગીન બોધ આપે છે, ને વૈરાગ્યાદિ ભાવના પ્રકટાવે

છે. પરંતુ સંસ્કૃત ભાષાના અલ્પ બોધ વાળા ભવ્ય જીવોને તથા સંસ્કૃત ભાષાને નહિ જાણનારા ભવ્ય જીવોને આ કાવ્યનો યથાર્થ સ્પષ્ટ બોધ કરાવવાના ઇરાદાથી મેં આ ગ્રંથમાં ૧ મૂલ શ્લોક, ૨ હરિગીત છંદમાં શ્લોકબદ્ધ ટીકા, ૩ શ્લોકાર્થ ૪ સ્પષ્ટાર્થ આ ક્રમે શ્રીકર્પૂરપ્રકર કાવ્યનું યથાર્થ રહસ્ય જણાવ્યું છે, આથી તમામ જિજ્ઞાસુ ભવ્ય જીવો આ ગ્રંથનો જરૂર લાભ લઈ શકશે.

હાલની પરિસ્થિતિ પ્રમાણે આ ગ્રંથ છપાવવાનું કામ અશક્ય હતું, પણ શેર દલાલ જેસંગભાઈ કાલીદાસ વગેરેની તીવ્ર જ્ઞાન ભક્તિ અને મારી કૃતિ પ્રત્યે તીવ્ર લાગણી અને ઉદારતાથી જ આ ગ્રંથ સંપૂર્ણ છપાયો છે, શ્રા. ઇશ્વરદાસ મૂલચંદ, શેર દલાલ સારાભાઈ જેસંગભાઈ તથા શ્રા ચંદુલાલ ઉમેદચંદ રાયચંદ માસ્તરે આ ગ્રંથના છપાવવા વગેરેને અંગે તન મનથી બજાવેલ સેવા અવિસ્મરણીય છે, કારણ કે પ્રસ્તુત કાર્યના વ્યવસ્થાપક તે ત્રણે બંધુઓ જ હતા. વિશેષ બીના શ્રીસિંદૂરપ્રકરની પ્રસ્તાવનાથી જાણવી. ભવ્ય જીવો આત્મદષ્ટિને સતેજ કરનાર–આ ગ્રંથમાં જણાવેલી બીના વાંચી સમજી વિવેકી બની મોક્ષમાર્ગને પરમ ઉલ્લાસથી સાધી મુક્તિના અવ્યાબાધ સુખ પામે. એજ હાર્દિક ભાવના.

નિવેદકઃ

**વિજયપદ્મસૂરિ**

તપોગચ્છાધિપતિ શાસનસમ્રાટ્-સૂરિચક્ર-ચક્રવર્ત્તી .જગદ્ગુરૂ-આચાર્ય
મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વર વિનેયાણુ-આચાર્ય શ્રી વિજયપદ્મસૂરિજી



જન્મ વિ૦ સં૦ ૧૯૫૫ વૈશાખ સુદ ૩ અમદાવાદ.
દીક્ષા વિ૦ સં૦ ૧૯૭૧ માગશર વદ ૨ તલાજા. (શોભાવડ)
ગણિપદ વિ૦ સં૦ ૧૯૮૨ ફાગણ વદ ૫ પાટણ
પંન્યાસપદ વિ૦ સં૦ ૧૯૮૨ ફાગણ વદ ૧૧ પાટણ.
ઉપાધ્યાયપદ વિ૦ સં૦ ૧૯૮૮ મહા સુદ ૫ સેરીસામહાતીર્થ.
આચાર્યપદ વિ૦ સં૦ ૧૯૯૨ વૈશાખ સુદ ૪ અમદાવાદ.

# અનુક્રમણિકા.

( દશમા પાનામાં ૮૭ દ્વારોનાં નામ જણાવવાં રહી ગયાં છે તે પણ નીચે પ્રમાણે સમજી લેવાં. )



| દ્વાર અંક | દ્વાર નામ | કાવ્ય અંક. | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| | | ૧ (મંગલાચરણ) | ૨–૬ |
| | | ૨ (દ્વારનાં નામો) | ૬–૧૪ |
| ૧ | આર્યદેશ દ્વાર | ૩—૪ | ૧૪—૩૦ |
| ૨ | કથમપિ દ્વાર | ૫—૬ | ૩૦—૪૦ |
| ૩ | મનુષ્યભવ દ્વાર | ૭—૮ | ૪૧—૫૧ |
| ૪ | ઉત્તમકુલ દ્વાર | ૯–૧૦ | ૫૧—૬૦ |
| ૫ | સાધુસંગ દ્વાર | ૧૧–૧૨ | ૬૧—૬૬ |
| ૬ | બોધ દ્વાર | ૧૩–૧૪ | ૬૭—૭૮ |
| ૭ | સમ્યક્ત્વ દ્વાર | ૧૫–૧૬ | ૭૮—૮૯ |
| ૮ | દેવ દ્વાર | ૧૭–૧૮ | ૯૦–૧૦૦ |
| ૯ | ગુરૂ દ્વાર | ૧૯–૨૦ | ૧૦૦–૧૧૨ |
| ૧૦ | ધર્મ દ્વાર | ૨૧–૨૨ | ૧૧૨–૧૧૯ |
| ૧૧ | શક્તિ દ્વાર | ૨૩–૨૪ | ૧૧૯–૧૨૯ |
| ૧૨ | શ્રમ દ્વાર | ૨૫–૨૬ | ૧૨૯–૧૩૮ |
| ૧૩ | યતિધર્મ દ્વાર | ૨૭–૨૮ | ૧૩૮–૧૪૭ |
| ૧૪ | શ્રાવક ધર્મ દ્વાર | ૨૯–૩૧ | ૧૪૭–૧૫૫ |
| ૧૫-૨૬ | બાર વ્રતનાં દ્વાર | ૩૨–૫૫ | ૧૫૫–૨૬૭ |

| | | | |
|---|---|---|---|
| ૨૭ | સપ્તક્ષેત્રી (સમુદિત) દ્વાર | ૫૬ | ૨૬૭–૨૭૨ |
| ૨૮ | બિંબ દ્વાર | ૫૭–૫૯ | ૨૭૨–૨૮૦ |
| ૨૯ | ચૈત્ય દ્વાર | ૬૦–૬૧ | ૨૮૦–૨૮૯ |
| ૩૦ | જ્ઞાન દ્વાર | ૬૨–૬૩ | ૨૮૯–૨૯૫ |
| ૩૧ | સંઘ દ્વાર | ૬૪–૬૫ | ૨૯૫–૨૯૮ |
| ૩૨ | સાધુ દ્વાર | ૬૬–૬૭ | ૨૯૮–૩૦૭ |
| ૩૩ | સાધ્વી દ્વાર | ૬૮–૬૯ | ૩૦૭–૩૨૬ |
| ૩૪ | શ્રાવક દ્વાર | ૭૦–૭૧ | ૩૨૬–૩૩૪ |
| ૩૫ | શ્રાવિકા દ્વાર | ૭૨–૭૩ | ૩૩૪–૩૪૩ |
| ૩૬ | જિન પૂજા દ્વાર | ૭૪–૭૫ | ૩૪૪–૩૫૨ |
| ૩૭ | નય (ન્યાય) દ્વાર | ૭૬–૭૭ | ૩૫૨–૩૫૮ |
| ૩૮ | વિનય દ્વાર | ૭૮–૭૯ | ૩૫૮–૩૬૮ |
| ૩૯ | વૈરાગ્ય દ્વાર | ૮૦–૮૧ | ૩૬૮–૩૭૮ |
| ૪૦ | દાન દ્વાર | ૮૨–૮૩ | ૩૭૯–૩૮૫ |
| ૪૧ | શીલ દ્વાર | ૮૪–૮૫ | ૩૮૬–૩૮૯ |
| ૪૨ | તપો દ્વાર | ૮૬–૮૭ | ૩૮૯–૩૯૫ |
| ૪૩ | ભાવ દ્વાર | ૮૮–૮૯ | ૩૯૫–૪૦૨ |
| ૪૪ | સર્વ ધર્મ પ્રભાવ દ્વાર | ૯૦–૯૧ | ૪૦૩–૪૦૭ |
| ૪૫ | સામાન્ય વિષય દ્વાર | ૯૨–૯૩ | ૪૦૭–૪૧૪ |
| ૪૬ | શબ્દ દ્વાર | ૯૪–૯૫ | ૪૧૪–૪૧૮ |
| ૪૭ | રૂપ દ્વાર | ૯૬–૯૭ | ૪૧૮–૪૨૨ |
| ૪૮ | રસ દ્વાર | ૯૮–૯૯ | ૪૨૨–૪૨૮ |
| ૪૯ | ગંધ દ્વાર | ૧૦૦–૧૦૧ | ૪૨૮–૪૩૨ |
| ૫૦ | સ્પર્શ દ્વાર | ૧૦૨–૧૦૩ | ૪૩૨–૪૪૧ |
| ૫૧ | સામાન્યથી સપ્ત વ્યસન દ્વાર | ૧૦૪–૧૦૫ | ૪૪૨–૪૪૮ |
| ૫૨ | જુગાર દ્વાર | ૧૦૬–૧૦૭ | ૪૪૮–૪૫૨ |

| | | | |
|---|---|---|---|
| ૫૩ | માંસ દ્વાર | ૧૦૮–૧૦૯ | ૪૫૨–૪૫૮ |
| ૫૪ | મદિરા દ્વાર | ૧૧૦–૧૧૧ | ૪૫૯–૪૬૩ |
| ૫૫ | વેશ્યા દ્વાર | ૧૧૨–૧૧૩ | ૪૬૪–૪૬૮ |
| ૫૬ | શિકાર દ્વાર | ૧૧૪–૧૧૫ | ૪૬૯–૪૭૩ |
| ૫૭ | ચોરી દ્વાર | ૧૧૬–૧૧૭ | ૪૭૩–૪૭૭ |
| ૫૮ | પરસ્ત્રીગમન દ્વાર | ૧૧૮–૧૧૯ | ૪૭૮–૪૮૨ |
| ૫૯ | કષાય ત્યાગ દ્વાર | ૧૨૦–૧૨૧ | ૪૮૨–૪૮૫ |
| ૬૦ | ક્રોધ દ્વાર | ૧૨૨–૧૨૩ | ૪૮૬–૪૮૯ |
| ૬૧ | માન દ્વાર | ૧૨૪–૧૨૫ | ૪૮૯–૪૯૩ |
| ૬૨ | માયા દ્વાર | ૧૨૬–૧૨૭ | ૪૯૪–૪૯૯ |
| ૬૩ | લોભ દ્વાર | ૧૨૮–૧૨૯ | ૪૯૯–૫૦૪ |
| ૬૪ | વર્ષાક્ષમાશ્રમણ દ્વાર | ૧૩૦–૧૩૧ | ૫૦૫–૫૦૮ |
| ૬૫ | પ્રાઘુર્ણક (પરોણા) સાધુ વંદન દ્વાર | ૧૩૨–૧૩૩ | ૫૦૮–૫૧૧ |
| ૬૬ | અષાઢ ચોમાસાનું દ્વાર | ૧૩૪–૧૩૫ | ૫૧૧–૫૧૪ |
| ૬૭ | પારણક દ્વાર | ૧૩૬–૧૩૭ | ૫૧૫–૫૧૮ |
| ૬૮ | ચોમાસામાં વ્યાખ્યાન સાંભળવાનું દ્વાર | ૧૩૮–૧૩૯ | ૫૧૮–૫૨૨ |
| ૬૯ | પુણ્ય (પર્વ) તિથિ દ્વાર | ૧૪૦–૧૪૧ | ૫૨૨–૫૨૪ |
| ૭૦ | સમ્યકત્વ રક્ષા દ્વાર | ૧૪૨ | ૫૨૪–૫૨૬ |
| ૭૧ | પર્યુષણા ઉપદેશ દ્વાર | ૧૪૩ | ૫૨૬–૫૨૭ |
| ૭૨ | અઠ્ઠાઇના ઉપદેશનું દ્વાર | ૧૪૪–૧૫૩ | ૫૨૮–૫૪૫ |
| ૭૩ | દીવાલીના ઉપદેશનું દ્વાર | ૧૫૪ | ૫૪૫–૫૪૭ |
| ૭૪ | હંમેશાં વ્યાખ્યાન સાંભળવાનું દ્વાર | ૧૫૫–૧૫૬ | ૫૪૭–૫૫૧ |
| ૭૫ | વ્યાખ્યાન ફલનું દ્વાર | ૧૫૭ | ૫૫૧–૫૫૩ |

| | | | |
|---|---|---|---|
| ૭૬ | વિહાર દ્વાર | ૧૫૮ | ૫૫૩–૫૫૪ |
| ૭૭ | કાર્તિક ચોમાસાનું દ્વાર | ૧૫૯–૧૬૦ | ૫૫૫–૫૫૮ |
| ૭૮ | સંઘની ભક્તિનું દ્વાર | ૧૬૧–૧૬૨ | ૫૫૮–૫૬૨ |
| ૭૯ | ફાગણ ચોમાસાનું દ્વાર | ૧૬૩–૧૬૪ | ૫૬૨–૫૬૬ |
| ૮૦ | કલ્યાણકના દિવસના વર્ણનનું દ્વાર | ૧૬૫–૧૬૭ | ૫૬૬–૫૭૦ |
| ૮૧ | મહાપૂજા દ્વાર | ૧૬૮–૧૬૯ | ૫૭૧–૫૭૩ |
| ૮૨ | ચૈત્ય પરિપાટી દ્વાર | ૧૭૦–૧૭૧ | ૫૭૩–૫૭૬ |
| ૮૩ | ઉજમણાનું દ્વાર | ૧૭૨–૧૭૪ | ૫૭૬–૫૮૦ |
| ૮૪ | ધ્વજારોપણ દ્વાર | ૧૭૫ | ૫૮૦–૫૮૨ |
| ૮૫ | અષ્ટપ્રકારી પૂજાના ફલનું દ્વાર | ૧૭૬ | ૫૮૨–૫૮૪ |
| ૮૬ | અષ્ટમંગલ દ્વાર | ૧૭૭ | ૫૮૪–૫૮૬ |
| ૮૭ | મુક્તિ દ્વાર | ૧૭૮–૧૭૯ | ૫૮૬–૫૯૦ |
| | ગ્રન્થકારની ઓળખાણ | ૧૮૦ | ૫૯૦–૫૯૨ |


☆

॥ णमो सिद्धचक्कस्स ॥

॥ णमो परमगुरुनेमिसूराणं ॥

सुगृहीतनामधेय-पूज्यपाद-तपोगच्छाधिपति-परमोप-
कारिशिरोमणि-परमगुरु-आचार्य महाराज श्री-
विजयनेमिसूरीश्वर-विनेयाणु-शास्त्रविशारद-
कविदिवाकर-आचार्य श्रीविजयपद्म-
सूरीश्वरप्रणीत-छंदोबद्ध गौर्जरीटीका-
श्लोकार्थ-स्पष्टार्थसमेत-श्रीहरिसेन
मुनिराज प्रणीत-

# ॥ श्रीकर्पूरप्रकरः ॥

**અવતરણ**—કવિ શ્રીહરિ મુનિ ગ્રન્થની શરૂઆતમાં પ્રાચીન ગ્રંથકારોની પ્રણાલિકાને અનુસરીને નિર્વિઘ્નપણે ગ્રંથ પૂરો કરવાના સાધનભૂત ઇષ્ટ દેવના સ્મરણરૂપ લોકોત્તર મંગલ કરે છે:—

॥ शार्दूलविक्रीडित छंद ॥

कर्पूरप्रकरः शमामृतरसे वक्त्रेन्दुचन्द्रातपः,
शुक्लध्यानतरुप्रसूननिचयः पुण्याब्धिफेनोदयः ।
मुक्तिश्रीकरपीडनाच्छसिचयो वाक्कामधेनोः पयः,
व्याख्यालक्ष्यजिनेशपेशलरदज्योतिश्चयः पातु वः ॥ १ ॥

છંદોબદ્ધ ટીકાકાર મંગલાચરણ કરે છે—

॥ હરિગીત છંદ ॥

જસ ધ્યાનથી પણ સિદ્ધિ અડ ને લબ્ધિ અડવીસ સંપજે,
પરભવ વિષે પણ સંપદા સ્હેજે મલે વિપદા તજે;
તે થંભણાધીશને નમી ગુરૂનેમિસૂરિ ગુણમણિખની,
ટીકા વિવિધ છંદે બનાવું સરલ કર્પૂર પ્રકરની. ૧

જે કાન્તિનો ગણ દાંતની ઉપશમ સ્વરૂપ અમી જલ વિષે,
છે કપૂરના સમુદાય જેવો પાપ રૂપ કણને પીસે;
કર્પૂર મિશ્રિત અમિય પાણી લોકમાં વખણાય છે,
વર તેજ પુંજે દિવ્ય ઉપશમ નાથનો વખણાય છે. ૨

મુખરૂપ શશિની ચાંદણી જેવો દીસે ન જરી મણા,
ફૂલના સમૂહ સમાન શુકલ ધ્યાન રૂપી ઝાડના;
વળી જે ઉછળતા ફીણ જેવો પુણ્યરૂપ સાગરતણા,
વર વસ્ત્ર જેવો શુભ પ્રસંગે સિદ્ધિ સ્ત્રીના લગ્નના. ૩

શોભા દીયે છે વસ્ત્ર નિર્મલ શુભ પ્રસંગે લગ્નના,
દંત કાન્તિનો સમુદાય તેવો લગ્નમાં શિવનારના;
વલી દૂધ જેવો શ્વેત વાણી કામધેનુ તણા જ તે,
દંત કાન્તિનો સમુદાય જેણે દેખીયો પુણ્ય વાત તે. ૪
શુભ દેશના દેવા ક્ષણે દેખાવમાંહે આવતો,
જિનરાજના દાંતો તણી વરકાંતિનો ગણ ચળકતો;
રક્ષણ કરો તેહી તમારૂં ભવ જલધિમાં ડૂબતાં,
આશીષના વચણો વદી હરિ સાધુ ગ્રંથ બનાવતા. ૫

**શ્લોકનો અર્થ**:—દેશના આપતી વખતે દેખાતો એવો શ્રીતીર્થંકર પ્રભુના શ્રેષ્ઠ દાંતની કાન્તિનો જે સમુદાય તે સંસાર રૂપી સમુદ્રમાં પડતા ભવ્ય જીવોને બચાવે; તે દાંતની કાન્તિનો સમુદાય કેવા પ્રકારનો છે તે હવે જણાવે છે. '**शमामृतरसे**'=ઉપશમ-શાન્તિરૂપી અમૃત જલને વિષે '**कर्पूरप्रकरः**'=કપૂરના સમૂહ જેવો છે. (અહીં કવિએ 'ઉત્પ્રેક્ષા' નામનો અલંકાર બતાવ્યો છે. એમ **इव** શબ્દનો લોપ થએલ હોવાથી જાણી શકાય છે. એ પ્રમાણે દાંતની કાંતિના સમુદાયને ઓલખાવનાર બીજા વિશેષણોમાં પણ તે જ અલંકારની ઘટના જાણવી.) જેમ કપૂર અમૃતના પાણીને દીપાવે છે, તેમ શ્વેત દાંતની કાન્તિનો સમુદાય પણ પ્રભુના ઉપશમ ગુણને દીપાવે છે. '**वक्त्रेन्दुचन्द्रातपः**'=મુખ રૂપી ચંદ્રમાની જાણે ચાંદની ન હોય, એવા પ્રભુના શ્વેત દાંત દીપે છે. '**शुक्लध्यानतरुप्रसूननिचयः**'=શુકલ ધ્યાન રૂપી ઝાડના સફેદ ફૂલોનો સમુદાય જાણે ન હોય તેવા

પ્રભુના દાંત શોભી રહ્યા છે. '**पुण्याब्धिफेनोदयः**'=જાણે પુણ્ય રૂપી સમુદ્રના ઉછળતા ફીણુ ન હોય તેવા પ્રભુના દાંત ચળકી રહ્યા છે. '**मुक्तिश्री०**' સિદ્ધિ લક્ષ્મી રૂપી વધૂના વિવાહના ઓચ્છવ પ્રસંગે (ઉપયોગી એવું) જાણે નિર્મલ વસ્ત્ર ન હોય તેવા પ્રભુના દાંત સફેદ ચળકે છે. '**वाक्काम०**' જાણે વાણી રૂપી કામધેનુ ગાયનું દૂધ ન હોય તેવા સફેદ દાંત દીપી રહ્યા છે.

**સ્પષ્ટાર્થ**:—આ પ્રથમ કાવ્યનો જેમ જેમ વધુ વિચાર કરીએ તેમ તેમ નવું નવું જાણવાનું મળે છે, પ્રસંગે કહેવત પણ યાદ આવે છે કે 'જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ. જ્યાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે અનુભવી.' એટલે કવિની કલ્પનાનો વેગ સૂર્યની ગતિના વેગથી પણ ચઢી જાય તેવો હોય છે. તેમાં જો અનુભવ ભળે તો તો તે કવિની કાવ્યશકિત રૂપી સુવર્ણમાં અનુભવ રૂપી ચંદનની સુગન્ધ મ્હેંકી રહેલી હોવાથી તેવી શકિતને ધારણ કરનાર કવિમાં અને બીન અનુભવી કવિમાં સૂર્યનો પ્રકાશ અને આગીયા જીવડાના પ્રકાશમાં જેટલો તફાવત હોય તેટલો જ તફાવત ગણી શકાય. કવિરાજ શ્રીહરિ મુનિએ આ પ્રથમ શ્લોકમાં પોતાની કાવ્ય બનાવવાની શક્તિનો ઉપયોગ કરતાં પહેલાં જરૂર અનુભવને ધ્યાનમાં લીધો જ છે.

જેને ઉપમા અપાય તે ઉપમેય કહેવાય. જેવા ગુણવાળો ઉપમેય પદાર્થ હોય તેવા જ ગુણવાળી ઉપમા ઉપમેયને આપી શકાય. જુઓ કવિનો વિશાલ આશય સમજી શકાય તેવો એ છે કે સર્વ વર્ણોમાં સફેદ વર્ણ

શ્રેષ્ઠ છે અને તેમાં પણ ચળકાટ ભર્યો હોય, તો તો તે શ્વેત વર્ણ વધારે પ્રશસ્ય ગણાય એમાં નવાઈ શી ? તેવા પ્રકારની દાંતની શ્રેણિ રૂપી ઉપમેય હોવાથી ઉપમા પણ તદનુસારે જ ઘટાવી છે. હવે બીજા અવયવો કરતાં દાંતની શ્રેણિમાં એવી કઇ વિશિષ્ટતા રહેલી છે કે જેથી દાંતનું વર્ણન પ્રથમ શ્લોકમાં કર્યું તે પણ મુદ્દો જરૂર સંક્ષેપમાં સમજવો જોઇએ.

પંચ સંગ્રહાદિ ગ્રંથોમાં બતાવેલી ‘ સવિ જીવ કરૂં શાસન રસી એસી ભાવ દયા મન ઉલ્લસી ’ આ ભાવવાળી ભાવના પ્રમાણે સમ્યગ્દર્શનવાળું ઉચ્ચ કોટીનું સદ્વર્ત્તન સેવીને પરમ તારક શ્રીતીર્થંકર દેવે તીર્થંકર નામકર્મ બાંધ્યું. તેરમે ગુણઠાણે તેનો ઉદય થયો. તીર્થંકર નામકર્મના દલિયાં દેશના દ્વારાજ ખપે. તેમાં જીહ્વાને વિશેષે કરીને મદદ કરનાર દાંત હોય છે. સ્પષ્ટ ઉચ્ચાર કરવામાં પણ દાંત મદદગાર છે. જેથી સાબીત થાય છે કે દેશના દ્વારા થતા ઉપકારમાં એ પરમ સાધન છે. આવા અનેક કારણોનો ઉંડો અનુભવ કેળવીને કવિએ આ શ્લોકમાં દાંતની શ્રેણીનો મહિમા વર્ણવ્યો છે. દાંતની શ્રેણિના બીજા વિશેષણ ‘ **वक्त्रेन्दु०** ’નું રહસ્ય એ છે કે જેમ કૌમુદી ( ચાંદની ) થી ચંદ્ર શોભે છે તેમ દંતશ્રેણિથી મુખ શોભે છે. તેવા જ મુખને ધ્યાનમાં લઈ ને ‘ **मुखमर्धं शरीरस्य सर्वं वा मुखमुच्यते** ’ ઈત્યાદિ કહ્યું છે. ત્રીજા ‘ **शुक्ल०** ’ વિશેષણનું રહસ્ય એ છે કે જેમ ઝાડ હોય તો જ ફૂલો હોય, તેમ શુક્લધ્યાન હોય તો જ તેજસ્વી દાંતની શ્રેણિને ધારણ કરનાર શ્રીતીર્થંકરની ઋદ્ધિ હોય. ચોથા ‘ **पुण्या०** ’ વિશેષણનું રહસ્ય એ છે કે

જેમ સમુદ્ર હોય તો જ સફેદ શ્રેણુ (મોજાં) હોય તેમ અબલ પુણ્યોદયેજ ચળકતી દાંતની શ્રેણિની પ્રાપ્તિ થાય. એમ બુદ્ધિથી વિચારતાં બીજા વિશેષણોનું પણ રહસ્ય સ્હેજે સમજી શકાય તેવું સુગમ છે. ૧

**અવતરણ:**—ગ્રંથકાર અભિધેય (ગ્રંથમાં કહેવાની બીના) પ્રયોજન ફલ અને સંબંધ જણાવે છે. જેને જાણીને વિનેય વર્ગ અધ્યયન કરવામાં ઉદ્યમવંત બને છે:—

॥ स्रग्धरा छंद ॥

**भव्या लब्ध्वार्यदेशं १ कथमपि २ नृभवं ३ सत्कुलं ४ साधुसङ्गम्, ५**
**बोधं ६ देवादि १० शक्तीः ११ कुरुत शम १२ यतिश्रावकत्वे-**
**१४ व्रतानि २६ ॥**
**सप्तक्षेत्री ३५ जिनार्चा ३६ नय ३७ विनय ३८ सुवैराग्य ३९**
**दानादि ४२ पुष्टिं,**
**शब्द ४९ द्यूत ५७ क्षुधादेर्८२जयमपि सुकृताहेषु ८२**
**सत्कर्म ८७ मुक्त्यै ॥ २ ॥**

શુભ આર્ય દેશ મહા પ્રયત્ને મનુજ ભવને મેળવી,
કુલ શ્રેષ્ઠ ગુણિનો સંગ સમજણ શુદ્ધ દર્શન મેળવી;
જિન દેવગુરૂ શુભ ધર્મની સામગ્રી તનુ બલ મેળવી,
હે ભવ્ય જીવો! ધર્મ સાધો હેય વસ્તુ છોડવી. ૧
સહનશીલતા વ્હાણ જેવા શ્રેષ્ઠ સંયમ આદરો,
તેમાં અશક્તિ હોય તો શ્રાવકપણાને આદરો;

શ્રાવકપણાના બાર વ્રતમાં યથાશક્તિ વ્રતી બનો,
શુભ સાત ક્ષેત્રે વાપરી ધન દેવના પૂજક બનો. ૨
ન્યાય માર્ગે સંચરીને વિનય તિમ વૈરાગ્યને,
ધારણ કરીને પોષજો દાનાદિ ચઉવિહ ધર્મને;
વિષયવૃત્તિ વધારનારા શબ્દ રૂપ રસ ગંધને,
છોડો ફરિસ દ્યૂત માંસ મદિરા આદિ સાતે વ્યસનને. ૩
ક્રોધાદિ ચાર કષાય તજજો મુક્તિના સુખ પામવા,
આરંભ આદિક દૂર છંડી પુણ્ય દિવસો પાલવા;
મીઠી શીખામણ આપતાં કવિ દ્વાર સત્યાસી કહે,
ઉપદેશ સત્યાશી પ્રકારે આપવા દ્વારો કહે. ૪
અભિધેય તે સંબંધ વાચક વાચ્ય ભાવ પિછાણીએ,
છે વાચ્ય દ્વારો ગ્રંથ વાચક તત્ત્વ એ અવધારીયે;
ફલ તે પ્રયોજન કવિતણું શ્રોતાતણું બે ભેદ એ,
તેમાં અનંતર તિમ પરંપર બે પ્રભેદ વિચારીએ. ૫
કવિને અનંતર સુપ્રયોજન ભવ્યનો ઉપકાર એ,
ગ્રંથનું વિજ્ઞાન એ શ્રોતાતણું સંભારીએ;
મોક્ષ કેરો લાભ તે ફલ છે પરંપર બેઉનું,
મધ્યસ્થ બુદ્ધિશાલી અર્થી એ સ્વરૂપ અધિકારીનું. ૬
ઇષ્ટ સાધનતાતણું કૃતિ સાધ્યતાનું જ્ઞાન એ,
બે જ્ઞાન પ્રવૃત્તિજનક અનુબંધ બોધે તે હુવે;
અનુબંધ ચારે તેહથી કવિ આદિમાં ય જણાવતા,
વ્યવહાર સઘલા ગ્રંથકારોનો સરલ બતલાવતા. ૭

આર્ય દેશ દ્વાર[૧] કથમપિ[૨] મનુજભાવ[૩] શુભ કુલ[૪] વલી,
ગુણીનિજ સોબત[૫] બોધ[૬] દર્શન[૭] દેવ[૮] ગુરૂ[૯] નવમું વલી;
જિનધર્મ[૧૦] શક્તિ[૧૧] તિમ ક્ષમા[૧૨] મુનિધર્મ[૧૩] શ્રાવકપણું[૧૪] વલી,
વ્રત બાર[૨૬] સમુદિત સપ્તક્ષેત્રી[૨૭] સાતક્ષેત્રો સંઘ[૩૫] વલી. ૮
જિનભક્તિ[૩૬] ન્યાય[૩૭] વિનય[૩૮] ભલો વૈરાગ્ય[૩૯] દિનાદિક[૪૩] વલી,
સવિ ધર્મનો સુપ્રભાવ[૪૪] સમુદિત વિષયની નીચતા[૪૫] વલી;
શબ્દાદિ[૫૦] ક્રમસર પાંચ સમુદિત તેમ નીચતા[૫૧] વલી.
દ્યૂતાદિ સાત[૫૮] કષાય[૫૯] સમુદિત તેમ ક્રોધાદિક[૬૩] વલી. ૯
વર્ષા ક્ષમા શ્રમણ[૬૪] સ્વરૂપી દ્વાર ચોસઠમુ કહે,
પ્રાઘૂર્ણકોને નમન[૬૫] એ વલી દ્વાર પાંસઠમું કહે;
સ્થિતિની અપેક્ષાએ અષાઢી શ્રેષ્ઠ ચોમાસું[૬૬] વલી,
શુભ પારણાનું દ્વાર[૬૭] તિમ વ્યાખ્યાન[૬૮] ચોમાસે વલી. ૧૦
પુણ્યતિથિની સાધના[૬૯] રક્ષા[૭૦] અને પર્યુષણા[૭૧],
અષ્ટાહ્નિકા[૭૨] દીપાલિકા[૭૩] ઉપદેશમાં ન જરી મણા;

વ્યાખ્યાન સાંભળવું[૭૪] સદા મુનિનો વિહાર[૭૫] કહ્યો વલી,
આષાઢ ચોમાસી તણું શુભ સ્વરૂપ[૭૬] બોલે તિમ વલી. ૧૧
ચોમાસું કાર્તિક[૭૭] સંઘભક્તિ[૭૮] તેમ ફાગણ માસની,
ચોમાસીની બીના[૭૯] સુકલ્યાણ મહાશુભ દિવસની[૮૦];
પૂજા[૮૧] મહંતી ચૈત્ય પરિપાટી[૮૨] ઉજમણું[૮૩] તિમ વલી,
ધ્વજારોપણ[૮૪] દેવપૂજન ફલ[૮૫] સુમંગલ[૮૬] અડ વલી. ૧૨
મુક્તિ કેરૂં દ્વાર છેલ્લું દ્વાર[૮૭] સત્યાશી થયા,
વૃત્તિકારે પર અપેક્ષા લેઇ ચોરાશી કહ્યા;
ઉદ્દેશને અનુસાર કરશે હરિ કવિ નિર્દેશને,
દ્વારનો ક્રમ ધ્યાન રાખી હવે સુણો ઉપદેશને. ૧૩
સર્પ કેરૂં ઝેર હણવા નોળીયો નોળવેલને,
ઝટ સૂંઘે ઉપાધિ રૂપી સર્પ ડંખે જીવને;
તે ઝેર શીઘ્ર ઉતારવાને નોળવેલ તણી સમા,
ઉપદેશ મીઠો સાંભળીને મૂકજો ઝટ અમલમાં. ૧૪

શ્લોકાર્થ:—હે ભવ્ય જીવો ! મહા મહેનતે (પ્રબલ પુણ્યોદયે) આર્ય દેશને અને મનુષ્ય જન્મને પામીને અને શ્રેષ્ઠ કુલને તથા સાધુની સોબતને, જ્ઞાન, દર્શન–દેવ–ગુરૂ ધર્મ અને શરીરનું સામર્થ્ય એ આઠ સાધનોને પામીને તમે મુક્તિ પામવા માટે ક્ષમા રાખો, સાધુપણાને, શ્રાવક

પણાને અને બારે વ્રતોને (યથાશક્તિ) ગ્રહણ કરો, સાત ક્ષેત્રોમાં ધન વાપરો. પ્રભુની પૂજા કરો. ન્યાય વિનય વૈરાગ્યને ધારણ કરો. દાનાદિ ચાર પ્રકારના ધર્મનું પોષણ (આરાધન) કરો. શબ્દાદિ પાંચનો, દ્યૂતાદિ સાતે વ્યસનોનો ક્રોધાદિ ચારે કષાયોનો જય કરો. પુણ્ય (પર્વ) દિવસોમાં (સામાયિકાદિ) શુભ ક્રિયા કરો. ૨

**સ્પષ્ટાર્થ**:—કવિ શ્રીહરિ મુનિજીએ આ બીજા શ્લોકમાં એ જણાવ્યું કે હું મુખ્ય સત્યાશી બાબતની ઉપર વિવેચન દ્વારા ઉપદેશ આપીશ. દ્વારોની સંકલના ગોઠવીને ઉપદેશ દેવાથી બાલ જીવોને પણ સુખેથી બોધ થઈ શકે છે એમ સમજીને સત્યાશી બાબતોમાંની દરેક બાબતને દ્વાર શબ્દથી ઓલખાવીને વર્ણવી છે. આ પ્રણાલિકા પ્રાચીન છે એમ અન્યૂન દશ પૂર્વધર શ્રીઉમાસ્વાતિ વાચકના શિષ્ય શ્રીશ્યામાચાર્ય ભગવંતે બનાવેલા શ્રી પ્રજ્ઞાપના સૂત્ર અને મુનિશ્રી ગજસારે બનાવેલા શ્રી દંડક પ્રકરણાદિ જોવાથી જાણી શકાય છે. જો કે છંદોબદ્ધ ટીકામાં આંકડા બતાવવા પૂર્વક ૮૭ દ્વારો બતાવ્યા છે. તો પણ બાલ જીવો સુખેથી સમજી શકે તે અભિપ્રાયે ૮૭ દ્વારો આ પ્રમાણે સ્પષ્ટ રીતે બતાવીએ છીએ:—

કવિએ હે ભવ્ય જીવો! એમ સંબોધીને ઉપદેશની શરૂઆત કરી છે. તેમાંથી અપૂર્વ બોધ એ મલે છે કે શાંતિથી અને પ્રેમથી મીઠાશ ભરેલા વચનો કહીએ તો સામા માણસને સચોટ બોધ થાય છે, પરિણામે ઉપદેશની અસર પણ સાંભલનારને સારી થઈ શકે છે. આ પ્રસંગે

એલેકઝાંડર અને મહાત્માનો પરિચય યાદ રાખી સમજવા લાયક છે. તે ટુંકામાં આ પ્રમાણે છેઃ—એલેકઝાંડર એક (હિંદુસ્તાનના) અનુભવી માણસને સાથે લઈને હિંદુસ્તાનમાં મુસાફરી કરવા નીકળે છે. અનુક્રમે ચાલતાં ચાલતાં જંગલમાં તલાવને કાંઠે ધ્યાન કરતા એક મહાત્માનો સમાગમ થાય છે. બંને જણા મહાત્માને નમસ્કાર કરે છે. મહાત્મા ધ્યાન કરી રહ્યા છે. ધ્યાન પૂરું થયા બાદ મહાત્મા એલેકઝાંડરને પૂછે છે કે તમે કોણ છો? જવાબમાં જણાવ્યું કે હું એક સત્તાધિકારી મોટો અમલદાર છું. આ અવસરે તેજ તળાવના કાંઠે એક બગલાએ મોંઢામાં માછલું પકડયું છે. એ પ્રસંગને જોઈને મહાત્માએ એલેકઝાંડરને કહ્યું કે જો તમે હિંદના સત્તાધિકારી છો, તો સત્તાનો ઉપયોગ કરીને આ બગલાના મોંઢામાંથી માંછલું છોડાવો? મહાત્માના આવા વચનો સાંભળીને એલેકઝાંડરે પિસ્તોલનો ભય દેખાડ્યો તો પણ જ્યારે બગલાએ માછલું નજ છોડયું, ત્યારે મહાત્માએ કહ્યું કે એક બગલાની ઉપર તમારી સત્તા ચાલતી નથી તો હિંદુસ્તાનની ઉપર તમે સત્તા ચલાવી શકો છો, એમ કોઈ પણ કબૂલ ન જ કરી શકે. એલેકઝાંડરે કહ્યું કે જો એમ જ છે તો હે મહાત્મા! તમે એવો ઉપાય જાણો છો કે જેથી આ બગલું સ્વયમેવ માંછલાને છોડી દે. મહાત્માએ કહ્યું કે હે એલેકઝાંડર! દેખ! તે પ્રમાણે કરી બતાવું છું. એમ કહીને મહાત્મા ઉભા થઈને બગલાની પાસે જઈને પ્રેમથી તેના માથા ઉપર હાથ ફેરવીને શાંતિ ભરેલા મીઠાં વચનોથી બગલાને કહે છે કે બેટા બગલા! આ માંછલાને તું છોડી દે. કારણ કે કોઈની પણ આંતરડી દુખાય તેવું કામ તારા

જેવા ઉત્તમ પક્ષી ન જ કરે. દરેક જીવો દુઃખને ન જ ચાહે સુખને જ ચાહે છે, જેમ તને તારા પ્રાણ વ્હાલા છે તેમ માંછલાને પણ પોતાના પ્રાણ વ્હાલા છે, એમ સમજીને આ માંછલાને મૂકી દે. એમ કહેતાંની સાથે તરત જ બગલું માછલાને છોડી દે છે. એલેક્ઝાંડર આ બનાવ જોઇને ઘણો જ આશ્ચર્ય પામે છે. મહાત્મા એલેક્ઝાંડરને કહે છે કે–આશ્ચર્ય પામવાની જરૂર નથી. પરંતુ શાંતિ અને પ્રેમ ભરેલા કહેલ વચનોનું જ આ પરિણામ છે. જે કામ સત્તાથી ન બને તે શાંતિ અને પ્રેમ ભરેલા વચનો કહીને સમજાવવાથી સહેજે બની શકે છે. આ સંબંધમાં એક કવિએ કહ્યું પણ છે કે:–

જીહ્વામાં અમૃત વસે, વિષભી ઉનકી પાસ;
એકે બોલે કોડી ગુણ, એકે કોડી વિનાસ. ૧

મહાત્માના આ વચનો સાંભળીને એલેક્ઝાંડર મહાત્માને કહે છે કે આ બગલું તો તમારૂં પાળેલું હશે એમ મને લાગે છે. જો તેવો પ્રભાવ મારા ઘોડામાં દેખાડો તો હું તમારૂં કથન વ્યાજબી માની શકું. મહાત્મા તેમ કરવા હા પાડે છે. ઉભા થઈને ઘોડાની પીઠ ઉપર પ્રેમથી હાથ થાપડીને ઘોડાને કહ્યું કે બેટા ઘોડા! આ તારા બંને પગ મારી પીઠ ઉપર મૂક. એમ કહ્યું કે તરત જ ઘોડાએ બંને પગ મહાત્માની પીઠ ઉપર મૂકયા. આ બનાવ જોઈને એલેક્ઝાંડરે કબુલ કર્યું કે આપનું કહેવું બરાબર વ્યાજબીજ છે.

દૃષ્ટાંતનો સાર એજ કે મહાત્માના શાન્તિ અને પ્રેમ ભરેલા વચનમાં જેવી મીઠાશ રહેલી છે તેવી જ મીઠાશ કવિના 'હે ભવ્યો!' આ વચનમાં રહેલી છે.

પ્રશ્ન:—ભવ્ય કોને કહીએ?

ઉત્તર—મુક્તિમાં જવાને લાયક જે હોય, તે ભવ્ય કહેવાય. અથવા હું ભવ્ય હોઈશ કે અભવ્ય આવો વિચાર જેને ઉદ્‌ભવે તે નિશ્ચયે કરી ભવ્ય જીવજ હોય. કારણ કે અભવ્ય જીવને તેવો વિચાર (શંકા) થાય જ નહિ. એમ પૂજ્ય શ્રી શીલાંકાચાર્ય મહારાજે આચારાંગ સૂત્રની ટીકામાં કહ્યું છે.

પ્રશ્ન—ગ્રન્થકારે "હે ભવ્યો! તમે મુક્તિના સુખ પામવા માટે ૮૭ દ્વારોની યથાશક્તિ આરાધના કરો" એમ જે કહ્યું તે ઉપરથી એ શંકા થાય છે કે–અભવ્ય જીવોને સંબોધીને ગ્રંથકારે ઉપદેશ કેમ ન આપ્યો? હે સંસારી જીવો! એમ કહેવાથી ભવ્ય અને અભવ્ય બંને લઈ શકાય તેમ હતું, તો તેમ ન કહેતાં 'હે ભવ્યો!' એમ કઈ અપેક્ષાએ કહ્યું?

ઉત્તર—ઉપદેશના વચનો સૂર્યના કીરણો જેવા હોય છે. જેમ સર્વ સાધારણ એવા સૂર્યના કિરણોનો જેવો લાભ સર્વ જીવો લઈ શકે છે, તેવો લાભ જેઓ દિવસે ન દેખી શકે એવા ઘૂવડ પક્ષીઓ લઈ શકતા નથી તેમાં ઘવડના જ કર્મનો દોષ માની શકાય, તેમ સર્વ સાધારણ એવા પણ ઉપદેશના વચનની અસર ભવ્ય જીવોને થાય અને ભારે કર્મી અભવ્ય જીવોને ન થાય તેમાં અભવ્ય જીવોનો જ (ભારે કર્મીપણા રૂપ) દોષ માની શકાય છે. માટે પૂજ્ય શ્રીસિદ્ધસેન દિવાકર મહારાજે પણ કહ્યું છે કે:—

**सद्धर्मबीजवपनानघकौशलस्य ।**
**यल्लोकबान्धव ! तवाप्यखिलान्यभूवन् ॥**

तन्नाद्भुतं खगकुलेषु हि तामसेषु ।
सूर्यांशवो मधुकरी चरणावदाताः ॥ १ ॥

એવા આશયથી કવિએ 'હે સંસારી જીવો!' એમ ન કહેતાં 'હે ભવ્ય જીવો' એમ કહ્યું છે. ૨

અવતરણ—મહાશય ચક્રવર્તી કવિશ્રી હરિમુનિજી પોતે કરેલી પ્રતિજ્ઞા પ્રમાણે 'પહેલા આર્ય દેશ' નામના દ્વારનું વર્ણન કરતાં આર્ય દેશનો પ્રભાવ દૃષ્ટાંત સહિત બતાવે છે:—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

१ २ ९ ३ ८ ६ ७ ५ ४
कोऽपि स्याल्लघुकर्मकः सुकृतधीर्देशेऽप्यनार्ये स्वतः,
११ १२ १५ १४ १० १३
तस्याप्यार्द्रकुमारवद्गुणचयः किं त्वार्यदेशाश्रयात् ।
२९ १७ १६ २६ २७ २८ ३० २० २१
क्षाराब्धौ शशिनोऽथ कौस्तुभमणेः सा श्रीः कुतो याऽभव-
१८ १९ २४ २३ २२ २५
द्गङ्गाशालिनि शम्भुमूर्ध्नि कमलागारे हरेश्चोरसि ॥ ३ ॥

દેશના બે ભેદ આર્ય અનાર્ય જ્યાં જ્ઞાનાદિના,
છે સાધનો તે આર્ય જ્યાં નહિ ભાવ તેહ અનાર્યના;
કર્મોતણા ક્ષય આદિથી જેને આર્ય પ્રદેશમાં,
જાગે સ્વભાવે ધર્મબુદ્ધિ તેહ થોડા વિશ્વમાં. ૧
તેહના પણ ગુણ વધે આ આર્યદેશાલંબને,
દૃષ્ટાંત આર્દ્રકુમારનું તે જોઇ પ્રભુના બિંબને;
જાતિસ્મરણ પામી લહી ચારિત્ર સાધે મોક્ષને,
આર્યદેશ તણા પ્રતાપે સાધતા સવિ સાધ્યને. ૨
ગંગા નદીથી શોભતા શંકરતણા મસ્તકવિષે,
જે હોય શોભા તેમ લક્ષ્મી સ્થાન વિષ્ણુ હૃદય વિષે;

કૌસ્તુભમણિની જેહ શોભા તે ન ખારા સાગરે,
સ્થાનને અનુસાર ગુણની વૃદ્ધિ જિનપતિ ઉચ્ચરે. ૩
મસ્તક હૃદયના સારિખો આ આર્યદેશ પિછાણીએ,
ચંદ્ર શોભાદિક સમી ગુણ વૃદ્ધિને ના ભૂલીએ;
પાપથી અલગા રહે જે તેહ આર્યો જાણીએ,
આર્યદેશે જન્મ પામી ગુણગણે શિવ સાધીએ. ૪

શ્લોકાર્થ:—કોઇ લઘુકર્મી (થોડાં કર્મવાળો) જીવ અનાર્ય દેશમાં પણ (ઉત્પન્ન થઈને) પોતાની મેળે ધર્મબુદ્ધિવાળો થાય તો તેને પણ આર્દ્રકુમારની જેમ આર્યદેશનો આશ્રય કરવાથી ગુણનો સમૂહ પ્રાપ્ત થાય છે. ગંગાથી શોભતા શંકરના મસ્તકને વિષે ચંદ્રની જેવી શોભા છે તેવી ખારા સમુદ્રમાં ક્યાંથી હોય? અને લક્ષ્મીના નિવાસસ્થાન એવા કૃષ્ણના હૃદયને વિષે કૌસ્તુભમણિની જેવી શોભા છે તેવી ખારા સમુદ્રમાં ક્યાંથી હોય? અર્થાત્ નજ હોય. ૩

સ્પષ્ટાર્થ:—આ ભરત ક્ષેત્રમાં વંગ દેશ વગેરે સાડા પચીસ આર્ય દેશ ગણાય છે, તે સિવાયના અનાર્ય દેશો ગણાય છે. તે અનાર્ય દેશમાં ઉત્પન્ન થએલા મનુષ્યને ધર્મની પ્રાપ્તિ થવી ઘણી મુશ્કેલ છે. માટે ધર્મની પ્રાપ્તિ માટે પ્રથમ તો આર્ય દેશમાં જન્મ મેળવવો દુર્લભ કહ્યો છે, તે છતાં અનાર્ય દેશમાં ઉત્પન્ન થએલ લઘુકર્મી જીવ એટલે જે જીવનાં ઘણાં કર્મો ખપી ગયા હોવાથી થોડાજ ભવોમાં મોક્ષે જનાર છે તેવો જીવ પોતાની મેળે એટલે કોઈના પણ ઉપદેશાદિ વિના ધર્મ તરફ રૂચિવાળો થાય તો તેનામાં પણ

ગુણનો સમૂહ પ્રાપ્ત થાય છે. ગુણનો સમૂહ એટલે સમ્યગ્ દર્શન (સમકીત) જ્ઞાન તથા ચારિત્ર વગેરેની આરાધનારૂપ ગુણો. જો તેવા પ્રકારનો લઘુકર્મી જીવ આર્ય દેશનો આશ્રય કરે તો તેનામાં ઉપર કહેલ ગુણોનો સમૂહ પ્રાપ્ત થાય છે. કહેવાનો સાર એ છે કે લઘુકર્મી જીવ હોય તથા ધર્મબુદ્ધિ-વાળો હોય તે છતાં જો અનાર્ય દેશનો ત્યાગ કરે નહિ તો તેને ગુણ સમૂહ પ્રાપ્ત થતો નથી, અથવા આ ગુણ સમૂહ પ્રાપ્ત થવામાં આર્ય દેશ કારણ છે એમ કવિરાજ જણાવે છે. આજ બાબતને જણાવવાને માટે અહીંઆં આર્દ્રકુમારનું દૃષ્ટાન્ત જાણવું. (આ દૃષ્ટાન્ત-ગાથાનો સ્પષ્ટાર્થ પૂરો કરીને ટુંકાણમાં જણાવવામાં આવશે.) અહીંઆં કવિશ્રી આર્ય દેશનો મહિમા ઉપમા દ્વારાએ પણ લૌકિક દૃષ્ટાન્ત આપીને સમજાવે છે. તે આ પ્રમાણેઃ–પુરાણ કથામાં જણાવ્યું છે કે જ્યારે દેવોએ સમુદ્રનું મંથન કર્યું એટલે સમુદ્રને વલોવ્યો ત્યારે તે સમુદ્રમાંથી અનેક રત્નો નીકળ્યાં. તે વખતે તેમાંથી ચંદ્ર તથા કૌસ્તુભમણિ પણ નીકળ્યા હતા. તેમાંથી ચંદ્રને શંકરે ગંગાથી શોભતા મસ્તકને વિષે ધારણ કર્યો. કવિશ્રી કહે છે કે ખારા સમુદ્રમાં પડી રહેલા ચંદ્રની શોભા અને તેજ ચંદ્ર જ્યારે શંકરે પોતાના મસ્તકને વિષે ધારણ કર્યો ત્યારની તેની શોભા તે સરખી ક્યાંથી હોય. અથવા ખારા સમુદ્રનો આશ્રય કરનાર ચંદ્રની શોભા નહિ જેવીજ હતી, પરંતુ જ્યારે તે ચંદ્રને શંકરે ગંગાથી શોભતા પોતાના મસ્તકને વિષે ધારણ કર્યો ત્યારે તેની શોભા અનેક ગણી વધી જાય છે. વળી તે ખારા સમુદ્રમાં રહેલા કૌસ્તુભમણિની શોભા પણ ઘણી થોડી હતી, પરંતુ જ્યારે હરિએ (વિષ્ણુએ)

તેને પોતાના હૃદયને વિષે ધારણ કર્યો ત્યારે તેની શોભા ઘણી વધી ગઇ. આ હરિનું હૃદય પણ કેવું છે તે જણાવે છે. કમલા એટલે લક્ષ્મી. તે લક્ષ્મીનું રહેઠાણ છે જેને વિષે એવું હરિનું હૃદય છે, અથવા હરિના હૃદયને વિષે લક્ષ્મી રહી છે અને તે સ્થળે કૌસ્તુભમણિને ધારણ કર્યો તેથી તે મણિની શોભા અનેક ગણી વધી ગઈ. આ શ્લોકનું રહસ્ય એ છે કે જીવ લઘુકર્મી હોય તેમજ ધર્મ બુદ્ધિવાળો હોય તે છતાં જો તે ખારા સમુદ્ર સમાન અનાર્ય દેશનો આશ્રય કરે ત્યાં સુધી તેના ઉત્તમ જ્ઞાનાદિ ગુણો વધતા નથી અથવા ત્યાં સુધી તે જીવ પોતાની ઉન્નતિ સાધી શકતો નથી. પરંતુ, તેજ જીવ જો આર્ય દેશનો આશ્રય લે, તો તે આર્ય દેશના માહાત્મ્યથી તે જીવની પણ ચંદ્ર અને કૌસ્તુભમણિની પેઠે અનેક ગણી શોભા વધે છે, એટલે કે તે જીવ સમકિત આદિ ગુણોની પ્રાપ્તિ રૂપ ઉત્તમ શોભાને પામે છે. ૩

આ બાબતમાં અનાર્ય દેશમાં જન્મેલા લઘુકર્મી આર્દ્ર-કુમારનું દૃષ્ટાન્ત ટુંકાણમાં આ પ્રમાણે જાણવું—

મગધ દેશમાં રાજગૃહ નામના નગરમાં શ્રેણિક નામે રાજા હતો તે રાજાને મહા બુદ્ધિશાલી અભયકુમાર નામનો પુત્ર હતો અને તે બુદ્ધિશાલી હોવાથી મન્ત્રીશ્વર થયો હતો. આ શ્રેણિક રાજાને સમુદ્રની મધ્યમાં આવેલા આર્દ્રક નામના દેશમાં આર્દ્રક નામના રાજાની સાથે કુલ પરંપરાની મૈત્રી હતી. આ રાજાને આર્દ્રકા નામે રાણી હતી અને આર્દ્રકુમાર નામે પુત્ર હતો. એક વખત શ્રેણિક રાજાએ પોતાના મંત્રીને અદ્‌ભુત ભેટણા સાથે આર્દ્રક રાજા પાસે મોકલ્યો. તે મંત્રીએ

રાજસભામાં આવીને આર્દ્રક રાજાને આપ્યું. હર્ષિત થએલા આર્દ્રક રાજાએ શ્રેણિક રાજાના કુશળ સમાચાર પૂછ્યા. તે વખતે આર્દ્રકુમારે શ્રેણિક રાજા કોણ છે વગેરે પૂછયું. ત્યારે આર્દ્રક રાજાએ પોતાને શ્રેણિક રાજા સાથે કુલક્રમાગત મૈત્રીની હકીકત જણાવી, ત્યારે ત્યાર્થી આર્દ્રકુમારે મંત્રીને પૂછયું કે આ શ્રેણિક રાજાને કોઈ ગુણવાન પુત્ર છે ? ત્યારે મંત્રીએ અભયકુમાર નામે શ્રેણિક રાજાનો પુત્ર છે. તે ૫૦૦ મંત્રીનો અગ્રેસર છે, વગેરે હકીકત જણાવી. ત્યારે આર્દ્ર કુમારે મંત્રીને કહ્યું કે તમે જ્યારે અહીંથી જાઓ ત્યારે અભયકુમાર માટે મારા તરફથી ભેટણું લઈ જજો. કેટલાક દીવસ રહીને મંત્રી જ્યારે પાછો ફર્યો ત્યારે આર્દ્રક રાજાએ ભેટણા સાથે પોતાના માણસને તેની સાથે મોકલ્યો, ત્યારે આર્દ્રકુમારે પણ અભયકુમારને દેવા માટે ભેટણું આપ્યું, અને તેની સાથે પોતાની મૈત્રી કરવાની ઇચ્છા જણાવી. મંત્રી પોતાના દેશ તરફ તે માણસ સાથે પાછો ફર્યો. રાજાનું ભેટણું આપ્યું તે વખતે આર્દ્ર કુમારનું ભેટણું અભયકુમારને આપ્યું અને આર્દ્રકુમારની તેની સાથે મૈત્રીની ઈચ્છા જણાવી. તે વખતે જૈન ધર્મને જાણનાર અભયકુમારે વિચાર્યું કે પૂર્વ જન્મમાં ધર્મની વિરાધના કરનાર આ અનાર્ય દેશમાં ઉત્પન્ન થયો છે તે સિવાય મારી સાથે મૈત્રી ઇચ્છે નહિ. માટે એને પરમાર્હત ( જિનેશ્વરનો ભક્ત ) બનાવીને મારી મૈત્રી સફળ કરૂં. જ્યારે આર્દ્રક દેશથી ભેટણું લઈને આવેલો માણસ પાછો જતો હતો ત્યારે શ્રેણિક રાજાએ આર્દ્રક રાજાને દેવા માટે ભેટણું આપ્યું તે વખતે અભયકુમારે પણ શ્રી ઋષભ-દેવની પ્રતિમાને એક પેટીમાં પેક કરીને આર્દ્રકુમારને આપવા

રાફ આપી અને તેને કહ્યું કે આ પેટી આર્દ્રકુમારને આપીને કહેવું કે "અભયકુમારે તમારે માટે આ પેટી મોકલી છે અને તે કોઈ ન જુવે એમ એકાંતમાં ઉઘાડવાનું કહ્યું છે." તે માણસ ભેટણા સાથે પોતાના નગરે આવ્યો. રાજાને અને કુમારને ભેટણું આપ્યું. અને તે વખતે કુમારને અભયકુમારે કહ્યું હતું તેમ કહ્યું.

**આર્દ્ર કુમારને જાતિસ્મરણ અને પૂર્વભવ**

આર્દ્રકુમાર પણ તે પેટીને એક ઓરડામાં લઈ ગયા. પેટી ઉઘાડી તો તેમાંથી શ્રીઋષભદેવની પ્રતિમા નીકળી. પરંતુ પ્રતિમા જોએલી નહિ હોવાથી અભયકુમારે મારે માટે આ કોઇ ઘરેણું મોકલ્યું છે એમ જાણીને તે કયે સ્થળે પહેરાય તેની વિચારણા કરતાં તે કોઈ સ્થળે પહેરી શકાય તેમ નથી એમ જાણીને પોતાની સામે તેને મૂકી અને પછી આ શું હશે એમ વિચારમાં લીન થતાં મેં આ વસ્તુ કોઇક સ્થળે જોઇ છે એવું વિચારતાં તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું. અને તેથી તેમણે પોતાનો ત્રીજો ભવ જોયો. જેમાં તેમણે ચારિત્ર લઈને વિરાધના કરી હતી અને તેથી તેમને અનાર્યદેશમાં ઉત્પન્ન થવું પડયું છે. એ બધું જાણ્યું. પૂર્વ ભવમાં તેમણે પોતાની સ્ત્રી સાથે દીક્ષા લીધી હતી અને શુદ્ધ ભાવથી ચારિત્ર પાળતા હતા. પરંતુ એક વાર પોતાની સ્ત્રી જે સાધ્વી છે તેમને જોઈને તીવ્ર વિષય વાસના ઉત્પન્ન થઈ અને તે વાત તેમણે સાધ્વીને જણાવી. સાધ્વીએ વિચાર્યું કે મારે લીધે બંનેના ચારિત્ર ભ્રષ્ટ થશે, તેથી સાધ્વીએ અનશન કરી પ્રાણત્યાગ

કર્યો અને તે દેવલોકમાં ઉત્પન્ન થઇ. મુનિએ આ વાત જાણી ત્યારે તેમને પણ ઘણો પશ્ચાતાપ થયો કે મેં ચારિત્ર લીધું તે છતાં આવી વિષયની ઇચ્છા કરી અને તેથી સાધ્વીને પ્રાણત્યાગ કરવો પડયો, આ પાપમાંથી મારો ક્યારે છુટકારો થશે. એ પ્રમાણે પશ્ચાત્તાપ કરીને તે પણ અનશન કરી દેવલોકે ગયા. ત્યાંથી ચ્યવીને અનાર્ય દેશમાં ઉત્પન્ન થયા.

**આર્દ્રકુમારનો અભય કુમારને મળવાનો વિચાર અને તે માટે યુક્તિથી નાશી જવું.**

આદ્રકુમારે વિચાર્યું કે અભયકુમાર મારા પરમ ઉપકારી છે. કારણકે તેમણે મારી અવસ્થા જાણીને મને પ્રતિબોધ કરવાને માટે આ પ્રતિમા મોકલી છે, માટે મારે પણ તેમને મળવું જોઈએ અને દીક્ષા લઈને શુદ્ધ ચારિત્ર પાળવું જેથી આ સંસારમાંથી પોતાનો ઉદ્ધાર થાય. આવું વિચારી પોતાના પિતાને તે વાત જણાવી, પરંતુ પિતાએ જવાની ના કહી અને તે નાસી જાય નહિ તે માટે તેમની ચોકી કરવાને પાંચસો સુભટો મૂક્યા. કુમાર પણ નાશી જવાનો લાગ શોધવા લાગ્યા, તે દરરોજ ઘોડા ઉપર સ્વારી કરીને નગર બહાર જાય. સુભટો પણ સાથે જાય છે. કુમાર તેમનાથી દૂર જલદી ઘોડો કુદાવીને આગળ નીકળી જાય અને પછી થોડા વખતે પાછો આવે, એમ દરરોજ આગળ જાય અને થોડા થોડા વખતે પાછો આવે. આથી સુભટોને તેમના ઉપર વિશ્વાસ બેસી ગયો. એટલે એક વખત લાગ જોઈને આર્દ્રકુમાર તે સુભટોથી જુદા પડીને નાશી ગયા. સુભટોએ ઘણી તપાસ કરી પરંતુ જ્યારે

આર્દ્રકુમાર જડ્યા નહિ ત્યારે તેઓ પણ રાજાના ભયને લીધે તે દેશ છોડીને નાશી ગયા અને ચોરી કરીને આજીવિકા ચલાવવા લાગ્યા.

**આર્દ્રકુમારની સ્વયં દીક્ષા અને દેવીનો નિષેધ**

આર્દ્રકુમાર સુભટોથી ગુપ્ત રીતે નાસી જઈને પ્હેલેથી સંકેત કરી રાખેલ વહાણમાં બેસીને આર્ય દેશમાં આવી પહોંચ્યા. ત્યાં સ્વયંબુદ્ધ એવા તે પોતાની મેળે લોચ કરીને દીક્ષા ગ્રહણ કરવા તૈયાર થયા ત્યારે દેવતાએ કહ્યું કે હે કુમાર ! હજી તમારે ભોગકર્મ ભોગવવાનાં બાકી છે માટે ભોગો ભોગવીને દીક્ષા લેજો, પરંતુ તે વાણીનો અનાદર કરીને પોતાના પુરૂષાર્થ ઉપર વિશ્વાસ રાખીને દીક્ષા લીધી. પ્રત્યેક બુદ્ધ થએલા તે તીવ્ર તપ તપવા લાગ્યા અને વિહાર કરતા કરતા અનુક્રમે વસંતપુર નગરમાં આવ્યા. ત્યાં નગરની બહાર દેવકુલમાં કાઉસગ્ગ ધ્યાને રહ્યા.

**વસંતપુર નગરમાં શેઠની પુત્રી શ્રીમતીએ આર્દ્રમુનિનો પતિ તરીકે કરેલો સ્વીકાર.**

તે વખતે તે નગરમાં દેવદત્ત નામે શેઠને શ્રીમતી નામે પુત્રી હતી, તે શ્રીમતી પૂર્વ ભવમાં (ત્રીજા ભવે) બન્ધુમતી નામે આર્દ્રમુનિની પત્ની હતી. જેણે તેમની સાથે દીક્ષા લીધી હતી. તે શ્રીમતી બાલ્ય અવસ્થામાં ક્રીડા કરવા માટે નગરની બાલિકાઓ સાથે તે દેવકુલમાં આવી છે. તે વખતે બાલાઓ વર પસંદ કરવા લાગી. કોઈએ થાંભલા વગેરેને વર તરીકે પસંદ કર્યા. તે વખતે શ્રીમતી

બોલી કે હું તો આ મુનિને (કાઉસગ્ગ ધ્યાનમાં રહેલા આર્દ્રમુનિને) પતિ તરીકે પસંદ કરૂં છું, તે વખતે આકાશવાણી થઈ કે હે બાલા! સારી પસંદગી કરી, તે વખતે ગર્જના પૂર્વક આકાશમાંથી રત્નોની વૃષ્ટિ થઈ. તે ગર્જનાના ભયથી શ્રીમતી મુનિના પગે વળગી પડી. આ અનુકૂળ ઉપસર્ગ થયો એમ જાણી આર્દ્રમુનિ ત્યાંથી વિહાર કરી ગયા. રાજાએ રત્નો લેવા માંડયા ત્યારે દેવે તેને લેવાનો નિષેધ કર્યો અને આ કન્યાને રત્નો આપ્યાં છે એમ કહ્યું, તેથી તે રત્નો શ્રીમતીના પિતાએ ગ્રહણ કર્યાં.

**શ્રીમતીનાં આર્દ્ર મુનિ સાથે થએલાં લગ્ન.**

ત્યાર પછી શ્રીમતી જુવાન થઈ ત્યારે ઘણાં લોકોએ તેની માગણી કરી, પરંતુ શ્રીમતીએ કહ્યું કે મેં તો તે મુનિનેજ વર તરીકે પસંદ કર્યા છે માટે હું બીજા કોઈ સાથે લગ્ન કરીશ નહિ. તેને ઘણી સમજાવી તે છતાં તેણે માન્યું નહિ. તેણે કહ્યું કે કન્યા એકજ વાર અપાય છે. માટે હું તો તે મુનિનેજ વરી ચૂકી છું. શેઠે કહ્યું કે તે મુનિને કેવી રીતે ઓળખવા. ત્યારે શ્રીમતીએ કહ્યું કે જ્યારે મેં તેમનો પગ પકડયો ત્યારે તેમના પગને વિષે સુંદર લંછન જોયું છે અને તે મને બરાબર ખ્યાલમાં છે, તેથી શેઠે તેને કહ્યું કે આ નગરમાં જેટલા મુનિ આવે તેમને તું ભિક્ષા આપ. એ પ્રમાણે બાર વર્ષ ચાલ્યા ગયા ત્યારે આર્દ્ર મુનિ વિહાર કરતા તેજ નગરમાં આવ્યા અને શ્રીમતીએ તેમને પગના લંછન ઉપરથી

ઓળખ્યા, તેથી તેમના પગ પકડીને બોલી કે તે દીવસે તો જતા રહ્યા હતા પરંતુ હવે જવા દઈશ નહિ. તે વખતે દેવતાની વાણી સંભાળીને તથા રાજાના આગ્રહથી તેની સાથે લગ્ન કર્યું. ભાવી અન્યથા થતું નથી. તેણીની સાથે ભોગ ભોગવતાં એક પુત્ર થયો અને અનુક્રમે તે મોટો થયો. ત્યારે તેમણે શ્રીમતીને કહ્યું કે હવે તને આ પુત્ર સહાયકારી થશે માટે મને દીક્ષા લેવાની રજા આપ. શ્રીમતીએ આ વાત પુત્રને જણાવવા માટે રેંટીયો કાંતવા માંડયો. પુત્રે આમ કરવાનું કારણ પૂછયું ત્યારે શ્રીમતીએ પુત્રને કહ્યું કે તારા પિતા દીક્ષા લેશે ત્યારે આપણને આ રેંટીયો સહાયકારી થશે. પુત્રે કહ્યું કે હે માતા ચિંતા કરો નહિ, હું પિતાને જવા દઈશ નહિ. પછી જ્યારે પિતા સૂતા હતા ત્યારે માએ કાંતેલ સુતર લઈને પિતાને વીંટીને કહ્યું કે મેં તમને બાંધ્યા છે માટે હવે તમે દીક્ષા લેવા કેવી રીતે જશો? પિતાએ પણ જાણ્યું કે આ સ્નેહ રૂપી સુતરના તાંતણા તોડવા મુશ્કેલ છે. ગણ્યા તો બાર તાંતણા હતા. તેટલા વર્ષ ઘરમાં રહેવાનું કબુલ કર્યું. બાર વર્ષ પૂરા થયા ત્યારે ફરીથી વિચાર્યું કે પૂર્વ જન્મમાં ચારિત્રની વિરાધના કરી તેથી અનાર્ય દેશ મળ્યો. ફરીથી પણ ચારિત્ર લઈ તેનો ત્યાગ કર્યો તો મારી કઈ ગતિ થશે, માટે હજી પણ ચારિત્ર લઈ તીવ્ર તપ કરૂં તો આ મનુષ્યભવ સફળ થાય. આ પ્રમાણે વિચારી શ્રીમતીની રજા લઈ ફરીથી ચારિત્ર લઈને રાજગૃહી તરફ ચાલ્યા. રસ્તામાં તેમના ૫૦૦ સુભટો મળ્યા. તેઓ ચોરી કરીને આજીવીકા ચલાવતા હતા. તેમને પ્રતિબોધ પમાડીને દીક્ષા આપી.

**વીર પ્રભુને વંદન કરવા જતાં રસ્તામાં ગોશાળાનો મેળાપ અને તેને નિરૂત્તર કરવો.**

ત્યાંથી વીર પ્રભુને વંદન કરવા જતાં રસ્તામાં ગોશાળો મળ્યો. તેણે કહ્યું કે તપોમૂલ કષ્ટ સર્વ ફોગટ છે. કારણ કે શુભાશુભ ફલનું કારણ નિયતિ છે. તે વખતે આર્દ્ર મુનિએ કહ્યું કે જો તું સર્વત્ર નિયતિને હેતુ માનતો હોય અને ક્રિયાને ફોગટ માનતો હોય તો તું પણ એક સ્થાનેજ કેમ રહેતો નથી અને ભોજન વગેરે માટે કેમ યત્ન કરે છે. માટે નિયતિથી પણ પુરૂષાર્થ ચઢીયાતો છે એમ સાબીત થાય છે એ પ્રમાણે તેને નિરૂત્તર કરી આગળ ચાલ્યા.

**હસ્તિભક્ષી તાપસોને પ્રતિબોધ**

રસ્તામાં હસ્તિ તાપસોના આશ્રમે આર્દ્ર મુનિ આવી પહોંચ્યા. આ તાપસો હાથીને મારીને તેનું ભક્ષણ કરતા હતા તેથી હસ્તી તાપસ કહેવાતા હતા. તેમનું કહેવું એવું હતું કે એક હાથીને મારીને ખાઈએ તો તેનાથી ઘણા દીવસ આજીવિકા ચાલે છે અને એક જીવના વધનું પાપ લાગે છે, માટે ઘણા જીવોનો વધ કરવા કરતાં એક હાથીને મારવો સારો. તેમને પણ આર્દ્ર મુનિએ પ્રતિબોધ્યા અને દીક્ષા આપી. ત્યાંથી વીર પ્રભુને વંદન કરવા આગળ ચાલ્યા.

**અભય કુમારનો**

વીર પ્રભુને વંદન કરવા જતાં રસ્તામાં રાજગૃહી નગરીએ આવ્યા. ત્યાં શ્રેણિક સહિત અભય કુમાર વંદન કરવા આવ્યા.

**મેળાપ.** ત્યારે આર્દ્ર મુનિએ અભયકુમારને કહ્યું કે તમેજ કારણ વિના મારા મહા ઉપકારી છો. કારણકે તમે જે પ્રભુની પ્રતિમા મોકલી તે જોઈને મને જાતિસ્મરણ જ્ઞાન થયું અને અનાર્ય દેશમાં ઉપજવા છતાં હું આર્ય દેશમાં આવીને ચારિત્ર ગ્રહણ કરવા શક્તિમાન થયો છું. આ બધો તમારોજ ઉપકાર છે. આ સાંભળી શ્રેણિક રાજા અભયકુમાર વગેરે રાજી થયા. અને આર્દ્ર મુનિને નમીને પોતાને સ્થાને ગયા, ત્યાર પછી શ્રી વીરપ્રભુની પાસે જઈ તેમને વંદન કર્યું. ચારિત્ર નિર્મળ ભાવથી પાળી અંતે સમાધિ મરણ પામી સિદ્ધિપદને પામ્યા.

ટુંકાણમાં કથાનો એ સાર છે કે અનાર્ય દેશમાં ધર્મ સાધનની સામગ્રી હોતી નથી, માટે પૂર્વ પુણ્ય હોય તોજ આર્ય દેશમાં જન્મ મળે છે. ને તેજ આર્ય ક્ષેત્રને આધીન સઘળા ગુણની સંપત્તિ સુલભ થાય છે. ૩

॥ ઇતિ આર્દ્રકુમાર કથાનક ॥

અવતરણ:—આ ગાથામાં કવિશ્રી આર્ય દેશ પામનાર જીવ ધર્મરહિત હોય તે છતાં પણ કંઈ કંઈ સામગ્રી મેળવીને બોધ પામે છે તે જણાવે છે:—

**आर्यं देशमवाप्य धर्मरहितोऽप्यन्यस्य धर्मक्रियां,**
**धर्मस्थानमहांश्च वीक्ष्य सुगुरोः श्रुत्वा च धर्मं क्वचित् ।**
**बोधं याति कुलोत्थनास्तिकमतो भूपः प्रदेशी यथा,**
**सत्यं चन्दनसंगिनः क्षितिरुहो नान्येऽपि किं चन्दनाः ॥४॥**

આર્ય દેશ લહી અપરની ધર્મકરણી જોઇને,
જિન મંદિરાદિકમાં થતા શુભ ઉત્સવાદિક જોઇને;
કયારેક સુણતાં વચન ગુરૂના નૃપ પ્રદેશીની પરે,
બોધ પામે રંગ તેવો સંગ જેવો આચરે. ૧
ચંદન તણા સંગે કરી ચંદન સમા બીજા તરૂ,
શું ના બને? નિશ્ચય બને તાત્પર્ય જાણો એ ખરૂં;
ધર્મ ક્રિયા દેખતાં ચોરો થયા ઝટ કેવલી,
ઉત્સવાદિક જોઇ ધર્મી હોય નૃપ સંપ્રતિ વલી. ૨
નૃપ પ્રદેશી ધર્મ પામ્યા સંગથી ગુરૂરાજના,
આર્યદેશ વિષે મલે ત્રણ કારણો ઇમ ભૂલ ના;
એમ જાણી આર્યદેશે કારણો ત્રણ સાધીએ,
અપ્રમાદ દશા ધરી નિર્વાણ સંપદ પામીએ. ૩

**શ્લોકાર્થ:**—ધર્મ વિનાનો પ્રાણી પણ આર્યદેશને પામીને બીજાની (બીજા જીવોથી કરાતી) ધર્મની ક્રિયાઓ અને ધર્મ સ્થાનોના મોટા ઓચ્છવોને જોઇને અને કોઇક વખત સુગુરૂથી ધર્મને સાંભળીને, કુલની પરંપરાથી આવેલા નાસ્તિક મતવાળા પ્રદેશી રાજાની પેઠે બોધ પામે છે, એ સત્ય છે. (અહિં દૃષ્ટાન્ત કહે છે) ચન્દન વૃક્ષના સંગવાળાં બીજાં (ચન્દન સિવાયના) વૃક્ષો પણ શું ચન્દન બનતાં નથી? અર્થાત્ બને છે. ૪

**સ્પષ્ટાર્થ:**—ધર્મ વિનાનો જીવ એટલે ધર્મનું સ્વરૂપ નહિ જાણનારો જીવ પણ આર્ય દેશમાં જન્મ પામીને અથવા અનાર્ય દેશમાં જન્મ પામ્યા છતાં આર્ય દેશને

પામીને બોધ પામે છે. અથવા ધર્મનું આરાધન કરી શકે છે. કેવી રીતે બોધ પામે છે તે જણાવે છે:—૧ બીજા મનુષ્યને ધર્મક્રિયા એટલે પુણ્યનાં કાર્યો કરતાં જોઈને તે જીવને પણ પુણ્ય કાર્યો કરવાની ઈચ્છા થાય છે અને તેથી બોધ પામે છે. ૨ પુણ્યના સ્થાન એટલે જિનગૃહ તથા ઉપાશ્રય વગેરે સ્થાન. તેને વિષે કરવામાં આવતાં મોટા ઓચ્છવો જેવા કે અઠ્ઠાઈ મહોત્સવ, સ્નાત્ર મહોત્સવ, પૂજા ભણાવવી વગેરેને જોઈને પણ તે જીવ બોધ પામે છે. ૩ સુગુરૂ એટલે કંચન કામિનીના ત્યાગી પાંચ મહાવ્રતધારી એવા સાધુ મહારાજની પાસેથી ધર્મ સાંભળીને તે જીવ બોધ પામે છે. આ પ્રમાણે બીજા પુરૂષને ધર્મક્રિયા કરતાં જોવાનું, અથવા ધર્મસ્થાનોના મહોત્સવો જોવાનું તેમજ સદ્ગુરૂનો ઉપદેશ સાંભળવાનું, આ બધું આર્ય ક્ષેત્રમાંજ પ્રાપ્ત થાય છે, પરંતુ અનાર્ય દેશોમાં આ ત્રણ સામગ્રીમાંની કોઈ પણ સામગ્રી મળી શકતી નથી. તેથી અનાર્ય દેશ કરતાં આર્ય દેશોનું મહત્ત્વ જણાવ્યું છે. આ બાબતમાં દૃષ્ટાંત આપતાં પૂજ્ય કવિશ્રી જણાવે છે કે પ્રદેશી નામના રાજા (જેમનું દૃષ્ટાન્ત ટુંકાણમાં સાર રૂપે આ ગાથાના અંતે કહેવાશે) જે કુળ પરંપરાથી નાસ્તિક મતને એટલે ચાર્વાક મતને (જે આત્મા પુણ્ય પાપ વગેરેનું અસ્તિત્વ માનતો નથી તેને) માનનારા હતા, તે છતાં આર્ય દેશ પામીને તથા તેમના સુબુદ્ધિ નામના મંત્રી, જેઓ જૈન-ધર્મનું સ્વરૂપ જાણનાર હતા, તેમની ધર્મક્રિયાઓ જોઈને, ને અનુક્રમે તે સુગુરૂ શ્રીકેશિ ગણધરની પાસેથી ધર્મનું સ્વરૂપ સાંભળીને જેમ બોધ પામ્યા, તે સત્ય છે. તેવી રીતે બીજા ભવ્ય જીવો પણ ધર્મને પામ્યા છે. આ બાબતને

ઉપમા આપીને સમજાવે છેઃ–જેમ ચન્દન વૃક્ષનો સંગ કરનારાં અથવા ચન્દન વૃક્ષની સાથે ઉગેલા અન્ય વૃક્ષો પણ ચન્દનવૃક્ષો શું નથી બનતા ? અથવા બીજા વૃક્ષો પણ ચન્દનવૃક્ષની જેવા સુગંધવાળા બને છેજ. ૪

## પ્રદેશી રાજાનું દૃષ્ટાંત ટુંકમાં આ પ્રમાણે જાણવું:–

શ્વેતાંબી નામની નગરીમાં પ્રદેશી નામે રાજા હતો. તેને સૂર્યકાન્તા નામે સ્ત્રી અને સૂર્યકાન્ત નામે પુત્ર હતો. તેને ચિત્ર નામનો મંત્રી હતો. તે એક વાર કામ પ્રસંગે શ્રાવસ્તી નગરીમાં ગયો. ત્યાં તેણે શ્રીકેશી ગણધર પાસે ધર્મદેશના સાંભળી શ્રાવકધર્મ અંગીકાર કર્યો, પછી પોતાના રાજાને પણ બોધ પમાડવા માટે વિનંતિ કરીને ગુરૂને લાવીને પોતાની નગરીની બહાર ઉદ્યાનમાં રાખ્યા, અને કહ્યું કે હે ગુરૂજી ! મારા રાજા ક્રૂર અને પાપમાં તત્પર એવા નાસ્તિક છે માટે સવારે અહીં આવે ત્યારે તેમને તમારે બોધ પમાડવો. કારણકે મારા જેવો મંત્રી હોય છતાં રાજા નરકગામી થાય તો તેના દેવામાંથી હું કેમ છૂટું ? ' હવે સવારમાં અશ્વક્રીડા કરવાને બ્હાને મંત્રી રાજાને ગુરૂ જે ઉદ્યાનમાં સભામાં રહીને ઉપદેશ આપતા હતા ત્યાં લાવ્યો. વિસામાની ઇચ્છાથી વૃક્ષની છાયામાં આવેલા રાજાએ મંત્રીને પૂછ્યું કે આ મુંડ મોટા સ્વરે શું બોલે છે ? મંત્રીએ કહ્યું કે હું જાણતો નથી પરંતુ ત્યાં જઈને તપાસ કરીએ. એ પ્રમાણે મંત્રીએ કહેવાથી રાજા મંત્રી સાથે ત્યાં જઈને ધર્મદેશના સાંભળવા બેઠો. દેશનામાં રાજાએ પૂછ્યું કે પ્રમાણના અભાવે આત્મા કે પરલોક નથી માટે ધર્મ કરવા વડે સર્યું. ત્યારે સૂરીશ્વરે

કહ્યું કે આત્મા કે પરલોક નથી માટે ધર્મ કરવા વડે સર્યું. ત્યારે સૂરીશ્વરે કહ્યું કે આત્મા કર્મ વગેરે પરોક્ષ હોવાથી તમે માનતા ન હો તો તમારા દાદા વગેરે પણ પરોક્ષ હોવાથી તેમનો પણ અસંભવ થશે, વળી ઇચ્છા વગેરે ગુણોના આધાર આત્મા રૂપી ધર્મી વિના ચૈતન્ય રૂપી ધર્મ પણ ન ઘટી શકે. વળી ભિન્ન ઇન્દ્રિયોથી ગ્રહણ કરેલા ભાવોને જાણનાર આત્મા વિના ઇચ્છા સ્મૃતિ વગેરે ભાવો પણ કદાપિ સંભવે નહિ વગેરે યુક્તિઓથી રાજાને આત્મા છે એમ ખાત્રી કરાવી, તેથી શ્રદ્ધાવંત બનેલા રાજાએ પૂછયું કે મારા પિતા નિર્દય હતા તે તમારા કહેવા પ્રમાણે પાપથી નરકે જાય અને મારી માતા ધર્મિષ્ઠ હતા તે સ્વર્ગે જાય તો તેઓ અનુક્રમે આવીને મને કેમ પાપથી રોકતા નથી અને પુણ્યમાં જોડતા નથી? ત્યારે ગુરૂએ કહ્યું કે નરકે ગએલો જીવ પરતંત્ર હોવાથી તેની મરજી હોય તોપણ અહીં આવતો નથી, અને સ્વર્ગે ગએલ તમારી માતાનો જીવ ત્યાંની સુખ સામગ્રીમાં લીન હોવાથી તેમજ મનુષ્યની અશુચિની ગંધ ચારસો પાંચસો યોજન ઉંચે જાય છે તેથી પણ અત્રે આવતો નથી. વગેરે ઘણા પ્રકારના પ્રશ્નોત્તર રાજા અને ગણધર વચ્ચે થયા. અંતે રાજાએ પણ આત્મા અત્યંત સૂક્ષ્મ અરૂપી હોવાથી તે જોઈ શકાતો નથી પરંતુ તે છે એમ કબૂલ કર્યું. અને પોતાનો નાસ્તિકવાદ છોડી જૈન ધર્મ અંગીકાર કર્યો તથા ગુરૂની આગળ શ્રાવક ધર્મ અંગીકાર કરીને સ્વસ્થાને ગયો, અને ધીમે ધીમે વિષયોથી વિરક્ત થયો. તે વખતે અન્ય પુરૂષમાં આસક્ત થએલી તેની રાણી સૂર્યકાન્તાએ ઝેર આપ્યું, તેથી તે

અનશન કરીને સ્વર્ગે ગયા. અને ચાર પલ્યોપમના આયુષ્યવાળા સૂર્યાભ નામે દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહે સિદ્ધિને પામશે. અહીં સાર એ છે કે આર્ય દેશ પામીને ધર્મ રહિત હોય છતાં સદ્‌ગુરૂ પાસેથી ધર્મ સાંભળીને બોધ પામનારા જીવો આત્મકલ્યાણ સાધે છે, માટે ગુરૂ પાસેથી ધર્મદેશના સાંભળવામાં તત્પર રહેવું.

## ॥ ઇતિ પ્રદેશી નૃપ કથા ॥

અવતરણઃ—એવી રીતે પહેલા આર્યદેશ દ્વારનું વર્ણન કરીને હવે બીજા ‘ किमपि ’ નામના દ્વારનું સ્વરુપ કહે છેઃ—

४ २ ३ ५
उत्सर्पिण्यवसर्पिणीः क्षितिमरुत्तेजोऽप्स्वसंख्या वने-
७ ६ ८ ९ १८ १५ ११
ऽनन्तास्ता विकले गणेयशरदो जात्या विपत्त्या नयेत् ।
१३ १२ १४ १० ११ १ १८ १७ १९ २०
सप्ताष्टौ तु भवांस्तिरश्चि मनुजे जीवोऽन्तरेऽत्रास्य चे-
२१ २४ २२ २५ २६ २३
द्धर्मस्तद्धरणेन्द्रवत्स सुगतिं प्राप्नोति तिर्यङपि ॥ ५ ॥

ઉત્સર્પિણી અવસર્પિણી પૃથ્વી તથા જલ અગ્નિમાં,
ને વાયુમાં જીવે વીતાવી અસંખ્યાત ભવાબ્ધિમાં;
વનસ્પતિમાં તે અનન્ત ગઇજ મરતા જન્મતાં,
વિકલેન્દ્રિમાં સંખ્યાત વર્ષો તિરિ મનુજ ભવ પણ
થતા. ૧

સગ આઠ ઉત્કૃષ્ટા મહાકષ્ટે કરી જો ધર્મને,
વચમાં લહે તિર્યંચ પણ તો પામતા ઝટ સ્વર્ગને;

**દૃષ્ટાંત અહીં ધરણેન્દ્રનું નિજ દાસ પાસ સુણાવતા,**
**નવકાર પાસકુમાર પામે સર્પ પણ ધરણેન્દ્રતા. ૨**

**શ્લોકાર્થ**:—આ જીવ પૃથ્વીકાય, વાયુકાય, અગ્નિકાય અને અપકાયમાં અસંખ્યાતી ઉત્સર્પિણી તથા અવસર્પિણી કાલ જન્મ મરણ વડે નિર્ગમન કરે, તથા તેજ પ્રમાણે વનસ્પતિકાયમાં અનંતી ઉત્સર્પિણી અવસર્પિણીઓ સુધી વસે, તથા વિકલેન્દ્રિયમાં સંખ્યાતા શરદ એટલે વર્ષો સુધી તે પ્રમાણે રહીને, તિર્યંચ અને મનુષ્યમાં સાત આઠ ભવ સુધી વસે. આના આંતરામાં જો તે જીવને ધર્મ પ્રાપ્તિ થાય તો તે તિર્યંચ હોય તો પણ ધરણેન્દ્રની જેમ ઉત્તમ ગતિ પામે છે. ૫

**સ્પષ્ટાર્થ**:—આ ગાથામાં બીજું '**कथमपि**' દ્વાર કહેવાનું છે. તો '**कथमपि**' એટલે શું? તો 'મ્હોટા કષ્ટે' આ કહેવાતાં વાનાં પ્રાપ્ત કરીને ધર્મમાં પ્રમાદ કરવો નહિ. આ 'કથમપિ'નો દરેક દ્વાર સાથે સંબંધ છે તો તેને પ્રથમ ન કહેતાં બીજું કેમ કહ્યું એવી શંકા થાય તો જવાબમાં જણાવવાનું કે આચાર્યે ઉદ્દેશના ક્રમમાં આ દ્વાર બીજું કહ્યું માટે ઉદ્દેશ પ્રમાણે નિર્દેશ થાય (સામાન્ય કથન પ્રમાણે વિશેષ કથન થાય) તેથી પ્રથમ આર્ય દેશનું વ્યાખ્યાન કરી પછી કથમપિ દ્વાર હવે કહેવાય છે. આ મનુષ્યનો ભવ કેટલી મુસીબતે મળે છે, તે જણાવવાને આ જીવ આ સંસારમાં કયે કયે સ્થળે કેટલો કાલ રહ્યો તે જણાવે છેઃ— એકેન્દ્રિયને વિષે પૃથ્વીકાય એટલે માટી પત્થર વગેરે જીવો રૂપે અસંખ્યાતી ઉત્સર્પિણી તથા અવસર્પિણી જેટલો કાલ

આ જીવે જન્મ મરણુ વડે પસાર કર્યો. અસંખ્યાતા વર્ષે એક સાગરોપમ થાય છે અને તેવા ૧૦ કોડાકોડી સાગરોપમે એક ઉત્સર્પિણી થાય છે અને તેટલાજ સાગરોપમે એક અવસર્પિણી થાય છે. જો કે બંનેનો કાળ સરખો છે તો પણ નામ જુદાં જુદાં છે. કારણ કે જે કાલે મનુષ્યનાં, બુદ્ધિ, બલ, આયુષ્ય વગેરે ધીમે ધીમે વધતાં જાય, તેવો ચઢતો કાળ ઉત્સર્પિણી કહેવાય છે. તથા જેમાં બુદ્ધિ બલ આયુષ્ય વગેરે ધીમે ધીમે ઓછાં થતાં જાય. તેવો ઉતરતો કાલ તે અવસર્પિણી કહેવાય છે. એક ઉત્સર્પિણી પૂરી થાય ત્યાર પછી એક અવસર્પિણી આવે ત્યાર પછી પાછી એક ઉત્સર્પિણી અને ત્યાર પછી પાછી એક અવસર્પિણી આવે. એ ક્રમે અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી પૃથ્વીકાયમાં જન્મ મરણુ કરીને આ સંસારી જીવે પસાર કરી. તે પ્રમાણે વાઉ-કાયમાં એટલે મહાવાયુ, વંટોળીઓ વગેરેના ભવો કરીને, તથા અંગારા, વિજળી વગેરે રૂપે અગ્નિકાયમાં અને બરફ કરા વરસાદ વગેરે રૂપે અપ્કાયમાં એ દરેક કાયમાં પણ અસંખ્યાતી અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણીઓ જન્મ મરણુ કરવા વડે પસાર કરી તથા લીલ ફૂલ, ઝાડ વગેરે વનસ્પતિઓમાં વનસ્પતિકાય રૂપે અથવા સાધારણ અને પ્રત્યેક વનસ્પતિકાય રૂપે અનંતી ઉત્સર્પિણી અને અવસર્પિણીઓ પસાર કરી. ત્યાર પછી આગળ વધતો તે જીવ વિકલેન્દ્રિયમાં ઉપજ્યો. પૃથ્વીકાયથી વનસ્પતિકાય સુધીમાં જીવને એક સ્પર્શેન્દ્રિયજ (ચામડી) હોય છે તેથી તે પાંચે કાય એકેન્દ્રિય કહેવાય છે. વિકલ એટલે સંપૂર્ણ નહિ. જીવને જ્યારે પાંચે ઇન્દ્રિયો પ્રાપ્ત થાય ત્યારે તે

સકલેન્દ્રિય અથવા પંચેંદ્રિય કહેવાય. જેને પાંચે ઇન્દ્રિયો નથી તેને વિકલેન્દ્રિય એટલે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચતુરિન્દ્રિય કહેવાય. તેમાં બેઇન્દ્રિય જીવને સ્પર્શેન્દ્રિય અને રસેન્દ્રિય (જીભ) એ બે ઇન્દ્રિયો હોય છે. આ બેઇન્દ્રિયવાળા જીવો શંખ, પોરા, કોડા, જલો, અળસીયાં વગેરે જાણવા. તથા આ બે ઇન્દ્રિયો સાથે નાસિકા (નાક) ગણતાં ત્રણ ઇન્દ્રિયવાળા કીડી, માંકણ, કુંથુઆ વગેરે તેઇંદ્રિય જીવો જાણવા. તથા ત્રણ ઈંદ્રિયો ઉપરાંત ચક્ષુ (આંખ) સહિત ચાર ઇન્દ્રિયવાળા તે માખી, ભમરા, કુદાં વગેરે ચતુરિંદ્રિય જીવો જાણવા. આ વિકલેન્દ્રિય જીવો રૂપે જન્મ મરણ કરીને જીવે સંખ્યાતા વર્ષો વીતાવ્યા. પાંચ પ્રકારના એકેન્દ્રિય જીવો એક સ્થળેથી બીજે સ્થળે ઇચ્છા મુજબ જઈ શકતા નથી તેથી તેમને સ્થાવર કહેવાય છે અને બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવો ગમન કરી શકતા હોવાથી તેઓ ત્રસકાય કહેવાય છે. ચાર ઇન્દ્રિયથી આગળ વધેલો જીવ કર્ણેન્દ્રિય સહિત પાંચ ઇન્દ્રિયોવાળો હોવાથી તે પંચેન્દ્રિય કહેવાય છે. તે પંચેન્દ્રિય જીવો દેવતા નારકી તિર્યંચ અને મનુષ્ય એમ ચાર પ્રકારે છે. તેમાંથી તિર્યંચ પંચેંદ્રિયપણામાં તથા મનુષ્યપણે દરેકમાં સાત અથવા આઠ ભવો કર્યા. તેમાં દરેકમાં સાત ભવ તો વધારેમાં વધારે પૂર્વક્રોડ વર્ષ પ્રમાણના હોય છે. અને આઠમો ભવ યુગલિક તિર્યંચ અથવા યુગલિક મનુષ્ય રૂપે થતો હોવાથી ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમના આયુષ્યવાળો હોય છે. એકેન્દ્રિયથી ચતુરિન્દ્રિય સુધીમાં જીવથી કાંઈ ધર્મ બની શકતો નથી. પરંતુ પંચેન્દ્રિયપણાને પામેલો જીવ ધર્મને પામી શકે છે, તેથી કવિશ્રી જણાવે છે કે આ

દરમીઆન એટલે પંચેંદ્રિયપણામાં જીવ તિર્યંચ રૂપે હોય તે છતાં પણ જો તેને ધર્મ પ્રાપ્ત થાય તો તે સારી ગતિને (દેવગતિને) પામે છે. આ વિષયમાં ધરણેન્દ્રનું દૃષ્ટાંત જણાવ્યું છે–એટલે પૂર્વ ભવમાં નાગ છતાં પણ ત્રેવીસમા તીર્થંકર શ્રીપાર્શ્વનાથે તેને મરતી વખતે સંભળાવેલા નવકાર મંત્રની શ્રદ્ધા પૂર્વક મરણ પામવાથી હિંસક તિર્યંચ છતાં પણ તે ધરણેન્દ્ર એટલે નાગકુમાર નામના અસુર કુમાર દેવોના ઇન્દ્ર રૂપે ઉત્પન્ન થયા. ૫

આ ધરણેન્દ્રની કથા ટુંકાણમાં આ પ્રમાણે જાણવી—

આ ભરતક્ષેત્રમાં વાણારસી નામે નગરીમાં અશ્વસેન નામે રાજા હતા. તેમને વામાદેવી રાણીથી ચૌદ સ્વપ્ને સૂચિત પાર્શ્વકુમાર નામના પુત્ર થયા. આ પાર્શ્વકુમાર ત્રેવીસમા તીર્થંકર હતા ને તે ત્રણ જ્ઞાને સહિત હતા. તે પ્રસેનજિત રાજાની પુત્રી પ્રભાવતીને પરણ્યા હતા. એક વખતે મહેલની બારીએ બેઠેલા પાર્શ્વકુમારે પૂજાની સામગ્રી લઈને બહાર જતા નગર લોકોને જોયા. તે જોઇને તેમણે પોતાના માણસોને પુછ્યું કે લોકો નગર બહાર કેમ જાય છે? ત્યારે તેમણે કહ્યું કે નગર બહાર કમઠ નામે તાપસ આવ્યો છે. તે પંચાગ્નિ તપ તપે છે, તેને પૂજવાને લોકો નગર બહાર જાય છે. તે સાંભળી પાર્શ્વકુમાર પણ તેને જોવાને પોતાના સેવકને સાથે લઈને ત્યાં ગયા. તે વખતે અગ્નિ માટે સળગાવેલા લાકડામાં બળતા સર્પને પ્રભુએ અવધિ જ્ઞાનથી જોયો. તેથી દયાના ભંડાર પ્રભુએ કહ્યું કે 'અહો પાપ અહો પાપ' કારણ કે જે તપમાં પણ દયા નથી.

અને દયા વિનાનો ધર્મ નથી. પ્રાણિવધથી ધર્મ કેવી રીતે થાય? પોતે કષ્ટનો આરંભ કર્યો પણ બીજાને કષ્ટ શા માટે આપવું. વગેરે પ્રભુના વચન સાંભળી ક્રોધથી લાલ નેત્રવાળા કમઠે કહ્યું કે હે કુમાર! હું કયા પ્રાણીનો વધ કરૂં છું તે કહે? ત્યારે તેને ખાત્રી કરાવવાને પોતાના સેવકો પાસે સળગતું લાકડું ચીરાવ્યું અને તેના પોલાણમાં રહેલો બળતો નાગ તેને દેખાડયો. મરણની તૈયારીમાં આવેલા તે સર્પને પ્રભુએ નમસ્કાર મંત્ર સંભળાવ્યો અને તેના પ્રભાવથી તે મરણ પામીને ધરણેન્દ્ર નામે નાગકુમાર દેવના ઈંદ્ર રૂપે ઉત્પન્ન થયો. તે કમઠ પણ અજ્ઞાન તપ તપીને ભુવનપતિ દેવમાં મેઘકુમાર નિકાયમાં મેઘમાલી નામે દેવ થયો.

ત્યાર પછી શ્રીપાર્શ્વકુમારે એક વર્ષ સુધી સંવત્સરી દાન આપી સંસાર ઉપર વૈરાગ્ય બુદ્ધિથી ત્રણસો રાજકુમારો સાથે ચારિત્ર અંગીકાર કર્યું. ત્યાર પછી પ્રભુ ત્યાંથી વિહાર કરી ગયા. એક વખતે નગર નજીક તાપસના આશ્રમની પાસે કૂવાના કાંઠે વડ વૃક્ષની નીચે પ્રભુ કાઉસગ્ગમાં રહ્યા છે તે વખતે પૂર્વ ભવનું વેર સંભાળીને મેઘમાલીદેવે સિંહ, હાથી વગેરે વિકુર્વીને ઉપસર્ગો કર્યા પરંતુ પ્રભુ તો જરાયે ચલાયમાન થયા નહિ. ત્યાર પછી અત્યંત કોપાયમાન થઈને પ્રભુને પાણીમાં ડૂબાડી દેવા માટે ઘોર ગર્જના પૂર્વક મુશલધાર વરસાદ વરસાવ્યો, અને તે વરસાદથી પ્રભુના નાક સુધી પાણી ઉંચે ચઢ્યું. તે વખતે ધરણેન્દ્રે અવધિજ્ઞાનથી મેઘમાલીના ઉપસર્ગને જાણ્યો, તેથી પોતાના નિષ્કારણ બંધુ પ્રભુના ઉપસર્ગને દૂર કરવાને તરત પ્રભુ પાસે આવ્યો.

પ્રભુને પ્રણામ કરી તેમના પગ નીચે ઉત્તમ કમલ સ્થાપન કર્યું અને પ્રભુના મસ્તક ઉપર સાત ફણાવાળું છત્ર કર્યું; પછી મેઘમાલીને કહ્યું કે હે પાપી! ત્રણ જગતના ગુરૂ ઉપર આ તારો કોપ શો? અત્યાર સુધી મેં આ તારા કૃત્યને સહન કર્યું પણ હવે હું સહન કરીશ નહિ. કારણકે હું પ્રભુનો સેવક છું. પ્રભુ તો શત્રુ અને મિત્ર બંને ઉપર સમાન દૃષ્ટિવાળા છે, તેથી તેમને તો કાંઈ થવાનું નથી, પરંતુ તને પોતાનેજ નુકશાન થવાનું છે, માટે હજુ પણ પ્રભુની પાસે ક્ષમા માગ. ધરણેન્દ્રના આ વચનથી ભય પામીને પોતાનો અપરાધ પ્રભુ આગળ ખમાવ્યો અને પોતાને સ્થાને ગયો. ધરણેન્દ્ર પણ પ્રભુને નમીને સ્વસ્થાને ગયો. એ પ્રમાણે તિર્યંચ હોય તેને લાગલાગટ વધારેમાં વધારે સાત આઠ ભવ થાય, પરંતુ જો વચમાં ધર્મને પામે તો સદ્ગતિ પણ પામે. ૫

**અવતરણ**—:—આ ગાથામાં પણ બીજા **कथमपि** દ્વારને દૃષ્ટાંત પૂર્વક જણાવે છે:—

( शार्दू० वृत्तम् )

१ २ ३ ४ ५ ६
कालप्राणिभवा अनादिनिधनास्तत्सर्वजातौ सदा,
८ ७ ९ १० १३ १४ ११ १२
जीवेन भ्रमता मुहूर्तमपि हि माप्तं न किंचिद्धितम् ।
१८ १९ २१ २० १५ १६ १७
मुक्ताशुक्तिकयेव वारि मणिकुद्वाद्रौं क्वचिद्दैवत-
२३ २४ २२ २५ २६ २७ २९ २८
स्तत्प्राप्याथ सकंबलेन शबलेनोक्ष्णेव धार्यं श्रिये ॥६॥

**કાલ જીવ ભવ ત્રણ અનાદિ તેહથી સવિ જાતિમાં,**
**નિત્ય ભમતા આજ જીવે મુહૂર્ત પણ રહી શાંતિમાં;**
**કંઈક હિત ના મેળવ્યું તેથી ભ્રમણ રહ્યું ચાલતું;**
**પણ સ્વાતિજલ જિમ છીપમાં જો દૈવયોગે આવતું. ૧**
**તો તેહનું મોતી બને તિમ હોય ભાગ્યજ ચળકતું,**
**તો ધર્મ પામે હોય અવળું પુણ્યથી સીધું થતું;**
**ધર્મ પામી સાધવો નિત જેમ કંબલ શંબલે,**
**શ્રેષ્ઠિ સંગે ધર્મ સાધી સુર થયા સ્થિરતા બલે. ૨**

**શ્લોકાર્થ**:—કાલ, જીવ અને સંસાર આદિ અને અંત રહિત છે. તે કારણથી સર્વ યોનિમાં નિરંતર ભમતા જીવે એક મુહુર્ત સુધી પણ અલ્પ હિતને પ્રાપ્ત કર્યું નથી. પરંતુ જેમ સમુદ્રમાં મોતીની છીપને ક્યારેક દૈવયોગે મોતી બનાવનાર પાણી મળી જાય છે તેમ કદાચ જીવને તે હિત (સમ્યક્ત્વાદિ) પ્રાપ્ત થઈ જાય તો કંબલ સહિત સંબલ નામના વૃષભની (બળદની) જેમ તેને મોક્ષ લક્ષ્મી મેળવવાને માટે ટકાવી રાખવું. ૯

**સ્પષ્ટાર્થ**:—કાલ, પ્રાણી અને ભવ અનાદિ અનંત એટલે શરૂઆત અને અંત રહિત છે. કારણ કે ભૂતકાળની આદિ નથી તેમજ ભવિષ્યકાળનો અંત નથી માટે કાલને અનાદિ અનંત કહ્યો. વર્તમાનકાળ એક સમય રૂપ જ હોવાથી તે સાદિ સાંત છે. વળી આ જીવની પણ આદિ નથી કારણ કે જે વસ્તુ નવી ઉત્પન્ન થાય તેની આદિ થાય. (શરૂઆત કહી શકાય) પરંતુ જીવ તો સ્વયંસિદ્ધ એટલે કોઈના

કરેલો નથી. તેથી તેની આદિ નથી. તેમજ જીવનો નાશ પણ નથી. કારણ કે નારકી મનુષ્ય તિર્યંચ દેવરૂપે તેની જુદી જુદી અવસ્થાઓ બદલાય છે પરંતુ તે દરેક અવસ્થામાં તે જીવ રૂપે તો કાયમજ રહે છે માટે તેનો નાશ પણ નથી. તેવીજ રીતે ભવ એટલે સંસાર તે પણ આદિ અંત રહિત છે. કારણ કે આ સંસાર પણ કોઇનો કરેલો નથી. તેમજ સદા કાળ સંસારી જીવોથી ભરેલો હોવાથી તેનો છેડો પણ નથી. આ કારણથી એટલે આ ત્રણે પદાર્થો શરૂઆત અને છેડા રહિત હોવાથી સઘળી એટલે ચોરાસી લાખ યોનિમાં નિરંતરપણે રખડતા જીવે એક મુહૂર્ત એટલે બે ઘડી જેટલા વખત સુધી પણ થોડું પણ હિત એટલે સમ્યગ્દર્શનાદિ ધર્મ સ્વરૂપ સુખનું સાધન મેળવ્યું નથી. જો કદાચ અનુકૂળ નસીબના યોગે પ્રાપ્ત થઈ જાય તો તે ધર્મને જીવે મોક્ષ રૂપી લક્ષ્મીને પામવા માટે ટકાવી રાખવું જોઇએ. કોની પેઠે પ્રાપ્ત થાય? તે દૃષ્ટાન્ત પુર્વક જણાવે છે– જેમ સમુદ્રની અંદર મોતીની છીપ વડે (એટલે કાલુ નામની માછલી જેના ઉદરમાં સ્વાતિ નક્ષત્રનું પાણી જાય તો તેમાંથી મોતી બને છે) કદાચ નસીબ યોગે મોતી બનાવનારૂં પાણી મોતી રૂપી લક્ષ્મીને માટે ધારણ કરાય છે તેમ જીવે પણ ધર્મ પામીને મોક્ષ રૂપી લક્ષ્મીને માટે તેને ટકાવી રાખવો જોઇએ. આ બાબતમાં ઉદાહરણ જણાવે છે:–જેવી રીતે સંબલ અને કંબલ નામના બે વૃષભોએ ધર્મ પામીને તેને ટકાવી રાખ્યો તેવી રીતે ધર્મને ટકાવી રાખવો જોઇએ. ૯

સંબલ કંબલનું દૃષ્ટાન્ત ટુંકમાં આ પ્રમાણે જાણવું—

મથુરા નામની નગરીમાં જિનદાસ નામે શેઠ હતો. તે જૈન ધર્મમાં આસક્ત હતો. તે શેઠને સાધુદાસી નામે પ્રિયા હતી. આ સાધુદાસીને કોઈક આભીરી (ભરવાડણ) સાથે મૈત્રી હતી. એક વખતે આભીરીને ત્યાં લગ્ન પ્રસંગ હતો. ત્યારે આભીરીએ શેઠ શેઠાણીને આમંત્રણ આપ્યું. ત્યારે શેઠાણીએ કહ્યું કે ત્યાં આવવાનો વખત નથી માટે કેવી રીતે આવીએ? પરંતુ લગ્ન પ્રસંગે તમારે કોઈ વસ્તુ જોઈએ તો લઈ જજો. શેઠે આપેલાં ઘરેણાં તે લઈ ગઈ. તેથી લગ્નમાં ઘણો રંગ જામ્યો તેથી તે ઘણી રાજી થઈ. તેથી પ્રસન્ન થએલા આભીરે કંબલ અને શંબલ નામના બે ત્રણ વર્ષના બળદો શેઠને ભેટ આપ્યા. શેઠે વૃષભ લીધા નહિ તો પણ પરાણે તેમના આંગણામાં બાંધીને ભરવાડ ચાલ્યો ગયો. કારણ કે તેમના જેવાની મૈત્રી આવી જ હોય છે. ત્યાર પછી જિનદાસે વિચાર્યું કે જો આ બળદો હું બીજાને ત્યાં મૂકીશ તો તેમને હલાદિકમાં જોડી દુઃખી કરશે. તેથી શેઠે તે બળદો પોતાને ત્યાં રાખ્યા. અને શેઠ તેમનું પ્રાસુક જલ ઘાસ વગેરેથી રક્ષણ કરે છે. જિનદાસ શેઠ અષ્ટમી અને ચતુર્દશીએ પૌષધ વ્રત કરતા હતા. તે વાત સાંભળીને તેઓ પણ ધર્મને વિષે શુભ ભાવવાળા થયા. તેથી જે દિવસે શેઠ ખાતા નથી તે દિવસે તેઓ પણ ખાતા નથી. તેથી શેઠે પણ વિચાર્યું કે આટલા વખત સુધી દયાભાવથી તેમનું રક્ષણ કર્યું પરંતુ હવે તો તે મારા સાધર્મિક થયા છે તેથી મારે તેમનું વધારે સારી રીતે પોષણ કરવું જોઈએ. તેથી શેઠ પણ દરરોજ તેઓ પશુ છે માટે નહિ પરંતુ પોતાના જ બંધુઓ છે એ ભાવથી ભક્તિ કરે છે.

એક વખતે ભંડીરવણ યંક્ષાલયને વિષે મોટો ઓચ્છવ થયો. ત્યારે અજ્ઞાની ગામડીઆઓએ વાહુ વાહન કેલી (બળદ હાંકવાની રમત) આરંભી. તે વખતે જિનદાસનો કોઈક મિત્ર શેઠને પૂછયા સિવાય તે બંને બળદોને લઈ ગયો અને તેમને ગાડીએ જોડીને જોરથી હાંકયા. કોઇ દીવસ ગાડીએ જોડાએલા નહિ હોવાથી તે બંને ઘણા દુઃખી થયા. વળી તે મિત્રે બળદોને જલદીથી દોડાવવા માટે ઘણો માર માર્યો. તેથી તેમના સાંધા તૂટી ગયા, એવી રીતે તે અત્યંત દુઃખ પામેલા તે બંનેને શેઠને ત્યાં પાછા બાંધી ગયો. જ્યારે શેઠ તેમની પાસે ગયા ત્યારે તેમની તેવી અવસ્થા જોઈને શેઠને ઘણો ખેદ થયો અને આ દુરાત્માએ શું કર્યું એવું વિચારવા લાગ્યા. બંને બળદોને કંપતા અને જોરથી શ્વાસોશ્વાસ લેતા જોઈને કરૂણાવાળી દૃષ્ટિથી શેઠે તેમને સ્નેહ પૂર્વક કહ્યું કે હે બળદો! તમારે કોઈના ઉપર વૈરભાવ કરવો નહિ. કારણ કે ઉપકારમાં કે અપકારમાં પણ સત્પુરૂષોનું મન ભેદાતું નથી. શેઠ તેમને અન્ન પાણી આપે છે તે તેઓ ખાતા નથી. કારણ કે વિવેકી બનેલા તે વૃષભોએ અનશન કર્યું હતું. શેઠે પણ ઇંગિત આકારથી તે વાત જાણી, તેથી શેઠે પણ તેમને અનશન કરાવ્યું. અને તેઓએ હર્ષથી અંગીકાર કર્યું. ત્યાર પછી શેઠે આપેલા નમસ્કાર મંત્રને સાંભળતાં તેઓ સમાધિ મરણ પામીને નાગકુમારને વિષે દેવ થયા. આ વાર્તાનો સાર એ છે કે તિર્યંચ છતાં પણ તેમણે ધર્મની આરાધના કરી તો તેઓ પણ દેવ ગતિના સુખ પામ્યા. તો દુર્લભ એવો આ મનુષ્ય ભવ મહા મુશ્કેલીથી– બને પામીને ભવ્ય જીવોએ તેને ફોગટ હારી જવો નહિ પરંતુ ધર્મ કાર્યો કરીને તે જન્મને સફળ કરવો જોઈએ. ૬

**અવતરણ:**—એ પ્રમાણે બે ગાથા વડે '**કથમપિ**' દ્વારનું સ્વરૂપ જણાવી હવે બે ગાથાઓ વડે ત્રીજા '**નૃભવ**' નામના દ્વારનું સ્વરૂપ સમજાવે છે:—

૬ ૮ ૨ ૩ ૪ ૫ ૯ ૧
**क्षेत्रे नामलवालुके च लक्षणाकीर्णे च रोहेद्यथा,**
૭ ૧૨ ૧૭ ૧૧ ૧૦ ૧૬ ૧૪ ૧૩ ૧૫
**बीजं किंचिदिहाखिले च फलति क्षात्रे च नानाफलैः ।**
૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨ ૧૭
**देवे नैरयिके तिरश्चि मनुजे श्रेयःप्रसूतिस्तथा,**
૨૩ ૨૫ ૨૪ ૨૫ ૨૬
**तस्मान्मेघकुमारवन्नरभवेऽनन्तश्रिये त्वर्यताम् ॥७॥**

જેમ નિર્મલ રેતવાળા તેમ ખારા ક્ષેત્રમાં,
વાવેલ બીજ ઊગે નહી ખેડયા વિનાના ક્ષેત્રમાં;
કંઈક ઊગે ફલ મળે ખેડેલ ક્ષેત્રે વાવતાં,
ચાર ભવ સમજાવવાને ચાર ક્ષેત્ર જણાવતા. ૧
અનુક્રમે તે ક્ષેત્ર જેવા સુર નરક તિર્યંચના,
ભવ મનુજના જાણવા ચારિત્ર બીજ પણ ભૂલ ના;
સુર ભવે ને નારકે ચારિત્ર રજ પ્રકટે નહી,
તિર્યંચ આંહી દેશસંયમ નરભવે પૂરણ સહી. ૨
રેતવાળા ક્ષેત્ર જેવો દેવ ભવ અવધારવો,
ખારવાળા ક્ષેત્ર જેવો નરક ભવ મન ધારવો;
ખેડયા વિનાના ક્ષેત્ર સમ તિર્યંચ ભવ સંભારવો,
ખેડેલ ક્ષેત્ર સમાન નરભવ શ્રેષ્ઠ સૌથી જાણવો. ૩

જેમ મેઘ કુમાર સંયમ સાધતા સુરવર થયા,
ને વિદેહે સિદ્ધ હોશે તિમ ઘણાં જન તરી ગયા;
ભાગ્યથી નર ભવ લહીને મુક્તિ કમલા પામવા,
શીઘ્ર કરવો યત્ન સર્વ કષાય વિષયો છોડવા. ૪

શ્લોકાર્થ:—જેમ આ લોકને વિષે ૧ નિર્મલ રેતીવાલા ખેતરમાં બીજ ઉગતું નથી, વળી ૨ ખારવાળા ખેતરમાં પણ ઉગતું નથી. ૩ નહિ ખેડેલા ખેતરમાં કાંઇક ઉગે છે અને ૪ ખેડેલા ખેતરમાં જુદા જુદા ફલો વડે ફળે છે, તેવી રીતે દેવતા નારકી તિર્યંચ અને મનુષ્યના ભવને વિષે ધર્મની ઉત્પત્તિ જાણવી. તેથી મનુષ્ય ભવને વિષે મેઘકુમારની જેમ અનંત લક્ષ્મી ( મોક્ષ ) ને પામવા માટે ઉતાવળ કરો. ૭

સ્પષ્ટાર્થ:—ચાર ગતિને વિષે મનુષ્ય ભવ પામીનેજ ધર્મની ઉત્પત્તિ ( લાભ, પ્રાપ્તિ ) થઈ શકે છે. પણ બીજા ત્રણ ભવોમાં ધર્મની ઉત્પત્તિ થઈ શકતી નથી. તે બીના ખેતરના દૃષ્ટાન્ત વડે કવિશ્રી જણાવે છે. જે ખેતર નિર્મલ રેતીથી ભરેલું હોય તે ખેતરમાં વાવેલું બીજ જેમ ઉગતું નથી અને તેથી કરીને તેવા ખેતરમાં કરેલી ખેતી તદ્દન નિષ્ફળ જાય છે અથવા કાંઈ પણ અનાજ મળતું નથી. તેમ દેવ ભવમાં પણ કાંઈ વિશિષ્ટ ધર્મ ઉપાર્જન કરી શકાતો નથી. કારણ ત્યાં રહેલા દેવતાઓ દેવ ભવ સંબંધી સુખો ભોગવવામાં એટલા બધા આસક્ત થઈ જાય છે કે જેથી તેમનાથી કોઈ પણ જાતનો વિરતિરૂપ ધર્મ બની શકતો નથી. તેવીજ રીતે ખારવાળી જેની જમીન છે તેવા ખેતરમાં ખેતી કરવામાં આવે તો તેમાં પણ જેમ બીજ ઉગતુંજ નથી તેમ ખારવાળા

ખેતર સમાન નરક ભવમાં પણ જીવથી કોઈ ધર્મકાર્ય બની શકતું નથી. કારણકે ત્યાં રહેલા નારકીના જીવો ત્યાંની ક્ષેત્ર-વેદના પરમાધામીકૃત વેદના અને પરસ્પરકૃત વેદનાથી એટલા બધા દુઃખી છે કે તેમનાથી પણ કાંઈ વિરતિરૂપ ધર્મ પ્રાપ્ત કરી શકાતો નથી, તથા જેમ અણખેડેલા ખેતરમાં બીજ વાવવામાં આવે તો તેમાં કાંઈક બીજ ઉગે છે અથવા થોડુંક અનાજ પાકે છે, તેવી રીતે તિર્યંચ ભવમાં કાંઈક સમ્યક્ત્વ દેશવિરતિરૂપ ધર્મકાર્ય બની શકે છે, પરંતુ સંપૂર્ણ ચારિત્ર ધર્મની સાધના બની શકતી નથી. કારણ કે પરાધીનતા અણ-સમજ વગેરેને લઇને ત્યાં સર્વવિરતિ ધર્મ હોતો નથી, પરંતુ સમ્યક્ત્વ અને દેશવિરતિ રૂપ કાંઈક ધર્મ થઈ શકે છે. તથા સારી રીતે ખેડેલા ખેતરમાં જેમ અનેક પ્રકારનાં બીજ ઉગે છે અને તેથી જુદા જુદા પ્રકારનાં ફ્લો મળે છે તેમ ખેડેલા ખેતર સરખા મનુષ્ય ભવમાં જ સંપૂર્ણ સંયમ વગેરેની સાધના રૂપ ધર્મની પ્રાપ્તિ થાય છે. માટે હે ભવ્ય જનો! તથા પ્રકારનો મનુષ્ય જન્મ પામીને શ્રેણિક રાજાના પુત્ર મેઘકુમારની જેમ અનંત લક્ષ્મી જે મોક્ષ તેને પ્રાપ્ત કરવા ઉતાવળ કરવી જોઇએ એટલે મનુષ્ય ભવ પામીને જેમ બને તેમ મોક્ષ માર્ગની સાધના કરવા જલદી ઉદ્યમ કરવો જોઈએ. ૭

આ બાબત ઉપર મેઘકુમારનું દૃષ્ટાન્ત ટૂંકમાં નીચે પ્રમાણે જાણવું :—

મગધ દેશમાં રાજગૃહી નગરીમાં શ્રેણિક નામે રાજા હતા. તેમની ધારિણી નામની રાણીથી મેઘકુમાર નામે પુત્ર થયો. તે મેઘકુમાર યુવાન થયા ત્યારે શ્રીવીર પ્રભુની દેશના

સાંભળી તેમને આ સંસાર ઉપર વૈરાગ્ય ભાવ થયો, તેથી તેમની શ્રીવીર પ્રભુની પાસે દીક્ષા લેવાની ઇચ્છા થઈ. તે વાત તેમણે માતા પિતાને કહી. અને દીક્ષા લેવા માટે રજા માગી. ત્યારે માબાપે કહ્યું કે હે પુત્ર! આ વ્રત પાળવું સહેલું નથી. કેળ સરખા કોમળ શરીરવાળો તું કે જેણે ટાઢ તડકો સહન કર્યા નથી તે તારાથી આ દુષ્કર ચારિત્ર કેવી રીતે પાળી શકાશે? ત્યારે મેઘકુમારે કહ્યું કે ભવથી ઉદ્વેગ પામેલો હું તે દુષ્કર છતાં પણ પાલીશ. માટે મને રજા આપો. ત્યાર પછી માત પિતાએ ઘણી રીતે સમજાવ્યા છતાં તેમનો નિશ્ચય અડગ રહ્યો ત્યારે તેમણે દીક્ષા લેવાની રજા આપી. અને મેઘકુમારે પણ વીર પ્રભુની પાસે દીક્ષા લીધી.

રાત્રીએ જ્યારે સૂવાનો પ્રસંગ આવ્યો ત્યારે મેઘકુમાર સૌથી લઘુ દીક્ષિત હોવાથી તેમનો સંથારો સૌથી છેલ્લો આવ્યો. રાત્રીમાં સંથારામાં સૂતેલા તેમના શરીરે માત્રાદિ કરવા માટે જતાં આવતાં સાધુઓના પગનો સંઘટ્ટો (સંબંધ) થવા લાગ્યો. અને શરીર ધૂળથી વ્યાપ્ત થવા માંડયું. તે વખતે તેમને ઉંઘ આવતી નથી. તેથી તે વિચારે છે કે ક્યાં મારી સુંદર તળાઈઓ વગેરે વાળો પલંગ અને ક્યાં આ ભોંય ઉપર સંથારામાં સૂવાનું તેમજ જતા આવતા સાધુઓના પગની ઠેસો ખાવી. આવું દુઃખ મારાથી સહન થવાનું નથી માટે સવારમાં પ્રભુની પાસે જઇને દીક્ષાનો ત્યાગ કરીશ, એવા વિચારમાં ને વિચારમાં તેમણે પરાણે રાત્રી પૂરી કરી.

સવારે વ્રત ત્યાગ કરવાની ઇચ્છાથી પ્રભુ પાસે આવ્યા.

તે વખતે સર્વજ્ઞ પ્રભુએ તેમનો ભાવ જાણીને કહ્યું કે વ્રતના ભારથી તમે કેમ ખેદ પામ્યા? તમને તમારો પૂર્વ ભવ સાંભળતો નથી. ત્યાં તમે કેવું કષ્ટ સહન કર્યું છે તે સાંભળો:—પાછલા ત્રીજા ભવમાં વૈતાઢ્ય પર્વતને વિષે તમે હાથી હતા. મેરૂપ્રભ તમારૂં નામ હતું. એક વખત વનમાં દાવાનલ લાગ્યો. તેથી તું પાણી પીવાને સરોવરમાં ગયો. ત્યાં બીજા હાથીએ મારવાથી તું કાદવમાં પડયો. અને મરણ પામીને વિન્ધ્યાચલને વિષે ફરીથી હાથી થયો, એક વખત દાવાનલ જોઈને જાતિ સ્મરણ ઉપજવાથી પૂર્વ ભવનું સ્મરણ થવાથી ઘાસ વગેરે ઉખેડી નાખીને ત્રણ સ્થંડિલો (ઘાસ વગેરે વિનાની કોરી જમીન) તરફ દોડયો. એ સ્થંડિલ પ્રથમ આવેલાં પ્રાણીઓથી ભરાઈ ગયેલા જોઇને ત્રીજા સ્થંડિલમાં તું ગયો. ત્યાં તારે શરીરે ખરજ આવવાથી ખણુવાને તેં તારો પગ ઉંચો કર્યો. તે વખતે પગ ઉંચો કરવાથી ખાલી થએલી જગામાં બીજા પ્રાણીઓના ધક્કાથી એક સસલો આવી પડયો. તેને જોઈને જો પગ હેઠે મૂકીશ તો આ બિચારો સસલો મરી જશે એવી દયા ભાવના ઉપજવાથી તેં પગ અધર રાખ્યો. અઢી દીવસ પછી દાવાનલ શાંત થયો ત્યારે જીવો પોતપોતાને સ્થાને ગયા. તે વખતે ભૂખ અને તરસથી પીડાએલો તું પાણી પીવાને દોડયો. પરંતુ લાંબો વખત સુધી પગ ઉંચો રહેવાથી તે અકડાઈ ગયો હોવાથી દોડતાં દોડતાં તું જમીન ઉપર પડી ગયો. ત્યાં ભૂખ અને તરસની વેદના ત્રણ દિવસ તેં ભોગવી. અને તેથી તું મરણ પામ્યો, મરણ પામીને તે દયા ભાવના પુણ્યથી હમણાં તું મનુષ્યપણું પામ્યો છે. એક સસલાને

બચાવવાને માટે તેં એટલું કષ્ટ સહન કર્યું અને તેથી તું રાજપુત્ર થયો. તો સાધુઓના પગના સંઘટ્ટનથી તું કેમ કાયર થઈ ગયો. એક જીવને અભયદાન આપવાથી પણ જ્યારે આટલું ફલ મળ્યું તો સર્વ જીવને અભયદાન આપનાર આ વ્રત અંગીકાર કરીને તું હવે પ્રમાદી થઈશ નહિ.

આ પ્રમાણે પ્રભુની વાણી સાંભળીને તે ફરીથી વ્રતને વિષે દૃઢ આસ્થાવાળા થયા. અને મિથ્યા દુષ્કૃત આપીને તીવ્ર તપ કરવા લાગ્યા. અને ચારિત્રનું સમ્યગ્ રીતે પાલન કરીને વિજય વિમાનને વિષે દેવ થયા. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉપજીને મોક્ષે જશે. આ પ્રમાણે તિર્યંચના ભવમાં પણ દયા પાળીને ધર્મ કાર્ય સાધવાના કારણભૂત મનુષ્ય ભવ પામી શ્રીમેઘકુમારે તેને સફલ કર્યો તેમ મનુષ્ય ભવ પામીને ભવ્ય જીવોએ વિશેષતાથી ધર્મની સાધના કરીને આત્મકલ્યાણ કરવું વ્યાજબી છે. કારણ કે મનુષ્ય ભવ પામવો ઘણો દુર્લભ છે.

## ॥ ઇતિ મેઘકુમાર કથા ॥

**અવતરણઃ**—મનુષ્ય ભવ પામ્યા છતાં કેવા કેવા પ્રકારની બુદ્ધિવાળા મનુષ્યો કેવાં કેવાં પ્રકારનાં કર્મ બાંધી અંતે કેવી ગતિ પામે છે તે જણાવે છે.

॥ मन्दाक्रांतावृत्तम् ॥

१ २ ३ ६ ७ ८
वेलाकूले महति नृभवे प्राक् प्रसन्नेन्दुवत्त–
५ ४ १० ९
ज्जीवा मूढश्लथदृढधियः क्रीणते कर्मवस्तु ।

१५ १६ १७ १८ १९
क्रूरा गुप्तिः कुगतियुगली वर्णकः स्वर्दुरंतो,
११ १४ २२ २१ २० १२ १३
येनान्ते स्याच्छिवपुरमुरुस्फूर्ति तेषां क्रमेण ॥८॥

વિસ્તારવંત સમુદ્ર પેરે નર ભવે મોહિત જના,
ને શિથિલ દૃઢ બુદ્ધિવાળા જીવ ક્રમસર દીસના;
ભાવને અનુસાર જેથી નરકપણું તિરિભાવને,
નરપણું નિર્વાણ પામે ખરીદતા તે કર્મને. ૧
તે કર્મના ઉદયે કરી મોહિત જનો નરકાદિમાં,
જાતા શિથિલ મતિમંત જીવો જાય પ્રાયે મનુજમાં;
ધર્મમાં દૃઢ બુદ્ધિવાળા છેવટે શિવ પામતા,
સમજૂ નરા મોહિતપણું ને શિથિલતા તરછોડતા. ૨

**શ્લોકાર્થ:**—સમુદ્ર સરખા વિસ્તારવાળા મનુષ્ય ભવને વિષે મૂઢ, શિથિલ અને દૃઢ બુદ્ધિવાલા (આ ત્રણ પ્રકારના) જીવો પૂર્વે થએલા પ્રસન્નચન્દ્ર રાજર્ષિની પેઠે તે તે કર્મ-રૂપી વસ્તુ ખરીદે છે, જેના વડે તે ત્રણે અનુક્રમે નરક તિર્યંચની ગતિ રૂપી ક્રૂર કારાગૃહ સરખી બે દુર્ગતિઓ, દુઃખથી પણ પ્રધાન સ્વર્ગ ન પામવારૂપ ગતિ, અને અંતે ઘણા પ્રકાશ યુક્ત મોક્ષ ગતિને મેળવે છે. ૮

**સ્પષ્ટાર્થ:**—અહીં મનુષ્ય ભવને સમુદ્ર સરખા વિસ્તારવાળો જણાવ્યો છે. કારણ કે સંસારી જીવના ઉત્કૃષ્ટથી ૫૬૩ ભેદ કહ્યા છે તેમાં મનુષ્યના ૩૦૩ ભેદ છે. અને તે

ટુંકાણમાં આ પ્રમાણેઃ–૫ ભરત ક્ષેત્રના, ૫ ઐરવત ક્ષેત્રના, અને ૫ મહાવિદેહના મનુષ્યો એ પ્રમાણે ૧૫ ભેદ કર્મભૂમિના મનુષ્યોના જાણવા. તથા અકર્મભૂમિ એટલે જ્યાં યુગલીયા મનુષ્યો ઉપજે છે, તેમના ૩૦ પ્રકાર–૫ હિમવંત ૫ ઐરણ્યવત ૫ હરિવર્ષ ૫ રમ્યક ૫ દેવકુરૂ અને ૫ ઉત્તરકુરૂ એ પ્રમાણે ૩૦ અકર્મભૂમિના મનુષ્યો તથા ૫૬ અંતરદ્વીપ એ પ્રમાણે ૧૫+૩૦+૫૬ મળી ૧૦૧ ભેદ થયા. તે દરેકના ત્રણ ત્રણ ભેદ ૧૦૧ ગર્ભજ પર્યાપ્તા મનુષ્યના, ૧૦૧ ગર્ભજ અપર્યાપ્તા મનુષ્યના, અને ૧૦૧ સંમૂર્છિમ અપર્યાપ્તા મનુષ્યના એ પ્રમાણે ૩૦૩ ભેદ જાણવા. અહીં મનુષ્યોના ટુંકાણમાં ત્રણ ભેદ જણાવ્યા છેઃ– ૧ મૂઢ બુદ્ધિવાલા એટલે ખરી સમજણ વિનાના જીવો, ૨ શિથિલ બુદ્ધિવાળા એટલે મંદ બુદ્ધિવાળા અથવા ડામાડોળ પરિણામવાળા જીવો અને ત્રીજા દૃઢ બુદ્ધિવાળા એટલે ધર્મસાધનામાં ઉદ્યમ કરનાર જીવો. આ ત્રણ પ્રકારના મનુષ્યો અનુક્રમે ત્રણ પ્રકારની કર્મરૂપી વસ્તુ ખરીદે છે અથવા ત્રણ પ્રકારનાં કર્મ બાંધે છે, તેમાં પ્રથમ પ્રકારનાં મનુષ્યો તેવા પ્રકારનાં કર્મ બાંધે છે કે જેનાથી તેમને પ્રથમની બે કુગતિઓ એટલે અત્યંત દુઃખવાળી હોવાથી ક્રૂર કેદખાના સરખી નરક ગતિ અથવા દુઃખવાળી તિર્યંચ ગતિ મળે છે. તથા બીજા પ્રકારના શિથિલ પરિણામવાળા જીવો ઘણું કરીને દુઃખથી પણ સ્વર્ગ ન પામવા યોગ્યગતિ અથવા મનુષ્ય ગતિને પ્રાપ્ત કરે તેવા પ્રકારનો કર્મબંધ કરે છે. તથા ત્રીજા પ્રકારના ઉત્તમ પરિણામવાળા દૃઢ બુદ્ધિવાળા જે મનુષ્યો તે અંતે ઘણા

જ્ઞાનાદિ પ્રકાશયુક્ત મોક્ષગતિને પ્રાપ્ત કરે તેવા પ્રકારનો કર્મબંધ કરે છે. કહેવાનો આશય એ છે કે કર્મબંધ કરનારને મોક્ષ પ્રાપ્ત થાય નહિ. પરંતુ આ પ્રકારના જીવો તેવા તેવા શુભ કર્મ બાંધે છે કે જેનાથી છેવટે તેઓ સારા સારા દાનાદિની તથા સંયમાદિની સાધના કરીને બીલકુલ કર્મબંધથી રહિત થઈને અનંત સુખવાળી અને અત્યંત પ્રકાશ યુક્ત મોક્ષગતિને મેળવે છે. આ બાબતમાં પૂર્વે થએલા પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દૃષ્ટાન્ત જાણવું. તેમણે એકજ ભવમાં તેવા તેવા પ્રકારના પરિણામના વશથી સાતમી નરકનાં દલિયાં બાંધ્યા અને ત્યાર પછી ચઢતાં ચઢતાં છેવટે દેવલોકના દલિયાં બાંધ્યા છતાં એકદમ ક્ષપકશ્રેણિમાં ચઢીને સઘળાં ઘાતી કર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન મેળવી અંતે મોક્ષગતિ પામ્યા.

પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દૃષ્ટાન્ત ટુંકામાં આ પ્રમાણે:—

પોતનપુરના રાજા પ્રસન્નચંદ્રે પોતાના નાના બાલકને ગાદીએ બેસાડીને પ્રભુ શ્રીમહાવીરસ્વામીની પાસે દીક્ષા લીધી. તેમની સાથે વિહાર કરતા પ્રસન્નચંદ્ર ગીતાર્થ થયા. એક વખતે પ્રભુની સાથે વિહાર કરતાં રાજગૃહી નગરીના ઉદ્યાનમાં સમોસર્યા. તેમને વંદન કરવાને શ્રેણિક રાજા સૈન્ય સાથે જાય છે તે વખતે તે સૈન્યની આગળ સુમુખ અને દુર્મુખ નામના બે માણસો પરસ્પર વાર્તાલાપ કરતા જાય છે. માર્ગમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિ સૂર્ય તરફ દૃષ્ટિ રાખીને અને ઉંચા હાથ રાખીને આતાપના લે છે. તેમને જોઇને સુમુખે કહ્યું કે તપ કરતા આ મુનિને સ્વર્ગનાં અને મોક્ષનાં સુખ

હાથમાં રહેલાં જણાય છે. તે વખતે દુર્મુખે કહ્યું કે આનું તો નામ પણ લેવા યોગ્ય નથી. કારણ કે પોતાના નાના બાળકને ગાદીએ બેસાડીને મંત્રીઓને કારભાર સોંપીને તેણે દીક્ષા લીધી. રાજા બાળક હોવાથી પડોશના રાજાઓ તેના ઉપર ચઢી આવ્યા છે. મંત્રીઓ પણ તેમની સાથે મળી ગયા છે અને રાણીઓ નાશી ગઈ છે. આ વાતચીત પ્રસન્નચંદ્ર રાજર્ષિએ સાંભળી. અને તેથી તેમને એકદમ ક્રોધ ચઢયો. એટલે મનમાં વિચારવા લાગ્યા કે જો હું અત્યારે ત્યાં હોત તો મંત્રીઓને સજા કરત અને રાજાઓને હરાવીને નસાડી મૂકત. એ પ્રમાણે વિચારમાં ને વિચારમાં શત્રુઓ સાથે મનથી યુદ્ધ કરવા લાગ્યા. ને પોતાના વ્રતને ભૂલી ગયા. જાણે પોતે નવા નવા શસ્ત્રોથી લડે છે. આવા ધ્યાનમાં તેઓએ અશુભ કર્મનો બંધ કરવા માંડયો અને એવા અશુભ પરિણામમાં ચડયા કે સાતમી નારકીનાં દલીયાં બાંધ્યા. તે વખત શ્રેણિક રાજા પણ ત્યાં આવી પહોંચ્યા. તેમણે પ્રસન્નચંદ્રને વંદન કર્યું. પછી સમોવસરણમાં ગયા. ત્યાં વીર પ્રભુને પૂછયું કે પ્રસન્નચંદ્ર રાજર્ષિ મેં જ્યારે તેમને વંદન કર્યું ત્યારે મરણ પામે તો કયાં જાય. ત્યારે પ્રભુએ કહ્યું કે સાતમી નરકે જાય. થોડી વાર પછી ફરીથી પૂછયું ત્યારે પ્રભુએ કહ્યું કે સર્વાર્થસિદ્ધે જાય. શ્રેણિક રાજાએ પૂછયું કે આવું બે પ્રકારનું વ્યાખ્યાન શાથી ? ત્યારે પ્રભુએ કહ્યું કે તે વખતે તેઓ દુર્મુખનાં વચનો સાંભળી દુર્ધ્યાનમાં ચઢયા હતા અને તેથી તે વખતે તેમને સાતમી નારકીનાં દલિક બંધાતાં હતાં. તે વખતે તેઓ મનથી શત્રુ રાજાઓ સાથે લડી રહ્યા હતા. લડતાં લડતાં બધા શસ્ત્રો ખુટી ગયાં એટલે માથાનો મુગટ ફેંકવા માટે માથે હાથ મૂકે છે.

માથું ઉઘાડું છે એટલે પાછો વિચાર શ્રેણિ પલટો ખાય છે. હું સાધુ છું. તેથી મારે પુત્ર અને રાજપાટ શું? મેં તો તેનો ત્યાગ કર્યો છે. કોનો પુત્ર અને કોનું રાજ્ય? એ પ્રમાણે પાછા શુભ ધ્યાનમાં ચઢતાં ચઢતાં સર્વાર્થસિદ્ધનો બંધ ફરીથી પૂછયું ત્યારે કરતા હતા. આ વાતચીત ચાલે છે તેવામાં દુંદુભિનો શબ્દ થયો. તે સાંભળી શ્રેણિક રાજાએ પ્રભુને પૂછયું ત્યારે પ્રભુએ કહ્યું કે પ્રસન્નચંદ્ર રાજર્ષિને કેવલજ્ઞાન થયું છે તેનો મહિમા દેવતાઓ કરે છે. આ કથાનો ટુંકમાં સાર એ છે કે કર્મબંધ થવામાં મુખ્ય કારણ મન છે. માટે મન શુભ ધ્યાનમાં વર્તતું હોય તો શુભ બંધ થાય અને અશુભ ધ્યાનમાં વર્તતું હોય તો અશુભ બંધ થાય છે. ત્યાર પછી ઘણો કાળ વિચરીને તે રાજર્ષિ મોક્ષના સુખ પામ્યા.

॥ ઇતિ પ્રસન્નચંદ્ર રાજર્ષિ કથા ॥

**અવતરણ:**—એ પ્રમાણે ત્રીજું '**नृभव**' નામનું દ્વાર કહીને હવે ચોથું સત્કુલ નામનું દ્વાર બે ગાથાવડે કહે છે:—

३ ४
**तत्तादृशाभव्यपितुः सुतोऽपि,**
५ १ २ ७ ६
**धर्मालसो यः सुलसोऽभवन्न**
१० १२ ८ ९ ११ १५
**स किं विषाहे त्रिषहृन्मणिस्त-**
१४ १८ १३ १६ १७
**त्पंकान्न वा श्रीसदनं सरोजम् ॥ ९ ।**

શ્રેષ્ઠ કુલ રૂપ સ્થાન મળતાં જરૂર જન ધર્મી બને,
પણ દુષ્કુલે જન્મ્યા છતાં પુણ્યે જનો ધર્મી બને;
સ્થાન ઝેરી સર્પ તો પણ ઝેર હરનારો મણી,
ત્યાં થાય કાદવથી હુવે ઉત્પતિ તેમ કમલ તણી. ૧

સુલસ નામે સુત કસાઈ કાલસૌકરિકનો હતો,
પિતા અભવ્ય છતાં ન ધર્મે તે કદી આળસુ થતો;
પુણ્યયોગે સુલસ પામે સંગ અભય કુમારનો,
હોય નીચ કુલ તોય મહિમા જાગતો છે પુણ્યનો. ૨

શ્લોકાર્થ:—જે સુલસ તેવા પ્રકારના અભવ્ય પિતાનો પુત્ર છતાં ધર્મને વિષે આલસવાળો થયો નથી. શું ઝેરી સર્પથી ઝેરને હરનાર મણિ થતો નથી? અથવા કાદવમાંથી લક્ષ્મીના ઘર રૂપ કમલની ઉત્પત્તિ થતી નથી? અથવા થાય છે. ૯

સ્પષ્ટાર્થ:—ખરાબ કુલમાંથી પણ ઉત્તમ પુરૂષો ઉત્પન્ન થાય છે તો સુકુલની તો વાતજ શી? એ વાત દૃષ્ટાન્ત પૂર્વક સમજાવે છે. ખરાબ કુલમાંથી પણ ઉત્તમ પુરૂષો ઉત્પન્ન થાય છે તે વાત તો ખરાબ કુલનો મહિમા જણાવે છે એવી શંકા થાય તો તે બાબતમાં જણાવવાનું કે ખરાબ કુલમાંથી ઉત્તમ પુરૂષો ઉત્પન્ન થાય છે તે તે પુરૂષનો પૂર્વનો પુણ્યોદય જાણવો. પરંતુ તે કુલનું માહાત્મ્ય નથી. શ્રેણિક રાજાના વખતમાં રાજગૃહી નગરીમાં કાલિકસૌરિક નામે ચાંડાલ હતો જે દરરોજ પાંચસો પાડાનો વધ કરતો હતો અને જેને શ્રી મહાવીર પ્રભુએ અભવ્ય એટલે મોક્ષે જવાને અયોગ્ય જણા-

ળ્યો હતો તે કાલિકસૌરિકનો પુત્ર છતાં પણ સુલસ ધર્મને વિષે આળસવાળો થયો નથી. અથવા આવા નીચ કુલમાં ઉત્પન્ન થવા છતાં અને અભવ્ય પિતાનો પુત્ર છતાં સુલસે ધર્મકાર્યમાં આળસ રાખી નહિ. પરંતુ સમ્યગ્ રીતે ધર્મની આરાધના કરી. કારણ કે તેને સુકુલમાં ઉત્પન્ન થએલા અભયકુમારની સાથે મિત્રતા હતી. આ બાબતમાં દૃષ્ટાન્ત આપે છેઃ—શું ઝેરી સર્પમાંથી ઝેરને હરણ કરનાર મણિ ઉત્પન્ન થતો નથી? અથવા ઝેરી સર્પના માથા ઉપર મણિની ઉત્પત્તિ થાય છે જે મણિ તે સર્પના ઝેરનો નાશ કરનાર થાય છે. અથવા તે પ્રસિદ્ધ લક્ષ્મી દેવીના ગૃહ રૂપ સરોવરને વિષે કાદવમાંથી પણ કમલની ઉત્પત્તિ થાય છે. ૯

સુલસના દૃષ્ટાન્તનો ટુંક સાર આ પ્રમાણેઃ—રાજગૃહ નગરમાં કાલસૌકરિક નામે ચંડાલ હતો. તે દરરોજ પાંચસો પાડાનો વધ કરતો હતો. તેમજ અભવ્ય હતો. તેને સુલસ નામનો પુત્ર હતો. તે અભકુમારની મિત્રતાથી ધર્મને વિષે દ્રઢ આસ્થાવાળો થયો હતો. કાલસૌકરિક મરીને નરકે ગયો ત્યારે સ્વજનોએ તેને કુટુંબનો ભાર સોંપીને કહ્યું કે જેમ તારા પિતાએ હિંસાનો ત્યાગ કર્યો ન્હોતો તેમ તારે પણ હિંસા તજવી નહિ અને કુલક્રમનું ઉલ્લંઘન કરવું નહિ. ત્યારે સુલસે કહ્યું કે બંને ભવનો નાશ કરનારી હિંસા કયો સમજુ પુરૂષ કરે? પ્રાણનો ત્યાગ કરવો સારો પણ હિંસા કરવી સારી નહિ. કુટુંબીઓએ કહ્યું કે કુલક્રમને ઓળંગવાના પાપથી શું તું હિંસામાં વધારે પાપ માને છે. બધા જીવો ગમે ત્યારે તો મરવાના છે જ તો તેમને મારવામાં પાપ શું?

વળી કેટલાક પશુ તો દુઃખથી પીડાતા હોય છે તો તેમને મારવામાં પાપને બદલે ઉલટું પુન્ય થાય છે તે છતાં તને તેમાં પાપ લાગતું હોય તો આપણે જેમ ધન વહેંચીએ છીએ તેમ તે પાપને વહેંચી લઈશું. ત્યાર પછી સુલસ વિચારે છે કે આ અજ્ઞાનીઓને મારે સન્માર્ગમાં જોડવા જોઈએ. એ વિચારથી એક દિવસે તેણે કુહાડા વડે પોતાનો પગ છેદ્યો. ત્યાર પછી તેની વેદનાથી વિલાપ કરતા સુલસે તેઓને કહ્યું કે હે પૂજ્ય સગાંઓ મને ઘણી પીડા થાય છે માટે તમે થોડી થોડી પીડા વહેંચી લો ત્યારે તેઓએ કહ્યું કે તારી વેદના અમારાથી શી રીતે લેવાય ? ત્યારે સુલસે કહ્યું કે જો તમે મારી પીડા લઈ શકતા નથી તો તમે મારૂં પાપ શી રીતે લેશો ? એ પ્રમાણેનાં સુલસનાં વચનથી બોધ પામીને તેઓ ધર્મ બુદ્ધિવાળાં થયાં. સુલસે પોતાની શ્રદ્ધાનો ત્યાગ કર્યો નહિ. એ તેનાં પૂર્વ પુણ્યનો પ્રભાવ જાણવો.

॥ ઈતિ સુલસ કથા ॥

**અવતરણઃ**—સુકુલમાં ઉત્પન્ન થએલી સ્ત્રીઓ પણ બોધને માટે થાય છે તે જણાવે છેઃ—

८ ५ ६
बोधाय सद्धर्मकुलोद्भवाः स्त्रियो—
७ २ ४ १ ३
ऽप्युदायनस्येव पुरा प्रभावती ।
१० १२ ९ १३ ११
सत्तीर्थता किं जलधेर्न ? गंगया,
१६ १४ १५ १८ १७
सद्वृत्तता वा शशिनो न ? राकया ॥ १० ॥

શુભ ધર્મવાસિત કુલ વિષે જન્મેલ સ્ત્રીઓ પણ બને,
ધર્મબોધ પમાડનારી જિમ ઉદાયન ભૂપને;
રાણી પ્રભાવતી સત્ય તે જિમ સંગથી ગંગાતણા,
સાગર ગણાયે તીર્થ રૂપે સંગથી પૂનમ તણા. ૧

ચંદ્રમા દેખાય પૂરણ ગોળ સારા સંગથી,
લાભ સારા સંપજે જિમ શ્રેષ્ઠ કારણ સંગથી;
મહિમા પ્રવર કુલનો જણાવ્યો ધર્મકારણ સુકુલને,
પુણ્ય ઉદયે મેળવી આરાધજો જિન ધર્મને. ૨

**શ્લોકાર્થ**:–પૂર્વે થએલા ઉદાયન નામના રાજાની રાણી પ્રભાવતીની જેમ સદ્ધર્મવાળા કુલમાં ઉત્પન્ન થએલી સ્ત્રીઓ પણ બોધને માટે થાય છે. (દૃષ્ટાંત જણાવે છે.) સમુદ્રનું ઉત્તમ તીર્થપણું ગંગાવડે શું નથી થતું? અથવા ચંદ્રનું ગોળાકારપણું પૂર્ણિમાની રાત્રી વડે શું નથી થતું? અર્થાત્ થાય છે. ૧૦

**સ્પષ્ટાર્થ**:–સદ્ધર્મવાળા કુલમાં ઉત્પન્ન થએલી સ્ત્રીઓ પણ બોધને માટે થાય છે. કારણ કે જે કુલ પરંપરામાં સદ્ધર્મનું પાલન કરવામાં આવે છે તે કુલમાં ઉત્પન્ન થએલ બાળકો ઉપર પણ તેના સારા સંસ્કાર નાનપણથી જ પડે છે. અને તેથી સદ્ધર્મવાળા કુલમાં ઉત્પન્ન થએલી પ્રભાવતી નામે રાણી પોતાના પતિ ઉદાયન નામના રાજાને બોધ કરનારી થઈ. આ પ્રભાવતીનું દૃષ્ટાન્ત હમણાં જ સ્પષ્ટાર્થને અંતે જણાવવામાં આવશે. એ પ્રમાણે સદ્ધર્મવાળા કુલમાં

ઉત્પન્ન થએલી સ્ત્રીઓ પણ બોધ માટે થાય છે તેમાં આશ્ચર્ય જેવું નથી તે ઉદાહરણ પૂર્વક જણાવે છે. જેમ સમુદ્ર ખારો છે તે છતાં ગંગા નદીના સંયોગથી તે સમુદ્ર સારા તીર્થપણાને પામે છે. જ્યાં નદીનો સમુદ્ર સાથે સંયોગ થાય તે તીર્થ કહેવાય છે. પરંતુ ગંગા નદીની પવિત્રતાને લઈને તેનો જે સ્થળે સમુદ્ર સાથે સંગમ થાય છે તે સ્થલ સુતીર્થ તરીકે પ્રસિધ્ધ છે. આજ બાબતમાં કવિશ્રી બીજું ઉદાહરણ પણ આ પ્રમાણે આપે છે કે–પૂર્ણિમાની રાત્રીની સોબતથી ચંદ્રમાને શું ગોળાકારપણું નથી થતું ? અથવા તો પૂર્ણિમાની રાત્રીની સોબતથી તે રાત્રીએ ચંદ્રમાનું ગોળાકારપણું થાય છે એટલે ચંદ્ર સંપૂર્ણ ગોળ હોય છે. પુનમ સિવાયના દિવસે ચંદ્ર થોડો ઘણો પણ ખંડિત હોય છે પણ પૂર્ણિમાને દિવસે તેની '**सद्वृतता**' સંપૂર્ણ ગોળાકારપણું થાય છે. તે પૂર્ણિમાનો પ્રભાવ છે. એમ જણાવે છે. ૧૦

પ્રભાવતી રાણીનું દૃષ્ટાંત આ પ્રમાણે:–

ભરતક્ષેત્રમાં સિન્ધુસૌવીર નામનો દેશ છે. તેમાં વીતભય નામે નગર છે. તે દેશનો ઉદાયન નામે રાજા છે. તે મહાપરાક્રમી હતો. તેના તાબામાં સિન્ધુસૌવીર વગેરે ૧૬ દેશો છે. વળી તે ૩૬૦ નગરનો સ્વામી છે. વળી મહાસેન વગેરે દશ રાજાઓ તેના ચરણની સેવા કરતા હતા. આ રાજાને પ્રભાવતી નામે પટ્ટરાણી હતી. તેમને રાજ્યનો ભાર ઉપાડવામાં સમર્થ ગુણોવાળો અભીચિ નામનો પુત્ર તથા કેશિક નામનો ભાણેજ હતો.

એક વખતે તે નગરમાં એક મોટો વહાણનો વેપારી

આવ્યો. તેના હાથમાં પ્રતિમાથી રમણીય એક દાભડો હતો. તે દાભડાને બજારના મધ્ય ભાગમાં રાખીને તેણે આ પ્રમાણે ઘોષણા કરી કે "હે જનો! તમે આ દેવાધિદેવની પ્રતિમા ગ્રહણ કરો. તેના પ્રભાવથી દુસ્તર સમુદ્ર પણ મને સહેલાઈથી તરવા યોગ્ય થયો છે. આ ઘોષણા સાંભળીને તાપસ સહિત પ્રથમ તો ઉદાયન રાજા આવ્યો. બીજા પણ તાપસો, વિપ્રો, ત્રિદંડિકો વગેરે આવ્યા અને દાભડામાં પોતાના દેવ હરિ હર બ્રહ્મા વિગેરેની પ્રતિમા હશે એમ ધારીને પોતાના દેવાધિદેવની બુદ્ધિથી તેઓ તે દાભડાને ઉઘાડવા લાગ્યા. પરંતુ જ્યારે તે ઉઘડ્યો નહિ ત્યારે લોઢાના કુહાડાથી ભાગવા માંડ્યો છતાં તે કાષ્ઠસંપુટ (દાભડો) ઉઘડ્યો નહિ ત્યારે નગરવાસીઓ સહિત રાજા વિસ્મય પામ્યો. ભર્તારનો ભોજન વખત થઈ ગયો છે એમ જાણીને પ્રભાવતી રાણીએ રાજાને બોલાવવા દાસીને મોકલી, તે વખતે (રાણીને) આ આશ્ચર્ય દેખાડવાને રાજાએ રાણીને ત્યાં બોલાવીને આ આશ્ચર્ય જણાવ્યું. આ સાંભળીને પ્રભાવતી રાણીએ પોતાના ચિત્તમાં વિચારીને કહ્યું કે હે દેવ! આ પ્રતિમા દેવાધિદેવ અરિહંત પરમેશ્વરની તો નથીને? તેમની આ પ્રતિમા હોય તો હરિ વગેરેના નામથી તે કેવી રીતે પ્રગટ થાય? અરિહંત ભગવાનની અદ્ભુત પ્રતિમા હું લોકોને સ્મરણ માત્રથી દેખાડીશ. પછી રાજાની આજ્ઞાથી તે પ્રભાવતી રાણીએ યક્ષકર્દમ વગેરેથી અભિષેક કરીને પ્રણામપૂર્વક કહ્યું કે હે દેવાધિદેવ! હે અરિહંત! હે અષ્ટ પ્રતિહાર્યધારી! તમે મને પોતાનું દર્શન આપો. આ પ્રમાણેના રાણીના વચનથી સિદ્ધ મન્ત્રની જેમ તે પેટી પોતાની મેળેજ એકદમ ઉઘડી ગઈ, અને

તેની અંદર ગોશીર્ષ ચન્દનવાળી દેવે બનાવેલી પ્રફુલ્લિત ફૂલની માલાથી શણગારેલી પ્રતિમા નીકળી. તે અવસરે જિનશાસનની મોટી ઉન્નતિ થઈ. પ્રભાવતીએ આનંદથી તે પ્રતિમાને પ્રણામ કરીને સ્તુતિ કરી. રાજાએ તે વેપારીનો બન્ધુની જેમ સત્કાર કરીને રજા આપી અને રાજા તે પ્રતિમાને આનંદપૂર્વક ઉત્સવથી પોતાના અન્તઃપુરમાં લઈ ગયો. વિમાન સરખું મનોહર ચૈત્ય કરાવીને તેમાં રાજાએ હર્ષથી પ્રતિમાની પ્રતિષ્ઠા કરી, ત્યારથી માંડીને રાજા ભક્તિ-પૂર્વક તે પ્રતિમાને હંમેશાં પૂજવા લાગ્યો, અને પતિ સાથે પ્રભાવતી પણ તે પ્રતિમા આગળ નાચ કરતી હતી.

એક દિવસે પ્રતિમા આગળ નાચ કરતી પ્રભાવતીનું એકલું ધડજ રાજાએ જોયું. તેથી ચકિત થએલો રાજા અકસ્માત ગાન કરતાં અટકી ગયો, તેથી રોષ પામેલી પ્રભા-વતીએ કહ્યું કે હે નાથ! આ શી તમારી ચતુરાઈ? કારણકે તમે કારણ વિના તાલભંગ કર્યો છે, તે વખતે વિષાદ-પૂર્વક રાજાએ તેનું કારણ કહ્યું. તે સાંભળીને પ્રભા-વતીએ કહ્યું કે હે પ્રભુ! આ દુર્નિમિત્તથી મારૂં આયુષ્ય અલ્પ જણાય છે, મને મૃત્યુનો ભય નથી. પરંતુ અરિહંતની ભક્ત એવી મને આ દુર્નિમિત્ત વ્રતને માટે પ્રેરણા આપે છે. આથી ધર્મમાં તત્પર બનેલી તેણીએ પ્રભુની પૂજા માટે સ્નાન કરીને દાસી પાસે પોતાના બે શ્વેત વસ્ત્ર મંગાવ્યા. દાસી તે લઈને આવી ત્યારે રાણીને તે ભ્રમથી રાતાં દેખાયાં, તેથી તે દાસી ઉપર ગુસ્સે થઈ, અને દાસીને દર્પણ માર્યું તેથી તે તરત મરણ પામી. પછી વસ્ત્ર ધોળાં દેખાયા, તેથી

ખિન્ન થએલી તે વિચારવા લાગી કે પંચેન્દ્રિયનો વધ કરી મેં વ્રતનું ખંડન કર્યું. અને મહા પાપ ક્રિયાના યોગથી મારી નરકગતિ થશે. અપરાધ વિનાની સ્ત્રીહત્યા મને વ્રત (દીક્ષા) લેવા માટે ઉતાવળ કરાવે છે. આથી રાણીએ આ બે દુર્નિમિત્તો રાજાને જણાવ્યા, અને કહ્યું કે આ બે નિમિત્તો મારૂં આયુષ્ય અલ્પ છે તેમ જણાવનારાં છે. માટે હે નાથ! મને વ્રત લેવાની રજા આપો. અંતરાય કરો નહિ, આ પ્રમાણે દેવીએ આગ્રહ પૂર્વક રાજાને કહ્યું, ત્યારે રાજાએ કહ્યું કે તમે ખુશીથી દીક્ષા લ્યો. પણ મારૂં એક વચન સાંભળો. તે એ કે—મરણ પામીને જ્યારે તું દેવલોકમાં ઉપજે ત્યારે અધર્મી એવા મને તારે પ્રતિબોધ કરવો. રાણીએ તે વાત અંગીકાર કરી, ત્યાર પછી રાણીએ દીક્ષા લીધી. ચારિત્ર પાળીને સંલેખના કરીને પ્રથમ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થઈ.

અન્તઃપુરમાં રહેલી દેવદત્તા નામે કુબ્જા (બડી દાસી) હંમેશાં તે દેવાધિદેવની પ્રતિમાનું પૂજન કરતી હતી. રાજાને અનુક્રમે તાપસનો ભક્ત થએલો જોઈને તેને પ્રતિબોધ કરવા માટે તે દેવ (પ્રભાવતી રાણીનો જીવ) તાપસ રૂપે આવ્યો. હાથમાં અમૃત સરખા સ્વાદિષ્ટ ફલવાળા તે તાપસનો તાપસ ભક્ત રાજાએ ઘણો સત્કાર કર્યો, તે સ્વાદિષ્ટ ફળ ખાઈને તેણે તાપસને પૂછયું કે ફલો તમે કયાંથી લાવ્યા તે કહો. ત્યારે તાપસે કહ્યું કે અહીંથી દૂર આવા પ્રકારના ફલથી શોભાયમાન નંદનવન સમાન આશ્રમમાંથી આ ફલ લાવ્યો છું. રાજાએ કહ્યું કે મને પણ તે દેખાડો. તાપસ સાથે રાજા એકલો ચાલ્યો. તાપસે પણ પોતાની દેવશકિતથી

એક મનોહર ઉપવન વિકુર્વીને રાજાને તે દેખાડયું. તે જોઈને રાજાએ વિચાર્યું કે મનોહર ફલોવાળું આ ઉદ્યાન મારા ગુરૂ તાપસોનું છે તેથી આનાં ફલો ખાવાની મારી ધારણા પૂર્ણ થશે. આવું વિચારી જેટલામાં તે ફલો લેવાને રાજાએ હાથ નાખ્યો કે તરતજ કોપેલા તે તાપસો રાજાને મારવા દોડયા. ચોરની જેમ કુટાતો તે રાજા ત્યાંથી નાઠો. રસ્તામાં સિદ્ધિને સાધનારા સાધુઓને જોયા. તેઓના શરણે રાજા ગયો. તેઓએ રાજાનું ભયથી રક્ષણ કર્યું, પછી રાજાએ વિચાર્યું કે મેં જન્મથી જેમનું પોષણ કર્યું તેમનાથી જ હું કેમ ઠગાયો, અને પૂર્વે મેં જેમને જોયા નથી તેવા આ સાધુઓએ મારૂં કેમ રક્ષણ કર્યું. માટે સારી રીતે પરીક્ષા કરાએલો એમનો ધર્મ મારૂં શરણ થાઓ. આવું વિચારતા રાજાની આગળ તે પ્રભાવતી દેવે પ્રગટ થઇને જૈનધર્મમાં તેને નિશ્ચલ કર્યો. ત્યારથી માંડીને ઉદાયન રાજા અરિહંતે કહેલ દયા મૂલ ધર્મનો તથા સાધુઓનો ભક્ત એવો શ્રાવક શિરોમણી થયો. આ પ્રમાણે તે પ્રભાવતીએ રાજાને બોધ પમાડી પરમ શ્રાવક બનાવ્યો. (જે પ્રતિમાનું દેવદત્તા પૂજન કરે છે તેના પ્રભાવથી તેને કેવું ફલ મળ્યું વગેરે પ્રતિમાનો મહિમા જણાવતી આ કથા ઘણી લાંબી છે, પરંતુ તેનો અહીં સંબંધ નથી માટે જણાવી નથી.)

॥ ઈતિ પ્રભાવતી રાણીની કથા ॥

**અવતરણઃ**—હવે સાધુ સંગ વિના અજ્ઞાનથી મહા કષ્ટ કરતાં છતાં પણ મોક્ષ ફળ મળતું નથી તે બાબત બે ગાથાઓ વડે જણાવતાં પાંચમું સાધુસંગ નામનું દ્વાર કહે છેઃ—

जीवादितत्त्वविकलैर्विपुलैस्तपोभि-
र्मुक्तो न तामलिरजातसुसाधुसंगः ।
कः स्वर्णसिद्धिमधिगच्छति कूटकल्पैः,
को वांबुधिं तरति जर्जरयानपात्रैः ॥११॥ वसंततिलकावृत्त ॥

સમ્યક્ત્વના યોગેજ પ્રકટે બોધ નિર્મલ તત્ત્વનો,
સાધુ સંગે બોધ તેવો તામલિને સાધુનોઃ
સંગ ન થયો તેહથી સમ્યક્ત્વ બોધ થયા નહીં,
તે સ્થિતિમાં ઉગ્ર તપ પણ મોક્ષ હેતુ થયો નહી. ૧

ખોટા પ્રયોગે સ્વર્ણસિદ્ધિ કોણ પામે ? કો નહી,
સડી ગયેલા વ્હાણમાં બેસી સમુદ્ર તરે નહીં;
મરણકાલે તામલી સમકિત લહે મુનિદર્શને,
ઈંદ્ર સમ્યગ્દષ્ટિ હોવે જાણજો એ નિયમને. ૨

શ્લોકાર્થઃ—સુગુરૂના સંગને નહિ પામેલો તામલિ નામનો તાપસ જીવાદિ તત્વના જ્ઞાનથી રહિત મોટા તપ વડે પણ મુકિત પામ્યો નહિ. (કારણ કે) ખોટા ઓષધિ પ્રયોગોથી કોણ સ્વર્ણસિદ્ધિને પ્રાપ્ત કરે ? અથવા કોઈ ન જ કરે.

તેમજ જુના (કાણાવાળા) વહાણથી કોણ સમુદ્રને તરે? અથવા કોઈ તરી શકે નહિ. ૧૧

**સ્પષ્ટાર્થ**:—કંચન કામિનીના ત્યાગી એવા સદ્ગુરૂની સોબત વિના મોક્ષ પ્રાપ્તિ થતી નથી તે જણાવે છે. તામલિ નામના તાપસે જીવ અજીવ પુણ્ય પાપ આશ્રવ સંવર નિર્જરા બંધ અને મોક્ષ એ નવ તત્ત્વોનું સ્વરૂપ સમજ્યા સિવાય કરેલું મોટું અજ્ઞાન તપ સુસાધુની સોબત રહિત હોવાથી મોક્ષરૂપી ફળને આપનારૂં થયું નહિ. આ તાપસે જેટલું તપ કર્યું (તેનું વર્ણન તેની કથામાં કહેવાશે) તે તપ જો સુસાધુ પાસેથી જીવ અજીવ વગેરે નવ તત્ત્વોના સ્વરૂપને સમજીને શ્રદ્ધાપૂર્વક કર્યું હોત તો તે સમકિત પૂર્વક થાત તેથી તેને મોક્ષ રૂપી ફળ મળત. પરંતુ સમકિત વિનાનું હોવાથી તે ઉગ્ર તપ પણ મિથ્યાત્વ મિશ્રિત હોવાથી તે અજ્ઞાન તપનું તજીવું જ ફળ મળ્યું અથવા તેને મોક્ષરૂપી ઈષ્ટની પ્રાપ્તિ થઈ નહિ. આ બાબત દૃષ્ટાન્ત પૂર્વક સમજાવે છે. સુવર્ણસિદ્ધિ મેળવવાને માટે જે ઔષધિઓનો પ્રયોગ કરવાનો છે તે ઔષધિઓને બદલે ખોટી ઔષધિઓથી પ્રયોગ કરનારને સુવર્ણસિદ્ધિ થતી નથી. તેમજ સમુદ્ર તરવાને માટે જર્જરિત વહાણ એટલે જુનું વહાણ કામમાં આવે નહિ અથવા જુના વહાણથી સમુદ્ર તરી શકાય નહિ કારણ કે જુનું વહાણ સમુદ્રની વચમાં જ ભાગી જાય છે તેથી સમુદ્ર તરી શકાતો નથી. તેવી રીતે અજ્ઞાન કષ્ટથી પણ આ સંસાર રૂપી સમુદ્રનો પાર પામી શકાતો નથી. ૧૧

તામલિ તાપસની કથા:—

તામલિપ્તી નગરીમાં તામલિ નામે એક શેઠ હતા. તેણે

સંસારની અસારતા જાણી. વૈરાગ્ય ભાવનાથી અજ્ઞાનને લીધે તાપસી દીક્ષા લીધી. ત્યાર પછી નગરમાં ઘેર ઘેર ભમીને ભિક્ષા લઈને તે વનમાં ગયો. પછી લાવેલી ભિક્ષા વાપરતા તેને વિચાર થયો કે જગતમાં ઘણાં જલચર, સ્થલચર અને ખેચર જીવો ભૂખ્યાં છે માટે હું એકલો આ ભિક્ષા કેમ ખાઈ શકું ? તેથી તેણે ભિક્ષાના ચાર ભાગ કર્યા. તેમાંનો એક ભાગ પોતાને માટે અને બાકીના ત્રણ ભાગ બાકીના જીવોને નાખીને પોતાનો જે ચોથો ભાગ હતો તેને પાણીમાં એકવીસ વાર ધોઇ નાખીને નીરસ કરીને પોતે વાપરવા લાગ્યો. આ પ્રમાણે તેણે ૬૦ હજાર વર્ષ સુધી આકરૂં તપ કર્યું. તો પણ અજ્ઞાન કષ્ટ હોવાથી તેને ઘણાં કર્મની નિર્જરા થઈ નહિ. અંતે અનશન કરીને મરીને બીજા ઇશાન દેવલોકમાં ઈન્દ્રપણે ઉત્પન્ન થયો. આટલું તપ જો બીજા જ્ઞાનીએ (સમકિતવંત) પુરૂષે કર્યું હોત તો તેટલા તપથી સાત જણા મોક્ષે જાત. પરંતુ એટલું તપ કરવા છતાં સમ્યક્ત્વ-રહિત હોવાથી એ તામલિ પણ મોક્ષે જઈ શકયો નહિ. કારણકે આ તપ એ અજ્ઞાન કષ્ટ હતું, તેથીજ કહ્યું છે કે અજ્ઞાની પુરૂષ ઘણાં ક્રોડ વર્ષો સુધી તપ કરીને જે કર્મ ખપાવે તે જ્ઞાની પુરૂષ એક શ્વાસોશ્વાસમાં ખપાવે છે. માટે જ્ઞાનપૂર્વકનું તપ ઘણો લાભ આપનારૂં છે. તામલિ તાપસ અંત સમયે મુનિના દર્શનથી સમ્યકત્વ પામી ઈંદ્ર થયા છે. એમ અન્ય ગ્રંથોમાં કહ્યું છે.

॥ ઈતિ તામલિ તાપસ કથા ॥

અવતરણ:—સારી સોબત અને નઠારી સોબત અનુક્રમે ગુણ માટે અને નાશ માટે થાય છે તે દૃષ્ટાન્ત પૂર્વક સમજાવે છે:—

( औपच्छंदसिकवृत्तम् )

३ ४ १ २
गिरिपुष्पशुकाविवामलोऽङ्गी,
६ ५
गुणनाशोदयभाग् जडज्ञसंगात् ।
८ १० ११ ७ १५ १६
जलदाम्बु विषं सुधा च न स्यात्,
९ ११ १४ १२
कनकद्रौ च किमिक्षुकानने च ॥ १२ ॥

ગિરિશુક તણી ને પુષ્પશુકની જેમ નિર્મળ જીવને,
મૂર્ખ જ્ઞાની સંગથી ગુણ નાશ પામે ઉદયને;
જલ મેઘનું ધત્તૂરમાં વિષ રૂપ બને ને ઇક્ષુમાં,
મીઠાશ દેનારું બને છે ભેદ અહીં આધારમાં. ૧

શ્લોકાર્થ:—નિર્મલ પ્રાણી ગિરિ શુક અને પુષ્પ શુકની જેમ મૂર્ખ અને જ્ઞાનીની સોબતથી અનુક્રમે ગુણના નાશ વાળો અને ઉદયને ભજનારો થાય છે. મેઘનું પાણી ધંતુરાને વિષે ઝેર રૂપ અને શેરડીના વનને વિષે અમૃત રૂપ નથી થતું ? અર્થાત્ થાય છે. ૧૨

સ્પષ્ટાર્થ:—જેવી રીતે એકજ માતા પિતાના પુત્ર છતાં ગિરિશુક જે ભીલ લોકની સોબતમાં રહ્યો તેના ગુણો નાશ પામ્યા અથવા તેનામાં વિનયાદિ સારા ગુણો આવ્યા નહિ અને તેને બદલે ખરાબ વચનો બોલવા રૂપ દુર્ગુણો આવ્યા. અને તેનોજ બીજો ભાઈ પુષ્પશુક તાપસની સોબતમાં

રહ્યો, તેથી તાપસોનાં વચનો સાંભળીને સારો આચાર વગેરે જોઇને સારા વિનયાદિ ગુણવાળો થયો. તેવી રીતે આ જીવ બાળપણમાં પ્રાયે નિર્મલ છતાં અથવા સારા નરસાને નહિ સમજતો હોવા છતાં જડ એટલે મૂર્ખ અથવા અજ્ઞાની પુરૂષની સોબતને લીધે નિર્ગુણી થાય છે એટલે તેનામાં સારા ગુણો આવતા નથી અને ખરાબ ગુણો આવે છે. તેથી ઉલટું, જે નિર્મલ જીવ જ્ઞાની પુરૂષની સોબતમાં રહે છે તેનામાં સદ્‌ગુણો આવે છે. એ પ્રમાણે સારી સોબત અને ખરાબ સોબતનું ફળ મળે છે. આ બાબત દૃષ્ટાન્તથી સમજાવે છે:—જેમ નિર્મલ એવું મેઘનું પાણી તે ધંતૂરાના વૃક્ષને વિષે ઝેર રૂપ થાય છે. કારણ કે ધંતૂરો ઝેર રુપ છે એટલે ખરાબ છે અને તેની સોબત થવાથી નિર્મલ છતાં પણ મેઘનું પાણી ઝેર રૂપે થઈ જાય છે. અને તેજ પાણી શેરડીના વનને વિષે અમૃત એટલે મીઠું (સ્વાદિષ્ટ) બને છે. શેરડીમાં મીઠાશ છે અને તેની સોબત થવાથી પાણી પણ મીઠું—ગળ્યું બની જાય છે. જેવી સોબત તેવી અસર એવી કહેવત લોકોમાં પણ ચાલે છે. માટે પોતાનો ઉદય (આબાદી) ઇચ્છનારે પણ ખરાબ સોબતનો ત્યાગ કરી સારી સોબત કરવી. ૧૨

ગિરિશુક અને પુષ્પશુકની લૌકિક કથા આ પ્રમાણે જાણવી:—

એક પોપટીએ વૃક્ષના કોતરમાં બે ઇંડાં મૂકયાં. તેમાંથી બે પોપટનાં બચ્ચાં જન્મ્યાં. તેમાંનો એક પોપટ ત્યાં આવેલા ભીલોએ લીધો તે ગિરિશુક નામે પ્રસિદ્ધ થયો અને

બીજો પોપટ તાપસોએ લીધો તે પુષ્પશુક કહેવાયો. તેમાંનો ગિરિશુક ભીલોની ખરાબ સોબતને લીધે ગુણ વિનાનો અથવા દુર્ગુણી થયો. અને બીજો પોપટ સાધુ પુરૂષોની સોબતથી સદ્ગુણી થયો.

એક વાર કોઈક રાજા વક્ર શિક્ષિત ઘોડા વડે તે અરણ્યમાં લવાયો. અરણ્યમાં ભમતા તે રાજાને જોઈને ગિરિશુક ભીલોને કહેવા લાગ્યો કે ચિન્તામણિ સમાન આ રાજાને તમો પકડો. આવું સાંભળીને ભય પામેલો તે રાજા ત્યાંથી નાઠો ને તાપસોના આશ્રયે ગયો. તેને આવતો જોઈને પુષ્પશુક મૃદુ સ્વરે બોલવા લાગ્યો કે હે તાપસો ! તમે જુઓ, તમારા ભાગ્યયોગથી ખેંચાઈને આ રાજા અહીં આવ્યા છે. માટે તેમનો યોગ્ય આદર સત્કાર કરો, તે સાંભળીને સ્વસ્થ થએલો રાજા વિસ્મય પામીને બોલ્યો કે હે પોપટ ! તારામાં અને તે પોપટમાં આટલો બધો ભેદ કેમ છે ? ત્યારે તે પોપટે કહ્યું કે અમારાં બંનેના માતા પિતા એક જ છે, પરંતુ મને મુનિઓ લાવ્યા છે, ભીલો લાવ્યા નથી. તે ભીલોની ખરાબ વાણી સાંભળે છે અને હું મુનિઓની સારી વાણી સાંભળું છું, તેથી સોબત પ્રમાણે અસર થાય છે અને તે વાત તમે પ્રત્યક્ષ જોઈ છે. માટે દુષ્ટની સોબતનો ત્યાગ કરીને સત્સંગતિ કરવી જોઈએ.

॥ ઇતિ ગિરિશુક પુષ્પશુક કથા ॥

અવતરણ:—એ પ્રમાણે સાધુ સંગ અથવા સત્પુરૂષની સોબતનું પાંચમું દ્વાર કહીને હવે સુબોધની પાપી પુરૂષની ઉપર પણ કેવી અસર થાય છે તે જણાવવાને બોધ નામનું છઠું દ્વાર કહે છે:—

७ ४ ५ ६ ३
प्राप्याल्पमप्यमलबोधवचश्चिलाती—
१ २ ९ ८
पुत्रो यथाघमलिनोऽपि बिभर्ति शुद्धिम् ।
१२
किं कोटिवेधिरसचन्दनरत्नबिन्दु—
१३ १४ १० १५ ११
स्पर्शेऽपि हेमशिशिरं च न तप्तलोहम् ॥ १२ ॥

**જિમ ચિલાતી પુત્ર તિમ કૃત પાપ રૂપ મેલે કરી,**
**મલિન જીવ પણ અલ્પ પણ બોધક વચન શ્રવણે કરી;**
**સંશુદ્ધ બનતું કોટીવેધક રસ તણા સંબંધથી,**
**લોઢું તપેલું સ્વર્ણ કેમ બને ન? હોવે નિયમથી. ૧**

**શ્લોકાર્થ:**—પાપથી મલીન છતાં પણ ચિલાતીપુત્રે અલ્પ પણ નિર્મલ બોધ વચન પામીને (સાંભળીને) નિર્મલપણું ધારણ કર્યું. તપાવેલું લોઢું કોટીવેધી રસવાળા ગોશીર્ષ ચન્દનના બિન્દુના સ્પર્શથી પણ શીતલ સુવર્ણ શું થતું નથી? અથવા થાય જ છે. ૧૨

**સ્પષ્ટાર્થ:**—થોડું પણ બોધનું (હિતકારી) વચન ઘણા પાપ કરનારા મનુષ્યને પણ નિર્મલ બનાવનાર (સુધારનારૂં) થાય છે. તે વાત જણાવતાં કવિશ્રી કહે છે કે સ્ત્રી-

હત્યાનું ભયંકર પાપ કરનાર ચિલાતી પુત્ર પૂજ્ય શ્રીમુનિરાજે કહેલા '**उपशम विवेक संवर**' એ ત્રણ પદવાળું બોધનું વચન પામીને પણ નિર્મલ બોધને પામ્યો. કહેવાનો સાર એ છે કે થોડું પણ બોધનું વચન એવું શક્તિવાળું છે કે તેના પ્રભાવથી ઘોર પાપ કરનારા ચિલાતીપુત્ર જેવા પાપી મનુષ્યો પણ આત્મ સ્વરૂપ સમજીને પાપથી પાછા ફરે છે અને પોતાનું હિત સાધે છે. આ બાબતમાં દૃષ્ટાંત જણાવે છેઃ—કોટી વેધી રસવાળા ચન્દન રત્ન એટલે ગોશીર્ષચન્દનના રસમાં એવી શક્તિ રહેલી છે કે તેના સ્પર્શથી ક્રોડ સંખ્યા પ્રમાણ લોઢું પણ સોનું બની જાય છે માટે તેના રસને કોટિવેધી રસ કહેવામાં આવે છે. આ કોટિવેધી રસ મિશ્રિત (અથવા) તે રસ રૂપ ગોશીર્ષચન્દનના બિન્દુના સ્પર્શથી લોઢું શું સુવર્ણ બની જતું નથી? અથવા લોઢું પણ સુવર્ણ બની જાય છે તેવી રીતે સુબોધ વચનો રૂપ ગોશીર્ષચન્દનના રસથી લોઢાના રસ સમાન પાપી પુરૂષો પણ તદ્દન વિલક્ષણ એટલે પાપ કાર્યોના ત્યાગ કરનારા બની જાય છે. ૧૩.

આ બાબતમાં ચિલાતીપુત્રનું દૃષ્ટાંત નીચે પ્રમાણેઃ—

મગધ દેશમાં રાજગૃહી નામની નગરીમાં ધન નામે એક શ્રેષ્ઠી રહેતો હતો. તેને પાંચ પુત્રો હતા. ત્યાર પછી પુત્રીની ઈચ્છાવાળી તેની સ્ત્રીને સુસમા નામની પુત્રોથી પણ ઘણી વહાલી પુત્રી થઇ. તે શેઠને ચિલાતી નામની એક દાસી હતી તેને એક પુત્ર થયો. તે ચિલાતીપુત્ર નામે પ્રસિદ્ધ થયો. તે ચિલાતીપુત્ર શેઠની પુત્રી સુસમાને રમાડતાં તેની સાથે ખરાબ ચેષ્ટા કરતો એક વાર શેઠે જોયો. તેથી

કોપાયમાન થએલા શેઠે તેને પોતાના ઘરમાંથી કાઢી મૂકયો. આમ તેમ રખડતો તે કોઇક પલ્લીમાં ગયો. ત્યાં ચોરી વગેરે કાર્યોમાં તે કુશળ થયો. અનુક્રમે તે પલ્લીના લોકોએ તેને પલ્લીપતિ બનાવ્યો. તેણે ચોરોને કહ્યું કે આપણે ધન નામના શેઠને ત્યાં ચોરી કરવા જઈએ. ત્યાંથી જે ધન મળે તે તમારૂં અને તેની પુત્રી સુસમા મારી, એ પ્રમાણે શરત કરીને તેઓ ધનશેઠને ત્યાં ચોરી કરવા ગયા. તેના ઘરમાં પેસીને ઘણું ધન લીધું અને ચિલાતી પુત્રે સુસમાને ઉપાડી. તેવામાં ઉંઘમાંથી ધન શેઠ જાગી ઉઠયા. તેથી ચોરો અને ચિલાતીપુત્ર સુસમાને લઇને જલ્દી નાઠા. શેઠ પણ તેમના પાંચ પુત્રો સાથે તેમની પાછળ પડયા. ચોરો તો નાસી ગયા. પરંતુ ચિલાતીપુત્રે સુસમાને ઉચકેલી હોવાથી તે જલ્દી નાશી શકતો નથી. તેથી તેને લઈને નાસતાં પકડાઈ જવાશે તો સુસમા પાછી લઇ લેશે એવું વિચારીને જો સુસમા મારી ન થાય તો તે બીજાની પણ ન થવી જોઇએ એવા વિચારથી તેણે સુસમાનું માથું હાથમાં રહેલી તરવાર વડે કાપી નાખ્યું. ધડને ત્યાં મૂકીને લોહીથી નીતરતું માથું લઇને તે પણ જંગલ તરફ નાશી ગયો.

ધન શેઠ પણ થોડી વારે તે સ્થળે આવી પહોંચ્યા અને મરેલી સુસમાનું ધડ જોઈને ઘણો વિલાપ કરવા લાગ્યા. પાછળથી તેમના પાંચ પુત્રો પણ ત્યાં આવ્યા. અને શેઠને ઘણું સમજાવીને પાછા લઇ ગયા. સુસમાના અપમૃત્યુને લીધે શેઠને ઘણું દુઃખ થયું.

આ તરફ સુસમાના લોહી નીતરતા માથાને એક

હાથમાં પકડીને અને બીજા હાથમાં તરવાર પકડીને જંગલમાં જતા ચિલાતીપુત્રે માર્ગમાં કાઉસગ્ગ ધ્યાનમાં રહેલા એક મુનિરાજને જોયા. તેમને જોઇને ચિલાતીપુત્રે પૂછયું કે અલ્પ અક્ષરોમાં મને ધર્મ કહો નહીં તો આ તરવાથી તમારૂં મસ્તક પણ છેદી નાખીશ. "ઉપશમ–વિવેક–સંવર" એ પ્રમાણે કહીને તે મુનિ આકાશમાં ઉડી ગયા. ત્યાર પછી તેજ સ્થળે ઉભા રહીને તે તેનો અર્થ વિચારવા લાગ્યો. તેમાં પ્રથમ ઉપશમ પદનો વિચાર કરતાં તેણે વિચાર્યું કે ક્રોધ રૂપી અગ્નિની જ્વાલાથી ભયંકર અરણ્યમાં કલ્પવૃક્ષની જેમ મારામાં ઉપશમ (શાંતિ) ક્યાં છે ? બળ વિનાની નિર્દોષ આ બાલાના મસ્તકને હાથમાં ધારણ કરતા ચંડાળ સરખા મારામાં વિવેકનો સ્પર્શ કેવો ? વળી મન વચન કાયાને કબજે રાખવા રૂપ ઉત્તમ સંવર પણ મારામાં ક્યાં છે ? આ પ્રમાણે વિચાર કરતાં બોધ પામેલા તેણે તરવાર સહિત તે બાલાનું મસ્તક હાથમાંથી મૂકી દીધું. અને ઉપશમ વિવેક અને સંવરને પામીને શુદ્ધ ધ્યાનમાં લીન થઇને પોતાના દુષ્કૃત્યની નિંદા કરતા તે મહામુનિ ત્યાંજ કાઉસગ્ગ ધ્યાને રહ્યા. તે વખતે લોહીની ગંધને લીધે વજ્ર સરખા મુખવાળી કીડીઓ ત્યાં આવી અને શરીરમાં પેસીને તે કીડીઓએ ચિલાતી પુત્રના શરીરને ચાલણી જેવું છિદ્રોવાળું કરી દીધું. તો પણ તે ધ્યાનથી ચલાયમાન થયા નહિ. અઢી દીવસ સુધી તે ભયંકર ઉપદ્રવને અદીન મનથી સહન કરીને પોતે કરેલા પાપની સિદ્ધની સાક્ષીએ આલોચના કરી પ્રતિક્રમીને શુભ ધ્યાનમાં મરણ પામી સહસ્રાર દેવલોકમાં દેવપણે ઉપજ્યા. જેવી રીતે મુનિના બોધના વચનથી ચિલાતી

પુત્ર જેવા પાપીનો પણ ઉદ્ધાર થયો તો અન્ય જનોને બોધના વચનથી લાભ થાય તેમાં નવાઈ શી?

॥ ઈતિ ચિલાતી પુત્ર કથા ॥

અવતરણઃ—અરૂચિથી સાંભળેલું બોધ વચન પણ પ્રાણીને હિત કરનારૂં થાય છે, તે બીના જણાવે છેઃ—

२ ३ ४ ५
**द्वेषेऽपि बोधकवचःश्रवणं विधाय,**
९ ६ ७ १
**स्याद्रौहिणेय इव जन्तुरुदारलाभः ।**
१० ११ १२ १३ १४ १६ १५
**क्वाथोऽप्रियोऽपि सरुजां सुखदो रविर्वा,**
१७ १८ १९ २०
**सन्तापकोऽपि जगदंगभृतां हिताय ॥ १४ ॥**

**રૂચિ વિના પણ સાંભળીને બોધદાયક વચનને,**
**રોહિણીયા ચોરની જિમ જીવ ઉત્તમ લાભને;**
**પામે ઉકાળો ના ગમે પણ રોગીને સુખ આપતો,**
**અથવા દીયે સંતાપ જનને તોય રવિ હિતકર થતો. ૧**

શ્લોકાર્થઃ—અરૂચિ છતાં પણ બોધકારી વચન સાંભળવાથી રોહિણેય નામના ચોરની પેઠે પ્રાણીને મોટો લાભ થાય છે. જેમ અપ્રિય છતાં પણ ઉકાળો રોગવાળાને સુખકારી થાય છે. અથવા તાપ આપનાર છતાં પણ સૂર્ય જગતના પ્રાણીઓને હિતકારી થાય છે. ૧૪

સ્પષ્ટાર્થઃ—બોધકારી વચન સાંભળવાની ઇચ્છા ન હોય છતાં દ્વેષ ભાવથી સાંભળેલું હિતકારી વચન પણ જીવને

બોધ કરનારૂં થાય છે, જેમ રોહિણેય નામના ચોરને શ્રીવીર પ્રભુનાં વચન સાંભળવા ઉપર દ્વેષ હતો છતાં પણ પગમાં કાંટો વાગવાથી તે (કાંટો) કાઢવા માટે બંધ કરેલા કાન-માંથી આંગળી કાઢી લેવી પડી અને તેથી તેના કાનમાં મહાવીર પ્રભુના "દેવો જમીનથી ચાર આંગળ અદ્ધર ચાલે છે તથા તેમની આંખો બંધ થતી નથી" એટલાં વચનો કાનમાં પેસી ગયાં તે પણ તેને ઘણા લાભદાયી થયાં. કારણ કે તે સાંભળેલા વચનને લીધે અભયકુમારની જાળમાં તે ફસાયો નહિ. અને સજામાંથી બચી ગયો. એટલું જ નહિ પરંતુ એક જ વચન સાંભળવાથી આટલો ફાયદો થયો તો જેઓ ધર્મનો ઉપદેશ નિરંતર સાંભળે છે તેમને કેટલો લાભ થાય ? એવું વિચારીને તેણે ચોરીનો ધંધો બંધ કરીને દીક્ષા લીધી. આ બાબતમાં દૃષ્ટાન્ત જણાવે છે કે રોગવાળાને ગમતો ન હોય તેને આપવામાં આવતો કડવો ઉકાળો તેના રોગનો નાશ કરીને તેને સાજો બનાવે છે. ને તેથી તે સુખી થાય છે. તેવી જ રીતે સૂર્ય જો કે તેના તાપને લીધે આકરો લાગે છે તે છતાં પણ તે જગતના જીવોને હિત માટે થાય છે. કારણ કે તેનો પ્રકાશ જીવોને મળતો ન હોય તો જીવોની તંદુરસ્તી સચવાતી નથી કારણ કે દરેકને જીવવાને માટે સૂર્યના પ્રકાશની જરૂર છે. વળી તે અંધકારનો પણ નાશ કરે છે જેથી કરીને દરેક વસ્તુ સ્પષ્ટપણે જોઈ શકાય છે. સાર એ છે કે ગમતાં ન હોય તે છતાં પણ પરિણામે લાભદાયી એવાં બોધ વચનો જરૂર લાભ આપનાર થાય છે. ૧૪

આ વિષયમાં રૌહિણેય ચોરનું દૃષ્ટાન્ત નીચે પ્રમાણે જાણવું:—

રાજગૃહ નામના નગરની પાસે વૈભારગિરિ નામનો પર્વત છે. તેની ગુફામાં લોહખુર એ નામથી પ્રસિદ્ધ એક ચોર રહેતો હતો. તે રાત્રીએ રાજગૃહ નગરમાં ચોરી કરી આજીવિકા ચલાવતો હતો. તેને રોહિણી નામની પત્નીથી રૌહિણેય નામનો પુત્ર થયો હતો. જ્યારે લોહખુર ચોર મરણ પથારીએ પડયો ત્યારે તેણે પુત્રને બોલાવીને કહ્યું કે તું મારૂં કહ્યું અવશ્ય માનીશ? પુત્રે પણ કહ્યું કે તાતનું કહ્યું હું જરૂર કરીશ. પિતાની આજ્ઞા કોણ ન પાળે. માટે જે આજ્ઞા હોય તે જણાવો. ત્યારે લોહખુરે હર્ષિત થઈને કહ્યું કે દેવો જેમનું સમવસરણ રચે છે અને જે તેમાં બેસીને દેશના આપે છે તે વીરનું વચન તારે સાંભળવું નહિ. આ પ્રમાણે કહીને મરણ પામીને તે દુર્ગતિમાં ગયો.

રૌહિણેય પણ પિતાની જેમ રાજગૃહી નગરીમાં ચોરી કરવા લાગ્યો. એક વાર વીર પ્રભુ પણ વિહાર કરતા કરતા તે નગરીમાં સમોસર્યા–સમવસરણમાં બેસીને પ્રભુ ઉપદેશ આપવા લાગ્યા. તે વખતે રૌહિણેય ચોર પણ કંઈ જરૂરી કામના પ્રસંગે તે રસ્તે નીકળ્યો. પ્રભુને દેશના આપતાં સાંભળીને પિતાનું વચન સાંભર્યું. તે રસ્તા સિવાય બીજો માર્ગ નહિ હોવાથી અને જરૂરનું કામ હોવાથી વીર પ્રભુનું વચન સંભળાય નહિ તે માટે તેણે બંને કાનમાં આંગળીઓ ઘાલીને આગળ ચાલવા માંડયું. પરંતુ નસીબ બે ડગલા આગળ હતું. તેથી થોડાક આગળ ગયો અને પગમાં જોરથી કાંટો વાગ્યો. કાંટો

કાઢયા સિવાય આગળ જઈ શકાય તેમ નહોતું તેથી કાંટો કાઢવા માટે વાંકો વળીને કાનમાંથી આંગળી ઘાલેલ એક હાથ લઈને પગમાંથી કાંટો કાઢવા મંડયો. તેજ વખતે દેશના આપતા શ્રીવીર પ્રભુના વચનો તેણે સાંભળ્યા. તે વખતે વીર પ્રભુ દેવના સ્વરૂપનું વર્ણન કરતા હતા તેમાંથી “ દેવો જમીનથી ચાર આંગળ અદ્ધર ચાલે છે, તેમનાં ચક્ષુઓ બંધ થતા નથી, તેમની ફૂલની માળા કરમાતી નથી તથા પરસેવાના મેલથી રહિત હોય છે” આ વચનો તેના કાનમાં પેસી ગયા. તેણે જલદી કાંટો કાઢી નાખ્યો અને કાનમાં આંગળાં ઘાલી આગળ ચાલવા માંડયું.

આ ચોર નગરમાં હંમેશાં ચોરી કરે છે અને પકડાતો નથી તેથી લોકો ઘણા ભયભીત રહેવા લાગ્યા. શેઠીઆઓ ભેગા થઇને શ્રેણિક રાજા પાસે ફરીયાદ કરવા ગયા. તમારા સરખા રાજા રાજ્ય કરતાં હોય છતાં નગરમાં રોજ ચોરી થાય અને ચોર પકડાય નહિ તો સ્વામી છતાં અમે તો સ્વામી રહિત જેવા થયા. માટે આનો ઉપાય તરત કરવો જોઈએ. શ્રેણિક રાજાએ પણ કોટવાલોને બોલાવીને ગુસ્સે થઇને કહ્યું કે તમેજ ચોરને સહાય આપતા હોવા જોઇએ નહિ તો ચોર કેમ પકડાય નહિ. ત્યારે કોટવાલોએ કહ્યું કે રૌહિણેય નામનો ચોર ચોરી કરે છે પરંતુ તે દેખાતો નથી તેમ પકડાતો નથી. અમે તે ચોરને મારવાને અગર પકડવાને શક્તિમાન નથી માટે અમારૂં કોટવાલપણું પાછું લઈ લો. ત્યાર પછી રાજાની સૂચનાથી અભયકુમારે તેઓને કહ્યું કે નગરની બહાર લશ્કરને ગુપ્ત રીતે તૈયાર રાખો. રાતમાં જે કોઇ નગરમાં પ્રવેશ કરતું જણાય તેને

તરત પકડજો. નગરીને ઘેરી છે એવું નહિ જાણતા તે ચોરને શંકા ભરેલી રીતે નગરમાં પ્રવેશ કરતો જાણીને અને આકાર વગેરેથી ચોર જેવો જણાવાથી સૈનિકોએ તેને પકડયો અને બાંધીને શ્રેણિક રાજાને સોંપ્યો.

હવે શ્રેણિક રાજાએ અભયકુમારને પૂછયું કે આ ચોરને શી સજા કરવી? ત્યારે અભયકુમારે કહ્યું કે ચોરીના મુદ્દામાલ સિવાય પકડાએલા આને સજા કરવી યોગ્ય નથી. ત્યારે રાજાએ ચોરને પૂછયું કે તું કોણ છે? તારૂં નામ શું છે? કયાંનો રહેવાસી છે? તું કઈ રીતે આજીવિકા ચલાવે છે? અને શા માટે અહીં આવ્યો છે. ત્યારે તેણે પણ રાજાને કહ્યું કે હું દુર્ગચંડ નામે ખેડૂત છું. શાલિગ્રામમાં રહું છું અને કાર્ય પ્રસંગે નગરમાં આવતો હતો ત્યારે મોડું થઈ જવાથી મને રોકીને બાંધીને અહીં લાવવામાં આવ્યો છે, માટે આ વિષે તમેજ વિચાર કરો. રાજાએ તેને કેદમાં રાખીને તેણે જે ગામ નામ વગેરે કહ્યું હતું, ત્યાં તપાસ કરાવી તો ત્યાંના લોકોએ પણ કહ્યું કે અહીં દુર્ગચંડ રહે છે અને કાલે તે કામ પ્રસંગે બહાર ગામ ગયોછે. ચોર પણ વિશાલ બુદ્ધિવાળા અને દીર્ઘદર્શી હોય છે અને આ રૌહિણેયે પણ આ પ્રમાણે પ્રથમથી જ સંકેત કરી રાખ્યો હતો. તેથી ત્યાંના લોકોએ પણ તે પ્રમાણે કહ્યું. અભયકુમારે પણ વિચાર્યું કે આનું કપટ સારી બુદ્ધિવાળાથી પણ પકડાય તેવું નથી.

હવે તે ચોરની સાબીતી માટે અભયકુમારે બીજી યુક્તિ રચી. તેણે દેવ વિમાન સરખા એક સાત ભૂમિવાળા મહેલને

શણગાર્યો. અને જાણે તેને વિષે ગંધર્વાદિકનો નાટારંગ થતો હોય તેવો આભાસ (દેખાવ) લાવવા માટે સંગીત વિશારદો પાસે સંગીત શરૂ કરાવ્યું. વળી અપ્સરા સરખી સુંદર સ્ત્રીઓ તેમાં રાખી. અને જાણે સાક્ષાત દેવવિમાન હોય તેવો ઠાઠમાઠ તેને વિષે કરાવ્યો. પછી અભયકુમારે તેને દારૂ પીવરાવીને ઉન્મત્ત (ગાંડો) બનાવ્યો. પછી તેને સુંદર શય્યાવાળા પલંગમાં સુવાડયો અને દીવ્ય વસ્ત્રો પહેરાવ્યાં. હવે જ્યારે દારૂની અસરમાંથી તે મુક્ત થઈને ઉઠયો ત્યારે તેણે પોતાના શરીર ઉપર દીવ્ય વસ્ત્રો તથા અલંકારો જોયા. વળી સુંદર જણાતી સ્ત્રીઓ તથા પુરૂષો જય નન્દ વગેરે સુંદર વચનથી બોલાવતા હતા. આ શું છે એવું જ્યારે તેણે પૂછયું ત્યારે તેઓ કહેવા લાગ્યા કે આ દેવવિમાન છે. તેમાં તમે હમણાં જ દેવરૂપે ઉત્પન્ન થયા છો. આ ઋદ્ધિ પરીવાર તમારો છે અને અમે તમારા સેવક દેવો છીએ. માટે જો તમે આજ્ઞા કરો તો દીવ્ય નાટયવિધિ વગેરે તમને દેખાડીએ. વળી તમે મરજી મુજબ ભોગો ભોગવો, પરંતુ તમો અહીં શાથી ઉત્પન્ન થયા તે માટે તમે કેવાં કેવાં પુણ્ય અને પાપનાં કામો પૂર્વ ભવમાં કર્યાં હતાં તેની તમારે નોંધ કરાવવી પડશે.

હવે રૌહિણેય ચોર વિચાર કરવા લાગ્યો કે આ તે ખરેખર દેવવિમાન છે કે અભયકુમારની કોઇ યુક્તિ છે. આ વિચાર કરતાં વીરપ્રભુનું વચન તેને યાદ આવ્યું. એટલે તે વચન પ્રમાણે તે સ્ત્રીઓ અને પુરૂષોનું નિરીક્ષણ કર્યું (તપાસ–ખાત્રી) તો તેઓમાં દેવનું કોઇ લક્ષણ જણાયું નહિ. કારણ કે આ બધા જમીનથી અદ્ધર ચાલતા નહોતા

પણ જમીન ઉપર ચાલતા હતા. વળી તેમની આંખો નિમેષવાળી ( મીંચાતી ) હતી. તેથી તે બુદ્ધિશાળી ચોરે વિચાર કર્યો કે આ અભયકુમારની યુક્તિ છે. તેથી જ્યારે પુણ્ય કાર્યો વિષે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું કે મેં ઘણાં ઘણાં દાન આપ્યાં છે. જિનપૂજા કરી છે. સદ્ગુરૂની સેવા કરી છે વગેરે. પછી કયા કયા પાપનાં કામો કર્યાં છે એવું પૂછયું ત્યારે તેણે કહ્યું કે મેં કોઈ પાપનાં કામ કર્યાં જ નથી. ચોરી કરી છે કે નહિ તેમ પૂછયું ત્યારે કહ્યું કે મેં કોઇ દિવસ ચોરી કરી નથી.

આ વાત રાજાના માણસોએ અભયકુમારને જણાવી. ત્યારે અભયકુમારે રાજાને જણાવ્યું કે આ ચોર હોય તો પણ તેને સજા કરી શકાશે નહિ. કારણ કે પુરાવા વિના તેને કેવી રીતે સજા કરાય? તેથી શ્રેણિક રાજાએ તેને છોડી મૂકયો. રસ્તામાં જતાં તે ચોર વિચાર કરે છે કે વીર પ્રભુનું મેં એકજ વચન સાંભળ્યું હતું. તે એકજ વચનને લઈને આજે મારો બચાવ થયો છે, નહિ તો મને શૂળીએ ચડાવી દીધો હોત. મારા મૂર્ખ પિતાએ આવા શ્રીવીર પ્રભુનો ઉપદેશ સાંભળવાનો પણ નિષેધ કર્યો. આ અરૂચિથી સાંભળેલું વીર પ્રભુનું વચન પણ મને ઉપકારક થયું તો હવે મારે તે વીર પ્રભુનું જ શરણ લેવું કલ્યાણકારી છે એમ વિચારી તે વીરપ્રભુના સમવસરણમાં ગયો. ત્યાં જઈને તેણે વીર પ્રભુને કહ્યું કે હે પ્રભુ! મને દીક્ષા લેવાનો દૃઢ મનોરથ થયો છે. પરંતુ મારે શ્રેણિક રાજા પાસે થોડુંક કામ છે માટે તેમની પાસે જઈને આવું છું. એ પ્રમાણે કહીને શ્રેણિક રાજા પાસે જઈને

રૌહિણેય ચોરે કહ્યું કે હું તેજ તમારા નગરને ચોરનાર રૌહિણેય ચોર છું અને શ્રીવીર પ્રભુના વચનોને સાંભળવાથી અભયકુમારની બુદ્ધિને જીતવા સમર્થ થયો છું. માટે હું તેમની પાસે દીક્ષા લઉં છું, પરંતુ તે પહેલાં જે જે લોકોનું ધન મેં ચોર્યું છે તે તેમને પાછું આપવા માગું છું. આથી શ્રેણિક રાજા જેમનું ધન ચોરાયું હતું તે નગરલોકોની સાથે ચોરના ઘેર ગયા. અને બધાએ પોતાનું ધન પાછું મેળવ્યું. તેણે પોતાના કુટુંબને પણ પ્રતિબોધ પમાડીને વીર પ્રભુ પાસે કુટુંબ સાથે દીક્ષા લીધી. તે વખતે શ્રેણિક રાજાએ તેનો દીક્ષા મહોત્સવ કર્યો. દીક્ષા લઈને તીવ્ર તપ કરીને ઘણાં કર્મની નિર્જરા કરી. છેવટે સંલેખના પૂર્વક અનશન કરી મરીને દેવપણે ઉત્પન્ન થયો. આ કથાનો સાર એ છે કે ચોર છતાં પણ બુદ્ધિશાળી હોવાથી તેણે અભયકુમાર જેવા મહા બુદ્ધિશાળીને પણ છેતર્યો, તે તેણે સાંભળેલા વીરપ્રભુના વચનનો પ્રભાવ હતો તે વાત તે ચોરના લક્ષ્યમાં બરાબર આવી ગઈ અને અરૂચિથી સાંભળેલું તે બોધ વચન પણ તેને ઘણું લાભદાયી થયું એમ જાણીને ભવ્ય જીવોએ ધર્મોપદેશ સાંભળવાનો નિરન્તર ઉદ્યમ રાખવો.

॥ ઈતિ રૌહિણેય ચોરની કથા ॥

અવતરણઃ—એ પ્રમાણે બોધદ્વાર કહીને કવિશ્રી સાતમા સમ્યકત્વ દ્વારનું સ્વરૂપ એ શ્લોક વડે સમજાવે છેઃ—

३ ४ ५ ६ २ १
**कोऽप्यन्य एव महिमा ननु शुद्धदृष्टे—**
७ ८ १० ९ १२ ११ १३
**र्यच्छ्रेणिको ह्यविरतोऽपि जिनोऽत्र भावी ॥**

१५ १६ १४ १८ १७
पुण्यार्गलः किमितरोऽपि न सार्वभौमो,
२० २१ २२ २३ १९
रूपच्युतोऽप्यधिगुणस्त्रिजगन्नतश्च ॥ १५ ॥

સમ્યક્ત્વનો મહિમા અપૂરવ નિશ્ચયે અવિરતિ છતાં,
ભૂપ શ્રેણિક જિન થશે જિન નામ અહિંયાં બાંધતાં;
પુણ્ય બળિયા રંક પણ શું ચક્રવર્તી ના બને,
કુરૂપ પણ બહુ ગુણ પ્રતાપે વંદનિક શું ના બને. ૧

શ્લોકાર્થ:—સમ્યક્ત્વનો નિશ્ચયે કોઈ અપૂર્વ પ્રભાવ હોય છે. કારણ કે તેનાજ પ્રતાપે શ્રેણિક રાજા અવિરતિ છતાં પણ આ ભરત ક્ષેત્રમાં તીર્થંકર થનાર છે. મહા પુણ્યશાળી સામાન્ય મનુષ્ય પણ શું સાર્વભૌમ (સર્વ પૃથ્વીને ભોગવનાર) થતો નથી ? અર્થાત્ થાય છે. તેમજ રૂપ રહિત છતાં પણ ગુણવાન પુરૂષ ત્રણ જગતને નમવા લાયક શું થતો નથી ? અથવા નમવા લાયક થાય જ છે. ૧૫

સ્પષ્ટાર્થ:—શુદ્ધ દૃષ્ટિ એટલે નિર્મલ સમકિત ધારી જેને શ્રીજિનેશ્વરે કહેલા જીવાદિ નવ તત્ત્વોનું યથાર્થ જ્ઞાન છે, અને તે જિનેશ્વરના વચનો ઉપર દૃઢ શ્રદ્ધા છે. તેમજ જેણે સુદેવ, સુગુરૂ અને સુધર્મને સાચી રીતે જાણ્યા છે અને તેથી મિથ્યાત્વનો ત્યાગ કરેલ છે એવા સમકિતદૃષ્ટી જીવનો પણ કોઈ જુદોજ અથવા અપૂર્વ પ્રભાવ છે. કારણકે મગધદેશના શ્રેણિક નામના રાજા જે અવિરતિ હતા એટલે જેમણે કોઈ પણ પ્રકારનું પચ્ચખ્ખાણ કર્યું નહોતું તે છતાં પણ

આવતી ચોવીસીમાં પદ્મનાભ નામે પ્રથમ તીર્થંકર થવાના છે. તે તેમના શુદ્ધ સમકિતનોજ પ્રભાવ જાણવો. ભાવાર્થ એ છે કે તીર્થંકર નામકર્મનો બંધ થવામાં વીસ સ્થાનકની આરાધના કરવા રૂપ તપ વિશેષ પણ હેતુ કહેલો છે આવી આરાધના રૂપ કોઈ પણ તપ ન કરવા છતાં, તેમજ બીજું પણ કોઈ જાતનું તપ વિશેષ ન કરી શકનાર છતાં પણ શ્રેણિક રાજાએ તીર્થંકર નામ કર્મનો નિકાચિત બંધ કર્યો તેમાં ખરૂં કારણ તેમનું શુદ્ધ ક્ષાયિક સમકિત જાણવું. માટે જ આથી સમકિતનો અપૂર્વ પ્રભાવ જણાવ્યો. આ બાબત દૃષ્ટાંત આપીને સમજાવે છે. જેમ કોઈક સામાન્ય માણસ પણ મહા પુણ્યશાળી હોય તો શું તે સાર્વભૌમ પદને પામતો નથી એટલે સર્વ પૃથ્વી ઉપર રાજ્ય કરનાર રાજા વગેરે થતો નથી? અથવા થાય છે. કારણ કે પુણ્યનો પ્રભાવ એવો જ છે કે જેથી કરીને રંક પણ એકદમ રાજા બની જાય છે. બીજું દૃષ્ટાંત આપતાં કવિશ્રી કહે છે કે રૂપ રહિત છતાં પણ ગુણવાન પુરૂષ ત્રણ જગતને નમવા લાયક થતો નથી? અથવા રૂપ વિનાનો છતાં પણ જે મનુષ્ય ગુણે કરીને અધિક છે તેને જેમ ત્રણ જગતના જીવો નમે છે તેમાં તેના ગુણોનો જ પ્રભાવ છે, તેવી રીતે જિનનામ કર્મ વગેરેનો બંધ કરવામાં તથા નિર્મલ ચારિત્ર વગેરેની આરાધના કરવામાં સમકિતનોજ પ્રભાવ રહેલો છે. ૧૫

અહીં શ્રેણિક રાજાની ટૂંક બીના આ પ્રમાણે જાણવી—

મગધ દેશમાં રાજગૃહી નગરીમાં શ્રેણિક નામે રાજા

અહીં શ્રેણિક રાજાની ટૂંક બીના આ પ્રમાણે જાણવી.

મગધ દેશમાં રાજગૃહી નગરીમાં શ્રેણિક નામે રાજા હતા. એક વાર ચરમ તીર્થંકર શ્રીવીર પ્રભુ વિહાર કરતા રાજગૃહીમાં સમોસર્યા. તેમને વાંદવાને શ્રેણિક રાજા પરીવાર સાથે ગયા. વીર પ્રભુએ દેશનામાં સમકિતનું સ્વરૂપ વર્ણવતાં કહ્યું કે સઘળાં ધર્મકાર્યોમાં સમકિતની મુખ્યતા છે એટલે કે દેવપૂજા દયા દાનાદિક ધર્મકાર્યો સમકિત વિના કરવામાં આવે તો તે ફોગટ જાય છે. માટે સમકિત પામીને તેનું યથાર્થ પાલન કરવું. ચારિત્ર વિનાના જીવો સિદ્ધિ પામે છે પરંતુ સમકિત વિનાના જીવો સિદ્ધિ પામતા નથી. આવું વીર પ્રભુનું વચન સાંભળી શ્રેણિક રાજાએ સમકિત રત્નને શ્રદ્ધાપૂર્વક ગ્રહણ કર્યું. શ્રેણિક રાજાએ કહ્યું કે હે પ્રભુ! મારાથી કોઈ પણ જાતનું વ્રત બની શકતું નથી. સ્વયંભૂ-રમણ સમુદ્રના મત્સ્યનું માંસ ખાવા સુધીની મારી ઇચ્છા થાય છે. માટે વિરતિ મારાથી બની શકે તેમ નથી. વીર પ્રભુએ કહ્યું કે હે રાજા! જો તમે ગ્રહણ કરેલ સમકિતમાં પણ દૃઢ રહેશો તો તેથી પણ તમારૂં કલ્યાણ થશે. તેથી હર્ષ પામીને શ્રેણિક રાજા સ્વસ્થાને ગયા અને સમકિતનું પાલન કરવા લાગ્યા.

એક વખતે શક્રે સભામાં શ્રેણિક રાજાના દૃઢ સમકિતનાં વખાણ કર્યાં. તેની શ્રદ્ધા નહિ કરતો દર્દુરાંક નામે દેવ શ્રેણિક રાજાની પરીક્ષા કરવા માટે આવ્યો. પ્રભુના સમવ-સરણમાં રાજા ગયો છે તે વખતે રાજાના દેખતાં કોઢવાળા શરીરમાંથી ઝરતી રસીવાળો બનીને તે દેવ પ્રભુની આગળ બેઠો. પછી પોતાની રસીથી તે પ્રભુની પૂજા કરવા લાગ્યો. તેથી

કોપેલ શ્રેણિક રાજા ઉચ્ચ સ્વરે કહેવા લાગ્યા કે જિનેશ્વરની આશાતના કરતા આ કુષ્ઠીને બાંધીને વધ કરવો. એવામાં પ્રભુને છીંક આવી, ત્યારે તેણે કહ્યું કે–મરો, અભયકુમારને છીંક આવી ત્યારે કહ્યું કે–મરો કે જીવો, કાલસૌકરિકને છીંક આવી ત્યારે કહ્યું કે–ન મર ન જીવ, અને શ્રેણિકને છીંક આવી ત્યારે કહ્યું કે–' જીવો ' પ્રભુને મરવાનું કહ્યું તેથી શ્રેણિકે ઉભા થઈ સુભટોને તેને પકડવાનો આદેશ કર્યો. દેશનાને અન્તે સુભટો સાથે રાજા તેને પકડવાને ઉઠ્યો. પરંતુ તેમના દેખતાં જ તે દેવ ચાલ્યો ગયો. તેથી રાજા ઘણું આશ્ચર્ય પામ્યો.

વિસ્મય પામેલા રાજાએ પ્રભુને પૂછ્યું કે આ કુષ્ઠી કોણ છે? ત્યારે પ્રભુએ કહ્યું કે દર્દુરાંક નામનો દેવ તારા સમકિતની પરીક્ષા કરવા માટે કુષ્ઠીનું રૂપ કરી અહીં આવ્યો હતો. તેણે મારી ચન્દનથી પૂજા કરી હતી. પરંતુ તારી દૃષ્ટિને ( મોહ પમાડવાને ) તે રસી રૂપે જણાતું હતું. શ્રેણિક રાજાએ છીંકનું સ્વરૂપ પૂછ્યું ત્યારે પ્રભુએ કહ્યું કે મને છીંક આવી ત્યારે મરવાનું કહ્યું. તે વ્યાજબી છે. કારણ કે હું અહીંથી મોક્ષે જવાનો છું તેથી અહીં કરતાં ત્યાં મને અધિક સુખ મળવાનું છે. તને જીવવાનું ઠીક કહ્યું કારણ કે તું અહીંઆં સુખી છે પરંતુ મરીને નરકે જવાનો છે, માટે ત્યાં તારે દુ:ખી થવાનું છે. અભયકુમાર અહીં સુખી છે અને મરીને દેવલોકમાં જવાનો છે એટલે ત્યાં પણ સુખી થવાનો છે તેથી તેને જીવવાનું અને મરવાનું ઠીક કહ્યું. તથા કાલસૌકરિક અહીં પાપના કામો કરે છે અને

મરીને નરકે જવાનો છે તેથી તેનું જીવવું અને મરવું, બંને નકામાં છે માટે "ન જીવ ન મર" એમ કહ્યું.

પોતાને નરકે જવાનું એ વાત સાંભળી ખિન્ન થએલા રાજાએ પ્રભુને કહ્યું કે તમારા સરખા તારક દેવ છતાં મારે નરકે જવાનું છે? ત્યારે પ્રભુએ કહ્યું કે સમકિતવંત જીવ દેવલોકમાં જાય છે. પરંતુ તેં સમકિત પામ્યા પહેલાં નરકનું આયુષ્ય બાંધ્યું છે તેથી તેમાં કોઇ રીતે ફેરફાર થઈ શકે તેમ નથી. પરંતુ તું નરકમાંથી નીકળી આવતી ચોવીસીમાં શ્રીપદ્મનાભ નામે પ્રથમ તીર્થંકર થવાનો છે માટે ખેદ કર નહિ. ત્યારે શ્રેણિકે ફરીથી પૂછ્યું કે હે નાથ! એવો કોઈ ઉપાય છે કે જેથી મારે નરકે જવું પડે નહિ? ત્યારે પ્રભુએ આશ્વાસન દેવા કહ્યું કે જીવે જે શુભાશુભ આયુષ્ય બાંધ્યું હોય તે તેણે અવશ્ય ભોગવવું જ પડે છે, તે અન્યથા થતું નથી. તે છતાં જો તારી કપિલા નામની દાસી ભાવથી સાધુઓને ભિક્ષા આપે અથવા કાલસૌકરિકને હિંસા કરતો રોકવામાં આવે તો તારે નરકમાં જવું ન પડે. પછી પ્રભુને પ્રણામ કરીને તે પોતાના મહેલ તરફ ચાલ્યો.

રસ્તામાં દર્દુરાંક દેવે શ્રેણિક રાજાના સમકિતની પરીક્ષા કરવા માટે માછીની જેમ દુષ્કર્મ કરતા એક સાધુ દેખાડયા. ત્યારે શ્રેણિક રાજાએ શિખામણના વચનો કહી તે સાધુને અકાર્ય કરતા રોકયા. આગળ જતાં દેવે ગર્ભિણી સાધ્વી રાજાને દેખાડી. શાસનભક્ત રાજાએ તેને પોતાના ઘરમાં સંતાડી. પછી દેવે પણ પ્રગટ થઈ "તમારા સમકિતની પરીક્ષા કરવા માટે મેં આ પ્રમાણેનું વર્તન તમને દેખાડયું

હતું વગેરે કહ્યું અને તેની પ્રશંસા કરી એક ઉત્તમ મોતીનો હાર તથા બે ગોળીઓ આપી તે અદૃશ્ય થઈ ગયો.

શ્રેણિક રાજાએ દિવ્ય હાર ચેલ્લણા રાણીને આપ્યો અને બે ગોળીઓ નંદાને આપી. પરંતુ પોતાને હાર ન મળવાથી ગુસ્સે થઈને નંદાએ તે ગોળીઓ ફેંકી દીધી અને તે થાંભલા સાથે અથડાઇને ફૂટી ગઈ. તેમાંની એકમાંથી બે કીંમતી કુંડલો તથા બીજામાંથી બે તેજસ્વી સુંદર વસ્ત્ર નીકળ્યા. તે ચારે પદાર્થો નંદાએ આનંદથી ગ્રહણ કર્યાં.

શ્રેણિક રાજાએ કપિલા દાસીને બોલાવીને કહ્યું કે જો તું મુનિઓને ભાવથી દાન આપે તો હું તને ઘણું ધન આપું. પરંતુ દાસીએ કહ્યું કે તમે મને આખા શરીરે સુવર્ણથી શણગારશે તો પણ હું તે કામ કરી શકીશ નહિ. કાલસૌકરિકને બોલાવીને પણ કહ્યું કે જો તું એક દિવસ હિંસાનો ત્યાગ કરે તો તને તેના બદલામાં ઘણું ધન આપીશ. કાલસૌકરિકે કહ્યું કે તમે ગમે તેટલું ધન આપો તો પણ હું હિંસાનો ત્યાગ કરીશ નહિ. શ્રેણિક રાજાએ તેને કુવામાં નાંખ્યો. ત્યાં પણ તેણે માટીના ૫૦૦ પાડા બનાવીને માર્યા. તેથી ખેદ પામીને શ્રેણિક રાજાએ પોતાના પૂર્વ કર્મની નિંદા કરી. છેવટે મરણ પામીને તે (રાજા) નરકે ગયા.

॥ ઇતિ શ્રેણિક નૃપ કથા ॥

**અવતરણ:**—આ ગાથામાં સુલસા શ્રાવિકાના અપૂર્વ સમકિત દર્શનનું વર્ણન કરે છે:—

૩ ૫ ૪ ૧ ૨ ૬ ૭
तद्दर्शनं किमपि सा सुलसाप येन,
૧૨ ૮ ૧૧ ૧૦ ૯
प्रादाज्जिनोऽपि महिमानमसमानमस्यै ।
૧૩ ૧૪ ૨૧ ૧૫ ૧૮
नैर्मल्यतः शशिकला न च केतकीत्वं,
૨૦ ૧૯ ૧૭ ૨૨ ૧૬
मालातुलां च हरमूर्ध्नि बभार गंगा ॥ १६ ॥

**તે શ્રાવિકા સુલસા લહી તે ભવ્ય શ્રદ્ધા ધર્મને,**
**શ્રીવીર દેવ કહેવરાવે ધર્મલાભ તે કારણે;**
**શંકર શિરે નિર્મલપણાથી શશિકલા કેતકીપણું,**
**તેમ ગંગા શું ન ધારે? તે સ્થલે માલાપણું. ૧**

**શ્લોકાર્થ**:—તે સુલસા શ્રાવિકાએ તે કોઇક અપૂર્વ સમ્યકત્વ દર્શન પ્રાપ્ત કર્યું હતું જેને લીધે શ્રીવીર જિનેશ્વરે એને ઘણું માહાત્મ્ય આપ્યું એટલે બહુ પ્રશંસા કરી. દૃષ્ટાન્ત કહે છે કે નિર્મલપણાને લીધે ચંદ્રકળાએ શંકરના મસ્તકને વિષે કેતકીપણાને શું ધારણ નથી કર્યું? તેમજ ગંગાએ શું પુષ્પમાલાનું સમાનપણું ધારણ નથી કર્યું? ૧૬

**સ્પષ્ટાર્થ**:—સુલસા નામની શ્રાવિકા જેના શ્રીવીર પ્રભુએ પોતે ઘણાં વખાણ કર્યાં તથા ધર્મલાભ કહેવરાવ્યો તેમાં પણ કારણ રૂપે તે સુલસાનું ઉત્તમ સમકિત હતું જે સમકિતને લઈને તેને શ્રીજિનેશ્વરનાં વચન ઉપર દૃઢ આસ્થા હતી અને તેથીજ કરીને તેની પરીક્ષા કરવા માટે અંબડ નામના શ્રાવકે જુદા જુદા અન્ય મતના દેવના રૂપ

કર્યાં તે છતાં પણ તે વંદના કરવા ન ગઈ. એટલું જ નહિ, પરંતુ પચીસમા તીર્થંકરનું રૂપ ધારણ કર્યું તે છતાં વંદન કરવા ગઈ નહિ. કારણ કે તે જાણુતી જ હતી કે આ ચોવીસીમા શ્રીવીર પ્રભુજ છેલ્લા તીર્થંકર છે અથવા પચ્ચીસમા કોઇ તીર્થંકર થાય જ નહિ. આવી અચળ શ્રદ્ધાને લીધેજ તેની પ્રશંસા થઇ. આ બાબતમાં દૃષ્ટાંત કહે છે કે ચંદ્રકલા પોતાના નિર્મલપણાને લીધે શંકરના મસ્તક ઉપર તિલકપણાને લીધે કેતકીપણાને શું ધારણ નથી કરતી? અથવા ચંદ્રકલા પોતાના નિર્મલપણાના ગુણને લીધે જ શંકરના મસ્તકને વિષે તિલક રૂપે શોભે છે. વળી તે જ નિર્મલપણાને લીધે ગંગા નદી શંકરના મસ્તકને વિષે પુષ્પની માલા જેવી શોભે છે. ૧૬

સુલસા શ્રાવિકાની કથા:—

રાજગૃહ નગરમાં નાગ નામે ઉત્તમ સારથી હતો. તેને સુલસા નામે ભાર્યા હતી, તે પરમ શ્રાવિકા શ્રીવીર પ્રભુની ભક્ત હતી. તેમને કાંઇ સંતાન નહતું. તેથી એક વખત નાગ સારથીને ખિન્ન જોઇને સુલસાએ કારણ પૂછ્યું. ત્યારે નાગ સારથીએ કહ્યું કે જેના ઘરમાં ક્રીડા કરનાર બાલકો નથી તે ઘર શ્મશાન જેવું છે. જેઓએ પુત્રનું મુખ જોયું નથી તેમનો જન્મ નિરર્થક છે. ત્યારે સુલસાએ કહ્યું કે જો મને પુત્ર થયો નથી તોપણ બીજી ઘણી કન્યાઓ છે માટે તમે બીજી સ્ત્રી કરો, ત્યારે નાગે કહ્યું. કે બીજી સ્ત્રી વડે સર્યું. મારે તો તારો પુત્ર જોઇએ છે. માટે તું એવું કર કે જેથી હું આપણા પુત્રનું મુખ જોઉં.

ત્યારથી માંડીને સુલસા જિનેશ્વરની પૂજા વિશેષતાથી કરવા લાગી. આયંબીલ વગેરે તપ કરવા લાગી. તે દરમીઆન ઈન્દ્રે સભામાં કહ્યું કે જો કે ઘણી શ્રાવિકાઓ છે પરંતુ સુલસા સરખી કોઈ નથી. આથી વિસ્મય પામેલો એક દેવ તેની પરીક્ષા કરવા માટે સાધુનો વેષ લઈને આવ્યો. સુલસા પણ મુનિને આવેલા જોઈ ઘણી રાજી થઈ. ભક્તિપૂર્વક વંદન કરીને મુનિને આગમનનું કારણ પૂછયું. ત્યારે મુનિએ કહ્યું કે મને વૈદે કહ્યું છે કે તારે ત્યાં લક્ષપાક તેલ છે તેની ( રોગ ઉપર ) મારે જરૂર છે તે મને વ્હોરાવ. હર્ષિત થએલી તેણી એક તેલનો કુંભ લઈને આવી. લાવતાં દેવે પોતાની શક્તિથી વચમાં તે ફોડી નાખ્યો. તેથી તે બીજો કુંભ લાવી તે પણ દેવે વચમાં ફોડી નાખ્યો. તે પ્રમાણે ત્રીજો લાવતાં તે પણ ફોડી નાખ્યો. આવી રીતે ફૂટવા છતાં તે જરા પણ ખિન્ન થઈ નહિ. પરંતુ વિચાર કરવા લાગી કે હું મન્દ ભાગ્યવાળી છું. કારણ કે તેલ મુનિના કામમાં આવ્યું નહિ. આવા તેણીના પરિણામ જાણીને તે દેવે પ્રગટ થઈને તેને કહ્યું કે ઈંદ્રે તારા શ્રાવિકાપણાની પ્રશંસા કરી તેથી તારી પરીક્ષા કરવાને હું (દેવ) આવ્યો હતો. હું તુષ્ટ થયો છું માટે વરદાન માગ. ત્યારે તેણીએ કહ્યું કે મને સુંદર પુત્ર આપો. ત્યારે દેવે તેને ૩૨ ગુટિકાઓ આપી અને કહ્યું કે તારે અનુક્રમે આ ગોળીઓ ખાવી. તેથી તને અનુક્રમે ૩૨ પુત્રો થશે. કામ પડે તો મારૂં સ્મરણ કરજે એટલે હું આવીશ એ પ્રમાણે કહીને દેવ અદૃશ્ય થયો.

હવે સુલસાએ વિચાર કર્યો કે અનુક્રમે ગુટિકા ખાવાથી ક્રમે ક્રમે એક એક પુત્ર થશે. તે દરેકના અશુચિ કર્મ કર-

વામાં મારો ઘણો કાળ જશે. માટે બત્રીસ ગોળીઓ સાથે ખાઈ લઉં તો બત્રીસ લક્ષણો એક પુત્ર થશે. એવું વિચારી બત્રીસ ગોળીઓ સાથે ખાધી. તેથી તેને એકી સાથે બત્રીસ પુત્ર ગર્ભ રહ્યા. પરંતુ ગર્ભ વૃદ્ધિ થઈ ત્યારે તેની વેદના સહન કરવાને અસમર્થ તેણીએ દેવનું સ્મરણ કર્યું. દેવે પણ કહ્યું કે તું ખેદ કર નહિ. હું તારી વેદનાને દૂર કરીશ. અને પ્રસવ થશે. ત્યાર પછી યોગ્ય કાલે તેણીએ ૩૨ પુત્રોને જન્મ આપ્યો. નાગ સારથી ઘણો ખુશ થયો. ધાત્રીઓ વડે લાલન પાલન કરાતા તેઓ વૃદ્ધિ પામવા લાગ્યા.

આ તરફ ચંપા નગરીમાં શ્રી વીર પ્રભુ સમોસર્યા છે. ત્યાં અમ્બડ નામે વૈક્રિય લબ્ધિધારી શ્રાવક હતો તે રાજગૃહી આવનો હતો ત્યારે પ્રભુએ પોતે તેને કહ્યું કે અમારી આજ્ઞાથી સુલસાને ધર્મ નિર્વાહ મધુર વાણીવડે પૂછજો. તે વાત અંગીકાર કરી તે આકાશ માર્ગે ઉડીને રાજગૃહીએ આવ્યો. પર્ષદાની અંદર રહેલા પ્રભુએ પોતે સુલસાનો પક્ષપાત કર્યો માટે હું તેની પરીક્ષા કરૂં એમ વિચારી વૈક્રિય લબ્ધિ વડે બટુકનું રૂપ લઈને સુલસાને ઘેર ભિક્ષા માટે આવ્યો. અને તેની પાસે ભિક્ષા માગી. સુપાત્ર મુનિ સિવાય બીજાને ભિક્ષા નહિ આપવાના નિશ્ચયવાળી તેણીએ તેને ભિક્ષા આપી નહિ ત્યાર પછી નગરના પૂર્વ દ્વારે જઇને તેણે સર્વાતિશય-વાળું બ્રહ્માનું રૂપ વિકુર્વ્યું અને ત્યાં ધર્મનો ઉપદેશ આપવા માંડયો. નગરના સર્વ લોકો તેને જોવા ગયા. સખીઓ સુલસાને બોલાવવા આવી. પરંતુ મિથ્યાદૃષ્ટિની પ્રશંસા થાય તેથી સમકિત મલીન થાય માટે તે ત્યાં જઇ નહિ.

અંબડે બીજે દિવસે દક્ષિણ દરવાજે વિષ્ણુનું, ત્રીજે દિવસે પશ્ચિમ દિશામાં શંકરનું અને ચોથે દિવસે ઉત્તર દિશામાં ત્રણ ગઢવાળું સમોસરણ વિકુર્વીને જિનનું રૂપ વિકુર્વ્યું. ઘણા લોકો ગયા. પરંતુ એક પણ દિવસ તે વંદન કરવા ગઈ નહિ. જિનનું રૂપ કર્યું ત્યારે તો તેણે કોઈકને સુલસાને ત્યાં મોકલ્યો અને કહેવરાવ્યું કે તું જિનભક્ત છે અને પચીસમા તીર્થંકર અહીં આવ્યા છે તો પણ તું વંદન કરવા કેમ જતી નથી ? ત્યારે તત્ત્વ જાણનાર સુલસાએ કહ્યું કે–કદાપિ તીર્થંકર હોય જ નહિ. પરંતુ કોઈ નટ નગરલોકોને ઠગે છે. આ પ્રમાણે સુલસાને અચલ જોઈને અંબડે વિચાર્યું, કે પ્રભુએ સુલસાની પ્રશંસા કરી તે યોગ્ય જ છે. મારી માયાથી કયા કયા પુરૂષો ચલાયમાન થયા નથી. પરંતુ નિર્મલ સમ્યક્ત્વવાળી આ સુલસાને ચલાયમાન કરવાને હું શક્તિમાન થયો નથી. પછી પોતાની સઘળી માયા સંહરીને પરમ શ્રાવક અંબડ સુલસાને ત્યાં ગયો. ત્યારે સુલસાએ સાધર્મિક અંબડનો પોતાના બન્ધુની જેમ આદર સત્કાર કર્યો. પ્રસન્ન થઈને તેણે પ્રભુએ સ્વમુખે તેની મારફત કહેવરાવેલ ધર્મલાભ કહ્યો. અને તેનાં વચન સાંભળીને હર્ષિત થઈને સુલસાએ પ્રભુને પ્રણામ કર્યા. તેણીની મધુર વાણી સાંભળીને અંબડ પણ પ્રસન્ન થયો. અને તેણીની પ્રશંસા કરીને સ્વસ્થાને ગયો. આ પ્રમાણે જેવી રીતે સુલસા પોતાના સમકિતમાં દ્રઢ રહી તેવી રીતે દરેક ભવ્ય જીવે દ્રઢ આસ્થાવાળું થવું.

॥ ઈતિ સુલસા શ્રાવિકા કથા ॥

અવતરણ:—એ પ્રમાણે સમકિત દર્શનનું સાતમું દ્વાર કહીને હવે એ ગાથા વડે આઠમું દેવદ્વાર કહે છે:—

॥ वसंततिलकावृत्तं ॥

२ १ ४ २ ५
दूरेऽर्हतोऽस्तु महनादि नतीच्छयाऽपि,
८ १० ९ ६ ७
श्रेयःसुरोऽजनि न सेडकदर्दुरः किम् ? ।
११ १२ १५ १३ १९
कल्पद्रुमः स्मरणतोऽपि न किं फलाय,
१८ १६ १७ २१ १९ २०
पार्श्वेऽपि वा मृगमदो न हि सौरभाय ॥१७॥

**અરિહંતના પૂજન વગેરે દૂર રહો પણ નમનની,**
**ઇચ્છા કરંતા પણ થઇ વર સુરગતિ દર્દુરની;**
**સ્મરણ કરતાં પણ ન આપે કલ્પવૃક્ષ શું ઇષ્ટને,**
**નજીકમાં પણ સુગંધ ના દે કસ્તુરી શું લોકને. ૧**

**શ્લોકાર્થ:**—અરિહંત ભગવંતનું પૂજન વગેરે તો દૂર રહો પરંતુ તેમને નમવાની ઇચ્છાથી પણ સેડુક નામનો દેડકો શું ઉત્તમ દેવ નથી થયો ? અથવા થયો છે. દૃષ્ટાન્ત કહે છે—શું કલ્પવૃક્ષ સ્મરણ માત્રથી પણ ફલને માટે થતું નથી ? અથવા થાય છે. વળી સમીપમાં રહેલી કસ્તુરી શું સુગંધ આપતી નથી ? અથવા આપે છે. ૧૭

**સ્પષ્ટાર્થ:**—હવે કવિશ્રી જિનેશ્વર દેવનું માહાત્મ્ય જણાવતાં કહે છે કે અરિહંત દેવની પૂજા સ્તુતિ વગેરે તો દૂર રહો એટલે પૂજન સ્તુતિ વગેરે ભાવપૂર્વક કરનારને

તો ફળ મળે જ, પરંતુ તેમને નમવાની ઇચ્છા માત્રથી પણ સારૂં ફળ મળે છે. આ બાબતમાં ઉદાહરણ આપે છે કે સેડુક નામનો બ્રાહ્મણ જે મરીને દેડકો થયો તે દેડકાએ પ્રભુને નમવાની ઈચ્છા કરી અને તેમને નમવા માટે માર્ગમાં જાય છે ત્યારે પગ તળે કચરાઈને મરણ પામે છે. પરંતુ તેની ભાવના પ્રભુને વંદન કરવાની છે અને તે જ ભાવનામાં મરણ પામવાથી ઉત્તમ દેવરૂપે ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે નમવાની ઈચ્છા માત્રથી પણ આવું ઉત્તમ ફળ મળ્યું તો પૂજન વગેરેનું વધારે સારું ફળ મળે, તેમાં નવાઈ શી? આ બાબત દૃષ્ટાન્ત આપે છે કે કલ્પવૃક્ષ શું માત્ર સ્મરણથી પણ ફળ આપતું નથી? અથવા કલ્પવૃક્ષ આગળ ઈચ્છા માત્ર કરવાથી પણ ફળ મળે છે. તેવી જ રીતે પ્રભુને નમન કરવાની ઇચ્છા માત્રથી પણ અવશ્ય વાંછિત ફળ મળે છે. બીજું દૃષ્ટાન્ત કહે છે કે નજીકમાં રહેલી કસ્તુરી પણ સુગંધ માટે થતી નથી? અથવા જેમ કસ્તુરીને લઇને નાકે સુંઘીએ તો જ તેની સુગંધ આવે એટલુંજ નહિ પરંતુ નજીકમાં પડેલી હોય તો પણ તેની સુગંધ આવ્યા વિના રહેતી નથી. તેમ પ્રભુને નમવાની ઈચ્છાથી પણ જરૂર ઈષ્ટ ફળ મળે છે. ૧૭

સેડુક દેડકાની કથા આ પ્રમાણેઃ—

કૌશામ્બી નગરીમાં શતાનીક નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં સેડુક નામે દરીદ્ર અને મૂર્ખ બ્રાહ્મણ હતો. તેની ગર્ભવતી બ્રાહ્મણીએ કહ્યું કે મારી સુવાવડ સારૂ ઘી લાવો, તેના વિના મારે વેદના કેવી રીતે સહન કરવી?

ત્યારે બ્રાહ્મણે કહ્યું કે મારી પાસે કોઈ કલા નથી કે જેથી મને કોઈ કાંઈ આપે. તેણીએ કહ્યું કે ફૂલ વગેરેની ભેટ ધરી શબ્દની સેવા કરો. સેડુક પણ તે પ્રમાણે કરવા લાગ્યો.

એક વાર ચમ્પા નગરીના રાજાએ પોતાના લશ્કર વડે કૌશામ્બી નગરીને ઘેરો ઘાલ્યો. શતાનીક રાજા લશ્કર સાથે અંદર રહ્યો છે. ઘણો કાલ ગયો તો પણ તેનાથી નગરી જીતાઈ નહિ. તેવામાં ચોમાસું આવ્યું તેથી ક્ષીણ થએલા લશ્કરવાળો તે રાજા ઘેરો ઉઠાવીને પોતાની નગરી તરફ જવાની તૈયારી કરવા લાગ્યો. તે વખતે સેડુક બ્રાહ્મણ ફૂલ લેવા માટે નગરના બહારના ઉદ્યાનમાં આવ્યો હતો. તેણે આ તૈયારી જોઈ. તેથી તેણે શતાનીક રાજાને આ વાત કરી. એટલે શતાનીકે લશ્કર સાથે બહાર નીકળી તેના ઉપર એકદમ હુમલો કર્યો. તેથી તેનું સૈન્ય ચારે તરફ નાશી ગયું. ચમ્પાનો રાજા પણ એકલો નાશી ગયો. તેનો ભંડાર વગેરે બધું શતાનીક રાજાએ ગ્રહણ કર્યું. પછી મોટા ઓચ્છવપૂર્વક શતાનીક રાજા નગરમાં આવ્યો.

સેડુક ઉપર પ્રસન્ન થએલા શતાનીક રાજાએ તેને વરદાન માગવા કહ્યું. ત્યારે તેણે કહ્યું કે હું મારી સ્ત્રીને પૂછીને આવું. તેણે સ્ત્રી પાસે આવીને કહ્યું. ત્યારે સ્ત્રીએ વિચાર્યું કે ગામ વગેરે માગશું તો બ્રાહ્મણ બીજી સ્ત્રી કરશે? એવું વિચારીને તેણે કહ્યું કે તમે રાજા પાસે એવી માગણી કરો કે મને દરરોજ એક એક ઘેર ભોજન મળે અને દક્ષિણામાં એક દીનાર ( સોના મહોર ) મળે. રાજાએ હસીને તે પ્રમાણે કબૂલ કર્યું. પછી બ્રાહ્મણ દરરોજ એક એક ઘેર ભીક્ષા માટે

જાય છે અને એક સોના મહોર મેળવે છે. તેથી તેનું ધન વધવા માંડયું.

રાજાને માન્ય હોવાથી માણસો તેને હંમેશાં આમંત્રણ આપવા લાગ્યા. તેથી તે જે ઘરેથી સોના મહોર લઇને ભોજન કરતો તે ભોજન ઉલ્ટી કરી વમી નાખતો અને નવું ભોજન કરતો. એ પ્રમાણે વારંવાર કરતાં અજીર્ણ થવાથી તેના શરીરે કોઢ રોગ થયો. તેથી તેના હાથ અને પગ સડવા લાગ્યા. પ્રધાનોએ રાજાને કહ્યું કે કોઢ રોગવાળો આ અહીંયાં રાખવો અથવા ફરતો રહે તે સારૂં નહિ. રાજાએ પણ તે વાત વ્યાજબી જણાવી. મંત્રીઓએ આ વાત સેડુકને કહી. ત્યારે સેડુકે પોતાના પુત્રને સ્વપદે સ્થાપ્યો. જેને મધપુડાની જેમ માખીઓ બણબણી રહી છે એવા તે સેડુક બ્રાહ્મણને પુત્રોએ ઘરની બહાર ઝુંપડીમાં રાખ્યો. બ્હાર રહેલા તે સેડુકનું વચન પણ પુત્રો માનતા નથી. અને ભોજન પણ બરાબર મળતું નથી. તેથી તે વિચારવા લાગ્યો કે મેં પુત્રોને શ્રીમંત બનાવ્યા અને તેઓજ મારી જુગુપ્સા કરે છે. માટે હું પણ એવું કરૂં કે જેથી તેઓ પણ મારી પેઠે જુગુપ્સા કરવા લાયક થાય. આવું વિચારી તેણે પોતાના પુત્રોને કહ્યું કે આપણો કુલાચાર એવો છે કે મરવાની ઈચ્છાવાળાએ પોતાના કુટુંબને મંત્રીને એક પશુ આપવો. માટે જીવવાથી કંટાળેલા મને એક પશુ આપો. આવું સાંભળીને રાજી થએલા પુત્રોએ તેને એક પશુ આપ્યું.

હવે તે સેડુક બ્રાહ્મણ પોતાના શરીરમાંથી નીકળતા પરૂ સાથે મિશ્ર કરીને તે પશુને ઘાસ વગેરે ખવરાવવા

લાગ્યો. તથી તે પશુ પણ કોઢીયું થયું, પછી તેણે તે મારીને પુત્રોને આપ્યું. પિતાના ભાવને નહિ જાણનાર પુત્રોએ તેનું માંસ ખાધું. પછી બ્રાહ્મણ હું તીર્થે જાઉં છું એમ કહીને અરણ્ય તરફ ચાલ્યો. રસ્તામાં તરસ્યા થયેલા તેણે એક સરોવર જોયું. તેનું પાણી પીધું. આ સરોવરના પાણીમાં તેના કાંઠાના વૃક્ષોના પત્ર પુષ્પ ફળ વગેરે પડતાં હતાં અને ઉનાળાના તાપથી પાણી ઉકળતું હતું. આવું પાણી પીવાથી તેને રેચ લાગ્યો. તેથી જેમ જેમ તેણે પાણી પીધું તેમ તેમ તેને રેચ એવો લાગ્યો કે જેથી તેના શરીરમાંથી બધો કોઢ રોગ નાશ પામ્યો અને નિરોગી શરીર થયું. ત્યાર પછી રાજી થએલો તે જલદીથી પોતાના નગરે પાછો આવ્યો. નગર લોકોએ તેનું નીરોગી અને સુંદર શરીર જોઈને પૂછયું ત્યારે તેણે કહ્યું કે દેવનું આરાધન કરવાથી હું નીરોગી બન્યો છું. પોતાને ઘેર પહોંચ્યો ત્યારે તેણે પુત્રોને કોઢીયા બનેલા જોયા, તેથી મેં તમને મારી અવજ્ઞાનું કેવું ફલ આપ્યું છે એવું સેડુકે પુત્રોને કહ્યું. પુત્રોએ પણ સેડુકને કહ્યું. વિશ્વાસુ એવા અમારા ઉપર તમે વેરીની જેમ નિર્દયપણાનું આ શું કામ કર્યું. બીજા માણસોએ પણ તેનું એ સ્વરૂપ જાણીને નિંદા કરીને નગર બહાર કાઢી મૂક્યો. ત્યાં રાજગૃહના દ્વારપાલનો તેણે આશ્રય કર્યો. તે વખતે ત્યાં વીર પ્રભુ સમોસર્યા. તેમને વંદન કરવાને દ્વારપાલ ગયો. તે વખતે સેડુકને પોતાનું કામ સંભાળવાનું સોંપ્યું. તે વખતે તે દરવાજે આવેલ દુર્ગાદેવીના સ્થાનકનો બલિ ભુખ્યા એવા બ્રાહ્મણે જન્મમાં કોઈ વાર જાણે દેખ્યો ન હોય તેમ ખૂબ ઠાંસીને મરજી મુજબ ખાધો. ગળા સુધી

ખાધું હોવાથી અને ઉનાળાનો દિવસ હોવાથી તેને ઘણી તરસ લાગી. પરંતુ દ્વારપાલના ભયથી તે સ્થાન છોડીને પરબ વગેરેમાં પાણી પીવાને તે ગયો નહિ. પાણીના જલચર જીવોને ધન્ય છે કે જેઓ પાણીમાં રહે છે એવી ભાવનાપૂર્વક તે ત્યાંજ મરણ પામ્યો અને તેજ નગરની વાવમાં દેડકો થયો. ફરીથી પણ શ્રીવીર પ્રભુ વિહાર કરતાં તે નગરમાં આવ્યા ત્યારે નગર લોકો આનંદથી તેમને વંદન કરવા ગયા. તે વખતે વાવ ઉપર પાણી ભરવા આવેલી સ્ત્રીઓના મુખથી શ્રીજિનેશ્વરનું આગમન સાંભળીને "મેં કોઈક સ્થળે આ સાંભળ્યું છે એવું તે વિચારવા લાગ્યો." વારંવાર વિચાર કરતાં તેને જાતિ સ્મરણ જ્ઞાન પ્રકટ્યું. અને તેથી તેણે પોતાના મરણ સુધીનો પૂર્વ ભવ જોયો. લોકો જિનેશ્વરને વંદન કરવા જાય છે તો હું પણ તેમને વાંદવા જાઉં એવી શુભ ભાવનાથી તે વાવમાંથી કૂદીને બહાર આવ્યો અને સમવસરણ તરફ ચાલ્યો. તે વખતે શ્રેણિક રાજાના ઘોડાના પગ નીચે ચગદાઈને તે મરણ પામ્યો. અને શુભ ભાવનાના વશથી દર્દુરાંક નામના દેવપણે ઉત્પન્ન થયો. આ પ્રમાણે જિનેશ્વરના દર્શન કરવાના ભાવ માત્રથી જ્યારે તે દેવરૂપે ઉત્પન્ન થયો. તો તેમની પૂજા વગેરે ભાવપૂર્વક કરનારા ભવ્ય જીવો મુક્તિના અવ્યાબાધ સુખ જરૂર પામેજ.

॥ ઇતિ સેડુક કથા ॥

અવતરણઃ—હવે કવિરાજ–જિનેશ્વર દેવ પ્રત્યક્ષ ન હોય તે છતાં તેમનું શુદ્ધ ધ્યાન પણ વાંછિતની સિદ્ધિ માટે થાય છે, તે વાત જણાવે છેઃ—

॥ उपजातिवृत्तं ॥

३ १ ४ २
ध्यातः परोक्षेऽपि जिनस्त्रिशुद्ध्या,
५ ६
जीर्णाभिधश्रेष्ठिवदिष्टसिद्ध्यै ।
९ १०
सिंधुप्रवृद्ध्यैकुमुदौघलक्ष्म्यै,
११ ८ ७
चकोरतुष्ट्यै विधुरभ्रगोऽपि ॥ १८ ॥

શુદ્ધિથી મન વચન તનની પ્રભુ પરોક્ષ છતાં સદા,
ધ્યાન કરતાં તેમનું દૂરે ટળે સવિ આપદા;
જીર્ણ શેઠ તણી પરે આકાશમાં દૂરે છતાં,
ચંદ્ર સાગરને વધારે કુમુદ ગણ દીપાવતા. ૧

ચંદ્ર દેખી હર્ષવંત બને ચકોર હૃદય વિષે,
જિન સ્વરૂપ વિચારતાં વૈરાગ્યથી આતમ હસે;
નાગકેતુની પરે કર્મો નિકાચિત પણ ખસે,
કેવલી થઇ સ્વપરતારક આત્મકમલા ઉલ્લસે. ૨

શ્લોકાર્થ:—પ્રત્યક્ષ ન હોય તે છતાં પણ ત્રિકરણ શુદ્ધિથી ધ્યાન કરાએલ જિનદેવ જીર્ણ શેઠની જેમ ઇષ્ટ સિદ્ધિને માટે થાય છે. જેમ આકાશને વિષે રહેલ છતાં પણ ચંદ્ર સમુદ્રની વૃદ્ધિ માટે, કુમુદોના સમુદાયની શોભા માટે અને ચકોર પક્ષીની તુષ્ટિ માટે થાય છે તેમ શ્રી જિનેશ્વર ઇષ્ટસિદ્ધિ કરાવે છે. ૧૮

**સ્પષ્ટાર્થ:**—શ્રીજિનેશ્વર પ્રભુ પરોક્ષ છતાં પણ એટલે પ્રત્યક્ષ ન હોય તો પણ ત્રિકરણ શુદ્ધિ એટલે મન વચન કાયાની શુદ્ધિ વડે અથવા એકાગ્રપણે ધ્યાન કરવામાં આવે તો જીર્ણ શેઠની જેમ ઇષ્ટ સિદ્ધિ એટલે વાંછિત કાર્યની સિદ્ધિ માટે થાય છે. જેમ જીર્ણ શેઠને શુભ ભાવનાથી પ્રભુશ્રી મહાવીર દેવ પોતાને ત્યાં પારણા માટે આવશે તેવી ભાવનામાં ચઢતા પરિણામથી ( જીર્ણ શેઠને ) ઇષ્ટની સિદ્ધિ થઈ. અહીં શંકા થાય કે શ્રીપ્રભુની સેવા કર્યા વિના તે ઇષ્ટની સિદ્ધિ માટે કેમ થાય ? તો જવાબમાં જણાવવાનું કે તપ તપવાથી અને જાપ જપવાથી ઘણા કાલે મોક્ષ થાય છે પરંતુ જેણે કર્મ સમૂહને બાળી નાખ્યા છે અથવા જેનાથી એક સાથે ઘણા કર્મની નિર્જરા થાય છે તેવા ધ્યાનના પ્રતાપથી જલદી ઇષ્ટ સિદ્ધિ થાય છે.

અહીં દૃષ્ટાન્ત આપે છે કે જેમ ચંદ્ર ઉંચે આકાશમાં રહેલો છે. તે છતાં તેના પ્રભાવથી સમુદ્રની વેળા ( મોજાં ) વધે છે અથવા સમુદ્રમાં ભરતી આવે છે. વળી તે ચંદ્ર કુમુદો ( રાત્રી વિકાશી કમળો )ના સમુદાયની શોભા માટે થાય છે. એટલે ચંદ્ર ઉંચે રહ્યો છે છતાં તેના પ્રભાવથી કુમુદ જાતિનાં કમળો વિકસ્વર થાય છે. તેમજ ચંદ્રનો ઉદય થાય ત્યારે ચકોર પક્ષી બહુ રાજી થાય છે. ૧૮

જીર્ણ શેઠની કથા આ પ્રમાણે:—

વિશાલા નામની નગરીમાં જિનદત્ત નામે શ્રાવક હતો. પરંતુ તે પૈસે ટકે ખાલી થઈ ગયો હોવાથી જીર્ણ શેઠ નામે પ્રસિદ્ધિ પામ્યો. આ તરફ ભ્રમર નામના બગીચામાં શ્રી

વીર પ્રભુ કાઉસગ્ગ ધ્યાનમાં ચાતુર્માસ રહ્યા. તે ઉદ્યાનમાં ગએલા જીર્ણ શેઠે કાઉસગ્ગમાં રહેલા છેલ્લા તીર્થપતિને જોયા. આ છદ્મસ્થ જિન છે એમ નિશ્ચય કરીને તેણે પ્રભુને પરમ ભક્તિથી વાંદ્યા અને વિચારવા લાગ્યો કે આજે પ્રતિમામાં રહેલા પ્રભુ ઉપવાસી છે પરંતુ કાલે જો મારે ઘેર પારણું કરે તો સારૂં. આવી આશાથી તે શેઠે ચાર મહિના સુધી પ્રભુની સેવા કરી. ચોમાસું પૂરૂં થયું ત્યારે પ્રભુને નિમંત્રણ આપીને તે ઘેર ગયો. પછી શુદ્ધ બુદ્ધિવાળા તેણે પોતાને માટે પ્રાસુક અને એષણીય ભોજન તૈયાર કર્યું આંગણામાં રહીને તે જીર્ણ શેઠ પ્રભુને આવાના માર્ગ તરફ દૃષ્ટિ રાખીને "હું આ શુદ્ધ ભોજન પ્રભુને આપીશ હું ધન્ય છું જેના ઘેર પ્રભુ પોતે આજે આવશે. અને મારે ત્યાં પારણું કરશે. હું આવતા પ્રભુની સામે જઈશ અને બે હાથ જોડી તેમના ચરણ કમલને વાંદીશ. આ મારો છેલ્લો ભવ થશે. કારણ કે પ્રભુનું દર્શન પણ મોક્ષ માટે થાય છે તો પારણાની તો વાત જ શી ?" આ પ્રમાણે જીર્ણ શેઠ ભાવના ભાવી રહ્યા છે. તેવામાં પવિત્ર આશયવાળા જિનેશ્વર અભિનવ (નવા) શેઠને ત્યાં પારણા માટે ગયા. આ મિથ્યાદૃષ્ટિ અભિનવ શેઠ ધનવાળો હોવાથી ધનમદથી ગર્વિષ્ટ થઇને દાસીને કહે છે કે આ ભિક્ષુકને જલદી ભિક્ષા આપીને વિદાય કર, તે દાસીએ પણ વેગથી અડદના બાકુલા લાવીને પારણા માટે પ્રભુએ પ્રસારેલા હાથમાં નાખ્યા. તે વખતે દેવોએ વસ્ત્રો નીચે વરસાવ્યા. આકાશમાં દુંદુભી વગાડી. અને પુષ્પ અને સુગન્ધી જલની વૃષ્ટિ થઇ અને ધનની વૃષ્ટિ થઈ. લોકોએ

પૂછ્યું તો કપટી અભિનવ શેઠ "મેં પ્રભુને ખીરનું પારણું કરાવ્યું" એમ કહેવા લાગ્યો. અહો દાન અહો દાન એવું દેવોનું વચન સાંભળી લોકો અને રાજાએ અભિનવ શેઠની પ્રશંસા કરી. તે વખતે જિનેશ્વરના આગમનની વાટ જોતા જીર્ણ શેઠ ભાવનામાં રહેલા છે અને દેવ દુંદુભિનો શબ્દ સાંભળીને તે વિચારવા લાગ્યા કે હું મન્દ પુણ્યવાળો છું. અરે ધિક્કાર થાઓ મારો મનોરથ ફોગટ ગયો. કારણ કે મારા ઘરને છોડીને પ્રભુએ બીજે ઘેર પારણું કર્યું.

જિનેશ્વર પણ ત્યાં પારણું કરીને બીજે વિહાર કરી ગયા. તે સ્થળે શ્રીપાર્શ્વનાથના કેવલી શિષ્ય આવ્યા. રાજાએ અને લોકોએ જઈને તેમને પૂછ્યું કે આ નગરમાં પુણ્ય સમુદાય ઉપાર્જન કરનાર કોણ છે? તેમણે કહ્યું કે જીર્ણ શેઠ છે. લોકોએ કહ્યું કે પ્રભુને અભિનવ શેઠે પારણું કરાવ્યું છે. આ શેઠે નહિ. વસુધારા પણ તેમને ઘેર થઈ છે. તો જીર્ણ શેઠ મહા પુણ્યને ઉપાર્જન કરનાર કેવી રીતે? ત્યારે કેવલીએ કહ્યું કે ભાવથી જિનદત્તે પ્રભુને પારણું કરાવ્યું છે. અને તેથી અચ્યુત દેવલોકનું આયુષ્ય તેણે બાંધ્યું છે. તેવા ધ્યાનમાં રહેલા તેણે જો દુન્દુભિનો શબ્દ સાંભળ્યો ન હોત તો તે કેવલજ્ઞાન પામ્યા હોત. ભાવ વિના પ્રભુને પારણું કરાવનાર અભિનવ શેઠે તો ઐહિક ફળ રૂપે વસુધારા મેળવી છે. એ પ્રમાણે ભાવથી પારણું કરાવનાર અને ભાવ વિના પારણું કરાવનારના ફળનો ભેદ જાણી વિસ્મય પામેલા લોકો પોતપોતાને સ્થાને ગયાં. જિનદત્ત શેઠ પણ મરણ પામીને દેવલોકે ગયા. ત્યાંથી

ચ્યવી મનુષ્ય થઇ અનુક્રમે મોક્ષે જશે. પરોક્ષમાં જિનેશ્વરનું ધ્યાન કરનારને પણ આટલું ફળ મળ્યું તો પ્રત્યક્ષ રૂપે પ્રભુની સ્તુતિ વગેરે કરનાર જીવની તો વાત જ શી કરવી! અર્થાત્ તેવા જીવો મોક્ષના સુખ પણ જરૂર પામે છે.

॥ ઇતિ જીર્ણ શેઠની કથા ॥

**અવતરણ:**—એ પ્રમાણે આઠમું દેવદ્વાર કહીને હવે બે ગાથાઓ વડે નવમું ગુરૂદ્વાર કહે છે:—

( वसंततिलकावृत्तम् )

३ २ ४ १
**नव्यो गुरुः सुरतरुर्विहितामितर्द्धि–**
५ ८ ६ ७ ९
**यत्केवलाय कवलार्थिषु गौतमोऽभूत् ।**
१२ ११ १३ १४ १५
**तापातुरेऽमृतरसः किमु शैत्यमेव,**
१८ १० १७ १६
**नाप्रार्थितोऽपि वितरत्यजरामरत्वम् ॥ १९ ॥**

**અપરિમિત નિજ ઋદ્ધિલાભ પમાડનારા ગુરૂવરા,**
**છે અલૌકિક કલ્પવૃક્ષ સમાન ગૌતમ ગણધરા;**
**કવલની અભિલાષવાળા તાપસો કેવલી કરે,**
**કલ્પવૃક્ષ થકી અધિક ગુરૂ આત્મઋદ્ધિ વિશદ કરે. ૧**
**પ્રાર્થના ન કરાય તો પણ અમૃત શું ઠંડીજ દીયે;**
**અન્ય ધર્મે ઉચ્ચર્યું અજરામરપણું પણ દીયે;**
**તેમ ઋદ્ધિ પમાડનારા સુગુરૂ કેવલનાણને,**
**પણ દીયે બહુમાનથી સેવો સદા ગુરૂચરણને. ૨**

**શ્લોકાર્થ**:—પ્રમાણુ વિનાની ઋદ્ધિ આપનાર ગુરૂ નવીન કલ્પવૃક્ષ સમાન છે, કારણ કે કવલ એટલે અન્નના અર્થી તાપસોને શ્રીગૌતમ સ્વામી કેવલજ્ઞાન પમાડવાને માટે થયા. પ્રાર્થના નહિ કરાએલ એવો પણ અમૃતરસ શું તાપથી પીડાએલાને ફક્ત શીતલતાજ આપે છે? અજરામર પણું શું નથી આપતો? ૧૯

**સ્પષ્ટાર્થ**:—હવે કવિશ્રી ગુરૂનું વર્ણન કરતાં કહે છે કે ગુરૂ નવીન અથવા અપૂર્વ કલ્પવૃક્ષ સમાન છે, કારણકે કલ્પવૃક્ષ તો જે માણસ માગે, તેનેજ આપે છે, જ્યારે ગુરૂ તો માગણી કરી ન હોય તો પણ પ્રમાણુ વિનાની ઋધ્ધિ આપે છે. આ બાબતમાં ઉદાહરણ આપે છે કે જેમ અન્નના અર્થી ભૂખ્યા તાપસોને શ્રીગૌતમસ્વામીએ અન્નજ (ખીર) આપ્યું એટલું જ નહિ પરંતુ મિથ્યાત્વમાંથી બહાર કાઢી સમકિત પ્રાપ્ત કરાવરાવ્યું, જેથી તેમને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ. એ પ્રમાણે સુગુરૂનો કોઈ અપૂર્વ પ્રભાવ છે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપે છે કે અમૃતરસ તાપથી પીડાએલા પ્રાણીઓને એકલી શીતળતાજ આપે છે એટલુંજ નહિ પરંતુ માગણી કરાવ્યા સિવાય અજરામરપણું પણ આપે છે. માટે સુગુરૂ અમૃતરસ સમાન જાણવા.

આ બાબતમાં શ્રીગૌતમ સ્વામીનું દૃષ્ટાન્ત ટૂંકામાં આ પ્રમાણેઃ—ચરમ તીર્થંકર શ્રીમહાવીર પ્રભુના પ્રથમ ગણધર ગૌતમમુનિ હતા. જે અષ્ટાપદ પર્વત ઉપર જિનોને વાંદીને રાત રહે તે તે જન્મમાંજ સિધ્ધ થાય એવું શ્રીવીર પ્રભુનું વચન દેવો પરસ્પર કહેતા હતા. તે સાંભળીને દેવવચનના

વિશ્વાસથી તેમણે પ્રભુ પાસે અષ્ટાપદ પર્વત ઉપર જિનોને વંદન કરવા માટે જવાની આજ્ઞા માગી. પ્રભુએ પણ તાપસોને થનારા બોધરૂપ લાભને જાણીને ગૌતમ સ્વામિને જવાની રજા આપી. હર્ષિત થઇને ગૌતમ સ્વામી ચારણલબ્ધિ વડે અષ્ટાપદ ઉપર જવા લાગ્યા. તે વખતે કોડિન્ય વગેરે ૧૫૦૦ તાપસો અષ્ટાપદ ઉપર ચઢવાનો પ્રયત્ન કરતા હતા. પરંતુ ઠેઠ ઉપર જઈ શકયા ન્હોતા. ઉપવાસ કરનાર કોડિન્ય વગેરે ૫૦૦ તાપસો જેઓ લીલા કન્દમૂળનું પારણું કરતા હતા તેઓ અષ્ટાપદની પ્રથમ મેખલા સુધી પહોંચ્યા હતા, પરંતુ ત્યાંથી આગળ જઈ શકતા ન્હોતા. દત્તક વગેરે બીજા ૫૦૦ તાપસો છઠ્ઠ તપ કરનાર અને પારણે સુકાં કંદમૂળનું પારણું કરનાર હતા, તેઓ તેની બીજી મેખલા સુધી પહોંચ્યા હતા. ત્યાંથી આગળ જઇ શકતા ન્હોતા. સેવાલ વગેરે ૫૦૦ તાપસો અઠ્ઠમ તપ કરનારા અને સુકી સેવાલનું પારણું કરતા હતા તે ત્રીજી મેખલા સુધી પહોંચ્યા હતા. ત્યાંથી આગળ જઇ શકતા ન્હોતા. આ તાપસોએ ગૌતમ સ્વામીને અષ્ટાપદ ઉપર ચઢતા જોયા. ત્યારે તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે આપણે કૃશ (પાતળા) છીએ તો પણ આગળ વધી શકતા નથી તો આ જાડા શરીરવાળા સાધુ કેવી રીતે ચઢી શકશે? આ પ્રમાણે તેઓ વાત કરી રહ્યા છે તેટલામાં તો ગૌતમસ્વામી અષ્ટાપદ ઉપર ચઢી ગયા, અને દેવની જેમ તત્કાળ અદૃશ્ય થયા. ત્યારે તે તાપસો પરસ્પર કહેવા લાગ્યા કે આ મહામુનિની કોઈ અજબ શક્તિ છે માટે એ પાછા આવે ત્યારે આપણે તેમના શિષ્ય થઈશું.

શ્રીગૌતમ સ્વામીએ અષ્ટાપદ ઉપર જઇ ત્યાં જિનોની

પ્રતિમાઓને વંદન કર્યું. ચૈત્યમાંથી નીકળેલા તેમને દેવોએ અશોક વૃક્ષની નીચે વાંદ્યા. ત્યાં બેસીને તેમણે તેમના સંદેહો દૂર કર્યા. ધર્મદેશના વડે તે રાત્રી ત્યાં ગાળીને સવારે પર્વત ઉપરથી ઉતરતા તેમને તાપસોએ જોયા. તાપસોએ બે હાથ જોડીને "અમે તમારા શિષ્યો થવા માગીએ છીએ માટે તમે અમારા ધર્મગુરૂ થાઓ" એમ કહ્યું. ત્યારે ગૌતમ-સ્વામીએ તેમને કહ્યું કે શ્રીવીર પ્રભુ મારા ગુરૂ છે તેજ તમારા પણ ગુરૂ થાઓ. પછી તાપસોના આગ્રહથી તેમણે તે ૧૫૦૦ તાપસોને દીક્ષા આપી. તેઓને દેવોએ મુનિવેશ આપ્યો પછી તેઓ ગૌતમસ્વામીની સાથે પ્રભુ પાસે જવાને ચાલ્યા. માર્ગમાં કોઇક ગામમાં ભિક્ષાના ટાઇમે ગણધર ગૌતમ સ્વામી ભિક્ષા લેવા ચાલ્યા. ત્યારે તાપસોને પૂછ્યું કે તમારા પારણા માટે શું લાવું? ત્યારે તાપસોએ કહ્યું કે ખીર લાવજો. ગૌતમ સ્વામીએ પોતાની લબ્ધિથી તેમના પૂરતી ખીર પાત્રામાં મેળવી. પછી તે તેમને આપીને કહ્યું કે આનાથી પારણું કરો. આટલી ખીરથી આપણા બધાનું પારણું કેવી રીતે થશે? એમ વિચારતાં તે બધા તાપસો પારણું કરવા બેઠા ત્યારે અક્ષીણ મહાનસી નામની લબ્ધિના પ્રભાવે તે સર્વેને તેમણે જમાડયા.

આ પ્રમાણે તેમને ચમત્કાર દેખાડીને પછી પોતે જમ્યા. મહા ભાગ્યની વાત છે કે આપણને શ્રીવીર પ્રભુ જેવા ગુરૂ મળ્યા. અને પિતા તુલ્ય આ મુનિ મળ્યા. નહિ તો આપણને સમકિત પણ દુર્લભ હતું. એવી ભાવના ભાવતા સેવાલભોજી ૫૦૦ તાપસો કેવલજ્ઞાની થયા. વીર પ્રભુના

પ્રાતિહાર્યાદિક જોઇને દત્ત વગેરે ૫૦૦ ને કેવલજ્ઞાન થયું. કૌડિન્યાદિક ૫૦૦ ને શ્રીવીર પ્રભુને જોતાં કેવલજ્ઞાન ઉપન્યું. એ પ્રમાણે તે ૧૫૦૦ તાપસો કેવલી થયા તેથી પ્રભુને પ્રદક્ષિણા દઇને કેવલીની સભામાં જવા લાગ્યા ત્યારે શ્રી ગૌતમસ્વામીએ તેમને વીર પ્રભુને વાંદવા માટે કહ્યું, તે વખતે પ્રભુએ કહ્યું કે હે ગૌતમ! તમે કેવલીની આશાતના કરો નહિ. તેથી ગૌતમસ્વામીએ મિથ્યા દુષ્કૃત દેવા પૂર્વક તેમને ખમાવ્યા. ગૌતમસ્વામી તે વખને વિચારે છે કે હું હજી ભારે કર્મી છું. આ મારા દીક્ષિતોને ધન્ય છે કે જેઓ કેવલજ્ઞાન પામ્યા ત્યારે શ્રી વીર પ્રભુએ તેમને કહ્યું કે ફોગટ ચિંતા કરો નહિ. કારણ કે હું મોક્ષે જઇશ તે વખતે તને કેવલજ્ઞાન થશે. તેથી ગૌતમસ્વામી હર્ષ પામ્યા અને પ્રભુ મોક્ષે ગયા ત્યારે તેમને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું અને મોક્ષે ગયા. હે ભવ્ય જીવો! આ પ્રમાણે ગુરૂ અપૂર્વ કલ્પવૃક્ષ સમાન છે એવું જાણી તેમની વિશેષ ભક્તિ કરો.

॥ ઇતિશ્રી ગૌતમ સ્વામીની કથા ॥

**અવતરણ:**—કુગુરૂઓ તો ઠેર ઠેર રહેલા છે પરંતુ સુગુરૂ તો કોઇકજ સ્થળે જણાય છે એ વાત કવિશ્રી જણાવે છે:—

( पृथ्वीवृत्तम् )

१ ४ २ ३
कुबोधमतयोऽभितः कुगुरवो जमाल्यादिवत्
५ १० ८ ९ ७ ६
पुनः क्वचन वज्रवत्सुरगुरवोऽमला जन्मतः ।

११ १४ १२
करीरपिचुमंदवन्न घनसारसच्चंदनाः
१३ १९ १५ १६ १७ १८
घना न च खरोष्ट्रवज्जयतुरंगभद्रद्विपाः ॥ २० ॥

વિપરીત વિચારો જેમના ને બોધ વિપરીત જેમનો,
તેવા જમાલિ પ્રમુખ જેવા આગ્રહી કુગુરૂ તણો;
તોટો ન પણ ગુરૂ વજ્ર જેવા નિર્મલા શિશુકાલથી,
સુગુરૂ વિરલા કેરડા ને લીંબડાં ઓછા નથી. ૧
કપૂરના ને સુખડના શુભ ઝાડ પુષ્કલ શું મળે ?,
ઉંટ ગધેડાની પરે ઘોડા ન હાથી બહુ મળે;
હીરા ન હોય દરેક હાટે પ્હાડ સોનાના વલી,
જ્યાંત્યાં નહીં ટોળાં સિંહણના તેમ ગુરૂ સંયમબલી. ૨

**શ્લોકાર્થ**:—ખોટા જ્ઞાનના વિચારવાળા કુગુરૂઓ જમાલિ વગેરેની જેમ ઘણા હોય છે. પરંતુ વજ્રસ્વામીની જેમ જન્મથી નિર્મલ સદ્‌ગુરૂઓ તો કોઈક સ્થળે જ હોય છે. દૃષ્ટાંત કહે છે કે કેરડા અને લીંમડાની જેમ કપૂરના અને સારાં ચન્દનના વૃક્ષો ઘણા હોતા નથી. તેમજ વળી ગધેડા અને ઉંટની પેઠે ઉચ્ચૈઃશ્રવા જાતના ઘોડાઓ અને ભદ્ર જાતિના હાથીઓ ઘણાં હોતાં નથી. ૨૦

**સ્પષ્ટાર્થ**:—ભગવાન શ્રીમહાવીર સ્વામીના વચનને ગોપવનાર જમાલી સરખા કુગુરૂઓ ચારે તરફ ઘણા જોવામાં આવે છે, પરંતુ જન્મથી નિર્મળ એવા વજ્રસ્વામી સરખા સદ્‌ગુરૂઓ તો કોઈક સ્થાને જ જોવામાં આવે છે. ધર્મનું

સ્વરૂપ નહિ જાણનાર અને ધર્મને નામે બીજા જીવોને પોતાની જાળમાં ફસાવનાર કુગુરૂઓ તો આ લોકમાં ચારે બાજુ ઘણા છે. પરંતુ કંચન કામિનીના ત્યાગી પંચ મહાવ્રતધારી પોતે તરે અને બીજાને તારે એવા સુગુરૂઓ તો કોઈક જ સ્થલે જોવામાં આવે છે. આ વાત દૃષ્ટાન્ત આપીને સમજાવે છે–જેમ કાંટાવાળા કેરડાના ઝાડ અને કડવા એવા લીંમડાના ઝાડ તો ઠેર ઠેર જોવામાં આવે છે. પરંતુ કપૂરના તેમજ સારા ચન્દનના વૃક્ષો તો થોડાંજ જોવામાં આવે છે. તેવી રીતે ગધેડાં અને ઉંટ સરખા હલકી જાતનાં પ્રાણીઓ ઘણાં જોવામાં આવે છે. પરંતુ ઉચ્ચૈઃશ્રવા જાતિના ઉત્તમ ઘોડાઓ તથા ભદ્ર જાતિના ઉત્તમ હાથીઓ તો કોઇક જ સ્થલે જોવામાં આવે છે. અથવા સુગુરૂનો સંયોગ મળવો ઘણો દુર્લભ છે કારણ કે એવા સુગુરૂઓ દુનીયામાં ઘણાં નથી. ૨૦

–અહીં જમાલીનું દૃષ્ટાન્ત આ પ્રમાણે:—

શ્રીવીર પ્રભુના જમાઇ જમાલિએ પ્રભુની દેશનાથી બોધ પામીને પ્રિયદર્શનાની સાથે દીક્ષા લીધી જમાલીએ ૫૦૦ ક્ષત્રિયો સાથે અને પ્રભુની પુત્રી પ્રિયદર્શનાએ ૧૦૦૦ સ્ત્રીઓ સાથે દીક્ષા લીધી પ્રભુની સાથે વિહાર કરતાં જમાલિએ અગીઆર અંગોનો અભ્યાસ કર્યો. તેને પ્રભુએ તેની સાથે દીક્ષા લેનારનો આચાર્ય બનાવ્યો. એક વાર પ્રભુને પ્રણામ કરીને જમાલિએ અનિયત વિહાર કરવા માટે આજ્ઞા માગી. શ્રીવીરજિને ભાવી અનર્થને જાણીને વારંવાર પૂછયું. છતાં કાંઈ જવાબ આપ્યો નહિ. તેથી અનિષિદ્ધ અનુમત છે એવી બુદ્ધિથી પ્રભુથી જુદા પડી પોતાના પરિવાર સાથે વિહાર કર્યો.

એક વખત વિહાર કરતાં શ્રાવસ્તી નગરીએ આવ્યા. ત્યાં તાવ આવવાથી અને ઉભા નહિ રહી શકવાથી સાધુઓને સંથારો પાથરવાને કહ્યું. સાધુઓએ પણ સંથારો પાથરવા માંડયો. તાવની આકરી પીડાથી સંથારો થયો કે નહિ એમ વારંવાર પૂછવા માંડયું. ત્યારે તેઓએ કહ્યું કે પાથર્યો. જમાલી ઉઠીને ત્યાં ગયો ત્યારે સાધુઓને સંથારો પાથરતાં જોઈને ક્રોધ કરીને કહ્યું કે તમે પથરાયો છે એવું ખોટું કેમ બોલ્યા. ત્યારે તેઓએ કહ્યું કે 'ક્રિયમાણ' એટલે જે કરાતું હોય તે 'કૃત' એટલે કરાયું કહેવાય. એવું પ્રભુનું વચન છે માટે કરાયો એમ કહ્યું. ત્યારે જમાલીએ કહ્યું કે તમે અજાણ છો ને આ પ્રભુનું વચન ખોટું છે. કરાતું તે કરાએલું કહેવાય નહિ પરંતુ જે કરાયું તે કરાયું કહેવાય. 'ક્રિયમાણં કૃતં' એવું અરિહંતનું કહેવું યોગ્ય નથી. કારણ કે જે કાર્ય હજી પુરૂં થયું નથી અથવા જેનો હજી આરંભ કરાયો છે તેને કરાયું કહેવું એ પ્રત્યક્ષ વિરોધવાળું વચન જણાય છે. માટે હે મુનિઓ! જે કરાયું હોય તેજ કરાયું કહેવાય એવું મારૂં કહેવું યથાર્થ છે માટે મારો પક્ષ અંગીકાર કરો. તીર્થંકરે કહેલું પણ યુક્તિ યુક્ત હોય તોજ અંગીકાર કરવું જોઇએ. જે સર્વજ્ઞ છે તે ખોટું કેમ બોલે એમ તમે કહેશો નહિ. કારણકે મોટા પણ સ્ખલના પામે છે.

મર્યાદા મૂકીને બોલતા જમાલીને સાંભળીને કોપેલા સ્થવિરો કહેવા લાગ્યા કે હે મહાપાપી ગાંડા જેવું શું બોલે

છે? રાગ દ્વેષ રહિત જિનો ખોટું બોલે નહિ. માટે તેઓના વચનમાં પ્રત્યક્ષ વિરોધ હોતો નથી. જો જે સમયે ક્રિયા કરાય તે સમયે કાર્ય ન થતું હોય તો ક્રિયા વિના કાર્ય થાય છે એમ કહેવું પડશે. અને એમ કહેવાથી તો મોટો વિરોધ આવશે. કારણ કે કાર્ય ઉત્પન્ન કરવામાં ક્રિયાની જરૂર રહેશે નહિ. વ્યવહારમાં પણ કોઈ માણસને કાંઈ કામ કરતા જોઇને પૂછીએ તો તે પણ શરૂઆત છે તો પણ ભાવી નામથી જવાબ આપશે. કોઇ બહાર ગામ જવાને ઘેરથી નીકળે અને તેના ઘરના માણસને કોઈ પૂછે તો હજી તે ગામમાં હોય કે સ્ટેશને હોય તો પણ અમુક ગામ ગયા એમ કહેવાય છે. વગેરે ઘણી યુક્તિથી સમજાવ્યા છતાં જ્યારે જમાલિએ ન માન્યું ત્યારે ઘણા ખરા સાધુઓ તેનો ત્યાગ કરીને પ્રભુ પાસે ગયા.

પ્રભુની પુત્રી પ્રિયદર્શનાએ પણ પતિના અનુરાગથી જમાલીનો મત અંગીકાર કર્યો. જમાલી પણ હું સર્વજ્ઞ છું એ પ્રમાણે બોલતો પૃથ્વી ઉપર વિચરવા લાગ્યો. વિહાર કરતાં મોટા અહંકારવાળો તે શ્રાવસ્તી નગરીએ આવ્યો. ત્યાં વીર પ્રભુના ભક્ત ઢંક નામના કુંભારે પ્રિયદર્શનાને તેમના સાડાનો છેડો અંગારાથી બાળીને બોધ પમાડયો. કારણ કે જ્યારે સ્વાધ્યાય કરતા તેમના સાડા ઉપર કુંભારે અંગારો મૂકયો ત્યારે ત્યાં તે બળવાથી કાણું પડયું છતાં પ્રિયદર્શનાએ કહ્યું કે હે શ્રાવક! મારો સાડો કેમ બાળ્યો? ત્યારે ઢંકે કહ્યું કે એ તો પ્રભુનો મત છે તમારા મતે તો સાડો બળ્યો નથી, કારણ કે જ્યારે પૂરેપૂરો બળી જાય ત્યારે

તમારા મતે તે બળ્યો કહેવાય. આ ઢંકના વચનથી પ્રિયદર્શના બોધ પામી. જમાલીને પણ એ વાત કહી. પરંતુ તે સમજ્યો નહિ ત્યારે બીજા બધા જમાલી સાથેના સાધુઓ તથા પ્રયદર્શના તેને છોડીને પ્રભુની પાસે ગયા. અને મિથ્યા દુષ્કૃત આપ્યું. જમાલી એકલો લોકોને છેતરીને અંતે અનશન કરીને મરણ પામી છઠ્ઠા લાંતક દેવલોકમાં કિલ્બિષિક દેવપણે ઉપન્યો. ત્યાંથી ઘણા ભવ રખડશે. આ જમાલિ પ્રથમ નિહ્નવ ગણાય છે. આ પ્રમાણે જમાલિની જેવા ઘણા સાધુઓ મળવા સ્હેલ છે, પણ ઉત્તમ મુનિવરો મળવા સ્હેલ નથી.

॥ ઇતિ જમાલિ કથા ॥

શ્રી વજ્રસ્વામીની કથા ટુંકમાં આ પ્રમાણેઃ—

શ્રીતુંબવન ગામમાં ધનગિરિ નામે શ્રેષ્ઠીની સુનન્દા નામની ભાર્યા હતી. તેની કુક્ષિમાં સ્વર્ગથી તિર્યગ્જૃંભક દેવનો જીવ (જેને ગૌતમસ્વામીએ અષ્ટાપદ પર્વત ઉપર બોધ પમાડયો હતો) આવ્યો. તે વખતે શ્રીસિંહગિરિ નામના ગુરૂ પાસેથી ધર્મ સાંભળીને ધનગિરિએ તેમની પાસે દીક્ષા લીધી. ત્યાર પછી સુનંદાને પુત્ર અવતર્યો. સુતિકા ઘરમાં એકઠી થએલી સ્ત્રીઓના મુખથી પિતાએ દીક્ષા લીધી છે તે સાંભળી તેને જાતિ સ્મરણ જ્ઞાન ઉપન્યું. તેથી તેણે વિચાર્યું કે હું પણ કયારે દીક્ષા લઇશ ? આથી માતા પાસેથી છુટવા માટે નિરંતર રૂદન કરવા લાગ્યો. માતા સ્તનપાન વગેરેથી છાનો રાખે છે તોપણ છાનો રહેતો નથી. એ પ્રમાણે છ માસ ચાલ્યા ગયા. અને સુનન્દા પુત્રના રૂદનથી કંટાળી ગઇ છે.

એટલામાં શ્રીસિંહ ગુરૂ તે ગામમાં આવ્યા. ધનગિરિ ગોચરી લેવા માટે નીકળ્યા ત્યારે ગુરૂએ કહ્યું કે આજે સચિત્ત અચિત્ત જે ગોચરીમાં મળે તે લેવું. તેમણે તે વાત અંગીકાર કરી. અને ગોચરી માટે ફરતાં ફરતાં સુનંદાને ઘેર ગયા. ત્યારે પુત્રના રૂદનથી કંટાળી ગએલી તેણીએ કહ્યું કે રૂદન કરતા આ તમારા પુત્રથી હું ઘણી કંટાળી ગઈછું માટે આ તમારા પુત્રને લઈ જાઓ. ત્યારે સાધુએ કહ્યું કે તું હમણાં પુત્રને આપે છે પણ પાછળથી ઝગડો કરીશ નહિ, ત્યારે તેણીએ કહ્યું કે મારે તમારૂં કે તેનું કામ નથી. ત્યારે ઘણા માણસોને સાક્ષી રાખીને ધનગિરિએ બાલકને ગ્રહણ કર્યો. લાવીને ગુરૂને આપ્યો. ગુરૂએ ઘણો ભારે હોવાથી વજ્ર એવું નામ પાડયું. સાધ્વીઓને સોંપીને ગુરૂએ બીજે વિહાર કર્યો.

સાધ્વીઓના ઉપાશ્રયે બાળકના સૌભાગ્યથી ખુશી થએલી શ્રાવિકાઓએ પુત્રથી પણ અધિક પ્રીતિથી તેને ઉછેરવા માંડયો. સાધ્વીઓના મુખેથી તેઓ અગિઆર અંગ ભણ્યા. ફરીથી વિહાર કરતા સિંહગિરિ ત્યાં આવ્યા. ત્યારે સુનંદાએ પુત્રને પાછો મેળવવા તેમની સાથે ઝગડો કર્યો. પરંતુ તેમણે આપવાની ના કહી, ત્યારે રાજા આગળ સુનંદાએ ફરીયાદ કરી. રાજાએ કહ્યું કે આ બાબતમાં પુત્રજ પ્રમાણ છે, માટે પુત્ર જે તરફ જાય તેનો તે થાય. પ્રથમ સુનંદાએ સુખડી વગેરેથી ઘણો લોભાવ્યો પણ જેને ઘેર જવું નથી તેવા આ બાળકે માતાની સામે પણ જોયું નહિ. ત્યાર પછી ધનગિરિએ તો રજોહરણ દેખાડયો. ત્યારે બાળકે તે હર્ષથી લઈ નાચવા માંડયું. સંઘે જય જય શબ્દ કર્યો. આઠ વર્ષનો

થયો ત્યારે ગુરૂએ દીક્ષા આપી. તે વખતે સુનંદાએ પણ વૈરાગ્યથી દીક્ષા લીધી.

વજ્રસ્વામીની પરીક્ષા કરવા માટે યક્ષોએ વરસાદ વરસતા છતાં સાર્થ વિકુર્વીને રસોઇ બનાવીને વજ્રસ્વામીને આમંત્રણ આપ્યું. પરંતુ વજ્રસ્વામીએ આ દેવો છે અને દેવપિંડ સાધુને કલ્પે નહિ એવું જાણીને તે ગ્રહણ કરી નહિ. તેથી તુષ્ટ થઈને તેઓએ વજ્રસ્વામીને ગગનગામિની વિદ્યા આપી.

એક વાર ગુરૂ બહિર્ભૂમિએ ( ઠલ્લે ) ગયા હતા ત્યારે ઉપાશ્રયના બારણા વાસીને ચપળતાથી સાધુઓની ઉપધિઓ મેળવી તે તે સાધુના નામ લેવા પૂર્વક તે વજ્રમુનિએ વાચના આપવા માંડી. બ્હારથી આવેલા ગુરૂએ બધું સાંભળ્યું. થોડી વાર બારણે ઉભા રહીને પોતે આવ્યા છે એમ જણાવ્યું. તેથી વજ્રસ્વામીએ પણ ઉપધિઓને પોતપોતાના સ્થાને જલદીથી મૂકીને બારણું ઉઘાડ્યું. ત્યાર પછી વજ્રસ્વામીનું સ્વરૂપ બીજાઓને જણાવવા માટે ગુરૂએ બીજે સ્થળે વિહાર કર્યો. ત્યારે સાધુઓએ વિનતિ કરી કે હે ભગવન્! અમને વાચના કોણ આપશે ? ત્યારે ગુરૂએ કહ્યું કે વજ્રસ્વામી તમને વાચના આપશે. વિનયી તે સાધુઓએ તે કબુલ કર્યું. પછી બપોરે નિષદ્યામાં બેસીને શ્રીવજ્રસ્વામીએ તેમને અગીઆર અંગની દેશના આપી. થોડા વખતમાં ઘણી વાચના થવાથી તેઓ રાજી થયા. અનુક્રમે ગુરૂ આવ્યા. સાધુઓએ હકીકત કહી, ત્યારે યોગ વહન કરાવીને વજ્રસ્વામીને વાચનાચાર્ય બનાવ્યા.

બાકીના શ્રુતનો અભ્યાસ કરવા માટે શ્રીભદ્રગુપ્તસૂરિ પાસે મોકલ્યા. તેમણે પાછલી રાત્રીએ "દૂધથી ભરેલું મારૂં પાત્ર કોઈક પી ગયું" એવું સ્વપ્ન જોયું. સવારમાં શિષ્યોને કહ્યું કે દશ પૂર્વનો અભ્યાસ કરનાર કોઈક આજે આવશે. તેવામાં શ્રીવજ્રસ્વામી ત્યાં આવ્યા. સંતોષ પામેલા તેમણે સર્વ શ્રુતનો અભ્યાસ કરાવ્યો. અને ગુરૂ પાસે મોકલ્યા. ગુરૂએ વજ્રસ્વામીને આચાર્યપદ આપ્યું. ત્યાર પછી જૈન ધર્મની ઘણી પ્રભાવના કરીને તેઓ દેવલોકમાં ગયા.

॥ ઇતિ વજ્રસ્વામીની કથા ॥

**અવતરણ:**—એ પ્રમાણે નવમું ગુરૂદ્વાર કહીને હવે દસમું ધર્મદ્વાર બે ગાથાઓ વડે જણાવે છે:—

( इन्द्रवज्रा वृत्तम् )

विज्ञाय धन्या जिनधर्ममर्म,
रज्यन्ति शय्यंभववन्न जाड्ये ।
पीत्वा सिताभावितधेनुदुग्धं,
को वाम्लतक्रार्कपयांसि पश्येत् ॥ २१ ॥

ધન્ય પુરૂષો તત્ત્વને જિનધર્મના જાણી તજે,
જાડ્ય શય્યંભવ પરે જિનધર્મને રંગે ભજે;
પીનાર જન સાકર ભળેલા ગાય કેરા દૂધને,
કોણ? ખાટી છાશ જૂએ આકડાના દૂધને. ૧

શ્લોકાર્થ:—જિનધર્મના સારને જાણીને શય્યંભવની પેઠે ધન્ય પુરૂષો મૂઢતાને વિષે રાગ કરતા નથી. દૃષ્ટાંત કહે છે કે સાકરથી મિશ્રિત ગાયનું દૂધ પીધા પછી ખાટી છાસ અથવા આકડાના દૂધ સામું કોણ જુએ ? ૨૧

સ્પષ્ટાર્થ:—જિન ધર્મના સારને જાણીને એટલે બીજા બધા ધર્મો કરતાં જિનધર્મ જ ઉત્તમ છે એવું જાણ્યા પછી ધન્ય પુરૂષો શય્યંભવની પેઠે મૂઢતામાં ( બીજા ધર્મમાં) રાગ કરતા નથી એટલે મિથ્યાત્વમાં આસકત થતા નથી. કારણ કે આ શય્યંભવ પ્રથમ બ્રાહ્મણ હતા અને પશુઓને મારીને યજ્ઞ કરતા હતા તે વખતે ' अहो कष्ट तत्वं न ज्ञायते क्वचित् ' એટલે કષ્ટની વાત છે કે જરા પણ તત્વ જણાતું નથી ' એવું સાધુનું વચન સાંભળીને ગુરૂને તત્ત્વ પૂછીને યજ્ઞનો ત્યાગ કરીને દીક્ષા ગ્રહણ કરીને આચાર્ય પદને પામ્યા. અહીં દૃષ્ટાંત કહે છે કે જેણે સાકરથી મિશ્રિત કરેલું દૂધ પીધું છે એટલે તેની મીઠાશ જાણી છે તેવો કયો પુરૂષ ખાટી છાસ અથવા આકડાના દૂધની સામે જુએ ? એટલે તેવો મનુષ્ય ખાટી છાસ અને આકડાના દૂધ સામે જોતો પણ નથી તો ખાવાની તો વાત જ શી ? તેવી રીતે જિનધર્મ રૂપી ગાયના દૂધનો સ્વાદ જાણનાર ભવ્ય જીવ ખાટી છાસ અને આકડાના દૂધ સરખા અન્ય મત સામે જોતો નથ. ૨૧.

**શ્રી શય્યંભવસૂરિનું દૃષ્ટાંત** ટૂંકમાં આ પ્રમાણે જાણવું:—

જંબૂસ્વામીના શિષ્ય શ્રીપ્રભવસ્વામી રાજગૃહી નગરીમાં વિહાર કરતા કરતા પધાર્યા. તેમણે તે વખતે શ્રુતના

ઉપયોગથી પોતાના પદને લાયક કોણ છે તે જોયું તો સ્વગચ્છમાં કોઈ જણાયું નહિ. તેથી તેમણે ગચ્છ બહાર દૃષ્ટિ મૂકી તો ધર્મને માટે યજ્ઞ કરતા શય્યંભવ નામના બ્રાહ્મણને લાયક જોયો. તેથી તેને બોધ કરવાને માટે ગુરૂએ યજ્ઞ આગળ બે ચતુર સાધુઓને મોકલ્યા અને તેઓને ત્યાં જઈને "अहो कष्टमहो कष्टं तत्त्वं न ज्ञायते परम्" એટલું બોલીને પાછા આવવાનું જણાવ્યું.

બંને સાધુઓ યજ્ઞના સ્થાને ગયા અને ગુરૂએ કહેલો શ્લોક બોલીને પાછા ફર્યા. આ સાંભળીને શય્યંભવે વિચાર કર્યો કે આ (યજ્ઞ કરવો તે) તત્ત્વ છે કે બીજું એ પ્રમાણે વિચાર કરતાં જૈનો મૃષાવાદી હોતા નથી, તેથી તેણે ગુરૂને (યજ્ઞ કરાવનારને) પૂછયું કે તત્ત્વ શું છે? ત્યારે ગુરૂએ કહ્યું કે યજ્ઞક્રિયા તત્ત્વ છે. આ વચન મિથ્યા છે એવું જાણીને કોપેલા શય્યંભવે તરવાર ખેંચીને ગુરૂ તરફ ધસીને કહ્યું કે તત્ત્વ બોલો નહિ તો આનાથી માથું કાપી નાખીશ. ગુરૂએ 'શિરચ્છેદ વખતે તત્ત્વ કહેવું જોઇએ' એમ વિચારીને ભય પામીને યજ્ઞસ્તમ્ભ નીચે દાટેલી શાન્તિનાથની પ્રતિમા આપી. તેથી બોધ પામેલા શય્યંભવે કુલક્રમથી આવેલ મિથ્યાત્વનો ત્યાગ કરીને પ્રભવસ્વામી પાસે આવીને દીક્ષા લીધી અને અનુક્રમે બાર અંગોનો અભ્યાસ કર્યો.

આ તરફ શય્યંભવે પોતાની ગર્ભવતી સ્ત્રીનો ત્યાગ કર્યો હતો. તેણીએ યોગ્ય વખતે સુંદર પુત્રને જન્મ આપ્યો. તેનું મનક નામ રાખ્યું. અનુક્રમે વૃદ્ધિ પામતાં તે આઠ વર્ષનો થયો. ત્યારે સમાન વયના બાળકો સાથે રમતી વખતે

તે બાળકોએ તેને ‘ન આપો’ કહ્યો. તેથી લજ્જા વડે તેણે આગ્રહપૂર્વક પોતાની માતાને પૂછ્યું કે મારા પિતા કોણ છે? ત્યારે તેણીએ ગદ્ગદ્ કંઠે કહ્યું કે યજ્ઞ કરતા તારા પિતા શ્વેતાંબર સાધુ વડે કાંઈક કહીને ઠગાયા તેથી ગર્ભવતી મને છોડીને તેણે જૈનાચાર્ય પાસે દીક્ષા લીધી છે. તે તારા સાધુ પિતા હમણાં શ્વેતામ્બરોમાં અગ્રેસર થયા છે અને હાલમાં પાટલીપુત્ર નગરમાં છે એમ સંભળાય છે.

તે સાંભળી પિતાને જોવાને આતુર મનક માતાની રજા મેળવી પાટલીપુત્રમાં આવ્યો. અને ત્યાં રહેલા સૂરિને શય્યંભવ ક્યાં છે એમ પૂછ્યું. તેઓએ પણ શ્રુતના ઉપયોગથી આ પોતાનો પુત્ર છે એમ જાણ્યું. ત્યાર પછી પોતેજ તે છે એવું જણાવી વસતિમાં લાવીને તેમણે તેને દીક્ષા આપી. પરંતુ આ પોતાનો પુત્ર છે એ વાત બીજા સાધુઓને જણાવી નહોતી.

શ્રીશય્યંભવસૂરિએ પુત્રનું છ માસનું અલ્પ આયુષ્ય બાકી છે એવું શ્રુતોપયોગથી જાણ્યું. તેથા તેનું હિત કરવાની બુદ્ધિથી ગુરૂએ બાર અંગમાંથી ઉદ્ધાર કરીને દશવૈકાલિક શાસ્ત્રની રચના કરીને તેને ભણાવ્યો. તેણે પણ શાસ્ત્રનો અભ્યાસ કર્યો અને આયુષ્ય પૂર્ણ થવાથી મરીને દેવલોકમાં ઉત્પન્ન થયો. તે વખતે સૂરિએ પણ અશ્રુપાત કર્યો. ત્યારે બીજા મુનિઓએ કહ્યું કે તમારા સરખા પણ ધીર પુરૂષો આ પ્રમાણે કરે તો અમારા જેવાનું તો શું કહેવું? ત્યારે ગુરૂએ કહ્યું કે આ અશ્રુપાત મોહને લઈને નથી પરંતુ વિસ્મય જનક છે, ત્યારે સાધુઓએ પૂછ્યું કે મરણમાં

વિસ્મય શો છે. ત્યારે ગુરૂએ કહ્યું કે મારા પુત્રે થોડા વખત ચારિત્ર પાળીને સ્વર્ગ મેળવ્યું તે વિસ્મય છે. ત્યારે સાધુઓએ કહ્યું કે તે તમારો પુત્ર હતો એવું તમોએ અમને પ્રથમ કેમ જણાવ્યું નહિ? ત્યારે આચાર્યે કહ્યું કે જો તે વાત મેં જણાવી હોત તો તેના આત્માનું કલ્યાણ થાત નહિ, કારણ કે તમો તેને વૈયાવચ્ચાદિ કરવા દેત નહિ. ત્યાર પછી સમાધિપૂર્વક ચારિત્ર પાલીને શય્યંભવસૂરિ પણ દેવલોકમાં ગયા. આ કથાનો સાર એ છે કે તત્ત્વને જાણીને બુધ પુરૂષે મિથ્યાત્વનો ત્યાગ કરવો અને સ્વહિતને સાધવું.

॥ ઇતિ શય્યંભવસૂરિ કથા ॥

**અવતરણ:**—જડ પુરૂષ હિતકારી ધર્મ પામ્યા છતાં પણ તેનો ત્યાગ કરી ઇન્દ્રિય સુખોમાં આસક્ત થાય છે તે વાત જણાવે છે:—

૫ ૨ ૧ ૩ ૪
**लब्धे जडः कोऽपि हितेऽपि धर्मे,**
૯ ૮ ૭ ૬
**श्रयत्यक्षसौख्यानि शशीव राजा ।**
૧૨ ૧૧ ૧૦ ૧૪ ૧૩
**न पंकजं भेक उपैति पंकं,**
૧૫ ૧૭ ૧૬ ૧૯ ૧૮
**क्रमेलको नाम्रमियर्त्ति निंबम्** ॥ २२ ॥

**હિતકારી ધર્મ લહ્યા છતાં પણ કેઇ મૂર્ખ વખાણતા,**
**ઇંદ્રિયોના સુખ શશી રાજા પરે કદિ ના જતા;**

**કમલ પર પણ દેડકા કાદવ વિષે જઈ બેસતા,**
**ઉંટ આંબા પાસ ન જતાં લીંબડા પાસે જતા. ૧**

**શ્લોકાર્થ:**—કોઈક મૂર્ખ પુરૂષ હિતકારક ધર્મને પામ્યા છતાં પણ શશી નામના રાજાની પેઠે ઇન્દ્રિયનાં સુખોને વખાણે છે. દૃષ્ટાંત કહે છે—દેડકો કમલ તરફ ન જતાં કાદવમાં જાય છે અને ઉંટ આંબા તરફ ન જતાં લીંબડા તરફ જાય છે. ૨૨

**સ્પષ્ટાર્થ:**—ધન્ય પુરૂષો ઉત્તમ ધર્મને પામીને મિથ્યાત્વનો ત્યાગ કરે છે ત્યારે કોઈક મૂર્ખ પુરૂષ હિતકારી ધર્મને પામ્યા છતાં પણ શશી નામના રાજાની પેઠે ધર્મનો ત્યાગ કરીને ઇન્દ્રિયનાં સુખોને વખાણે છે એટલે ઇન્દ્રિય સુખોમાં આસકત થાય છે. આ બાબતમાં દૃષ્ટાંત આપતાં કવિશ્રી કહે છે કે દેડકો કમળનો ત્યાગ કરીને કાદવ તરફ જાય છે તેમજ ઉંટ આંબા સરખા ઉત્તમ વૃક્ષનો ત્યાગ કરી કડવા લીંબડાના ઝાડ તરફ જાય છે. અથવા મૂર્ખનો એ સ્વભાવ જ છે કે ઉત્તમ પદાર્થની તરફ તેને પ્રીતિ થતી નથી અને ખરાબ વિષયાદિ પ્રત્યે તેને રાગ થાય છે. ૨૨

શશી રાજાનું દૃષ્ટાન્ત આ પ્રમાણે:—

શુક્તિમતી નામની નગરીમાં શશી નામે રાજા હતો. તેનો નાનો ભાઈ સૂર યુવરાજ પદે હતો. ઉદ્યાનને વિષે ગએલા તેમણે પરિવાર સાથે ત્યાં રહેલા શ્રીશીલસાગર સૂરિને જોયા. તે બંને રાજી થઈને મુનિને નમીને બેઠા. સૂરિએ પણ ધર્મલાભ દઈને તેમને ધર્મનો ઉપદેશ કર્યો.

ઉત્તમ મનુષ્ય ભવ પામીને જે જડ પુરૂષો ધર્મ કરતા નથી તેઓ મહા મહેનતે પ્રાપ્ત થએલા ચિન્તામણિ રત્નને સમુદ્રમાં ફેંકી દે છે. માટે તમે બંનેએ પણ પૂર્વ પુણ્યના યોગે ઉત્તમ મનુષ્ય ભવ મેળવ્યો છે તો તેવું સુકૃત કરવું જોઈએ કે જેથી મુકિત મળે. ધન્ય પુરૂષો મનુષ્ય જન્મ વડે સ્વર્ગ અને મોક્ષ મેળવે છે અને અધન્ય પુરૂષો તેનાજ વડે નરકની વેદના મેળવે છે. તેથી બોધ પામીને યુવરાજ સૂરે જિનધર્મ અંગીકાર કર્યો, પરંતુ શશીને સમજાવ્યો તો પણ ઘણો વિષયી હોવાથી તેણે મિથ્યાત્વનો ત્યાગ કર્યો નહિ.

તીવ્ર તપ તપતા, ભાઈના હિતને ઇચ્છતા સૂરે એક વખત સારા આશયથી શશી રાજાને કહ્યું કે હે ભાઇ! સ્વર્ગની અંદર સાગરોપમ સુધી કયા ભોગો ભોગવ્યા નથી તે છતાં તેનાથી સંતોષ થયો નથી તો તુચ્છ મનુષ્યના ભોગોની તો વાતજ શી? માટે તુચ્છ વિષયોનો ત્યાગ કરીને મહા સુખ આપનાર ધર્મનો આશ્રય કર. ત્યારે શશી રાજાએ હસીને કહ્યું કે કયો જડ પુરૂષ પ્રાપ્ત થએલા સુખનો ત્યાગ કરીને પરજન્મના અપ્રાપ્ત સુખ માટે પ્રયત્ન કરે. ધર્મ સુખદાયી નથી પરંતુ આ રાજ્ય, વસ્ત્ર, સ્ત્રી વગેરેનો ભોગ સુખદાયી છે. પરભવ કોણે જોયો છે? માટે ભોગો ભોગવતાં તું મને અન્તરાય કર નહિ. હે ભાઈ! તું પણ દક્ષ હોય તો પ્રાપ્ત થએલા આ યૌવનને ફોગટ હાર્યા સિવાય ભોગો ભોગવ.

આથી ખિન્ન થએલા સૂરે વિચાર્યું કે આ મારો ભાઈ ભારેકર્મી છે તો તેને ઉપદેશ આપવાથી સર્યું. મારૂં હિતજ આચરૂં. આથી તેણે ચારિત્ર ગ્રહણ કર્યું. સર્વ પરિગ્રહનો

ત્યાગ કર્યો. ધર્મની આરાધના કરી સમાધિ પૂર્વક મરણ પામીને દેવલોકમાં ગયો. અને વિષયસુખની તૃષ્ણાવાળો શશી રાજા મરીને અનેક પ્રકારની વેદનાવાળા નરકમાં ગયો. અવધિજ્ઞાનથી આ વાત જાણીને નરકમાં ગયેલા તેને સૂરદેવે પોતાની અદ્ભૂત ઋદ્ધિ દેખાડી. તે ઋદ્ધિ જોઈને પશ્ચાત્તાપવાળા થએલા તેણે કહ્યું કે હે ભાઈ! હજુ પણ તું મારા તે શરીરનું ઘણું છેદન ભેદન કર જેથી હું પણ હમણાં તે ઋદ્ધિ પામીને સુખી થાઉં. ત્યારે સૂરે ગદ્ગદ્ કંઠે તેને કહ્યું કે આત્મા રહિત તે શરીરને કષ્ટ આપવાથી શું થાય? જો તેં તે વખતે ધર્મસાધન કર્યું હોત તો દુર્ગતિમાં પડયો ન હોત. હવે કાંઈ થઈ શકે નહિ. એ પ્રમાણે કહી તેના દુઃખથી દુઃખી થઈને સૂરદેવ સ્વસ્થાને ગયો. શશી રાજા જેમ ધર્મ નહિ કરવાથી દુઃખી થયો તેમ અધોગામી જીવો ધર્મ પામ્યા છતાં ધર્મમાં પ્રમાદ કરીને દુઃખી થાય છે.

॥ ઇતિ શશિ રાજાની કથા ॥

અવતરણઃ—દશમા ધર્મ દ્વારનું સ્વરૂપ કહીને હવે બે ગાથાઓ વડે અગિયારમું શક્તિદ્વાર કહે છેઃ—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

१ २
अष्टाब्दोऽपि तथाविधव्रततपःस्वाध्यायकृत्यासहो-
३ ४ ७ ८ ५ ६
प्युच्चैर्ध्यानबलेन कर्मरिपुभिर्मुक्तोऽतिमुक्तो मुनिः ।
१२ १६ ९ १५ १४ १३ ११ १०
शक्त्या गच्छत तन्न किं हितपथं मुक्त्वा प्रमादोत्तरं,
१२ १७ १८ १९ २०
श्रूयन्ते च मदालसातनुभुवो बाल्येऽपि योगोज्वलाः ॥ २३ ॥

આઠ વર્ષોની હતી ઉંમર છતાં બહુ આકરા,
વ્રત તપ અને સ્વાધ્યાય કરવા નહિ હતા શક્તિધરા;
અતિમુક્ત મુનિને તે શ્રેષ્ઠ ધ્યાને કર્મ શત્રુને હણે,
બાલપુત્ર મદાલસાના ધ્યાનથી નિર્મલ બને. ૧

એમ જાણી પ્રમાદ છંડી કેમ હિત સાધો નહી,
પામેલ સાધન વિણસતાં ફરી વાર તે મળશે નહી;
પુણ્યવંતા પુણ્યયોગે પુણ્ય સામગ્રી લહે,
ચેતનારા સાધ્ય સાધી પરમ શાંતિમાં રહે. ૨

શ્લોકાર્થ:—આઠ વર્ષની ઉંમર છતાં પણ, વળી તથા પ્રકારના વ્રત તપ અને સ્વાધ્યાય કાર્યોમાં અસમર્થ છતાં પણ ઉચ્ચ પ્રકારની ધ્યાનની શક્તિથી અતિમુક્ત નામના મુનિ કર્મ રૂપી શત્રુથી મૂકાણા છે તેથી કરીને પ્રમાદ રૂપી મોટી આળસને છોડીને શક્તિ વડે હિતના માર્ગે કેમ જતા નથી? વળી સંભળાય છે કે મદાલસાના પુત્રો બાલ્યાવસ્થામાં પણ ધ્યાન વડે નિર્મલ થયા છે. ૨૩

સ્પષ્ટાર્થ:—ધ્યાનની શક્તિ એટલે અંતરંગ મનોબલનો કેટલો પ્રભાવ છે તે જણાવતાં કવિશ્રી કહે છે કે અતિમુક્ત નામના મુનિની આઠ વર્ષની નાની ઉંમર હતી. વળી તે તેવા પ્રકારના અહિંસાદિ દુષ્કર વ્રતોના પાલનમાં અસમર્થ હતા, વળી છ પ્રકારના બાહ્ય તપ તથા છ પ્રકારના અભ્યન્તર તપ એમ બાર પ્રકારના તપ કરવામાં પણ અસમર્થ હતા તેમજ સ્વાધ્યાય કાર્ય એટલે ભણવું વગેરે પાંચ પ્રકારનો

સ્વાધ્યાય કરવામાં પણ અસમર્થ હતા, તો પણ ઉંચ પ્રકારના શુભ ધ્યાનના બલથી કર્મરૂપી શત્રુથી મુક્ત થયા એટલે મોક્ષને પામ્યા. તેથી કરીને હે ભવ્ય જીવો! પ્રમાદ રૂપી ખરાબ આળસને છોડી દઈને અંતરંગ મનોબલ વડે હિતના માર્ગ રૂપ ધર્મમાર્ગને વિષે કેમ જતા નથી? એટલે ધર્મને કેમ આચરતા નથી. વળી આજ ધ્યાન બલ વડે કરીને મદાલસાના પુત્રો પણ બાલ્યાવસ્થામાં નિર્મલ થયા છે, એવું સંભળાય છે. માટે કવિશ્રી કહે છે કે કદાચ તમારાથી દુષ્કર વ્રત વગેરે તથા તપ વગેરે ન બની શકતા હોય તો પણ શુભ ધ્યાનમાં તત્પર રહો. ૨૩

અતિમુક્ત મુનિનું દૃષ્ટાન્ત આ પ્રમાણે:—

શ્રાવસ્તી નગરીમાં શ્રેષ્ઠીમાં અગ્રેસર રત્નાદિત્ય નામે શેઠ હતો. તેને અતિમુક્ત નામે પુત્ર હતો. લઘુકર્મી હોવાથી તેને બાલપણમાં પણ વૈરાગ્ય થવાથી શીલંધર નામના ગુરૂની પાસે તેણે દીક્ષા લીધી. તે એક વખત સૂરિની સાથે બહિ-ર્ભૂમિમાં ગયો. સૂરિ પુરિષોત્સર્ગ કરવાને (ઠલ્લે જવાને) વનાન્તરમાં ગયા. તે વખતે ક્રીડા કરતા તે ક્ષુલ્લક સાધુએ કાચલી સરોવરમાં નાખી, તેને પાણીમાં તરતી જોઇને અહો મારી નાવ કેવી તરે છે? એમ બોલવા લાગ્યો. તેને આ પ્રમાણે ક્રીડા કરતો જોઈને સૂરિએ કઠોર સ્વરે કહ્યું કે તેં આ પ્રમાણે પાણી અને માટીની વિરાધના કેમ કરી? આપણાથી આમ થાય નહિ. પછી વસતિમાં આવેલા તેમણે તેને તે ઇર્યાપથિકી વિરાધના સારી રીતે પ્રતિક્રમવાનું કહ્યું. તે વખતે તે ક્ષુલ્લક (અતિમુક્ત) સાધુ શુભ આશયથી

અપ્રમત્તપણે 'દગમટ્ટી' એ પ્રમાણે બોલતા શુકલ ધ્યાન વડે કેવલજ્ઞાન પામ્યા. આ પ્રમાણે ન બાળક હતા તોપણ ધર્મમાં યત્ન કરીને કેવલજ્ઞાન મેળવ્યું તો કાયિક શક્તિ વગેરે સામગ્રી મેળવીને હે ભવ્ય જનો! ધર્મની આરાધના કરવામાં પ્રમાદ સેવવો નહિ.

॥ ઈતિ અતિમુક્ત મુનિ કથા ॥

મદાલસાના પુત્રોનું દૃષ્ટાંત આ પ્રમાણે:—

કાંચનપુર નામના નગરમાં કેતુધ્વજ નામે રાજા હતો. તેને મદાલસા નામે રાણી હતી. રાજાની સાથે ભોગ ભોગવતા તે રાણીએ એક પુત્રને જન્મ આપ્યો. હર્ષિત થએલા પિતાએ તેનો જન્મ મહોત્સવ કર્યો. પારણામાં રહેલો તે પુત્ર જ્યારે રૂવે છે ત્યારે મદાલસા તેને હિંચકો નાખતાં કહે છે કે તું મૃત્યુથી ભય કેમ પામે છે. ભય પામવાથી મૃત્યુ ભય પામનારને મૂકતું નથી અને જન્મરહિતને તે ગ્રહણ કરતું નથી. માટે જન્મ લેવો ન પડે તેવો યત્ન કર. તેનો અર્થ વિચારતા તે બાળક વૈરાગ્યરંગવાળો થયો, તેથી તે બાલક રૂદન કરતો નથી અને દરરોજ સુખે રહે છે. આઠ વર્ષનો થયો ત્યારે વૈરાગ્યથી દીક્ષા લીધી અને તપસ્યા કરવા લાગ્યો, એ પ્રમાણે મદાલસાએ બાલ્યપણામાં સાત પુત્રોને પ્રતિબોધ પમાડ્યો તેથી તે બધા તપસ્વી થયા. આ પ્રમાણે કેટલાક મનુષ્યો લઘુકર્મી હોવાથી બાળપણામાં પણ પ્રતિબોધ પામીને ધર્મ પામીને ઉત્તમ ગતિ મેળવે છે.

॥ ઈતિ મદાલસા સુત કથા ॥

**અવતરણઃ**—ભાવના શક્તિથી મૃગ પણ દેવ થયો તે જણાવે છેઃ—

॥ वसंततिलकावृत्तम् ॥

२ ४ ३ १ ५
शीलं तपश्च बलदेवमुनिश्चरित्वा,
७ ८ ६ ९ १०
दानं प्रदाय रथकृत्त्रितयेऽप्यशक्तः ।
११ १२ १३ १४ १५
एणो मुदा तदनुमोदनया सुरोऽभू—
१६ १७ १९ २० १८
द्योगाद्धि सिद्धिमगमच्चतुरंगितांह्रिः ॥ २४ ॥

**બલદેવ મુનિ શીલ તપ કરી રથકાર તે મુનિરાજને,**
**દાન દઈ પણ કરી શકે નહિ હરિણ શીલ તપ દાનને;**
**તે છતાં અનુમોદનાથી બ્રહ્મસ્વર્ગે ત્રણ જણાં,**
**સુર થાય પામે ધ્યાનથી પુણ્યાઢ્ય નૃપ સુખ સિદ્ધિના. ૧**

**શ્લોકાર્થઃ**—બલદેવ નામના મુનિએ શીલ અને તપનું આચરણ કરીને તથા રથકારે મુનિને દાન દઇને અને એ ત્રણે (દાન, શીલ, તપ) માં અશક્ત એવા મૃગે હર્ષથી તેની અનુમોદના કરવાથી (સમાન) દેવપણું પ્રાપ્ત કર્યું. સમાધિથી ચતુરંગિતાંહ્રિ નામે પુરૂષ સિદ્ધિ ગતિને પામ્યા છે.૨૪

**સ્પષ્ટાર્થઃ**—ગ્રન્થકાર દાન શીલ તપ અને અનુમોદના (ભાવનાશક્તિ) નું સરખું ફળ પણ મળે છે તે જણાવે છે. કૃષ્ણ વાસુદેવના મોટા ભાઇ બલદેવે દીક્ષા લીધી હતી અને તેમના રૂપથી સ્ત્રીઓ મોહિત થતી હોવાથી તે મુનિરાજ

ગોચરી માટે ગામમાં પણ જતા ન્હોતા, પરંતુ જંગલમાંજ ઉચિત આહાર મળે તો ગ્રહણ કરતા હતા. તે બલદેવ મુનિએ ઘણા વર્ષો સુધી શીલ એટલે ચારિત્ર અને તપનું આચરણ કર્યું. ત્યાં જંગલમાં ઝાડ કાપવા આવેલા રથકારે ઝાડ કાપવા માંડેલું અને થોડું કાપવાનું બાકી હતું ત્યારે ખાવા બેસતો હતો તેવામાં બલદેવ મુનિની સાથે રહેનારો મૃગ બલદેવને રથકાર પાસે ગોચરી લેવા માટે તેડી લાવે છે અને તે રથકાર બલદેવ મુનિને ગોચરી આપે છે. તે વખતે સાથે આવેલો મૃગ જે બલદેવ મુનિના તપ અને શીલની તથા રથકારના દાનની અનુમોદના કરે છે કે આ મુનિને તથા રથકારને ધન્ય છે કે જેઓ મનુષ્ય હોવાથી શીલ અને તપ અને દાન આચરી શકે છે. એ પ્રમાણે જ્યારે રથકાર મુનિને ગોચરી આપે છે અને મૃગ તેની અનુમોદના કરી રહ્યો છે તે વખતે કાપતાં થોડું અધુરૂં રહેલું ઝાડ પવનના સપાટાથી તે ત્રણેની ઉપર પડે છે અને તેથી તે ત્રણે જણા સાથે મરણ પામે છે અને ત્રણે જણા એકજ બ્રહ્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે દાન શીલ તપનું અને અપેક્ષાએ અનુમોદના (મનની દૃઢભાવના શકિત)નું સમાન ફળ મળ્યું વળી યોગથી એટલે સમાધિ (શકિત)થી ચતુરંગિતાંઙ્ઘ્રિ નામના પુરૂષે સિદ્ધિપદ મેળવ્યું છે. ૨૪

બલદેવ મુનિની કથા આ પ્રમાણે:—

દ્વૈપાયન ઋષિએ દ્વારકાનગરી બાળી નાખી ત્યારે ત્યાંથી બચીને નીકળી ગએલા કૃષ્ણ વાસુદેવ અને બલદેવ ફરતા

ફરતા છેવટે એક જંગલમાં આવ્યા. ત્યાં કૃષ્ણને તરસ લાગવાથી બળદેવ પાણી લેવા ગયા તેવામાં જરાકુમારે કૃષ્ણને બાણથી માર્યા. પાણી લઈને પાછા આવેલા બળદેવ ભાઇના સ્નેહને લીધે છ મહિના સુધી કૃષ્ણના મડદાને લઈને ફર્યા અને મિત્ર થએલા દેવે બલદેવને પ્રતિબોધ પમાડયો ત્યારે વૈરાગ્યથી બલદેવે દીક્ષા લીધી. અને ઉગ્ર તપ કરીને કર્મ બાળવા માંડયા. અનુક્રમે તેઓ ગીતાર્થ થયા. બલદેવ ઘણા રૂપવાન હતા. તેઓ એક વખત પારણાને માટે કોઇક નગરમાં જતા હતા ત્યારે બલદેવમુનિને કૂવા ઉપર પાણી ભરવા આવેલી કોઇક યુવતિએ જોયા. ત્યારે તેમનું રૂપ જોઈને મોહિત થએલી તે યુવતિએ ઘડાને બદલે સાથે લાવેલ પોતાના બાળકના ગળામાં દોરડાનો ગાળો નાખીને કૂવામાં નાખ્યો. આ જોઈને મુનિએ કહ્યું કે આ તું શું કરે છે? આ સાંભળીને સમજીને બાળકને કૂવામાંથી બહાર કાઢયો. આવું જોઇને મુનિએ વિચાર્યું કે તપથી બળ્યા છતાં પણ મોહિત કરતા મારા રૂપને ધિક્કાર થાઓ. હવે મારે શું કરવું. આવું વિચારીને પારણા માટે નગરાદિકમાં આવતા હતા તે પણ બંધ કરીને હવે મારે ભિક્ષા માટે નગરમાં પણ જવું નહિ એવો અભિગ્રહ લીધો અને તુંગિકાગિરિએ ગયા.

ત્યાં તેમના તીવ્ર તપને લીધે ખેંચાએલા હરિણો પણ તેમની ઉપાસના કરે છે. એમાં એક મૃગ તો તેમની સાથે એવો હળી ગયો હતો કે તે તેમની સાથે રહેતો હતો. એક વખતે તે પર્વત ઉપર એક રથકાર લાકડા માટે આવ્યો હતો.

મધ્યાન્હે ઘણો ભાગ જેનો કપાયો હતો એવા એક વૃક્ષ નીચે જમવા બેસતો હતો તે વખતે બલદેવ મુનિ પારણા માટે ફરતા તે મૃગની સાથે ત્યાં આવ્યા. મુનિને આવેલા જોઇને રથકારે તેમને આનંદથી નિમંત્રણ આપ્યું. અને ભાવ પૂર્વક વહોરાવવા માંડ્યું. તે જોઈને મૃગ વિચારવા લાગ્યો કે આ રથકારને ધન્ય છે જે મુનિને આ પ્રમાણે દાન આપે છે માટે એનો જન્મ સફળ છે. તપ કરતા મુનિ પણ વખાણવા યોગ્ય છે. પણ તપ અને દાનથી રહિત એવો હું જ ફક્ત હીનભાગી છું. આ પ્રમાણે મૃગ ભાવના ભાવે છે, રથકાર પણ આહારનું દાન આપે છે અને મુનિ તે ગ્રહણ કરે છે તે વખતે પ્રચંડ પવનના ઝપાટાથી તે કાપવા માંડેલું ઝાડ એકદમ તે ત્રણે જણાંના ઉપર પડ્યું અને તેજ વખતે તે ત્રણે જણાં મરણ પામીને પાંચમા બ્રહ્મ દેવલોકમાં દેવ થયા. એ પ્રમાણે દાન આપનાર, દાન લેનાર અને તેની અનુમોદના કરનાર આ ત્રણેને એક સરખો લાભ થયો. એવી રીતે બીજા મનુષ્યોએ પણ સ્વશકિત પ્રમાણે દાનાદિ ધર્મકાર્યમાં અવશ્ય ઉદ્યમ કરવો.

॥ ઇતિ બલદેવ મુનિ કથા ॥

બીજી ચતુરંગપાદ પુરૂષ ( પુણ્યાઢ્ય )ની કથાઃ—

પદ્મપુર નામના નગરમાં તપન નામનો રાજા હતો. તે નગરમાં ધનાવહ નામે શેઠ હતો. કરીયાણાં ખરીદ કરીને તે એક વખત સિંહલદ્વીપમાં ગયો. ત્યાં દાણથી મુકત કરીને તેનો ત્યાંના રાજાએ સત્કાર કર્યો. ત્યાં તેણે એક સુંદર હાથી જોયો તેથી તે તપન રાજાને યોગ્ય છે એમ જાણી રાજાને

ભેટ આપવા માટે તે હાથી તેણે ગ્રહણ કર્યો. અને પોતાના નગરમાં આવી રાજાને ભેટમાં આપ્યો. તે હાથીના પ્રભાવથી તપન રાજાએ બળવાન શત્રુ રાજાઓને જીતીને વશ કર્યા. આ હાથી તપન રાજાનો પૂર્વ ભવનો મિત્ર હતો. તેથી તેને બોધ પમાડવાને માટે તેણે ખડી લઈને પોતાની સૂંઢ વડે રાજદ્વારને વિષે આ પ્રમાણે શ્લોક લખ્યો:—

"अविज्ञातत्रयीतत्त्वो, मिथ्यात्वोल्लसद्भुजः ।
हा मूढा शत्रुघोषेण मित्रघ्लोषेण हृष्यति ॥१॥

આ શ્લોકનો અર્થ રાજાએ ઘણા વિદ્વાનોને બોલાવીને પૂછ્યો. પરંતુ કોઈ પણ તેનો ભાવાર્થ યથાર્થ કહી શક્યો નહિ. તે દરમિઆન ત્યાં આનંદસૂરીશ્વર આવ્યા. તેમને નમીને રાજાએ તે શ્લોકનો અર્થ પૂછ્યો. અને આચાર્યે પણ તે શ્લોકનો અર્થ યથાર્થ કહ્યો. તેથી વૈરાગ્ય પામીને તપન રાજા દીક્ષા લેવા તૈયાર થયો. ત્યારે રાજ્યના મંત્રીઓએ રાજાને પૂછ્યું કે રાજ્ય તમારૂં છે માટે તે કોને દેવું તે અમને જણાવો. ત્યારે રાજાએ કહ્યું કે આ હાથી જેને રાજ્ય આપે તેને આપવું. ત્યાર પછી રાજાએ દીક્ષા લીધી.

હવે મંત્રીઓએ હાથીને શણગારીને આગળ કરીને મધુર વાણી વડે કહ્યું કે હે ગજરાજ ! આ રાજ્ય તને યોગ્ય લાગે તેને આપ. ત્યારે હાથી પણ સર્વ નગરમાં ફર્યો. પરંતુ કોઈ લાયક નહિ જણાયાથી નગરની બહાર ચાલ્યો. ત્યાં એક કદરૂપા પંગુને જોઈને તેને સૂંઢથી ઉપાડીને પોતાની કાંધે બેસાડીને રાજદરબારમાં લાવીને ગાદી ઉપર સ્થાપન કર્યો. આવા કુરૂપવાળા પંગુને જોઈને નાગરિકો

મશ્કરીમાં હસીને અપમાન કરવા લાગ્યા, તેથી ચિન્તાતુર થઈને તે રાત્રીએ વિચાર કરે છે તે વખતે દેવતાએ તેને કહ્યું કે તું ફીકર કરીશ નહિ. સવારે સઘળું સારૂં થશે. દેવીના આદેશથી રાજા તે હાથી ઉપર બેસીને હાથમાં તૃણ લઈને સર્વ લોકોને આજ્ઞા કરવા લાગ્યો. તે વખતે મશ્કરીમાં હસીને લોકો બોલવા લાગ્યા કે કેવું રૂપ, કેવું ખડ્ગ, આ રાજા કેવો બળવાન છે કે જે આપણને આજ્ઞા કરે છે. આનાથી આશ્ચર્યકારી બીજું શું. ? આ પ્રમાણે બોલતા તેઓના ઉપર ક્રોધથી રાજા તૃણ ઉપાડીને નાખવા લાગ્યો. તેટલામાં તે અદ્ભૂત વજ્ર બની ગયું. પ્રકાશથી ચારે દિશાઓને તેજવાળું કરતા, સૂર્ય સમાન ઉગ્ર તે વજ્રને જોઈને માણસો એકદમ ભય અને વિસ્મય પામ્યા.

તે વખતે આકાશમાં રહીને દેવી આ પ્રમાણે બોલી કે જેઓ આ રાજાની આજ્ઞા મનાશે નહિ તેઓના ઉપર આ વજ્ર પડશે. તેથી વિસ્મય સહિત ભય પામેલા લોકોએ તે રાજાની આજ્ઞા અંગીકાર કરી અને તેને બહુ માન પૂર્વક રાજા બનાવ્યો. અનુક્રમે પૂર્વના પુણ્યના યોગ્યથી ત્રણ ખંડનો અધિપતિ બન્યો. લોકોમાં પુણ્યાઢ્ય એ નામથી પ્રસિદ્ધિ પામ્યો.

કેટલાક વખત પછી તે હાથી મરણ પામ્યો ત્યારે રાજાએ ઘણો વિલાપ કર્યો. વિલાપ કરતા તે રાજાને મંત્રીઓએ સમજાવ્યો કે ભવિતવ્યતા બળવાન છે. તેની આગળ આપણું કાંઈ ચાલે તેમ નથી. ત્યાર પછી હાથીના પ્રેમને લીધે રાજાએ ત્યાં એક સુંદર વિહાર (પ્રાસાદ) બંધાવ્યો. અને તેની અંદર હાથીની પ્રતિમા સ્થાપન કરી તેના સ્કંધ

ઉપર ઉત્તમ જિનપ્રતિમા સ્થાપન કરી અને તે મૂર્તિને જોઈ સદ્ધ્યાનમાં આરૂઢ થયેલો તે પુણ્યાઢ્ય રાજા શુકલ લેશ્યા પામ્યો. સદ્ધયાન રૂપી અગ્નિની જ્વાલાથી ચાર ઘાતી કર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન પામ્યા. નજીકમાં રહેલા દેવોએ રચેલા સુવર્ણ કમલ ઉપર બેસીને તે કેવલીએ નગરના લોકોને દેશના આપી. દેશનાને અંતે લોકોએ પૂછ્યું કે હે નાથ! પૂર્વ ભવમાં તમે શું પુણ્ય કર્યું હતું કે જેથી આ ભવમાં પંગુપણું છતાં રાજ્ય અને કેવલજ્ઞાન પામ્યા. ત્યારે કેવલી રાજાએ પોતાના પૂર્વ ભવનું સ્વરૂપ જણાવતાં કહ્યું કે પૂર્વ ભવમાં મેં મુનિની આંખમાંથી તણખલું કાઢ્યું હતું. પરંતુ મુનિના મલવાળા શરીરની જુગુપ્સા તે વખતે કરી હતી. તણખલું કાઢવાથી રાજ્ય અને કેવલજ્ઞાન તથા જુગુપ્સા કરવાથી પંગુતા પ્રાપ્ત થઈ. તે સાંભળીને સર્વે લોકો મુનિની સેવામાં તત્પર થયા અને ધર્મમાં ઉદ્યમી થયા. ત્યાર પછી કેવલી થએલા તે પુણ્યાઢ્ય રાજા પૃથ્વીને વિષે ઘણો કાલ વિચરીને મોક્ષે ગયા. આ પુણ્યાઢ્ય રાજાની કથા સાંભળીને હે ભવ્ય જનો! તમે પણ સદ્ધયાનમાં તત્પર બની મુક્તિના અવ્યાબાધ સુખના ભોગવનારા થાઓ.

॥ ઇતિ પુણ્યાઢ્ય નૃપ કથા ॥

અવતરણ:—એ પ્રમાણે અગિઆરમાં શક્તિ દ્વારનું વર્ણન કરીને હવે શમ નામના બારમા દ્વારનું સ્વરૂપ બે ગાથાથી જણાવે છે:—

(उपेंद्रवज्रावृत्तम्)

५ ८ ७
शमेन सिद्ध्यन्ति मतानि कृष्णा–
६ १ २ ३ ४
नुजर्षिवत्तीव्रतपोऽस्तु वा मा ।
९ ११ १०
दिनाधिनाथेन कृतेऽन्नपाके,
१४ १२ १५ १३
संधुक्षणं कः कुरुतेऽनलस्य ॥ २५ ॥

**કૃષ્ણના લઘુભાઈ ગજસુકુમાલની જિમ શમ ગુણે,**
**વાંછિત ફળે ન કરી શકે કદિ આકરા તપ આદિને;**
**તોય દોષ જરા નહી ખરૂં તપ ક્ષમા સૂરજ તણા,**
**કિરણે બને જો પાક કુણ સળગાવનારા અગ્નિના. ૧**

શ્લોકાર્થ:—તીવ્ર તપશ્ચર્યા કરો અથવા ન કરો, પરંતુ શમ ગુણ વડે એટલે ક્ષમા ગુણ વડે કૃષ્ણ વાસુદેવના નાના ભાઈ ગજસુકુમાલની જેમ મનોવાંછિત સિદ્ધ થાય છે. દૃષ્ટાંત કહે છે કે સૂર્ય વડે ધાન્ય રંધાયે છતે કયો માણસ અગ્નિને સળગાવે? ૨૫

સ્પષ્ટાર્થ:—તીવ્ર તપશ્ચર્યા કરવાની શક્તિ હોય તો તે કરો અને શક્તિ ન હોય તો ન કરો, પરંતુ જો શમતા ગુણ એટલે ક્ષમા ગુણ રાખવામાં આવે તો પણ મનોવાંછિત સિદ્ધ થાય છે. કારણ કે તપ તો શકિત હોય તો જ બને છે, પરંતુ ક્ષમા રાખવી તેમાં વિશિષ્ટ કાયિક શકિતની જરૂર નથી અથવા શકિત હોય કે ન હોય તો પણ ક્ષમા રાખી શકાય છે. આ ક્ષમા ગુણને લઈને કૃષ્ણ વાસુદેવના નાના

ભાઈ ગજસુકુમાલે દીક્ષા લીધી હતી અને તપ કરી શકતા ન્હોતા તે છતાં પણ તેમના સસરાએ ખેરના અંગારા માથા ઉપર મૂકયા તો પણ તેના ઉપર જરા પણ ક્રોધ ન કર્યો તેથી તેઓ મરીને સ્વર્ગે ગયા. આ બાબતમાં દૃષ્ટાન્ત આપે છે કે સૂર્ય વડે એટલે સૂર્યના તાપથી અન્ન રંધાયે છતે કયો પુરૂષ અગ્નિ સળગાવે અથવા ક્ષમા રાખવાથી જ જો કાર્યસિદ્ધિ થતી હોય તો ક્રોધ કરવાની શી જરૂર છે? ૨૫

ગજસુકુમાલનું દૃષ્ટાન્ત નીચે પ્રમાણેઃ—

દ્વારિકા નગરીમાં શ્રીકૃષ્ણ વાસુદેવના નાના ભાઈ ગજસુકુમાલ હતા. યૌવનાવસ્થા પામ્યા ત્યારે સોમિલ નામના વિપ્રની સુંદર કન્યા સાથે શ્રીકૃષ્ણે તેમનું લગ્ન કર્યું. થોડા વખત પછી બાવીસમા શ્રીનેમનાથ તીર્થંકર દ્વારિકા નગરીમાં સમોસર્યા. ત્યારે ગજસુકુમાલ શ્રીકૃષ્ણની સાથે વંદન કરવા ગયા. ત્યાં પ્રભુની દેશના સાંભળીને પ્રતિબોધ પામેલા ગજસુકુમાલે પોતાની માતા પાસે દીક્ષા લેવાની રજા માગી. માતાએ કહ્યું કે તેં હમણાં જ લગ્ન કર્યું છે. તારૂં શરીર ઘણું કોમલ છે, વળી તારી ઉંમર ઘણી નાની છે. માટે હમણાં તો સંસારના સુખ ભોગવીને વૃદ્ધ ઉમરે દીક્ષા લેજે. ત્યારે ગજસુકુમાલે કહ્યું કે હે માતા! આયુષ્યનો શો ભરોશો છે. કોણ ક્યારે મરશે તે કહી શકાય તેમ નથી વગેરે કહીને માતાને સમજાવી. અંતે માતાએ દીક્ષા લેવાની રજા આપી શ્રીકૃષ્ણ વાસુદેવે મોટા ઓચ્છવ પૂર્વક તેમને દીક્ષા અપાવી.

દીક્ષા લીધા પછી ગજસુકુમાલ મુનિએ પ્રભુને પુછયું કે જલદીથી મોક્ષ કેવી રીતે પ્રાપ્ત કરાય? ત્યારે પ્રભુએ

કહ્યું કે કાયોત્સર્ગ વડે મોક્ષ જલદી મેળવાય. ત્યાર પછી નેમિનાથ પ્રભુની રજા લઈને લગભગ સાંઝે સ્મશાન ભૂમિમાં જઈને કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા. તે વખતે તેમનો સસરો સોમિલ બ્રાહ્મણ બહાર ગામથી આવતો હતો, તે ત્યાંથી નીકળ્યો. અને કાઉસગ્ગ ધ્યાનમાં મુનિના વેષમાં રહેલા ગજસુકુમાલને ઓળખ્યા. ઓળખીને બોલ્યો કે હે પાપી! મારી ગુણવંતી પુત્રીને પરણીને તેને અશરણ મૂકીને ત્યાગ કર્યો અને હવે આ શું પાખંડ કરે છે? કોપેલા તેણે તેમના મસ્તક ઉપર માટીની પાળી બાંધી તેની અંદર સળગતા ખેરના અંગારા ભર્યા. ત્યારે તે મુનિ મનમાં શુભ ભાવના પૂર્વક આ પ્રમાણે વિચારવા લાગ્યા કે મુક્તિ માર્ગમાં ઉપકાર કરનાર આ સોમિલ ભટ્ટ દુઃખી થાઓ નહિ, એક તો તે મારા સસરા છે, કારણ કે પોતાની પુત્રી મારી સાથે પરણાવી હતી. અને હવે હમણાં મુક્તિરૂપી સ્ત્રી આપવામાં ઉપકાર કરવા આવ્યા છે. માટે હે જીવ! તું જરા પણ દ્વેષ હમણાં કરીશ નહિ. કારણ કે ક્ષણ માત્રમાં સઘળાં અશુભ કર્મ ક્ષય કરવાનો આ પ્રસંગ આવ્યો છે. એ પ્રમાણે આત્માને આત્મધ્યાનમાં લીન કરીને તેઓ શુકલ લેશ્યામાં આવ્યા. જેમ જેમ અગ્નિ તેમના શરીરને બાળે છે તેમ તેમ શુકલ ધ્યાન રૂપી અગ્નિથી તેમના કર્મો પણ બળવા લાગ્યાં. ધ્યાન દશામાં ઘાતી કર્મોનો ક્ષય કરી તેમણે ઉજવલ કેવલજ્ઞાન મેળવ્યું. અને અંતગડ કેવલી થઈને તરત જ મોક્ષે ગયા.

સવારે કૃષ્ણ મહારાજ શ્રીનેમિ પ્રભુને વાંદવા ગયા. વાંદીને નવા દીક્ષિત મારા ભાઇ ક્યાં છે? એ પ્રમાણે પૂછયું

ત્યારે પ્રભુએ કહ્યું કે નગરની બહાર રાત્રીએ શ્મશાનમાં કાઉસગ્ગ ધ્યાનમાં રહેલા તેમના મસ્તક ઉપર કોઈએ સળગતા ખેરના અંગારા મૂકીને બાળી નખાયેલા તે મોક્ષે ગયા છે. ત્યારે કૃષ્ણે કહ્યું કે હે પ્રભુ! આજ નગરમાં મારૂં અશુભ કરનાર કોણ છે? કે જેણે નિરપરાધી મુનિને આવો મોટો ઉપદ્રવ કર્યો. ત્યારે જિનેશ્વરે કહ્યું કે ઘેર જતાં તને દેખીને જેનું હૃદય ફાટી જાય તે મુનિનો હિંસક જાણવો. કૃષ્ણ મહારાજ પ્રભુને વાંદીને ઘેર જતા હતા ત્યારે અત્યંત ભયથી નાશતો સોમિલ સામે મળ્યો. અને તેનું હૃદય તરત જ ફાટી ગયું. મરણ પામીને તે દુર્ગતિમાં ગયો. નગરના લોકો આ જાણીને મુનિની સ્તુતિ અને સોમિલની નિન્દા કરવા લાગ્યા, આ પ્રમાણે તીવ્ર તપ કર્યાં સિવાય પણ ક્ષમા ગુણ વડે કરીને ગજસુકુમાલ મુનિએ મોક્ષગતિ મેળવી, માટે તપ ન બની શકે તો પણ ઉપસર્ગમાં ક્ષમા ભાવ રાખવાથી પણ ઘણા કર્મની નિર્જરા થાય છે.

॥ ઇતિ ગજસુકુમાલ કથા ॥

**અવતરણ:**—હવે કવિરાજ ક્ષમાવાળો મનુષ્ય પોતાનું વાંછિત સિદ્ધ કરે છે એટલું જ નહિ પરંતુ તે પરનું પણ હિત કરે છે તે વાત જણાવે છેઃ—

॥ वसंततिलकावृत्तं ॥

३ १ २
प्रीत्यै शमी स्वपरयोरपि चण्डरुद्र—
५ ४ ६ ७ ८
शिष्यो यथात्मनि गुरावपि केवलर्द्धयो ।

११ १२ ९
सप्तर्षिसंगतिमवाप्य विशाखनामा,
१० १३
चौरोऽप्यभूद्विलसदुज्ज्वलदिव्यशक्तिः ॥ २६ ॥

ઉત્તમ ક્ષમા ગુણવંત જીવો સ્વપરનું હિત સાધતા,
ચંડરૂદ્રાચાર્ય સાગર શિષ્ય કેવલ પામતા;
શિષ્યની ઉત્તમ ક્ષમાથી કેવલી ગુરૂ પણ થતા,
સુર થાય ચોર વિશાખ શ્રીસપ્તર્ષિ મુનિ સંગતિ થતા. ૧

શ્લોકાર્થ:—ક્ષમાવાન પુરૂષ પોતાની અને પરની પ્રીતિ માટે થાય છે જેવી રીતે ચંદ્રરુદ્રાચાર્યનો શિષ્ય પોતાને તેમજ ગુરૂને કેવલજ્ઞાન રૂપી ઋદ્ધિને માટે થયો. વળી વિશાખ નામનો ચોર સપ્તર્ષિની સોબતને પામીને પ્રકાશિત અને ઉજ્વલ દિવ્ય શક્તિવાળો થયો. ૨૬

સ્પષ્ટાર્થ:—કવિશ્રી જણાવે છે કે ક્ષમાવાન પુરૂષ એકલો પોતાના હર્ષને માટે અથવા હિતને માટે થાય છે એટલું જ નહિ પરંતુ બીજાના પણ હિતને માટે થાય છે. કારણ કે તે પોતાના ક્ષમા ગુણને લઈને સામો કોપવાળો હોય તે છતાં તેને પણ શાંત પાડે છે. કેમકે ક્રોધી માણસને જો સામો ક્રોધ કરે તો વધારે ક્રોધ થાય છે. પરંતુ સામો માણસ જો ક્ષમા રાખે તો ક્રોધ કરનારનો ક્રોધ પણ આપો-આપ શાંત પડે છે. જેવી રીતે ચંડરુદ્રાચાર્ય નામના આચાર્ય અતિ ક્રોધી હતા છતાં પણ શાંત સ્વભાવવાળા તેમના શિષ્યને લીધે શિષ્ય અને ગુરૂ બંનેને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. વળી વિશાખ નામનો ચોર તે પણ સપ્તર્ષિની સોબત પામ-

વાથી ચળકતી અને ઉજ્વલ એવી દીવ્યશક્તિને પામ્યો છે. ૩૬

ચંડરુદ્રાચાર્યનું દૃષ્ટાન્ત નીચે પ્રમાણેઃ—

તામલિપ્તી નામની નગરીમાં ગંગદત્ત નામે શેઠ હતો. તે શેઠને સાગર નામે પુત્ર હતો. તે ઘણો ગુણવાન હતો. યૌવન વયને પામ્યો ત્યારે રૂપ લાવણ્યવાળી ઉત્તમ કુલની કન્યા સાથે શેઠે મોટા મહોત્સવપૂર્વક તેનું લગ્ન કર્યું. તે નગરની બહાર વનમાં પોતાના મિત્રોની સાથે રમવા ગયો. ત્યાં ચંડરુદ્રાચાર્ય કે જેઓ ઘણા ક્રોધી સ્વભાવના હતા તેમની આગળ તેઓ ગયા અને તેમને મશ્કરીમાં કહેવા લાગ્યા કે આ નવા પરણેલા શેઠના પુત્ર સાગરને દીક્ષા આપો. આ કુમારને વૈરાગ્ય થયો છે માટે તેને દીક્ષા લેવી છે એમ મશ્કરીમાં કહ્યું. પરંતુ ગુરૂએ તો મશ્કરીથી ક્રોધે ભરાઈ તેનું મસ્તક પકડીને ક્ષણમાં લોચ કરી નાખ્યો. નિશાળના શોઠીઆ ભય પામીને તરત નાશી ગયા.

હવે સાગરે વિચાર્યું કે હિતૈષી ગુરૂએ દીક્ષા આપી છે તેથી મિત્રોએ મશ્કરીમાં કહેલું વચન પણ મારે પાળવું જોઇએ. તેથી તેણે ગુરૂને કહ્યું કે આપણે આ નગરનો ત્યાગ કરવો જોઈએ નહિ તો મારાં મૂઢ સગાંઓ મારી પાસે દીક્ષાનો ત્યાગ કરાવશે. ત્યારે ગુરૂએ કહ્યું કે મારૂં જંઘાબળ ક્ષીણ થયું છે તેથી હું ચાલી શકું તેમ નથી. તેથી ગુરૂને પોતાના ખભા ઉપર ચઢાવીને રાત્રીમાં તે ચાલી નીકળ્યો.

રાત્રીમાં અંધારાને લીધે ચાલતાં ચાલતાં તેનો પગ ઉંચી નીચી જમીન ઉપર પડવાથી ગુરૂ વારંવાર ક્રોધનાં

વચન કહેવા લાગ્યા. દંડ વડે મસ્તક ઉપર પ્રહાર કરી ભીષણ સ્વરે કહ્યું કે હે પાપી! તું ખરાબ માર્ગે કેમ ચાલે છે? ત્યારે શાન્ત ચિત્તવાળા શિષ્યે વિચાર કર્યો કે હા! મેં ચારિત્ર ગ્રહણ કરીને આમને કષ્ટમાં નાંખ્યા છે. જો મેં ચારિત્ર ગ્રહણ કર્યું હોત નહિ તો ગુરૂને આ કષ્ટ પડત નહિ. એ પ્રમાણે ગુરૂનાં ક્રોધનાં વચનો તથા માર સહન કરતાં તે નવીન શિષ્ય શાંત રહ્યા અને પોતાનો જ દોષ કાઢતાં શુક્લ ધ્યાનમાં આરૂઢ થઈને ઘાતી કર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન પામ્યા. ત્યાર પછી કેવલી થએલા તે શિષ્ય સમસ્ત વિશ્વને જોતા સૂરિના ચિત્તને જાણીને તેમને અડચણ ન થાય તે રીતે ચાલવા લાગ્યા. હવે સીધા માર્ગે ગમન થવાથી તુષ્ટ મનવાળા ગુરૂએ હસીને કહ્યું કે હવે મારના પ્રભાવથી કેવી સરખી ગતિ થઈ? ત્યારે કેવલી શિષ્યે કહ્યું કે એ પ્રમાણે બોલો નહિ કારણ કે પહેલાં માર્ગ નહિ દેખાવાથી વિષમ ગતિ હતી પરંતુ હવે માર્ગ જણાતો હોવાથી સરખી ગતિ છે. ત્યારે ગુરૂએ કહ્યું કે રાત્રીમાં તને માર્ગ કેવી રીતે જણાય છે? ત્યારે શિષ્યે કહ્યું કે કેવલજ્ઞાનની પ્રાપ્તિથી મને માર્ગ જણાય છે. આ સાંભળીને પોતાની નિંદા કરતા તે ગુરૂ જમીન ઉપર ઉતરીને તેના પગમાં પડ્યા અને તેના ગુણની સ્તુતિ કરવા લાગ્યા કે અહો આ તમારૂં કેવું ઉત્તમ ધ્યાન અને કેવી ઉત્તમ ક્ષમા કે જેથી ક્ષણ માત્રમાં કર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન મેળવ્યું. મેં અધર્મીએ ક્રોધથી પોતાના આત્માની વિડંબના કરી ત્યારે તમે ક્ષમા વડે જ કેવલજ્ઞાન શીઘ્ર મેળવ્યું. મૂઢ એવા મેં તમારા જેવા કેવલીની જે આશાતના કરી તેમાંથી મારી મુક્તિ ક્યારે થશે! આ પ્રમાણે પોતાની નિંદા કરતાં અને કેવલીની સ્તુતિ કરતાં તેમણે પણ શુક્લ ધ્યાનમાં

આરૂઢ થઈ કેવલજ્ઞાન મેળવ્યું. કેવલજ્ઞાન મેળવનાર ગુરૂ અને શિષ્ય ત્યાર પછી પૃથ્વી ઉપર લાંબો કાળ વિચરીને મોક્ષે ગયા. આ વાતનો સાર એ છે કે ક્ષમા ગુણ એવો છે કે જે પોતાને તો ઉપકાર કરે છે પરંતુ પારકાના ઉપર પણ તે ઉપકાર કરે છે. માટે મોક્ષના અર્થી જીવોએ અવશ્ય ક્ષમા ભાવ રાખવો.

॥ ઈતિ ચંડરુદ્રાચાર્ય કથા ॥

વિશાખ ચોરની કથાઃ—

કાંચનપુર નામના નગરમાં બલભદ્ર નામે ઉત્તમ શેઠ હતો. તેને સુખ આપનાર સાત પુત્રો થયા. બાલ્ય અવસ્થામાં પણ વૈરાગ્ય આવવાથી તેઓએ દીક્ષા લીધી અને સાત હોવાથી તેઓ સપ્તર્ષિ એ નામે પ્રસિદ્ધ થયા. ત્યાર પછી શેઠને દુઃખ આપનાર આઠમો વિશાખ નામે પુત્ર થયો. તે જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ તેનામાં અનેક દુર્ગુણો આવ્યા. જૂગાર, માંસ, ચોરી, દારૂપાન વગેરે વ્યસનોમાં પૂરો થયો. તે દુર્ગતિનો પણ ભય રાખતો નહોતો. નગરવાસીઓ પણ તેની નિન્દા કરવા લાગ્યા ત્યારે શેઠે તેને એકાન્તમાં બોલાવીને ઘણો સમજાવ્યો. આમ સમજાવ્યા છતાં પણ જ્યારે તે સમજ્યો નહિ ત્યારે શેઠે તેને ઘરમાંથી કાઢી મૂક્યો. તે રખડતો રખડતો કોઈક ચોરની પલ્લીમાં ગયો. ત્યાં તેઓની સાથે ચોરી વગેરે પાપ કર્મ કરતો દિવસો ગાળવા લાગ્યો.

હવે એક વાર તે ચોરોને સાથે લઈને પિતાના ઘેર ચોરી કરવા ગયો. ત્યાં પિતાને જોઈને કોપેલા તે પાપીએ

ક્ષણ માત્રમાં પિતાને મારી નાખ્યા. અરે પાપી! આ તેં શું કર્યું એવું બોલતી માતાને પણ તેણે મારી નાખી. દુરાત્માને લજ્જા કે દયા ક્યાંથી હોય? એવામાં એકઠા થએલા લોકોથી મરાતો તે નાશીને વનમાં ગયો. તે વનમાં સાક્ષાત્ શાન્તમૂર્તિઓ સમાન પોતાના ભાઈ સપ્તર્ષિઓને જોયા. તેમને પણ તે દુરાત્મા મર્મવેધી ગાળો દેવા લાગ્યો. પરંતુ તેઓએ શાંતિ રૂપી અમૃત વડે તેને શાંત કર્યો. ત્યાર પછી તેમની પાસે ધર્મ સાંભળીને વૈરાગ્ય પામીને દીક્ષા લીધી. પછી પોતે કરેલ ઘોર કર્મોની નિંદા કરતો અને તપ વડે પોતાના આત્માને શુદ્ધ કરતો તે સંલેખના કરી સમાધિ પૂર્વક મરણ પામીને સૌધર્મ દેવલોકમાં ઉત્તમ દેવ થયો. કહેવાનો સાર એ છે કે દુર્બુદ્ધિવાળાઓને પણ તપથી શું અસાધ્ય છે? એટલે ક્ષમાવંત પુરુષોની સોબત દુરાત્માઓને પણ સિદ્ધિ આપનાર થાય છે. માટે સમજુ પુરુષોએ જરૂર ક્ષમા ગુણ ધારણ કરી આત્મહિત સાધવું.

॥ ઈતિ વિશાખચોર દૃષ્ટાન્ત ॥

અવતરણ:—એ પ્રમાણે બે ગાથાઓ વડે બારમું શમદ્વાર કહીને હવે બે ગાથાએ કરીને તેરમું યતિદ્વાર કહે છે:—

( मालिनीवृत्तम् )

३ २ १ ४
व्रतमपि बहुचीर्णं सातिचारं कुगत्यै,
७ ८ ९ ५ ६
दिनमपि शुचि मुक्त्यै कंडरीकादिवत्तत् ।

૧૦ ૧૩ ૧૧ ૧૨
अहह दहति चित्राचारिपूरोऽपि शस्यं,
१४ १५ १६ १८ १७
भृशमपि कृशपाथः स्वातिजं पाति जंतून् ॥ २७ ॥

વ્રત સાધના કીધી ઘણી અતિચાર ત્યાંજ લગાડતા,
તે કુગતિ આપે જેમ કંડરીક પ્રાપ્ત વિરતિ વિરાધતા;
દુર્ગતિને પામતો પુંડરીક એક દિન સાધતા,
શુદ્ધ ભાવે મોક્ષ પામ્યો ભાવથી ફલ પામતા. ૧

પાણી ઘણું ચિત્રા વિષે વરસે છતાં તે ધાન્યને,
બાળે જરા જલ સ્વાતિનું જનના બચાવે જાનને;
બંધમાં ને મોક્ષમાં મનનેજ કારણ જાણીએ,
અશુભભાવ તજી વિમલભાવે પરમ આરાધીએ. ૨

**શ્લોકાર્થ**:—અતિચાર સહિત લાંબા કાળ સુધી પાળેલું ચારિત્ર પણ કંડરીક વગેરેની જેમ કુગતિને માટે (દુર્ગતિને દેનારૂં) થાય છે અને તેજ એક દિવસ પણ નિર્મલ ભાવથી પાળ્યું હોય તો પુંડરીક વગેરેની જેમ મુક્તિને માટે (મોક્ષને દેનારૂં) થાય છે. ખેદની વાત છે કે ચિત્રા નક્ષત્રમાં વરસેલું ઘણું પાણી પણ ધાન્યને બાળનારૂં થાય છે. જ્યારે સ્વાતિ નક્ષત્રનું અત્યંત થોડું પણ પાણી પ્રાણીઓનું રક્ષણ કરે છે. ૨૭

સ્પષ્ટાર્થ:—ચારિત્ર ઘણા કાળ સુધી પાળવામાં આવે પરંતુ જો તે અતિચાર સહિત પાળવામાં આવે તો તે સદ્‌ગતિને ન આપતાં ખરાબ ગતિને આપનારૂં થાય છે. કારણકે

કંડરીકે ઘણા કાલ સુધી ચારિત્ર પાળ્યું તો પણ અતિચાર લગાડીને પાળ્યું તો તે તેને નરક ગતિને આપનારૂં થયું. અને તેના ભાઈ પુંડરીકે શુદ્ધ ભાવથી એક દિવસજ ચારિત્ર પાળ્યું તો પણ તે ચારિત્ર તેને મુક્તિને માટે થયું છે. માટે શુદ્ધ ભાવથી ચારિત્રનું પાલન કરવું જોઈએ. કારણકે ભાવ સારા હોય, તોજ તે ફળ આપનારૂં થાય છે. આ હકીકત દૃષ્ટાન્ત આપને સમજાવે છે કે ખેદની વાત છે કે ચિત્રા નક્ષત્રમાં વરસેલું ઘણું પાણી પણ ધાન્યને બાળનારૂં થાય છે. કારણકે તે પાણી ધાન્યને પોષતું નથી, તથા પ્રકારની નિર્મળતા રહિત હોવાથી ધાન્યને બાળનારૂં થાય છે. જ્યારે નિર્મળતાવાળું સ્વાતિ નક્ષત્રનું પાણી થોડું હોય તો પણ તે પ્રાણીઓનું રક્ષણ કરે છે. ૨૭

કંડરીક અને પુંડરીકનું દૃષ્ટાન્ત આ પ્રમાણે જાણવું:—

જંબૂદ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી વિજયમાં પુંડરીકિણી નામે નગરી હતી. ત્યાં મહાપદ્મ નામે રાજા અને તેની પદ્માવતી નામે રાણી હતી. તેમને મોટો પુંડરીક અને નાનો કંડરીક એ નામે બે પુત્રો હતા. મહાપદ્મ રાજાએ ધર્મ સાંભળી પુંડરીકને રાજ્ય સોંપી દીક્ષા લીધી. ચારિત્ર પાળી કર્મક્ષય કરી કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા.

એક વખત પુંડરીકિણી નગરીમાં કેટલાક મુનિઓ આવ્યા. તેમને નમવાને બંને ભાઈઓ ગયા. ગુરૂએ તેમને ધર્મલાભ આપી કહ્યું કે આ અસાર સંસારમાં એક ધર્મજ સાર છે. આ સંસાર સમુદ્રમાં રખડતાં મહા મુશીબતે મનુષ્ય ભવ પામીને તેને ધર્મ કર્યા સિવાય જેઓ હારી જાય

છે તેમનાથી બીજા મૂર્ખ કોણ કહેવાય ? આ પ્રમાણે ઉપદેશ સાંભળી સંવેગ પામી બંને ઘરે આવ્યા. પછી પુંડરીકે અમાત્યોની સાક્ષીએ નાના ભાઈને કહ્યું કે હે ભાઈ! તું આ પિતાનું રાજ્ય ગ્રહણ કર. સંસારના દુઃખોથી વૈરાગ્ય પામેલો હું દીક્ષા લેવા માગું છું. ત્યારે નાના ભાઈએ કહ્યું કે હે ભાઈ! તું જેનાથી ભય પામ્યો છું તે સંસારના દુઃખમાં તું મને શામાટે નાખે છે? બે ત્રણ વખતે રાજાએ તેને રાજ્ય લેવાને સમજાવ્યો તે છતાં જ્યારે તેણે માન્યું નહિ, ત્યારે પુંડરીકે તેને દીક્ષા લેવાની રજા આપી. તે વખતે કહ્યું કે ઇન્દ્રિયો જીતવી ઘણી મુશ્કેલ છે. મન ચંચળ છે. પ્રમાદ તો જન્મથી સાથે રહેલો છે. યૌવન વિકારવાળું છે. વળી પરીષહો અને ઉપસર્ગો દુઃખે સહન કરાય એવા છે માટે દીક્ષા લઇને તેનું સારી રીતે પાલન કરવું. કંડરીકે પણ કહ્યું કે તમારૂં કહેવું વ્યાજબી છે તો પણ હું અંગીકાર કરેલી દીક્ષા પાળીશ. ત્યાર પછી કંડરીકે દીક્ષા લઇને ગુરૂ સાથે વિહાર કર્યો. પુંડરીક પણ મંત્રીઓના આગ્રહથી ભાવયતિ રૂપે રાજ્ય કરવા લાગ્યો.

ગુરૂ સાથે વિહાર કરતા કંડરીકે નિરંતર તપ કરીને કાયાને સૂકવી નાખી. સામાચારીનું સારી રીતે પાલન કરી ગુરૂનો પ્રિય થયો. એ પ્રમાણે કેટલોક કાલ ગયા પછી એક વાર વસન્ત ઋતુમાં મનુષ્યોને તેમની પ્રિયાઓ સાથે ક્રીડા કરતા જોઈને કંડરીક મુનિનું મન ચારિત્ર ઉપરથી ચલાયમાન થયું. કારણકે કર્મોની ગતિ વિચિત્ર છે. કંડરીક મુનિને ચારિત્રાવરણીય કર્મનો તીવ્ર ઉદય થયો. તેથી વિચારવા

લાગ્યા કે આ ચારિત્રની શી જરૂર છે. ભાઇ તો પહેલેથી જ રાજ્ય આપતો હતો પરંતુ મેં તે લીધું નહિ. માટે ત્યાં જઈને ભાઈ પાસેથી રાજ્ય લઉં. આવો વિચાર કરી પુંડરિકીણી નગરી પાસેના વનમાં આવીને કોઈક ઝાડની ડાળીએ પાત્રાં ભરાવ્યાં અને લીલા ઘાસ ઉપર બેઠા. ઉદ્યાનપાલકે પુંડરીક રાજાને કંડરીક મુનિનું આગમન જણાવ્યું. ત્યારે અમાત્યો સહિત રાજાએ તેમને વંદન કર્યું. પુંડરીકે શાખાએ ભરાવેલાં પાત્રાં તથા વનસ્પતિ ઉપર બેઠેલા ભાઈને જોઈને આ ચારિત્રથી ખિન્ન મનવાળા થયા છે એવું જાણી લીધું. ત્યારે તેમણે બધાના સાંભળતાં કહ્યું કે તમો બધા જાણો છો કે મેં તો પ્રથમથી તેને રાજ્ય આપવા માંડયું હતું, પરંતુ તે વખતે માન્યું ન્હોતું. એ પ્રમાણે કહીને પોતે નાના ભાઈને રાજ્ય આપીને મુનિવેષ ધારણ કરીને ત્યાંથી વિહાર કર્યો.

સેવકો કૃશ અને વ્રતનો ત્યાગ કરનાર આ કંડરીક અન્નાર્થી છે એ પ્રમાણે મશ્કરીમાં હસવા લાગ્યા. તેથી તે કંડરીકના હૃદયમાં ક્રોધ ઉપન્યો. હાલ તો હું ભૂખ્યો છું માટે પ્રથમ ખાઈ લઉં પછી બધાની ખબર લઈશ એમ વિચારી તેણે સુંદર રસોઈ કરવા માટે જણાવ્યું. રસોઈ તૈયાર થઈ ત્યારે કંઠ સુધી ધરાઈને સ્વાદિષ્ટ રસોઇ ખાધી. તેથી વિસૂચિકા થઈ, ને ઘણી તરસ લાગી. મંત્રીઓએ પણ આ વ્રતનો ભંગ કરનાર હોવાથી અતિ પાપી છે એવા વિચારથી તેની દવા કરાવી નહિ. ચિકીત્સા નહિ કરાવવાથી અને ઘણી વેદનાથી વ્યાકુલ થઈને રાત્રીએ તે વિચારવા લાગ્યો કે કોઈ રીતે આ રાત્રી પૂરી થાય તો સવારમાં હું કુટુંબ સહિત

મંત્રિઓને મારી નાખીશ. એવા વિચાર કરતો રૌદ્રધ્યાનવાળો અને કૃષ્ણ લેશ્યાવળો તે કંડરીક મરણ પામીને સાતમી નારકીમાં ઉત્પન્ન થયો.

પુંડરીક મુનિ તો પોતાનુ ઈષ્ટ સિદ્ધ થવાથી "પોતે ગ્રહણ કરેલી દીક્ષા ગુરૂ સાક્ષીએ પાળું" એવું વિચારી સદ્ગુરૂની શોધ કરવા ચાલ્યો. વિહારથી ઉત્પન્ન થએલ પરિશ્રમથી થાકેલા અને આચાર પાલન કરતા તે એક ગામમાં આવ્યા. ત્યાં ઉપાશ્રય પામીને તૃણના સંથારા ઉપર સુખ પૂર્વક બેઠા. હવે હું ગુરૂની પાસે જઇને ક્યારે દીક્ષા લઇશ? એ પ્રમાણે વિચારતા અંતિમકાલની આરાધના કરીને મરીને સર્વાર્થસિદ્ધ દેવ થયા. આ પ્રમાણે થોડો વખત પણ સમ્યગ્ રીતે ચારિત્રનું પાલન કરીને કેટલાક ભવ્ય જીવો ઉત્તમ ગતિને પામે છે. ત્યારે કેટલાક લાંબો વખત અતિચાર લગાડીને પાલન કરીને પણ શુભ ગતિને પામી શકતા નથી, માટે ભવ્ય જીવોએ અતીચાર રહિત શુદ્ધ ચારિત્ર પાળી મુક્તિના અવ્યાબાધ સુખ પામવા, એમાંજ માનવ જન્મની ખરી સાર્થકતા છે.

॥ ઇતિ પુંડરીક કંડરીક કથા ॥

અવતરણઃ—હવે કવિરાજ–ખરાબ ભાવનાથી નિર્દોષ આચરેલું વ્રત પણ નિષ્ફળ બને છે તે હકીકત જણાવે છેઃ–

( पृथ्वीवृत्तम् )

४ ३ ५ ८ ६ ७
**व्रतेन शुचिनापि किं किमथ सद्गुरूपासनै–**
१ २
**कुदायिनृपमारकश्रमणवत्स पापात्मकः ।**

९ १० १२ ११
शिरस्थविषहृन्मणिः फणिगणः किमानन्दनः,
१४ १३ १३ १५
स चन्दनवनस्थितः किमथवा जगत्तापहृत् ॥ २८ ॥

મલિન મનવાળા તણી વ્રતસાધના શા કામની?,
ઉદાયિનૃપ મારનાર શ્રમણ પરે શા કામની?;
ગુરૂભક્તિ સર્પ સમૂહ વિષહરમણિ સમૂહે શોભતો,
કોને કરે? આનંદ ના વને સ્થિતિ પામતો; ૧

ને સર્પનો સમુદાય જગના તાપને શું દૂર કરે?,
ઝેર જેવા ભાવ મેલા વ્રત પ્રમુખ મણિસમ ખરે,
દાનાદિ કેરી સાધનામાં ભાવ ચોખ્ખા રાખીએ,
અલ્પ પણ તેવી ક્રિયાથી મુક્તિના સુખ પામીએ. ૨

શ્લોકાર્થ:—ઉદાયી રાજાને મારનાર સાધુની જેમ પાપ સહિત મનવાળા પુરૂષને નિર્મળ વ્રત વડે પણ શું ? અથવા સદ્‌ગુરૂની ઉપાસના (સેવા)થી પણ શું ? એટલે કે કાંઈ પણ નથી. જેમકે મસ્તક ઉપર રહેલા ઝેરને હરણ કરનાર મણિવાળા સર્પનો સમૂહ શું આનન્દ આપનારો થાય છે? અથવા ચન્દનના વનમાં રહેલો તેજ સર્પનો સમુદાય જગતના તાપને હરનારો થાય છે? અથવા થતો નથી. ૨૮

સ્પષ્ટાર્થ:—પાપ સહિત મનવાળો પુરૂષ નિર્મળ અતિચાર રહિત વ્રત પાળે તો પણ શું ? અથવા એવા કપટી મનુષ્યને તેનું કંઈ ફળ મળતું નથી વળી સદ્‌ગુરૂની કપટ

સહિત સેવા કરવાથી પણ તેને કંઈ ફળ મળતું નથી. જેમ ઉદાયી રાજાને મારનાર અધમ ક્ષત્રિયે બાર વર્ષ સુધી કપટ ભાવથી ચારિત્ર પાળ્યું તો તેને તેનું કાંઈ પણ ફળ મળ્યું નહિ. સાર એ છે કે અતિચાર વિના વ્રત પાળે છતાં મન-માંથી પાપ ગયું ન હોય તો તેનું ફળ મળતું નથી. તેમજ કપટ ભાવથી ગુરૂની સેવા કરે તો તેનું પણ કાંઈ ફળ મળે નહિ. માટે નિર્મળ ભાવના પૂર્વક વ્રતનું પાલન કરવું ને સદ્ગુરૂની ભકિત કરવી, તેજ હિતકારી છે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં કવિરાજ કહે છે કે મસ્તક ઉપર રહેલા વિષને હરનારા મણિવાળો છતાં પણ સર્પનો સમુદાય શું આનંદ આપનારો થાય છે? અથવા તેવા સર્પના સમુદાયથી આનંદ થતો જ નથી. તેવી રીતે તેજ સર્પનો સમુદાય ચન્દન વનમાં રહેલો હોય તો જગતના તાપને હરનારો થાય છે? અથવા તે સર્પ સમુદાય જગતના તાપને હરી શકતો નથી. તેવી રીતે કપટ યુકત વ્રતનું પાલન અને કપટ યુક્ત ગુરૂ ભકિત તાપને નાશ કરનારા થતા નથી. ૨૯

**ઉદાયી રાજાને મારનાર મુનિની કથા નીચે પ્રમાણે:—**

ચંપા નગરીમાં ઉદાયી નામનો રાજા હતો. તે ન્યાયથી પ્રજાનું પાલન કરે છે. તેનું મન જૈન ધર્મને વિષે દૃઢ આસ્થાવાળું હતું. તે ચાર પર્વીના દિવસે પૌષધશાલામાં રહીને સામાયિકાદિ કરે છે. તેણે એક વખતે ગુરૂને કહ્યું કે મારા ઘણા શત્રુઓ છે માટે સાંજે મારા ઘેર આવીને મને પૌષધ કરાવો. ગુરૂએ તે વાત અંગીકાર કરી. ત્યારથી ચાર પર્વ તિથિએ ગુરૂ તેમના મહેલે આવીને પૌષધ કરાવે છે

અને ત્યાં રાત્રી રહે છે. આ અવસરે ઉદાયી રાજાના કોઈક શત્રુ રાજાએ તેને મારવાને મોટી લાલચ આપીને એક અધમ ક્ષત્રિયને મોકલ્યો. તે ઉદાયી રાજાને મારવાને લાગ શોધ્યા કરે છે. પરંતુ કોઈ લાગ મળતો નથી. તેણે પર્વ તિથિએ ગુરૂને રાજમહેલે જતા આવતા જોયા. તેથી તેણે કપટથી ગુરૂ પાસે જઈ દીક્ષા લીધી. રજોહરણમાં એક કંકલોહની છરી છુપાવી રાખી. ગુરૂ જ્યારે રાજમહેલે જાય છે ત્યારે તે ગુરૂને સાથે લઇ જવાનું કહે છે પરંતુ ગુરૂ તેને સાથે લઈ જતા નથી. એ પ્રમાણે બાર વર્ષ ચાલ્યા ગયા ત્યારે તે શાસ્ત્રોનો અભ્યાસ કરીને અને તેનો અર્થ સાંભળીને, ગીતાર્થ થયો પરંતુ તેના મનમાંથી પાપ ગયું નહિ. એક વખત જ્યારે ગુરૂ રાજાને પૌષધ કરાવવા તેના મહેલે જાય છે ત્યારે તે કપટી સાધુએ ગુરૂની સાથે આવવા આજ્ઞા માગી. ગુરૂ તેને સાથે લઇ ગયા. ત્યાં ગુરૂએ અને રાજાએ પહેલો પહોર ધર્મધ્યાનમાં ગાળ્યો. પછી સંથારો કરી બંને સૂઈ ગયા. બંનેને ઉંઘેલા જાણીને તે કપટી સાધુએ ઉઠીને છુપાવેલી છરી રજોહરણમાંથી કાઢીને તેનાથી રાજાને મારી નાખ્યો અને નાશી ગયો. રાજાના લોહીના સ્પર્શથી ગુરૂ જાગ્યા. રાજાને મરણ પામેલો જાણીને અને સાથે આવેલા મુનિને નહિ જોવાથી તે પાપીનું આ કાર્ય છે એવું જાણીને જૈન ધર્મની નિંદા ન થાય માટે પોતે પણ આરાધના કરીને તેજ છરીથી પોતાનું મસ્તક છેદીને મરણ પામ્યા. તે પાપી સાધુએ પોતાના સ્વામી પાસે જઈને રાજાને માર્યાની હકીકત જણાવી. તેણે પણ તેને અભવ્ય જાણીને તેનો આદર કર્યો નહિ તે ભવમાં

અનેક દુઃખો અનુભવીને મનુષ્યોથી નિંદા કરાતો તે દુષ્ટાત્મા દુર્ગતિમાં ગયો. કહેવાનો સાર એ છે કે કોલસાને દૂધમાં બોળી રાખવાથી જેમ તે ધોળા થતા નથી તેમ ગમે તેટલું વિશુદ્ધ ચારિત્ર પાળવામાં આવે છતાં મનમાંથી કપટ જાય નહિ તો તે નિષ્ફળ બને છે.

॥ ઇતિ ઉદાયી નૃપને મારનારની કથા ॥

**અવતરણ**:—હવે ત્રણ ગાથાએ કરીને ચૌદમું શ્રાવક દ્વાર કહે છે:—

॥ स्रग्धरा छंद ॥

१ ३ ४ २ ५ ६ ११
साधोरह्नाय सिद्धिः सुचरणकरणैः श्रावकस्यापि हि स्या–
१० ८ ९ ७
न्मध्येऽष्टानां भवानां शशिविशदगुणानंदनानंदवृत्तैः ।
१२ १४ १३ १५ १८ १७
चेन्नौभिः शीघ्रगाभिर्जलधिजलपथैस्तीरदेशेषु पान्थाः,
१६ २० १९ २६ २५ २१ २२ २४ २३
केचिद्यान्त्याशु नान्ये हयकरभरथैर्भूपथैः किं क्रमेण ॥२९॥

સુચરણ કરણ સિત્તરિતણા શુભ સાધને મુનિરાજને,
સિદ્ધિ મળે તે ભવ વિષે પણ ધર્મિ શ્રાવકને અને;
ઉત્કૃષ્ટ આઠ ભવે મળે નિર્વાણ ઝટ જલમાર્ગથી,
કેઇ સાગરતીર પ્હોંચે વ્હાણ કેરી મદદથી. ૧
કેઈ બીજા લોક ઘોડા ઉંટ રથના સાધને,
દીર્ઘ સમયે ભૂમિમાર્ગે પામતા નિજ સ્થાનને;

**વ્હાણની ગતિના સમો મુનિ માર્ગ મનમાં માનીએ,**
**અશ્વાદિની ગતિના સમો તે શ્રાદ્ધધર્મ વિચારીએ. ૨**

**શ્લોકાર્થ**:—સાધુને સારૂં ચારિત્ર પાળવાથી ( સારા ચરણસિત્તરી અને કરણસિત્તરીના પાલનથી ) જલદી મોક્ષ થાય છે. શ્રાવકને પણ ચંદ્ર સરખા નિર્મળ ગુણોથી હર્ષકારી આનન્દ નામના શ્રાવકના સરખા આચરણે કરીને આઠ ભવની અંદર સિદ્ધિ થાય છે. દૃષ્ટાન્ત આપે છે. જો કેટલાક મુસાફરો શીઘ્ર ગતિવાળા વહાણથી સમુદ્રના પાણી માર્ગે સામા કાંઠે જલદી પહોંચે છે તો બીજા કેટલાક મુસાફરો ઘોડા ઉંટ અને રથ વડે જમીન માર્ગે ક્રમે કરીને લાંબા કાલે પહોંચતા નથી ? અથવા પહોંચે છે. ૨૯

**સ્પષ્ટાર્થ**:—મોક્ષના બે માર્ગ કહ્યા છે. એક સાધુનો સર્વવિરતિ માર્ગ. આ માર્ગમાં વર્તનારા સાધુઓ રૂડી રીતે પાળેલ ચરણ સિત્તરી અને કરણ સિત્તરી વડે જલદીથી એટલે તેજ ભવમાં પણ મોક્ષે જાય છે બીજો દેશવિરતિ રૂપ શ્રાવકનો માર્ગ કહ્યો છે. તેનાથી પણ ચંદ્ર સરખા નિર્મળ ગુણોથી આનંદ આપનાર આનંદ નામના શ્રાવકની જેમ દેશવિરતિ વગેરે ગુણોનું સારી રીતે પાલન કરવાથી આઠ ભવની અંદર મોક્ષે જાય છે. આનંદ શ્રાવકે શ્રીવીર પ્રભુની પાસે બાર વ્રતો ગ્રહણ કર્યાં અને તેનું સારી રીતે પાલન કર્યું, તેથી ત્યાંથી ચ્યવીને પ્રથમ સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને જૈન ધર્મ આરાધીને મોક્ષે જશે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપે છે કે જેમ શીઘ્ર

ગતિવાળા વહાણની મદદથી જળમાર્ગે મુસાફરી કરીને કેટલાક મુસાફરો જલદીથી સામા કાંઠે પહોંચે છે. ત્યારે બીજા કેટલાક મુસાફરો સમુદ્રના કાંઠે કાંઠે જમીન માર્ગે ઘોડા ઉંટ અથવા રથની મદદથી ક્રમે ક્રમે સામા કાંઠે પહોંચે છે. માટે જેમનાથી સાધુ ધર્મની આરાધના ન થઇ શકતી હોય તેમણે પણ બીજા શ્રાવક ધર્મના બાર વ્રતોમાંથી બની શકે તો બધા વ્રતો પાળીને અને ન બની શકે તો જેટલા વ્રતો પાળી શકાય તેટલા વ્રતોનું પાલન કરીને મોક્ષને માટે યત્ન કરવો. ૨૯

આનન્દ શ્રાવકની કથાનો ટુંક સાર નીચે પ્રમાણે:—

વાણિજગ્રામ નામના નગરમાં જિતશત્રુ નામનો રાજા હતો. ત્યાં આનંદ નામનો ગૃહપતિ (શેઠ) હતો તેને સારા શીલવાળી સૌન્દર્યવતી શિવાનન્દા નામની ભાર્યા હતી. તે આનન્દને ચાર સુવર્ણકોટી વેપારમાં, તેટલી જ મુંડી ભંડારમાં અને તેટલી મુંડી વ્યાજે ફરતી હતી. તથા ચાર ગોકુલ હતાં. એક વખતે પૃથ્વી ઉપર વિહાર કરતાં શ્રીવીર પ્રભુ તે નગરના દ્યુતિપલાશ નામના ઉદ્યાનમાં સમોસર્યા જિતશત્રુ રાજા પરિવાર સાથે તેમને વંદન કરવા ગયો. તે વખતે આનંદ પણ પ્રભુને વંદન કરવા ગયો. ત્યાં યોગ્ય સ્થાને બેસીને પ્રભુની દેશના સાંભળવા લાગ્યો. દેશનાને અંતે તેણે સમ્યકત્વ સહિત બાર વ્રતો પ્રભુ પાસે ગ્રહણ કર્યાં. તેમાં પણ શિવાનન્દા સિવાય અન્ય નારીનો ત્યાગ કર્યો. તેમજ પાંચમા અણુવ્રતને વિષે પણ ચાર ગોકુલ તેમજ ચાર ચાર ક્રોડ સુવર્ણ કોટી વગેરે વર્જીને બીજાનો નિયમ કર્યો. બીજા

વ્રતોમાં પણ યથાયોગ્ય નિયમો ગ્રહણ કર્યા. ત્યાર પછી આનન્દ ઘેર આવ્યો. પોતાની સ્ત્રીને પણ હર્ષ પૂર્વક તે વાત જણાવી. તે વખતે શિવાનન્દાએ પણ પ્રભુ પાસે જઇને શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. ત્યાર પછી પ્રભુને નમીને ગૌતમ સ્વામીએ પૂછયું કે આ આનન્દ શ્રાવક દીક્ષા લેશે કે નહિ ? ત્યારે પ્રભુએ કહ્યું કે આ આનન્દ ગૃહપતિ શ્રાવકના વ્રતોને સારી રીતે પાળીને મરીને સૌધર્મ દેવલોકમાં અરૂણપ્રભ નામના વિમાનમાં ચાર પલ્યોપમના આયુષ્યવાળો દેવ થશે. ત્યાંથી મનુષ્ય ગતિમાં ઉપજીને અદ્ભુત લક્ષ્મી પામીને અરિહંત ધર્મની આરાધના કરીને કર્મ રહિત થઈને મોક્ષે જશે. બીજા પણ જે શ્રાવકો શ્રાવક ધર્મની આરાધના કરશે તેઓ પણ દેવની ઋદ્ધિ પામીને અનુક્રમે મોક્ષે જશે.

॥ ઇતિ આનંદ શ્રાવક કથા ॥

**અવતરણઃ**—વળી શ્રાવક ધર્મ રૂપી ઘોડો તેના પાલન કરનારને મોક્ષ નગરે પહોંચાડે છે તે જણાવે છે:—

**सम्यक्त्वोदारतेजा नवनवफलदावर्तरूपव्रतालिः,**
**सिद्धान्तोक्तैकविंशत्यमलगुणगतिः श्राद्धधर्मस्तुरङ्गः।**
**प्रापय्यान्तं भवाब्धेर्नयति शिवपुरं कामदेवादिवत्तत्,**
**मिथ्यात्वाधीशशङ्कादिकहृदयहरतो यत्नतो रक्षणीयः ॥२०॥**

**શ્રાવક તણો શુભ ધર્મ જાણો અશ્વ જેવો તે સદા,**
**સમ્યકત્વ રૂપ વર તેજથી શોભે હરંતો આપદા;**

નવ નવા ફલ આપતા આવર્ત્ત રૂપ વ્રતપંક્તિથી,
દીપે શ્રુતે ભાષેલ શુભ એકવીસ ગુણ રૂપ ચાલથી. ૧
સંસાર સાગરનો પમાડી પાર પ્હોંચાડે વલી,
શિવરૂપ નગરમાં કામદેવાદિક પરે ન ભમે ફરી;
મિથ્યાત્વ રૂપ રાજા તણા શંકાદિ રૂપ હય ચોરથી,
તે ધર્મ અશ્વ બચાવવો સ્થિરતા સ્વરૂપ તરવારથી. ૨

શ્લોકાર્થઃ—સમકિત રૂપી વિકસ્વર તેજવાળો, નવા નવા ફલદાયક કુંડાલા રુપ બાર વ્રતની પંક્તિવાળો અને સિદ્ધાન્તમાં રહેલા એકવીશ નિર્મળ ગુણ રુપ ગતિવાળો શ્રાવક ધર્મ રૂપી ઘોડા સંસાર રૂપી સમુદ્રના પારને પમાડીને કામદેવ વગેરેની જેમ મોક્ષ નગરે લઇ જાય છે. તેથી મિથ્યાત્વ રૂપી રાજાના શંકાદિક અશ્વ ચોરોથી તેનું યત્નપૂર્વક રક્ષણ કરવું જોઇએ. ૩૦

**સ્પષ્ટાર્થ**:—જેમ ઘોડો ઇચ્છિત સ્થળે પહોંચાડે છે તેમ બાર વ્રતરૂપી શ્રાવક ધર્મ પણ ઇચ્છિત એવા મોક્ષરૂપ સ્થાને પહોંચાડે છે. માટે કવિશ્રી શ્રાવક ધર્મને ઘોડાની ઉપમા આપી શ્રાવકધર્મ સમજાવે છે. જેમ ઘોડો તેજસ્વી હોય છે તેમ આ શ્રાવક ધર્મરૂપી ઘોડો પણ સમકિત રૂપી વિકસ્વર તેજવાળો છે. કારણ કે સમક્તિ વિનાના બાર વ્રત નકામા જેવા છે. માટે સમકિત સહિત બાર વ્રત મોક્ષરૂપી નગરે પહોંચાડી શકે છે. વળી તે શ્રાવકધર્મ રૂપી ઘોડો નવા નવા ફળ આપનાર આવર્ત રૂપ વ્રતોની પંક્તિવાલો છે. વળી જેમ ઘોરો ગતિવાળો હોય છે તેમ અહીં સિદ્ધાન્તમાં કહેલા ( જે આગલી ગાથામાં કહેવામાં આવશે ) એકવીશ.

નિર્મલ ગુણો રૂપી ગતિવાળો આ શ્રાવક ધર્મ રૂપી ઘોડો કામદેવ વગેરે દશ શ્રાવકોની જેમ આ સંસારરૂપી સમુદ્રના પારને પમાડીને મોક્ષરૂપી નગરમાં અનુક્રમે પહોંચાડે છે. તેથી આ વ્રતરૂપ ઘોડાનું યત્નપૂર્વક એટલે જયણા રાખીને અથવા પ્રમાદનો ત્યાગ કરીને મિથ્યાત્વાધીશ એટલે બ્રહ્મા વગેરે દેવોના શંકા વગેરે પાંચ અંધ ચોરોથી રક્ષણ કરવું. ૩૦

કામદેવની કથાનો સાર આ પ્રમાણે:—

ચંપાનગરીમાં જિતશત્રુ નામનો રાજા હતો. તે નગરીમાં બુદ્ધિશાળી કામદેવ નામે ગૃહપતિ (ગૃહસ્થ) હતો. તેને રૂપવાળી ભદ્રા નામની પત્ની હતી. તેની પાસે છ કોટિ સુવર્ણ ભંડારમાં, છ કોટી વ્યાજે અને છ કોટી વેપારમાં હતું. તથા તેની પાસે છ ગોકુલો હતાં. એક વખતે વિહાર કરતા કરતા શ્રી વીર પ્રભુ ત્યાં સમોસર્યા. કામદેવ પગે ચાલતો પ્રભુને વંદના કરવા ગયો. અને ત્યાં પ્રભુની મિષ્ટ ધર્મદેશના સાંભળી. તે દેશના સાંભળવાથી બોધ પામેલા તેણે શ્રી વીર પ્રભુ પાસે શ્રાવકનાં બાર વ્રતો ગ્રહણ કર્યાં. તેમાં પણ મુખ્યતાએ ચોથા વ્રતમાં ભદ્રા સિવાય અન્ય સ્ત્રીનો ત્યાગ કર્યો. તથા પાંચમા વ્રતમાં છ ગોકુળ અને છ છ કોટી સુવર્ણાદિ દ્રવ્ય સિવાય બીજા દ્રવ્યનો ત્યાગ કર્યો. બીજા વ્રતો પણ યથાયોગ્ય આનંદ શ્રાવકની જેમ ગ્રહણ કર્યાં. તેણે ઘેર આવીને ભદ્રાને બધી હકીકત જણાવી. ભદ્રાએ પણ પ્રભુની આગળ જઈને જૈન ધર્મ ગ્રહણ કર્યો. રાત્રીએ કાઉસ્સગ્ગમાં રહેલા દેવે તેને ચલાયમાન કરવાને ઘણા ઉપસર્ગ કર્યા. છતાં તે જરા પણ ચલાયમાન થયો નહિ.

એ પ્રમાણે ધર્મનું પાલન કરીને તે કામદેવ પણ દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને મહાવિદેહે મનુષ્ય ભવ પામી મોક્ષ માર્ગ સાધીને મોક્ષે જશે.

॥ ઇતિ કામદેવ શ્રાવક કથા ॥

અવતરણ:—હવે કવિરાજ શ્રાવકનાં ૨૧ ગુણોનું વર્ણન કરે છે:—

( स्रग्धरावृत्तम् )

२ ३ ४ ५ ६ ७ ८
अक्षुद्रो रूपसौम्यो विनयनययुतः क्रूरताशल्यमुक्तो,
९ १० ११ १२ १३
मध्यस्थो दीर्घदर्शी परहितनिरतो लब्धलक्ष्यः कृतज्ञः।
१४ १५ १६ १७ १८ १९
सद्दाक्षिण्यो विशेषी सदयगुणरुचिः सत्कथः पक्षयुक्तोः,
२० २१ १ २२ २३ २४
वृद्धार्हो लज्जनो यः शुभजनदयितो धर्मरत्नस्य योग्यः ॥३१॥

અક્ષુદ્ર ઉત્તમ રૂપવાળો શાંત આકૃતિ જેહની,
વિનયને નય ધારનારો ક્ષમા ઉત્તમ જેહની;
સરલતા મધ્યસ્થતા ને દીર્ઘદર્શી જાણિયે,
બીજાતણું હિત સાધનારો સમય કેરો જાણ એ. ૧

નહિ ભૂલનાર કરેલને દાક્ષિણ્યતા ગુણને ધરે,
લાભ તોટાને વિચારે દયા ગુણ રૂચિ વળી કરે;
વાતો મહા પુરૂષો તણી બે પક્ષ નિર્મલ જેહના,
વડીલને સત્કારનારા શરમ સજ્જનપ્રિય જના, ૨

**એ એકવીશ ગુણ ધારનારા ધર્મ રૂપી રત્નને,**
**પામવાને યોગ્ય જાણો જે લહ્યા તે રત્નને;**
**તેહને પણ આ ગુણો મજબૂત કરે તસ સાધને,**
**શાંતિમય જીવન પમાડે કર્મરિપુના વિજયને. ૩**

**શ્લોકાર્થ:**—જે શ્રાવક અક્ષુદ્ર, રૂપવાળો, સૌમ્ય, વિનય અને ન્યાયવાળો, ક્રૂરતા રહિત, માયા રહિત, મધ્યસ્થ, દીર્ઘ દર્શી, પરના હિતમાં તત્પર, લબ્ધલક્ષ્ય, કૃતજ્ઞ, સારા સરલ ભાવવાળો, વિશેષજ્ઞ, દયાવાળો, ગુણનો અનુરાગી, સત્કથાવાળો, પક્ષવાળો, વૃદ્ધને યોગ્ય, લજ્જાવાળો અને સારા માણસોને પ્રિય હોય તે ધર્મરત્ને યોગ્ય જાણવો. ૩.

**સ્પષ્ટાર્થ:**—હવે ધર્મરૂપી રત્નને લાયક કયો શ્રાવક હોય? તે જણાવતાં કવિરાજ કહે છે કે જેનામાં નીચેના ૨૧ ગુણ હોય તે ધર્મરત્નને યોગ્ય શ્રાવક જાણવો. તે એકવીસ ગુણ આ પ્રમાણે:—૧ અક્ષુદ્ર એટલે સ્વભાવાદિકમાં જે તુચ્છતા ન રાખે, તે અક્ષુદ્ર કહેવાય, અથવા બીજાના છિદ્રો નહિ જોનારો, ૨ સારા રૂપવાળો. ૩ સૌમ્ય એટલે શાંત આકૃતિવાળો. ૪ ગુરૂજનનો વિનય કરનાર નમ્ર ભાવ રાખનાર, ૫ નયવાળો એટલે નીતિપૂર્વક ચાલનારો, ૬ ક્રૂરતા એટલે નિર્દયપણાથી રહિત, ૭ શલ્ય એટલે માયા રહિત. ૮ મધ્યસ્થ એટલે કદાગ્રહ રહિત, ૯ દીર્ઘદર્શી એટલે ભવિષ્યનો શુભ વિચાર કરનાર, ૧૦ બીજાઓનું હિત કરવામાં તત્પર, ૧૧ લબ્ધલક્ષ્ય એટલે અવસરનો જાણકાર, ૧૨ કૃતજ્ઞ એટલે કરેલા ઉપકારને જાણનાર, ૧૩ દાક્ષિણ્યતા ગુણને ધારણ કરનાર ૧૪ વિશેષી એટલે વિશેષ જાણનાર એટલે

લાભ તોટાનો વિચાર કરનાર ૧૫ સહૃદય એટલે દયાવાળો, ૧૬ ગુણરુચિ એટલે ગુણનો અનુરાગી, બીજાના ગુણોને ગ્રહણ કરનાર, ૧૭ સત્કથ એટલે સારી કથા કહેનાર, ૧૮ પક્ષયુક્ત એટલે જેના માતૃપક્ષ અને પિતૃપક્ષ બંને પક્ષ વિશુદ્ધ હોય તેવો. ૧૯ વૃદ્ધાર્હ એટલે વડીલ પુરૂષોને માન આપનાર, ૨૦ લજ્જાવાળો, અને ૨૧મો શુભજન એટલે સત્પુરૂષોને પ્રિય લાગે તેવો. એવી રીતે આ એકવીસ પ્રકારના ગુણો જે શ્રાવકમાં હોય તે ધર્મરૂપી રત્નને લાયક છે અથવા જેનામાં આ એકવીસ ગુણ હોય તેવા શ્રાવકને ધર્મરૂપી રત્નની પ્રાપ્તિ થાય છે. માટે શ્રાવકે આ ૨૧ ગુણો મેળવવા યત્ન કરવો જોઇએ. ૩૧

અવતરણ:—એ પ્રમાણે ૧૪ મું શ્રાવકદ્વાર કહ્યું. હવે એ શ્લોકથી ૧૫ મું પ્રાણાતિપાત વિરમણ નામનું દ્વાર કહે છે:—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

३ ४ १ २ ५ ८
धर्माणां गुरुरेव जन्तुषु दयाधर्मस्ततो संस्थितः,
६ ९ १० ७
श्रीवज्रायुधचक्रवर्तिसदृशां नो संगमादेर्हृदि ।
१३ १२ १४ ११ १६ १५
चूलायां कनकाचलस्य रमते कल्पद्रुमो नो मरौ,
१७ १९ २३ २१ २२ १८ २०
किं चैरावणवारणः कुनृपतेर्द्वारेऽस्ति यः स्वःपतेः ॥ ३२ ॥

જીવ દયા રૂપ ધર્મ સઘલા ધર્મમાં મોટો કહ્યો,

ચક્રિવજ્રાયુધ સમા જનના હૃદયમાં તે રહ્યો;
પણ રહ્યો નહિ સંગમાદિક જેહવાના હૃદયમાં,
મેરૂગિરિ પર હોય સુરતરૂ પણ નહી મરૂદેશમાં. ૧
ઇંદ્રના દરબારમાં જે હોય ઐરાવણ નહી,
તુચ્છ નૃપના દ્વારમાં હાથી સમી કરૂણા કહી;
સુરતરૂના જેહવો જિનનો દયામય ધર્મ છે,
પુણ્યવંતા પાલનારા પરમ પદ વરનાર છે. ૨

શ્લોકાર્થ:–પ્રાણિઓને વિષે દયા રૂપી ધર્મ સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ છે. તેથી તે (દયા ધર્મ) શ્રી વજ્રાયુધ ચક્રવર્તી સરખાના હૃદયમાં રહેલો છે. પરંતુ સંગમદેવ વગેરેના હૃદયમાં રહેલો નથી. કલ્પવૃક્ષ મેરૂ પર્વતની ચૂલિકામાં હોય છે પરંતુ મરૂભૂમિમાં હોતું નથી. વળી ઈન્દ્રના દ્વારને વિષે જે ઐરાવણ હાથી હોય છે તે તુચ્છ રાજાને ત્યાં શું હોય? ન જ હોય. ૩૨

સ્પષ્ટાર્થ:–હવે કવિરાજ પ્રાણાતિપાત એટલે જીવહિંસા તેનાથી વિરમણ એટલે પાછા ફરવું અટકવું અર્થાત્ જીવહિંસા ન કરવી તેમજ પ્રાણીઓ ઉપર દયા ભાવ રાખવો તેનું સ્વરૂપ જણાવતાં કહે છે કે સર્વ ધર્મોને વિષે દયા રૂપી ધર્મ શ્રેષ્ઠ છે. કારણ કે જ્યાં દયા ન હોય તેને ધર્મ કહેવાય જ નહિ. કારણ કે દયા ધર્મનું મૂલ છે અને જ્યાં મૂલજ નહોય તો બીજું તો (થડ, શાખા વગેરે) ક્યાંથી જ હોય? આવો ઉત્તમ દયાભાવ શ્રી વજ્રાયુધ ચક્રવર્તી (સોળમા શાન્તિનાથ ભગવાનના પૂર્વભવનો જીવ) જેવા મહાપુરૂષોના હૃદયમાં રહેલો છે. કારણ કે તેમણે પોતાના

માંસને દેવાની ઈચ્છા જણાવી પારેવાનું રક્ષણ કર્યું હતું. પરંતુ સંગમ દેવ જેવાના હૃદયમાં તે દયાધર્મ રહેલો નથી કારણ કે તેણે શ્રીવીર પ્રભુ તરફ અનેક જાતના ભયંકર ઉપસર્ગો કર્યા. આ બાબતમાં દૃષ્ટાન્ત આપે છેઃ–જે કલ્પવૃક્ષ મેરૂ પર્વતની ચૂલિકાને વિષે હોય છે તે શું મરૂભૂમિમાં ઉત્પન્ન થાય ? અથવા જેમ કલ્પવૃક્ષ ઉત્તમ ભૂમિમાં જ થાય છે તેમ દયા રૂપી વૃક્ષ પણ ઉત્તમ પુરૂષોના હૃદય (રૂપી ભૂમિ)માં જ ઉત્પન્ન થાય છે. પરંતુ મરૂભૂમિ સરખા પાપી જીવોના હૃદયમાં તે ઉત્પન્ન થતું નથી. વળી ઈન્દ્ર મહારાજના દ્વારને વિષે જે ઐરાવણ હાથી હોય છે તે શું હલકા રાજાને ત્યાં હોય ? અથવા હોતો નથી. તેરી રીતે ઇન્દ્ર સરખા મોટા પુરૂષોના હૃદયમાં દયા ભાવ રહેલો છે પરંતુ હલકા રાજા સરખા પાપી પુરૂષોના હૃદયમાં તે દયાભાવ રહેતો નથી. ૩૨

શ્રી વજ્રાયુધ ચક્રવર્તીની કથા આ પ્રમાણેઃ––

મહાવિદેહ ક્ષેત્રમાં રત્નસંચયા નામની નગરીમાં વજ્રાયુધ નામે ચક્રવર્તી રાજા હતો અને તે રાજા ઘણો દયાળુ હતો. તે શરણે આવેલાનું પોતાના જીવના જોખમે પણ રક્ષણ કરતો હતો. એક વખતે ઇન્દ્રે સભાની અંદર "વજ્રાયુધ ચક્રવર્તી સમાન કોઈ દયાળુ નથી" એવી પ્રશંસા કરી. આ વાત ઉપર શ્રદ્ધા નહિ રાખતા બે દેવો તેની પરીક્ષા કરવા મનુષ્ય લોકમાં આવ્યા. એક દેવે પારેવાનું અને બીજાએ બાજનું રૂપ લીધું. તેમાં પ્રથમ પારેવાએ ચક્રાયુધ પાસે આવીને કહ્યું કે હે સ્વામિન્! શરણે આવેલા મને

બચાવો. તેની પાછળ આવેલા બાજે કહ્યું કે ભૂખ્યા એવા મને મારૂં ભક્ષ્ય સોંપી દો. પક્ષી છતાં મનુષ્યની ભાષા બોલતાં સાંભળીને ચક્રવર્તીએ વિચાર્યું કે નક્કી આ બે પક્ષીઓ નથી પરંતુ પક્ષીનું રૂપ લીધેલ દેવો કે વિદ્યાધરો છે. ગમે તેમ હોય પરંતુ મારે શરણે આવેલાનું રક્ષણ કરવું જોઇએ. એવું વિચારીને ચક્રવર્તીએ પારેવાને કહ્યું કે હે પક્ષી તું ભય રાખ નહિ. કારણ કે સાક્ષાત ઇન્દ્ર આવે તો પણ તારે ભય પામવાનું કારણ નથી એમ કહી તેણે તેને પોતાના ખોળામાં આશ્રય આપ્યો. તે વખતે બાજ પક્ષી કહેવા લાગ્યું કે ભૂખથી મારા પ્રાણ જવાની તૈયારીમાં છે માટે મારા ભક્ષ્યને (પારેવાને) મને સોંપી દો જેથી હું મારી ભૂખ શાંત કરૂં. તમે તો દયાળુ છો. આ પ્રમાણે બોલતા બાજને વજ્રાયુધે કહ્યું કે પર પ્રાણોનો નાશ કરી પોતાના પ્રાણોનું પોષણ કરવું તે મોટા પુરૂષોને ઉચિત નથી. કારણ કે જેમ તારા પ્રાણ તને પ્રિય છે તેમ દરેકને પોતાના પ્રાણ પ્રિય હોય છે. વળી જો તું આ ભૂખના દુઃખના નાશ માટે પક્ષીને મારવાની ઇચ્છા રાખે છે તો તેનો વધ કરવાથી તને અનંત દુઃખ થશે. આને મારવાથી તો તને ક્ષણિક શાંતિ થશે અને આના ભવનો નાશ થશે. માટે ભોજન માટે જીવનો વધ કરવો તે તારા જેવા પક્ષીને યોગ્ય નથી.

આ પ્રમાણે જ્યારે ચક્રીએ બાજને મધુર વાણી વડે સમજાવ્યું ત્યારે તે ચક્રીને કહેવા લાગ્યું કે જો કે તમે સત્ય કહો છો તથાપિ આ મારૂં કહેવું પણ સાંભળો. હું પણ જાણું છું કે પરને પીડા કરવી તે અકલ્યાણકારી છે તો પણ ભૂખ્યા વિદ્વાનના ચિત્તમાં પણ ધર્મ હોતો નથી. ત્યારે ચક્રવર્તીએ

કહ્યું કે હું તને બીજું સુંદર ભોજન આપું ત્યારે તેણે કહ્યું કે માંસભોજી એવા મને બીજા ભોજનની જરૂર નથી. ત્યારે રાજાએ કહ્યું કે હું તને બીજું માંસ આપું ત્યારે બાજે કહ્યું કે મેં પોતે મારેલા જીવના માંસ સિવાય બીજું માંસ મને ગમતું નથી. માટે વધારે શું કહેવું જો તમારે એનું રક્ષણ કરવું હોય તો મને મારી નાખો. છેવટે રાજાએ કહ્યું કે આ પારેવાના માંસ જેટલું મારૂં પોતાનું માંસ તને જોખીને આપું તે ખાઇને તું તારૂં જીવન નભાવ ત્યારે બાજે તેમ કરવા હા પાડી.

ત્યારે રાજાએ ત્રાજવા મંગાવી એક પલ્લામાં પારેવાને મૂક્યું અને બીજા પલ્લામાં પોતાના હાથે છેદી છેદીને પોતાનું માંસ મૂકવા માંડયું. પરંતુ રાજા જેમ જેમ છેદીને પોતાના માંસના ટુકડા પલ્લામાં મૂકતો ગયો તેમ તેમ બીજા પલ્લાના પારેવાનું વજન દેવશક્તિથી વધવા લાગ્યું. તે વખતે રાજા વિચારે છે કે નાશવંત એવા આ શરીરથી સ્થિર એવો દયા ધર્મ પળાતો હોય અને મલીન એવા આ શરીરથી જો શુદ્ધ એવો ધર્મ મેળવાતો હોય તો મેં શું મેળવ્યું નથી ? આવું વિચારી સંતોષ પામેલા રાજાને મંત્રીઓએ વાર્યા છતાં તથા રાણીઓ વગેરે રૂદન કરે છે છતાં પણ તેણે પોતાનું આખું શરીર છેદીને પલ્લામાં મૂક્યું.

તે બંને દેવોએ ચક્રીને ખેદ રહિત મનવાળા જાણીને ચમત્કાર પામીને પોતનું દેવ સ્વરૂપ પ્રગટ કર્યું. અને ચક્રવર્તીની સ્તુતિ કરવા માંડી કે તમારૂં સત્ત્વ તથા તમારી દયા આશ્ચર્યકારી છે. વળી શરણે આવેલાનું રક્ષણ કરવાની

તમારી ટેક અદ્ભુત છે. ઇંદ્ર મહારાજે દેવસભામાં જેવી તમારી સ્તુતિ કરી તેવા જ તમે છો. માટે હે રાજા તમે વરદાન માગો. ત્યારે રાજાએ કહ્યું કે મારા મનમાં હંમેશાં દયાધર્મ રહો. મારે અન્ય વસ્તુની જરૂર નથી. ત્યારે રાજાની સ્તુતિ કરીને દેવો સ્વર્ગમાં ગયા. અનુક્રમે ચક્રવર્તી પણ સ્વર્ગમાં જઈને ત્યાંથી ચ્યવીને સોળમા શ્રીશાન્તિનાથ જિનેશ્વર થયા. જ્યારે જિનેશ્વર દેવે (ચક્રવર્તીએ) પણ આ પ્રમાણે દયા ધર્મ પાળ્યો છે તો આપણે પણ તેનું પાલન જરૂર કરવું જ જોઈએ.

॥ ઈતિ વજ્રાયુધ ચક્રી કથા ॥

સંગમદેવની કથા આ પ્રમાણે:—

જ્યારે ચરમ તીર્થંકર શ્રીવીર પ્રભુ છદ્મસ્થપણે વિચરતા હતા ત્યારે ઇંદ્ર મહારાજે દેવ સભામાં તેમની સ્તુતિ કરતાં કહ્યું કે ધ્યાનમાં રહેલા શ્રી વીર પ્રભુને ચલાયમાન કરવાને દેવ કે અસુર કોઈ સમર્થ નથી. આવુ ઇન્દ્ર મહારાજનું વચન સાંભળીને અભવ્ય એવો શક્રનો સામાનિક સંગમ નામે દેવ ક્રોધથી કહેવા લાગ્યો કે તપસ્વી એવા એક મનુષ્યને આટલી બધી મહત્તા આપવાની જરૂર નથી. જે દેવોની મેરૂ પર્વતને માટીના ઢેફાની જેમ અદ્ધર રાખવાની શક્તિ છે તેની આગળ મનુષ્યની શક્તિ શા હિસાબમાં છે? માટે હું જઈને હમણાંજ તેમને ધ્યાનથી ચલાયમાન કરૂં છું. એ પ્રમાણે બોલીને દુષ્ટ બુદ્ધિવાળો તે સભામાંથી ઉઠીને ચાલ્યો.

જે સ્થળે પ્રભુ કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહ્યા છે ત્યાં કોપેલો તે સંગમદેવ આવ્યો, પછી ધૂળની વૃષ્ટિ કરીને તેણે પ્રભુને ઢાંકી દીધા. પરંતુ તેથી પ્રભુ ચલાયમાન થયા નથી એમ જાણીને તેણે તે વૃષ્ટિ બંધ કરી, પછી વજ્ર મુખવાળી કીડીઓ તેણે પ્રભુની ચારે બાજુએ વિકુર્વી. તે બધી કીડીઓ પ્રભુના શરીરમાં એક ઠેકાણેથી પેસીને બીજે ઠેકાણે નીકળવા લાગી. તે છતાં પ્રભુ ચલાયમાન થયા નહિ. ત્યાર પછી તે દુષ્ટ દેવે વજ્ર મુખવાળા ડાંસ વિકુર્વ્યા. તેઓએ પ્રભુને આકરા ચટકા ભર્યા તોપણ ચલ્યા (ડગ્યા) નહિ. પછી ધીમેલો વીંછી, નોળીયા, સર્પો, ઉંદરો તથા મદોન્મત્ત હાથી વિકુર્વીને ઉપસર્ગો કર્યા. તોપણ પ્રભુ જરાએ ચલાયમાન થયા નહિ. ત્યાર પછી પિશાચો વિકુર્વીને અટ્ટહાસ્યથી પ્રભુને ભય બતાવવા માંડ્યા, તોપણ પ્રભુ જરા પણ ભય પામ્યા નહિ. ત્યાર પછી ભયંકર વાઘ વિકુર્વ્યા. પછી વિલાપ કરતા પ્રભુના માતા પિતા વિકુર્વ્યા અને તેઓએ પ્રભુની આગળ પ્રાર્થના કરી તો પણ ચલ્યા (ડગ્યા) નહિ ત્યારે પ્રભુના પગને ચુલો બનાવી અગ્નિ સળગાવી. પ્રભુને સંતાપ કર્યો, વળી પક્ષી વિકુર્વીને પ્રભુને ચાંચના પ્રહાર કર્યા. વળી વિવિધ પ્રકારના પવન વિકુર્વીને પ્રભુને હેરાન કર્યા. સ્વર્ગનું રાજ્ય આપવાનું કહી લોભાવ્યા. વળી બીજા ઘણાં ઘણાં ઉપસર્ગો કરી પ્રભુને ચલાયમાન કરવાના પ્રયત્ન કર્યા. પરંતુ તે બધા નિષ્ફળ ગયા. એક રાતમાં તેણે પ્રભુને વીસ ઉપસર્ગો કર્યા. તો પણ પ્રભુ દેવ જરાએ ચલિત થયા (ડગ્યા) નહિ. તેથી છ મહિના સુધી તેણે પ્રભુને ચલિત કરવાને ઉપસર્ગો કર્યા. પરંતુ તે પ્રભુને ચલિત કરી શક્યો નહિ. તેથી અંતે હારીને

વિલખો થઈને પ્રભુને નમી સ્તુતિ કરવા લાગ્યો. હે પ્રભુ! હું પ્રતિજ્ઞા ભંગ થયો છું. મારા દુષ્ટ કૃત્યોની માફી માગું છું, માટે મારા અપરાધો ક્ષમા કરશો. એ પ્રમાણે કહીને તે ઈંદ્રસભામાં ગયો. ત્યાં ઇંદ્ર મહારાજ તેના ઉપર ઘણા કોપ્યા. અને તેને તાડન કરીને સ્વર્ગમાંથી કાઢી મૂક્યો. આ પ્રમાણે પાપી જીવોના દિલમાં નિમિત્ત વિના પણ પાપની બુદ્ધિ ઉપજે છે. માટે દુર્ગતિને આપનાર તેનો ત્યાગ કરવો.

॥ ઈતિ સંગમદેવ કથા ॥

**અવતરણ:**—એજ જીવદયાનું વિશેષ વર્ણન કરે છે:—

૧ ૨ ૩ ૪ ૫ ૬
एका जीवदयैव, नित्यसुखदा तन्नेमिना स्वामिना,
૭ ૮ ૯ ૧૦ ૧૧
कन्याराज्यधनादि फल्गुतृणवत्संत्यज्य सैवादृता ।
૧૩ ૧૪ ૧૨ ૧૫ ૧૬ ૧૭ ૧૯ ૨૧ ૧૮ ૨૦
सोऽर्हन्वाऽस्य किमुच्यते निजहिते नान्योऽपि मन्दायते,
૨૯ ૨૨ ૨૩ ૨૪ ૨૮ ૨૭ ૨૬ ૨૫
किं कस्याप्यजरामरत्वमथवा नेष्टं सुखं शाश्वतम् ॥ ३२ ॥

એક જીવદયાજ આપે શાશ્વતા સુખ જાણીને,
પ્રભુ નેમિનાથે તુચ્છ તૃણની જેહવા રાજ્યાદિને;
રાજીમતીને માનીને છંડી દયાને આદરી,
અથવા પ્રભુ અરિહંત છે તેઓ ધરે કરુણા ખરી. ૧

એમાં ન અચરિજ અન્ય પણ હિત સાધવામાં
નિજ તણા,
આળસ કરે ના શાશ્વતા સુખ મોક્ષ કોને ઇષ્ટ ના;
અજરામર સ્થિતિ મોક્ષમાં ના ભેદ રજપણ અર્થમાં,
પ્રભુ નેમિની જિમ પાલીએ કરૂણા રહીને શાંતિમાં. ૨

શ્લોકાર્થઃ—એક જીવદયાજ હંમેશાં સુખને આપનારી છે. તેથી બાવીસમા શ્રીનેમનાથ પ્રભુએ રાજીમતી કન્યા, રાજ્ય અને ધન વગેરેનો તુચ્છ ઘાસની જેમ ત્યાગ કરીને તે (જીવદયા)નોજ આદર કર્યો. અથવા તે તો અરિહંત તીર્થંકર હતા માટે શું કહેવું? બીજો (સાધારણ) માણસ પણ પોતાના હિતમાં આળસુ થતો નથી. અથવા કોને અજરામરપણું ઇષ્ટ નથી, તેમજ શાશ્વત સુખ કોને ઇષ્ટ નથી? અર્થાત્ દરેક જીવને ઇષ્ટ છે જ. ૩૩

સ્પષ્ટાર્થઃ—પ્રથમ પ્રાણાતિપાત વિરમણ વ્રતને વિષે જીવદયાનું પાલન કરવાનું છે માટે જીવદયાનું સ્વરૂપ કહે છે—એક જીવદયાજ હંમેશાં સુખને આપનારી છે, કારણ કે જીવદયાનું પાલન કરનાર જીવનો આ ભવમાં પણ કોઈ પણ શત્રુ હોતો નથી. વળી જીવદયા પાળવાથી પરભવમાં પણ તે સુગતિ પામે છે તેથી ત્યાં પણ તેને સુખ મળે છે. માટે જીવદયા હંમેશ સુખ આપનારી કહી છે. અને તેજ કારણથી પ્રભુ શ્રીનેમિનાથે રાજીમતી જેવી નવ ભવની પ્રીતિવાળી કન્યા તથા વિશાળ રાજ્ય અને ધન વગેરે તે વસ્તુઓ કે જેને સંસારી જીવો મહત્વની માને છે તે સઘળી

વસ્તુઓનો તુચ્છ ઘાસની જેમ ત્યાગ કરીને જીવ દયાનો આશ્રય કર્યો. એટલે હરણ વગેરે જીવોનો ઘાત ન થાય તે માટે સંસારનો ત્યાગ કરીને દીક્ષા ગ્રહણ કરી. આ શ્રી-નેમિનાથ તો બાવીસમા તીર્થંકર હતા માટે તેમની વાત તો દૂર રહી, પરંતુ સામાન્ય માણસ પણ પોતાના હિતને વિષે મંદ આદરવાળો થતો નથી અથવા આળસુ થતો નથી. આ બાબતમાં દૃષ્ટાન્ત આપે છે કે અજરામરપણું એટલે જ્યાં ઘડપણ નથી તથા નાશ નથી એવી અવસ્થા કોને ઇષ્ટ નથી? અથવા દરેક જીવને અજરામરપણું ઇષ્ટ છે જ. તેમજ શાશ્વત એટલે કાયમ રહે તેવું અથવા નાશ રહિત એવું સુખ કોને ઇષ્ટ નથી? અર્થાત્ દરેક જીવને શાશ્વત સુખ ઇષ્ટ છે જ. માટે શાશ્વત સુખ આપનાર જીવદયા પાલવા દરેક ભવ્ય જીવે પ્રયત્ન કરવો જોઈએ. ૩૩.

**નેમિનાથનું** દૃષ્ટાન્ત આ પ્રમાણે:—

કુશાર્તદેશમાં શૌર્યપુર નામનું નગર હતું. ત્યાં દશ દશાર્હમાં મુખ્ય શ્રીસમુદ્રવિજય નામના રાજા હતા. તેમને શિવા નામની રાણી હતી. તે શિવા રાણીની કુક્ષીને વિષે અપરાજિત નામના અનુત્તર વિમાનથી શ્રીનેમિનાથનો જીવ ચ્યવીને અવતર્યો. ચૌદ મોટા સ્વપ્નથી અરિહંત (તીર્થંકર)ના વૈભવને જણાવનારા પુત્રને શિવા દેવીએ જન્મ આપ્યો. શક્રે પ્રભુનો જન્મ મહોત્સવ કર્યો. સમુદ્રવિજયે રિષ્ટ (ઉપદ્રવ)નો નાશ થવાથી તેમનું અરિષ્ટનેમિ એવું નામ પાડયું. પછી પ્રભુ અનુક્રમે મોટા થયા.

આ તરફ કૃષ્ણે કંસને માર્યો, તેથી જરાસંઘના ભયથી

યાદવો નાસીને દેવોએ કરેલી પશ્ચિમ સમુદ્રના કાંઠે આવેલી દ્વારકા નગરીએ આવ્યા. અને કૃષ્ણને રાજા બનાવી ઉત્કૃષ્ટ વૃદ્ધિને પામ્યા. ત્યાર પછી યુદ્ધ કરવાને ત્યાં આવેલા જરાસંધ રાજાને મારીને કૃષ્ણ અર્ધ ભરતના અધિપતિ વાસુદેવ થયા.

ક્રીડા કરતા શ્રીનેમિનાથ બાળપણું ઓળંગીને યુવાવસ્થાને પામ્યા. તે વખતે શીવાદેવી તથા સમુદ્રવિજયે તેમને લગ્ન કરવાનું કહ્યું. તે સાંભળીને પ્રભુએ તમને જેમ સુખ થાય તેમ કરીશ એવું કહ્યું. એક વાર પ્રભુ શ્રીનેમિનાથ કૃષ્ણની આયુધશાળામાં ક્રીડા કરવા ગયા. ત્યાં તેમણે કૃષ્ણનો પાંચજન્ય નામનો શંખ એવી રીતે પૂર્યો (વગાડયો) કે જેથી સભામાં બેઠેલા વાસુદેવ વગેરે પણ ચમકી ગયા. સંભ્રાન્ત થએલા વાસુદેવ 'આ શું ? એમ બલદેવને પૂછે છે ત્યારે સિપાઇએ આવીને કહ્યુ કે નેમિનાથે શંખ વગાડયો છે. આ આપણા કુલમાં નવો ચક્રી ઉત્પન્ન થયો છે એમ બોલતા કૃષ્ણ આયુધશાલામાં આવ્યા. પછી કૃષ્ણે નેમિનાથના બળની પરીક્ષા કરવા માટે કહ્યું કે તમે મારી આ ભુજાને વાળો. તે વખતે નેમિનાથે કમળના નાળને હાથી વાળે તેમ સહેલાઇથી તેમની ભુજા વાળી નાખી. પછી નેમિનાથે પોતાની ભુજા લાંબી કરી તેને કૃષ્ણે વાળવા માટે ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ તે વાળી શકયા નહિ. કૃષ્ણ તે વખતે વાનરની જેમ ત્યાં લટકી રહ્યા. પછી નેમિનાથના બળના વખાણ કરી, વિસર્જન કરીને કૃષ્ણે બલદેવને પૂછ્યું કે આ શું ચક્રવર્તી થઈને મારૂં રાજ્ય લઇ લેશે નહિ ? ત્યારે બલદેવે કહ્યું કે

નેમિનાથને વિવાહની પણ ઈચ્છા નથી તો રાજ્યની વાત તો દૂર રહી. નૈમિત્તિયાએ કહ્યું છે કે તેઓ બાવીસમા તીર્થંકર થશે. ત્યાર પછી કૃષ્ણે પોતાની સ્ત્રીઓ પાસે નેમિનાથને પરાણે પરણવા માટે મનાવ્યા. અને તેમનો ઉગ્રસેન રાજાની પુત્રી રાજીમતી સાથે વિવાહ કર્યો.

ત્યાર પછી મોટા ઉત્સવપૂર્વક શ્રીનેમિનાથની જાન ઉગ્રસેન રાજાના દ્વારે જવા લાગી. તે વખતે પશુઓનો પોકાર સાંભળી તેમણે સારથિને પશુઓના પોકારનું કારણ પૂછયું. ત્યારે સારથિએ કહ્યું કે તમારા લગ્ન પ્રસંગે જમણ માટે આ પશુઓને પાંજરામાં પૂર્યા છે તેઓનો આ પોકાર છે. તે સાંભળીને પ્રભુએ કહ્યું કે આ વિવાહને ધિક્કાર થાઓ, ધિક્કાર થઓ. કારણ કે તેને માટે આ પશુઓનો વધ થવાનો છે. માટે મારે પરણવું નથી. તેથી રથ પાછો વાળ. પોકાર કરતા પશુઓને છોડાવીને પ્રભુ પાછા વળ્યા ત્યારે તેમના માતપિતાએ તથા કૃષ્ણ મહારાજે તેમને ઘણી ઘણી રીતે લગ્ન કરવાને સમજાવ્યા છતાં પ્રભુએ લગ્ન કરવાની સ્પષ્ટ ના કહી. અને ઘેર આવીને વાર્ષિક દાન આપીને ચારિત્ર ગ્રહણ કર્યું.

ચારિત્ર લઈને વિહાર કરતા પ્રભુએ ચાર ઘાતીકર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન મેળવ્યું. હવે જેમને પ્રભુની સાથે નવ ભવની પ્રીતિ હતી, તે રાજીમતીએ પણ પ્રભુએ લગ્ન ન કર્યું તોપણ મારે તો તે પ્રભુ જ શરણ છે, એમ કહી બીજે પરણવાની ના કહી. અને પ્રભુની પાસે દીક્ષા લઈને કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા. ત્યાર પછી નેમનાથ પ્રભુ પણ મોક્ષે ગયા.

માટે જેમ પ્રભુએ જીવદયાનું પાલન કર્યું તેમ બીજા ભવ્ય જીવોએ પણ જીવદયા પાળી આત્મકલ્યાણ કરવું, તેજ શ્રેયસ્કર છે.

॥ ઈતિ શ્રી નેમિનાથ કથા ॥

અવતરણઃ—એ પ્રમાણે પંદરમા પ્રાણાતિપાત વિરમણવ્રતનું સ્વરૂપ કહી હવે બીજા મૃષાવાદ વિરમણવ્રતનું સ્વરૂપ કહે છેઃ—

( रथोद्धतावृत्तम् )

२ ६ १ ४ ५
संकटेऽपि न महान् मृषा वदे-

३
दत्तमातुलकालिकार्यवत् ।

८ ९ ७
चंदनः सुरभिरश्मघर्षणेऽ-

११ १२ १०
पीक्षुरद्भुतरसोऽपि पीलने ॥ ३४ ॥

**મોટા પુરૂષ દુઃખના ક્ષણે પણ જૂઠ ન કદી બોલતા,**
**દત્ત માતુલ સૂરિ કાલકની પરે કવિ ભાષતા;**
**પત્થર વિષે ઘસતાં છતાં પણ સુખડ ઘેજ સુગંધને,**
**પીલતાં પણ શેલડી આપેજ મીઠો રસ અને. ૧**

શ્લોકાર્થઃ—ઉત્તમ પુરૂષ સંકટમાં પણ દત્ત નામના રાજાના મામા કાલિકાચાર્યની જેમ મિથ્યા ( અસત્ય ) બોલતા નથી. ચંદનને પત્થર સાથે ઘસવા છતાં તે જેમ સુગંધ આપે છે તથા શેરડીને પીલ્યા છતાં તે જેમ અદ્ભૂત રસ આપે છે, તેમ ઉત્તમ પુરૂષ દુઃખમાં પણ જૂઠું નથી બોલતા. ૩૪

સ્પષ્ટાર્થ:—હવે કવિરાજ બીજું મૃષાવાદ વિરમણ વ્રત એટલે જુઠું નહિ બોલવું અથવા સત્ય બોલવું એ વ્રતનું વર્ણન કરતાં જણાવે છે કે ઉત્તમ પુરૂષો ગમે તેવા અથવા પ્રાણનો નાશ થાય તેવા સંકટમાં આવી પડે તો પણ મિથ્યા એટલે અસત્ય બોલતા નથી. જેવી રીતે દત્ત નામનો પુરોહિત પુત્ર કે જે રાજા બન્યો હતો, તેના મામા કાલિકાચાર્ય જેમ પ્રાણ જાય તેવા સંકટમાં આવી પડયા તો પણ અસત્ય બોલ્યા નહિ. અહીં દૃષ્ટાન્ત આપે છે કે જેમ ચન્દનને પત્થર સાથે ઘસવામાં આવે છે ત્યારે તે જેમ તેના ઘસનારને સુગંધી આપે છે તેમજ શેરડીને જ્યારે પીલવામાં (પીડવામાં) આવે છે ત્યારે જેમ મિષ્ટ રસને આપે છે. તેવી રીતે ઉત્તમ પુરૂષોના ગુણોની પણ સંકટ સમયમાં સાચી કસોટી થાય છે. કારણ કે તે વખતે પણ તેઓ દુઃખને સહન કરીને પણ પોતાનું ઉત્તમપણું સાચવે છે. આ વાતને યાદ રાખીને દરેક ભવ્ય જીવે હંમેશાં સાચું બોલવું જોઇએ.

**શ્રીકાલિકાચાર્યની કથા આ પ્રમાણે:—**

તુરમણી નામની નગરીમાં જિતશત્રુ નામનો રાજા હતો. તે રાજા જૈન ધર્મમાં શ્રદ્ધાવાળો હતો. તે નગરમાં રુદ્રા નામની કોઇક બ્રાહ્મણી હતી. તેને દત્ત નામનો પુત્ર હતો. તે દુષ્ટ બુદ્ધિવાળો અને વિનય રહિત, પાપીઓમાં અગ્રેસર અને કૃતઘ્નોમાં શિરોમણિ હતો. તે દત્ત આજીવિકાની આશાથી રાજાની સેવા કરવા લાગ્યો. સરલ સ્વભાવી તે રાજાએ તે બ્રાહ્મણને અનુક્રમે રાજ્યના કોષાધ્યક્ષના પદે સ્થાપન કર્યો. તે છતાં તે બ્રાહ્મણને રાજ્ય લેવાનો લોભ

થયો. તેથી તેણે સર્વ પ્રધાનોને ઉચિત દાન આપીને પોતાને વશ કરી લીધા. કૃતઘ્ન દુષ્ટ પુરૂષો શું અકાર્ય કરતા નથી ? દુષ્ટ પુરૂષો ઘુણાની જેમ સ્વસ્થાન (સ્વાશ્રય)નો જ નાશ કરે છે. આ દત્તે પણ રાજા પાસેથી રાજ્ય ખુંચવી લીધું. અને તેને કાઢી મૂકયો.

દુષ્ટ બુદ્ધિવાળો આ દત્ત ધર્મબુદ્ધિથી મોટા મોટા યજ્ઞો કરવા લાગ્યો અને દુર્ગતિના હેતુભૂત પશુઓનો સંહાર કરવા લાગ્યો. એક વખતે દત્ત રાજાના મામા કાલિકાચાર્ય કે જેઓએ જૈન દીક્ષા લીધી હતી તેઓ અનેક સમુદાય સાથે વિહાર કરતા કરતા તે નગરમાં આવ્યા. પરંતુ દત્ત રાજા તેમની પાસે પણ ગયો નહિ. જ્યારે માતાએ ઘણો આગ્રહ કર્યો ત્યારે અભિમાનપૂર્વક આચાર્ય પાસે ગયો. આચાર્યને વ્યવહાર પૂરતું નમીને તેમને કઠોર વચનો વડે કહેવા લાગ્યો કે હે આચાર્ય ! જો તમે કાંઈ જાણતા હો તો વિધિપૂર્વક કરેલા યજ્ઞનું શું ફલ મળે ? તે જણાવો. ત્યારે સૂરિએ કહ્યું કે જો તારે ધર્મ સાંભળવો હોય તો સ્થિર મનથી ધર્મ સાંભળ. જે આત્માને અનુકૂળ ન હોય તે કોઈ કરતું નથી. આજ ધર્મનું તાત્ત્વિક મૂલ છે. તે વખતે દત્તે ઠપકા પૂર્વક કહ્યું કે મેં યજ્ઞનું ફલ પુછ્યું અને તમે ધર્મનું નિરૂપણ કેમ કરો છો ? ત્યારે ગુરૂએ કહ્યું કે રેત પીલવાથી કદાચ તેલ નીકળે પરંતુ હિંસાથી કાંઈ પુણ્ય થાય નહિ. ત્યારે દત્તે કોપીને કહ્યું કે જો તમે હિંસાનું સ્વરૂપ જાણતા હો તો યજ્ઞનું ફલ કહો. ત્યારે કાલિકાચાર્યે કહ્યું કે યજ્ઞો પશુઓના સંહારનું કારણ છે માટે તેનું ફલ નક્કી નરક ગમન છે.

આથી કોપથી લાલ નેત્ર કરીને રાજાએ કહ્યું કે જો તમારે જીવવાની ઇચ્છા હોય તો આ બાબતમાં ખાત્રી શી છે તે કહો. આજથી સાતમે દિવસે જો તું શુકનકુંભીમાં મૂકાય તો તું નરકમાં જઇશ એમ જાણજે. આથી અત્યંત કોપીને આ બાબતમાં ખાત્રી શી એમ પૂછયું, ત્યારે ગુરૂએ કહ્યું કે શુનકકુંભીના વિપાકના આગલા દિવસે તારા મુખમાં વિષ્ટા પડશે. ત્યારે વિલખા થઇને રાજાએ હસીને કહ્યું કે હે આચાર્ય ! તમારૂં મૃત્યું શાથી થશે ? ત્યારે ગુરૂએ કહ્યું કે હું સારી રીતે આરાધના કરી ચાર શરણુ અંગીકાર કરી અનશન કરી સ્વર્ગમાં જઈશ.

આથી અતિ કોપેલા રાજાએ પોતાના માણસોને કહ્યું કે તમે આ માયાવી દુષ્ટને જલદીથી કેદ કરો. તેના આદેશથી તેઓએ આચાર્યને કેદ કર્યા. આ તરફથી તે દત્તના સામન્તો તેના દુષ્ટ કાર્યથી ઉદ્વેગ પામીને એકઠા થયા. તેઓએ મસલત કરીને પૂર્વના રાજાને બોલાવ્યો.

આચાર્યના વચનથી શંકિત મનવાળો રાજા પોતાના મહેલમાં જ રહ્યો. અને સઘળા નગરમાં રસ્તાઓ સાફ કરાવ્યા. કોઇએ પણ રસ્તામાં કચરો કે ગંદકી નાંખવી નહિ એવો રાજાનો હુકમ જણાવ્યો. વળી રાજમાર્ગોના રક્ષણ માટે રખવાળો મૂકયા. મહેલમાં જ રહેલો દત્ત દૈવયોગે સાતમો દિવસ આવ્યો ત્યારે સાત દિવસ પૂરા થઈ ગયા એવી વિસ્મૃતિથી ઘરની બહાર નીકળ્યો. અન્ત વખતે કોની બુદ્ધિ મુંઝાતી નથી.

તે દિવસે પરોઢમાં પુષ્પના કરંડીયા લઈને એક માલીને રાજમાર્ગેથી આવતાં એકદમ જંગલ જવાની ઈચ્છા થઈ અને અતિ પીડાવાથી રાજમાર્ગ ઉપર જ વિષ્ટા કરીને ફૂલના ઢગલાથી ઢાંકી દીધી. આજે જ તે આચાર્યને જઇને હણીશ એ પ્રમાણે વિચારીને દત્ત રાજા ગુરૂ પાસે જવાને ઘોડા ઉપર બેસીને નીકળ્યો. વેગથી દોડતા તેના ઘોડાની ખરી તે વિષ્ટાવાળા ફૂલના ઢગલા ઉપર પડી અને તેમાંથી ઉડેલો છાંટો રાજાના મુખમાં પેઠો. મુનિની વાણી અસત્ય કેમ હોય? તેથી વિલખો થએલો દત્ત રાજા પાછો ફર્યો. આપણો સંકેત દત્ત જાણી ગયો છે એમ સમજીને પ્રધાન પુરૂષોએ તેને પોતાના મહેલમાં પેસતાં જ બાંધ્યો. અને કોપથી કંપતા શરીરવાળા તેને શુનકકુંભીમાં નાંખ્યો. તેમાં રહેલો તે નારકીની જેમ ઘણું દુઃખ પામવા લાગ્યો. જેમ નારકીને પરમાધામીઓ પીડે તેમ ત્યાં કુતરાઓએ તેને આખા શરીરે બચકાં ભર્યાં. એ પ્રમાણે ઘણી પીડા પામતો તે દત્ત મરીને દુર્ગતિમાં ગયો. અને પ્રથમનો રાજા ગાદી ઉપર આવ્યો.

કાલિકાચાર્ય પણ લાંબો કાળ પૃથ્વી ઉપર વિચરીને દેવલોકમાં ગયા. જેમ કાલિકાચાર્યને સત્ય વાત કહેવાથી જીવિત ઉપર સંકટ આવ્યું તે છતાં તેઓ અસત્ય બોલ્યા નહિ તેમ સમજુ પુરૂષ સત્યનો ત્યાગ કરતા નથી.

॥ ઇતિ કાલિકાચાર્ય કથા ॥

**અવતરણઃ**—કવિરાજ અસત્ય બોલવાથી કેવું માઠું ફળ મળે છે? તેમજ ખોટી સાક્ષી પૂરવાથી પણ કેવું ફળ મળે છે? તે વાતને દૃષ્ટાન્ત આપીને સમજાવે છે.

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

९ १० ११ ५ ४ ६
घोरां दुर्गतिमेत्यलीकलवमप्यभ्यर्थितोऽपि ब्रुवन्,
३ २ १ ७ ८
वादे नारदपर्वताख्यसुहृदोर्यद्वद्वसुर्भूपतिः ।
२० १६ १५ १३ १८ १९ १७
ब्रह्माऽर्चाविधुरो विरञ्चिरनृतात्केतक्यनिष्टा मृषा,
२३ २४ २५ २२ २४ २६ २१ १२
साक्षात्किं न हरिर्भवेन महितः सत्यात्परीक्षाक्षणे ॥ ३५॥

લેશ પણ જૂઠ બોલતાં ગતિ નીચ ભયંકર પલકમાં,
પામેજ નારદ તેમ પર્વત મિત્ર કેરા વાદમાં;
જેમ વસુનૃપ જૂઠ વદતાં મહાદેવ બનાવતા,
બ્રહ્મા અપૂજનિક કેતકીની ત્યાજ્યતાજ ઠરાવતા. ૧
તિમ પરીક્ષાકાલમાં વિષ્ણુ વચન સાચા વદ્યા,
તેથી મહાદેવ તેમની પૂજા કરંતા ઉલ્લસ્યા;
સત્ય વચનો ભાખીએ ને સત્ય સાક્ષી પૂરીએ,
એમ રસના સફલ કરીએ ધર્મથી શિવ પામીએ. ૨

શ્લોકાર્થઃ—નારદ અને પર્વત નામના બે મિત્રોના વાદમાં બીજાએ પ્રાર્થના કરવાથી અસત્યનો લેશ બોલતો વસુ રાજા ઘોર દુર્ગતિમાં એટલે નરકગતિમાં ગયો. મહાદેવે જૂઠું બોલવાથી બ્રહ્માને પૂજા રહિત (અપૂજ્ય) અને જૂઠી સાક્ષી (દેવા)થી કેતકીને અનિષ્ટ એટલે પૂજામાં ત્યાજ્ય શું નથી કરી? તેમજ પરીક્ષા વખતે સાચું બોલવાથી હરિને સાક્ષાત્ પૂજ્યા નથી? અર્થાત્ પૂજ્યા છે જ. ૩૫

**સ્પષ્ટાર્થ:**—જુઠું બોલવાથી દુર્ગતિ મળે છે એટલું જ નહિ પરંતુ કોઈની પ્રેરણાથી જૂઠી સાક્ષી આપનાર જીવની પણ દુર્ગતિ થાય છે એ વાત કવિરાજ આ ગાથામાં સમજાવે છે:—નારદ મુનિ અને પર્વત નામનો ઉપાધ્યાયનો પુત્ર એ બંને મિત્રોને અજા શબ્દના અર્થમાં મતભેદ થયો. તે વખતે વસુ નામનો રાજા આ બંનેની સાથે ભણતો હતો અને તેની સત્યવાદી તરીકે ખ્યાતિ હતી. તે વસુ રાજાની પાસે "ગુરૂએ અજા શબ્દનો શો અર્થ કર્યો છે?" તેનો નિર્ણય કરવાનું નક્કી કર્યું. તે વખતે પર્વતની માતાએ વસુ રાજાને પર્વતે કહેલો અર્થ કરવા માટે સમજાવ્યો. પ્રથમ વસુરાજાએ "ગુરૂએ નારદે કહ્યા પ્રમાણે અર્થ કર્યો છે" એવું તેની માતાને કહ્યું અને પર્વત જૂઠું બોલે છે, એમ કહ્યું. પરંતુ વસુરાજાને તેની માતાએ ઘણા આગ્રહથી પર્વતે કહ્યા પ્રમાણે અર્થ કહેવાનું સમજાવ્યું. અને વસુ રાજાએ સભામાં તે પ્રમાણે અર્થ કહ્યો તે જ વખતે તે તેના અદ્ધર રહેતા સિંહાસન ઉપરથી નીચે પડતાં મરણ પામીને નરકે ગયો. આ બાબતમાં લૌકિક દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે મહાદેવે પોતાના લિંગનો છેડો શોધી લાવવાને બ્રહ્માને અને વિષ્ણુને કહ્યું. તેમાં બ્રહ્મા જૂઠું બોલ્યા તેથી મહાદેવે તેમને અપૂજ્ય ઠરાવ્યા. તેથી લોકો તેમની પૂજા કરતા નથી. આ બાબતમાં કેતકીએ જૂઠી સાક્ષી પૂરી તેથી તેના ફૂલને પણ અનિષ્ટ (ત્યાજ્ય) તરીકે ગણાવ્યા અથવા કેતકીના પુષ્પથી મહાદેવની પૂજા થતી નથી. અને સાચું બોલનાર વિષ્ણુને પૂજવાને લાયક ઠરાવ્યા. કહેવાનો સાર એ છે કે સાચું બોલનારને સારૂં ફળ અથવા સદ્‌ગતિ મળે છે. અને

જૂઠું બોલનારને ખરાબ ફળ અથવા દુર્ગતિ મળે છે માટે જૂઠું બોલવાનો ત્યાગ કરવો અને હંમેશાં સાચું બોલવું. ૩૫

**વસુ રાજાની** કથા આ પ્રમાણે:—

શુક્તિમતી નામની નગરીમાં અભિચન્દ્ર નામના રાજાને વસુ નામે પુત્ર હતો. તે સત્યવાદી હતો. તે નગરીમાં ક્ષીરકદમ્બક નામે પાઠક હતો, તેની આગળ વસુ પાઠકનો પુત્ર પર્વત તથા નારદ એ ત્રણ સાથે અભ્યાસ કરતા હતા. ગુરૂ તેમને હંમેશાં ખંતથી ભણાવતા હતા.

એક વખત અગાસીમાં રાત્રે ગુરૂ અભ્યાસ કરાવતા હતા, ત્યારે પાઠના શ્રમથી ત્રણે જણા ઉંઘી ગયા. અને ગુરૂ જાગતા હતા, તેવામાં આકાશ માર્ગે જતાં બે ચારણમુનિએ તેમને જોઈને પરસ્પર આ પ્રમાણે કહ્યું કે આ ત્રણમાંથી એક સ્વર્ગમાં અને બે નરકમાં જશે. જાગતા ગુરૂએ આ વાત સાંભળી. ત્યારે તેમને શોક ગર્ભિત વિચાર આવ્યો કે મારી પાસે ભણનારા છતાં બે જણા નરકે જવાના છે.

ત્રણમાંથી સ્વર્ગમાં કોણ જશે તે જાણવાને માટે ગુરૂએ બીજે દિવસે લોટના ત્રણ કુકડા બનાવીને તેમને આપીને જણાવ્યું કે આ કુકડાને જ્યાં કોઈ જોતું ન હોય ત્યાં જઈને મારજો. તે વખતે વસુ અને પર્વતે જંગલમાં જઇને એકાંતમાં કોઇ જોતું નથી તેથી તે કુકડાને માર્યા અને નારદે પણ જંગલમાં જઇને વિચાર કર્યો કે ગુરૂએ કોઈ જોતું ન હોય ત્યાં જઈને મારવાનું કહ્યું છે, પરંતુ ગમે ત્યાં જવા છતાં હું તો જોવાનો છું. વળી જંગલમાં પશુ વગેરે તથા યોગીઓ

જુવે છે માટે જ્યાં કોઈ જોતું ન હોય તેવું સ્થળ છે જ નહિ. આ તો ગુરૂએ મારી પરીક્ષા કરવા માટે કહ્યું છે. ગુરૂનો આશય મારવાનો નથી. આવું વિચારી તે લોટનો કુકડો પાછો લાવીને ગુરૂને આપીને કહ્યું કે આપના કહેવા પ્રમાણે કોઇ સ્થળ નથી, તેથી કુકડાને માર્યા સિવાય પાછો લાવ્યો છું. ત્યાર પછી પર્વત અને વસુ પણ આવ્યા. તે બંનેએ કહ્યું કે અમે જંગલમાં એકાંતમાં જઈને કુકડાને માર્યો છે. ત્યારે ગુરૂએ તેમને ઠપકો આપતાં કહ્યું કે તેને મારતાં તમે બંને તો જોતા હતા ને મેં તો કોઈ ન જુએ તેવા સ્થળે મારવાનું કહ્યું હતું. ગુરૂએ નિશ્ચય કર્યો કે નારદ સ્વર્ગગામી છે અને બીજા બે નરકગામી છે.

મારી પાસે ભણનારા નરકે જશે તેથી વૈરાગ્ય પામીને ક્ષીરકદમ્બકે ગુરૂ પાસે દીક્ષા લીધી. એટલે પર્વત ઉપાધ્યાય બન્યો. અભિચન્દ્ર રાજાએ પણ દીક્ષા લીધી. તેથી વસુ રાજા થયો. આ વસુરાજાને એક પારધીએ સ્ફટિકની શિલા ભેટ આપી હતી. તે શીલા છેટેથી દેખાતી નહોતી તેથી તે શીલા ઉપર મૂકેલું સીંહાસન જાણે અદ્ધર રહેતું હોય તેવું જણાતું હતું. તેથી લોકો રાજાના સત્યને લઈને સીંહાસન અદ્ધર રહે છે એવું જાણતા હતા અને તેથી વસુરાજાની સત્યવાદી તરીકે પ્રસિદ્ધિ થઈ.

એક વાર નારદ તે નગરીમાં આવ્યા અને પોતાના સહાધ્યાયી પર્વતને ત્યાં ગયા. તે વખતે શિષ્યોને ભણાવતા પર્વત પાઠકે '**अजैर्यष्टव्यम्**' એટલે અજો વડે યજ્ઞ કરવો જોઈએ. ત્યાં અજ એટલે મેષ અથવા બકરો એવો

અર્થ કર્યો. ત્યારે નારદે કહ્યું કે ગુરૂએ ત્રણ વર્ષનું ધાન્ય (જે) ઉગતું નથી તેને અજ કહેલ છે તે હે ભાઈ! તને સાંભળતું નથી. ત્યારે પર્વતે કહ્યું કે ના, તાતે મેં કહ્યો એ અર્થ કહ્યો છે. આ પ્રમાણે વાદ કરતાં તેઓએ તેમના સહાધ્યાયી વસુરાજાને સાક્ષી કરીને જે ખોટો ઠરે તેની જિહ્વાનો છેદ કરવો એવી પ્રતિજ્ઞા કરી.

પર્વતને તેની માતાએ એકાંતમાં કહ્યું કે—જો કે હું ઘરનાં કાર્ય કરવામાં હતી તો પણ મને યાદ છે કે તારા પિતાએ અજ શબ્દનો અર્થ ત્રણ વર્ષનું જૂનું ધાન્ય એ પ્રમાણે કહ્યો હતો. પર્વતે કહ્યું કે માતા! એ ગમે તેમ હોય. પણ હવે શું થાય? તેથી તેણીએ વસુ રાજાની આગળ જઈ કહ્યું કે મને પુત્ર ભિક્ષા આપો. વસુ રાજાએ કારણ પૂછ્યું ત્યારે નારદ અને પર્વત સંબંધી વાત કહી. વસુ રાજાએ કહ્યું કે મારાથી જૂઠું કેમ કહેવાય? માટે તમારે બીજું કાંઇ જોઈએ તો માગો. ત્યારે તેણીએ ગુસ્સે થઇને કહ્યું કે પોતાના બંધુને મારીને તું સત્યવ્રતી થા. આવા પ્રકારનાં તેણીના વચનથી રાજાએ જૂઠું બોલવાનું કબૂલ રાખ્યું, તેથી પ્રસન્ન થઈને તે ઘેર ગઈ.

બીજે દિવસે નારદ અને પર્વત વસુ રાજાની સભામાં ગયા. અને તેમને પૂછ્યું કે અજ શબ્દનો ગુરૂએ શો અર્થ કહ્યો હતો? તે સભા સમક્ષ સાચે સાચો કહો. તે વખતે સભ્યોએ પણ કહ્યું કે આ વાદનો નિર્ણય તમારી ઉપર રહ્યો છે. માટે સુર અને અસુરોથી પ્રશંસાએલ જે સત્ય હોય તે કહો. આ પ્રમાણે સાંભળ્યા છતાં વસુ રાજાએ અજ

એટલે બંકરો એ પ્રમાણે અર્થ ગુરૂએ કહ્યો હતો એવી સાક્ષી આપી. તેથી કોપેલા દેવોએ તેજ વખતે વસુ રાજાને સિંહાસન ઉપરથી જમીન ઉપર પાડી નાખ્યો અને સાથે પર્વતને પણ નરકનો અતિથિ બનાવ્યો અથવા બંને મરીને નરકે ગયા. દેવોએ નારદની સ્તુતિ કરી, અને તે અનુક્રમે સ્વર્ગમાં ગયા. આ પ્રમાણે હકીકત સાંભળીને પંડિત પુરૂષોએ સત્ય વચનો બોલવામાં આદર કરવો.

॥ ઈતિ વસુરાજ કથા ॥

બ્રહ્માદિની કથા આ પ્રમાણે:—

એક વખત શિવ, બ્રહ્મા અને વિષ્ણુ એકઠા થયા ત્યારે સર્વે દેવો ત્યાં કૌતુકથી આવ્યા. તે વખતે દેવોએ શિવને પૂછયું કે બ્રહ્મા અને વિષ્ણુમાં સત્યવાદી કોણ છે. ત્યારે શિવે તે બંનેની સત્યની પરીક્ષા કરવાને બંનેને કહ્યું કે મારા લિંગનો પાર (છેડો) કયાં છે તે શોધી લાવો. ત્યારે બંનેએ કહ્યું કે અમે ક્ષણ માત્રમાં ત્રણ જગતના પારને પામવા સમર્થ છીએ તો તમારા લિંગની તો શી વાત. શિવે તેમને બંનેને જવાની રજા આપી, તેથી બ્રહ્મા આકાશમાં ચાલ્યા અને વિષ્ણુ પાતાલ તરફ ચાલ્યા.

વેગથી ઉંચે જતાં બ્રહ્મા લિંગના પારને પામી શકયા નહિ. તેવામાં શિવના મસ્તક ઉપરથી પડતી કેતકીને જોઇને થાકી ગયેલા બ્રહ્માએ કહ્યું કે હે કેતકી! તેં શિવના લિંગનો અંત કોઈ ઠેકાણે જોયો છે. ત્યારે તેણીએ કહ્યું કે હે મૂઢ! તેમના લિંગનો પાર તો ઇન્દ્ર પણ પામી શક્તા નથી.

માટે લિંગનો પાર પામવાને આગળ જવાની જરૂર નથી. માટે પાછા ફરો. હું તેમની આગળ ખોટી સાક્ષી પૂરીશ. તેથી બ્રહ્માએ પાછા ફરી શિવની આગળ આવીને કહ્યું કે હમણાંજ તમારા લિંગનો અંત જોઇને હું પાછો ફર્યો છું. શિવે કહ્યું કે આ બાબતમાં સાક્ષી કોણ છે? ત્યારે બ્રહ્માએ કહ્યું કે આ કેતકી સાક્ષી છે. ત્યારે શિવ તે બંનેના મિથ્યા વચનથી કોપાયમાન થયા, તેથી બોલ્યા કે આ બ્રહ્મા મિથ્યાવાદી છે માટે હવેથી કોઇએ તેને પૂજવા નહિ. તેથી પ્રાયે બ્રહ્મા હજુ સુધી પૂજાતા નથી. તેમજ ખોટી સાક્ષી પૂરનારી કેતકીનો શિવની પૂજામાં કોઈ ઉપયોગ કરતું નથી.

વિષ્ણુએ પાતાલમાં સઘળે તપાસ કરી, પરંતુ કોઇ ઠેકાણે લિંગનો પાર પામ્યા નહિ તેથી થાકીને પાછા આવીને કહ્યું કે તમારા લિંગનો પાર પામી શકાય તેમ નથી. આ પ્રમાણે સાચું બોલનાર વિષ્ણુની લોકો પૂજા કરવા લાગ્યા. કારણ કે શિવે પોતે પણ સંતોષ પામીને વિષ્ણુની પૂજા કરી. જો કે આ કલ્પિત ઉદાહરણ છે. તો પણ અહીં સત્યાર્થ સાધવામાં ગીતાર્થોએ તેનો આદર કર્યો છે માટે અહીં તે લેવામાં આવ્યું છે.

॥ ઈતિ બ્રહ્માદિ કથા ॥

અવતરણ:—એ પ્રમાણે ૧૬ મું મૃષાવાદ વિરમણ વ્રત દ્વાર કહીને હવે સત્તરમું અદત્તાદાન વિરમણ વ્રત દ્વાર કહે છે:—

( वसंततिलकावृत्तम् )

वैराग्यशस्त्रहतमोहतमोऽमलान्त-
दृष्ट्या पटिष्ठपरिदृष्टहिताहितार्थः ।
चौरोऽपि शुद्धयति शमेन दृढप्रहारी-
वापैति वा दवजवो जलदेन किं न ॥ ३६ ॥

વૈરાગ્ય રૂપ શસ્ત્રે કરીને મોહ રૂપ તમને હણી,
અંતર તણા શુભ જ્ઞાનથી સમજણ હિતાહિત
અર્થની;
જેને પડી છે સ્પષ્ટ તે આ દૃઢપ્રહારી શમ ગુણે,
સિદ્ધિ પામે ના શમાવે મેઘ શું દાવાગ્નિને ? ૧

શ્લોકાર્થઃ—વૈરાગ્ય રૂપી શસ્ત્રથી હણાયો છે અજ્ઞાન રૂપી અંધકાર જેનો અને તેથી નિર્મલ અન્તર્દૃષ્ટિ (જ્ઞાન) વડે સારી રીતે જાણ્યા છે હિતાહિત પદાર્થ જેણે એવા ચોર પણ દૃઢપ્રહારીની જેમ શમતા વડે શુદ્ધ થાય છે. અથવા વનનો દાવાનલ મેઘ વડે શું શાંત થતો નથી. અર્થાત્ થાય છે જ. ૩૬

સ્પષ્ટાર્થઃ—હવે અદત્તાદાન વિરતિ દ્વારનું વર્ણન કરતાં કવિરાજ કહે છે કે ચોર હોય તે છતાં પણ શમ વડે અથવા સમતા ભાવ રાખવાથી અગર ક્ષમા ભાવ રાખવાથી

શુદ્ધ થાય છે. અથવા પાપથી મુક્ત થાય છે. જે (ચોર) નો વૈરાગ્ય રૂપી શસ્ત્રથી અજ્ઞાન રૂપી અંધકાર નાશ પામ્યો હોય, ને તેથી પ્રાપ્ત થએલી નિર્મલ અન્તર્દષ્ટિ અથવા અન્તરંગ જ્ઞાનથી સારી રીતે હિત એટલે લાભદાયી ઉપાદેય અને અહિત એટલે નુકસાન કરનાર હોવાથી હેય અથવા ત્યાગ કરવા લાયક પદાર્થોને જેણે જાણ્યા હોય, તે જીવ શમ ગુણથી મોક્ષ પામે છે. અહીં દૃષ્ટાંત એ કે–ચાર હત્યા કરનાર દૃઢ પ્રહારી ચોર વૈરાગ્ય ભાવને લીધે કર્મ ખપાવીને મોક્ષ પદ પામ્યો, એ શમ ગુણનોજ પ્રભાવ જાણવો.

અહી બીજું ઉદાહરણ આપે છે કે વનમાં લાગેલો દાવાનલ મેઘ વડે શું શાન્ત થતો નથી? અથવા તો વનનો દાવાનલ જેમ મેઘના પાણીથી શાંત થાય છે તેવી રીતે શમતા રૂપી પાણી વડે પાપ કર્મો રૂપી મેલ જરૂર નાશ પામે છે. ૩૬

**દૃઢપ્રહારી ચોરની કથા** આ પ્રમાણે—

માકંદી નામની મહા નગરી હતી. તે નગરીમાં ભદ્ર નામે ઉત્તમ શેઠ હતો. તેની પાસે પુષ્કલ ધન હતું. તે શેઠને દત્ત નામે પુત્ર હતો. તે જ્યારે યુવાન થયો ત્યારે ઘણી કલાનો જાણ થયો. પરંતુ જેમ ચંદ્રમાં કલંક છે તેમ તેનામાં પણ જુગારનું વ્યસન હતું. શેઠે તેને આ જુગારનું વ્યસન છોડી દેવાને વારંવાર સમજાવ્યો, છતાં જ્યારે તેણે તેનો ત્યાગ કર્યો નહિ ત્યારે શેઠે તેને ઘરમાંથી કાઢી મૂક્યો. તે જંગલમાં ગયો. ત્યાં પલ્લીપતિની સેવા કરવા લાગ્યો. અને

ભીલોની સાથે ચોરી કરવા લાગ્યો. અને ચોરી કરવામાં ઘણો કુશળ થયો. તેથી તે મોટો ચોર બન્યો. તે દઢ પ્રહાર વડે લોકોને મારતો હતો તેથી દઢપ્રહારી એ નામે પ્રસિદ્ધ થયો.

એક વખતે એક નગરમાં ચોરો સાથે ચોરી કરવાના ઈરાદાથી ગયો. અને ચોરી કરવા એક બ્રાહ્મણના ઘરમાં પેઠો. તેથી તે બ્રાહ્મણના બાળકો રૂદન કરવા લાગ્યા. તેવામાં બહારથી બ્રાહ્મણ આવી પહોંચ્યો. તેણે કોપીને બારણાની ભોગળ લઈને ચોરને મારવા માંડયા. તેથી દઢપ્રહારીએ તે બ્રાહ્મણને તરવારથી મારી નાખ્યો. તેથી શાપ આપતી અને પાછળ આવતી ગર્ભવતી તેની સ્રીનો ભયથી ગર્ભપાત થયો. તેથી ગર્ભ જમીન ઉપર પડયો. તેવામાં શીંગડાથી મારવા આવતી ગાયને તેણે તરવારથી મારી નાખી. તેવામાં જમીન ઉપર તરફડતો ગર્ભ તેણે જોયો. તે જોઈને તેને દઢ વૈરાગ્ય ભાવ જાગ્યો. વિચારવા લાગ્યો કે બંને જન્મમાં દુઃખ આપનારૂં આ કેવું ભયંકર પાપ મેં કર્યું. આ પાપથી મારો ક્યારે છૂટકારો થશે. મારા ઉત્તમ વંશમાં હિંસાનું નામ પણ દુષ્ટ વચન ગણાય છે તે છતાં ખરાબ સોબતથી મેં બ્રહ્મ હત્યા, સ્રી હત્યા, બાળ હત્યા અને ગૌ હત્યા એમ ચાર મોટી હત્યાઓ કરી.

આ પ્રમાણે વિચાર કરી શુભાશયથી દીક્ષા ગ્રહણ કરી. પછી તે નગરના દરવાજે કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહ્યા. જ્યાં સુધી આ પાપ મને સાંભરે ત્યાં સુધી મારે કાઉસ્સગ્ગ પારવો નહિ એવો અભિગ્રહ તેણે ગ્રહણ કર્યો. ત્યાંથી જતા લોકો-

માંથી કોઈક માટીનાં ઢેફાં મારે છે, કોઈક લાકડી વડે મારે છે. કેટલાક કહે છે કે ચાર હત્યારાનું મુખ જોવા લાયક નથી. આવાં વચનો સાંભળતા અને લોકોના મારને સહન કરતા આ દૃઢપ્રહારી મુનિ વિચારે છે કે મહા પાપ કરનારા મને આ માણુસો ઉપકાર કરનારા છે. તેથી તેમના ઉપર જરા પણુ કોપ કરતા નથી. પરંતુ સમતા ભાવે પરીષહ અને ઉપસર્ગોને સહન કરે છે. અને શુભ ધ્યાનમાં આગળ વધી શુકલ ધ્યાનથી ચાર ઘાતી કર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન પામ્યા. અને અનુક્રમે મોક્ષે ગયા. આ પ્રમાણે જેમ ક્ષમાથી અને સમતા ભાવથી દૃઢપ્રહારી મુનિએ તજ ભવમાં મોક્ષ મેળવ્યો, તેમ બીજા ભવ્ય જીવોએ પણ અનર્થકારી ચોરીનો ત્યાગ કરવો અને દૃઢપ્રહારીની જેમ સમતા પૂર્વક ધર્મ સાધી આત્મકલ્યાણ કરવું.

॥ ઇતિ દૃઢપ્રહારી કથા ॥

**અવતરણ:**—બહુ કલાનો જાણ હોય તે છતાં ચોરી કરવાથી લઘુતા પામે છે તે જણાવે છે:—

॥ वसंततिलकावृत्तम् ॥

१ २ ४ ५ ३
नानाकलाविदपि लाघवमेति चौर्या–
७ ८ ६
द्विद्यानताम्रफलचौर इव प्रियार्थे ।
१३ १२ १० ११ ९ १४
दोषो महानधिगुणेऽपि हि लाञ्छनाय,
१५ १६ १८ १७
रत्नाकरे कुजलवच्छशवत्सुधांशौ ॥ २७ ॥

જાણે કલાઓ વિવિધ પણ ચોરી કરી લઘુતા વરે,
વિદ્યા બલે કેરી નમાવણહાર ચોર તણી પરે;
નિજ નાર કાજે તિમ કરે તે દોષ મોટા ગુણિ જને,
હોય લાંછન રૂપ જિમ જલ લવણ જેવું જલધિને. ૧

તેમ શશલો ચંદ્રને લાંછન લગાડે દોષ એ,
ચોરીના બૂરા ફલો ચિત્તે ધરી તે છંડીએ;
ધન ને હરંતા કેઈ જનના પ્રાણ પણ ચાલ્યા ગયા,
પરદ્રવ્યને ઢેફું ગણંતા કેઈ જન સુખિયા થયા. ૨

**શ્લોકાર્થ**:—પ્રિયાને માટે વિદ્યા વડે આંબાની ડાળેથી કેરીના ચોરનાર માતંગ (ચંડાળ)ની જેમ જુદી જુદી કલા જાણનાર જીવ પણ ચોરીના દોષથી લઘુતા પામે છે. વ્યાજબી છે કે અધિક ગુણવાળા જીવને વિષે મહાન દોષ લાંછનને માટે થાય છે. અહીં ઉદાહરણ કહે છે કે જેમ સમુદ્રમાં ખારૂં પાણી અને ચંદ્રમામાં સસલો લાંછન ગણાય છે. ૩૭

**સ્પષ્ટાર્થ**—ચોરી કરવા રૂપી મોટો દોષ અધિક ગુણવાળાને વિષે પણ લઘુતાને માટે થાય છે તે વાત જણાવતાં કવિરાજ કહે છે કે પ્રિયાનો દોહદ પૂરવા શ્રેણિક રાજાના બગીચામાંથી આંબાની ડાળી નમાવીને કેરીની ચોરી કરનાર માતંગ કળાનો જાણકાર હતો તો પણ તે લઘુતાને પામ્યો. માટે જ કહ્યું છે કે ઘણા ગુણોવાળો હોય છતાં પણ જો તેનામાં એકાદ મોટો દોષ હોય તો તે દોષ કલંકને માટે (હાનિકારક) થાય છે. અહીં દૃષ્ટાન્ત

આપતાં જણાવે છે કે સમુદ્ર રત્નની ખાણ છે, પરંતુ તેનામાં રહેલું ખારું પાણી એ તેનું કલંક છે. કારણ કે તે પાણી કોઈને પીવાના કામમાં આવતું નથી. વળી શીતળતા વગેરે ગુણોવાળો હોવા છતાં પણ ચંદ્રમામાં રહેલો સસલો તેને લાંછનરૂપ ગણાય છે. માટે ચોરીના મોટા દોષનો ત્યાગ કરવો જોઇએ. ૩૬

**આમ્રફલના ચોરની** કથા ટુંકામાં આ પ્રમાણે જાણવી:—

રાજગૃહી નગરીના શ્રેણિક રાજાની પ્રિયા ચેલ્લણા રાણી ઉપર પ્રસન્ન થએલા દેવે એક સ્તંભનો મહેલ તથા સર્વ ઋતુના ફળથી શોભાયમાન બગીચો તે રાણીને ક્રીડા કરવા માટે બનાવ્યો હતો. હંમેશાં ફૂલ તથા ફળથી ભરેલા તે બગીચામાં શ્રેણિક રાજા સાથે ચેલ્લણા રાણી ક્રીડા કરતી હતી.

તે નગરમાં વિદ્યા સિદ્ધ એક માતંગો ( ચંડાળો )નો અગ્રેસર ચંડાલ હતો. એક વખત તેની સ્ત્રીને કેરી ખાવાનો દોહદ થયો. તેણે પતિને તે વાત જણાવી. ત્યારે પતિએ કહ્યું કે કવખતે કેરી ક્યાંથી મળે? ત્યારે તેણીએ કહ્યું કે ચેલ્લણાના બગીચામાં સદા ફળવાળો આંબો છે. ત્યાંથી લાવી આપો. તેથી તે માતંગ બગીચામાં ગયો. અને ત્યાં અનેક ફળોવાળા મોટા આંબા જોયા. રાત્રીએ માતંગ બગીચામાં આવ્યો અને ઉંચા આંબા ઉપર રહેલી પાકી કેરીઓ જોઇને, તેણે અવનામીની વિદ્યા વડે તે આંબાની ડાળીઓ નીચે નમાવીને મરજી મુજબ કેરીઓ લીધી. બીજે દિવસે બગી-

આમાં આવેલી રાણીએ ફલ રહિત તે ડાળી જોઈ તે વાત રાજાને જણાવી, રાજાએ અભયકુમારને કેરીના ચોરની શોધ કરવા હુકમ કર્યો.

અભયકુમારે તે વાત અંગીકાર કરીને કહ્યું કે હું જલદી તેને શોધી લાવીશ. અભયકુમાર ચોરને શોધવા હરરોજ નગરમાં ફરવા લાગ્યા. પણ ચોર જડતો નથી. તેવામાં એક રાત્રીએ નાટક જોવા માટે એક સ્થળે નગરવાસીઓ એકઠા થયા હતા ત્યાં તે આવ્યા. લોકોએ આપેલા આસન ઉપર બેસીને લોકોને કહ્યું કે નટ લોકો આવે ત્યાં સુધી મારી કથા સાંભળો.

વસંતપુરમાં ધનહીન એક જીર્ણ શેઠ હતા. તે શેઠને ઉમ્મર લાયક પુત્રી હતી. તે સુંદર વરની પ્રાપ્તિ માટે કામદેવને પૂજતી હતી. અને હમેશાં કોઇક ઉદ્યાનમાંથી ચોરી કરીને ફૂલો લાવતી હતી. એક વખત તેણીને પકડવાને માળી સંતાઈ રહ્યો. તે વખતે ફૂલ વીણવા આવેલી શેઠની પુત્રીને જોઇને તેણીનો હાથ પકડ્યો. પરંતુ તેણીનું રૂપ જોઈને તે ક્ષોભ પામ્યો. તેણીનો હાથ પકડવાથી કંપ પામેલા તે માળીનો રોષ જતો રહ્યો. તેથી કહેવા લાગ્યો કે હે સુંદરી ! તું મારી સાથે ક્રીડા કર, નહિ તો તને છોડીશ નહિ. ત્યારે તે બાલાએ કહ્યું કે તું મારા હાથનો સ્પર્શ કર નહિ. કારણ કે હજી હું કુંવારી હોવાથી પુરૂષના સ્પર્શને યોગ્ય નથી. ત્યારે માળીએ કહ્યું કે તારે લગ્ન થયા પછી તરતજ પ્રથમ મારી સાથે સંભોગ કરવો તે વાત તું કબૂલ કરે તો

તને છોડું. તેણીએ પણ તે વાત કબૂલ રાખી એટલે માળીએ તેને છોડી.

ત્યાર પછી તેનું ઉત્તમ વર સાથે લગ્ન થયું. પતિના ઘેર આવેલી તેણીએ રાત્રીએ પતિને માળીની વાત કહી. માળી પાસે જવાની રજા માગી. આ સત્ય પ્રતિજ્ઞાવાળી છે. એમ જાણી પતિએ માળી પાસે જવાની રજા આપી. રાત્રીએ ઘરેણાં પહેરીને નીકળેલી તેને રસ્તામાં ચોરો મળ્યા. તે વખત તેણીએ માળીની વાત કહીને કહ્યું કે હું પાછી ફરૂં ત્યારે મારાં ઘરેણાં લેજો. તેણીને સત્ય પ્રતિજ્ઞાવાળી જાણીને ચોરોએ જવા દીધી. આગળ જતાં ભૂખ્યો રાક્ષસ મળ્યો. તેને પણ માળીની વાત જણાવી ત્યારે માળીને ત્યાંથી પાછી આવતાં હું તારૂં ભક્ષણ કરીશ એમ જણાવી જવા દીધી. પાછી માળીને ત્યાં જઈ ને તેને કહ્યું કે આજેજ લગ્ન કરીને હું તારી પાસે આવી છું. અહો! આ સત્ય પ્રતિજ્ઞાવાલી મહાસતી છે કે જેને ચોરોએ તથા રાક્ષસે જવા દીધી છે, માટે માળીએ પણ તેને માતાની જેમ નમીને રજા આપી. પછી રાક્ષસ પાસે આવીને માળીની વાત કહી તેથી રાક્ષસે શું હું માળીથી પણ હીન સત્ત્વવાળો છું? એવું વિચારી પુત્રીના જેવી ગણી તેને મૂકી દીધી. ત્યાર પછી ચોરો પાસે આવીને માળી તથા રાક્ષસની વાત કહી ત્યારે ચોરોએ પણ બ્હેન જેવી ગણીને જવા દીધી. પછી પતિ પાસે આવીને ચોરની રાક્ષસની અને માળીની હકીકત કહી. ત્યાર પછી શાંતિથી રાત્રી વીત્યા બાદ પતિએ તેને સવારે સર્વ સ્વામિની કરી.

આ પ્રમાણે એકઠા થયેલા લોકોની આગળ કથા કહીને અભયકુમારે પૂછ્યું કે માળી, ચોર, રાક્ષસ અને પતિમાંથી સૌથી દુષ્કરકારક કોણ? ત્યારે જાર પુરૂષો કહેવા લાગ્યા કે માળી દુષ્કરકારક કહેવાય, ભૂખ્યાઓ કહેવા લાગ્યા કે રાક્ષસ દુષ્કરકારક કહેવાય, ઉપપતિઓએ કહ્યું કે પતિ અને ત્યાં આવેલા કેરીના ચોરે કહ્યું કે ચોરો. ત્યારે મંત્રીએ પણ તેને ચોર જાણીને કહ્યું કે તું બગીચામાંથી કેરીઓ કેમ ચોરે છે. ત્યારે ચોરે પણ સાચી હકીકત કહીને કહ્યું કે હું વિદ્યાના બળથી ચોરૂં છું. અભયકુમારે પણ તેને પકડીને શ્રેણિક રાજાને સોંપ્યો. અને તેની હકીકત કહી. ત્યારે રાજાએ કહ્યું કે સામાન્ય ચોર હોય તો તેની પણ ઉપેક્ષા ન કરાય તો આવા શક્તિશાળીની ઉપેક્ષા કેમ કરાય? માટે તેને સજા કરો. ત્યારે અભયકુમારે કહ્યું કે હે પિતાજી! પ્રથમ એની પાસેથી વિદ્યા ગ્રહણ કરો, પછી ઉચિત કરીશું. તેથી ચોરને પોતાની સામે બેસાડી શ્રેણિક રાજા વિદ્યા ગ્રહણ કરવા લાગ્યા. પરંતુ સિંહાસન ઉપર બેઠેલા રાજાને ભણાવ્યા છતાં તે વિદ્યાઓ હૃદયમાં સ્થિર થઈ નહિ. તેથી ચોરને કહ્યું કે તું વિદ્યા બરાબર શીખડાવતો નથી પણ ઢોંગ કરે છે. ત્યારે અભયકુમારે કહ્યું કે વિદ્યા ગુરૂની આગળ વિનય કરનારને વિદ્યા આવડે છે. તેથી રાજાએ માતંગને સિંહાસન ઉપર બેસાડયો અને પોતે બે હાથ જોડીને સામે વિદ્યાર્થીની જેમ ઉભો રહ્યો, એટલે અવનામિની અને ઉન્નામિની નામની વિદ્યાઓ તરત શીખ્યો. માટે જ કહ્યું છે કે "વિનય વિના વિદ્યા નહિ" ત્યાર પછી અભયકુમારે આ વિદ્યાગુરૂ હોવાથી સજા કરવા લાયક નથી એમ કહી ચોરને છોડાવ્યો. વિદ્યાવાળો છતાં ચોરી કરવાથી

માતંગ લઘુતા પામ્યો. માટે બંને લોકમાં અહિત કરનાર ચોરીનો ત્યાગ કરવો જોઈએ.

॥ ઇતિ આમ્રચોર કથા ॥

અવતરણ:—એ પ્રમાણે સત્તરમું સ્તેય (ચોરી) દ્વાર કહીને હવે ૧૮ મું બ્રહ્મવ્રત દ્વાર કહે છે:—

॥ वसंततिलकावृत्तम् ॥

३ १ २ ४
स्युर्ब्रह्मणा नृसुरमोक्षसुखानि किन्तु,
५ ९ ६ ७ ८
जम्बूमुनेः सुभगताऽभिनवैव काचित् ।
१६ १५ ११ १० १४ १३ १२
भेजुर्व्रतं सममनेन मुदा प्रियास्ता,
१८ २० २१ १७ १९
अन्यारता सह जगाम च केवलश्रीः ॥ ३८ ॥

**બ્રહ્મચર્યે માનવોના દેવના ને મોક્ષના,**
**હોય સુખ પણ ભાગ્ય અદ્ભુત શ્રમણ શ્રીજંબૂતણા;**
**સાથ એની આઠ નારી સાધતી દીક્ષા લઇ,**
**કેવલશ્રી અન્યમાં રાગી ન તસ સાથે ગઈ. ૧**

**શ્લોકાર્થ**:—જો કે બ્રહ્મચર્ય પાલવાથી મનુષ્યનાં, દેવનાં અથવા મોક્ષના સુખો પ્રાપ્ત થાય છે, તો પણ તે બ્રહ્મચર્યથી જંબૂમુનિને તો કોઇ નવીન જ સૌભાગ્ય પ્રાપ્ત થયું. કારણ કે તે (પ્રસિદ્ધ) તેમની (આઠ) સ્ત્રીઓએ તેમની સાથે

હર્ષથી દીક્ષા લીધી. અને કેવલજ્ઞાન રૂપી લક્ષ્મી પણ બીજાને વિષે આસક્ત થયા વિના તેમની સાથે ગઈ. ૩૮

**સ્પષ્ટાર્થ:**—હવે ચોથા બ્રહ્મચર્ય વ્રતનો મહિમા જણાવતાં કહે છે કે ઘણાં લોકોને બ્રહ્મચર્યનું પાલન કરવાથી મનુષ્ય સંબંધી સુખોની, દેવ સંબંધી સુખોની તથા છેવટે મોક્ષ સંબંધી સુખની પણ પ્રાપ્તિ થાય છે. અથવા ઘણાં મનુષ્યોએ આવાં સુખો મેળવ્યાં છે તેથી તે આશ્ચર્યકારી નથી, પરંતુ જંબૂસ્વામીને બ્રહ્મચર્યના પાલનથી જે ફલ મળ્યું તે તો કોઇ નવીનજ સૌભાગ્યતાને જણાવે છે, કારણ કે જંબૂસ્વામીએ પોતાની આઠ સ્ત્રીઓ સાથે હર્ષથી દીક્ષા લીધી અને સાથે તેમણે મેળવેલી કેવળજ્ઞાન રૂપી લક્ષ્મી પણ બીજા કોઇને વિષે આસક્ત થઈ નહિ. કારણ કે જંબૂસ્વામી કેવલી થયા તે પ્હેલાં આ ભરતક્ષેત્રમાંથી બીજા અનેક ભવ્ય જીવો મોક્ષે જતા હતા અથવા મોક્ષે જે જીવો ગયા તેમની પછી બીજા મોક્ષે જનારા નીકળતા હતા. પરંતુ જંબૂસ્વામી મોક્ષે ગયા પછી કોઈ જીવ અહીંથી મોક્ષે ગયો નથી. કારણ કે આ ભરતક્ષેત્રમાંથી છેલ્લામાં છેલ્લા મોક્ષે જનારા જંબૂસ્વામી હતા. તેમની પછી કોઈ મોક્ષે ગયું નથી તેથી કવિશ્રી ઉત્પ્રેક્ષા કરતાં કહે છે કે બીજાને વિષે આસક્ત થનારી કેવલજ્ઞાન રૂપી લક્ષ્મી જંબૂસ્વામીના બ્રહ્મચર્યથી એટલી પ્રસન્ન થઈ ગઈ કે ત્યાર પછી તે કોઈની સાથે ગઇ નથી. પરંતુ તે કેવલજ્ઞાનલક્ષ્મી પણ જંબૂસ્વામીની સાથે ગઈ.

આ બાબતમાં જંબૂસ્વામીની કથા આગળ તપોદ્વારને વિષે શિવકુમારની કથામાં વિસ્તારપૂર્વક કહેવાશે માટે ત્યાંથી જોઇ લેવી. ૩૮

અવતરણ:—આ શીલદ્વારને વિષે વિશેષતા જણાવે છે:-

( वसंततिलकावृत्तम् )

८ ६ ५ ७
न ब्रह्मतः सकलशर्मकृतश्चलन्ति,
१ ४ ५ ३ २
धीराः सुदर्शन इव व्यसने घनेऽपि ।
१०
शेषोऽब्धिवृद्धलहरीचलशैलवल्ग–
९ ११ १२
द्भूभग्नमौलिरपि विश्वभरं बिभर्ति ॥ ३९ ॥

સર્વ સુખકર બ્રહ્મચર્ય થકી ચલે ધીરા નહી,
જિમ સુદર્શન શેઠ બહુ સંકટ વિષે પણ થીર સહી;
સાગર તણા મોજા વધંતા નજીકના ગિરિ ડોલતા,
તેથી જમીન ધ્રૂજતાં મુકુટ શેષનાગ કેરા ડોલતા. ૧

તોય પણ તે વિશ્વ કેરા ભારને ધારણ કરે,
તેવીજ રીતે મસ્તકે આપત્તિના ચક્રો ફરે;
પણ ડગે ના બ્રહ્મચારી નિજ નિયમને પાલતા,
બ્રહ્મચર્ય તણા પ્રતાપે સ્વપરના તારક થતા. ૨

**શ્લોકાર્થ**:—ધીર પુરૂષો ઘોર સંકટમાં પણ સુદર્શન શેઠની પેઠે સઘળાં સુખ આપનાર બ્રહ્મચર્યથી ચલાયમાન થતા નથી. દૃષ્ટાંત આપે છે:—સમુદ્રનાં મોટાં મોજાંથી કંપાયમાન થએલા પર્વતોથી ધ્રૂજતી પૃથ્વીથી નમી ગએલા

મુગટ (મસ્તક) વાળો પણ શેષનાગ વિશ્વના ભારને ધારણ કરે છે ૩૯

સ્પષ્ટાર્થ:—ધીર પુરૂષો એટલે ધૈર્યવાળા પુરૂષો ઘોર એટલે ગહન અથવા જીવિતનો નાશ કરે તેવું સંકટ આવે તોપણ બ્રહ્મચર્યથી ચલાયમાન થતા નથી. કારણકે તેઓ સકલ સુખને આપનાર બ્રહ્મચર્યનો મહિમા સારી રીતે જાણે છે અહીં કવિરાજ ઉદાહરણ જણાવતાં કહે છે કે સુદર્શન શેઠને પ્રાણનું સંકટ પ્રાપ્ત થયું તો પણ તે ચલાયમાન થયા નહિ તો તેમને શૂળી પણ સિંહાસન રૂપ બની ગઇ. આ બાબતમાં દૃષ્ટાન્ત આપે છે કે વિશ્વના ભારને ધારણ કરનાર શેષનાગ પોતાનું મસ્તક નમી જાય તોપણ પૃથ્વીના ભારને વહન કરે છે પણ મૂકી દેતો નથી. મસ્તક નમી જવાનું કારણ આપતાં કહે છે કે સમુદ્રોનાં ઉછળતાં મોટાં મોજાંથી ચલાયમાન થએલા પર્વતોને લીધે પૃથ્વી ધ્રૂજે છે, તેથી શેષનાગનું મસ્તક નમી જાય છે છતાં તે પૃથ્વીના ભારને વહન કરે છે. માટે ભવ્ય જીવોએ મહા કલ્યાણકારી બ્રહ્મચર્ય-વ્રતનું પાલન અવશ્ય કરવું જોઈએ ૩૯

**સુદર્શન શેઠની** કથા આ પ્રમાણે:—

ભરત ક્ષેત્રમાં અંગ નામે દેશમાં ચંપા નામની મોટી નગરી હતી. તેમાં દધિવાહન નામે રાજા હતો. તે રાજાને અભયા નામની રાણી હતી. તે નગરીમાં વૃષભદાસ નામે પરમ શ્રાવક હતો. તેમને અર્હદ્દાસી નામની પ્રિયા હતી. તે શેઠની ભેંસોનો પાળનાર સુભગ નામે નોકર હતો. તે

એક વાર ભેંસોને ચારવા વનમાં ગયો હતો. ત્યાંથી પાછા ફરતાં તેણે એક મુનિને કાઉસગ્ગ ધ્યાનમાં રહેલા જોયા. આ વખતે માહ મહિનો હતો અને સખત ટાઢ પડતી હતી તેથી તે નોકર વિચારવા લાગ્યો કે વસ્ત્ર રહિત આ સાધુની માહ માસની ઠંડીમાં રાત્રી કેવી રીતે જશે? આવા વિચાર કરતો તે ઘેર આવ્યો. બીજે દિવસે સવારે ભેંસો લઈને જતાં તે મુનિનું ધ્યાન કરતો મુનિ પાસે આવ્યો, અને ભક્તિથી તેમની ઉપાસના કરવા લાગ્યો, પછી સૂર્યોદય થયો ત્યારે મુનિ 'નમો અરિહંતાણં' બોલીને આકાશમાં ઉડી ગયા. તે વખતે તે સુભગ નોકર આ (નમો અરિહંતાણં) આકાશગામિની વિદ્યા છે એવું નક્કી કરી સુતાં અને જાગતાં નવકાર પદનું સ્મરણ કરવા લાગ્યો.

એક વખતે તે પદનું ધ્યાન કરતા તેને શેઠે પૂછ્યું કે મહા પ્રભાવવાળો આ મંત્ર તને ક્યાંથી મળ્યો? ત્યારે સુભગે કહ્યું કે આ મંત્ર મેં મુનિની પાસેથી મેળવ્યો છે, અને તેનાથી આકાશગામિની વિદ્યા સિદ્ધ થાય છે. ત્યારે શેઠે તેને કહ્યું કે આ મંત્રથી નભોગામિની વિદ્યાજ મળે છે એટલુંજ નહિ પરંતુ સ્વર્ગ અને મોક્ષનાં સુખ ઉપરાંત આ ભવમાં રાજ્ય વગેરે પણ મળે છે. માટે આ નવકાર મંત્ર સર્વ મંત્રોમાં શ્રેષ્ઠ છે. તેથી ભાગ્યથી મેળવેલ આ મંત્રનો તું ત્યાગ કરીશ નહિ. તેણે કહ્યું કે આ મંત્રનું તો મને વ્યસન થયું છે માટે હું તેને મૂકીશ નહિ. ત્યાર પછી શેઠે તેને આખો નવકાર મંત્ર શીખવ્યો.

હવે તે સંપૂર્ણ નવકારને પામીને હંમેશાં તેનું ધ્યાન કરે છે. એક વખત ભેંસોને લઈને તે જંગલમાં ગયો. ત્યાં એકદમ મુશળધાર વરસાદ પડયો. તે વખતે પર્વતની નદી ઓળંગીને ભેંસો સામે કાંઠે જતી રહી. કારણ કે ભેંસો પાણીમાં સહેલાઇથી તરી શકે છે. પરંતુ આ સુભગ નોકર તો પાણીના પૂરને જોઇને આ કાંઠેજ રહ્યો. આ ભેંસો બીજાના ક્ષેત્રમાં પેસે નહિ તેટલા માટે તે સુભગે નવકારનું સ્મરણ કરી આકાશગામિની વિદ્યાની બુદ્ધિથી નદી ઓળંગવાને કૂદકો માર્યો. પરંતુ તે તો નદીમાં પડયો તે વખતે નદીના કાદવમાં રહેલો ખીલો તેના હૃદયમાં પેઠો અને તેની વેદનાથી નવકાર મંત્રનું સ્મરણ કરતો મરીને અર્હદ્દાસીની કુક્ષીમાં પુત્ર રૂપે આવ્યો. ત્રીજે મહીને શેઠાણીને દાનપુણ્યનો દોહદ થયો. તે સઘળો શેઠે પૂર્યો. અને પૂર્ણ કાલે તેણીએ પુત્રને જન્મ આપ્યો. અને શેઠે તેનું સુદર્શન નામ પાડયું. ધીમે ધીમે તે વૃદ્ધિ પામતાં ભણવા લાયક થયા ત્યારે કલાચાર્ય પાસેથી થોડાજ વખતમાં સઘળી કળાઓ શિખી લીધી. જ્યારે યૌવન વય પામ્યા ત્યારે તેમનું રૂપ એવું સુંદર અને અદ્‌ભુત ખીલી નીકળ્યું કે સર્વે જનો અને સ્ત્રીઓ તો ખાસ કરીને તેમની તરફ દીર્ઘ કાળ સુધી જોઈ રહેતી. સુદર્શન શેઠ એકલા માબાપને જ નહિ પરંતુ સઘળા નગર-વાસીઓને અને રાજાને પણ પ્રિય થયા. ત્યાર પછી શેઠે સુદર્શનનું મનોરમા નામની સુંદર કન્યા સાથે લગ્ન કર્યું. તેની સાથે વૈષયિક સુખ ભોગવતાં ઘણો કાલ ચાલ્યો ગયો.

તે નગરમાં કપિલ નામનો પુરોહિત હતો. તે રાજાનો

પ્રીતિપાત્ર હતો. તેમજ આ કપિલને સુદર્શન સાથે પણ ગાઢ મૈત્રી થઈ હતી, તેથી તે પુરોહિત સુદર્શન સાથે ઘણો કાલ ગાળે છે. તે કપિલને એક વખતે તેની કપિલા નામની સ્ત્રીએ પૂછયું કે તમે આટલો વખત ક્યાં રહો છો? ત્યારે કપિલે કહ્યું કે સુદર્શન પાસે હું રહું છું. ત્યારે તેણીએ પૂછયું કે સુદર્શન કોણ છે? ત્યારે કપિલે કહ્યું કે સર્વ લોકમાં પ્રસિદ્ધ ગુણના ભંડાર સુદર્શનને તું જાણતી નથી તો પછી કોને જાણે છે? કપિલાએ કહ્યું કે મને ઓળખાવો. ત્યારે પુરોહિતે કહ્યું કે વૃષભદાસ શેઠનો તે પુત્ર છે. તે ઘણો ચતુર અને ગુણવાન છે. આ પ્રમાણેનું તેનું વર્ણન સાંભળીને કપિલાને તે સુદર્શન ઉપર રાગ ઉત્પન્ન થયો. કારણ કે સ્ત્રીઓ પ્રાયે કરીને ચપળ હોય છે.

ત્યાર પછી તે કપિલા સુદર્શનને મળવાનો લાગ હૃદયમાં વિચારવા લાગી. એક વાર રાજાની આજ્ઞાથી કપિલ પુરોહિત બહાર ગામ ગયો. ત્યારે તેણી તરત જ સુદર્શનના ઘેર આવી. કપટી એવી તેણીએ સુદર્શનને કહ્યું કે તમારા વિરહથી તેમની માંદગી વધે છે. માટે તેમની આજ્ઞાથી તમને બોલાવવા આવી છું. મને તો આ વાતની ખબર નથી એમ કહીને સુદર્શન તરત પુરોહિતને ઘેર ગયા. ઘરમાં પેસીને મિત્ર ક્યાં છે? એમ પૂછયું ત્યારે કપિલાએ કહ્યું કે અંદરના ઓરડામાં છે. એમ કહીને શેઠને અંદરના ઓરડામાં લઇ ગઈ, કારણ કે કુલટા સ્ત્રીઓ કપટમાં હોંશિયાર હોય છે. ત્યાં પણ તેને નહિ જોવાથી શેઠે પૂછયું કે કપિલ ક્યાં છે? તેવામાં કપિલાએ ઓરડાનાં દ્વાર બંધ કર્યાં અને નવાનવા

હાવભાવો વડે તેને અંધકારમાં મોહ પમાડવાના ઉપાયો કરવા લાગી. નીવી (નાડા)ને વારંવાર ઢીલી કરવા લાગી, કટાક્ષો ફેંકવા લાગી. અને સુદર્શનને કહેવા લાગી કે કપિલને બદલે કપિલાને રાજી કરો. કારણ કે તમારા ગુણોનું વર્ણન સાંભળીને તમારા ઉપર હું ઘણી જ આસક્ત થઈ છું માટે પોતાના અંગો વડે મારા અંગોનું મર્દન કરીને મને શાંત કરો.

ત્યારે સુદર્શન શેઠ વિચારવા લાગ્યા કે હું તો મોટી ઉપાધિમાં આવી પડયો. આની પ્રપંચ જાળમાં ફસાઈ પડયો છું. માટે અહીંથી જલદી નીકળી જવાનો ઉપાય વિચારીને કહ્યું કે યુવાનને ઉચિત આ કાર્ય છે પરંતુ હું તો ષંઢ (નપુંસક) છું. મારા પુરૂષ વેષથી તું છેતરાણી છે. આવું સાંભળીને વિરક્ત થએલી તેણીએ તેમને તરત જ ઘરમાંથી બહાર કાઢયા. અને તે પણ હું જલદીથી છૂટયો એવું વિચારતાં ઘેર ગયા. ત્યાર પછી સુદર્શન શેઠે નિશ્ચય કર્યો કે હવે મારે એકલા કદાપિ કોઈના પણ ઘેર જવું નહિ.

હવે એક વાર ત્યાં મોટો ઈન્દ્ર મહોત્સવ આવ્યો. તે વખતે રાજા સુદર્શનની અને પુરોહિતની સાથે ઉદ્યાનમાં ગયો. તેમની પાછળ અભયા રાણી અને કપિલા વાહનમાં બેસીને ચાલ્યા. તે વખતે મનોરમા પણ પોતાના છ પુત્રો સાથે ત્યાં ગઇ. તે વખતે મનોરમાને જોઈને કપિલાએ અભયાને પૂછયું કે આ સુંદર સ્ત્રી કોણ છે? ત્યારે અભયારાણીએ કહ્યું કે આ સુદર્શન શેઠની ભાર્યા છે તેની તને ખબર

નથી ? વિસ્મય પામેલી કપિલાએ કહ્યું કે જો આ સુદર્શનની ભાર્યા હોય તો આ પુત્રોને તેણી જન્મ આપે એ પણ આશ્ચર્ય છે. ત્યારે અભયા રાણીએ કહ્યું કે સ્વાધીન પતિવાળી સ્ત્રી પુત્ર પુત્રીને જન્મ આપે તેમાં આશ્ચર્ય શું છે ? ત્યારે કપિલાએ ફરીથી કહ્યું કે જો સ્ત્રીનો ધણી પુરૂષ ( પુરૂષાતનવાળો ) હોય તો તો એમ બને, પરંતુ સુદર્શન તો પુરૂષ વેષધારી નપુંસક છે. તેં ક્યાંથી જાણ્યું એવું રાણીએ પૂછ્યું ત્યારે કપિલાએ પોતાની બધી હકીકત જે બની હતી તે કહી. ત્યારે રાણીએ કહ્યું કે જો એમ હોય તો તું છેતરાઈ છે, કારણ કે સુદર્શન પોતાની સ્ત્રીને વિષે નપુંસક જેવો નહિ પરંતુ પરસ્ત્રીને વિષે નપુંસક જેવો છે.

વિલખી પડેલી કપિલાએ કહ્યું કે જો હું છેતરાણી હોઉં તો તારી બુદ્ધિ હમણાં જણાશે. ત્યારે અભયાએ કહ્યું કે હે મૂર્ખી ! જો કાષ્ઠનું પુતળું મારા હાથમાં સંજ્ઞા વિનાનું થાય તો સંજ્ઞાવાળા પુરૂષની શી ગણતરી ! ત્યારે કપિલાએ રાણીને કહ્યું કે ફોગટ ગર્વ કરો નહિ, જો તમે સુદર્શન સાથે રમો તો હું તમારો ગર્વ યથાર્થ માનું. ત્યારે રાણીએ કહ્યું કે સ્ત્રીઓએ તીવ્ર તપ કરનારાઓને પણ ભોગવ્યા છે તો આ શેઠની સાથે તો મને રમેલી જ તું જાણી લે. જો હું એની સાથે ભોગ ન ભોગવું તો હું અગ્નિમાં પ્રવેશ કરીશ. આ પ્રમાણે વાર્તા કરીને ત્યાં ક્રીડા કરીને તે બંને પોતપોતાને ઘેર ગઈ.

ત્યાર પછી તેણીએ પોતાની પ્રતિજ્ઞા ધાત્રી પંડિતાને

જણાવી. ત્યારે તેણીએ કહ્યું કે હે પુત્રી! તેં આ યોગ્ય કર્યું નથી. તું મહાત્મા પુરૂષોના માહાત્મ્યને જાણતી નથી. અન્ય શ્રાવક પણ સુશીલ હોય છે તો સુદર્શનનું તો શું કહેવું. જે હંમેશાં ગુરૂની સેવા ધ્યાન અને તપમાં આસક્ત છે તે સુદર્શનને વશ કરવો ઘણો મુશ્કેલ છે.

ત્યારે અભયાએ કહ્યું કે એક વાર તમે કોઈ પણ રીતે તેને અહીં લાવો પછી તમારે કાંઇ કરવાનું નથી. હું સઘળું કરીશ. ત્યારે પંડિતાએ વિચારીને કહ્યું કે જો એમ છે તો પર્વ દિવસમાં જ્યારે સુદનર્શ શૂન્ય સ્થાનમાં કાયોત્સર્ગમાં રહ્યા હોય ત્યારે લાવીશ. ત્યારે અભયાએ કહ્યું કે આજ ઉપાય છે તો તે માટે ઉદ્યમ કરવો. પંડિતાએ કબુલ કર્યું.

હવે ત્યાં કેટલાક વખત પછી મોટો કૌમુદી ઉત્સવ આવ્યો. તે વખતે રાજાની આજ્ઞા હોવાથી સઘળા નગરવાસીઓ ઉદ્યાનમાં ગયા. તે દિવસે ચતુર્માસિક પર્વ હોવાથી સુદર્શન શેઠ રાજાની રજા લઈને ઘેર રહ્યા. ત્યાર પછી સર્વ ચૈત્યોમાં સ્નાત્રદિ પૂજા કરીને શેઠે પૌષધ લીધો. આવશ્યકાદિ કરીને કોઈક શૂન્ય સ્થાનમાં ધર્મધ્યાનમાં લીન થઈને કાઉસગ્ગમાં રહ્યા. આ વાત જાણીને પંડિતાએ અભયાને કહ્યું કે આજે તારૂં ઈચ્છિત પૂર્ણ થાય તેમ છે. માટે આજે તારે ઉદ્યાનમાં જવું નહિ. અભયાએ પણ આજે મારૂં માથું બહુ દુઃખે છે એવું ખોટું બહાનું રાજાને જણાવીને ઘેર રહી.

હવે કામદેવની માટીની મોટી મૂર્તિને વસ્ત્રથી ઢાંકીને રથમાં મૂકીને પંડિતા મહેલ આગળ આવી. ત્યારે વેત્રીએ તેને

અંદર જતાં રોકી. તે વખતે પંડિતાએ કહ્યું કે આજે રાણી અભયાને શરીરે ઠીક નથી તેથી તે કામદેવ વગેરે દેવોને મહેલમાં રહીને જ પૂજવાની છે માટે આ કામદેવની મૂર્તિ અંદર લઈ જાઉં છું. બીજી પણ ઘણી મૂર્તિઓ લાવવાની છે. એમ કહી તે ઢાંકેલી મૂર્તિ દેખાડી આથી વેત્રીએ (છડીદારે) જવા દીધી. ત્યાર પછી બીજી મૂર્તિઓ પણ તેણી લાવી અને દ્વારપાલને છેતરીને કાઉસગ્ગમાં રહેલા સુદર્શન શેઠને પણ રથમાં બેસાડીને વસ્ત્રથી ઢાંકીને લાવી.

હવે સાક્ષાત્ કામદેવ સમાન સુદર્શન શેઠને જોઇને અભયા ઘણી રાજી થઈ. તેથી અત્યંત કામાતુર થએલી તે અભયા સુદર્શનને સ્મરને (કામને) દીપન કરનાર વચનો કહેવા લાગી. મને કામદેવ પોતાના તીક્ષ્ણ બાણોથી વીંધે છે. માટે હે શેઠ! હું તમારા શરણે આવી છું, માટે શરણે આવેલીનું રક્ષણ કરો રક્ષણ કરો. મોટા પુરૂષો શરણે આવેલાનું રક્ષણ કરે છે. માટે મારા ઉપર પ્રસન્ન થઇને મારી સાથે બોલો. મોટા પુરૂષો પ્રાર્થનાનો ભંગ કરતા નથી. હું તમને અહીં કપટથી લાવી છું માટે તમારે કોપ કરવો નહિ. અનેક પ્રકારનાં કામોત્તેજક વચન કહ્યા છતાં પણ સુદર્શન તો મેરૂ પર્વતની જેમ કાઉસ્સગ્ગમાં સ્થિર રહ્યા. ત્યારે કામથી વિહ્વલ ચિત્તવાલી અભયા રાણી ફરીથી પણ કહેવા લાગી કે તમારી પ્રાર્થના કરતી મને તમે કેમ ઉપેક્ષો છો. ? આ વ્રતનું કષ્ટ મૂકી દો, કારણ કે હવે તેનું કામ નથી. મને અનુકૂળ થવાથી તમને વ્રતનું ફલ સિદ્ધ થશે. હવે તમે મારી પાસેથી કેવી રીતે જવાનો છો એમ કહીને સુદર્શનનો હાથ

પકડયો. વળી તેમના શરીરને આલિંગન કરી પોતાના સ્તનોનો સ્પર્શ કરાવ્યો. ચુંબનાદિક કર્યું. આવા આવા ઉપસર્ગ કર્યા છતાં સુદર્શન તો નિશ્ચલ રહ્યા. તે વખતે શેઠે વિચાર્યું કે જો હું આ ઉપસર્ગમાંથી છૂટીશ તો જ કાઉસગ્ગ પારીશ નહિ તો મારે અનશન છે.

હવે જ્યારે સુદર્શન શેઠને ચલાયમાન કરવાના અભયાના પ્રયત્નો નિષ્ફળ ગયા ત્યારે તે કોપીને કહેવા લાગી કે હે મૂર્ખ ! તને મરવાની ઈચ્છા થઈ જણાય છે. કારણ કે અમે સ્ત્રીઓ અમૃત પણ છીએ અને ઝેર પણ છીએ. રાગવાળી અમે અમૃત તુલ્ય છીએ પરંતુ વિરાગવાળી ( દ્વેષી ) અમે ઝેર સમાન છીએ. માટે જો મારૂં કહેલું તરત અંગીકાર નહિ કરે તો આજે જ તારૂં મરણ થશે. એવી રીતે આખી રાત્રી તેણીએ શેઠને અનેક રીતે ઉપસર્ગ કર્યા છતાં જ્યારે શેઠ ચલાયમાન ન જ થયા ત્યારે તેણીએ પોતાના નખો વડે પોતાના શરીરને વિષે ઉઝરડા કર્યા અને મોટા સ્વરે પોકાર કરવા લાગી કે આ મારા ઉપર બલાત્કાર કરે છે. આવી બૂમો સાંભળીને રક્ષકો ત્યાં આવ્યા અને સુદર્શનને જોઇને આશ્ચર્ય પામીને વિચાર્યું કે સુદર્શનમાં આ સંભવે નહિ. તેઓએ જઇને રાજાને જણાવ્યું. રાજાએ આવીને આ શું એમ વિસ્મયથી પૂછયું ત્યારે તેણીએ કહ્યું કે તમારી રજા લઇને હું અહીં રહેલી છું એવું જાણીને તે અહીં આવ્યો અને કામના વચનો વડે મારી પ્રાર્થના કરી, પરંતુ જ્યારે મેં પ્રતિષેધ કર્યો ત્યારે કોપાયમાન થઇને મારા શરીરે નખના ઉઝરડા કર્યા તેથી મેં બૂમો પાડી. આને વિષે આ સંભવતું નથી એવું વિચારતા રાજાની અભયા ઉપર અકૃપા થશે એવા

વિચારથી શેઠ મૌન રહ્યા, ત્યારે મૌન રહે છે માટે દોષવાળા છે એવું માનીને રાજાએ શેઠને પકડવાનો કોટવાલોને આદેશ કર્યો.

કોટવાલોએ શેઠને ગળેથી પકડીને બહાર કાઢ્યા. ગળામાં ખાસડાંનો હાર પહેરાવ્યો. વધ કરવા માટેના વસ્ત્રો પહેરાવ્યાં. સુપડાનું છત્ર કરી ગધેડા ઉપર બેસાડીને આખા નગરમાં ફેરવ્યા. તે વખતે ઘણાં શોકાતુર થએલા લોકો પણ કહેવા લાગ્યા કે આ શેઠને વિષે આવું સંભવતું નથી.

મનોરમાએ જ્યારે આ વાત જાણી ત્યારે દુઃખી થએલી તે વિચારવા લાગી કે આમાં રાજાનો કે શેઠનો વાંક નથી પરંતુ તેમના કર્મોનો જ દોષ છે અને પાપનો ક્ષય કરવા માટે ધર્મ વિના બીજો કોઈ હેતુ નથી આવો નિશ્ચય કરીને તે ઘરમાં જઈને અરિહંતની પૂજા કરવા લાગી. પછી તેમની આગળ કહેવા લાગી કે હે શાસનદેવો તમારે મારા નિર્દોષ પતિનું રક્ષણ કરવું. મારા પતિ ઘેર આવશે ત્યારે હું કાઉસગ્ગ પારીશ. નહિ તો કાઉસ્સગ્ગમાં રહેલી મને અનશન છે. એ પ્રમાણે નિશ્ચય કરી કાઉસગ્ગમાં રહી.

આ તરફ કોટવાલો સુદર્શન શેઠને વધ્ય ભૂમિએ લઈ ગયા અને રાજાનો હુકમ હોવાથી શૂળીએ ચઢાવ્યા. પરંતુ ક્ષણ માત્રમાં તે મહાત્માને શીલના પ્રભાવથી શૂલી સિંહાસન રૂપ થઈ ગઇ. તેથી શેઠનો વધ કરવા માટે તેઓએ તેમના ગલે તીક્ષ્ણ ખડ્ગનો પ્રહાર કર્યો. પરંતુ તે ખડ્ગ માલારૂપે થઈ ગયું. અથવા ધર્મ હોય તો આપત્તિ પણ સંપત્તિરૂપે થાય છે.

આવું આશ્ચર્ય જોઇને તેઓએ રાજાને જણાવ્યું, તેથી રાજા હાથી ઉપર બેસીને સુદર્શન પાસે આવ્યો પશ્ચાત્તાપ પૂર્વક શેઠને આલિંગન કરીને રાજાએ કહ્યું કે નાશ નહિ પામેલા તમારા પુણ્ય પ્રભાવથી દર્શન થયાં. સ્ત્રીની માયાથી મોહિત થઇને ગુણના સ્થાન એવા તમને મેં મારવાનો હુકમ કર્યો માટે મારાથી પાપી અને વિચાર વિનાનો બીજો કોણ ? તમે પણ મને આ પાપ કરાવ્યું કારણ કે પૂછ્યા છતાં તમે રાત્રીનું સાચું વૃત્તાંત જણાવ્યું નહિ.

પછી રાજા શેઠને હાથી ઉપર બેસાડીને પોતાના મહેલે લાવ્યા. વસ્ત્રાભૂષણ વગેરેથી સત્કાર કરીને રાત્રીની કથા પૂછી તે વખતે પ્રથમ અભયાને અભય અપાવીને પછી શેઠે રાત્રીનો યથાર્થ હેવાલ જણાવ્યો તેથી પ્રસન્ન થઇને રાજાએ મોટી ઋદ્ધિ સાથે શેઠને ઘેર મોકલ્યા. આ હકીકત જાણીને ભયભીત થએલી અભયા રાણીએ ગળે ફાંસો નાખીને આપઘાત કર્યો. પંડિતા ( ધાત્રી ) નાશીને પાટલીપુરે ગઇ. અને દેવદત્તા નામની વેશ્યાને ઘેર સુખે રહેવા લાગી. ત્યાં પણ તે પંડિતા નિત્ય સુદર્શન શેઠનાં એવાં વખાણ કરે છે કે જેથી તે દેવદત્તા પણ તેમને વિષે રાગવાળી થઇ.

આ તરફ સુદર્શન શેઠે સંવેગ પામીને દીક્ષા લીધી. આચાર વિચાર જાણીને ગુરૂથી એકલા વિચરવા લાગ્યા. અને ફરતા ફરતા પાટલીપુરે આવ્યા. ભિક્ષાને માટે ફરતા તેમને પંડિતાએ જોયા અને ઓળખ્યા. દેવદત્તાને આ ખબર કહી, ત્યારે ભિક્ષાના બહાને તેણીએ તેમને બોલાવ્યા અને ઘરમાં

લઈ જઈને પોતાની સાથે ક્રીડા કરવા માટે ઘણી પ્રાર્થના કરી. પરંતુ મુનિએ જ્યારે માન્યું નહિ ત્યારે તેમને છૂટા કર્યા. સાંજે મુનિ પણ વનમાં ગયા અને કાઉસ્સગ્ગ કરીને નિશ્ચલ મને ધ્યાનમાં રહ્યા.

તે વખતે વ્યન્તરી રૂપે ઉત્પન્ન થએલી અભયાએ પૂર્વ ભવના સ્મરણને લીધે શેઠને ઓળખ્યા. અને શેઠને ચલાયમાન કરવાને ઘણી વિડંબના કરી. કારણ કે વેર જન્માન્તરમાં પણ જવાવાળું છે. તે વ્યન્તરીથી પીડા પમાડાતા શેઠ એકદમ ક્ષપકશ્રેણિએ ચઢયા અને વધતા પરિણામે કેવલજ્ઞાન પામ્યા. પછી ધર્મનું સ્વરૂપ કહીને વેશ્યાને બોધ પમાડયો. પંડિતા અને વ્યન્તરીને પણ બોધ પમાડયો. પછી યોગ્યકાળે કર્મ ખપાવીને મોક્ષે ગયા.

જેવી રીતે સુદર્શન શેઠે અનેક વાર સંકટમાં આવ્યા છતાં પોતાના શીલગુણને જરા પણ મલીન કર્યું નહિ. તેવી રીતે બીજાઓએ પણ પોતાના શીલ ગુણનું કષ્ટ આવે તો પણ રક્ષણ કરવું.

॥ ઇતિ સુદર્શન કથા ॥

**અવતરણઃ**—એ પ્રમાણે ૧૮ મું ચતુર્થ વ્રત ઉપદેશ દ્વાર કહ્યું. હવે પાંચમા પરિગ્રહ પરિમાણ વ્રતનું સ્વરૂપ બે શ્લોક વડે જણાવે છેઃ—

॥ वसंततिलकावृत्तम् ॥

२ ३ १ ४
विश्वोपकारि धनमल्पमपि प्रशस्यं,
७ ५ ८ ६
किं नन्दवत्फलममानपरिग्रहेण ।

११ ९ १० १४ १२ १३
प्रीत्यै यथा हिमरुचिर्न तथा हिमौघः,
१९ १५ १६ १७ १८ २१ २० २२
स्याद्वा यथात्र जलदो जलधिस्तथा न ॥ ४० ॥

અલ્પ પણ ધન વિશ્વને ઉપકાર કરનારૂં ખરી,
બહુ પ્રશંસાપાત્ર પણ કંચન તણી નવ ટેકરી;
નંદની શા કામની? શશી મેઘ પર ઉપકારના,
ગુણથી કરે ખૂશ લોકને હિમ સમૂહના સાગર તણા. ૧

તેવા નથી ગુણ તેહથી તે લોકને ખૂશ ના કરે,
ઉપકાર કરે છે જેહમાં તસ ચાહના સવિ જન કરે;
જે માર્ગથી આવેલ લક્ષ્મી તેહ ત્યાં વપરાય છે;
શુભ માર્ગથી પામેલ લક્ષ્મી પરહિતે ખરચાય છે. ૨

**શ્લોકાર્થ**:—થોડું પણ વિશ્વને ઉપકાર કરનારૂં ધન વખાણવા લાયક ગણાય છે. નન્દ રાજાની જેમ માપ રહિત પરિગ્રહ વડે શું ફલ થાય? અર્થાત્ ન થાય. જેમ ચંદ્ર પ્રીતિકારક થાય છે તેમ હિમનો સમૂહ પ્રીતિને ઉપજાવનાર થતો નથી. અથવા જેવો મેઘ અહીં પ્રીતિકર થાય છે તેવો સમુદ્ર થતો નથી. ૪૦

**સ્પષ્ટાર્થ**:—હવે પાંચમા પરિગ્રહ વિરમણ વ્રતને વિષે પરિગ્રહ જે ધન ધાન્યાદિક તેનો નિયમ કરવાનો છે. એટલે પોતાને ખપ પૂરતું દ્રવ્યાદિક રાખવું જોઈએ. પરિગ્રહ નવ પ્રકારનો છે. તે આ પ્રમાણે:—૧ ધન, ૨ ધાન્ય, ૩ ક્ષેત્ર,

૪ વાસ્તુ, ૫ રૂપું, ૬ સુવર્ણ, ૭ કુપિત, (હલકી ધાતુ) ૮ બે પગવાળા (દાસ દાસી) ૯ ચાર પગવાળા (ગાય ભેંસ વગેરે) આ નવ જાતના પરિગ્રહનું પરિમાણ કરવું અથવા જેટલું બની શકે તેટલું ઓછું કરવું. હવે પરિગ્રહ પરિમાણનું સ્વરૂપ કહેતાં કવિરાજ જણાવે છે કે થોડું ધન હોય છતાં જે સર્વ મનુષ્યોને ઉપકારી થતું હોય તે લોકોમાં વખાણવા લાયક થાય છે. પરંતુ ઘણું ધન હોય છતાં પણ જે લોકોના ઉપકારમાં આવતું ન હોય તે ધન નંદ રાજાના ધનની જેમ વખાણવા લાયક થતું નથી. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે હિમરુચિ એટલે ચન્દ્ર જે નાનો છે છતાં પણ સર્વ લોકોને શીતળતા આપે છે તો તે લોકોને પ્રીતિ ઉત્પન્ન કરનારો છે. પરંતુ હિમનો સમુદાય ઘણો હોવા છતાં તે લોકોને ઉપકાર કરનાર ન હોવાથી તે પ્રીતિ કરનાર થતો નથી. તેવીજ રીતે બીજું દૃષ્ટાન્ત આપી સમજાવે છે કે જેમ મેઘ નાનો છે છતાં પણ તે લોકોને ઉપકારક થાય છે તેથી લોકોની પ્રીતિ માટે (લોકોને ખૂશ કરનારો) થાય છે. પરંતુ સમુદ્ર જેમાં ઘણું પાણી ભરેલું છે પરંતુ ખારું હોવાથી લોકોના પીવાના ઉપયોગમાં આવતું નથી તેથી તે લોકોની પ્રીતિ માટે થતો નથી. તેજ પ્રમાણે થોડું ધન હોય પરંતુ લોકોના ઉપયોગમાં આવે તે વખાણવા લાયક છે. માટે ધનાદિકનો માપ રહિત (હદ ઉપરાંત) સંગ્રહ ન કરતાં તેનો સદુપયોગ કરવો જોઈએ. ૪૦

અહીં નંદ રાજાની કથા આ પ્રમાણે:—

પાટલીપુત્ર નામના નગરમાં ઉદાયન રાજાને તેના વૈરી

રાજાએ કપટી સાધુવેષ ધારણ કરનાર નોકરની મારફત પૌષધમાં મરાવી નાખ્યો, અને તેને પુત્ર નહિ હોવાથી રાજ્ય રાજા વિનાનું થયું, તે નગરમાં નાપિત (હજામ) અને ગણિકાના સંયોગથી પૂર્વ ભવનો કોઈક જાતિમદ કરનારો જીવ ઉત્પન્ન થયો હતો. તેનું નન્દ નામ હતું. તે અનુક્રમે સઘળી કલાઓ શીખ્યો અને સુંદર તારૂણ્ય પામીને રૂપાદિ ગુણવાળો થયો. તે એક વખતે રાત્રીએ સુખે સૂતો હતો ત્યારે તેણે "મેં પાટલીપુત્રને પોતાનાં આંતરડાં વડે વીંટયું" એવું સ્વપ્ન જોયું. સવારમાં ઉઠીને તેનું ફલ કોઈક સ્વપ્ન પાઠકની પાસે ફલાદિ વગેરે મૂકીને પૂછયું. ત્યારે તેણે કહ્યું કે તને આ નગરનું રાજ્ય મળશે. ત્યાર પછી તે સ્વપ્ન પાઠક ઉપાધ્યાયે પોતાની પુત્રી મોટા ઓચ્છવ પૂર્વક તેની સાથે પરણાવી, અને પરણીને પોતાના ઘરે રાજમાર્ગે થઈને આવે છે તે વખતે ઉદાયી રાજા અપુત્ર મરણ પામેલો હોવાથી મંત્રાધિષ્ઠિત હાથીએ નન્દ ઉપર કલશ ઢોળ્યો. તેથી મંત્રીઓએ તેને રાજ્ય ઉપર બેસાડયો. તે હલકી જાતનો હોવાથી કેટલાક સામન્તો તેની આજ્ઞા માનતા ન્હોતા. તેથી જ્યારે તેઓ સભામાં બેઠેલા હતા ત્યારે ભીંત ઉપર ચીતરેલા હાથી ઘોડા અને પદાતીઓને આજ્ઞા કરીને તેમને એવી સજા કરાવી કે જેથી સઘળા તેને વશવર્તી થયા. અને ભય પામીને ઘણા રાજાઓ પણ તેને તાબે થયા. તેથી તેણે મોટું રાજ્ય મેળવ્યું. રાજાઓ પાસેથી તેની પાસે ઘણું ધન આવ્યું. દાન વગેરેમાં નહિ વાપરનાર તેણે સમુદ્રના કાંઠે સોનાનો મોટો પર્વત બનાવ્યો. એક વાર સમુદ્રની મોટી ભરતી આવવાથી તે બધું સમુદ્રમાં તણાઈ ગયું. અને તેથી નન્દ

રાજાની ઘણી અપકીર્તિ થઈ. આખરે તે નંદ રાજા ધર્મ-કાર્યાદિ કર્યા સિવાય મરીને નરકે ગયો. આ પ્રમાણે ધનનો સંચય કર્યો અને તેથી લોકોનો કોઈ ઉપકાર કર્યો નહિ તો તેની અપકીર્તિ થઈ માટે ભવ્ય જીવોએ પોતાના ધનનો સદ્વ્યય કરી પુણ્યે પામેલ ધન સફલ કરવું.

॥ ઇતિ નન્દ રાજાની કથા ॥

**અવતરણ:**—એજ પાંચમા વ્રતની બીના સ્પષ્ટ સમજાવે છે:—

( वसंततिलकावृत्तम् )

२ १ ३ १० ९
धन्यः परिग्रहमितेः सुखभाग् न पापी,
४ ६ ७ ८ ५
प्राग्मम्मणो वणिगिवैधदीश्वरोऽपि ।
१६ १५ ११ १४ १३
वन्द्यः कृतादरमहो जगतो मितश्रीः,
१२ १७ १८ १९
पश्याधिकाधिकवसुः शशभृत्कलङ्की ॥ ४१ ॥

પરિગ્રહ તણું પરિમાણ કરતાં ધન્ય જન સુખિયા થતાં,
મમ્મણ ધનિક છે તે છતાં પણ લાકડાંને ખેંચતા;
લોભથી પાપી થયો દુખિયો ઉપાધિ વધારતા;
વંદ્ય બીજનો ચંદ્ર સવિને તેજ ઓછું ધારતા. ૧

તેજરૂપ વધતો ઉપાધિ તે કલંકી જન કહે,
સંતોષથી ઘટતી ઉપાધિ શાંતિમાં તેથી રહે;
છે પ્રશંસાપાત્ર ગુણની વૃદ્ધિ પણ ના અન્યની,
ગુણને વધારે પાંચમું વ્રત સાધના કર તેહની. ૨

શ્લોકાર્થઃ—પરિગ્રહનું પરિમાણ કરવાથી ભાગ્યવંત પુરૂષ સુખી થાય છે, પરંતુ પૂર્વે કોટી ધનવાલો છતાં લાકડાના ભારને વહન કરનાર મમ્મણશેઠ નામના વણિકની જેમ પાપી સુખી થતો નથી. આશ્ચર્ય ! જુઓ પરિમિત લક્ષ્મીવાળો (શોભાવાળો) બીજનો ચંદ્ર લોકોથી આદર પૂર્વક વંદન કરાય છે. પરંતુ વધતી વધતી લક્ષ્મી (શોભા)વાળો ચંદ્રમા કલંકયુક્ત મનાય છે. ૪૧

સ્પષ્ટાર્થઃ—પરિગ્રહનું પરિણામ કરનાર ભાગ્યવંત પુરૂષ સુખી થાય છે. કારણ કે તેને સન્તોષ ગુણના પ્રતાપે અધિક અધિક ધન એકઠું કરવાની ઇચ્છા રહેતી નથી તેથી તે નિરાંતે શાંતિમાં રહે છે. કહ્યું છે કે 'સંતોષ એજ પરમ સુખ છે." પણ કોટીશ્વર છતાં પાપી મમ્મણ શેઠ જે રાત્રે વરસાદમાં પણ લાકડાં લેવાને નદીમાં પડયો હતો તેની જેમ ધનનું પરિણામ નહિ કરનારા જીવો સુખી થતા નથી. અહો આ બાબતનું આશ્ચર્ય જુઓ. એક તરફ ઘણી થોડી લક્ષ્મી (કલા—શોભા) વાળો છતાં પણ બીજનો ચંદ્ર લોકો વડે આદર પૂર્વક વન્દન કરાય છે, ત્યારે અધિક અધિક લક્ષ્મી (કલા) વાળો એવો ચંદ્ર કલંકવાળો મનાય છે. અથવા પરિમિત શોભાવાળો છતાં બીજનો ચંદ્ર કલંક વિનાનો જણાય છે

જ્યારે અધિક અથવા સોળ કલાએ ખીલેલો પુનમનો ચંદ્ર કલંકવાળો જણાય છે.

મમ્મણ શેઠની કથા આ પ્રમાણે:—

મગધ દેશમાં રાજગૃહી નગરીમાં શ્રેણિક રાજા રાજ્ય કરતા હતા. તે રાજા શ્રીમહાવીર પ્રભુનો પરમ ભક્ત હતો. તેને ચેલ્લણા નામે રૂપવંતી રાણી હતી. એક વખતે રાત્રે મુશળધાર વરસાદ વરસતો હતો. તે વખતે બારીએ બેઠેલી ચેલ્લણા રાણીએ વિજળીના ઝબકારાના પ્રકાશમાં નદીમાં આવેલા પૂરમાં તણાઈ આવેલા લાકડાના ભારાને ખેંચતા એક વૃદ્ધ પુરૂષને જોયો. તે જોઈ ને ચેલ્લણા રાણીએ રાજાને કહ્યું કે તમારા સરખા રાજા છતાં આ નગરીમાં એવા દુ:ખી પુરૂષો પણ વસે છે કે જેમને આવી ઘોર અંધારી રાતમાં વરસતા વરસાદમાં નદીના પૂરમાં લાકડાં વીણવાં પડે છે. આ વાત સાંભળીને રાજાએ તે મનુષ્યને બોલાવીને પૂછયું કે તું કોણ છું? અને આવી રાત્રીએ કેમ કષ્ટ વેઠે છે? ત્યારે તેણે કહ્યું કે હું મમ્મણ નામે વાણીયો છું. મેં એક વૃષભ બનાવ્યો છે અને તેનું એક શીંગડું ખૂટે છે તેને માટે હું આ મહેનત કરૂં છું.

ત્યાર પછી રાજા રાણી સાથે તેને ઘેર ગયા. તેણે સુવર્ણ અને રત્નના બતાવેલા બે વૃષભો દેખાડયા. તે જોઇને વિસ્મય પામેલા રાજાએ ચેલ્લણાને કહ્યું કે આપણા ઘેર આના જેવું એક પણ રત્ન નથી તો આને શું આપવું? ચેલ્લણાએ હસીને મમ્મણ શેઠને કહ્યું કે શું તમે આ લાકડાંથી આનું

રત્નનું શીંગડું બનાવશો ? ત્યારે તેણે કહ્યું કે આને માટે મારાં વહાણો સમુદ્રમાં ફરે છે. પુત્રો દેશાન્તરમાં વેપાર કરે છે. તહેવારોમાં પણ મારા ઘરમાં ઘી વપરાતું નથી. વાલ અને ચોખા ખવાય છે. અને ચોમાસામાં રાત્રીએ લાકડાં લાવીને તેને વેચીને હું પણ કાંઈક પેદા કરૂં છું. આ પ્રમાણે આટલું બધું ધન છતાં આટલી હદ સુધી ખાવામાં પણ કંજુસાઈ કરતા તે મમ્મણ શેઠને જોઈને ચમત્કાર પામેલો રાજા પ્રિયા સાથે પોતાના મહેલમાં ગયો. અનુક્રમે જેની ધનની તૃષ્ણા પૂર્ણ થઈ નથી એવો તે શેઠ એકઠા કરેલા ધનને ભોગવ્યા સિવાય મરીને દુર્ગતિમાં ગયો. કહેવાનો સાર એ છે કે કેટલાક મહા પાપી જનો ઘણો પરિગ્રહ ભેગો કરીને તેનો જરા પણ સદ્વ્યય કર્યા સિવાય અંતે મરીને નરકે જાય છે. એમ સમજીને ભવ્ય જીવોએ પરિગ્રહનું પરિમાણ અવશ્ય કરવું જોઈએ.

॥ ઇતિ મમ્મણ શેઠ કથા ॥

અવતરણ:—એ પ્રમાણે ૧૯ મું પરિગ્રહ દ્વાર કહ્યું હવે વીસમું દિગ્વિરતિવ્રતનું દ્વાર જણાવે છે:—

॥ वसंततिलकावृत्तम् ॥

१ २ ४
सीमस्थिते जलनिधौ निजकालमाने,
५ ३ ७ ६
शीतातपाम्भसि च जीवति जीवलोकः ।
९ १० ८
दिग्यानमानमपि जन्तुहिताय तद्वत्,
१५ १३ ११ १२ १४
स्याच्चारुदत्तवदिहामयतोऽतिदुःखी ॥ ४२ ॥

**સાગર ન મર્યાદા તજે ને ત્રણ ઋતુએ કાલની,**
**છંડે ન મર્યાદાજ તેથી જીવના જીવ લોકની;**
**તેમ દિશિમાં ગમન કેરૂં માન પણ જન હિત કરે,**
**ચારૂદત્ત તણી પરે તિમ ના કરે તો દુઃખ વરે. ૧**

**શ્લોકાર્થ:**—સમુદ્ર પોતાની મર્યાદામાં રહે છતે તથા શીયાળો, ઉનાળો અને ચોમાસું (એ ત્રણે ઋતુઓ) પોત પોતાની મર્યાદામાં રહે છતે આ જીવલોક (દુનીયાનાં જીવો) જીવે છે. તેવી જ રીતે દિશાઓમાં જવાના પ્રમાણ રૂપ દિગ્વિરમણ વ્રત પણ પ્રાણીઓના હિત માટે થાય છે. પરંતુ આ વ્રતનો આદર નહિ કરનાર જીવ ચારૂદત્તની પેઠે આ જગતમાં ઘણાદુ:ખને ભોગવનારો થાય છે. ૪૨

**સ્પષ્ટાર્થ:**—કવિરાજ છઠ્ઠા દિગ્વિરમણ વ્રતનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે જેમ સમુદ્ર પોતાની મર્યાદામાં રહે છે અથવા તે સમુદ્ર પોતાની મર્યાદા ઓળંગતો નથી તો આ જીવલોક એટલે જગતના જીવો સુખ પુર્વક જીવે છે. પરંતુ જો સમુદ્ર પોતાની મર્યાદા મૂકે તો આ પૃથ્વીનો નાશ થઈ જાય અને પૃથ્વીના જીવોનો પણ નાશ થાય. વળી શિયાળો, ઉનાળો અને ચોમાસું એ ત્રણે ઋતુઓ પણ પોત પોતાની કાલ મર્યાદામાં રહે છે તોજ આ જગતના લોકો સુખે જીવે છે એટલે અતિશય ટાઢ પડતી નથી અથવા અતિશય તાપ પડતો નથી તેમજ વરસાદ પણ અતિશય પડતો નથી, માટેજ આ જગતના જીવો સુખે જીવે છે. કારણ કે જો ઋતુઓ મર્યાદાનો ત્યાગ કરે અને કાં તો અતિશય ટાઢ જ

પડયા કરે, અથવા અતિશય તાપ જ પડયા કરે અથવા અતિશય વરસાદ વરસ્યા કરે તો આ જગતના જીવો સુખે જીવી શકે નહિ તેવી રીતે દિશાઓમાં અમુક મર્યાદા સુધી જવા (ને આવવા) રૂપ દિગ્વિરમણવ્રત પણ આ લોકમાં જીવોને હિતને માટે અથવા કલ્યાણ કરનારૂં થાય છે. પરંતુ આ વ્રતનો આદર નહિ કરનારા જીવો તો ચારૂદત્તની જેમ ઘણા પ્રકારના દુઃખની પરંપરાને ભોગવનારા થાય છે. તેથી આ વ્રતનું પાલન કરવાનો યત્ન અવશ્ય કરવો જોઇએ.

ચારૂદત્તની કથા આ પ્રમાણેઃ—

ભરતક્ષેત્રમાં ચંપા નામે નગરી હતી. તેમાં ભાનુ નામે ધનવાન શ્રેષ્ઠી રહેતો હતો. તેને સુભદ્રા નામે ભાર્યા હતી, અને તેમને વખાણવા લાયક ગુણવાળો ચારૂદત્ત નામે પુત્ર હતો. એક વખત મિત્રો સાથે સિન્ધુ કાંઠે ક્રીડા કરતા તેણે કોઇક વિદ્યાધરના પગલાં જોયાં. તથા આગળ સ્ત્રીના પગલાં જોઇને તે સ્ત્રી સહિત છે એમ જાણ્યું. તેટલામાં નજીકમાં લોઢના ખીલાઓ વડે વૃક્ષ સાથે જડી લીધેલા એક વિદ્યાધરને તેણે જોયો. તથા તેની તરવારના કોશમાં ત્રણ ઓષધીના વલય જોયાં. તેણે બુદ્ધિથી એક ઓષધી વડે તેને છુટો કર્યો. બીજા વડે વ્રણ રહિત અને ત્રીજા વડે સજીવન કર્યો.

વિદ્યાધરે ચારૂદત્તને કહ્યું કે વૈતાઢયમાં શિવમંદિર નગરમાં મહેન્દ્રવિક્રમ નામના રાજાનો હું અમિતગતિ નામે પુત્ર છું. ધૂમશિખ નામના મિત્ર સાથે હું એક વખત ક્રીડા કરવા હીમંત પર્વત ઉપર ગયો. ત્યાં પોતાના મામાની

સુકુમાલિકા નામે સુંદર પુત્રીને જોઈ. તેથી કામાતુર થએલો હું ઘેર આવ્યો. અને મારી અવસ્થા જાણીને પિતાએ મને તેની સાથે પરણાવ્યો. અને તેની સાથે સુખેથી ક્રીડા કરવા લાગ્યો. ધૂમશિખ પણ તેણીનો અભિલાષી છે એવું ઇંગિતાકારથી મેં જાણ્યું. તો પણ તેની સાથે ક્રીડા કરતો હું અહીં આવ્યો. અને પ્રમાદી એવા મને બાંધીને સુકુમાલિકાને હરી ગયો. તમે મારો છુટકારો કર્યો માટે તમારો હું કેવી રીતે ઋણ રહિત થઈશ? કહો હું તમારૂં શું હિત કરૂં? ચારૂદત્તે કહ્યું કે તમારા દર્શનથી જ હું કૃતાર્થ થયો છું, મારે કાંઈ જોઈતું નથી. આ પ્રમાણે ચારૂદત્તે કહેવાથી વિદ્યાધર ઉઠીને પોતાને સ્થળે ગયો. ચારૂદત્ત પણ પોતાને ઘેર ગયો.

પિતાની આજ્ઞાથી ચારૂદત્તે પોતાના મામાની પુત્રી મિત્રવતી સાથે લગ્ન કર્યું. પરંતુ કલામાં આસક્ત ચારૂદત્ત તેણીને વિષે ભોગ વિમુખ થયો. મા બાપે તેવો જાણીને આ ભોળો છે એવું જાણ્યું. તેથી તેને ચતુર બનાવવાને માટે મા બાપે કલિંગસેના નામની વેશ્યાની પુત્રી વસન્તસેનાને ત્યાં બાર વર્ષ રાખ્યો. અને ત્યાં તેણે સોળ કરોડ હાટક (રૂપીયા) ખરચી નાખ્યા. કલિંગસેનાએ આ દરિદ્રી થઇ ગયો છે એવું જાણીને કાઢી મૂક્યો. ઘેર જઇને માબાપનું મૃત્યુ જાણીને પોતાની સ્રીના ઘરેણાં લઈને મામાની સાથે વેપાર કરવા ગયો. ઉસીવર્ત નામના નગરમાં જઈને કપાસ ખરીદ્યો. તે લઈને તામલિપ્તી નગરીએ જતાં વનના દાવાનલથી તે કપાસ બળી ગયો. તેથી મામાએ આ અભાગીઓ છે એવું જાણીને તેનો ત્યાગ કર્યો. ભૂખ અને તરસથી પીડાતો તે

એકલો પ્રિયંગુનગરે ગયો. ત્યાં તેના પિતાના મિત્ર સુરેન્દ્રદત્તને ત્યાં સુખે રહેવા લાગ્યો. કેટલાક વખત પછી સુરેન્દ્રદત્તે નિષેધ કર્યા છતાં એક લાખ રૂપીયા વ્યાજે લઈને ધન કમાવા માટે વહાણમાં બેસીને ચાલ્યો. પછી યમુનાદ્વીપે જઈને ત્યાં વેપારમાં આઠ ક્રોડ સોનૈયા કમાયો. પછી સમુદ્ર માર્ગે સ્વદેશ આવવા નીકળ્યો, પણ રસ્તામાં વહાણ ભાગ્યું અને એક પાટીયું મળવાથી સમુદ્ર તરીને સાતમે દિવસે સમુદ્રના કાંઠે રાજપુર નગરમાં આવ્યો.

ત્યાં તેને દિનકરપ્રભા નામે ત્રિદંડી મળ્યો. તેણે ચારૂદત્તને ધનાર્થી જાણીને કહ્યું કે મારી સાથે પર્વત ઉપર ચાલ. ત્યાં રસ કુંપીકામાંથી તને રસ આપીશ જેથી ઘણું સુવર્ણ મળશે. પછી તેની સાથે મોટી અટવીમાં આવેલા પર્વતની તળેટીએ ગયા. ત્યાં એક મોટું બીલ હતું તેનું દ્વાર ત્રિદંડીએ મંત્ર વડે ઉઘાડયું. પછી તે બીલમાં પેસીને તેઓ રસથી ભરેલા કૂવા પાસે આવ્યા. પછી ત્રિદંડીએ તેને માંચામાં બેસાડી તુંબડી આપીને રસથી ભરી લાવવાને કૂવામાં ઉતાર્યો. ત્યાં મેખલામાં રહીને તે રસ લેવા જાય છે તેવામાં કોઇએ તેને રસ લેતાં રોકયો. ત્યારે ચારૂદત્તે તેને રોકવાનું કારણ પૂછયું. ત્યારે અંદર રહેલા માણસે કહ્યું કે હું વાણીયાનો પુત્ર છું. ત્રિદંડીએ મને રસ લેવાને કૂવામાં ઉતાર્યો. પરંતુ રસની તુંબડી લઈને મને કૂવામાં નાખી ત્રિદંડી ચાલ્યો ગયો અને હું રસથી ભક્ષણ કરાયો છું. તારી પણ તે તેવી વલે કરશે. માટે મને તું તુંબડી આપ એટલે તને ભરી આપું. ચારૂદત્તે તુંબડી આપી તે ભરીને માંચીએ બાંધી.

પછી ચારૂદત્તે દોરડું હલાવ્યું એટલે ત્રિદંડીએ તેને ખેંચ્યો. કૂવા કાંઠે માંચી આવી એટલે ત્રિદંડીએ તેને બહાર કાઢયા સિવાય રસની તુંબડી માગી. આ મારો દ્રોહ કરવા માગે છે એવું જાણી ચારૂદત્તે રસ કૂવામાં નાખો દીધો. તેથી ત્રિદંડીએ માંચી સાથે તેને કૂવામાં નાખ્યો. તેથી તે કૂવામાં વેદીકા ઉપર પડયો. ત્યારે અંદર રહેલા માણસે કહ્યું કે અહીં ગોધા રસ પીવાને આવે છે તેનું પૂછડું પકડીને તું બહાર નીકળી જજે. ત્યાર પછી તે માણસ મરણ પામ્યો. ચારૂદત્ત પણ ગોધાનુ પૂછડું પકડી મહા મુશીબતે બહાર આવ્યો. મૂર્છા પામીને જમીન ઉપર પડયો. થોડી વારે ચેતના પામીને તે ભયંકર અટવી ઓળંગીને એક ગામમાં પહોંચ્યો. ત્યાં મામાના મિત્ર રૂદ્રદત્તે તેને ઓળખીને પોતાને ઘેર રાખી સાજો કર્યો. ત્યાંથી તેની સાથે સ્વર્ણભૂમિ તરફ તે ચાલ્યો. ત્યાં નદી ઉતરીને ગિરિકૂટને વિષે ચૈત્રવનમાં આવ્યા. ત્યાં બે બોકડા લઈને તેના ઉપર બેસીને જરી આગળ ગયા. હવે અહીંથી આગળ પગે ચાલવાનો માર્ગ નથી માટે બંને જણાએ વિચાર્યું કે બોકડાઓને મારીને તેનું માંસ બહાર રાખીને તેની ધમણ બનાવી અંદર પેસીએ એટલે ભારંડ પક્ષી માંસના ભ્રમથી આપણને સુવર્ણભૂમિમાં લઈ જશે માટે આપણે આ બે બોકડાને મારી નાખીએ એવું રૂદ્રદત્તે ચારૂદત્તને કહ્યું. ત્યારે ચારૂદત્તે કહ્યું કે જે બોકડા ઉપર બેસીને આપણે આટલે સુધી આવ્યા તે બોકડાને આપણાથી કેમ મરાય? ત્યારે રૂદ્રદત્તે કહ્યું કે આ તારા બોકડા નથી કે જેથી તું મને નિષેધ કરે છે એમ ક્રોધથી કહીને પોતાના બોકડાને મારીનાખ્યો. તે જોઈને ચારૂદત્તનો બોકડો ભયભીત

દ્રષ્ટિથી ચારૂદત્ત તરફ જોવા લાગ્યો. ત્યારે ચારૂદત્તે કહ્યું કે હું તારૂં રક્ષણ કરવા સમર્થ નથી. માટે તું અરિહંત ધર્મનું શરણ અંગીકાર કર. ત્યાર પછી ચારૂદત્તે તેને નમસ્કાર મંત્ર આપ્યો તે સાંભળીને તે સમાધિવાળો થયો. રૂદ્રદત્તે તેને માર્યો. અને તે મરીને દેવ થયો.

પછી બંને જણા છરી લઈને બોકડાની ધમણમાં પેઠા. અને ત્યાં આવેલા ભારંડ પક્ષી તે બંનેને ઉપાડીને સુવર્ણ-ભૂમિ તરફ ઉપડયા. માર્ગમાં માંસ માટે તે ભારંડ પક્ષિયોનું યુદ્ધ થતાં ચારૂદત્તની ધમણ કોઈક સરોવરમાં પડી. છરી વડે ધમણ તોડીને તે તરીને બહાર નીકળ્યો. આગળ જતાં અટવીમાં એક મોટો પર્વત જોયો. તેની ઉપર ચઢયો. ત્યાં કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેલા મુનિને જોઈને વંદન કર્યું. ત્યારે મુનિએ ધર્મલાભ દઈને કહ્યું કે હે ચારૂદત્ત ! તમે અહીં કેવી રીતે આવ્યા ? અહીં દેવ અને વિદ્યાધર સિવાય બીજાનું આગમન થતું નથી.

પોતાની ઓળખાણથી વિસ્મય પામેલા ચારૂદત્તને મુનિએ કહ્યું કે હું તે અમિતગતિ વિદ્યાધર છું કે જેને તમે પહેલાં બંધનમાંથી છોડાવ્યો હતો. મારી પ્રિયાને લઈને નાશી ગયેલો તે મારો શત્રુ અષ્ટાપદ ઉપર ગયો અને મારી પ્રિયાને મૂકીને તે દુર્મતિ કાંઈક નાશી ગયો. પછી તેણીને લઈને હું ઘેર આવ્યો. મારા પિતાએ મને રાજ્ય આપીને દીક્ષા લીધી. અનુક્રમે મારી પત્નીને સિંહયશા અને વરાહગ્રીવ નામે બે પુત્રો થયા. ત્યાર પછી તેમને અનુક્રમે રાજ્ય અને

યુવરાજ પદવી આપીને મેં પણ ગુરૂની પાસે દીક્ષા લીધી. ને આ કર્કોટક નામે ગિરિ ઉપર હું તપ કરૂં છું.

પછી મુનિએ ચારૂદત્તને ત્યાં આવવાનું કારણ પૂછયું, ત્યારે ચારૂદત્તે પણ પોતાનું સર્વ વૃત્તાન્ત જણાવ્યું. તે દરમિઆન તે રાજર્ષિના બે પુત્રો ત્યાં આવી મુનિને તથા ચારૂદત્તને નમીને બેઠા. તે વખતે કોઈક ઉત્તમ દેવ ત્યાં આવ્યો. તેણે પ્રથમ ચારૂદત્તને નમસ્કાર કર્યો અને પછી તે મુનિને નમ્યો. વિદ્યાધરોએ મુનિને પછી નમસ્કાર કરવાનું કારણ પૂછયું ત્યારે દેવે કહ્યું કે આ ચારૂદત્ત મારા ધર્માચાર્ય છે માટે મેં તેમને પ્રથમ પ્રણામ કર્યો અને મુનિને પછીથી કર્યો. આગલા ભવમાં પોતે બોકડો હતો અને ચારૂદત્તે નમસ્કાર મંત્ર આપ્યો તેથી પોતે દેવ થયો અને તેથી પ્રથમ પોતાના ધર્માચાર્ય ચારૂદત્તને નમસ્કાર કર્યો. આ પ્રમાણે દેવે કહ્યું. ત્યારે તે બંને વિદ્યાધરોએ કહ્યું કે અમારા પિતાને પ્રાણ આપનાર હોવાથી અમારા પણ તે ઉપકારી છે. ત્યાર પછી તે બે વિદ્યાધરોએ પણ ચારૂદત્તનો સત્કાર કર્યો. દેવ તેજ ક્ષણે ચારૂદત્તને ચમ્પાપુરીએ લઈ ગયો. પછી ઘણાં રત્નો તથા દ્રવ્ય વગેરે આપીને દેવ અદૃશ્ય થયો. ત્યાર પછી ચારૂદત્ત પોતાની સતી સ્ત્રી મિત્રવતીને તથા વસન્તસેનાને મળ્યો. એ પ્રમાણે છેવટે તે સુખી થયો. આ વાર્તાનો સાર એ છે કે ચારૂદત્તે દિશાઓમાં ગમન કરવાનો નિયમ કર્યો નહોતો તેથી તે જુદી જુદી દિશાઓમાં રખડયો અને અનેક પ્રકારે દુઃખી થયો. એમ સમજીને ભવ્ય જીવોએ આ દિગ્વિરમણ નામનું વ્રત જરૂર ગ્રહણ કરવું જોઇએ.

॥ ઈતિ ચારૂદત્ત કથા ॥

**અવતરણઃ**–ચાલુ બાબતમાં વિશેષ ઉપદેશ આપે છેઃ–

॥ शिखरिणीवृत्तम् ॥

४ ३ ६ ५ २ १
न गम्यं नागम्यं क्वचिदकृतदिग्यानविरतेः,
१० ७ १३ ८ ९ ११ १२
कथं वा स्याद्विश्वे सततगतिरेकत्र वसतिः ।
१७ १८ १४
द्वितीयद्वीपान्तर्भरतगतमाक्रान्तजलधि–
२२ २० १६ १५ १९ २१
न किं द्रौपद्यर्थे हरिरमरकङ्कापुरमगात् ॥ ४२ ॥

દિશિગમનનું માન જેણે ના કર્યું સઘલા સ્થલે,
તેને જવાની છુટ જવું ક્યાં ના જવું ક્યાં ભૂતલે;
એવું ગણે ના વાયુ અથવા એક સ્થલમાં શું રહે,
અમરકંકા કૃષ્ણ જઈને દ્રૌપદી શું ના લહે? ૧

કૃષ્ણ સુસ્થિત સાધતા ને જલધિ પંથે ચાલતા,
ધાતકી ખંડે ભરતમાં અમરકંકા પ્હોંચતા;
છઠ્ઠા વ્રતે સંતોષ લહીએ પાપ પુષ્કલ ટાલીએ,
શાંતિથી જિનધર્મ સાધી મુક્તિના સુખ પામીએ. ૨

શ્લોકાર્થઃ—દિગ્વિરમણ વ્રત નહિ અંગીકાર કરનાર જીવને કોઈ પણ સ્થાન જવા યોગ્ય અથવા નહિ જવા યોગ્ય નથી. અથવા વિશ્વને વિષે વાયુની એક સ્થાને ગતિ કેવી રીતે થાય? (દષ્ટાન્ત કહે છે) શું કૃષ્ણ વાસુદેવ દ્રૌપદીને

લાવવાને માટે સમુદ્ર ઓળંગીને બીજા ધાતકીખંડમાં આવેલા ભરતક્ષેત્રમાં અમરકંકા નગરીએ નથી ગયા? અથવા ગયા છે. ૪૩

**સ્પષ્ટાર્થ**:—જેણે આ દિગ્વિરમણ વ્રત અંગીકાર કર્યું નથી તેને કોઈ પણ સ્થાન જવા યોગ્ય અથવા નહિ જવા યોગ્ય એવું નથી એટલે જેણે દિશાઓમાં અમુક હદ સુધી જવું એવો નિયમ કર્યો નથી તે મનુષ્યને દરેક સ્થળમાં જવાની છુટ હોય છે. તે દરેક સ્થળમાં જાય છે માટે તેવા મનુષ્યને અમુક સ્થળ જ જવા યોગ્ય અને અમુક સ્થળ નહિ જવા યોગ્ય, એવું હોતું નથી અથવા સમસ્ત વિશ્વને વિષે ગતિ કરવાના સ્વભાવવાળો વાયુ શું એક સ્થળમાં નિવાસ કરીને રહે છે? અથવા રહેતો નથી. કહેવાનો ભાવાર્થ એ છે કે જેણે આ દિશાવિરમણ વ્રત અંગીકાર કર્યું નથી તે નિયત સ્થાનમાં જ રહે, એવો નિયમ રહેતો નથી. તે તો વાયુની જેમ મરજી પડે ત્યારે ગમે ત્યાં જાય છે. તેથી તે ત્યાં જાય અથવા ન જાય તો પણ તેણે દિગ્વિરમણ વ્રત નહિ ગ્રહણ કરેલ હોવાથી તેને તે સ્થળની અવિરતિનો દોષ લાગે છે. અહીં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે દ્રૌપદીને લેવાને માટે શ્રી કૃષ્ણ વાસુદેવ લવણ સમુદ્રને ઓળંગીને બીજા ધાતકી ખંડ નામના દ્વીપમાં આવેલા ભરતક્ષેત્રમાં અમરકંકા નામની નગરીમાં નહોતા ગયા? અથવા ગયા હતા. ૪૩

શ્રીકૃષ્ણ વાસુદેવની કથા આ પ્રમાણે:—

હસ્તિનાગપુર નામના નગરમાં પાંચ પાંડવો રાજ્ય

કરતા હતા. તેમને દ્રૌપદી નામે પ્રિયા હતી. એક વાર ભમતા ભમતા નારદ દ્રૌપદીના મ્હેલમાં આવ્યા ત્યારે અવિરતિ હોવાથી દ્રૌપદીએ તેમને વંદન કર્યું નહિ. તેથી કોપેલા નારદ આ દ્રૌપદીને દુઃખી કરવાને માટે વિચાર કરીને ત્યાંથી ચાલ્યા ગયા. આ ભરતમાં તે વખતે કૃષ્ણ વાસુદેવ દ્વારકા નગરીમાં રહીને રાજ્ય કરતા હતા. તેમને અને પાંડવોને મિત્રતા હતી તેથી વાસુદેવના ભયથી નારદ અહીં દ્રૌપદીને કાંઈ કરી શકતા ન્હોતા. તેથી તે ભમતા ભમતા ધાતકી ખંડના ભરતક્ષેત્રમાં ગયા. ત્યાંની ચમ્પા નગરીમાં કપિલ નામના વાસુદેવનો સેવક અને સ્ત્રીનો લોલુપી અમરકંકા નગરીનો સ્વામી પદ્મ રાજા હતો તેની પાસે ગયા. તેણે તેમનો આદર સત્કાર કર્યો. રાજા નારદને પોતાના અન્તઃપુરમાં લઈ ગયો. અને નારદને પોતાની સ્ત્રીઓ દેખાડીને કહેવા લાગ્યો કે આવી સ્ત્રીઓ તમે કોઈ ઠેકાણે જોઈ છે? નારદે "આનાથી મારૂં કાર્ય સિદ્ધ થશે" એવું વિચારીને કહ્યું કે હે રાજા આવી સ્ત્રીઓ જોઈને કૂપમંડૂકની જેમ તું કેમ રાજી થાય છે? જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં હસ્તિનાગપુરમાં પાંડવોની પ્રિયા દ્રૌપદીની આગળ આ સઘળીએ સ્ત્રીઓ દાસી જેવી છે. એવું કહીને નારદ મુનિ આકાશ માર્ગે ઉડીને અન્ય સ્થળે ગયા.

નારદના વચનથી દ્રૌપદી ઉપર રાગવાળા થએલા પદ્મ રાજાએ પાતાલવાસી દેવને તપ વડે આરાધ્યો. તેણે શું કામ છે? એમ પૂછ્યું ત્યારે પદ્મ રાજાએ કહ્યું કે હે મિત્ર! દ્રૌપદીને અહીં લાવો. તેણે કહ્યું કે દ્રૌપદી પાંડવો સિવાય અન્યને ઈચ્છતી નથી. પરંતુ તારા આગ્રહથી હું લાવું છું. એમ કહી તે હસ્તીનાગપુર ગયો અને રાત્રીએ ઉંઘતી

દ્રૌપદીને અવસ્વાપિની નિદ્રા આપીને પદ્મ રાજાની પાસે લાવીને મૂકી. જાગેલી દ્રૌપદી આ તે સ્વપ્ન છે કે ઈન્દ્રજાળ છે? એમ વિચારે છે તેટલામાં પદ્મ રાજાએ કહ્યું કે તું ભય પામીશ નહિ, કારણ કે તારા ઉપર રાગવાળા મેં જ તને અહીં દેવની મારફત બોલાવી છે માટે તું મારી સાથે ભોગ ભોગવ. હું આ ધાતકી ખંડમાં અમરકંકા નગરીનો રાજા છું. દ્રૌપદીએ કહ્યું કે જો એક મહિના સુધીમાં મારૂં કોઈ અહીં આવશે નહિ તો તમારૂં કહ્યું કરીશ.

પદ્મ રાજાએ તે વાત કબૂલ રાખી. કારણ કે જંબૂદ્વીપથી અહીં કોઈ આવી શકવાનું નથી એવી તેને ખાતરી હતી. દ્રૌપદીએ મહિના પછી પણ પાંડવો વિના હું ખાઈશ નહિ એવો અભિગ્રહ લીધો.

આ તરફ સવારે પાંડવો જાગ્યા ત્યારે તેમણે દ્રૌપદીને ઘરમાં જોઈ નહિ. તેથી તેઓએ સઘળે સ્થલે તપાસ કરી, પરંતુ તેઓએ કોઇ સ્થળે દ્રૌપદીની વાર્તા (પત્તો) પણ જાણી નહિ. ત્યારે કુંતીએ કૃષ્ણને પૂછયું. તે પણ ક્યાં તપાસ કરવી? તેનો વિચાર કરે છે તેવામાં નારદ આવ્યા. તેમણે કહ્યું કે ધાતકી ખંડમાં અમરકંકા નગરીમાં પદ્મ રાજાને ત્યાં મેં દ્રૌપદી જોઈ છે એમ કહી કલિપ્રિય નારદ બીજે સ્થળે ગયા. આ વાત કૃષ્ણે પાંડવોને જણાવીને કહ્યું કે તમે ખેદ કરો નહિ. હમણાંજ હું તેને પાછી લાવું છું.

ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ પાંડવો અને મોટા સૈન્ય સાથે સમુદ્રકાંઠે માગધ તીર્થ નજીક આવ્યા. અને ત્યાં રહીને

સુસ્થિત દેવની આરાધના કરી. તે પણ પ્રગટ થયો અને શું કામ કરૂં ? એમ પૂછયું. ત્યારે કૃષ્ણે કહ્યું કે ધાતકી ખંડ દ્વીપમાં પદ્મ નામે રાજા સૂતેલી દ્રૌપદીનું હરણ કરી ગયો છે માટે તેને પાછી લવાય તેમ કરો. ત્યારે દેવે કહ્યું કે જો તમે કહો તો પદ્મ રાજાને પરિવાર સાથે સમુદ્રમાં નાખીને દ્રૌપદીને અહીં લાવું. ત્યારે કૃષ્ણે કહ્યું કે આમ કરવાની જરૂર નથી. મને અને પાંચ પાંડવોને આ સમુદ્રમાંથી પેલે પાર જવાનો માર્ગ કરી આપો. જેથી અમે ત્યાં જઈને તે પાપીને જીતીને દ્રૌપદીને પાછી લાવીએ. દેવે પણ તેમ કર્યું. તેથી કૃષ્ણ અને પાંડવો સ્થળની જેમ રથ વડે સમુદ્ર ઓળંગીને અમરકંકા નગરીમાં ગયા. પછી કૃષ્ણે દારૂક નામના દૂતને દ્રૌપદીને પાછી સોંપવાનું કહેવાને પદ્મ રાજા પાસે મોકલ્યો. પણ તેણે માન્યું નહિ. પછી તેઓની વચ્ચે યુદ્ધ થયું. શરૂઆતમાં તે પદ્મ રાજાએ પાંચે પાંડવોને જીત્યા. ત્યારે કૃષ્ણે શંખનાદથી તેના સૈન્યને ભગાડયું અને તે નાસીને પોતાના નગરમાં ભરાઈ ગયો. ત્યારે કૃષ્ણે ક્રોધથી નરસિંહનું રૂપ કર્યું અને પૃથ્વીને એવી કમ્પાયમાન કરી કે પદ્મ રાજાએ દ્રૌપદીનું શરણ અંગીકાર કર્યું. ત્યારે તેણીએ કહ્યું કે જો તું સ્ત્રીનો વેષ પહેરી મને આગળ કરીને કૃષ્ણનું શરણ અંગીકાર કરે તો તું જીવીશ. તેણે પણ તેમ કરી કૃષ્ણને પ્રણામ કર્યો, અને દ્રૌપદી પાંડવોને સોંપી. દ્રૌપદીને લઈને જતી વખતે કૃષ્ણે શંખનાદ કર્યો તે શંખનાદ સુવ્રત તીર્થંકરની આગળ બેઠેલા કપિલ વાસુદેવે સાંભળ્યો. તેથી આ કોનો શંખનાદ છે ? એમ જિનેશ્વરને પૂછયું. ત્યારે જિનેશ્વરે કહ્યું કે જંબૂદ્વીપના ભરતક્ષેત્રના કૃષ્ણ વાસુદેવનો આ શંખ-

નાદ છે, પછી તેણે કૃષ્ણ વાસુદેવને મળવાની ઇચ્છા જણાવી ત્યારે ભગવંતે કહ્યું કે બે વાસુદેવ, બે તીર્થંકર, તેમજ બે ચક્રીઓ, કોઈ વખત ભેગા થતા નથી. તે છતાં પણ તે સમુદ્ર કાંઠે આવ્યો અને સમુદ્રમાંથી જતો તેમનો રથ જોયો. તેણે શંખનાદ કરીને તેમને પાછા વળવાનું જણાવ્યું કૃષ્ણે પણ અમે બહુ દૂર ગયા છીએ માટે આવીશું નહિ એમ શંખનાદમાં જણાવ્યું. તેથી તે પાછો ગયો અને પદ્મ રાજાને ક્રોધથી ગાદી ઉપરથી ઉઠાડી મૂકીને તેના પુત્રને ગાદીએ બેસાડ્યો. કૃષ્ણ અને પાંડવો દ્રૌપદી સાથે ભરતક્ષેત્રમાં સુખે પાછા આવ્યા. આ પ્રમાણે દિશામાં જવાનું પરિમાણ નહિ કરનારાઓને થતા ગેરલાભ—હિંસાદિ દોષ જાણીને સમજુ પુરૂષોએ દિશાગમનનું માપ કરવું જોઇએ.

**અવતરણ:**—એ પ્રમાણે ૨૦ મું દિગ્વિરતિ દ્વાર જણાવીને હવે ૨૧ મું સાતમા ભોગોપભોગ વ્રતનું સ્વરૂપ જણાવે છે:—

( वसंततिलकावृत्तम् )

१ २ ४ ३ १
भोगोपभोगनियमोऽपि शिवाय चेन्न,
९ ६ ७ ८ ५
स्याद्वङ्कचूल इव देवपदप्रदस्तु ।
१३ १२ ११ १०
प्रीणाति चातकमनन्यरतं पयोद-
१५ १६ १४
श्चूताशनैकरसमन्यभृतं वसन्तः ॥ ४४ ॥

ભોગને ઉપભોગનો પણ નિયમ નિશ્ચલ ધર્મિને,
મુક્તિ આપે તિમ કદાચ અને ન તો ઘે સ્વર્ગને;
વંકચૂલ આ નિયમથી પામ્યો અમરની ઋદ્ધિને,
મેઘ ખૂશ કરે અપર જલ ત્યાગી ચાતક પક્ષીને. ૧

આમ્ર કેરા મોરને ખાનાર કોયલને વળી,
રાજી કરેજ વસંત ઋતુ તિમ આ નિયમ શિવને વળી,
સ્વર્ગને વ્રત સાતમું નીરોગતાદિક પણ દીએ,
કર્મ નિર્જરણા કરાવણહાર વ્રત આ પાલીએ ૨

શ્લોકાર્થઃ—ભોગોપભોગનો નિયમ જો મોક્ષને માટે ન થાય તો પણ વંકચૂકની જેમ દેવતાની પદવી આપનારો તો થાય છેજ. (દૃષ્ટાન્ત આપે છે કે) બીજા કોઈ ઉપર જેની પ્રીતિ નથી એવા ચાતક પક્ષીને મેઘ સંતોષ આપે છે. અને આમ્રફળ ખાવામાં પ્રીતિવાળી કોયલને વસન્ત ઋતુ સંતોષ આપે છે. ૪૪.

સ્પષ્ટાર્થઃ—હવે સાતમા ભોગોપભોગ વ્રતનું વર્ણન કરે છે. તેમાં જે પદાર્થ એક વખત વપરાય અથવા એકજ વાર ઉપયોગમાં આવે એવા અન્ન, પુષ્પની માળા વગેરે ભોગ કહેવાય છે, અને જે વારંવાર ભોગવી શકાય અથવા વારંવાર ઉપયોગમાં આવે એવા વસ્ત્ર આભૂષણ વગેરે ઉપભોગ કહેવાય છે. આ ભોગ અને ઉપભોગની વસ્તુઓનો નિયમ કરવો તે ભોગોપભોગ વ્રત કહેવાય છે. આ વ્રતથી કદાચ મોક્ષ ન મળે તો પણ વંકચૂલની જેમ દેવની પદવી અથવા

દેવગતિને આપનાર તો થાય જ છે. અથવા આ વ્રતનું યથાર્થ પાલન કરનારને દેવનો ભવ તો અવશ્ય મળે છે જ. આ બાબતમાં દૃષ્ટાન્ત આપે છે કે ચાતક પક્ષી જે મેઘના પાણી સિવાય બીજા કોઈ પાણીની ઈચ્છા કરતું નથી, કારણ કે તેના ગળે કાણું હોવાથી મેઘના પાણી સિવાયનું પાણી તે જ્યાંથી પીએ તે કાણેથી નીકળી જાય છે. આવા ચાતક પક્ષીને મેઘ સંતોષ આપે છે જ. બીજું દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે આમ્રફળ એટલે કેરી ખાવામાં ઘણી પ્રીતિવાળા કોયલ પક્ષીને વસન્ત ઋતુ સંતોષ પમાડે છે તેમ આ વ્રત પાળનારને પણ દેવગતિ તો મળે છે જ.

વંકચૂલનું દૃષ્ટાન્ત આ પ્રમાણે:—

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં જિતશત્રુ નામે રાજા હતો. તે રાજાને દોષની ખાણ સમાન વંકચૂલ નામે પુત્ર હતો. વ્યસનમાં આસક્ત થએલા વંકચૂલને રાજાએ નગરમાંથી કાઢી મૂક્યો. આમ તેમ રખડતો તે વિન્ધ્યપલ્લીમાં ગયો અને પલ્લીપતિએ તેને પોતાનો પુત્ર કરીને રાખ્યો. તે પલ્લીપતિ મરણ પામ્યો ત્યારે પલ્લીના લોકોએ તેને પલ્લીપતિ બનાવ્યો.

એકવાર વિહાર કરતા ધર્મઘોષ નામે સૂરિ તે પલ્લી પાસે આવ્યા. ત્યાં ગુરૂએ મેઘની ગર્જના સરખી વાણીથી ધર્મનો ઉપદેશ આપ્યો. તેવામાં ઘણો વરસાદ વરસ્યો ને વર્ષાઋતુ બેઠી. તેથી ગુરૂએ સાધુઓને કહ્યું કે જંતુવાળી પૃથ્વી ઉપર વિહાર થઈ શકશે નહિ. માટે પલ્લીમાં જઇને લોકોની પાસે રહેવા માટે કોઈ ઉપાશ્રય માગો કારણ કે

હવે વર્ષાઋતુ પુરી થશે ત્યારે વિહાર થઈ શકશે. સાધુઓ પલ્લીમાં ગયા અને સભામાં બેઠેલા વંકચૂલ પાસે ચોમાસા માટે ઉપાશ્રયની માગણી કરી. ત્યારે વંકચૂલે કહ્યું કે અમે તો પ્રાયે પાપવૃત્તિથી જીવનારા છીએ, માટે ધર્મીઓની સાથે રહેવું અમને ઘટતું નથી. માટે જો તમારાથી બીજે ચોમાસું રહી શકાય તેમ ન હોય તો અહીં ઉપાશ્રયમાં ચોમાસું સુખે રહો. સાધુઓએ તે વાત કબુલ કરી ને સૂરિને જણાવી. આચાર્ય પણ સાધુઓ સાથે આવીને ત્યાં ચોમસું રહ્યા.

ચોમાસું પુરૂ થયે ગુરૂએ વિહાર કર્યો. તે વખતે વંકચૂલ ગુરૂની પાછળ કેટલેક સુધી ગયો. અને ગુરૂને નમીને કહ્યું કે તમારા સરખા ગુરૂ મળ્યા તો પણ મહાપાપી હું જીવદયાદિક પાળી શકું તેમ નથી. તો પણ મને કાંઈક નિયમ આપો જેથી કાંઈક પુણ્યશાળી થાઉં. ત્યારે ગુરૂએ કહ્યું કે અજાણ્યું ફળ ખાવું નહિ, કોઇ ઉપર પ્રહાર કરતાં પહેલાં સાડાત્રણ પગલાં પાછા ફરવું, રાજાની પત્નીનો સંગ કરવો નહિ અને ઓસડમાં પણ કાગડાનું માંસ ખાવું નહિ. એ પ્રમાણે ગુરૂએ ચાર નિયમો આપ્યા તે લઈને પોતાને સ્થાને આવ્યો અને ગુરૂ વિહાર કરી ગયા.

એક વખત વંકચૂલ પરિવાર સાથે કોઈ વનમાં ગયો હતો તે વખતે ભૂખ્યો થયો. સેવકોએ પાકેલાં કિંપાક ફલો વનમાંથી લાવીને આપ્યાં. વંકચૂલે તેમને પૂછયું કે આ ફલનું શું નામ છે ત્યારે તેઓએ કહ્યું કે અમે તેનું નામ જાણતા નથી. સારાં પાકેલાં જણાય છે માટે લાવ્યા છીએ.

વંકચૂલે કહ્યું કે અજાણ્યા ફૂલ ખાવાનો મારે નિયમ છે માટે તમે તે ખાઓ. તેઓએ તે ખાધા અને તેથી થોડી જ વારમાં મરણ પામ્યા. તે જોઇને વંકચૂલે વિચાર્યું કે જો મને ગુરૂએ અજાણ્યાં ફળ ન ખાવાનો નિયમ આપ્યો ન હોત તો આજે મારૂં પણ મરણ થયું હોત. આ એક જ અભિગ્રહ મેં પાળ્યો તો મને પ્રાણ આપનારો થયો તો ઘણાં અભિગ્રહ પાળવાનું તો કેટલું ફળ મળે ?

ત્યાર પછી વંકચૂલ રાત્રીએ પોતાના ઘેર પહોંચ્યો. તે વખતે પોતાની પ્રિયા સાથે સૂતેલા કોઇક મનુષ્યને જોઇને કોપીને તેણે તરવાર ખેંચી. પરંતુ નિયમ સાંભળવાથી તે પાછા પગલાં ભરતો હતો તેવામાં ખાટલા સાથે તરવાર અથડાવાથી પુરૂષ વેષધારી તેની બેન જાગી ને ઉઠી. અને હે વંકચૂલ! તું લાંબું આયુષ્ય ભોગવ એમ આશીષ આપવા લાગી. બેનને જોઇને વંકચૂલે વિચાર્યું કે ગુરૂએ મને આ નિયમ ન આપ્યો હોત તો આજે બેનના ઘાતથી કેટલો પશ્ચાત્તાપ થાત. ત્યાર પછી તેણે બેનને તેનું સ્વરૂપ પૂછ્યું, ત્યારે બેને કહ્યું કે નટના છલથી કેટલાક ચર પુરૂષો અહીં આવવાના છે એવું મેં જાણ્યું. પલ્લી નાથ રહિત છે એવું જો તેઓ જાણે તો તેઓ તેમના રાજાને આ વાત જણાવે તેથી તે આવીને પલ્લીનો ભંગ કરે માટે તારો વેષ લઇને મેં તેમને નાટક કરાવ્યું અને ઉચિત દાન આપીને વિદાય કર્યાં. રાત્રી ઘણી જવાથી અને ઉંઘ આવતી હોવાથી તારી પ્રિયા ભેગી તેવા જ વેષમાં સૂઈ રહી આ પ્રમાણે નિયમનો પ્રભાવ જાણીને નિયમ પાલનમાં તે વંકચૂલ વધારે આદર-વાળો થયો.

એક વાર વંકચૂલ ચોરી કરવાને કોઈક રાજાના મહેલમાં પેઠો. અડધી રાત્રીએ જાગતી પટરાણી કામદેવ સરખા રૂપવાળા તેને જોઈને મોહિત થઈ, તેથી રાજા પાસેથી ઉઠીને તેની પાસે જઈને કહ્યું કે સુંદર રૂપવાળો તું કોણ છું? તેણે કહ્યું કે હું ચોર છું. ત્યારે રાણીએ કહ્યું કે આવા સુંદર રૂપવાળો છતાં ચોરી શું કામ કરે છે? મારૂં કહેવું અંગીકાર કરીને સુખી થા. જો તું મને તારી પ્રિયા બનાવે તો આ રાજાને મારીને હું તને રાજ્ય પણ આપીશ. રાણીનાં આવાં વચન સાંભળીને દૃઢ વ્રતવાળા વંકચૂલે કહ્યું કે અનર્થના મૂલ એવા રાજ્ય અને તારાથી સર્યું. કારણ કે આ ભવમાં અપકીર્તિ થાય ને પરભવમાં દુર્ગતિ થાય. ચોરનાં આવાં વચન સાંભળીને રાણીએ કહ્યું કે જો તું મારૂં કહ્યું નહિ માને તો હું વિષવલ્લીની જેમ તારા પ્રાણને હરણ કરનારી થઈશ. આ પ્રમાણે ભય પમાડ્યા છતાં પણ વંકચૂલ કબૂલ ન થયો ત્યારે રાણીએ ચોર ચોર એવો પોકાર કર્યો.

રાજા જાગતો જ હતો પરંતુ કપટથી સૂઇ રહ્યો હતો. તેણે આ બધી વાતચીત સાંભળી હતી. તેણે વિચાર્યું કે નારીને નીચગમના અને ચપલા કહી છે તે બરાબર છે, કારણ કે સ્નેહવાળા, વિશ્વાસુ સૂતેલા એવા મને તજીને અન્ય પતિની ઇચ્છા કરે છે અને મને મારી નાખવાની ઇચ્છા કરે છે. તેમજ આ પુરૂષને ધન્ય છે કે જે રાજ્ય અને રાણી બંને મળવા છતાં પણ દૃઢવ્રતવાળો છે. હવે શું થાય છે એવા વિચારથી રાજા તે વખતે જાગતો સૂઈ રહ્યો.

હવે રાણીનો પોકાર સાંભળીને કોટવાળો આવી પહોં-

ચા. તેમણે વંકચૂલને બાંધ્યો અને સવારે રાજાની આગળ હાજર કર્યો. તેણે વંકચૂલને જોઇને કાંઇક હસીને બંધન છુટા કરીને સ્ત્રીની બધી કથા પૂછી. પરંતુ નીચા મુખવાળા તેણે કાંઇ કહ્યું નહિ, ત્યારે રાજાએ કહ્યું કે હું સર્વ હકીકત જાણું છું તે છતાં પણ તું તારા મુખે કહે. ત્યારે વંકચૂલે કહ્યું કે જો તમો રાણીને અભય આપો તો કહું. રાજાએ રાણીને અભય આપ્યું ત્યારે ચોરે પોતાનો સઘળો વૃત્તાંત કહ્યો. તેથી પ્રસન્ન થએલા રાજાએ તેનું પુત્રની જેમ બહુ માન કર્યું. રાજાએ તેને પોતાનું અર્ધ રાજ્ય આપ્યું અને પોતાની કન્યાઓ પરણાવી. અને તેની મરજી નહોતી તોપણ યુવરાજ પદે સ્થાપ્યો.

ત્યાર પછી રાજાને અત્યંત વ્હાલો તે વિચારવા લાગ્યો કે મને મારા અભિગ્રહો મહા ફલવાળા થયા. પરલોકમાં આનું શું ફળ મળશે તે તો ગુરૂ જાણે. આ પ્રમાણે ધર્મની શ્રદ્ધાવાળા તેનો કેટલોક કાળ ગયો. હવે વાયુ વગેરેથી તેના શરીરમાં રોગો વધવા લાગ્યા. ઘણી જાતની દવાઓ કરવા છતાં પણ જરાએ શાંત થયા નહિ. રાજાએ વૈદ્યોને પૂછયું, ત્યારે તેઓએ કહ્યું કે જો વંકચૂલ કાગડાનું માંસ ખાય તો તેનો રોગ મટશે. ત્યારે રાજાએ પોતે વંકચૂલને કહ્યું કે જો તું કાગડાનું માંસ ખાય તો રોગ મટે. વંકચૂલે કહ્યું કે મારે કાગડાનું માંસ નહિ ખાવાનો નિયમ છે, તે મહાફલદાયી નિયમ હું કેવી રીતે ભાગું. ત્યારે રાજાએ કહ્યું કે હે વત્સ! હમણાં કાગડાનું માંસ ખાઈને રોગ રહિત થઇને પછીથી તેની આલોચના લઇને મોટું પુણ્ય કરાશે.

ત્યારે તેણે કહ્યું કે આ પ્રાણો તો વહેલા કે મોડા જવાના તો છે જ તો તેવા પ્રાણને માટે કયો સુજ્ઞ પુરૂષ વ્રતભંગ કરે ? માટે પારકાના પ્રાણનો વિનાશ કરીને મારા પ્રાણનું હું કેવી રીતે રક્ષણ કરૂં ? પાપથી વ્યાધિ થાય છે અને તેનું ઔષધ પુણ્ય છે. તો કાગડાનું માંસ એ તેનું ઓસડ કેવી રીતે થાય ? માટે મારી પાસે ફોગટ વ્રત ભંગ કરાવો નહિ.

આવાં વંકચૂલના વચન સાંભળીને તેના સેવકોએ રાજાને કહ્યું કે નજીકના ગામમાં રહેતા તેના મિત્રને બોલાવો તો તેના કહેવાથી તે કાગડાનું માંસ ખાશે. ત્યારે રાજાએ તેના મિત્રને બોલાવ્યો. તે મિત્ર પોતાના ગામથી આવતો હતો ત્યારે માર્ગમાં તેને પતિ પુત્ર રહિત વિલાપ કરતી બે સ્ત્રીઓ મળી. તેમને મિત્રે દુઃખનું કારણ પૂછયું, ત્યારે તેઓએ કહ્યું કે અમે ચ્યવેલા પતિવાળી સૌધર્મ દેવલોકની દેવીઓ છીએ. પોતાના ભાવી પતિ વંકચૂલને જોવાને અહીં આવી હતી. પરંતુ તે તો તમારા વચનથી વ્રતનો ભંગ કરીને દુર્ગતિ પામશે તેથી અમે બે રૂદન કરીએ છીએ. ત્યારે મિત્રે કહ્યું કે તમે ખેદ કરો નહિ. કારણ કે હું તેને વ્રતભંગ કરા-વીશ નહિ.

ત્યાર પછી તે મિત્ર વંકચૂલ પાસે આવ્યો અને તેને કહેવા લાગ્યો કે રાજા મારી મારફત કહેવરાવે છે કે તારે રોગના નાશ માટે કાગડાનું માંસ ખાવું. ત્યારે વંકચૂલે મિત્રને કહ્યું કે હે મિત્ર તારે મને એ પ્રમાણે આદેશ કરવો નહિ. પરંતુ રાજાને સમજાવવો કે જેથી તે મને ધર્મ રૂપી ઔષધ કરાવે પરંતુ વ્રતભંગ કરાવે નહિ. તેથી મિત્રે રાજાને

સમજાવ્યો. અને તેથી બોધ પામેલા રાજાએ તેને પર્યન્ત આરાધના કરાવી. મિત્ર પાસેથી અનશન ગ્રહણ કરી દૃઢ-વ્રતવાળો વંકચૂલ સમાધિ પૂર્વક મરીને સ્વર્ગમાં મહર્ધિક દેવ થયો. વંકચૂલના મરણથી શોકાતુર થએલા રાજાને બોધ પમાડીને ઘેર જતા મિત્રે તે બંને સ્ત્રીઓને વિલાપ કરતી જોઈને કારણ પૂછયું. ત્યારે તે બંનેએ કહ્યું કે તમે તમારા મિત્રને એવી રીતે આરાધના કરાવી કે તે અમને મૂકીને આઠમા દેવલોકે ચાલ્યો ગયો. આ પ્રમાણે સાંભળીને તે દૃઢધર્મ નામનો મિત્ર હર્ષિત થઈને તેમને બંનેને બોધ પમાડીને દેવલોકમાં મોકલીને પોતાને ઘેર ગયો અને ધર્મમાં વધારે દૃઢ થયો. આ પ્રમાણે હે ભવ્ય જીવો! વંકચૂલનું દૃષ્ટાન્ત સાંભળીને સ્વર્ગ અને મોક્ષને આપનાર ભોગોપભોગનો નિયમ કરી જરૂર આત્મકલ્યાણ સાધજો.

॥ ઇતિ વંકચૂલ કથા ॥

અવતરણ:—આ ભોગોપભોગ વ્રતમાં જ વિશેષ ઉપદેશ કહે છે:—

॥ वसंततिलकावृत्तम् ॥

१ ३ ६ ५<br>
भोगादिलोलुपतया लघुता न शर्म,<br>
२ ४<br>
श्रीब्रह्मदत्तसखिविप्रकुटुम्बवत् स्यात् ।<br>
७ १० ९ ८<br>
पीताधिकेन्दुरुचिरुज्झति सीम सिन्धुः,<br>
१३ १२ ११ १४<br>
शक्रोऽपि गौतमकलत्ररतश्च शप्तः ॥ ४५ ॥

**ભોગાદિની આસક્તિથી હલકાઈ હોવે સુખ નહી,**
**બ્રહ્મદત્તના મિત્ર કેરા કુટુંબને તેવું સહી;**
**શશિકલાના અધિક પાને સિંધુ મર્યાદા તજે,**
**ગૌતમ ઋષિનો શ્રાપ પામે ઇંદ્ર તસ નારી ભજે. ૧**

શ્લોકાર્થ:—ભોગાદિકની લોલુપતાને લીધે શ્રીબ્રહ્મદત્તના મિત્ર બ્રાહ્મણના કુટુંબની પેઠે (માણસને) લઘુતાની પ્રાપ્તિ થાય છે, પરંતુ સુખ મળતું નથી. (દૃષ્ટાન્ત કહે છે.) ચંદ્રકલાનું અધિક પાન કરનાર સમુદ્ર મર્યાદાનો ત્યાગ કરે છે અને ગૌતમઋષિની સ્ત્રીને વિષે આસક્ત થનાર ઇન્દ્ર પણ ગૌતમ ઋષિના શ્રાપને પામ્યા છે. ૪૫

સ્પષ્ટાર્થ:—ભોગાદિક એટલે ભોગ તથા ઉપભોગનો નિયમ નહિ કરનાર મનુષ્ય બ્રહ્મદત્ત નામના બારમા ચક્રવર્તીના બ્રાહ્મણ મિત્રના કુટુંબની જેમ લોકોમાં લઘુતા એટલે હલકાઈ પામે છે પરંતુ તેમને સુખ મળતું નથી. આ બ્રહ્મદત્તના બ્રાહ્મણ મિત્રની કથા આગળ આવતી બ્રહ્મદત્તની કથામાં કહેવામાં આવશે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં કહે છે કે ચંદ્રકલાનું અધિક પાન કરનાર સમુદ્ર મર્યાદાને ઓળંગે છે. કારણ કે સુદી પૂર્ણિમાને દીવસે ચંદ્ર સંપૂર્ણ કલાવાન હોય છે અને તેજ દિવસે સમુદ્રમાં ભરતી આવે છે. માટે કવિશ્રી કહે છે કે ચંદ્રકલાનો અધિક ઉપભોગ કરનાર સમુદ્ર પોતાની મર્યાદાને ઓળંગે છે. માટે અધિક ઉપભોગ જ મર્યાદાનું ઉલ્લંઘન કરાવે છે. વળી ભોગને વિષે લોલુપતા રાખનાર અને તેથી ગૌતમ ઋષિની સ્ત્રીને વિષે આસક્ત થનાર ઇન્દ્રને

પણ ગૌતમ ઋષિએ શાપ આપ્યો. માટે પોતાનું હિત ઇચ્છનારે ભોગોપભોગને વિષે નિયમ અવશ્ય કરવો જોઈએ ૪૫.

ઇન્દ્રસમ્બન્ધી કથાનક આ પ્રમાણેઃ—

એક વાર ઇન્દ્રે યથેચ્છાએ ફરતાં ફરતાં ગૌતમ ઋષિની પત્ની અહલ્યાને જોઈ. સર્વ અંગોએ સુંદર એવી તે અહલ્યાને જોઇને ઇન્દ્ર કામાતુર થયો. તે વખતે ગૌતમ ઋષિ બહાર ગએલ હતા. તેણીના સર્વ અવયવોનું અવલોકન કરતા કામથી પીડાએલા ઇન્દ્રે તેણીની પાસે ભોગની માગણી કરી. તેણીની મરજી ન્હોતી તે છતાં તે તેણીને ભોગવવા લાગ્યો. કારણ કે કામાતુર પુરૂષોમાં વિવેક હોતો નથી. તેવામાં ગૌતમ ઋષિ બહારથી આવ્યા. અને ઇન્દ્રની તે કુચેષ્ટા જોઇને ઋષિએ કોપાયમાન થઇને ઇન્દ્રને શ્રાપ આપ્યો કે તું એક હજાર યોનિવાળો થા. અને ઋષિના શ્રાપથી ઇન્દ્ર પણ એક હજાર ભગ (યોનિ)વાળો થયો. આ જોઇને બીજા વિનયવાળા દેવોએ ઋષિની આગળ પ્રાર્થના કરી. તેથી ઋષિએ સહસ્ર લોચનવાળો તેને બનાવ્યો. આ પ્રમાણે ઇન્દ્ર જેવાને પણ ભોગમાં લપટાવાથી મોટી આપત્તિ આવી. એવું જાણીને સમજુ ધર્મી જીવોએ હંમેશાં ભોગોપભોગ વિરમણ વ્રત કરવું જોઇએ. જો કે આ લૌકિક દૃષ્ટાન્ત છે પરંતુ બોધદાયક હોવાથી મહર્ષિઓ પણ તેનો આદર કરે છે તેથી તે અહીંઆં આપ્યું છે.

॥ ઇતિ ઇન્દ્ર કથાનક ॥

**અવતરણ:**—એ પ્રમાણે ૨૧મું ભોગોપભોગોપદેશ નામનું દ્વાર કહીને હવે બાવીસમું અનર્થદંડ નામનું આઠમા વ્રતનું દ્વાર કહે છે:—

( वसंततिलकावृत्तम् )

४ ३ २ ५ १
नानर्थदण्डमघदं दधते महान्त,
७ ९ ६ ८
एकेषुमात्रविजयीव स चेटभूपः ।
१३ १४ ११ १२ १०
लोकस्य जाड्यहृतये तरणेः प्रभाऽह्नि
१८ १५ १७ १६ २० १९
तापच्छिदे च शशिनो निशि नो तदर्थैं ॥ ४६ ॥

મોટા જનો બહુ પાપ કેરો બંધ જાણી ન સેવતા,
નિત અનર્થક દંડ ચેડા ભૂપની જિમ છંડતા;
એક બાણજ ફેંકવું નિજ શત્રુ પર એ નિયમથી,
ભૂપ ચેટક એક બાણે વિજય પામે નિયમથી. ૧

સૂર્ય કેરૂં તેજ દિવસે લોકની ઠંડી હરે,
ચંદ્રકિરણો તાપ હરતા રાતમાં ન પીડા કરે;
આઠમું વ્રત પાલતા નિજ આતમા નિર્મલ બને,
દંડાય ના વિણ કારણે સાધો સદા વ્રત નિયમને. ૨

**શ્લોકાર્થ:**—મોટા પુરૂષો ફક્ત એક જ બાણથી વિજય મેળવનાર ચેટક રાજાની પેઠે પાપ આપનાર ( કરાવનાર ) અનર્થદંડને ધારણ કરતા ( સેવતા ) નથી. સૂર્યની પ્રભા

દિવસે લોકોની ટાઢ દૂર કરનારી થાય છે. અને ચંદ્રની પ્રભા રાત્રીએ લોકોના તાપને દૂર કરવા માટે થાય છે. પરંતુ તે બંને તેઓને (લોકોને) પીડા માટે (દુઃખ દેનારા) થતા નથી. ૪૬

સ્પષ્ટાર્થ:—હવે આઠમા અનર્થદંડ વિરમણ વ્રતનો ઉપદેશ આપે છે. અનર્થ એટલે પ્રયોજન વિના દંડ એટલે દંડાવું અથવા પીડાવું જે-ાથી થાય તે અનર્થદંડ કહેવાય. એટલે પ્રયોજન વિના પાપ બંધ થાય તેવા કાર્યો કરવાં તે અનર્થદંડ કહેવાય. આવા પાપને આપનાર અનર્થદંડને મહા પુરૂષો આચરતા નથી. અહીં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે માત્ર એક જ બાણુથી વિજય મેળવનાર ચેટક રાજાની પેઠે ભવ્ય જીવો અનર્થદંડથી થતા પાપથી દૂર રહે છે. ચેટક (ચેડા) રાજાને શત્રુ ઉપર એક જ બાણુ મૂકવું એવો નિયમ હતો અને તેથી શત્રુ રાજા એટલે તેમના પોતાના જ સગા કોણિક રાજા સાથે ભયંકર યુદ્ધ ચાલતું હતું ત્યારે પણુ તેમણે પોતાનો આ નિયમ જાળવ્યો હતો તેથી તેઓ નરકે ન જતાં સ્વર્ગે ગયા. (આ ચેટક રાજાની કથા આગળ કૂલવાલક સાધુની કથા વખતે કહેવાશે.) આજ હકીકત ઉદાહરણુ આપીને જણાવે છે કે સૂર્યની પ્રભા દિવસે લોકની ટાઢ હરનારી થાય છે પરંતુ તે લોકને પીડા કરનારી થતી નથી. તેવી જ રીતે રાત્રીએ ચંદ્રની પ્રભા તાપની શાન્તિ માટે થાય છે અથવા શીતળતા આપે છે પરંતુ લોકને પીડા માટે થતી નથી. ૪૬

અવતરણ:—હવે અનર્થદંડ વ્રતનું પાલન નહિ કરનાર કુગતિમાં જનારા થાય છે એ હકીકત જણાવે છે:—

॥ वसंततिलकावृत्तम् ॥

१ ८ ९ ७ १० ६
मूढो मुधैति कुगतिं धिगनर्थ दण्डा–
२ ५ ४ ३
च्चक्रित्वमिच्छुरिव भूभृदशोकचन्द्रः ।
१८ २० १९ २१ १३ ११
किं नाङ्गभङ्गमयते शरभोऽब्दशब्द–
१२ १६ १४ १७ १५
मभ्युत्पतन् परिणमंश्च गजोऽनुशैलम् ॥ ४७ ॥

ખેદની આ વાત જે જન મૂઢ અનર્થક દંડથી,
કુગતિ પામે જેમ કોણિક ચક્રિતા અભિમાનથી;
મેઘ શબ્દ સુણી શરભ ઉછળા શરીરના અંગને,
ભાંગતો દંતપ્રહારે પર્વતો પર કરી અને. ૧

શ્લોકાર્થ:—ખેદની વાત છે કે મૂર્ખ જન અનર્થદંડથી ચક્રવર્તીપણાને ઈચ્છનાર અશોકચન્દ્ર રાજાની જેમ ફોગટ ખરાબ ગતિમાં જાય છે. મેઘનો શબ્દ સાંભળીને (તેની સામે) ઉછળતો શરભ તથા પર્વત પ્રત્યે દંતનો પ્રહાર કરનાર હાથી શું શરીરના ભંગને પામતો નથી? અથવા પામે છે જ. ૪૭

સ્પષ્ટાર્થ:—કવિરાજ જણાવે છે કે કેટલાક મૂર્ખ મનુષ્ય અનર્થદંડથી ફોગટ ખરાબ ગતિમાં જાય છે તે ખેદની વાત છે. અથવા ફોગટ અનર્થદંડ આચરનાર મૂર્ખ જનોને

ધિક્કાર થાઓ. અહીં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે શ્રેણિક રાજાનો પુત્ર અશોકચન્દ્ર ( કોણિક રાજા ) કે જેણે ચક્રવર્તી થવાની ઇચ્છા કરી અને પ્રભુ શ્રીમહાવીર દેવે હવે આ ચોવીશીમાં કોઇ ચક્રવર્તી થનાર નથી એવું કહ્યા છતાં હું ચક્રવર્તી કેમ ન થઈ શકું એમ કહીને વગર કારણે લડાઇઓ કરી. છેવટે દેવતાએ તેને બાળી નાખ્યો અને મરીને નરકે ગયો. આવી રીતે ફોગટ અનર્થદંડ આચરીને મૂર્ખ જનો નરકે જાય છે તે ખેદની વાત છે. અહીં ઉદાહરણ આપતાં જણાવે છે કે શરભ અથવા અષ્ટાપદ ( એક જાતનું આઠ પગવાળું પશુ ) જે મેઘની ગર્જના સાંભળીને મેઘની સામે ઉછળે છે તો તે શું પોતાના શરીરને ભાગતું નથી ? અથવા મેઘની સામે ઉછળતા તે શરભના શરીરના હાથ વગેરે અંગોનો વિનાશ થાય છે. તેવી જ રીતે પર્વત ઉપર પોતાના દાંતના પ્રહાર કરતાં હાથી પણ પર્વતને કાંઈ નુકસાન કરી શકતો નથી પરંતુ ઉલટો તે પોતાના શરીરનો જ વિનાશ કરે છે, તેવી રીતે અનર્થદંડનું સેવન કરનાર જીવો ફોગટ પોતાની જ દુર્ગતિના કારણ થાય છે. માટે અનર્થદંડનો ત્યાગ કરવો જોઇએ.

અશોકચંદ્ર અથવા કૂણિકની કથા આ પ્રમાણે:--

ચંપા નગરીમાં શ્રેણિક રાજાનો પુત્ર અશોકચંદ્ર ( જેનું બીજું નામ કુણિક ) નામે રાજા રાજ્ય કરતો હતો. એક વાર ત્યાં શ્રીવીર પ્રભુ સમોસર્યા. તે વખતે કૂણિક રાજા તેમને વંદન કરવાને ગયો. પ્રભુને નમીને હાથ જોડીને તેણે પૂછ્યું કે હે ભગવન્ ! જે ચક્રવર્તીઓએ કામભોગોનો

ત્યાગ કર્યો નથી તેઓની શી ગતિ થાય છે? તે કહો ત્યારે સ્વામીએ કહ્યું કે તેઓ સાતમી નરકે જાય છે. ફરીથી કૂણિક રાજાએ પૂછયું કે મારી શી ગતિ થશે? ત્યારે પ્રભુએ કહ્યું કે તમે છઠ્ઠી નરકમાં જશો. ત્યારે કૂણિકે કહ્યું કે હું સાતમી નરકમાં કેમ નહિ જાઉં? ત્યારે પ્રભુએ કહ્યું કે તમે ચક્રવર્તી નથી. ચક્રવર્તી હોય તે સાતમી નરકે જાય. ત્યારે રાજાએ ફરીથી કહ્યું કે હું ચક્રવર્તી કેમ ન કહેવાઉં? મારી પાસે પણ ચક્રવર્તી જેવી ચતુરંગી સેના છે. ત્યારે પ્રભુએ કહ્યું કે ચક્રવર્તીની પાસે ચક્ર વગેરે ચૌદ રત્નો હોય છે તો એક પણ રત્ન વિના ચક્રવર્તીપણું ક્યાંથી હોય? આ સાંભળીને અભિમાનરૂપી પર્વત ઉપર ચડેલા કૂણિકે લોઢાના એકેન્દ્રિય રત્નો બનાવરાવ્યા. પદ્માવતીને સ્ત્રી રત્ન તથા હાથી વગેરેને હસ્તિ રત્ન તેણે કલ્પ્યા. ત્યાર પછી ઉદ્ધત એવો કોણિક રાજા ભરતખંડને જીતવા માટે નીકળ્યો. અને વરદામ વગેરે દેવોને જીતીને વૈતાઢ્ય પર્વતની તમિસ્રા ગુફા આગળ આવ્યો. અને ગુફાના દ્વારનાં કમાડોને તેણે દંડ વડે ત્રણ વખત ઠોકયાં. ત્યારે ગુફાના અધિષ્ઠાયક કૃતમાલ નામના દેવે કહ્યું કે મરવાની ઇચ્છાવાળો તું કોણ અહીં આવ્યો છે? ત્યારે તેણે કહ્યું કે હું અશોકચન્દ્ર નામે નવો ચક્રી ઉત્પન્ન થયો છું. ત્યારે દેવે કહ્યું કે બારે ચક્રવર્તીઓ આ પૃથ્વી ઉપર થઇ ગયા છે માટે અભિમાની એવો તું કોણ છે? ત્યારે કૂણિકે કહ્યું કે હું તેરમો ચક્રવર્તી મહાભાગ્યશાળી છું. ભાગ્યવાળાને દુર્લભ શું હોય? તું મારા બલને જાણતો નથી માટે ગુફાના દ્વાર ઉઘાડી નાખ, આ પ્રમાણે દુર્દૈવથી અસંબદ્ધ બોલતા તે

કૃતમાલદેવે ક્રોધથી કુણિકને બાળી નાખ્યો. તેથી તે મરીને છઠ્ઠી નરકે ગયો. પ્રભુનું વચન અન્યથા થાય નહિ. આ પ્રમાણે ફોગટનું મોટું પાપ કરીને તે દુર્ગતિમાં ગયો. માટે સમજુ ભવ્ય જીવોએ અનર્થદંડનો ત્યાગ કરવો જોઈયે.

॥ ઈતિ અશોકચંદ્ર (કુણિક) કથા ॥

અવતરણ:—એવી રીતે બાવીસમું અનર્થદંડનું દ્વાર કહીને હવે ત્રેવીસમું (નવમું) સામાયિકવ્રત જણાવે છે:—

(वसंततिलकावृत्तम्)

३ २ १ ६
सामायिकं समतयाऽरिसुहृत्सु सिद्धयै,
४ ५ ७
प्रद्योतमुक्तिकृदुदायनराजवत्स्यात् ॥
१२ १३ ११
सच्चन्दनांशुकमिवास्फुटकुष्ठभाज-
९ १० ८ १४ १५
स्तत्कुर्वतः कपटतो बहिरङ्गशुद्धयै ॥ ४८ ॥

શત્રુમાં ને મિત્રમાં સમભાવ સામાયિક દીએ,
નિજ કાર્યસિદ્ધિ જિમ ઉદાયન ભૂપ પ્રદ્યોત નૃપતિને;
સામાયિકે છુટો કરે કેદી બનેલા તેહને,
શત્રુ જો બાંધ્યો રહે તો ક્યાં લહે સમભાવને. ૧

પણ કપટથી તેહ કરતાં બાહ્યથી શુદ્ધિ કરે,
અપ્રકટ છે કોઢ જેને તસ શરીર લેપન કરે;

**જેમ ચંદનનું કરંતા તનુ સુગંધી બાહ્યથી,**
**નિર્મલ બને નિજ આતમા સામાયિકે શુભ ભાવથી. ૨**

**શ્લોકાર્થ**:—શત્રુ અને મિત્રને વિષે સમભાવ વડે કરેલું સામાયિક ચંડપ્રદ્યોતન રાજાને છુટો કરનાર ઉદાયી રાજાની જેમ સિદ્ધિને માટે થાય છે. પરંતુ કપટથી તે (સામાયિક) કરનારને અપ્રગટ કોઢના રોગવાળાને ગોશીર્ષ ચન્દન રૂપી વસ્ત્રની જેમ બહારથી શરીરની શુદ્ધિ માટે થાય છે. ૪૮

**સ્પષ્ટાર્થ**:—કવિ મુનિરાજ નવમા સામાયિક વ્રતનું સ્વરૂપ જણાવે છે. શત્રુ અને મિત્રને વિષે સમતા ભાવ રાખવો એટલે શત્રુને વિષે દ્વેષ ભાવ રાખવો નહિ અને મિત્રને વિષે રાગ રાખવો નહિ એવા સમભાવના જે પરિણામ તે સામાયિક કહેવાય છે. આ પ્રમાણે સમતા ભાવથી કરેલું સામાયિક ચંડપ્રદ્યોતન નામના રાજાને તે કેદમાંથી છુટો કરનાર ઉદાયી રાજાની જેમ સિદ્ધિને માટે થાય છે. (આ ઉદાયી રાજાની વાત શરૂઆતમાં શ્લોક ૧૦મા માં આપેલી છે. માટે અહીં આપવામાં આવતી નથી.) તે સામાયિક કપટ ભાવથી કરવામાં આવે તો તે તેને કાંઈ લાભ કરનાર થતું નથી, ફક્ત તેની શરીરની શુદ્ધિ માટે થાય છે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે જેમ કોઈ અપ્રગટ કોઢ રોગવાળાને ગોશીર્ષ ચન્દનરૂપી વસ્ત્ર બહારની અંગ શુદ્ધિ માટે જ થાય છે. કારણ કે તેને કરવામાં આવેલ ગોશીર્ષ ચન્દનનું વિલેપન તેના અંદરના કોઢ રોગને નાશ કરનારૂં થતું નથી, પરંતુ ફક્ત બહારથી શરીરની શુદ્ધિ

કરનારૂં થાય છે, તેમ કપટથી કરેલું સામાયિક વ્રત આત્મ-શુદ્ધિ કરતું નથી. ૪૮

અવતરણ:–સામાયિક સંબંધી વિશેષ ઉપદેશ આપે છે:–

( वसंततिलकावृत्तम् )

२ १ ३
सामायिकं द्विघटिकं चिरकर्मभेदि,
४ ६ ५ ७
चन्द्रावतंसकवदुच्चधियोऽत्र किंतु ।
९ १० ८ ११ १२
स्पर्शेऽपि सत्यमुदकं मलिनत्वनाशि
१७ १८ १९ १३ १५ १६ १४
घोरं तमो हरति वा कृत एव दीपः ॥ ४९ ॥

બે ઘડીનું માન જેનું તેહ સામાયિક ઘણાં,
ચંદ્રાવતંસકની પરે પુંજો વિનાશે કર્મના;
તેહ સાચું જેમ પાણી મલિનતા દૂરે કરે,
દીપ કરતાં સાથ અથવા નિબિડ અંધારૂં હરે. ૧

શ્લોકાર્થ:—ચંદ્રાવતંસક નામના રાજાની પેઠે બે ઘડી પાળેલું સામાયિક પણ લાંબા કાળના કર્મનો નાશ કરે છે, તો વળી તેનાથી (તે સામાયિકથી) ઉચ્ચ બુદ્ધિવાળા પુરૂષનાં કર્મનો નાશ કરે એમાં આશ્ચર્ય શું? વાત સાચી છે કે પાણી સ્પર્શ કરવાથી પણ મલિનતાનો નાશ કરે છે અથવા પ્રગટ થએલો દીવો ઘોર અંધકારનો નાશ કરે છે. ૪૯

**સ્પષ્ટાર્થ**:—સામાયિકનો મહિમા જણાવતાં કવિશ્રી કહે છે કે ઓછામાં ઓછું બે ઘડી પ્રમાણનું એટલે ૪૮ મીનીટ સુધી સમભાવપૂર્વક કરેલું સામાયિક પણ લાંબા કાળના એકઠા થએલા કર્મનો નાશ કરે છે. જે માટે કહ્યું છે કે જે મનુષ્ય કોડો જન્મ સુધી તીવ્ર તપ કરવાથી પણ જે કર્મનો નાશ કરતો નથી તે કર્મને સમતાનું આલંબન કરનારો જીવ ક્ષણાર્ધમાં હણી નાખે છે. કહેવાનો સાર એ છે કે સમતા એટલે રાગદ્વેષ રહિતપણા રૂપ નિર્મલ અવસ્થાને પામેલો જીવ એક સામટાં ઘણાં કર્મોની નિર્જરા કરે છે. વળી ઉચ્ચ બુદ્ધિવાળાના ધર્મકાર્યનું શું કહેવું? એટલે જે સમજણ પૂર્વક સામાયિકાદિ રૂપ ધર્મકાર્ય કરે છે તેને ઘણાં કર્મની નિર્જરા થાય તેમાં તો કહેવુંજ શું? તેને તો ઘણાં કર્મની નિર્જરા થાયજ. આ સામાયિક વ્રતને વિષે ચંદ્રાવતંસક નામના રાજાની કથા પ્રસિદ્ધ છે તે નીચે જણાવવામાં આવે છે. બીજું દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે પાણીના સ્પર્શ માત્રથી પણ મલીનતા નાશ પામે છે. તેમજ દીવો પ્રગટ થવા માત્રથીજ જેમ અન્ધકારનો નાશ થાય છે. જેમ તે વાત સાચી છે તેમ પાણી અને દીપક સમાન સામાયિકથી જીવની મલીનતા દૂર થાય છે અને મોહ રૂપી અન્ધકારનો નાશ થાય છે. ૩૯

**ચંદ્રાવતંસક રાજાની** કથા આ પ્રમાણે:—

વિશાલા નામની નગરીમાં ચંદ્રાવતંસક નામે રાજા હતો. તે પરમ જૈન હતો. તેણે એક વખતે રાત્રીએ પોતાના મહેલમાં સામાયિક વ્રત લીધું અને તે કાઉસગ્ગ ધ્યાનમાં

રહ્યો. તે વખતે દાસીએ દીવો કરીને ત્યાં મૂક્યો. તે વખતે રાજાએ પોતાના મનમાં એવો અભિગ્રહ લીધો કે જ્યાં સુધી આ દીવો સળગતો રહેશે ત્યાં સુધી હું કાઉસગ્ગ પારીશ નહિ. દાસીએ સ્વામિની ભક્તિને લઈને દીવામાં ફરીથી તેલ પૂર્યું એટલે રાજા તો કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા. ફરીથી પણ તેલ ખૂટવા આવ્યું ત્યારે દાસીએ દીવામાં તેલ પૂર્યું. એ પ્રમાણે આખી રાત્રી સુધી દાસીએ દીવામાં જેમ જેમ તેલ ખૂટવા આવ્યું તેમ તેમ દીવામાં તેલ પૂર્યા કર્યું, તેથી દીવો ઓલવાયો નહિ. અને રાજાએ પણ પોતાના મનના પરિણામ બગાડ્યા સિવાય કાઉસગ્ગ પાર્યો નહિ. એ પ્રમાણે સૂર્યોદય થયો ત્યારે રાજાએ કાઉસગ્ગ પાર્યો. આખી રાત ઉભા રહેવાથી શરીરની કોમળતાને લીધે રૂધિરથી ભરાઈ ગએલા ચરણોવાળો તે ચાલવાને અશક્ત થઈ જવાથી ભૂમિ ઉપર પડ્યો અને મરણ પામીને સદ્દગતિ પામ્યો. એ પ્રમાણે સામાયિક વ્રતનું સમતા ભાવે પાલન કરવાથી જેમ ચંદ્રાવતંસક રાજા સદ્દગતિને પામ્યો તેમ ભવ્ય જીવોએ પણ નિર્મલ સામાયિક કરવામાં ઉદ્યમ રાખવો જોઈએ.

॥ ઇતિશ્રી ચંદ્રાવતંસક રાજાની કથા ॥

અવતરણ:—એ પ્રમાણે ત્રેવીસમું સામાયિક વ્રત નામનું દ્વાર કહીને ચોવીસમું દેશાવકાશિક નામના દશમા વ્રતનું દ્વાર કહે છે:—

॥ वसंततिलकावृत्तम् ॥

૩ ૪
देशावकाशिकमपास्य सकाकजङ्घ-
૫ ૬ ૭ ૨ ૧
कोकाशवद्विपदमेति जनः प्रमादी।
૧૨ ૧૦ ૮ ૧૧ ૯
धत्ते प्रभां दिनचरो न निशाकरोऽपि,
૧૯ ૧૮ ૧૭ ૧૩ ૧૫ ૧૪
न स्तूयतेऽपि च पयोदमकालवृष्टः ॥५०॥

**દેશાવકાશિક વ્રત તજીને જન પ્રમાદી દુઃખ લહે,**
**કાકજંઘ કોકાશની જિમ ગગનમાં ફરતો રહે;**
**ચંદ્રમા દિવસે બને નિસ્તેજ મેઘ અકાલમાં,**
**વરસતા વખણાય ના તેવુંજ ચાલુ પ્રસંગમાં. ૧**

**શ્લોકાર્થ**:—પ્રમાદી મનુષ્ય દેશાવગાસિક વ્રતનો ત્યાગ કરીને કાકજંઘ નામના રાજા અને કોકાશ નામના સુથારની પેઠે વિપત્તિને પામે છે. દૃષ્ટાન્ત કહે છે–દિવસે ફરનારો (ઉદય પામેલો) ચંદ્ર પણ કાંતિને ધારણ કરતો નથી, અને અકાલે વર્ષેલો મેઘ પણ વખણાતો નથી. ૫૦

**સ્પષ્ટાર્થ**:—હવે દશમા દેશાવગાશિક નામના વ્રતનું સ્વરૂપ જણાવે છે.–છઠ્ઠા દિગ્વિરમણ નામના વ્રતને વિષે જે જે દિશાઓમાં જવાની જેટલી છૂટી રાખી હોય તે છૂટી-માંથી સંક્ષેપ કરવો અથવા દરરોજ અમુક હદ સુધીમાં જ જવું પણ તેથી વધારે જવું નહિ એવો જે નિયમ કરાય તે દેશાવકાસિક વ્રત કહેવાય છે. આ વ્રતનો ત્યાગ કરવાથી વિપત્તિ ભોગવવી પડે છે. તે જણાવતાં કવિરાજ કહે છે.

કે પ્રમાદી મનુષ્ય આ વ્રતનો ત્યાગ કરીને કાકજંઘ નામના રાજા તથા કોકાશ નામના સુતારની જેમ સંકટમાં આવી પડે છે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપે છે કે:—કાન્તિવાળો એવો ચંદ્ર રાત્રીએ પ્રભાને ધારણ કરે છે છતાં તે ચંદ્ર દિવસે ઉદય પામે છે ત્યારે પ્રભાને ધારણ કરતો નથી, કારણ કે સૂર્યની પ્રભા આગળ તેની પ્રભા ઝાંખી પડી જાય છે. વળી બીજું દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે મનુષ્ય મેઘ અથવા વરસાદને જો તે યોગ્ય સમયે વરસે તો તેને આવકાર આપે છે. પરંતુ જો તે મેઘ અકાલે વરસે એટલે અનાજ પાકી ગયા કેડે જ્યારે તેની જરૂર ન હોય ત્યારે વરસે અથવા મોસમ વિના વરસે તો લોકો તેનો આદર કરતા નથી અથવા તેવા વરસાદથી આનંદ થવાને બદલે તેને તિરસ્કાર મળે છે. ૫૦

### કોકાશ અને કાકજંઘની કથા—

સોપારક નામના નગરમાં કોઇક રથકારની દાસીને બ્રાહ્મણથી કોકાશ નામે પુત્ર થયો જ્યારે રથકાર પોતાના પુત્રોને શિલ્પ કળા શીખવે છે, ત્યારે તે મૂક ભાવ વડે સાંભળતો ન હોય તેમ રહે છે. તે તેના પુત્રોને શીખડાવે છે, છતાં તેઓ શીખતા નથી, પરંતુ તે કોકાશ પોતાની મેળેજ તે શીખી ગયો. રથકાર મરણ પામ્યો ત્યારે રાજાએ તેની પદવી કોકાશને આપી તેથી કોકાશ પ્રસિદ્ધ થયો.

હવે ઉજ્જયિની નગરીમાં પરમાર્હત (શ્રાવક) એક રાજા હતો. તેની પાસે કાર્યકુશળ એવા ચાર શ્રાવકો હતા. તેમાંનો એક શ્રાવક તેવા પ્રકારના પાક બનાવતો હતો કે

જે ખાવાથી રસોઈ એક પહોરે, બે પહોરે, ત્રણ પહોરે કે ચાર પાંચ પહોરે પચી જાય છે અથવા બીલકુલ પચતી નથી. બીજો શ્રાવક તેલથી શરીરમાં એવું મર્દન કરે છે કે જેથી તેલ શરીરમાં પ્રવેશ પામે છે અને બહાર પણ કાઢે છે. ત્રીજો શ્રાવક એવી શય્યા કરે છે કે જેમાં સુનારો પહોરે પહોરે કે બે પહોરે અથવા ત્રણ પહોરે જાગે છે. અને ચોથો શ્રાવક ખજાનાનો અધ્યક્ષ છે તેને એવી બુદ્ધિની ચતુરાઈ છે કે ત્યાં આવેલો બીજો કોઈ કાંઈ પણ જોતો નથી. આ રાજા અપુત્ર હોવાથી રાજકાર્યમાં ઉદ્યમ રહિત અને વિષયોથી વિરક્ત હતો તેથી વ્રત ગ્રહણ કરવાની ઇચ્છાવાળો હતો. તેવામાં પાટલિપુત્રના જિતશત્રુ રાજાએ તે ઉજ્જયિની નગરીને ઘેરી લીધી. તે વખતે આ નગરીના રાજાને દુર્દૈવના યોગે શૂલની વેદના ઉત્પન્ન થઈ. તેથી શુદ્ધ આરાધના કરીને ચાર શરણ અંગીકાર કરીને સમાધિ મરણ પામીને દેવલોકે ગયો. ત્યારે નગરીના લોકોએ આ નગરી જિતશત્રુ રાજાને સોંપી તેને રાજા બનાવ્યો.

આ જિતશત્રુ રાજાએ પેલા ચાર શ્રાવકોને બોલાવ્યા. અને તેમને કોણ કયા પદે હતું તે પુછયું. ત્યારે કોષાધ્યક્ષે રાજાને ખાલી ભંડાર દેખાડયો. તે ખાલી જોઈને રાજા વિષાદ પામ્યો. બીજા શય્યાપાલે એવી શય્યા પાથરી કે જેથી રાજા ક્ષણે ક્ષણે ઉઠી ઉઠીને થાકયો. ત્રીજાએ એવો પાક બનાવ્યો કે જે ખાતાં રાજાને તૃપ્તિ થતી ન્હોતી. ચોથા મર્દન કરનારે તેને શરીરે તેલનું મર્દન કર્યું. પછી તેલ પાછું કાઢયું પરંતુ એક પગમાંથી તેલ કાઢયું નહિ. અને

તેણે રાજાને કહ્યું કે તમારી પાસે મારા જેવા કોઇ હોય તો આ પગમાંથી તેલ કાઢે. પણ કોઈ તે પગમાંથી તેલ કાઢી શકયું નહિ. અને તેલને લીધે રાજાનો પગ બળવા લાગ્યો, જેથી તેનો પગ કાગડા જેવો કાળો થઈ ગયો અને તેથી લોકો તેને કાકજંઘ કહેવા લાગ્યા.

તે ચારે શ્રાવકોએ પોતાના સ્વામીના વિયોગથી વૈરાગ્ય પામીને દીક્ષા લીધી. હવે સોપારક નગરમાં મોટો દુકાળ પડયો તેથી તે કોકાશ રથકાર ઉજ્જયિનીમાં આવ્યો. અને રાજા સાથે ઓળખાણ કરવા માટે કાષ્ટના કપોતો (કબુતરો) બનાવીને રાજાના કોઠારમાંથી હંમેશાં ચોખા મંગાવતો હતો. રખવાળોએ રાજાને આ વાત જણાવી. તેથી રાજાએ કોકાશને બોલાવીને તેને રથકારના પદે સ્થાપન કર્યો.

આ કોકાશ રથકારે રાજાને માટે એક કાષ્ટનો ગરૂડ બનાવ્યો જે કીલીકાના પ્રયોગથી સજીવની જેમ આકાશમાં ઉડતો હતો. તેમાં બેસીને રાણી તથા રથકાર સાથે રાજા સઘળી પૃથ્વી ઉપર ભમે છે. હું આકાશ માર્ગે આવીને તમને હણીશ એવી ધમકી આપીને તેણે સઘળા રાજાઓને પોતાને વશ કર્યા.

એક વાર તે રાણીને અન્ય રાણીઓએ પૂછયું કે કઈ ખીલીથી આ ગરૂડ પાછો ફરે છે, ત્યારે તેણીએ સરલ ભાવથી તે ખીલી દેખાડી. ત્યાર પછી એક રાણીએ ઈર્ષ્યાને લીધે તે ખીલી કાઢી લીધી. ત્યાર પછી રાજા તે ગરૂડ ઉપર બેસીને ગયો, પરંતુ પાછો વાળવા માંડયો ત્યારે તે ગરૂડ પાછો ફર્યો નહિ. હવે ભમતો એવો તે ગરૂડ પ્રચંડ વાયુથી

અત્યંત પછડાતા પાંખ ભાગવાથી કલિંગ દેશમાં તળાવના કાંઠે પડયો. પછી તેને જલદીથી સુધારવાને માટે વાંસો વગેરે લાવવાને માટે કોકાશ રથકાર પાસેના ગામમાં ગયો. તે નગરમાં એક સુથાર રાજાને માટે ઉત્તમ રથ બનાવતો હતો. તેણે રથનું એક પૈડું બનાવ્યું હતું અને બીજું અર્ધું બનાવ્યું છે તે વખતે કોકાશે ત્યાં આવીને તે સુથારને કહ્યું કે ગરૂડને સમારવાને માટે ઉપકરણો આપો. ત્યારે તેણે કહ્યું કે ઘેરથી લાવીને આપું છું. એમ કહીને તે લેવાને ઘેર ગયો. ત્યારે કોકાશે તે અર્ધું ચક્ર બનાવી કાઢયું. તેમાં એવી બનાવટ કરી કે તે વેગથી ચાલે છે અને સ્ખલના થાય તોપણ પડે નહિ. પરંતુ તે ઉલટી બાજુએ ચાલે છે અને બીજું ચક્ર (પડું) સ્ખલના પામે તો પડે છે. સુથાર શસ્ત્રો લઈને આવ્યો ત્યારે તે ચક્ર જોઈને તેણે તરત જ કોકાશને ઓળખ્યો. એટલે તેણે તે વાત રાજાને જણાવીને કહ્યું કે જેના બલથી કાકજંઘે સઘળા રાજાને વશ કર્યા તે કોકાશ આવ્યો છે. આવા તેના વચનથી રાજાએ જઈને કોકાશને પકડયો. અને તેને મારીને પૂછયું ત્યારે રાણી સાથે કાકજંઘ રાજા આવ્યો છે વગેરે હકીકત કહી, જેથી તે રાજાએ તળાવ પાસે જઈને પ્રિયા સાથે કાકજંઘને પકડયો. અવિરતિવાળાને પગલે પગલે આપત્તિઓ આવે છે. આ રાજાએ આપણને દર વર્ષે દંડયા છે એ વાત સંભાળીને તેનું મોટું વેર લેવાને તે કાકજંઘને ભોજનનો નિષેધ કર્યો.

ત્યાર પછી તે રાજાએ કોકાશને કહ્યું કે મારા સો પુત્રને માટે સાત ભૂમિવાળો મહેલ બનાવો અને વચમાં

મારે રહેવાની રચના કરો. ત્યાર પછી કોકાશે તે રાજાને કહ્યું કે તમારી ઇચ્છા મુજબ સર્વ રચના કરીશ. ત્યાર પછી કોકાશે કાકજંઘ રાજાના પુત્રને ગુપ્ત રીતે ખબર આપ્યા કે અમુક દિવસે હું આ રાજાને તેના પુત્ર સાથે મારીશ માટે તે દિવસે લશ્કર લઇને અવશ્ય આવવું.

હવે કોકાશે મહેલ બનાવ્યો. અને તે મહેલ ઉપર પુત્ર સહિત રાજાને ચઢાવ્યો. પછી તેમાં કરેલી રચના પ્રમાણે તેણે તે પ્રાસાદને એકદમ સંકોચી કાઢયો. તેથી પુત્ર સહિત રાજા તેમાં કચરાઇ ગયો. તે વખતે કાકજંઘના પુત્રે એકદમ તે નગર ઉપર ચઢાઈ કરી અને નગરીને જીતી લઈને માબાપને મૂકાવ્યા તથા સુતારને પણ છુટો કર્યો. ત્યાર પછી તેઓ સઘળા પોતપોતાને સ્થાને ગયા. અનુક્રમે કાલ કરીને તેઓ દુર્ગતિમાં ગયા. આ પ્રમાણે દેશાવકાસિક વ્રતનું પાલન નહિ કરવાથી તેઓ સઘળા દુઃખી થયા એવું જાણીને હે ભવ્ય જીવો! તમે પણ આ વ્રતને શુદ્ધ ભાવથી જરૂર આરાધજો.

॥ ઇતિ કોકાશ–કાકજંઘ કથા ॥

અવતરણ:—આજ વ્રતને અંગે વધુ બીના જણાવે છે:—

( मालिनीवृत्तम् )

२
गुरुवचनवियोगाज्ज्ञातदेशावकाशो,
३ ६ ४ १ ५
विपदि तरति पुण्याच्चेद्यथा लोहजङ्घः ।

१२ ७ ८ ११
हयमयवृषभा वा स्वामिना वाह्यमानाः,
९ १० १४ १५ १३ १६
सततममितगत्या किं हितं स्वस्य कुर्युः ॥ ५१ ॥

વડીલના ઉપદેશથી દેશાવકાશિક તત્ત્વને,
જાણ્યું ન જેણે તે છતાં તે વિપદ ટાળે પુણ્યને;
કારણ ગણો ત્યાં લોહજંઘે પુણ્યથી વિપદા હરી,
સ્વામિની શિક્ષા સુણીને પ્રાણની રક્ષા કરી. ૧

અશ્વ ઉંટ તિમ બળદને માલીકથી દોડાવતા,
નિત્ય હિત શું સાધતા? તેઓ ન કંઇ પણ સમજતા;
દેશાવકાશિક તત્ત્વ જાણી જે ઉમંગે પાલતા,
તે લહે સંતોષથી શિવ ધર્મ રંગે સાધતા. ૨

શ્લોકાર્થ:—ગુરૂના વચનના વિયોગને લીધે દેશાવગાસિક વ્રતને નહિ જાણનાર વિપત્તિમાં પડયા છતાં જો તરે છે તો તે લોહજંઘની જેમ પુણ્યથી તરે છે. અથવા સ્વામી વડે પરિમાણ વિનાની ગતિથી નિરંતર વહન કરાતા ઘોડા ઉંટ અને બળદો શું પોતાનું હિત કરે? અથવા ન જ કરે. ૫૧

સ્પષ્ટાર્થ:—ગુરૂના વચનના વિયોગને લીધે એટલે ગુરૂનો ઉપદેશ નહિં સાંભળવાથી દેશાવગાસિક વ્રતનું સ્વરૂપ જાણ્યું ન હોય તેથી વિપત્તિ એટલે સંકટમાં આવી પડે અને તે છતાં તે સંકટમાંથી સહીસલામત બચી જાય તો તેમાં તેનું પૂર્વનું પુણ્ય જ કારણ છે અથવા તે સંકટમાંથી તરે છે તે તેના પુણ્યને લીધે જ જાણવું. આ બાબતમાં

લોહજંઘનું દૃષ્ટાન્ત છે તે લોહજંઘની કથા ચંડપ્રદ્યોતન રાજા અને અભયકુમાર મંત્રીશ્વરની કથા પ્રસંગે કહેવામાં આવેલી છે ત્યાંથી જાણી લેવી. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં કવિરાજ જણાવે છે કે સ્વામી વડે અમિતગતિ એટલે પરિમાણ કર્યા વિનાની ગતિથી વહન કરાતા ઘોડા, ઉંટ અથવા બળદો શું હિત કરે? અથવા કોઈ પ્રકારનું હિત કરી શકતા નથી. માટે આ દશમા દેશાવકાસિક વ્રતના પાલનમાં ઉદ્યમવંત થવું. ૫૧

અવતરણઃ—એ પ્રમાણે ૨૪ મું દેશાવગાસિક વ્રતનું દ્વાર કહીને હવે ૨૫ મું પૌષધવ્રત નામના અગિઆરમા વ્રતનું દ્વાર કહે છે:—

( वृत्तं )

१ २ ३ ४
शुचि पौषधेन मुनि तुल्यतेति किं,
७ ५ ८ ६
जिनताऽपि मेघरथवद्भवेत् क्रमात् ।
१४ ९ ११ १०
किमु निर्धनस्य मणिनेष्टदायिना,
१२ १३ १५ १७ १६
धनितुल्यतैव नृपतुल्यता न किम् ? ॥ ५२ ॥

નિર્મલ મને પૌષધ કરંતા હોય મુનિની તુલ્યતા,
તેમાં નથી અચરિજ જરી પણ અનુક્રમે તીર્થેશતા;
ચિંતામણિ નિર્ધન લહે તો હોય ધનિક વળી બને,
રાજા ન શું? તિમ આ વ્રતે સંભાર મેઘરથ ભૂપને. ૧

**શ્લોકાર્થ:**—નિર્મળ પૌષધવ્રત (ના પાલન) વડે મુનિની સમાનતા થાય છે તેમાં આશ્ચર્ય શું? પરંતુ મેઘરથ રાજાની જેમ અનુક્રમે તીર્થંકરપણું પણ પ્રાપ્ત થાય છે. દૃષ્ટાંત કહે છે કે નિર્ધન પુરૂષને ઇષ્ટ આપનાર ચિંતામણિ રત્ન વડે કરીને ધનવાનની જ સમાનતા થાય છે શું? શું રાજાની તુલ્યતા નથી થતી? અર્થાત્ રાજા સાથે પણ સમાનતા થાય છે. ૫૨

**સ્પષ્ટાર્થ:**—હવે અગિઆરમું પૌષધ નામનું વ્રત છે. જે ધર્મની પુષ્ટિ કરે તે પૌષધ કહેવાય છે. આ પૌષધ-વ્રતનું નિર્મલ અતિચાર રહિત પાલન કરવાથી શ્રાવક પણ સાધુ તુલ્ય બને છે એટલે પૌષધ વ્રતમાં રહેલા શ્રાવક પણ મુનિની તુલ્યતાને પામે છે. એટલે કે પૌષધવ્રત પાલવાથી મુનિના તુલ્યતા થાય તેમાં કાંઇ નવાઇ નથી, પરંતુ સોલમા શ્રીશાન્તિનાથ તીર્થંકરના પૂર્વ ભવના જીવ મેઘરથ રાજાની જેમ અનુક્રમે તીર્થંકર પદવીની પણ પ્રાપ્તિ થાય છે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે ધન રહિત પુરૂષને જો ઇચ્છિત આપનાર ચિંતામણિ રત્ન મળે તો તેનાથી તે મનુષ્યને ધનવાન પુરૂષની સમાનતા થાય છે એટલું જ નહિ પરંતુ તેનાથી તેને રાજાની પણ સમાનતા પ્રાપ્ત થાય છે. અથવા ચિંતામણિ રત્નના પ્રભાવથી રાજાની પદવી પણ મળે છે. તેવી રીતે નિર્મળ પૌષધ વ્રતનું પાલન કરવાથી છેલ્લી તીર્થંકર પદવી સુધીની પદવી પણ અનુક્રમે મળે છે, માટે ધર્મની પુષ્ટિ કરનાર આ પૌષધ વ્રત દરેક ભવ્ય જીવે અવશ્ય કરવું જોઇએ. અને પર્વતિથિઓમાં તો વધારે વાર કરવો જોઇએ. ૫૨

**મેઘરથ રાજાની કથા આ પ્રમાણે:—**

શ્રાવસ્તી નામની નગરીમાં મેઘરથ નામે રાજા રાજ્ય કરતા હતા. એક વાર તેમની સભામાં એક નિમિત્તીઓ આવ્યો. રાજાએ તેનો સત્કાર કર્યો. તે વખતે સુબુદ્ધિ નામના મંત્રીએ નિમિત્તિઆને કહ્યું કે રાજાનું દેશનું તથા નગરનું ભાવી સ્વરૂપ જણાવો ત્યારે તેણે કહ્યું કે આજથી સાતમે દિવસે આ નગરીના રાજાના મસ્તક ઉપર વિજળી પડશે. આ સાંભળીને સઘળા ભયભીત બન્યા. રાજાએ મન્ત્રીઓને પૂછયું કે હવે શું કરવું. ત્યારે કોઈએ કહ્યું કે વહાણમાં બેસીને સમુદ્રમાં રહેવું. બીજાએ કહ્યું કે પર્વતની ગુફામાં રહેવું. તે વખતે સુબુદ્ધિ મંત્રીએ કહ્યું કે હે સ્વામિન્! ધર્મ કરવો જોઇએ, કારણ કે ધર્મથી સર્વ વિઘ્નો નાશ પામે છે. ત્યારે રાજાએ પૂછયું કે કયો ધર્મ કરવો? સુબુદ્ધિ મન્ત્રીએ કહ્યું કે પત્થરના યક્ષને નગરનો અધિપતિ બનાવી તમારે પૌષધ ગ્રહણ કરીને જિનગૃહમાં રહેવું. રાજાને પણ યોગ્ય લાગવાથી તેમ કર્યું. ત્યાર પછી સાતમે દિવસે નગરના અધિપતિ યક્ષ ઉપર વિજળી પડી તેથી યક્ષની પ્રતિમાના ચૂરેચૂરા થઈ ગયા. રાજા બચ્યા તેથી સઘળા લોકો રાજી થયા. પૌષધમાં રહેલ રાજા મુનિ જેવા છે તેથી સઘળા વિઘ્નો દૂર થયા. ત્યાર પછી ફરીથી મેઘરથ રાજાનો ગાદી ઉપર અભિષેક કર્યો. રાજા પણ લાંબા કાળ સુધી રાજ્યનું પાલન કરી ચારિત્ર ગ્રહણ કરી સમાધિથી આરાધના કરી મરણ પામી દેવ થયા. ત્યાર પછી અનુક્રમે શ્રીશાન્તિજિન થયા. આ કથાનો વિશેષ ભાગ શ્રીશાન્તિનાથ ચરિત્રમાં આગળ

કહેલો છે. ત્યાં જોઈ લેવો. અહીં તે કહેવાનો સાર એ છે કે પૌષધવ્રતમાં રહેવાથી મેઘરથ રાજા સંકટમાંથી બચી ગયા. અને છેવટે શ્રીશાન્તિનાથ નામના સોલમા તીર્થંકર પણ થયા.

॥ ઇતિ મેઘરથ રાજાની કથા ॥

અવતરણ:—આ પૌષધવ્રત દ્વારને વિષે વિશેષ ઉપદેશ કહે છે:—

( वसंततिलकावृत्तम् )

४ २ ३ १
सत्पौषधं विविधसिद्धिदमौषधं य-
५ ६
त्तद्भावनाशमरसार्द्रहृदग्निलीढः ।
१२ ११ १३ १०
स्वः सागरेन्दुरजनिस्फुटहेममूर्ति-
७ ९ ८
रौर्वाग्नितप्तविमलोऽद्रिरिवाब्धिमन्थाः ॥ ५२ ॥

**શ્રેષ્ઠ પૌષધ દેજ સિદ્ધિ વિવિધ ઔસડ જાણિએ,**
**તસ ભાવના શમરસ વડે ભીંજાયલા મન અગ્નિએ;**
**વ્યાપ્ત સાગરચંદ્ર સ્વર્ગે કનકકાંતિ અમર થયો,**
**વડવાગ્નિના તાપે તપેલો મેરૂ જિમ તેવો બન્યો. ૧**

શ્લોકાર્થ:—વિવિધ પ્રકારની સિદ્ધિ આપનાર ઔષધ સમાન જે ઉત્તમ પૌષધ વ્રત તેની ભાવના રૂપી ઉપશમ રસથી ભીંજાએલ હૃદયરૂપી અગ્નિથી વ્યાપ્ત ( સ્પર્શિત ) થએલ સાગરચન્દ્ર નામે રાજા વડવાનલથી તપેલો હોવાથી નિર્મલ થએલ મેરૂ

પર્વતની જેમ સ્વર્ગમાં પણ સુવર્ણ સમાન દેહવાળો દેવ થયો. ૫૩

**સ્પષ્ટાર્થ**:—ઉત્તમ પૌષધવ્રતને ઔષધની ઉપમા આપી છે. કારણ કે વિધિપૂર્વક કરેલો ઔષધિઓનો ઉપયોગ અનેક પ્રકારની સિદ્ધિ આપે છે, તેમ ઉત્તમ વિધિપૂર્વક કરેલો પૌષધ પણ અનેક પ્રકારની સિદ્ધિઓને આપે છે. આ પૌષધવ્રતની ભાવના રૂપી ઉપશમ રસથી ભીંજાએલા હૃદયરૂપી અગ્નિથી વ્યાપ્ત એટલે જેના હૃદયમાં ઉત્તમ પૌષધવ્રતની ભાવના રહેલી છે એવો સાગરચન્દ્ર નામનો રાજા સ્વર્ગને વિષે પ્રગટ સુવર્ણ સમાન કાન્તિવાળો દેવ થયો છે. કવિરાજ દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે '**अब्धिमन्थाः**' સમુદ્રના રવૈયા સમાન જે મેરૂ પર્વત પોતે સોનાનો છે તેથી ઉજ્વળ છે તે છતાં જેમ સોનું અગ્નિમાં તપે તો વધારે વિમલ અથવા નિર્મલ થાય છે અથવા વધારે તેજસ્વી થાય છે તેવી રીતે આ મેરૂ પર્વત પણ સમુદ્રના વડવાનલરૂપી અગ્નિથી તપીને જેમ વધારે નિર્મળ કાન્તિવાળો થાય છે. તેમ આ પૌષધવ્રત રૂપી અગ્નિથી તપેલા જીવ પણ વધારે નિર્મળ દશાને પામે છે. માટે ભવ્ય જીવોએ આ પૌષધ વ્રતની સાધના કરવી જોઈએ. ૫૩

**સાગરચંદ્રની કથા** આ પ્રમાણે:—

દ્વારિકા નામની નગરીમાં નવમા વાસુદેવ શ્રીકૃષ્ણ નામે રાજા હતા. તે બાવીસમા તીર્થંકર શ્રીનેમીનાથના પરમ ભક્ત હતા. તે નગરીમાં ધનસેન નામે ધનવાન એક યાદવ હતો. તેને કમલામેલા નામની લાવણ્યવાળી પુત્રી

હતી. તેનો વિવાહ ઉગ્રસેનના પુત્ર નભઃસેનની સાથે કર્યો હતો.

એક વખત નારદ ઋષિ ભમતા ભમતા નભઃસેનના ઘેર ગયા. પરંતુ વિવાહ કાર્યમાં વ્યગ્ર ચિત્તવાળો હોવાથી તેણે નારદનું સન્માન કર્યું નહિ. તેથી કોપીને નારદ તેના ઘેરથી નીકળી ગયા. ત્યાંથી નીકળીને નભઃસેનને સજા કરવાની ઈચ્છાવાળા તે બલરામના પુત્ર નિષધના પુત્ર સાગરચંદ્રને ત્યાં ગયા. આ સાગરચંદ્ર શાંબ વગેરેને ઘણા પ્રિય હતા. નારદને આવેલા જોઈ સાગરચંદ્રે તેમનું ઉચિત સ્વાગત કર્યું. ત્યાર પછી સાગરચંદ્રે નારદને પૂછ્યું કે પૃથ્વી ઉપર ભમતા તમે કાંઈ આશ્ચર્ય જોયું છે. ત્યારે નભઃસેનનો બદલો લેવાને તેમણે કહ્યું કે આ પૃથ્વી ઉપર ધનસેનની પુત્રી કમલામેલા આશ્ચર્યભૂત છે, કારણ કે તેના સરખી દેવાંગના સમાન રૂપવાળી જગતમાં કોઈ નથી. અને તેનો વિવાહ નભઃસેન સાથે થયો છે. અને આજે જ મેં તેને જોઈ છે. આ પ્રમાણે કહીને નારદ મુનિ ચાલ્યા ગયા.

નારદ મુનિના વચનથી સાગરચંદ્ર કમલામેલા ઉપર અત્યંત રાગવાળો થયો. અને તેથી તેનું જ ધ્યાન કરતો અને તેનું નામ બોલતો સર્વત્ર તેને જ જોવા લાગ્યો. નારદ પણ સાગરચંદ્રને ત્યાંથી કમલામેલાને ત્યાં ગયા. કમલામેલાએ પણ તેમનો ઉચિત આદર સત્કાર કર્યો. તેણીએ પણ નારદને પૃથ્વી ઉપરનું આશ્ચર્ય પૂછ્યું, ત્યારે મુનિએ કહ્યું કે મેં આશ્ચર્ય જોયાં છે. એક તો સ્વરૂપવાન સાગરચંદ્ર અને બીજો કુરૂપવાળો નભઃસેન. આ પ્રમાણેનું નારદનું વચન સાંભળી તેણી નભઃસેન ઉપર રાગ રહિત અને સાગરચંદ્ર ઉપર રાગવાળી થઈ. નારદમુનિએ પણ સાગરચંદ્રને તે વાત જણાવી.

સાગરચંદ્રને વિરહાગ્નિમાં પડેલો જોઈને બીજા કુમારો પણ અત્યંત ઉદાસ થયા. તે વખતે શાંબકુમારે શૂન્ય ચિત્તે બેઠેલા સાગરચંદ્રની પાછળ આવીને તેની આંખો પોતાના હાથ વડે ઢાંકી. તે વખતે સાગરચંદ્રે કહ્યું કે હે કમલામેલા! મારી આંખો મૂકી દે. ત્યારે શાંબે હસીને કહ્યું કે હું તો કમલામેલક (કમલામેલાનો મેળાપ કરાવનાર) છું. ત્યારે કમલામેલા સાથે મેળાપ કરાવી પ્રતિજ્ઞા સાચી કરો. શાંબે વિચાર્યું કે મેં તો મશ્કરીમાં કહ્યું છે તો પણ દુષ્કર હોવા છતાં પણ કોઈ પણ રીતે તે પ્રતિજ્ઞાનું પાલન કરવું જોઈએ.

ત્યાર પછી નભ:સેનના લગ્ન દિવસે પ્રજ્ઞપ્તિ વિદ્યાનું સ્મરણ કરીને શાંબ બધા કુમારો સાથે વનમાં ગયો અને કમલામેલાને તેના ઘેરથી બોલાવી મંગાવીને આનંદપૂર્વક સાગરચંદ્ર સાથે લગ્ન કર્યું. હવે કમલામેલાને ઘેર નહિ જોવાથી પિતૃપક્ષના તથા શ્વસુર પક્ષના લોકો નગરમાં તેની તપાસ કરવા લાગ્યા. અને તપાસ કરતાં તે ઉદ્યાનમાં આવ્યા. ત્યાં કુમારોની વચમાં સુંદર વિદ્યાધરના રૂપવાળી તેને જોઈને તેઓએ તે વાત કૃષ્ણને જણાવી. કોપેલા વાસુદેવે કમલામેલાનું હરણ કરનાર કુમારોને બોલાવ્યા. તે વખતે શાંબ કુમાર કમલામેલા તથા સાગરચંદ્રને લઈને કૃષ્ણની પાસે આવ્યો અને તેમના ચરણમાં પડ્યો. પોતાના જ પુત્રોને જોઈને વિલખા થએલા કૃષ્ણે કહ્યું કે અરે તમે આપણા આશ્રિત નભ:સેનને કેમ ઠગ્યો? એ પ્રમાણે ઠપકો આપીને કહ્યું કે હવે શું કરાય એમ નભ:સેનને સમજાવીને કમલામેલા સાગરચંદ્રને સોંપી.

ત્યારથી માંડીને નભ:સેન સાગરચંદ્ર ઉપર દ્વેષ રાખવા લાગ્યો, પરંતુ બદલો લેવાને સમર્થ ન થવાથી સાગરચંદ્રના છિદ્ર ખોળવા લાગ્યો. એક વાર બાવીસમા તીર્થપતિ શ્રીનેમિનાથની દેશના સાંભળીને શુદ્ધ મનવાળા સાગરચંદ્ર પૌષધવ્રત લઇને શૂન્ય મકાનમાં કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા. તે વખતે નભ:સેન છિદ્ર પામીને સાગરચંદ્રને મારવાને તરવાર ખેંચીને ગયો. પરંતુ સાગરચંદ્રે મનથી પણ ક્રોધ કર્યો નહિ. ઉલટું એવું વિચારે છે કે નભ:સેનનું આ કૃત્ય ન્યાયી છે. આ વખતે મારવાને તૈયાર થએલા નભ:સેનને શાસનદેવીએ થંભાવી દીધો, અને તેને કહ્યું કે આ ધર્મીને તું કેમ હણે છે? ત્યાર પછી સાગરચંદ્રે કાઉસગ્ગ પાર્યો અને નભ:સેને તેને ખમાવ્યો. તેથી દેવીએ તેને મુક્ત કર્યો. એ પ્રમાણે ધર્મનું સારી રીતે આરાધન કરીને અંતે સાગરચંદ્ર દેવલોકમાં ઉત્તમ દેવ થયા. આ પ્રમાણે પૌષધ વ્રતની શુદ્ધ આરાધના કરનાર સ્વર્ગની અને મોક્ષની લક્ષ્મીને પણ મેળવે છે.

॥ ઇતિ સાગરચંદ્ર કથા ॥

અવતરણ:—આ પ્રમાણે પચીસમું પૌષધવ્રત ઉપદેશ દ્વાર કહીને હવે બારમા અતિથિ સંવિભાગ નામના વ્રતનું ૨૬મું દ્વાર કહે છે:—

( मालिनी वृत्तम् )

३ ५ ४ २ १
किमपि फलमपूर्वं संविभागस्य साधौ,
६ १० ९ ८ ७
यदभिलषितसिद्ध्यै मूलदेवेऽपि माषाः ।

१२ ११ १३ १४ १५ १६
कृशमपि हि सुपात्रे न्यस्तमुच्चैः फलर्द्ध्यै,
१७ १८ १९ २०
ननु तृणमपि धेनौ दुग्धपीयूषवृष्ट्यै ॥ ५४ ॥

સાધુને વ્હોરાવવામાં ફલ અપૂરવ કંઈ મળે,
મુનિને અડદ વ્હોરાવતા મૂલદેવના વાંછિત ફળે;
તુચ્છ વસ્તુ સુપાત્રને શુભ ભાવથી દેતાં ફળે,
ગાયને તૃણ નાંખતાં જિમ દૂધ રૂપ અમૃત મળે. ૧

શ્લોકાર્થ:—સાધુ મુનિરાજને દાન આપવાનું કોઈ અપૂર્વ ફલ છે. કારણ કે અડદના બાકલા પણ મૂલદેવને ઇષ્ટ સિદ્ધિને માટે થયા. સુપાત્રને વિષે શુભ ભાવથી આપેલું થોડું અથવા તુચ્છ પણ દાન ઉત્કૃષ્ટ ફલની પ્રાપ્તિ માટે થાય છે. દૃષ્ટાન્ત કહે છે કે ગાયને આપેલું ઘાસ પણ દૂધ રૂપી અમૃતની વૃષ્ટિ માટે થાય છે. ૫૪.

સ્પષ્ટાર્થ—કવિરાજ આ શ્લોકમાં અતિથિ સંવિભાગ નામના બારમા વ્રતનું સ્વરૂપ જણાવે છે:—મુનિરાજને વહોરાવ્યા પછી પોતે જમવું તે અતિથિ સંવિભાગ કહેવાય છે. સાધુ મુનિરાજને દાન આપ્યાનું કાંઈક અપૂર્વ ફલ છે. એટલે સાધુ મુનિરાજને અન્ન પાનાદિકનું અથવા વસ્ત્રાદિકનું દાન કરવાથી તેનું અપૂર્વ ફલ મળે છે. આ બાબતમાં ઉદાહરણ આપતાં જણાવે છે કે મૂલદેવે સાધુ મહારાજને અડદના બાકુલાનું દાન આપ્યું તો પણ તે મૂલદેવને મનોવાંછિત એટલે ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ માટે થયું છે. ( આમૂલદેવની કથા આગળ મંડિક ચોરની કથા

પ્રસંગે કહેવાશે. ) સુપાત્રને વિષે એટલે સાધુ મુનિરાજ વગેરે યોગ્ય પાત્રને વિષે આપેલું થોડું પણ દાન ઉત્કૃષ્ટ ફલની સિદ્ધિ માટે થાય છે. અથવા સુપાત્ર દાનનું ફળ ઉત્કૃષ્ટ ફળને આપનારૂં થાય છે. આ બાબતમાં દૃષ્ટાન્ત જણાવે છે કે ગાયને આપેલું ઘાસ પણ નક્કી દૂધ રૂપી અમૃતની વૃષ્ટિ માટે થાય છે. એટલે ગાયને ઘાસ જેવી હલકી વસ્તુ અવરાવ્યા છતાં તે ગાય અમૃત સમાન સ્વાદવાળા દૂધને આપનારી થાય છે. તેમ સુપાત્રદાન શુભ ભાવના પ્રમાણે ફલ જરૂર આપે છે, માટે અતિથિ સંવિભાગ વ્રત અવશ્ય કરવું જોઈએ. ૫૪.

અવતરણ:—પોતાની નહિ છતાં પણ અતિથિને આપીને શાલિભદ્રે જે ઋદ્ધિ મેળવી તે જણાવે છે:—

( मालिनी वृत्तम् )

२ ३ ७ ६ १ ५ ४
यदसदपि ददौ प्राक् शालिभद्रोऽतिथेः स्वं,
८ १० ९ ११ १३ १२ १५ १४
तदसदपि स लेभे क्वामरर्द्धिः क्व मर्त्यः ॥
१८ १६ १७ २० २१ १९ २६ २२ २७
क्व भुवि जलधिरिन्दुः क्वाम्बरे तं स पुष्णात्य-
२५ २४ २३
मृतभृतपयोदं शोषणेऽप्यौर्वहेः ॥ ५५ ॥

પૂર્વ ભવમાં શાલિભદ્રે ભાવથી મુનિરાજને, જે ન પોતાની હતી તે ક્ષીર વ્હોરાવી અને,

ભાવ ચોખ્ખા રાખતા પામ્યો અમર સમ ઋદ્ધિને;
દેવઋદ્ધિ કયાં મનુજ કયાં યાદ કર શશિ જલધિને. ૧

ચંદ્ર આકાશે રહ્યો ને ભૂતલે સાગર રહ્યો,
અમૃત સમ જલથી ભરેલા મેઘ પોષક જે કહ્યો;
વડવાગ્નિથી શોષાયલા સાગર તણું પોષણ કરે,
તે ચંદ્રમા તિમ પાત્રદાને સ્વર્ગને સ્વાધીન કરે. ૨

શ્લોકાર્થ:—શ્રીશાલિભદ્રે પૂર્વ ભવમાં મુનિરાજને પોતાની નહિ તેવી જે વસ્તુ (ખીર) આપી તેનાથી તેણે પણ મનુષ્ય લોકમાં અવિદ્યમાન ( ન મેળવાય તેવું ) સુખ મેળવ્યું. દેવતાની ઋદ્ધિ કયાં અને મનુષ્ય કયાં ? દૃષ્ટાન્ત કહે છે કે પૃથ્વી ઉપર રહેલ સમુદ્ર કયાં અને આકાશમાં રહેલો ચંદ્ર કયાં ? વડવાનલથી શોષણ થયા છતાં પણ અમૃતરૂપી જલ વડે મેઘની પુષ્ટિ કરનાર સમુદ્રનું ચંદ્રમા પોષણ કરે છે. ૫૫

સ્પષ્ટાર્થ:—અતિથિ સંવિભાગથી શાલિભદ્રને અપૂર્વ ઋદ્ધિની પ્રાપ્તિ થઈ તે જણાવે છે. પૂર્વભવમાં ગરીબ માતાનો બાળક છતાં, માતાએ માગી લાવીને બનાવેલી ખીર તે ખાવા માંડે છે, તેવામાં આવેલા મુનિરાજને ભાવ પૂર્વક આપી. તેથી શાલિભદ્રના ભવમાં તેણે પણ મનુષ્ય લોકમાં કોઈ પણ ઠેકાણે ન મેળવાય તેવી દેવ ઋદ્ધિ જેવી ઋદ્ધિ મેળવી. માટેજ કવિરાજ કહે છે કે દેવતાની ઋદ્ધિ કયાં અને મનુષ્ય કયાં ? અથવા દેવતાની ઋદ્ધિ દેવલોકમાં જ હોય તે

છતાં અતિથિ દાનના પ્રભાવથી શાલિભદ્રે મનુષ્યપણામાં પણ તે દેવલોકની ઋદ્ધિ મેળવી છે. દેવલોકમાં રહેલી ઋદ્ધિ અતિ દૂર હોવાથી અહીં રહેલો મનુષ્ય તે કેવી રીતે મેળવે એવી શંકાના સમાધાનમાં કવિરાજ દૃષ્ટાન્ત આપી જણાવે છે કે—જેમ સમુદ્ર પૃથ્વી ઉપર રહેલો છે અને ચંદ્ર આકાશમાં રહેલો છે એટલે કે સમુદ્ર અને ચંદ્ર એ બંને એક બીજાથી ઘણાં દૂર છે તો પણ ચંદ્રમા વડવાનલથી શોષણ પામ્યા છતાં પણ અમૃત સમાન જલથી મેઘની પુષ્ટિ કરનાર સમુદ્રનું પોષણ કરે છે. ૫૫

## શાલિભદ્રની કથા

શાલિગ્રામમાં ધન્યા નામની એક ગરીબ સ્ત્રી હતી. તેને સંગમ નામે એક બાળક હતો. તે માણસોનાં ઢોર ચારતો હતો. અને તેની માતા પડોશીઓના ઘરનાં કામકાજ કરીને આજીવિકા ચલાવતી હતી. એક વખતે તે ગામમાં કોઈક ઉત્સવ હતો, તેથી ઘેર ઘેર ખીર ખવાતી જોઇને સંગમે પણ પોતાની મા પાસે જઈને ખીર માગી. બાળકે ખીર માગવાથી ગદ્ગદ સ્વરે રૂદન કરતાં તેણીએ કહ્યું કે હે પુત્ર! આપણા ગરીબને ઘેર ખીર ક્યાંથી? તે વખતે નજીકના પાડોશીઓની સ્ત્રીઓએ તે વાત જાણીને તેને દૂધ વગેરે આપ્યું. એટલે ધન્યાએ તેનાથી ખીર રાંધી. ત્યાર પછી બાળકની થાળીમાં ઉની ખીર તેણે પીરસી. અને કામ પ્રસંગે કોઈક પડોશીના ઘેર ગઈ.

આ દરમિઆન કોઈ માસોપવાસી સાધુ તે સ્થળે આવ્યા તેમને આવતા જોઈને તે બાળકે વિચાર્યું કે આજે

મારે ઘેર સાક્ષાત્ સચેતન ચિંતામણિ રત્ન આવે છે, કારણ કે મારા ભાગ્યના ઉદયથી ખેંચાએલા આ મુનિરાજ મારી પાસે આવ્યા છે. તેથી તે નિર્ધન છતાં પણ પોતાને ધન્ય માનવા લાગ્યો. પછી તે બાળકે રોમાંચિત થઇને તે સાધુ મુનિરાજને તે બધી ખીર વહોરાવી દીધી. મુનિ ત્યાંથી વિહાર કરીને ચાલ્યા ગયા. ત્યાર પછી ધન્યા આવી. તેણે થાળી ખાલી જોઈને બધી ખીર તેને પીરસી. બાળકે પણ તે ખૂબ ધરાઈને ખાધી. તેથી અજીર્ણ થવાથી તેજ રાતમાં તે બાળક સાધુનું સ્મરણ કરતો મરણ પામ્યો.

ત્યાર પછી તે સંગમનો જીવ રાજગૃહ નગરમાં ગોભદ્ર નામના શ્રેષ્ઠિની ભાર્યા ભદ્રાની કુક્ષિમાં ઉત્પન્ન થયો. સ્વપ્નમાં શાલિનું ક્ષેત્ર જોવાથી યોગ્ય સમયે તેણીએ પુત્રને જન્મ આપ્યો ત્યારે તેનું શાલિભદ્ર નામ પાડ્યું. અનુક્રમે સઘળી કલાઓ શીખીને યુવાવસ્થા પામ્યો ત્યારે મા બાપે તેને મોટા શેઠીઆઓની બત્રીસ કન્યાઓ પરણાવી. તેઓની સાથે વિલાસ કરતો તે રાત દીવસને પણ જાણતો નથી. ગોભદ્ર શેઠે શ્રીવીર પ્રભુની પાસે દીક્ષા લીધી અને મરણ પામીને દેવ પણે ઉત્પન્ન થયા. તેમણે અવધિજ્ઞાનથી પોતાના પુત્ર શાલિભદ્રને જાણી તેના સ્નેહથી તે દેવ હંમેશાં દિવ્ય વસ્ત્ર વગેરે મોકલે છે અને મનુષ્ય છતાં શાલિભદ્ર પ્રિયાઓ સાથે દેવતાની ઋદ્ધિને ભોગવે છે.

હવે એક વાર પરદેશી વેપારીઓ રત્નકંબલ લઈને વેચવાને માટે શ્રેણિક રાજા પાસે ગયા. શ્રેણિક રાજાએ ઘણી મોંઘી છે એમ કહીને તે લીધી નહિ. તેથી નિરાશ થએલા

વેપારીઓને તેમનું માગેલું મૂલ્ય આપીને ભદ્રાએ બધી કંબલો ખરીદી લીધી. ભદ્રાએ બધી કામળો ખરીદી છે તેવું જાણીને ચેલ્લણા રાણીએ પોતાને માટે એક કામળ લાવી આપવાને શ્રેણિક રાજાને કહ્યું. રાજાએ તે લાવવાને પોતાના માણસને મોકલ્યો. ત્યારે ભદ્રાએ કહ્યું કે સોળ કંબલોના બબે કકડા કરીને પોતાની વહુઓને પગ લુસવા માટે આપી દીધી છે. અને તેઓએ પગ લુસીને ખાળમાં નાખી દીધી છે, માટે જો તે જુનીની જરૂર હોય તો પૂછીને લઈ જાઓ. તેણે જઇને રાજાને કહ્યું, ત્યારે રાણીએ કહ્યું કે આપણામાં અને વણિકમાં કેટલો તફાવત છે? રાજાને શાલિભદ્રને જોવાની ઇચ્છા થવાથી માણસને શાલિભદ્રને બોલાવી લાવવા મોકલ્યો. ત્યારે ભદ્રાએ રાજાની પાસે જઈને કહ્યું કે મારો પુત્ર કદાપિ ઘર બહાર નીકળ્યો નથી માટે કૃપા કરીને મારા ઘેર પધારો. રાજાએ તે વાત અંગીકાર કરી. પછી રાજા શાલિભદ્રના ઘેર ગયા. ત્યાં દેવવિમાન સરખા ઘરની શોભા જોઈને રાજા ઘણો ચમત્કાર પામ્યો. ભદ્રાએ સાતમે માળ જઈ શાલિભદ્રને આ પ્રમાણે કહ્યું. આપણા શ્રેણિક રાજા તને જોવાને આપણે ઘેર આવ્યા છે માટે તું નીચે ચાલ. ત્યારે શાલિભદ્રે કહ્યું કે હે માતા મારૂં શું કામ છે? જે કિંમત બેસે તે આપીને ખરીદી લો. ત્યારે ભદ્રાએ કહ્યું કે આ કાંઈ ખરીદવાનું કરિયાણું નથી. પરંતુ આ તો આપણા તેમજ સર્વ લોકોના નાથ છે. તે સાંભળીને વિષાદથી પુત્રે વિચાર્યું કે આ સાંસારિક ઋદ્ધિને ધિક્કાર થાઓ કે મારે માથે પણ નાથ છે માટે મોટા ભોગો ભોગવવાથી શું? હું તો ચરમ જિનેશ્વર પાસે જઇને દીક્ષા લઈશ. જેથી મારે માથે કોઇ

સ્વામી રહે નહિ. આ પ્રમાણે વિરાગ દશાવાળો છતાં પણ માતાના આગ્રહથી નીચે ઉતરી રાજાને નમ્યો. રાજાએ પણ તેને આલિંગન કરી પોતાના ખોળામાં બેસાડયો. ત્યાં શાલિભદ્રની આંખમાંથી અશ્રુ નીકળતાં જોઇને ભદ્રાએ રાજાને કહ્યું કે તમો એને મૂકી દો, કારણ કે દીવ્ય ભોગોથી લાલન કરાએલા તેને મનુષ્યની માલાની ગન્ધ પીડા કરે છે. ત્યાર પછી રાજાએ તેને રજા આપવાથી તે સાતમે માળે ગયો.

ત્યાર પછી ભદ્રાએ શ્રેણિક રાજાને આગ્રહ કરીને પોતાને ત્યાં ભોજન કરાવ્યું. ત્યાં પ્રથમ સ્નાન કરતાં રાજાની વીંટી આંગળીએથી શાલિભદ્રનાં નિર્માલ્ય પદાર્થો નાખવાનો વાવમાં પડી ગઈ. રાજાને આ વાતની ખબર પડી ત્યારે ભદ્રાએ દાસીને વાવમાંથી લઈ આવવાને કહ્યું. દાસી શાલિભદ્રનાં ઉતરેલાં બધાં અલંકારો લઈ આવી. તેમાં અંગારા સરખી પોતાની વીંટી જોઈને રાજા વિસ્મય પામ્યો. અને આ ઘરેણાં કોનાં છે? એમ દાસીને પૂછયું ત્યારે દાસીએ કહ્યું કે આ તો શાલિભદ્રે સ્નાન કરીને ઉતારી નાંખેલાં અલંકારો છે. આ સાંભળી રાજા બોલ્યો કે આ બધાને ધન્ય છે અને હું પણ ધન્ય છું કે જ્યાં આવા વણિક વસે છે. અવસરે ભદ્રાએ રાજાને ઉત્તમ રસોઈ જમાડી. ભદ્રાએ રાજાને અલંકારાદિ આપીને આદર સત્કાર કર્યો. ત્યાર પછી શ્રેણિક રાજા પોતાના ઘેર ગયા.

અહીં કહેવાનો સાર એ છે કે શાલિભદ્રની એટલી બધી ઋદ્ધિ હતી કે એનું વર્ણન કરવું અશક્ય છે.

આ બધી ઋદ્ધિ એ શાલિભદ્રે પૂર્વ ભવમાં સાધુને ખીરનું ભોજન ભાવ પૂર્વક આપ્યું હતું તેનું ફલ હતું.

ત્યાર પછી શાલિભદ્રે માતા પાસે દીક્ષા લેવાની રજા માગી. ત્યારે માતાએ કહ્યું કે તારૂં શરીર ઘણુંજ કોમળ છે અને ચારિત્રનું પાલન કરવું ઘણું દુષ્કર છે. પરંતુ શાલિભદ્રે માતાને સમજાવીને છેવટે દીક્ષા લેવાની રજા મેળવી અને પોતાની બત્રીસ સ્ત્રીઓમાંથી રોજ એક એક સ્ત્રીનો ત્યાગ કરવા માંડયો.

શાલિભદ્રની બેન ધન્યકુમારને પરણાવી હતી. પતિને સ્નાન કરાવતાં રૂદન કરતી તેને જોઈને ધન્યે રૂદન કરવાનું કારણ પૂછયું, ત્યારે તેણીએ પોતાનો ભાઈ દીક્ષા લેવાનો છે અને તેથી રોજ એકેક સ્ત્રીનો ત્યાગ કરે છે વગેરે જણાવ્યું. તે સાંભળી ધન્ય કુમારે કહ્યું કે તારો ભાઇ બીકણુ છે, કારણકે તે રોજ એક એક સ્ત્રીનો ત્યાગ કરે છે. ત્યારે તેણીએ કહ્યું કે કહેવું સહેલું છે પરંતુ કરવું ઘણું દોહિલું છે. આ મેણું સાંભળીને ધન્યકુમારે કહ્યું કે હું મારી આઠે સ્ત્રીઓનો સાથેજ ત્યાગ કરીને દીક્ષા લઉં છું. તેણીએ કહ્યું કે મેં તો મશ્કરીમાં કહ્યું છે, માટે તમો મારો ત્યાગ કરો નહિ. ત્યારે ધન્યકુમારે કહ્યું કે આ જગતમાં સ્ત્રી વગેરે નાશવંત છે માટે પરમ પદની ઇચ્છાવાળાએ તેમનો ત્યાગ કરવો જોઈએ. ત્યાર પછી ધન્યકુમારે પોતાની સ્ત્રીઓ સાથે શ્રીવીર પ્રભુની પાસે દીક્ષા લીધી. આ વાત જાણીને શાલિભદ્રે પણ ઉતાવળ કરીને શ્રીવીર પ્રભુની પાસે દીક્ષા લીધી. ત્યાર પછી શ્રીવીર પ્રભુએ તેમને સાથે લઈ અન્ય સ્થળે વિહાર કર્યો.

બંને શાળા બનેવી અભ્યાસ કરીને બહુ શ્રુત થયા. અને તપ વડે કાયાને પણ ઘણી કૃશ બનાવી દીધી. ત્યાર પછી વિહાર કરતા કરતા પ્રભુ ફરીથી રાજગૃહે આવ્યા. તે વખતે માસખમણના પારણા માટે ગોચરી જવા માટે તે બંનેએ પ્રભુની રજા માગી. તે વખતે પ્રભુએ શાલિભદ્રને કહ્યું કે આજે ધન્ય સાથે તમારૂં પારણું માતાના હાથે થશે. ત્યાર પછી અતિ કૃશ શરીરવાળા તે બંને તપસ્વીઓ ભદ્રાના ઘરે આવ્યા. તે વખતે ભદ્રાના માણસો શ્રીશાલિભદ્ર ધન્ય અને જિનેશ્વરને વાંદવા જવાને ઉત્સુક હોવાથી અને બંને મુનિનાં શરીર તપથી કૃશ થએલા હોવાથી તેમને ઓળખી શકયા નહિ. તેથી તે બંને ત્યાંથી પાછા ફર્યા. રસ્તામાં દહીં વેચવા માટે આવેલી શાલિભદ્રનો પૂર્વ ભવની માતા ધન્યા મળી. શાલિભદ્રને જોઇને ધન્યાના સ્તનમાંથી દૂધની ધાર છૂટી. તેણીએ બંનેને નમીને દહીં વહોરાવ્યું. ત્યાંથી બંને પ્રભુ પાસે આવ્યા. ગોચરી આલોચીને પ્રભુને પૂછયું કે મારૂં પારણું મારી માતાના હાથે કેવી રીતે થયું ? ત્યારે પ્રભુએ દહીં આપનારી શાલિભદ્રની પૂર્વ ભવની માતા હતી એ હકીકત કહી. ત્યાર પછી પારણું કરી તે બંને પ્રભુની રજા લઈ વૈભારગિરિ ઉપર જઇને અનશન કરીને રહ્યા.

ત્યાર પછી ભદ્રા ત્યાં આવીને પ્રભુને નમીને પુત્રને વંદન કરવા ગઇ. બંનેને તપ કરતા જોઈને રૂદન કરવા લાગી. તે વખતે ત્યાં આવેલા શ્રેણિક રાજાએ ભદ્રાને કહ્યું કે હર્ષને સ્થાને શોક કરવો યોગ્ય નથી. કારણકે તપ વડે કરીને તેઓ ત્રણ લોકના મસ્તકે જનારા છે. આ પ્રમાણે

બોધ પામેલી ભદ્રા બંનેને નમીને પોતાને ઘેર જઇ. શ્રેણિક રાજા પણ બંનેને નમીને સ્તવીને મ્હેલમાં ગયા. બંને મુનિઓ સમાધિ પૂર્વક અનશન વડે મરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં એકાવતારી દેવ થયા. આ પ્રમાણે સુપાત્ર દાનનું (અતિથિ સંવિભાગનું) ફળ જાણીને ભવ્ય જીવોએ સુપાત્ર દાન દઈને આત્મકલ્યાણ જરૂર કરવું જોઇએ.

॥ ઇતિ શાલિભદ્ર કથા ॥

**અવતરણ:**—એ પ્રમાણે ૨૬ મા અતિથિ સંવિભાગ વ્રતનું દ્વાર કહ્યું. હવે અનુક્રમે આવેલું ૨૭ મું સપ્તક્ષેત્રી (સાત ક્ષેત્રનું) દ્વાર જણાવે છે:—

( इन्द्रवंशावृत्तम् )

३ २ ४
**क्षेत्रेषु सप्तस्वपि पुण्यपुष्टये, ( वृद्धये )**
७ ६ ५ १
**वपेद्धनं सम्प्रतिराजवद्धनी ।**
९ १३ १४
**कृषीवलः केवलशालितन्दुलान् ,**
१५ ११ १२ ८ १०
**वपेत्स किं योऽखिलसस्यलालसः ॥ ५६ ॥**

પુણ્ય પોષણ કાજ સંપ્રતિ રાજની જિમ દ્રવ્યને,
ધનિક સાતે ક્ષેત્રમાં પણ જરૂર વાવે હર્ષને;
ધારીજ જેને ચાહના છે સર્વ જાતિક ધાન્યની,
તેહ ખેડૂત શું કરે ? કદી વાવણી ડાંગર તણી. ૧.

**શ્લોકાર્થ:**—ધનવાન પુરૂષ સાતે પણ ક્ષેત્રોમાં પુણ્યની પુષ્ટિ માટે સમ્પ્રતિ રાજાની જેમ ધન વાવે (વાપરે). દૃષ્ટાન્ત કહે છે–જે ખેડુત સમસ્ત ધાન્યની ઈચ્છાવાળો હોય તે શું એકલા શાલિને (ડાંગરને) વાવે? અર્થાત્ ન વાવે એટલે ઘણા પ્રકારના ધાન્યને વાવે. ૫૫

**સ્પષ્ટાર્થ:**—હવે સાત ક્ષેત્રના દ્વારનું વર્ણન કરે છે. તેમાં ૧ જિનબિંબ, ૨ ચૈત્ય, ૩ જ્ઞાન, ૪–૭ સંઘ એટલે ૪ સાધુ ૫ સાધ્વી ૬ શ્રાવક ૭ શ્રાવિકા એમ સાત પ્રકારનાં ક્ષેત્ર કહ્યાં છે. ધનવાન પુરૂષ સમ્પ્રતિ નામના રાજાની જેમ ઉપર ગણાવેલાં સાતે પણ ક્ષેત્રમાં પુણ્યની પુષ્ટિને માટે અથવા વૃદ્ધિને માટે ધન વાવે છે. જેમ યોગ્ય ક્ષેત્રમાં વાવેલું ધાન્ય તે વાવનારને વાવ્યા કરતાં અનેક ગુણા ધાન્યરૂપી ફૂલને આપનારૂં થાય છે તેમ આ સાત ક્ષેત્રોમાં વાવેલું એટલે વાપરેલું ધન પણ ઘણાં પુણ્યની પુષ્ટિ માટે થાય છે. માટે ધનવાન પુરૂષે પણ પોતાના ધનનો આ સાત ક્ષેત્રોમાં ધન વાપરીને ઉપયોગ કરવો. જેથી તેમને અનેકગણું (બહુ) ફળ મળે. આ સાતે ક્ષેત્રમાં પોતાનું દ્રવ્ય વાપરીને સમ્પ્રતિ રાજાએ પણ ઘણા પુણ્યને ઉપાર્જન કર્યું હતું. અહીં એવી શંકા થાય કે શું એક ક્ષેત્રમાં ધન વાપરવાથી પુણ્યની પુષ્ટિ ન થાય કે જેથી સાતે ક્ષેત્રમાં વાપરવાનું કહ્યું? તો તેના જવાબમાં કવિરાજ દૃષ્ટાન્ત આપીને સમજાવે છે કે જે ખેડુતને સઘળા પ્રકારના ધાન્ય મેળવવાની ઈચ્છા છે તે ખેડુત શું એકલી ડાંગરજ વાવે છે? અથવા સમસ્ત પ્રકારના અનાજની ઈચ્છાવાળો ખેડુત જો અનેક પ્રકારનું ધાન્ય

વાવે, તો જ તેને ધાન્ય પણ અનેક પ્રકારનું મળે છે. એક ધાન્ય વાવનારને તે એક જ ધાન્યનું ફળ મળે છે. માટે જેને અનેક પ્રકારે પુણ્યની પુષ્ટિ કરવી હોય તે ભવ્ય જીવ પોતાના દ્રવ્યને સાતે ક્ષેત્રોમાં વાવે છે-વાપરે છે અને તેથી ફલ પણ અનેક પ્રકારનું મેળવે છે. ૫૫

## સમ્પ્રતિ રાજાની કથા—

અવન્તી નામની મોટી નગરી હતી. તે નગરીમાં વિહાર કરતા આર્ય સુહસ્તીસૂરિ વગેરે મુનિવરો પધાર્યા. તે આચાર્યના અનેક સાધુઓ નગરીમાં ગોચરી માટે નીકળ્યા. તે વખતે એક રંક પુરૂષ કોઈક શ્રાવકના દ્વાર આગળ ઉભો ઉભો ભિક્ષા માગી રહ્યો છે. તેને કોઇ કાંઈ ખાવાનું આપતું નથી. પરંતુ આ મુનિઓને તો બોલાવીને તેમની ઇચ્છા ન હોય તે છતાં મોદક વગેરે આપે છે. તે જોઈને તે રંક પુરૂષ વિચારે છે કે મને માગવા છતાં કોઈ આપતું નથી અને આ મુનિઓને આગ્રહથી આપે છે તેનું કારણ તેમનો ધર્મ છે. અને હું પાપી હોવાથી મને કોઈ આપતું નથી. આ સાધુઓ દયાલુ છે માટે હું તેમની પાછળ જાઉં તો મને તેઓ મોદક આપશે. આવા વિચારથી તે રંક પુરૂષ સાધુઓની પાછળ પાછળ તેમના ઉપાશ્રયે ગયો. ગુરૂને નમીને તે રંકે કહ્યું કે મને ઘણી ભૂખ લાગી છે. શ્રાવકોએ તમને ઘણા મોદક આપ્યા છે માટે મને એક મોદક આપો. ત્યારે ગુરૂએ હસીને કહ્યું કે જો તારે લાડુ ખાવા હોય તો આ લોક અને પરલોકમાં સુખ આપનાર ચારિત્ર અંગીકાર

કર. કારણ કે અમારાથી સાધુ સિવાય બીજાને મોદક અપાય નહિ. ત્યારે તે રંકે કહ્યું કે જેમ તમને યોગ્ય લાગે તેમ કરો.

પછી ગુરૂએ તેને દીક્ષા આપી. ત્યાર પછી ઘણા ભૂખ્યા એવા તેણે કંઠ સુધી ધરાઈને મોદક ખાધા. મોદક ખાઈને પ્રસન્ન થએલા મનવાળો તે વિચાર કરે છે કે અહો ગુરૂએ મને ભૂખ અને સંસાર સમુદ્રથી તાર્યો છે. અહો આ કૃપાલુ આચાર્યની મારા ઉપર કેવી પ્રીતિ કે જેથી એક વખત માગ્યાથી મને મોદક મળ્યા. વગેરે શુભ ભાવના ભાવતાં અને સિદ્ધાન્તના અર્થ સાંભળતાં તેનો દિવસ સુખમાં પસાર થઈ ગયો. ઘણો સ્નિગ્ધ આહાર ધરાઈને ખાધો હોવાથી રાત્રીમાં તેને વિસૂચિકા (અજીરણ–મરડો) થઈ તેથી શુભ ધ્યાનમાં મરણ પામીને પાટલીપુત્રમાં ચન્દ્રગુપ્ત રાજાના વંશમાં કુણાલ રાજાની પટરાણીની કૂખમાં પુત્ર રૂપે ઉત્પન્ન થયો. આ પ્રમાણે એક દિવસ ચારિત્ર પાળવાથી તેને રાજ્યની પ્રાપ્તિ થઇ. પિતાએ સમ્પ્રતિ નામ પાડ્યું. તે સમ્પ્રતિ રાજા થયા અને મહાપરાક્રમી તે સમ્પ્રતિ રાજા ત્રણ ખંડ પૃથ્વી જીતીને તેના અધિપતિ થયા.

હવે એક વખત સમ્પ્રતિ રાજા ઉજ્જયિની નગરીમાં આવ્યા છે અને પોતાના મહેલની બારીએ બેઠા છે. તે વખતે તેમણે આર્ય સુહસ્તીસૂરિને જોયા. તેમને જોઈને પૂર્વના સંસ્કારને લીધે એવા વિચાર આવ્યા કે મેં આ ગુરૂને કોઈક ઠેકાણે જોયા છે. વિચારમાં એકાગ્ર થએલા સમ્પ્રતિ રાજાને જાતિ સ્મરણ જ્ઞાન થયું. અને તેથી રાજાએ પોતાનો સર્વ પૂર્વ ભવ જોયો. ગુરૂ ઉપરની ભક્તિથી તે

રાજા નીચે ઉતર્યો. ગુરૂને પગે પડીને કહ્યું કે હે ગુરૂ મહારાજ! તમો મને ઓળખો છો? ત્યારે સૂરિએ કહ્યું કે રાજાને કોણ ન ઓળખે. રાજાએ ફરીથી કહ્યું કે તમો તમારા શિષ્યને ઓળખો છો કે નહિ? ત્યારે ગુરૂએ પણ શ્રુતના ઉપયોગથી રાજાનો સઘળો વૃત્તાન્ત જાણ્યો.

ત્યાર પછી રાજાએ કહ્યું કે પહેલાં દીક્ષાના દાનથી મારો ઉદ્ધાર કર્યો તેમ હવે પણ ધર્મ પમાડીને ઉદ્ધાર કરો. ત્યારે સૂરીશ્વરે કહ્યું કે હે રાજન્! આ સમ્પત્તિઓ જો સારા ક્ષેત્રોમાં વાપરવામાં આવે તો સુક્ષેત્રમાં વાવેલા બીજની જેમ મોક્ષ પદને પ્રાપ્ત કરાવનારી થાય અને ખરાબ ક્ષેત્રમાં વાવવાથી (વાપરવાથી) દુર્ગતિને આપે છે. અરિહંતનું ચૈત્ય તથા પ્રતિમા, સિદ્ધાન્ત તથા ચાર પ્રકારનો સંઘ એમ સાત પ્રકારનાં ક્ષેત્રો જિનેશ્વરોએ કહેલા છે. જે ધનવાન પુરૂષ આ સાત ક્ષેત્રોમાં ધન વાપરે છે તે ભવે ભવે સમ્પત્તિને મેળવે છે અને અક્ષય સમ્પત્તિ એટલે મોક્ષ પણ મેળવે છે. પરંતુ જે લક્ષ્મીનો સદ્વ્યય કરતો નથી તે તેના ભારથી નીચે જાય છે.

આ પ્રમાણે દેશના સાંભળી સમ્પ્રતિ મહારાજા દાન વગેરે ધર્મ કૃત્યો કરવા લાગ્યા. તેમણે ઠેકાણે ઠેકાણે દેરાસરો કરાવ્યાં. રત્નમય અને સુવર્ણમય અનેક પ્રતિમાઓ બનાવરાવી. જૈનેન્દ્ર આગમનાં પુસ્તકો લખાવ્યાં. તથા સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકા એ ચતુર્વિધ સંઘની ભક્તિ કરી. અનેક જીર્ણોદ્ધાર કરાવ્યા એમ અનેક ધર્મ કાર્યોમાં

પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરીને છેવટે સમાધિ મરણ પામીને સ્વર્ગમાં ગયા. માટે હે ભવ્યો ! તમારે પણ સાતે ક્ષેત્રમાં યથાશક્તિ લક્ષ્મી વાપરી માનવ જીંદગી સફળ કરવી.

॥ ઇતિ સમ્પ્રતિ રાજાની કથા ॥

**અવતરણ:**—એ પ્રમાણે સાત ક્ષેત્રમાં દ્રવ્ય વાપરવાનું માહાત્મ્ય દેખાડીને હવે એક એક ક્ષેત્રનો વિશેષતાથી મહિમા દેખાડે છે:—

( इन्द्रवंशावृत्तम् )

२ १ ४ ३ ८ ७ ५ ६
क्षेत्राणि सप्तापि फलन्ति सर्वमप्येककं कल्किजवत्सुजुष्टम् ।
९ १० ११ १३ १२ १४
यत्पुण्य मारात्रिकसप्तदीपैरेकेन तन्मङ्गलदीपकेन ॥ ५७ ॥

ક્ષેત્ર સાતે ફલ દીયે પણ તેહવી અનુકૂલતા,
જો ન હોવે સાચવે તો એકને રાજી થતા;
આરતી ને સાત દીવા તે ઉતાર્યે પુણ્ય જે,
ભાવથીજ ઉતારતા મંગલ પ્રદીપ તે સંપજે. ૧

**શ્લોકાર્થ:**—સાતે ક્ષેત્રો પણ સર્વ પ્રકારના ફલ આપનાર થાય છે, પરંતુ સારી રીતે સેવેલું એક એક ક્ષેત્ર પણ કલ્કિ પુત્રની જેમ સર્વ પ્રકારનાં ફલ આપનારૂં થાય છે. આરતીના સાત દીવાથી જે પુણ્ય થાય છે તે પુણ્ય એક મંગલ દીવાથી પણ થાય છે. ૫૭

**સ્પષ્ટાર્થ**:--કવિરાજ જણાવે છે કે સાત ક્ષેત્રોમાં ધન વાપરવાથી સર્વ પ્રકારનાં ફલ મળે છે તેમાં આશ્ચર્ય નથી કારણ કે સાતે ક્ષેત્રમાં ધનનો ઉપયોગ કરનારને સર્વ પ્રકારનું ફળ મળે જ છે. પરંતુ ઓછી અનુકૂલતાવાળા જીવો આ ક્ષેત્રોમાંથી એક પણ ક્ષેત્રનું સારી રીતે સેવન કરે એટલે કે સાતે ક્ષેત્રમાંથી કોઈ પણ ક્ષેત્રમાં ધન વાપરે, તો પણ તેને સર્વ પ્રકારનું ફળ મળે છે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે જેમ કલ્કિ નામના પાપી રાજાનો પુત્ર દત્ત-રાજ અરિહંતના ચૈત્યોમાં દ્રવ્ય વાપરીને સ્વર્ગના સુખને ભોગવનારો થશે. આ બાબતમાં બીજું ઉદાહરણ આપતાં કવિરાજ કહે છે કે આરતીના સાત દીવાઓથી જે પુણ્ય મળે છે તે પુણ્ય એક મંગલ દીવાથી નથી મળતું ? અથવા એક મંગળ દીવાથી પણ તેટલું પુણ્ય મળે છે. તેવી રીતે એક ક્ષેત્રમાં પણ પૂર્ણ ઉલ્લાસથી સારી રીતે ધન વાપર-નારને સર્વ પ્રકારનું ફળ મળે છે. ૫૭

કલ્કિપુત્ર અથવા દત્તરાજની કથા—

શ્રીવીર પ્રભુના નિર્વાણ કાળથી ઘણો કાલ વીત્યા બાદ પાટલીપુત્ર નગરમાં દુષ્ટ આશયવાળો કલ્કી અથવા રૂદ્ર અથવા ચતુર્વક્ત્ર એ ત્રણ નામથી પ્રસિદ્ધ મ્લેચ્છ કુલનો રાજા થશે. તે વખતે મથુરા નગરીમાં કૃષ્ણ બળદેવનું મંદીર પડી જશે. ક્રૂર આશયવાળા અને અત્યંત નિર્દય એવા આ કલ્કિ રાજામાં બધા પ્રકારના કષાયો ભેગા થશે. તે વખતે વરસાદ નહિ થવાથી મોટો દુકાળ પડશે. તે નગરમાં ફરવા નીકળેલો કલ્કી રાજા તે નગરીમાં પાંચ સ્તૂપોને જોઈને પાસે રહેલા

મનુષ્યોને પૂછશે કે આ સ્તૂપો કોણે બનાવ્યા છે. ત્યારે તેઓ જણાવશે, કે પૂર્વે નંદ નામનો અપાર દ્રવ્ય ઋદ્ધિવાળો રાજા થયો છે તે રાજાએ કંજૂસાઈથી ભેગું કરેલું ઘણું ધન અહીં દાટયું છે એવું સાંભળીને તે રાજા તે સ્તૂપોને ખોદી નાખીને તેમાં રહેલું દ્રવ્ય લેશે. બીજા પણ સ્તૂપોને તે રાજા ધનના લોભથી ખોદાવી કાઢશે. તે વખતે તે કલ્કી પોતાના નગરની પૃથ્વી પણ ખોદાવી કાઢશે. ત્યારે એક શિલામયી ગાય તેમાંથી નીકળશે. ત્યાં ભિક્ષા માટે આવેલા ભિક્ષુઓને જોઈને તે શિલાની ગાય પોતાના શીંગડા તેમને ઘસશે. તે વખતે સ્થવિરો કહેશે કે ભાવી ઘણું અંધકારમય જણાય છે. તે સાંભળીને કેટલાક સાધુઓ અન્યત્ર વિહાર કરશે. પરંતુ દુર્બુદ્ધિવાળા કેટલાક કહેશે કે જો કર્મને લીધે શુભ અશુભ થવાનું છે તો તેને જગતમાં કોણ રોકી શકવાનું છે. તે વખતે કલ્કી રાજા સર્વ પાખંડીઓ પાસેથી કર ઉઘરાવશે. પાખંડીઓએ કર આપ્યો તો તમે મહર્ષિઓ કેમ ન આપો એમ કહી તે જૈન સાધુઓને પણ કનડશે. સાધુઓ રાજાને કહેશે કે અમો અકિંચન છીએ તેથી ધર્મલાભ સિવાય બીજું શું અમે આપીએ. અમારૂં રક્ષણ કરવાથી તને પુણ્યનો છઠ્ઠો ભાગ મળે છે. આ સાંભળીને કલ્કિરાજા મુનિઓ ઉપર કોપાયમાન થશે.

તે વખતે કોપેલી દેવી કલ્કિ રાજાને કહેશે કે અરે અધમ રાજા! તું મુનિઓ પાસે પણ દ્રવ્ય માગે છે માટે તારી મરવાની ઇચ્છા જણાય છે. તેથી ભય પામેલો કલ્કિ મુનિઓને ખમાવશે. ત્યાર પછી રોજ ભયંકર

ઉત્પાતો થશે. સત્તર રાત દિવસ વરસાદ વર્ષશે. અને તેથી તે નગરીનો નાશ થશે. ત્યાર પછી કલ્કિ રાજા ફરીથી નગરી વસાવશે. અને સારા વર્ષાદથી સુકાળ થશે. મુનિઓ વિહાર કરશે. જિનાલયો તથા શ્રાવકો થશે. ત્યાર પછી પચાસ વર્ષો સુધી સુકાળ રહેશે.

ત્યાર પછી નજીક થોડા કાલમાં મરણ પામનાર કલ્કી રાજા ફરીથી સાધુઓ પાસે ભિક્ષાનો છઠ્ઠો ભાગ માગશે. અને મુનિઓને કનડશે. તે વખતે સંઘ કાઉસગ્ગ કરશે. શાસનદેવી પણ કહેશે કે હે રાજન્! આ બધું અકલ્યાણકારી છે. ઈન્દ્ર વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ કરીને કલ્કીની સભામાં આવશે. અને તેને કહેશે કે આ મહર્ષિઓને તેં કેમ રોકયા છે? કલ્કી કહેશે કે તેઓ મારા નગરમાં રહે છે અને મને કર રૂપે ભિક્ષાનો છઠ્ઠો ભાગ પણ આપતા નથી. બીજા પાખંડીઓ કર આપે છે અને એ કેમ ન આપે? ત્યારે ઈન્દ્ર કહે છે કે આ સાધુઓ ધન રાખતા નથી તેમજ ભિક્ષા બીજાને આપતા નથી, ભિક્ષુ પાસેથી ભિક્ષામાંથી કર માગતાં તને લાજ આવતી નથી? માટે તું મુનિઓને છોડી દે. નહિ તો મોટો અનર્થ થશે. વિપ્રના આ વચનથી કોપેલો કલ્કી તેના સુભટોને કહેશે કે આ બ્રાહ્મણને ગળું પકડીને સભામાંથી કાઢી મૂકો. આ પ્રમાણે બોલતા કલ્કીને ઈન્દ્ર લપડાક મારીને બાળી નાખશે. અને પોતાનું ૮૬ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી મરીને ઘોર નરકમાં જશે.

ત્યાર પછી કલ્કિના પુત્ર દત્તને ઈન્દ્ર મહારાજ કહેશે કે જો તું સંઘનું રક્ષણ કરીશ તો તને જીવતો રાખીશ. નહિ તો તને

પણ સજા કરીશ. તારા પિતાને પાપનું જેવું ફળ મળ્યું તેવું તને પણ મળશે. ઇન્દ્રના વચનથી અને પિતાના પાપ ફળને જોવાથી તે જૈન ધર્મ અંગીકાર કરશે. એ પ્રમાણે કલ્કિના પુત્ર દત્તને જૈન બનાવી તેને ગાદીએ બેસાડીને ઇન્દ્ર મહારાજ સ્વર્ગમાં જશે.

પિતાના પાપના ફળને અને ઇન્દ્રની આજ્ઞાને વિચારતો દત્ત રાજા ત્યાર પછી પૃથ્વીને વિષે ઘણાં દેરાસરો બંધાવશે. અને છેવટે સમાધિ મરણથી કાળ કરીને સારી ગતિમાં જશે. કહેવાનો સાર એ છે કે દત્તરાજાની માફક સમજુ પુરૂષો ધનને સાતે ક્ષેત્રમાં વાપરે છે. અને જો તેવી શક્તિ ન હોય, તો શક્તિ અને ભાવ પ્રમાણે કોઈ પણ ક્ષેત્રમાં ધન વાપરે જેથી તેઓ સ્વર્ગના અને મોક્ષના સુખ જરૂર મેળવે છે.

॥ ઇતિ દત્તરાજાની કથા ॥

**અવતરણ:**—સત્તાવીશમું સાધારણ સાત ક્ષેત્રનું દ્વાર કહ્યું. હવે તેમાંથી એક એક ક્ષેત્રનું જુદું જુદું વિવરણ કરતાં તેમાંના પ્રથમ જિનબિંબના સ્વરૂપનું દ્વાર કહે છે:—

( वसंततिलकावृत्तम् )

७ ३ ५ ४ २ १
बिम्बं महल्लघु च कारितमत्र विद्वन्–
८ ९ १० ६
माल्यादिवत् परभवेऽपि शुभाय जैनम् ।
१५ ११ १२ १३ १४
स्यात्गुरुर्लघुरपीप्सितदायिमन्त्रः
१६ १८ १७ १९
मार्गदौस्थ्यभाविघनविघ्नभिदे न किं स्यात् ॥ ५८ ॥

જિન બિંબ મોટું કે લઘુ ભાવે ભરાવે જે નરા,
આ ભવે ને પરભવે કલ્યાણ સાધક તે ખરા;
દૃષ્ટાંત વિદ્યુન્માલી આદિક મંત્રનું અવધારીએ,
મંત્ર મોટો હોય નાનો વિઘ્ન તેથી ટાલીએ. ૧

દારિદ્રય પ્હેલાનું ટળે જિમ તેમ અહિંયા જાણીએ,
જિનબિંબ મોટું કે લઘુ કલ્યાણકારી માનીએ;
જિન બિંબકારક દર્શકોના પૂજકોના લાભમાં,
કારણ બને જલ્દી વસે કર્મો હણીને મોક્ષમાં. ૨

શ્લોકાર્થ:—આ લોકમાં કરાવેલું નાનું અને મોટું જિનનું બિંબ વિદ્યુન્માલી વગેરેના જેમ પરભવમાં પણ શુભ માટે થાય છે. મોટો અથવા નાનો પણ ઈચ્છિત આપનાર મંત્ર ધ્યાન કરનારને પ્હેલાની દરિદ્રતા અને ભવિષ્યના વિઘ્નોને નાશ કરવા માટે (સમર્થ) શું ન થાય? અથવા થાય જ. ૫૮

સ્પષ્ટાર્થ:—હવે જિનબિંબનો મહિમા જણાવતાં કવિરાજ જણાવે છે કે અહીં કરાવેલું નાનું અથવા મોટું અરિહંતનું બિંબ અથવા અરિહંતની પ્રતિમા પરભવમાં પણ કલ્યાણને માટે થાય છે. એટલે કે આ લોકમાં જ (ભવમાંજ) કલ્યાણ કરનાર થાય છે એટલું જ નહિ પરંતુ પરભવમાં પણ કલ્યાણ કરનારી થાય છે. જેમ વિદ્યુન્માલીએ કરાવેલી પ્રતિમા પરલોકમાં પણ હિત કરનારી થઇ હતી. અહીં કોઈને શંકા થાય કે મોટું બિંબ જેટલા કલ્યાણ માટે થાય તેટલા કલ્યાણ

માટે નાનું બિંબ કેવી રીતે થાય ? આ પ્રશ્નના જવાબમાં દૃષ્ટાન્ત આપીને સમજાવે છે કે ઇચ્છિત આપનારો મન્ત્ર નાનો હોય કે મોટો હોય પરંતુ તે ધ્યાન કરનારના પ્હેલાના દારિદ્રયનો અને ગાઢ (મોટાં) ભવિષ્યમાં થનાર વિઘ્નોનો નાશ કરનાર શું થતો નથી ? અથવા તો મંત્ર નાનો હોય કે મોટો હોય તે જોવાનું નથી. પરંતુ તે ઇષ્ટ સિદ્ધિ દેનાર છે કે નહિ તે જોવાનું છે. જો ઇચ્છિત આપનાર હોય તો નાનો હોય કે મોટો હોય તો પણ તે મંત્ર ધ્યાન કરનારના વિઘ્નોને દૂર કરનારો જરૂર થાય છે તેવી જ રીતે અરિહંતની પ્રતિમા નાની ભરાવી હોય કે મોટી ભરાવી હોય તો પણ તે કરાવનારને કલ્યાણને માટે થાય છે. માટે જિનબિંબ કરાવવામાં ઉદ્યમ રાખવો જોઈએ. આ બાબતમાં વિદ્યુન્માલીની કથા પ્હેલા કહેલા ઉદાયી રાજાના દૃષ્ટાન્તમાંથી જાણી લેવી. ૫૮

અવતરણ:—આ જિનબિંબ દ્વારને વિષે વિશેષ ઉપદેશ જણાવે છે:—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

४ ३ २ १
निर्मायार्हतबिम्बमार्हतपदस्थानाग्रिमं धार्मिकः,
६ ७ ८ ९ ५
स्वात्मानं च परं च निर्मलयति स्तुत्यर्चनावन्दनैः ॥
१२ १३ १४ ११ १०
मन्त्री श्रेणिकसूरिवार्द्रकसुतं मोहान्धकारस्थितं,
१७ २२ १८ १९ २१ २० १५ १६
दीपः पुष्यति कस्य कस्य न मुदं श्रेयःश्रियामास्पदम् ॥५९॥

**જિનબિંબ મોક્ષ પમાડનારૂં જાણતા ધાર્મિક જના,**
**હર્ષે ભરાવી વંદના સ્તુતિને કરીને પૂજના;**
**સ્વપરને નિર્મલ બનાવે જેમ આર્દ્ર કુમારને,**
**અભયમંત્રી દીપ કોને આપતો નહિ હર્ષને. ૧**

શ્લોકાર્થઃ—ધાર્મિક પુરૂષ મોક્ષ માર્ગના મુખ્ય કારણ રૂપ અરિહંતની પ્રતિમાને ભરાવીને સ્તુતિ પૂજા અને વંદન કરવા વડે જેમ શ્રેણિક રાજાના પુત્ર અભયકુમાર મંત્રીએ પોતાને તથા મોહ ( અજ્ઞાન ) રૂપી અંધકારમાં રહેલા આર્દ્રક કુમારને નિર્મલ કર્યો, તેમ પોતાને અને પરને નિર્મલ કરે છે. કલ્યાણ રૂપી લક્ષ્મીના સ્થાનક રૂપ દીપક કોના કોના હર્ષને પુષ્ટ કરતો નથી ? અર્થાત્ મંગલ દીવો સર્વને હર્ષ પમાડે છે. ૫૯

**સ્પષ્ટાર્થઃ**—આ શ્લોકમાં જિનબિંબની સ્તુતિ પૂજા વગેરેથી અજ્ઞાન રૂપી અંધકારનો નાશ થાય છે વગેરે બીના જણાવતા કવિરાજ કહે છે કે—ભવ્ય જીવો મોક્ષ માર્ગને અથવા તીર્થંકર પદને મેળવવામાં મુખ્ય કારણ એવા અરિહંતની પ્રતિમા ભરાવે છે. અહીં નમસ્કાર કરવા યોગ્ય પાંચ પદોમાં અરિહંત મુખ્ય છે. કારણ કે તેઓ જ પ્રથમ મોક્ષ માર્ગને જણાવનારા છે. માટે અરિહંતની પ્રતિમા બનાવાય છે. આવી અરિહંતની પ્રતિમા ભરાવીને શ્રેણિક રાજાના પુત્ર પાંચસો મન્ત્રીઓમાં અગ્રેસર અભયકુમાર હતા તેમણે આર્દ્ર દેશના આર્દ્રક રાજાના પુત્ર આર્દ્રકુમારને મોકલાવી. તેના દર્શન કરતાં આર્દ્રકુમારને જાતિ સ્મરણ જ્ઞાન થયું, તેથી પોતાનો પાછલો ભવ વગેરે જોવાથી પોતે પાછલા

ભવમાં ચારિત્ર લઈને તેની વિરાધના કરી હતી વગેરે બીના તેણે જાણી. અને તેથી તે પ્રતિમા તેમના અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરનારી થઈ. નહિ તો મ્લેચ્છ દેશમાં જેમનો જન્મ થયો છે અને જે દેશમાં ધર્મ શબ્દ સંભળાતો નથી એવા સ્થળમાં ઉત્પન્ન થએલા તેમણે તે મૂર્તિનાં દર્શન ન કર્યાં હોત તો ધર્મ કેવી રીતે પામત ? અથવા આર્દ્રકુમારને ધર્મની પ્રાપ્તિ થવામાં અરિહંત પ્રભુની મૂર્તિનું દર્શન મુખ્ય કારણ હતું. માટે જ કવિરાજ કહે છે કે ધાર્મિક પુરૂષ અરિહંતની પ્રતિમા બનાવીને પોતાને તેમજ પરને નિર્મલ બનાવે છે. અહીં શંકા થાય કે પ્રતિમા તેના બનાવનારને નિર્મલ બનાવે તે વાત સાચી પરંતુ તે બીજાને કેવી રીતે નિર્મલ બનાવે ? આ બાબતમાં દૃષ્ટાન્ત આપે છે કે કલ્યાણ રૂપી લક્ષ્મીના કારણ રૂપ મંગલ દીપક કોના કોના હર્ષને પુષ્ટ કરતો નથી ? અથવા દરેકના હર્ષને પુષ્ટ કરે છે. તેવી રીતે અરિહંતની પ્રતિમા પણ તેના બનાવનારને તથા અન્ય પૂજક દર્શક વગેરે ભવ્ય જીવોને પણ નિર્મલ બનાવે છે તે પ્રતિમાની પૂજા, વંદન વગેરે અવશ્ય કરવું જોઇએ ! આ બાબત અભયકુમાર મંત્રીશ્વર તથા આર્દ્રકુમારનું કથાનક પ્હેલાં જણાવ્યું છે ત્યાંથી જોઈ લેવું. ૫૯

**અવતરણ:**—એ પ્રમાણે બિંબ દ્વાર કહીને હવે બીજા ક્ષેત્ર રૂપ ચૈત્યદ્વાર કહે છે:—

॥ वसंततिलकावृत्तम् ॥

**तीर्थं मुदे स्वपरयोरपि कीर्तिपाल–**

**भूपालकारिततुरंगमबोधवत् स्यात् ॥**

७ १०
उद्यानसारसहकारवनं फलद्धयैं,
८ ९ १२ ११ १२
किं वप्तुरेव न पुनस्तदुपासकानाम् ॥ ६० ॥

ચૈત્યને બંધાવતાં આત્મિક આનંદ સ્વપરને,
દેખ કીર્ત્તિપાલના અશ્વાવબોધક ચૈત્યને;
આમ્રવન ફલ આપતું ફલ વાવનારાને અને,
જલસિંચનારાને તથા દે ચૈત્ય નિજ પર હર્ષને. ૧

શ્લોકાર્થ:—કીર્તિપાલ નામના રાજાએ કરાવેલા અશ્વાવબોધક ચૈત્યની પેઠે સર્વ ચૈત્ય પોતાના અને પરના હર્ષને માટે થાય છે. શું વનોમાં પ્રધાન આંબાનું વન વાવનારને જ ફલ (સંપત્તિ) આપનારૂં થાય છે? અને તેની સેવા કરનારને શું ન થાય? અર્થાત્ બંનેને ફલ (લાભ) આપનારૂં થાય છે. ૬૦

સ્પષ્ટાર્થ:—સાત ક્ષેત્રોમાં પહેલું જિનબિંબ રૂપ ક્ષેત્ર કહ્યું, ત્યાર પછી બીજું ચૈત્ય અથવા દેરાસર રૂપ ક્ષેત્ર જણાવતાં કહે છે કે ચૈત્ય એટલે અરિહંતનું દેરાસર તેના બનાવનારને તથા બીજાઓને પણ આત્મિક હર્ષ ઉત્પન્ન કરાવે છે. કારણ કે તીર્થના બનાવનારને તો પોતાના ધનનો સદુપયોગ થયો. તેમજ તેને આ દેરાસરથી ઘણાં ભવ્ય જીવો દર્શન પૂજનનો લાભ પામશે એવી શુભ ભાવનાથી હર્ષ થાય છે. તેવી જ રીતે તીર્થના દર્શન કરનારા ભવ્ય જીવો પણ તેથી હર્ષને પામે છે. દૃષ્ટાન્ત આપતાં જણાવે

છે કે જેમ કીર્તિપાલ નામના રાજાએ ભૃગુ ક્ષેત્રને વિષે તુરંગમબોધક અથવા અશ્વાવબોધક નામે ચૈત્ય કરાવ્યું તે હર્ષને માટે થયું, તેમ મંદિરના બંધાવનાર ભવ્ય જીવો પણ રાજી થાય છે. અહીં બીજું ઉદાહરણ આપતાં જણાવે છે કે સઘળાં પ્રકારના વનોમાં ઉત્તમ એવું આંબાનું વન શું તેના વાવનાર માળીને જ ફક્ત ફલની રિદ્ધિ (કેરી) આપે છે અને તેની સેવા કરનાર અથવા પાણી વગેરે પીવરાવનારને શું ફલો આપતું નથી? અર્થાત્ આપે જ છે. એટલે આંબાનું વન જેમ વાવનારને તથા તેની સેવા કરનાર બંનેને ફલ આપે છે તેવી રીતે તીર્થ (ચૈત્ય) પણ તેના બનાવનારને તથા તેની ઉપાસના કરનાર એ બંનેને હર્ષ આપનારૂં થાય છે. ૯૦

**અશ્વાવબોધ ચૈત્યની** કથા ટૂંકામાં આ પ્રમાણે જાણવી—

પ્રતિષ્ઠાન નામના નગરમાં સુમિત્ર નામે ઉત્તમ શેઠ હતો. તે શેઠને જિનેશ્વરનો ભક્ત જિનદાસ નામનો મિત્ર હતો. સુમિત્ર શેઠ પ્રસિદ્ધિની ઇચ્છાથી પાત્રાપાત્રનો વિચાર કર્યા સિવાય કુપાત્રોને દાન આપતો હતો. તેથી જિનદાસે તેને કહ્યું કે હે મિત્ર! તું તારી લક્ષ્મીને કુપાત્રોને આપ નહિ. સારા ક્ષેત્રમાં બી વાવવાની જેમ પાત્રને વિષે વાપરેલી લક્ષ્મી ઉત્તમ ફલ આપે છે, પરંતુ કુપાત્રમાં વાપરવાથી ખરાબ ફલ આપે છે. જેવી રીતે ભેંસને ઘાસ આપીએ તે તેના દૂધની વૃદ્ધિ માટે થાય છે, તેમ સુપાત્રને આપેલું થોડું દાન પણ ઘણા ફલવાળું થાય છે. પરંતુ સર્પને જો

દૂધ આપીએ તો પણ તે તેના વિષની વૃદ્ધિ કરનારૂં થાય છે. તીર્થંકર પ્રથમ પાત્ર, મુનિરાજો બીજું પાત્ર, દેશવિરતિ ત્રીજું પાત્ર અને સમકિતી ચોથું પાત્ર ગણાય છે. માટે પંડિતોએ આ ચારને વિષે પોતાની લક્ષ્મી જરૂર વાપરવી જોઈયે જેથી મોક્ષ મળે છે. હીન દીનને આપેલું દાન પ્રાણના રક્ષણ માટે અને કીર્તિદાન કાંઇક ભોગ ફલને આપનારૂં થાય છે. પરંતુ કુપાત્રને આપેલું દાન આ લોકમાં ધનના નાશ માટે અને જિનાજ્ઞાના ભંગ રૂપ હોવાથી સંસારને વધારનારૂં થાય છે. માટે કુપાત્રને ધનદાન કરવાથી ધર્મ સધાતો નથી.

આ પ્રમાણે જિનધર્મના રાગી જિનદાસે કહ્યું, ત્યારે વિવેક વિનાના સુમિત્રે કહ્યું કે હે મિત્ર! દાનમાં ચતુર પુરૂષે પાત્રાપાત્રનો વિચાર કરવો નહિ. શું વર્ષતો મેઘ પાત્રાપાત્રનો વિચાર કરે છે? અર્થાત્ નથી કરતો. તે છતાં શું તે દાની નથી ગણાતો? ગણાય છે. માટે દાનમાં પાત્રાપાત્રનો વિચાર કરવાની જરૂર નથી. આવું સાંભળીને જિનદાસે વિચાર્યું કે ઉપદેશ કરવાથી શું ફલ? આવું વિચારી તે મૌન રહ્યો. આ પ્રમાણે વિવેક વિના દાન આપીને સુમિત્રે કાંઈક ભોગ ફલવાળું કર્મ બાંધ્યું. અંતે મરણ પામીને ભૃગુકચ્છ નગરના કીર્ત્તિપાલ રાજાનો રમણીય પટ્ટતુરંગમ એટલે ઘોડો થયો. જિનદાસે પણ અનુક્રમે દીક્ષા લીધી. અને વીસ સ્થાનકની આરાધના કરી સમાધિ મરણ પામી અનુક્રમે વીસમા શ્રી મુનિસુવ્રત તીર્થંકર થયા.

આ તરફ ભૃગુકચ્છમાં ઉત્પન્ન થએલ તે ઉત્તમ ઘોડાને

(પોતાના પૂર્વ ભવના મિત્રને) ભૃગુકચ્છનો રાજા બીજે દિવસે મારી નાખશે એવું જાણીને તે પ્રભુ એકજ રાત્રીમાં સાઠ યોજન ભૂમિ ઓળંગીને મિત્રને પ્રતિબોધ કરવા માટે ભૃગુકચ્છની ઈશાન બાજુએ સમોસર્યા. રાજા તે ઘોડા ઉપર બેસીને જિનેશ્વરને નમવાની ઈચ્છાથી પરિવાર સાથે ત્યાં ગયો. જિનેશ્વરને પ્રણામ કરીને યથાસ્થાને બેઠો,

તીર્થંકરને જોઇને ઘોડાને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી તે ખરીઓ વડે જમીન ખોદે છે અને અશ્રુપાત કરે છે. અને બીકણ દૃષ્ટિથી વારંવાર પ્રભુના સન્મુખ જુએ છે. પ્રભુએ તેને જોઇને કહ્યું કે હે મિત્ર! તું ખેદ કર નહિ. મેં કહ્યા પ્રમાણે તે વખતે તેં પહેલા કર્યું નહિ. જો તે વખતે તેં મારૂં કહ્યું કર્યું હોત તો તું સ્વર્ગગામી અથવા મોક્ષગામી થયો હોત. માટે હે મિત્ર! હજી પણ સમાધિ પૂર્વક ધર્મધ્યાનમાં લીન બનીશ તો તને સ્વર્ગની લક્ષ્મી મળશે.

આ જોઇને રાજાએ કહ્યું કે હે પ્રભુ! આ અશ્વ કોણ છે? અને તમને જોઈને એને વૈરાગ્ય શાથી થયો? ત્યારે પ્રભુએ પોતાનો તથા ઘોડાનો સર્વ વૃત્તાન્ત કીર્તિપાલ રાજાને જણાવ્યો. તેથી રાજા વિસ્મય પામ્યો. પ્રભુએ ઘોડાને અરિહંતનો ધર્મ આપ્યો. અશ્વ પણ તે જૈનધર્મની આરાધના કરી સુખે મરણ પામ્યો અને દેવલોકમાં ઉત્પન્ન થયો. કીર્તિપાલ રાજાએ પણ પ્રભુ આગળ જૈનધર્મ પામીને ત્યાં અશ્વાવબોધ નામનું ચૈત્ય કરાવ્યું. અને શ્રીમુનિસુવ્રત સ્વામીની મનોહર પ્રતિમા બનાવરાવીને રાજાએ તેમાં પધરાવી. આ ચૈત્યનું દર્શન મનુષ્યોને સમ્યકત્વ પમાડનારૂં થયું.

રાજા પણ તે જ ભવમાં મોક્ષે ગયો. હજુ પણ ભૃગુકચ્છમાં આ રમણીય તીર્થ છે. અને તે કીર્તિપાલ રાજાની કીર્તિને જગતમાં ફેલાવે છે. આ પ્રમાણે સમજીને ડાહ્યા પુરૂષોએ પોતાની સ્વાધીન લક્ષ્મીને ચૈત્ય બંધાવવામાં જરૂર વાપરવી જોઇયે. જેથી આ ભવમાં ને પર ભવમાં ધર્મ સાધનની આરાધના કરી જરૂર મુક્તિના અવ્યાબાધ સુખ મળે.

અવતરણઃ—ફરીથી પણ ચૈત્ય વિધાનનું વિશેષ માહાત્મ્ય જણાવે છેઃ—

( वसंततिलकावृत्तम् )

वित्तं स्थिरं सुकृतकीर्तिकरं च बाहु-
बल्यादिवद्विविधतीर्थनिवेशकानाम् ॥
केतूल्लसद्भरतपुण्ययशोऽर्थवाद-
मष्टापदं क इव नानमदद्य यावत् ॥ ६१ ॥

વિવિધ તીર્થો થાપનારા ભવ્ય જીવો દ્રવ્યને,
સ્થિર બનાવે ને વધારે પુણ્યને યશકીર્ત્તિને;
દૃષ્ટાંત બાહુબલિ પ્રમુખનું ને ભરત ચક્રીશના,
પ્રાસાદયુત અષ્ટાપદાચલ નમત ભાગી પુણ્યના. ૧

શ્લોકાર્થઃ—બાહુબલિ વગેરેની જેમ વિવિધ તીર્થ (ચૈત્ય)ની સ્થાપના કરનારાઓનું ધન સ્થિર તેમજ પુણ્ય-

અને કીર્તિને વધારનારૂં થાય છે, ધ્વજા વડે દેદીપ્યમાન ભરત ચક્રવર્તીના પુણ્ય અને યશને ફેલાવનાર અષ્ટાપદ પર્વતને આજ સુધી કોણે નમસ્કાર કર્યા નથી ? ૬૧

**સ્પષ્ટાર્થ:**—કવિરાજ તીર્થ (ચૈત્ય)ની સ્થાપના કરનાર ભવ્ય જીવોને બીજા પણ કયા કયા લાભ થાય છે તે જણાવે છે:–પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવના પુત્ર બાહુબલી વગેરેની જેમ વિવિધ તીર્થની સ્થાપના કરનારની લક્ષ્મી સ્થિર બને છે. તેમજ તે તીર્થ તેના પુણ્યને અને કીર્તિને વધારનારૂં પણ થાય છે. માટે ભવ્ય જીવોએ પોતાના ધનનો તીર્થ સ્થાપનામાં પણ જરૂર સદુપયોગ કરવો જોઈએ. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે ઋષભદેવના જ પુત્ર ભરત ચક્રવર્તીએ ધ્વજાઓ વડે દેદીપ્યમાન અને આ અવસર્પિણી કાળમાં થએલા ચોવીસે જિનની પ્રમાણોપેત પ્રતિમાવાળું જે તીર્થ સ્થાપ્યું તે તીર્થને કોણે નમસ્કાર કર્યો નથી ? અથવા ઘણાં જીવોએ આ અષ્ટાપદ તીર્થને નમસ્કાર કર્યો છે. આ તીર્થથી ભરત ચક્રવર્તીના પુણ્ય અને યશ ચારે તરફ ફેલાયા. આ પ્રમાણે તીર્થનો મોટો મહિમા છે. ૬૧

**શ્રી બાહુબલીની કથા** ટૂંકામાં આ પ્રમાણે જાણવી––

તક્ષશીલા નામની નગરીમાં મહા પરાક્રમી શ્રીઋષભજિનેશ્વરના પુત્ર બાહુબલી રાજા રાજ્ય કરતા હતા. એકવાર છદ્મસ્થ અવસ્થામાં શ્રીઆદિનાથ પ્રભુ પૃથ્વી ઉપર વિહાર કરતા કરતા તે નગરીના બહારના ઉદ્યાનમાં સમોસર્યા. માળીએ તે હકીકત બાહુબલીને જણાવી. તેથી પ્રસન્ન થએલા તે રાજાએ તેને ચામર

છત્ર સિવાય સર્વ ઘરેણાં આપ્યા. ત્યાર પછી બાહુબલીએ વિચાર કર્યો કે પ્રભુએ અત્યાર સુધી ભરતની ઘણી ઋદ્ધિ જોઈ છે માટે અત્યારે સાંજ પડવા આવી છે તેથી રાત્રીએ મારી ઋદ્ધિ જોઈ શકશે નહિ, તેથી આવતી કાલે સવારે પોતાની સઘળી ઋદ્ધિ સહિત હું પ્રભુને ધામધૂમથી વાંદવા જઈશ. આવા વિચારથી બાહુબલી તે વખતે (સાંજે) પ્રભુને વંદન કરવા ગયા નહિ.

ત્યાર પછી પ્રધાનને બોલાવી બીજે દિવસે સવારે પ્રભુને વંદન કરવા જવા માટે ચતુરંગી સેના તૈયાર કરવાને ફરમાવ્યું. બીજે દીવસે સવારમાં વ્હેલા પ્રભુ તો કાઉસગ્ગ પારીને બીજે સ્થળે વિહાર કરી ગયા. થોડો વખત થયા પછી બાહુબલી રાજા મોટી ઋદ્ધિ સાથે પ્રભુને વંદન કરવા આવ્યા. પરંતુ પ્રભુ તે વખતે વિહાર કરી ગયા હોવાથી જણાયા નહિ પ્રભુ વિહાર કરી ગયા છે એવું જાણી પોતાના મંદ ભાગ્યને નિંદતો બાહુબલી વિલાપ કરવા લાગ્યો. તેથી તેમનું બધું સૈન્ય પણ વિલાપ કરવા લાગ્યું. છેવટે પ્રધાનોએ રાજાને સમજાવ્યું કે પ્રભુ તો અપ્રતિબદ્ધ વિહારી છે તેથી બીજે વિહાર કરી ગયા. પરંતુ પ્રભુ જે સ્થળે કાઉસગ્ગમાં રહ્યા હતા તે સ્થળે પ્રભુના બે ચરણથી અલંકૃત જિન પ્રાસાદ કરાવો. જેથી પ્રભુની હંમેશની યાદગીરી રહેશે, તે ઉપરથી બાહુબલીએ ત્યાં રત્નમય પીઠિકા (ઓટલી) બનાવી. પ્રભુના ચરણકમલની સ્થાપના કરી. પછી રાજા હંમેશાં તેની આરાધના (ભક્તિ-દર્શન) કરવા લાગ્યો. ત્યાર પછી તેમના વંશમાં થએલા લાખો રાજાએ તે તીર્થની

આરાધના કરી. છેવટે જ્યારે આ દુઃષમ આરાના પ્રભાવથી મ્લેચ્છોનું બળ વધી ગયું ત્યારે તે તીર્થ તેમના હાથમાં ગયું, અને ત્યારથી તે હજ એ નામનાં તીર્થ રૂપે ઓળખાયું. આ પ્રમાણે તીર્થ કરાવનારનું ધન કીર્તિને વધારનારૂં થાય છે એવું જાણીને સ્વર્ગ અને મોક્ષની ઇચ્છાવાળા ભવ્ય જીવોએ પોતાનું ધન તીર્થની અંદર જરૂર વાપરવું જોઈએ.

॥ ઇતિ બાહુબલિ કથા ॥

## ॥ ભરત ચક્રવર્તીએ કરાવેલ અષ્ટાપદ તીર્થની કથા ॥

પ્રથમ શ્રી ઋષભ જિનેશ્વર એક લાખ પૂર્વ વર્ષ સુધી ચારિત્ર પાળીને અષ્ટાપદ પર્વત ઉપર મોક્ષે ગયા. તે વખતે ઘણા દેવો ભેગા થઈને પ્રભુની ઉર્ધ્વદૈહિક ક્રિયા (નિર્વાણ પાછળની ક્રિયા) કરીને પોત પોતાને સ્થાને ગયા. પ્રભુની ઉપર ભક્તિવાળા તેમના પુત્ર શ્રીભરત ચક્રવર્તીએ જે સ્થળે પ્રભુ નિર્વાણ પામ્યા તે જગા ઉપર પોતાના વર્ધકિ રત્નની પાસે ચાર દ્વારવાળું અને શુભ આકારવાળું એક યોજન લાંબુ અને ત્રણ ગાઉ ઉંચું જિનાલય બંધાવ્યું. તે જિનાલય નન્દીશ્વર દ્વીપના જિનાલય જેવું હતું અને તે સિંહનિષદ્યા નામે પ્રસિદ્ધ થયું. તે તીર્થને વિષે પોત પોતાના વર્ણ અને પ્રમાણવાળી ચોવીસે જિનેશ્વરોની પ્રતિમાઓ સ્થાપન કરી. તે જિનાલયને સુવર્ણના દંડ અને કલશથી શણગાર્યું. તેના ઉપર ફરકતી ધ્વજાઓ ભરત રાજાની કીર્તિને ચારે બાજુ ફેલાવતી હોય તેવી જણાય છે. આ પ્રમાણે તીર્થને વિષે પોતાનું ધન

વાપરી ભરત ચક્રવર્તીએ જેમ મુક્તિના અવ્યાબાધ સુખ મેળવ્યાં, તેમ ભવ્ય જીવોએ પણ તીર્થ ભક્તિના પ્રભાવે અવ્યાબાધ મુક્તિનાં સુખ મેળવવાં.

॥ ઈતિ ભરતકારિત અષ્ટાપદ કથા ॥

અવતરણઃ—એ પ્રમાણે ઓગણત્રીસમું ચૈત્યદ્વાર કહીને હવે ત્રીજું ક્ષેત્ર જે શ્રુતજ્ઞાન તે રૂપ ત્રીસમા દ્વારનું સ્વરૂપ જણાવે છેઃ—

( वसंततिलकावृत्तम् )

६ ५ ७ ८
ज्ञानं जगत्त्रयहितं पुनरप्यधीते,
२ ३ ४ १
ज्ञोऽप्यार्यरक्षित इवेतरशास्त्रपाठैः ॥
९ १० ११
ये स्वर्णधीकनककाचकृतादरास्ते
१३ १२ १४ १५ १६
हेमैव सत्यमधिगत्य किमु त्यजन्ति ॥ ६२ ॥

જિન કથિત શ્રુતજ્ઞાન હિતકર ત્રણ જગતનું જાણિયે,
આર્યરક્ષિતની પરે ભણિયે સુણી અવધારિયે;
અન્ય શાસ્ત્રજ્ઞાન તેવો લાભ ના દે જે કરે;
કામ સોનું કાચ પીળો કામ તેવું ના કરે. ૧

શ્લોકાર્થઃ—અન્ય શાસ્ત્રોના અભ્યાસ વડે પંડિત છતાં પણ શ્રીઆર્યરક્ષિતની પેઠે ત્રણ જગતમાં હિતકારી જ્ઞાનનો ફરીથી અભ્યાસ કરે છે. દૃષ્ટાન્ત કહે છે કે જેઓએ

સોનાની બુદ્ધિથી સુવર્ણ સરખા દેખાતા કાચને વિષે આદર કર્યો છે તેઓ સાચા સોનાને મેળવીને શું તેનો ત્યાગ કરે? અર્થાત્ ન કરે. ૬૨

**સ્પષ્ટાર્થ**:—હવે કવિરાજ ઇતર એટલે અન્ય ધર્મીઓના શાસ્ત્ર કરતાં જૈનાગમની વિશેષતાં જણાવતાં કહે છે કે શ્રીઆર્યરક્ષિતે અન્ય અન્ય દર્શનોનો અભ્યાસ કરીને પંડિતપણું મેળવ્યું હતું, અથવા તે લોકોમાં મહા વિદ્વાન તરીકે મનાયા હતા, છતાં પણ તેમણે ત્રણ જગતને હિતકારક એવા જૈનાગમનો ફરીથી અભ્યાસ કર્યો. આ શ્રુતજ્ઞાન આ લોક અને પરલોક એ બંને લોકમાં હિતકારક હોવાથી ત્રણ જગતને હિતકારક કહ્યું છે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં કવિરાજ જણાવે છે કે કોઇક માણસે આ સોનું છે એવું માનીને સોના જેવો જણાતો કાચનો કકડો ગ્રહણ કર્યો તે માણસ જ્યારે સાચા સોનાને મેળવે ત્યારે તે (મનુષ્ય) તે સાચા સોનાનો ત્યાગ કરે? અથવા સાચા સોનાને ઓળખનાર જેમ તેનો ત્યાગ કરતો નથી તેમ સાચું જ્ઞાન ઓળખનાર સાચા જ્ઞાનનો પણ ત્યાગ કરતો નથી જ. ૬૨

## શ્રી આર્યરક્ષિતસૂરિની કથા

માહેશ્વરી નામની નગરીમાં સોમદેવ નામે બ્રાહ્મણોમાં અગ્રેસર બ્રાહ્મણ હતો. તેને ફલ્ગુમિત્રા નામની સ્ત્રી હતી. તે જિનેશ્વરની આજ્ઞાનું પાલન કરનારી હતી. તેમને આર્યરક્ષિત નામે પુત્ર હતો. તેણે વિદ્યાનો અભ્યાસ કરવા માટે પોતાના દેશનો ત્યાગ કર્યો. પરદેશમાં રહીને બધા લૌકિક શાસ્ત્રોનો

અભ્યાસ કર્યો. અભ્યાસ કરીને ઘેર આવ્યા ત્યારે નગરના લોકોએ તેમનો મોટો પ્રવેશ મહોત્સવ કર્યો, પછી તેમણે જન સમુદાયને વિદાય કરી ઘરમાં આવીને પોતાની માતાને નમસ્કાર કર્યો. ત્યારે માતાને ઉદાસ જોઇને કહ્યું કે હે માતા! બધા લોકો મારા આવવાથી રાજી થયા છે ત્યારે તમે ઉદાસ કેમ છો? ત્યારે માતાએ કહ્યું કે જો તેં દૃષ્ટિવાદનો અભ્યાસ કર્યો હોત તો તને આવેલો જોઈને મને ઘણો આનંદ થાત.

માતાની વાત સાંભળી આર્યરક્ષિતે વિચાર્યું કે મારા અભ્યાસથી જો કે સમસ્ત લોક સન્તોષ પામ્યો, પણ જેથી મારી માતા જ સન્તોષ ન પામે તો તે અભ્યાસ શા કામનો? હજુ પણ હું કાંઈ ભણું જેથી માતાને હર્ષ થાય. કારણ કે માતા સંતોષ પામે તો ત્રણ જગત સંતોષ પામેલું જ છે. તેથી તેમણે માતાને પૂછયું કે દૃષ્ટિવાદ કોણ ભણાવે છે તે કહો. ત્યારે તેણીએ કહ્યું કે તેના ભણાવનાર સૂરિ મહારાજ તારા મામા અહીંજ વનમાં રહેલા છે.

ત્યાર પછી આર્યરક્ષિત સવારમાં વ્હેલા દૃષ્ટિવાદ ભણવા સારૂ પોતાના ઘેરથી નીકળી ગયા. વનમાં જતાં તેમને મલવાને આતુર મિત્ર શેરડીના સાડા નવ સાંઠા લઇને આવતો સામો મળ્યો. તેમણે તેને સ્નેહથી ભેટીને પોતાને ઘેર મોકલ્યો. મિત્રે ઘેર જઈને તે સાંઠા આર્યરક્ષિતની માતાને આપ્યા. આથી માતાએ વિચાર્યું કે આ નિમિત્તથી સંભવ છે કે મારો પુત્ર સાડા નવ પૂર્વો ભણશે. આર્યરક્ષિતે ઉદ્યાનમાં જઈ ગુરૂને વાંદીને કહ્યું કે મને દૃષ્ટિવાદ ભણાવો. ત્યારે

ગુરૂએ કહ્યું કે આ દૃષ્ટિવાદ દીક્ષિત સાધુઓથી જ ભણી શકાય છે પરંતુ શ્રાવકને ભણાવાય નહિ. ત્યારે આર્યરક્ષિતે કહ્યું કે મને દીક્ષા આપીને ભણાવો. ત્યારે ગુરૂએ તેમને દીક્ષા આપી અને સઘળો સાધુનો આચાર શીખવ્યો.

ત્યાર પછી થોડા જ વખતમાં તેઓ અગિઆર અંગ ભણી ગયા. ત્યાર પછી પોતે ભણેલા પૂર્વો કાંઇક શીખવીને ગુરૂએ કહ્યું કે હવે હું આનાથી આગળ પૂર્વ જાણતો નથી માટે તમે શ્રી વજ્રસ્વામીની પાસે જાઓ અને ઉલ્લાસથી બાકીના પૂર્વનો અભ્યાસ કરો. આ પ્રમાણેની ગુરૂની આજ્ઞાથી તેઓ વજ્રસ્વામીની પાસે ગયા અને નવ પૂર્વ સંપૂર્ણ ભણ્યા ને દશમા પૂર્વનો કાંઇક અભ્યાસ થયો. ત્યારે ઉદ્વેગ પામેલા આર્યરક્ષિત મુનિએ કહ્યું કે હવે કેટલું ભણવાનું બાકી રહ્યું છે. ત્યારે તેમણે કહ્યું કે સમુદ્રમાંથી ટીંપા જેટલું તમે ભણ્યા છો. અને બીજું બધું હજી બાકી છે. તે વખતે નિરૂત્સાહી બનેલા તેમણે તેમની રજા લીધી અને પોતાને તેડવા આવેલા પોતાના નાના ભાઈ આર્ય ફલ્ગુરક્ષિતની સાથે ગુરૂની પાસે આવ્યા.

ત્યાર પછી રાજી થએલા સૂરિવરે આર્યરક્ષિતને પોતાને પદે સ્થાપન કર્યા અને તેમને આચાર્ય પદવી આપી. પૃથ્વી ઉપર વિચરતા આર્યરક્ષિતસૂરિએ ઘણા જીવોને પ્રતિબોધ પમાડયો. તેમણે પોતાની માતા, પિતા તથા પોતાના ભાઈ આર્યફલ્ગુ વગેરે સઘળાં સગાંઓને દીક્ષા આપી અને ઉત્તમ ગતિ પમાડી. એ પ્રમાણે આર્યરક્ષિતસૂરિ ઘણા લાંબા વખત સુધી શ્રીઅરિહંત શાસનની પોતાના રૂડા જ્ઞાન વડે પ્રભા-

ધના કરીને સમાધિ મરણ પામીને ત્રીજા દેવલોકમાં ગયા. આર્યરક્ષિતસૂરિની જેમ ભવ્ય જીવોએ ઉત્તમ શ્રુત જ્ઞાનની આરાધના કરી પોતાનો અને પરનો ઉદ્ધાર કરવો.

॥ ઈતિ આર્યરક્ષિતસૂરિ કથા ॥

અવતરણઃ—ફરીથી પણ શ્રુત ભક્તિની વિશેષતા જણાવે છેઃ—

( मालिनीवृत्तम् )

३ ४ ६ ५ ८ ७
पठ पठति यतस्वान्नादिना लेखय स्वैः,
९ ११ १० २ १३ १२ १४
स्मर वितर च साधो (साधौ) ? ज्ञानमेतद्धि तत्त्वम् ॥
१७ १८ १५ १६ १९
श्रुतलवमपि पुत्रे पश्य शय्यंभवोऽदात् ,
२० २१ २६ २२ २३ २५ २४
जगति हि न सुधायाः पानतः पेयमन्यत् ॥ ६२ ॥

હે ભવ્ય! ભણ શ્રુતજ્ઞાન કરતું સ્હાય નિત ભણનારને,
અન્નાદિ દેઈ લખાવજે ધન વાપરીને તેહને;
યાદ કર તું અન્યને તે આપજે તે તત્વને,
પુત્રને શય્યંભવે આપ્યું જ અમૃતપાનને. ૧

અન્ય પીણામાં ચઢે જિમ પાન અમૃતનું ખરે,
અન્ય જ્ઞાને તેમ જિન શ્રુત જ્ઞાન ઉત્તમ ઉચ્ચરે;
તેહથી તત્વો પિછાણી ધર્મ નિર્મલ સાધીએ,
છંડી કષાયો વિષયને નિર્વાણના સુખ પામીએ. ૨

**શ્લોકાર્થ**:—હે સજ્જન ! જ્ઞાન ભણ. જ્ઞાનનો પાઠ કરનારને અન્નાદિ વડે સહાય કરો દ્રવ્યથી જ્ઞાન લખાવો, જ્ઞાનનું સ્મરણ કરો. અને બીજાને જ્ઞાન દાન કર. કારણ કે જ્ઞાન એજ તત્ત્વ છે. જુઓ શય્યંભવ નામના મુનિએ પોતાના પુત્રને શ્રુતનો લેશ પણ આપ્યો. જગતની અંદર અમૃતના પાન સિવાય બીજું કોઇ ઉત્તમ પાન ( પીણું ) નથી. ૯૩

**સ્પષ્ટાર્થ**:—શ્રુતની ભક્તિ કેવી કેવી રીતે કરવી તે જણાવતાં કવિ કહે છે કે હે સજ્જન ! તમે શ્રુત જ્ઞાનનો અભ્યાસ કરો. વળી જેઓ શ્રૂતજ્ઞાન ભણે છે તેવા મુનિઓ વગેરેને આહાર તથા વસ્ત્ર વગેરેના દાન વડે સહાય કરનારા થાઓ. બીજાઓને દ્રવ્ય આપીને શ્રુતજ્ઞાન લખાવો. કારણ કે કહ્યું છે કે જે ધન્ય પુરૂષો જૈનાગમનાં પુસ્તકો લખાવે છે તેઓ સર્વ શ્રુતને જાણીને સિદ્ધિમાં જાય છે તેમાં સંશય નથી. વળી સ્મરણ કરો એટલે જે ભણ્યા હો તેને સંભારી જાઓ. તેમજ બીજાને જ્ઞાનનું દાન આપો એટલે બીજાઓને ભણાવો. કારણ કે આ જ્ઞાન એજ સાર છે. કારણ કે તે આ ભવમાં અને પરભવમાં ઉપકારી છે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે શય્યંભવ નામના સૂરિએ પોતાનો પુત્ર મનક કે જેણે તેમની પાસે આવીને બાલ્યાવસ્થામાં દીક્ષા લીધી હતી અને સૂરિએ જાણ્યું કે તેનું આયુષ્ય થોડું જ બાકી છે તેથી તેના કલ્યાણને માટે શ્રુતના સાર રૂપ દશવૈકાલિક સૂત્ર બનાવીને ભણાવ્યું. ( આ મનકપુત્રની કથા પ્હેલાં આવેલી હોવાથી ત્યાંથી જોઈ લેવી. ) જેમ જગતની

અંદર અમૃતના સિવાય બીજું કોઈ સાચું પીણું નથી તેવી રીતે શ્રુતજ્ઞાન જેવું બીજું કોઈ ઉત્તમ જ્ઞાન નથી.

અવતરણ:—એ પ્રમાણે શ્રુતજ્ઞાનના ઉપદેશ રૂપ ત્રીસમું દ્વાર કહીને હવે શ્રીસંઘનું વર્ણન કરે છે:—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

१ २ ४ ५ ३ ६ ७ ८
लोकेभ्यो नृपतिस्ततोऽपि हि वरश्चक्री ततो वासवः,
९ ११ १२ १०
सर्वेभ्योऽपि जिनेश्वरः समधिको विश्वत्रयी नायकः ॥
१४ १३ १५ १७ १६
सोऽपि ज्ञानमहोदधिः प्रतिदिनं सङ्घं नमस्यत्यहो,
२० २१ २२ १८ १९ २३ २५ २४
वैरस्वामिवदुन्नतिं नयति तं यः सः प्रशस्यः क्षितौ ॥६४॥

**લોકથી રાજા પ્રવર ચક્રીશ તેથી ઇંદ્રને,**
**શ્રેષ્ઠ જાણો સર્વથી અધિકા ગણો જિનરાજને;**
**જ્ઞાન સિંધુ તેહ પણ પ્રણમંત નિત શ્રીસંઘને,**
**વજ્રની જિમ જે કરે ઉન્નત વખાણું તેહને. ૧**

શ્લોકાર્થ:—લોકો (પ્રજા)ના કરતાં રાજા પ્રધાન છે. તેનાથી ચક્રવર્તી પ્રધાન છે, તેનાથી ઈન્દ્ર પ્રધાન છે, આ સર્વ કરતાં ત્રણ જગતના સ્વામી જે તીર્થંકર તે સર્વોત્તમ છે. આવા સર્વોત્તમ જ્ઞાનના ભંડાર સમાન તીર્થંકર પણ જે સંઘને દરરોજ પ્રણામ કરે છે તે સંઘની શ્રી વજ્રસ્વામીની જેમ જે ઉન્નતિ કરે છે તે પૃથ્વી ઉપર વખાણવા લાયક છે. ૬૪

**સ્પષ્ટાર્થ:**—શ્રીસંઘની પ્રધાનતા દેખાડતાં કવિ જણાવે છે કે લોકોની અંદર રાજા પ્રધાન અથવા શ્રેષ્ઠ છે. રાજાઓમાં પણ ચક્રવર્તી રાજા ઉત્તમ છે. એટલે રાજાઓ પણ ચક્રવર્તીને નમે છે. ચક્રવર્તીઓ કરતાં પણ વાસવ એટલે ઈન્દ્ર મહારાજ ઉત્તમ છે. આ બધાના કરતાં પણ ત્રણ જગતના સ્વામી જે તીર્થંકર તે સર્વથી ઉત્તમ છે. આ સર્વથી ઉત્તમ જ્ઞાનના ભંડાર સરખા શ્રીકેવલી તીર્થંકર ભગવાન ઉત્તમ છે. તે પણ દરરોજ શ્રીસંઘને પ્રણામ કરે છે. સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા રૂપ સંઘ જાણવો. આવો સર્વને વંદન કરવા લાયક જે સંઘ છે તે સંઘને જેઓ શ્રીવજ્રસ્વામીની જેમ ઉન્નતિ પમાડે છે તેઓ આ પૃથ્વી ઉપર ખરેખર વખાણવા લાયક છે. આ શ્રીવજ્રસ્વામીની કથા પ્રથમ આવી ગએલી હોવાથી અહીં આપવામાં આવી નથી. ૬૪

અવતરણ:—પ્હેલાં જણાવેલ શ્રીસંઘનો વિશેષ મહિમા જણાવે છે:—

( शार्दूलविक्रीडितवृत्तम् )

४ ५ ६ ७ १ २ ३ ८ ९
कोऽप्यन्यो महिमाऽस्त्यहो भगवतः सङ्घस्य यस्य स्फुरत्–,
१० ११ १३
कायोत्सर्गवलेन शासनसुरी सीमन्धरस्वामिनम् ॥
१४ १६ १२ १५ १७
नीत्वा तत्कृतदोषशुद्धिमुदितां यक्षार्यिकां चानयत्,
१८ १९ २० २१ २२ २३
किं त्वैतन्ननु तत्प्रभावविभवैस्तीर्थङ्करत्वं भवेत् ॥ ६५ ॥

કાઉસ્સગ્ગ કરેલ સંઘે મન ધરીને હર્ષને,
સીમંધર સ્વામી કને લઈ જાય યક્ષા શ્રમણીને;
શાસનસુરી પ્રભુએ કહેલી શુદ્ધિથી તે ખૂશ થઈ,
લઈ જાય તે સ્વસ્થાન તેને સંઘ પરભક્તિ ધરી. ૧

તે સંઘની સ્તવના કરી શ્રીનંદીસૂત્રે દેઈને,
વિવિધ ઉપમા સંઘભક્તિ તીર્થપતિતા ઘે અને;
રત્ન ખાણ સમાન તેમાં ભાવિ જિનવર ગણધરા,
મણનાણ અવધિ જ્ઞાનવંતા પ્રમુખ ત્યાં રત્નો ખરા. ૨

શ્લોકાર્થ:—મહાપ્રભાવશાલી શ્રીસંઘનો કોઇક અપૂર્વ પ્રભાવ જણાય છે. જે શ્રીસંઘના કાયોત્સર્ગના બલ વડે શાસનદેવી યક્ષા સાધ્વીને શ્રીસીમંધર સ્વામી પાસે લઇ ગઈ અને તેમણે (શ્રી સીમંધર સ્વામીએ) કરેલી (તેની) શુદ્ધિથી હર્ષ પામેલી તેને (યક્ષા સાધ્વીને) પાછી લઈ આવી. માટે ખરેખર શ્રીસંઘના માહાત્મ્ય રૂપી વૈભવ વડે તીર્થંકરપણું થાય (પમાય) છે. ૬૫

સ્પષ્ટાર્થ:—કવિરાજ જણાવે છે કે મહાપ્રભાવશાલી શ્રીસંઘનો કોઈ અપૂર્વ પ્રભાવ જણાય છે. કારણ કે આ શ્રીસંઘના સ્ફુરાયમાન કાઉસગ્ગનાં પ્રભાવે શ્રીશાસનદેવી શ્રીસ્થૂલીભદ્રની બ્હેન યક્ષા સાધ્વીને મહાવિદેહમાં વિચરતા તીર્થંકર શ્રીસીમંધરસ્વામીની પાસે લઈ ગઈ. ત્યાં શ્રી સીમંધરસ્વામીએ તે યક્ષા સાધ્વીના દોષની શુદ્ધિ કરી. અને પોતાની શુદ્ધિ થવાથી હર્ષિત થએલી યક્ષા સાધ્વીને તે શાસનદેવી પાછી ઉપાશ્રયે લઈ આવી. આ પ્રમાણે શાસન-

દેવી યક્ષા સાધ્વીને અહીંથી મહાવિદેહ ક્ષેત્રમાં લઇ ગઈ અને ત્યાંથી તેમને પાછી ઉપાશ્રયે લાવી તે શ્રીસંઘના કાઉસગ્ગનો અપૂર્વ મહિમા જાણવો. અહીં યક્ષા સાધ્વીનો દોષ આ પ્રમાણે જાણવો–આ યક્ષા સાધ્વી તે સ્થૂલીભદ્રના બ્હેન હતાં અને તે સાધ્વીએ પોતાના નાના ભાઇ શ્રીયકને પર્યુષણા પર્વમાં ઉપવાસ કરાવ્યો અને તે ઉપવાસને લીધે શ્રીયકને જે વિપત્તિ (મરણ) થઇ તે દોષથી તેની શ્રી સીમંધર સ્વામીએ શુદ્ધિ કરી. આ શું શ્રીસંઘનો ઓછો મહિમા છે? અથવા ઓછો નથી એટલું જ નહિ પરંતુ શ્રી સંઘના માહાત્મ્ય રૂપ વૈભવ વડે તીર્થંકરપણાની પ્રાપ્તિ પણ થાય છે. આવો શ્રી સંઘનો અપૂર્વ મહિમા જાણવો. આ બાબતની કથા આગળ શ્રીસ્થૂલિભદ્રના ચરિત્રમાં સંબંધ હોવાથી ત્યાં જણાવવામાં આવશે. ૬૫.

અવતરણ:—એ પ્રમાણે ૩૧ મું સંઘ વર્ણન દ્વાર કહ્યું. આ સંઘ સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા એમ ચાર પ્રકારનો છે. તેમાં પ્રથમ સાધુ દ્વારને વિશેષતાથી જણાવે છેઃ–

( मालिनी वृत्तम् )

६ ७ ५ ३ ४
भवति हि भवपारः शुद्धया साधुभक्त्या,
२ १
धनगृहपतिजीवानन्दवैद्येशवत्माक् ॥
९ ८ १० १२ ११
पृथुरपि हि पयोधिस्तीर्यते चारुतर्या,
१५ १६ १३ १४
तिमिरभरभृतोऽध्वा दीप्रया दीपयष्टया ॥ ६६ ॥

ધન શેઠ જીવાનંદ વૈદ્યે સાધુની ભક્તિ કરી,
સંસાર સાગરને તર્યાં તિમ ભવ્ય મુનિ ભક્તિ કરી;
પાર ભવનો શીઘ્ર પામે જેમ ઉત્તમ વ્હાણથી,
જલધિ તીરે જાય તમમય માર્ગ કાપે દીપથી. ૧

શ્લોકાર્થ:-પ્રથમ ધન નામના શ્રેષ્ઠી અને જીવાનન્દ નામના વૈદરાજની જેમ સાધુની શુદ્ધ ભક્તિ વડે ભવનો પાર પમાય છે. કારણ કે વિસ્તારવાળો પણ સમુદ્ર સુંદર હોડી વડે તરાય છે. અને અંધકારના સમુદાયથી ભરેલો માર્ગ તેજસ્વી દીપક વડે પસાર કરાય છે. ૬૬

સ્પષ્ટાર્થ:—ચાર પ્રકારના સંઘમાંથી તેના પ્રથમ ભેદ સાધુ મુનિરાજની ભક્તિ કરવાથી આ સંસારનો પાર પણ પમાય છે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે જેમ ધન નામનો ગૃહપતિ એટલે સાર્થવાહ તથા જીવાનન્દ નામના શ્રેષ્ઠ વૈદ્ય જેમ સંસાર સમુદ્રનો પાર પામ્યા, તેમ ભવ્ય જીવો સાધુની ભક્તિથી સંસારનો પાર પામે છે. અહીં એવી શંકા થાય કે નાની એવી સાધુની ભક્તિથી આ મોટો સંસાર સમુદ્ર કેવી રીતે તરી શકાય? તો તેના જવાબમાં જણાવે છે કે મોટા વિસ્તારવાળો સમુદ્ર શું નાની હોડી વડે તરી શકાતો નથી? અર્થાત્ હોડી નાની છે તો પણ તેનાથી મોટો સમુદ્ર જેમ તરી શકાય છે તેમ નાની છતાં શુદ્ધ એવી મુનિરાજની ભક્તિથી પણ આ મોટો સંસાર રૂપી સમુદ્ર તરી શકાય છે. વળી આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે અંધકારના સમૂહથી ભરેલો માર્ગ શું તેજસ્વી દીવા

વડે ઓળંગાતો નથી ? અર્થાત્ જેમ દીવો નાનો છે તે છતાં પણ ઘોર અંધકારથી ભરેલો માર્ગ તેના વડે ઓળંગી શકાય છે તેવી રીતે સાધુ મહારાજની ભક્તિ વડે આ સંસાર સમુદ્ર તરી શકાય છે. ૧૬

### ધન ગૃહપતિ તથા જીવાનંદ વૈદ્યની કથા:—

આ જંબૂદ્વીપમાં પશ્ચિમ મહાવિદેહમાં ક્ષિતિપ્રતિષ્ઠિત નામે મોટું નગર છે. ત્યાં પ્રસન્નેન્દુ નામે ન્યાયી રાજા હતો. તે નગરમાં સંપત્તિવાળો ધન નામે સાર્થવાહ હતો. એક વાર તે ધન સાર્થવાહ સાર્થની સાથે વસન્તપુર તરફ ચાલ્યો. તે વખતે ધર્મઘોષ નામે મુનિ તે સંઘ સાથે ચાલ્યા. રસ્તે જતાં ચોમાસું બેસી ગયું. તેથી આગળ જઇ શકાય તેમ નહિ હોવાથી સાર્થના લોકો ઝુપડાં બનાવીને રસ્તામાં રહ્યા. તે વખતે મણિભદ્રે આપેલા એક ઝુંપડામાં ગુરૂ પણ ચોમાસું રહ્યા. હવે ચોમાસું લાંબું ચાલવાથી લોકોની પાસેનું ભાથું પૂરૂં થઇ ગયું. તેથી સાર્થના લોકો કન્દમૂલ ફલ વગેરે ખાવા લાગ્યા, પરંતુ ગુરૂ તો તે નહિ લેતાં યથાશક્તિ તપ કરે છે. તે વખતે અપૂર્વ ભક્તિભાવવાળા સાર્થવાહે સાધુઓને પોતાના ઘેર વિનંતિ કરીને તેમને થીજા ઘીથી પ્રતિલાભ્યા (ઘી વ્હોરાવ્યું) હવે ચોમાસું પુરૂં થયું ત્યારે ધર્મઘોષ મુનિનો ઉપદેશ સાંભળી ધન સાર્થવાહે ગૃહસ્થ ધર્મ અંગીકાર કર્યો. પછી ત્યાંથી તે વસન્તપુર નગરે ગયો. ત્યાં પોતાનો સામાન વેચીને ત્યાંથી પાછો પોતને ઘેર આવ્યો. પછી આયુષ્ય પુરૂં થયે મરણ પામીને ઉત્તરકુરૂમાં ધન સાર્થવાહ યુગલિક રૂપે

ઉત્પન્ન થયા. ત્યાંથી કાલ કરીને સૌધર્મ દેવલોકમાં ઉત્તમ દેવપણે ઉપન્યા. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ગન્ધસમૃદ્ધક નામના નગરમાં શતબલ રાજાની ચન્દ્રકાન્તા નામની રાણીની કુક્ષિથી મહાબલ નામે પુત્ર રૂપે ઉપન્યો. અનુક્રમે વૃદ્ધિ પામતો યુવાવસ્થાને પામ્યો ત્યારે માબાપે વિનયવતી નામે કન્યા સાથે પરણાવ્યો. ત્યાર પછી શતબલે મહાબલને ગાદીએ બેસાડીને પોતે દીક્ષા લીધી અને અનુક્રમે કાલધર્મ પામી સ્વર્ગે ગયા. પૃથ્વીનું ન્યાયથી પાલન કરતાં મહાબલ રાજા ચાર પુરૂષાર્થને સાધવા લાગ્યા. પ્રૌઢ અવસ્થામાં સ્વયંબુદ્ધ નામના મંત્રીથી બોધ પામેલો રાજા પરમ વૈરાગ્યને પામ્યો. ત્યાર પછી પુત્રને રાજ્ય ઉપર સ્થાપીને પોતે મંત્રી સાથે દીક્ષા લીધી. અંતે અનશન કરીને સમાધિ મરણ પામ્યા અને ઈશાન દેવલોકમાં લલિતાંગ નામે દેવ થયા અને તેમને સ્વયંપ્રભા નામે દેવી હતી. તે સ્વયંપ્રભા ઘણો કાલ ભોગો ભોગવીને ત્યાંથી ચ્યવી ગઈ. અને લલિતાંગ દેવ તેણીના વિયોગથી દુઃખી થયો. તેથી નિરંતર વિલાપ કરતો અને ભૂતથી પીડાયો હોય તેમ ભમતો ભમતો તે કોઈ ઠેકાણે આનંદ પામતો નહોતો.

હવે સ્વયંબુદ્ધ મન્ત્રી પણ લાંબો વખત વ્રત પાલીને ઈશાન દેવલોકમાં દૃઢધર્મ નામનો દેવ થયો. તેણે લલિતાંગ પાસે આવીને તેને બોધ પમાડ્યો. લલિતાંગે તેને પોતાની સ્ત્રી ક્યાં ઉત્પન્ન થઇ છે એમ પૂછ્યું, ત્યારે તેણે અવધિ જ્ઞાનથી તેનો વૃત્તાન્ત જાણીને કહ્યું કે ધાતકી ખંડના મહા-વિદેહમાં નન્દિગ્રામ છે. ત્યાં નાગિલની નાગશ્રી સ્ત્રીને વિષે

છ કન્યાના ઉપર અતિ દુઃખી સાતમી પુત્રી રૂપે તમારી પ્રિયા ઉત્પન્ન થઈ છે. પુત્રીના જન્મથી દુઃખી મા બાપે તેનું નામ પણ પાડયું નથી, તેથી લોકો તેને નિર્નામિકા નામથી બોલાવે છે. અનુક્રમે વૃદ્ધિ પામેલી સાક્ષાત્ અભાગ્ય ભૂમિ સરખી તે યુવાવસ્થા પામી ત્યારે એક વખત માતાના અપમાનથી કોપાયમાન થઈને વનમાં ગઈ. ત્યાં યુગન્ધર નામના મહામુનિને જોઈને તેમને પ્રણામ કરી તેણીએ જિનેશ્વરે કહેલો ધર્મ મેળવ્યો. હાલમાં ભવથી નિર્વેદ પામેલી તેણી અનશન કરીને રહેલી છે માટે ત્યાં જઈને તેણીને તમારૂં સ્વરુપ જણાવો, જેથી મરણ પામીને તે તમારી પ્રિયા થાય. લલિતાંગે પણ તેમ કર્યું તેથી તેને વિષે રાગવાળી તે મરણ પામીને પ્રથમની જેમ સ્વયંપ્રભા નામે તેની વલ્લભા થઈ. તેણીની સાથે ક્રીડા કરતાં ઘણો કાલ પસાર થયો, એકવાર નંદીશ્વર દ્વીપે જતાં માર્ગમાં ચ્યવી ગયો. અને મરીને આજ દ્વીપમાં પૂર્વ વિદેહમાં લોહાર્ગલ નગરના રાજા સુવર્ણજંઘનો વજ્રજંઘ નામે પુત્ર થયો. સ્વયં-પ્રભા પણ ચ્યવીને પુંડરીકિણી નગરીમાં વજ્રસેન ચક્રવર્તીની શ્રીમતી નામે પુત્રી થઇ. પૂર્વ ભવના પ્રેમને લીધે તે બંનેનું બંને-ના મા બાપે મોટા મહોત્સવપૂર્વક લગ્ન કર્યું. ત્યાર પછી સ્વર્ણજંઘ રાજાએ વજ્રજંઘને ગાદીએ બેસાડીને પોતે દીક્ષા લીધી. સ્વર્ણજંઘ પણ નીતિપૂર્વક રાજ્ય કરવા લાગ્યો. રાજ્યના લોભથી પુત્રે ઝેર આપવાથી બંને મરીને યુગલિયા થયા. ત્યાંથી મરીને સૌધર્મ દેવલોકે બંને પ્રીતિવાળા દેવ થયા. ત્યાંથી ચ્યવીને ઘણા પુણ્યવાળો વજ્રજંઘનો જીવ આજ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં સુવિધિ નામના વૈદ્યનો જીવાનન્દ

નામે પુત્ર થયો. તેજ નગરમાં રાજાનો મહીધર નામે પુત્ર હતો. તથા પ્રધાનનો સુબુદ્ધિ નામે પુત્ર હતો. સાર્થપતિ સાગરનો પૂર્ણભદ્ર નામે પુત્ર હતો. ધન શ્રેષ્ઠિનો ગુણાકર નામે ચોથો પુત્ર હતો. આ તરફ શ્રીમતીનો જીવ દેવલોકથી આવીને ઈશ્વર નામના શેઠનો કેશવ નામે પુત્ર થયો.

આ પ્રમાણે જીવાનન્દ વગેરે છ જણાને પરસ્પર દૃઢ મૈત્રી થઈ. એક વાર જીવાનન્દને ઘેર રહેલા તેમણે ભિક્ષાને માટે આવેલા એક મુનિને જોયા. તે સાધુનું શરીર કૃમિના સમૂહથી વ્યાપ્ત હતું. તેમના ગયા પછી તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે આપણે પાપી છીએ, કારણ કે આ નિઃસ્પૃહ મુનિની વૈયાવૃત્ય કરવાની આપણી બુદ્ધિ થઇ નહિ. તો પછી આ ધન અને જન્મ વડે શું ?

ત્યાર પછી તે છએ જણા ગોશીર્ષચન્દન, રત્નકંબલ, લક્ષપાકતેલ વગેરે લઈને મુનિ જે સ્થળે હતા તે વનમાં ગયા. અને મુનિની રજા લઈને તેઓ તરતની મરેલી ગાયનું કલેવર લાવ્યા અને લક્ષપાક તેલ વગેરેના પ્રયોગથી મુનિના શરીરને મસળીને તેમાંથી કરમીઆઓને કાઢીને તે મૃત કલેવરમાં નાખીને મુનિના શરીરને રોગ રહિત કર્યું. મુનિએ અન્યત્ર વિહાર કર્યો અને તેઓ પણ પોતાને ધન્ય માનતા પોત પોતાને સ્થાને ગયા. ત્યાર પછી વૈરાગ્ય આવવાથી છએ જણાએ સંયમ લીધું અને સમાધિ પૂર્વક મરીને અચ્યુત દેવલોકમાં દેવ થયા.

ત્યાંથી ચ્યવીને તેમાંથી પાંચ જણા પુંડરગિણી નગરીમાં

વજ્રસેન રાજાની ધારિણી નામની રાણીના પુત્રો થયા. અને કેશવનો જીવ સુયશા નામે સારથિ થયો. તથા વૈદ્યનો જીવ વજ્ર નામે ચક્રવર્તી થયો. રાજપુત્રનો જીવ બાહુ નામે, ત્રીજો મન્ત્રી પુત્રનો જીવ સુબાહુ નામે, શેઠ અને સાર્થેશના પુત્રો પીઠ અને મહાપીઠ નામે થયા. તથા સુયશા બાલ્યાવસ્થાથી જ સારથિ થયો. બધાને પૂર્વ ભવના સ્નેહને લીધે દૃઢ પ્રીતિ થઈ.

હવે વજ્રસેન રાજા વજ્રનાભને ગાદીએ બેસાડી વ્રત લઈને તીર્થંકર થયા. વજ્રનાભ રાજા પણ સર્વ વિજયને જીતીને ચક્રવર્તી થયા. તેમણે તીર્થંકર પિતાની પાસે ધર્મ સાંભળીને પોતાના ચારે ભાઈઓ તથા સારથિની સાથે દીક્ષા લીધી. ત્યાર પછી વજ્રનાભ આચાર્ય પદ પામ્યા અને વીશ સ્થાનકની આરાધના કરી તીર્થંકર નામ કર્મ નિકાચિત કર્યું. વૈયાવૃત્ય કરતાં બાહુએ ચક્રવર્તીપણાના પુણ્યનો બંધ કર્યો. સાધુઓની વૈયાવૃત્ય કરતાં સુબાહુએ ચક્રવર્તીના બલને જીતનાર બાહુનું અપૂર્વ બલ મેળવ્યું. સાધુની વૈયાવૃત્ય અને વિશ્રામણામાં આસક્ત આ બંનેને ધન્ય છે. એ પ્રમાણે વજ્રનાભ ગુરૂએ બાહુ અને સુબાહુની પ્રશંસા કરી. તે સાંભળીને પીઠ અને મહાપીઠ વિચારવા લાગ્યા કે જેઓ કાર્ય કરનારા છે તેઓ લોકોમાં વખણાય છે અને સ્વાધ્યાયમાં તત્પર રહેનારા આપણને કોણ વખાણે ? એ પ્રમાણે માયા શલ્યથી તેઓએ સ્ત્રીત્વપણું આપનાર કર્મ બાંધ્યું. વ્રતને પાલીને અંતે અનશન કરીને તે છએ મરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ થયા. ત્યાંથી ચ્યવીને વજ્રનાભનો જીવ ઋષભ-

દેવ નામે પ્રથમ જિનેશ્વર થયા. બાહુનો જીવ ભરત ચક્રવર્તી થયો. સુબાહુનો જીવ બાહુબલી થયો. પીઠ અને મહાપીઠ માયા શલ્યથી બ્રાહ્મી અને સુંદરી થયા. સુયશાનો જીવ શ્રેયાંસ કુમાર થયા. આ બધાઓએ તે ભવમાં મોક્ષ મેળવ્યો. આ પ્રમાણે મુનિની વૈયાવૃત્ય (ભકિત) કરીને તે છ એ જણાએ ચક્રવર્તીપણું વગેરે મોટી પદવીઓ મેળવી. આ દૃષ્ટાંત મનમાં ધારણ કરી ભવ્ય જીવોએ પરમ ઉલ્લાસથી મુનિરાજની ભક્તિ કરી માનવ જન્મ સફલ કરવો.

અવતરણ:—ચાલુ સાધુભક્તિના વર્ણન પ્રસંગે વિશેષ ઉપદેશ આપે છેઃ—

( शार्दूलविक्रीडितवृत्तम् )

**दानैः प्रासुकभक्तपानवसनावासौषधानां मुने-**
**वैयावृत्यकृतेश्च विस्मयकरा भोगा बलं चाप्यते ॥**
**श्रीमद्बाहुसुबाहुवत्परभवे सा कामगव्यप्यहो,**
**सच्चारीजलदानकोमलकरस्पर्शैरलं तुष्यति ॥ ६७ ॥**

નિર્જીવ ભોજન પાન વસ્ત્રો સ્થાન ઔષધ સાધુને,
આપતા કરતા સુરંગે તેમ વૈયાવૃત્યને;
આશ્ચર્યકારક ભોગ પામે તિમ અલૌકિક શક્તિને,
દૃષ્ટાંત બાહુ સુબાહુનું તિમ કામધેનુ ગાયને. ૧

શ્રેષ્ઠ ચારો નાંખતાં જલપાન તેમ કરાવતા,
સંતોષ માંહે મ્હાલતી કોમલ કરે પંપાળતા;
ઔષધાદિક દેઈ મુનિને બાહુ ભરત નૃપતિ થયા,
વિશ્રામણાદિકથી સુબાહુ બાહુબલિ કેવલી થયા. ૨

શ્લોકાર્થ:—મુનિરાજને નિર્દોષ ભોજન, પાણી, વસ્ત્ર, નિવાસ અને ઔષધ વ્હોરાવવાથી તથા વૈયાવૃત્ય કરવાથી શ્રીમાન્ બાહુ અને સુબાહુની જેમ પરભવમાં વિસ્મયકારક ભોગો અને બલ મળે છે. અહીં દૃષ્ટાન્ત કહે છે કે તે કામધેનુ પણ સારો ચારો અને પાણી આપવાથી તથા હાથના કોમલ સ્પર્શ વડે અતિશય સંતોષ પામે છે. ૬૭

સ્પષ્ટાર્થ:—સાધુ મુનિરાજને પ્રાસુક એટલે અચિત્ત અને નિર્દોષ ભોજન, પાણી, વસ્ત્ર રહેવાનું સ્થાન તથા ઔષધ આપવાથી તેમજ તેમની વૈયાવચ્ચ કરવાથી એટલે સારસંભાળ રાખવાથી બાહુ અને સુબાહુની જેમ પરભવમાં જોનારને આશ્ચર્ય ઉપજાવનારા ભોગો અને બલ મળે છે. કારણ કે શ્રીમાન બાહુએ આગલા ભવમાં મુનિને અન્નપાન ઔષધ વગેરે લાવી આપ્યાં હતાં તો શ્રીઋષભદેવના પ્રથમ પુત્ર ભરત ચક્રવર્તી થયા. અને ચક્રવર્તીના ભોગો મેળવ્યા. તેમજ સુબાહુએ મુનિની વૈયાવચ્ચ કરી હતી તો તેમને બાહુબલિના ભવમાં એવું બલ પ્રાપ્ત થયું કે તેમણે ભરત ચક્રવર્તીને પણ જીત્યા. આ બાબતમાં કવિરાજ દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે કામધેનુ ગાયને સારો ચારો પાણી આપવામાં આવે અને કોમલ હાથે પંપાળવામાં આવે તો તે પણ ઘણી રાજી થાય

છે અને સર્વ વાંછિત પૂરે છે. એમ વિચારી મુનિને નિર્દોષ અન્ન પાન વગેરે આપવામાં તથા વૈયાવૃત્ય કરવામાં ભવ્ય જીવોએ નિરંતર ઉદ્યમવંત થવું. આ બાહુ સુબાહુની કથા આગલા શ્લોકના વિવરણમાં આપી છે. તેથી અહીં જણાવી નથી. ૬૭

અવતરણઃ—એ પ્રમાણે બત્રીસમું સાધુદ્વાર કહ્યું એટલે ચોથા ક્ષેત્રનું નિરૂપણ કર્યું. હવે સાધ્વીની ભક્તિના ઉપદેશ રૂપ પાંચમું સૂત્ર જણાવે છે:—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

१ २ ३ ४ ५ ६ ७ ८ ९
धर्मः पुंप्रभवो यदेतदिदमेवार्याऽपि पूज्या पुन-
१० ११ १३ १२ १४ १५
र्यस्या धर्मसमुद्भवो गुरुजनेष्वप्युन्नतिर्यत्पुरा ॥
१७ १९ २२ २५ २४
सौनन्देयनृपेऽन्निकासुतगुरौ श्रीचन्दनायां न किं,
१६ १८ २० २१ २६ २३
ब्राह्मी पुष्पवतीसुता किल मृगावत्यप्यभून्मुक्तये ॥६८॥

ધર્મની ઉત્પત્તિ હોવે પુરૂષથી તે સત્ય છે,
પણ જરૂર છે પૂજ્ય સાધ્વી તાસ શકિત અપૂર્વ છે;
લાભ ઉત્તમ આપતી તે ગુરૂજનોને જોઈએ,
બાહુબલિને મુકિતકારણ બ્હેન બ્રાહ્મી માનીએ. ૧
પુષ્પચૂલા અન્નિકાસુત મુકિતકારણ ધારીએ,
મુકિતહેતુ મૃગાવતી શ્રીચંદનાને વંદીએ;

**શ્રાવિકા ગણને પમાડે ધર્મ સાધ્વી વર્ગ એ,**
**તાસ ભકિત સાધીએ તો મુકિતના સુખ પામીએ. ૨**

**શ્લોકાર્થ:**—ધર્મ પુરૂષથી ઉત્પન્ન થએલો છે. તે વાત એમ જ છે એટલે આ વાત સાચી છે. છતાં સાધ્વી પણ પૂજ્ય છે. કારણ કે તેથી ધર્મ પ્રાપ્તિ અને ઉન્નતિ પૂર્વ કાલમાં થઇ છે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપે છે કે બ્રાહ્મી બાહુબલિને મુક્તિ માટે, પૂષ્પચૂલા સાધ્વી અગ્નિકાપુત્રને મુકિત માટે અને મૃગાવતી ચન્દનબાલાને મુકિત માટે શું નથી થઈ? અથવા તો થઈ છે. ૬૮

**સ્પષ્ટાર્થ:**—હવે કવિરાજ સાધ્વીઓ પણ વન્દન કરવા લાયક છે એ વાત જણાવતાં કહે છે કે જો કે ધર્મ પુરૂષથી ઉત્પન્ન થએલો છે. કારણ કે ધર્મની સ્થાપના કરનાર તીર્થંકરો તથા ગણધરો પુરૂષ હોય છે એ વાત સાચી છે તો પણ સાધ્વીઓ પૂજ્ય છે. કારણ કે તેમનાથી ઘણા ભવ્ય જીવોને ધર્મની પ્રાપ્તિ અને આત્માની ઉન્નતિ (કેવલજ્ઞાનની પ્રાપ્તિ વગેરે) પૂર્વકાળમાં થઈ છે. અહીં દૃષ્ટાન્ત જણાવે છે કે ઋષભદેવની પુત્રી બ્રાહ્મીએ દીક્ષા લીધી હતી. તે સાધ્વી બાહુબલિને મુકિત મેળવવામાં નિમિત્ત થઈ હતી. કારણ કે બાહુબલિ જેમણે દીક્ષા લઈને કેવલજ્ઞાન પામવા માટે ઘોર તપશ્ચર્યા કરી છતાં કેવલજ્ઞાન ઉત્પન્ન થતું નહોતું, કારણ કે તેમના મનમાં એવું અભિમાન હતું કે મારા નાના ભાઈઓએ મારી પહેલાં દીક્ષા લીધી છે તેમને પછીથી દીક્ષા લેનાર હું કેવી રીતે વંદન કરૂં. માટે જો

મને કેવલજ્ઞાન ઉપજે તો મારે તેમને વંદન કરવું પડે નહિ. આવી ભાવનાથી ઉગ્ર તપ કર્યા છતાં તેમને કેવલજ્ઞાન ઉપજતું નથી, કારણ કે મનમાં રહેલું અભિમાન દૂર ન થાય ત્યાં સુધી કેવલજ્ઞાન શી રીતે ઉપજે ? અર્થાત્ ન જ ઉપજે. આ વખતે બ્રાહ્મી (અને સુંદરી) એ તેમની પાસે આવીને હે વીરા ! (ભાઈ !) હાથી ઉપરથી ઉતરો એ પ્રમાણે કહ્યું તે સાંભળીને વિચાર કરતાં તેમણે અભિમાન છોડી દીધું. તેથી તત્કાળ કેવલજ્ઞાન ઉપન્યું. માટે બાહુબલિને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થવામાં બ્રાહ્મી સાધ્વી કારણભૂત હતા. તેવી જ રીતે પુષ્પચૂલા નામે સાધ્વીને કેવલજ્ઞાન થયું છે છતાં ગુરૂ ભક્તિને લીધે પોતાના ગુરૂ અન્નિકાપુત્ર આચાર્ય કે જે પગના વ્યાધિને લઈને વિહાર નહિ કરી શકવાથી એક જ સ્થળે રહ્યા હતા, તેમને નિર્દોષ આહાર લાવી આપનાર સાધ્વીના નિમિત્ત અન્નિકાપુત્ર આચાર્યને પણ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. તેમજ ચેટક રાજાની પુત્રી મૃગાવતી સાધ્વી પોતાના ગુરૂણીજી ચંદનબાલા સાધ્વીને કેવલજ્ઞાનની પ્રાપ્તિમાં નિમિત્ત બન્યા હતા. આથી સાબીત થયું કે સાધ્વીઓ પણ પૂજનીક છે. આ બાબતમાં બ્રાહ્મી સાધ્વીનું દૃષ્ટાન્ત આગળ આવતી બાહુબલિની કથામાં કહેવામાં આવશે.

**પુષ્પચૂલા સાધ્વીની કથા** આ પ્રમાણેઃ--

પુષ્પભદ્ર નામના નગરમાં પુષ્પકેતુ નામનો રાજા હતો. તેને પુષ્પવતી નામે રાણી હતી. તે રાણીને પુષ્પચૂલ નામે પુત્ર અને પુષ્પચૂલા નામે પુત્રી એક સાથે ઉત્પન્ન થયા. તે બંને સાથે રમતા વૃદ્ધિ પામવા લાગ્યા. અને પરસ્પર બંનેને એવો સ્નેહ હતો કે શરીર માત્રથી તેઓ જુદા હતા. તે

બંનેને કલાચાર્ય પાસે સાથે ભણવાને મોકલ્યા. તેઓ સઘળી કલાઓ સાથે શીખ્યા. એ પ્રમાણે વૃદ્ધિ પામતાં તે બંને યુવાવસ્થાને પામ્યા. આ બંનેને એક બીજા સાથે ગાઢ સ્નેહવાળા જોઈ ને રાજાએ વિચાર્યું કે આ બંનેને જુદે જુદે સ્થળે પરણાવવાથી બંને જુદા પડશે. અત્યાર સુધી ગાઢ પ્રેમ પૂર્વક સાથે રહેલા તે બેનો જો વિયોગ થશે તો બંનેનું હૃદય ફૂટી જશે. આવું વિચારીને રાજાએ તે બંને ભાઈ બેનને એક બીજા સાથે પરણાવ્યા.

પુષ્પવતી રાણીએ આવું અયોગ્ય કૃત્ય જાણીને લોકોના અપવાદથી વૈરાગ્ય પામીને દીક્ષા લીધી. સઘળા લોકોએ પણ રાજાના આ કાર્યની નિન્દા કરી. પોતાની નિન્દાને સહન ન કરતો હોય તેમ રાજા પણ થોડા વખતમાં મરણ પામ્યો. મંત્રીઓએ પુષ્પચૂલને ગાદીએ બેસાડયો. પુષ્પવતી સાધ્વી પણ તીવ્ર તપ કરીને મરણ પામીને દેવલોકમાં ઉત્પન્ન થઇ, ત્યાર પછી દેવ થએલી પુષ્પવતીએ અવધિજ્ઞાનથી પુષ્પચૂલ અને પુષ્પચૂલાને વિષય સુખમાં ઘણા આસક્ત જાણીને વિચાર્યું કે મારાં આ બાળકો દુર્ગતિના દુઃખ પામે નહિ એવું મારે કરવું જોઈએ. આવા વિચારથી તેણે સ્વપ્નમાં અતિ દુઃખવાળી નરકની વેદનાઓ તે બંનેને દેખાડી. સવારે રાજાએ પાખંડીઓને નરકની વેદનાનું વર્ણન કરવા કહ્યું. પરંતુ તેઓએ પોતાની બુદ્ધિથી કલ્પેલું જેવું તેવું વર્ણન કર્યું. તેથી રાજાને વિશ્વાસ નહિ આવવાથી અન્નિકાપુત્ર સૂરિની પાસે જઈને પ્રણામ કરીને નરકનું સ્વરૂપ પૂછયું. આચાર્યે પણ અનેક પ્રકારની નરકની વેદનાનું સ્વરૂપ સ્વપ્નમાં જોયું

હતું તેવું વર્ણવ્યું. ત્યારે પુષ્પચૂલે આચાર્યને પૂછયું કે આ વેદના તમે નરકમાં જઈને જોઇને કહો છો? આચાર્યશ્રીએ કહ્યું કે હે રાજા! હાલમાં હું નરકમાં ગયો નથી પરંતુ જે પ્રમાણે તીર્થંકર ભગવાને શાસ્ત્રમાં કહ્યું છે તે પ્રમાણે મેં તેનું સ્વરૂપ કહ્યું છે. આથી વિશ્વાસ પામેલો રાજા જૈન શાસનનો દૃઢ રાગી થયો. પુષ્પચૂલા પણ નરકના દુઃખો સાંભળીને વૈરાગ્યવાળી થઈ. તેથી પુષ્પચૂલાએ પતિ પાસે દીક્ષા લેવાની રજા માગી. ત્યારે રાજાએ કહ્યું કે દીક્ષા લઇને તું ઘેર ઘેર ભિક્ષા માગે તેથી મારી અપકીર્તિ થાય, માટે દીક્ષા લઈને પણ તું મારા ઘરમાં રહે તો હું તને રજા આપું. એ વાત કબૂલ કરીને પુષ્પચૂલાએ તે નગરમાં રહેલા વિહાર કરવાને અશક્ત અન્નિકાપુત્ર આચાર્યની પાસે દીક્ષા લીધી. અનુક્રમે સઘળા સાધુઓ બીજે વિહાર કરીને ગયા. તે વખતે પુષ્પચૂલા તેમની વૈયાવચ્ચાદિ કરે છે. ભદ્રક ભાવથી ગુરૂની સેવા કરતાં તેને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. કેવલજ્ઞાન પામ્યા છતાં પણ તે ગુરૂની સેવા કરે છે.

એક વાર વરસતા વરસાદમાં વિહાર કરીને તે આવી, ત્યારે ગુરૂએ કહ્યું કે તેં વ્રતની વિરાધના કરી છે, ત્યારે તેણીએ કહ્યું કે હું અચિત્ત વરસાદ વરસતાં આવી છું માટે વિરાધના કેવી રીતે થાય? ત્યારે ગુરૂએ પૂછયું કે અચિત્ત વરસાદ તેં કેવી રીતે જાણ્યો ? તે વખતે પુષ્પચૂલાએ કહ્યું કે કેવળજ્ઞાનથી હું સમસ્ત લોકાલોકને જાણું છું. આ સાંભળીને મેં કેવલીની આશાતના કરી એ પ્રમાણે ગુરૂ શોક કરે છે. પછી કેવલીના પગમાં પડીને ગુરૂએ પૂછયું કે મને

કેવલજ્ઞાન ક્યારે થશે ? ત્યારે કેવલી સાધ્વીએ કહ્યું કે તમે ખેદ કરો નહિ. તમને પણ ગંગા નદી ઉતરતાં જરૂર કેવલજ્ઞાન થશે.

તેથી ગુરૂ વિહાર કરીને ગંગાના કાંઠે ગયા. અને વહાણમાં બેસીને નદી ઓળંગવા લાગ્યા. તે વખતે પૂર્વ ભવના વૈરી કોઇક દેવે તે વહાણ ભાંગ્યું. અને ગંગાને ઉતરતાં ગુરૂને શૂલીમાં પરોવ્યા. તે વખતે દયાર્દ્ર ચિત્તવાળા ગુરૂએ વિચાર્યું કે–"મારા શરીરના પડવાથી નદીના પૂરમાં રહેલા જીવોનો ઘાત થાઓ નહિ" એ પ્રમાણે શુભ ધ્યાનમાં ચઢેલા તેમને કેવલજ્ઞાન ઉપન્યું. અને તેજ વખતે મરણ પામીને મોક્ષે ગયા. નજીકમાં રહેલા વ્યન્તર દેવોએ તેમનો મહોત્સવ કર્યો. તેથી લોકોમાં તે સ્થાન પ્રયાગ તીર્થના નામે પ્રસિદ્ધ થયું. પુષ્પચૂલા સાધ્વી પણ કેવલીપણે લાંબા કાળ સુધી પૃથ્વી ઉપર વિચરીને અંતે મોક્ષે ગયા. આ પ્રમાણે સ્ત્રીઓ પણ બીજાને ધાર્મિક લાભ પમાડે છે, માટે ભવ્ય જીવોએ પરમ ઉલ્લાસથી સાધ્વીની સેવા કરી સંસાર સમુદ્રનો પાર પામવો.

॥ ઇતિ પુષ્પચૂલા કથા ॥

**મૃગાવતી અને ચન્દનબાલાની** કથા આ પ્રમાણે:—

કૌશામ્બી નામની નગરીમાં શતાનીક નામે રાજા હતો. તેને મૃગાવતી નામે રાણી હતી. આ તરફ સાકેતપુર નગરમાં સુરપ્રિય નામનો યક્ષ દર વર્ષે મહોત્સવ પૂર્વક ચિત્રાય છે. ચિત્રાએલો તે યક્ષ તે ચિતરનારને મારે છે. અને જો ચિત્રે

નહિ તો સઘળા નગરમાં મારીનો ઉપદ્રવ કરે છે. અથી ભય પામેલો ચિતારાનો સમુદાય નાશી જવા લાગ્યો. ત્યારે રાજાએ તે સઘળાને નાશી જતા રોક્યા. પછી ચિતારાના નામની ચિઠ્ઠીઓ બનાવી એક ઘડામાં નાંખે છે. તેમાંથી દર વર્ષે એક ચિઠ્ઠી ખેંચે છે અને જેનું નામ નીકળે તે ચિતારો તે યક્ષને ચિતરે છે. આ પ્રમાણે કેટલોક કાલ ગયા બાદ એક ચિતારાનો પુત્ર કૌશામ્બી નગરીથી ચિત્રકળા શીખવા ત્યાં આવ્યો. અને કોઈ વૃદ્ધાને ત્યાં રહ્યો અને તે વૃદ્ધાના પુત્ર સાથે તેને ગાઢ મૈત્રી થઈ. એ વર્ષે તે વૃદ્ધાના પુત્રના નામની યક્ષને ચિતરવાની ચીઠ્ઠી નીકળી. યમના તેડા સરખી તે વાત જાણીને ડોશી રૂદન કરવા લાગી. કૌશામ્બીથી આવેલા ચિતારાના પુત્રે તેને દુઃખનું કારણ પૂછ્યું. ત્યારે તેણીએ સઘળી હકીકત તેને જણાવી. ત્યારે તેણે કહ્યું કે હે માતા! તમે રડશો નહિ. તમારો પુત્ર સુખે રહો. હું જ તેને બદલે યક્ષને ચિતરીશ. વૃદ્ધાએ કહ્યું કે તું પણ મારા પુત્ર જેવો છે. ત્યારે તેણે આગ્રહ કરીને તે વાત કબૂલ કરાવી.

ત્યાર પછી તે પરદેશી ચિતારાએ છઠનો તપ કરી શુદ્ધ જળથી સ્નાન કરી ચન્દનથી વિલેપન કરી, શુદ્ધ વસ્ત્ર ધારણ કરી મુખકોશ બાંધીને નવીન કુચડો તથા ઉત્તમ પ્રકારના નવા રંગો લઈને તે યક્ષને ચિતર્યો. પછી તેણે યક્ષને પ્રણામ કરીને કહ્યું કે હે સુરપ્રિય યક્ષ! ઉત્તમ ચિતારો પણ તમારૂં યથાર્થ રૂપ ચિતરવાને સમર્થ નથી તો અલ્પ બુદ્ધિવાળા મારી તો વાતજ શી? તો પણ પોતાની શક્તિ

પ્રમાણે મેં ચિત્ર કર્યું છે તેમાં કાંઈ ભૂલ થઇ હોય તો તે મારો અપરાધ ક્ષમા કરજો. આવાં પ્રકારનાં વિનયવાળા વચનથી તુષ્ટ થએલા તે યક્ષે તેને વરદાન માગવાનું કહ્યું. ત્યારે તેણે કહ્યું કે જો તમે મારા ઉપર પ્રસન્ન થયા હો તો તમારે હવે કોઈ ચિતારાને મારવો નહિં એવું વરદાન મને આપો. યક્ષે કહ્યું કે તને માર્યો નથી માટે એ વાત તો સિદ્ધજ છે. માટે તારા સ્વાર્થની સિદ્ધિ માટે કોઈ વરદાન માગ. ત્યારે તેણે કહ્યું કે જે કોઇ સ્ત્રી અગર પુરૂષનું એક અંગ જોઉં, તો પણ તેને અનુસારે તેનું આખું રૂપ હું ચિતરી શકું એવું વરદાન આપો. યક્ષે પણ 'એમ થાઓ.' એવું વરદાન આપ્યું. ત્યાર પછી લોકોથી પૂજાએલો તે ચિતારો પોતાની કૌશામ્બી નગરીએ ગયો.

એક વાર સભાની અંદર બેઠેલા શતાનીક રાજાએ કહ્યું કે મારે બીજા રાજાઓથી શું ન્યૂન છે? એવું પૂછતાં "તમારે રમણીય ચિત્રસભા નથી" એવું લોકોએ કહેવાથી તેણે ચિતારાઓને ચિત્રસભા બનાવવાને આજ્ઞા કરી. તે ચિતારાઓએ સભા ભૂમિનું કાર્ય વહેંચી લીધું, તેમાં પેલા વરદાનવાળા ચિતારાને અન્તઃપુરનો વિભાગ ચિતરવાનો આવ્યો. ત્યાં ચિત્ર ચિતરતાં તેણે જાળીની અંદરથી મૃગાવતીનો અંગુઠો જોયો, અને યક્ષના વરદાનને લીધે તેણે મૃગાવતીની આબેહૂબ છબી ચિતરી. ચિતરતાં ચિતરતાં કુચડાના ઉપરના ભાગમાંથી તે છબીના સાથળ ઉપર એક શાહીનું ટીપું પડયું તે ચિતારાએ દૂર કર્યું. ફરીથી તે મષી બિન્દુ પડયું. ફરીથી પડેલું જોઈને ચિતારાએ વિચાર્યું

કે આ સ્થળે તેણીને નક્કી તલનું લાંછન છે. તેથી તેણે તેને દૂર કર્યું નહિ.

ચિત્રસભા પૂરી થઇ ત્યારે રાજા તે સભા જોવા આવ્યો. જોતો જોતો મૃગાવતીના ચિત્ર પાસે આવ્યો. પરંતુ સાથળ ઉપર તે ડાઘ જોઈને કોપેલો રાજા વિચારવા લાગ્યો કે આ પાપી ચિતારાએ મારી સ્ત્રીને જરૂર ભોગવી છે, નહિ તો વસ્ત્રની અંદર રહેલ તે ડાઘને આ ચિતારો કેવી રીતે જાણે. આથી કોપેલા રાજાએ ચિતારાનો દોષ કાઢીને તેને કોટવાળ પાસે બંદીખાને નાખ્યો. બીજા ચિતારાઓએ "તેને યક્ષનું વરદાન હોવાથી એક અંગ ઉપરથી આખું શરીર તે યથાર્થ ચિતરે છે એવું જણાવ્યું" ત્યારે તેની ખાતરી કરવાને એક કુબ્જા દેખાડીને તેનું ચિત્ર ચિતરાવ્યું. તે પણ ચિતારાએ યથાર્થ ચિતર્યું. છતાં કોપેલા રાજાએ તેનો જમણો અંગુઠો કપાવી નાખીને છોડયો. ત્યાર પછી તે ચિતારાએ તપ કરી ફરીથી યક્ષને પ્રસન્ન કર્યો અને તેણે "ડાબા અંગુઠાથી પણ તેજ પ્રમાણે ચિતરાશે" એવું વરદાન આપ્યું.

હવે તે ચિતારાએ વિચાર કર્યો કે આ રાજાએ હું નિરપરાધી છતાં મારી આવી કદર્થના કરી માટે કોઇક ઉપાયથી હું આનો બદલો લઉં; એવું વિચારી તેણે મૃગાવતીનું એક સુંદર ચિત્ર આલેખ્યું. પછી ચંડપ્રદ્યોતન રાજાને તે ચિત્ર દેખાડયું. ચિત્ર જોઈને ચંડપ્રદ્યોતે કહ્યું કે આ સુંદર રૂપ કોનું છે? ત્યારે ચિતારાએ પણ તે કૌશામ્બી નગરીના શતાનીક રાજાની મૃગાવતી રાણીનું આ ચિત્ર છે, એ પ્રમાણે કહ્યું. વળી મૃગાવતીનાં રૂપનાં વખાણ કરતાં તેણે

કહ્યું કે તેનું યથાર્થ રૂપ ચિતરવાને તો કોણ શકિતમાન થાય? મેં તો તેના રૂપનો અંશ માત્ર ચિત્ર્યો છે. તે તમારી દૃષ્ટિના વિનોદ માટે તમને ભેટ આપું છું.

મૃગાવતીના રૂપથી મોહિત થએલા ચંડપ્રદ્યોતન રાજાએ દૂત મોકલીને શતાનીક પાસે મૃગાવતીની માગણી કરી. પરંતુ શતાનીકે ના પાડી. તેથી તે રાજાએ કૌશામ્બી નગરી ઉપર લશ્કર સાથે ચઢાઇ કરી, તેને આવતો સાંભળીને શતાનીક રાજા ભય પામ્યો. ને મરડો થવાથી મરણ પામ્યો. તે વખતે મૃગાવતી રાણીએ વિચાર્યું કે મારા પતિ મરણ પામ્યા અને ઉદાયન હજુ બાલક છે, અને કોઇ ઉપાયથી મારે મારા શીલનું રક્ષણ કરવું જોઈએ. આ ઇરાદાથી તેને લોભાવીને કાળ વીતાવવો જોઇએ. આથી મૃગાવતીએ પોતાના દૂતને સમજાવીને ચંડપ્રદ્યોત પાસે મોકલ્યો. તેણે ત્યાં જઈને કહ્યું કે મૃગાવતી કહેવરાવે છે કે "શતાનીક રાજા મરણ પામવાથી તમેજ હવે મારે શરણ છો, પરંતુ પુત્ર બાળક છે. જો હું તેનો ત્યાગ કરૂં તો બીજા રાજાઓ તેનો પરાભવ કરે." આવા વચનથી પ્રસન્ન થએલા રાજાએ કહ્યું કે "હું રક્ષક છતાં તારા બાળકનો પરાભવ કરવાને કોણ સમર્થ છે." એમ દૂતે જઇને રાણીને કહ્યું. ત્યારે રાણીએ તેને ફરીથી મોકલ્યો અને કહ્યું કે જ્યાં પ્રદ્યોતન રાજા નાયક હોય ત્યાં બાળકનો પરાભવ કરવાને કોણ સમર્થ થાય? પરંતુ તમે સ્વામી તો દૂર દેશના છો અને સીમાડાના રાજાઓ તો નજીકમાં છે. માટે જો તમે મારી સાથે મેળાપ કરવાને ઇચ્છતા હો તો અવન્તીથી ઇંટો મંગાવીને

કૌશામ્બીનો મજબૂત કોટ કરાવો. તે વાત અંગીકાર કરીને પ્રદ્યોતન રાજાએ પોતાના ચૌદ રાજાઓને પરિવાર સાથે તે કામમાં જોડયા અને અવન્તીથી કૌશાંબી સુધી રસ્તામાં માણસોને શ્રેણિબદ્ધ ગોઠવીને ઈંટો મંગાવીને થોડા વખતમાં કૌશામ્બીનો મજબૂત કોટ તૈયાર કરાવ્યો. ફરીથી મૃગાવતીએ દૂતને મોકલીને કહેવરાવ્યું કે હવે આ નગરીને ધન ધાન્ય વગેરેથી ભરી દો. રાજાએ પણ તેણીના સંગમને માટે તેમ કર્યું. હવે મૃગાવતીએ કૌશામ્બી નગરી ઘણી મજબૂત બની છે એવું જાણીને નગરનાં દરવાજા બંધ કર્યાં અને વિલખો બનેલો ચંડપ્રદ્યોતન નગરીની બહાર રહ્યો.

હવે મૃગાવતીએ વિચાર્યું કે જો શ્રીમહાવીર પ્રભુ અહીં પધારે તો હું તેમની પાસે દીક્ષા લઉં, તેણીના આ મનોરથ જાણીને પ્રભુ પણ ત્યાં આવીને ઉદ્યાનમાં સમોસર્યા. તે વખતે દ્વાર ઉઘાડીને મૃગાવતી નિર્ભય બનીને પ્રભુને વાંદવા ગઈ. અને વૈર રહિત થએલો ચંડપ્રદ્યોત રાજા પણ પ્રભુ પાસે ગયો. તે વખતે દેશના દેતા પ્રભુની આગળ આવીને એક માણસે 'જા સા' એ પ્રમાણે પોતાનો સંશય પૂછયો. તે વખતે પ્રભુએ 'સા સા' એ પ્રમાણે જવાબમાં કહ્યું. ત્યાર પછી ગૌતમ સ્વામીએ પૂછવાથી પ્રભુએ તેની બ્હેનનું સ્વરૂપ કહ્યું તે સાંભળીને વૈરાગ્ય પામીને તેણે (સંશય પૂછનારે) પ્રભુ પાસે દીક્ષા લીધી. આ વખતે મૃગાવતીએ પણ ઉઠીને ચંડપ્રદ્યોતનની રજા લઈ પ્રભુ પાસે ચારિત્ર લીધું. પ્રભુના પ્રભાવથી વૈરનો ત્યાગ કરી ઉદાયનને કૌશામ્બીનું રાજ્ય સોંપી ચંડપ્રદ્યોત રાજા પોતાને નગરે ગયો.

અને પ્રભુએ મૃગાવતીને ચન્દનબાલા સાધ્વીને સોંપી. અને તેમની પાસે મૃગાવતી સાધુ સામાચારી વગેરે શીખીને સંયમ ધર્મ સાધવામાં ઉજમાળ બન્યા.

એક વાર વીર પ્રભુને વંદન કરવા મૃગાવતી સાથે ચંદના સાધ્વી ગયા. તે વખતે ચંદ્ર અને સૂર્ય મૂળ વિમાનમાં પ્રભુને વાંદવા આવ્યા હતા. તેના તેજથી રાત્રી છે કે દિવસ છે તે બીના લોકો જાણી શક્યા નહિ. પ્રભુનો ઉપદેશ સાંભળવામાં લોકોનો ઘણો કાળ ચાલ્યો ગયો. અનુમાનથી સંધ્યાકાળ જાણીને ચન્દના સાધ્વી વસતિએ ગયા, પરંતુ પ્રભુની દેશના સાંભળવા મૃગાવતી હજી દિવસ છે એમ જાણી બેસી રહ્યા. ત્યાર પછી ધર્મનો ઉપદેશ કરીને પ્રભુ અટક્યા ત્યારે સૂર્ય અને ચંદ્ર પોતાના સ્થાને ગયા. તેથી એકદમ અંધકાર થઇ ગયો. રાત્રી પડી ગઈ જાણીને મૃગાવતી પોતાના ઉપાશ્રયે આવ્યા. તે વખતે દુભાએલી ચન્દનાએ મીઠા વચનથી કહ્યું કે કુલીન એવા તમને રાત્રીએ ફરવું શોભે નહિ. જિનેશ્વરે પણ સુસાધ્વીઓને રાત્રીએ ફરવાનો નિષેધ કર્યો છે. આ પ્રમાણે ચન્દનબાલાએ શિખામણનાં વચન કહ્યાં તે સાંભળીને પશ્ચાતાપ કરતી મૃગાવતી તેમના ચરણમાં પડી અને ખમાવવા લાગી. તે વખતે ચન્દના સાધ્વી ઉંઘવા લાગ્યા અને પશ્ચાતાપ કરતી મૃગાવતીને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. કેવલજ્ઞાનથી ચન્દનબાલાની નજીક ભયંકર સર્પને જતો જોઇને ભૂમિ ઉપર રહેલો ચન્દનબાલાનો હાથ મૃગાવતીએ ઉંચો કર્યો. તે વખતે ચન્દનબાલા જાગી ગયા અને પૂછયું કે મારો હાથ કેમ ઉંચો કર્યો. ત્યારે

મૃગાવતીએ કહ્યું કે સર્પને આવતો જોઈને મેં હાથ ઉંચો કર્યો છે. ત્યારે ચંદનબાલાએ પૂછ્યું કે અંધારામાં તેં સર્પને કેવી રીતે જોયો? ત્યારે તેણે કહ્યું કે અનન્તજ્ઞાન વડે અથવા કેવલજ્ઞાન વડે મેં સર્પ જોયો. તેથી પશ્ચાતાપ કરતાં ચન્દનબાલાએ મૃગાવતીને ખમાવ્યા. મેં કેવલીની આશાતના કરી એવો પશ્ચાતાપ કરતાં મૃગાવતીના ચરણમાં પડેલા ચન્દના સાધ્વીને પણ કેવલજ્ઞાન ઉપન્યું. અહીં કહેવાનો સાર એ છે કે આ પ્રમાણે ગુરૂજનને પણ કેવલજ્ઞાન પ્રાપ્ત કરાવવામાં જે કારણ થાય તે સાધ્વીજી પૂજનીક કેમ ન ગણાય? અર્થાત્ જરૂર ગણાય.

॥ ઈતિ મૃગાવતી કથા ॥

અવતરણઃ—ચાલુ સાધ્વીની ભક્તિ કરવાની બાબતમાં વિશેષ ઉપદેશ આપે છે:—

( शार्दूलविक्रीडितवृत्तम् )

९ १० ८ ११ ७ १ २ ४
किं पूज्या श्रमणी न सा श्रुतरसा दुर्बोधहृन्मोहहृन्-
५ ६ ३
मात्रासक्तकुबेरदत्तदयिता साध्वीव जातावधिः ॥
१४ १५ १२ १३ १६ १७ १८
धन्या एव चिरंतना व्रतधना अप्याधुनिक्यः शुभाः,
३ ६ ४ १ ५
याकिन्या हरिभद्रवादिमुकुटः सोऽबोधि वाङ्मात्रतः ॥६९॥

શ્રુતમાં ધરે આદરં ઘણો જે મોહને અજ્ઞાનને,
હરતી સદા ભવિજન તણા ગણ પૂજ્ય તું તે શ્રમણીને;

જેમ અવધિ જ્ઞાનવંતી કુબેરદત્તા સાધવી,
નિજ પતિના મોહતિમ અજ્ઞાન હરતી જાણવી. ૧

પ્રાચીન સાધ્વી વર્ગ ગુરૂવ્રત સાધતો તો ધન્ય છે,
પણ હાલનો તે વર્ગ તેવો નિશ્ચયે ને શ્રેષ્ઠ છે;
વાદિ મુકુટ હરિભદ્રને જિનધર્મ બોધ પમાડતી,
તે યાકિની સુમહત્તરા અક્કી દુર્ગતિ સુણાવતી. ૨

શ્લોકાર્થ:—શાસ્ત્રમાં પ્રીતિવાળી, અજ્ઞાનને હરણ કરનારી, ઉત્પન્ન થએલા અવધિજ્ઞાનવાલી, મોહને દૂર કરનારી, માતાને વિષે આસકત કુબેરદત્તની સ્ત્રી કુબેરદત્તા સાધ્વીની જેમ શું તે સાધ્વી પૂજ્ય નથી ? (પૂજ્ય છે જ) પૂર્વકાળની સાધ્વીઓ તો ધન્ય છે જ પરંતુ આધુનિક કાલની સાધ્વીઓ પણ કલ્યાણ કરનારી છે. દૃષ્ટાન્ત કહે છે કે યાકિની નામની સાધ્વીએ વાદીઓમાં શ્રેષ્ઠ હરિભદ્રસૂરિને કેવલ વચન માત્ર વડે બોધ પમાડયો હતો. ૯૯

સ્પષ્ટાર્થ:—પૂર્વની તેમજ આધુનિક કાલની સાધ્વીઓ પણ કલ્યાણ કરનારી હોવાથી પૂજનીય છે તે જણાવતાં કવિરાજ કહે છે કે:—પોતાની માતા મોહને ઉત્પન્ન કરનારી વેશ્યા હતી. તેને વિષે આસકત થએલ કુબેરદત્તની સ્ત્રી (બહેન) કુબેરદત્તા વૈરાગ્ય પામીને સાધ્વી થઇ હતી, તેને કર્મના ક્ષયોપશમે અવધિજ્ઞાન ઉત્પન્ન થએલું હતું, અને શાસ્ત્રજ્ઞાનમાં તે પ્રીતિવાળી હતી અને અજ્ઞાનને દૂર કરનારી હતી, આવી તે કુબેરદત્તા નામની સાધ્વીએ કુબેરદત્ત વગેરેને બોધ પમાડયો, તેથી તે સાધ્વી શું પૂજનીય નથી અથવા પૂજવા

લાયક છે જ. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે પૂર્વ કાલની સાધ્વીઓ પૂજનીય હતી તેથી આ કાલની સાધ્વીઓ કઈ રીતે પૂજનીય કહી શકાય ? તો તે પ્રશ્નના જવાબમાં જણાવે છે કે—જેમ પૂર્વ કાલીન વ્રતધના એટલે વ્રત છે ધન જેણીનું એવી સાધ્વીઓ ધન્ય અને પૂજનીય છે તેમ આ કાલની સાધ્વીઓ પણ ધન્ય અને પૂજનીય છે. દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે યાકિની નામની મહત્તરા સાધ્વીએ વાદિઓમાં મુકુટ સમાન શ્રેષ્ઠ એવા શ્રીહરિભદ્રસૂરિને માત્ર વાણીથી એટલે "चक्किदुगं हरिपणग पणगं चक्की य केसवो चक्की" એવા પ્રકારના વચનોનો અર્થ સમજાવીને પ્રતિબોધ પમાડ્યો હતો. માટે સાધ્વીઓ પણ પૂજનીય એટલે જરૂર વંદન અને ભક્તિ કરવા લાયક છે. ૬૯

**શ્રીકુબેરદત્તા સાધ્વીની બીના** ટૂંકામાં આ પ્રમાણે—

મથુરા નામની નગરીમાં વસન્તતિલકા નામે વેશ્યા રહેતી હતી. ગર્ભવંતી એવી તેણીએ એક વાર પુત્ર અને પુત્રી રૂપ યુગલને જન્મ આપ્યો. જન્મેલાં એવાં તે બંને બાળકને પોતાના નામની વીંટી બાંધીને પેટીમાં પૂરીને તે પેટી જમના નદીમાં તરતી મૂકી દીધી. નદીમાં તણાતી તે પેટી શૌર્યપુર નગર પાસે આવી પહોંચી. અને ત્યાં રહેલા બે શેઠીયાઓએ તે પેટી લઇ લીધી. પેટી ઉઘાડી તો તેમાંથી બે બાળકો નીકળ્યાં. તેમાંથી એક શેઠે બાળકને ગ્રહણ કર્યો, ને તેનું નામ કુબેરદત્ત પાડ્યું. બીજા શેઠે પુત્રી લીધી ને તેનું નામ કુબેરદત્તા પાડ્યું. સુખે સુખે વૃદ્ધિ પામતા તે બંને યુવાવસ્થા પામ્યા. ત્યાર પછી ભાગ્ય યોગે તે બે શેઠે

તે બંનેનાં લગ્ન કર્યાં. એક વાર ક્રીડા કરતાં તે બંનેએ પણ (શરત)માં પોત પોતાની વીંટી મૂકી. સરખા નામવાળી માતાની વીંટી જોઈને અમે બંને ભાઈ બેન છીએ એવું જાણીને કુબેરદત્તા સંસાર ઉપરથી વૈરાગ્ય પામી. દીક્ષા લીધા વિના કરેલ પાપનો નાશ થશે નહિ એવું વિચારીને તેણીએ સુવ્રતા સાધ્વી પાસે દીક્ષા લીધી. ને આકરૂં તપ કરતાં કુબેરદત્તાને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું.

હવે કુબેરદત્ત એક વખતે વેપાર માટે મથુરા નગરીએ ગયો, અને નસીબ યોગે પોતાની જ માતા વસન્તતિલકા (જેને તે પોતાની માતા છે, એમ જાણતો નથી) સાથે ક્રીડા કરવા લાગ્યો. અનુક્રમે તે વેશ્યાએ એક સુંદર પુત્રને જન્મ આપ્યો. સાધ્વી કુબેરદત્તાએ આ વાત અવધિ જ્ઞાનથી જાણી. તેથી તેમને પ્રતિબોધ કરવા માટે તે સાધ્વી મથુરા નગરીએ આવ્યા. અને તે વેશ્યાની પાસે ઉપાશ્રય માગીને ત્યાં રહ્યા. ત્યાં સાધ્વી કુબેરદત્તા સ્વાધ્યાય ધ્યાનમાં નિર્મલપણે રહેતા હતા. એક વાર તે વેશ્યાએ સાધ્વી પાસે પોતાના પુત્રને મૂક્યો. તે વખતે તે સાધ્વી તે બંનેને બોધ પમાડવા માટે ઊંચા સ્વરે હાલરડું ગાવા લાગી. તેમાં તે પુત્રને ઉદ્દેશીને કહેવા લાગી કે તું મારો ૧ દીયર છે, ૨ ભાઈ છે, ૩ પુત્ર છે, ૪ પૌત્ર છે, ૫ ભત્રીજો છે તેમજ ૬ કાકો છે. એમ તારે મારી સાથે ૭ પ્રકારની સગાઈ છે. એમ કહ્યું. ત્યારે વેશ્યાએ પૂછ્યું કે તે કેવી રીતે? ત્યારે કુબેરદત્તાએ કહ્યું: મારા પણીની અને તારી માતા એક હોવાથી અને તું મા... ...ના ભાઈ હોવાથી તું મારો દિયર થાય છે ૧.

જે કારણથી તારી અને મારી માતા એક છે તે કારણથી તું મારો ભાઇ છે. ૨ મારી શોકયનો પુત્ર હોવાથી તું મારો પણ પુત્ર છે. ૩ તારો પિતા મારી શોકયથી ઉત્પન્ન થએલો છે અને તેનો તું પુત્ર છે તેથી તું મારો પૌત્ર છે. ૪ મારા ભાઈનો પુત્ર હોવાથી તું મારો ભત્રીજો છે. ૫ મારી માતાના ધણીનો તું ભાઈ છે તેથી તું મારો કાકો છે. ૬ એ પ્રમાણે મારે તારી સાથે ૭ પ્રકારની સગાઈ છે.

વળી જે આ તારી માતા છે તેની સાથે પણ મારે ૭ પ્રકારની સગાઈ છે તે આ પ્રમાણેઃ—૧ તે મારી માતા છે, ૨ પિતામહી છે, ૩ વધૂ છે, ૪ સાસુ છે, ૫ શોકય છે, અને ૬ ભોજાઈ છે. ૧ આપણે બંને એક જ માતાથી ઉત્પન્ન થયા છીએ તેથી તારી માતા મારી માતા છે. ૨ માતાને ભોગવનારની તે માતા છે તેથી પિતામહી (દાદી) છે. ૩ શોકયના પુત્રની પત્ની છે તેથી તે મારા પુત્રની વહૂ છે. ૪ મારા ધણીની તે માતા છે તેથી મારી સાસુ છે. ૫ મારા પતિની તે પત્ની છે તેથી મારી શોકય છે. ૬ મારા ભાઈની વહુ છે તેથી મારી ભોજાઇ (ભાભી) છે.

વળી જે આ તારો પિતા છે તેની સાથે પણ મારે ૭ જાતની સગાઇ થાય છે તે આવી રીતેઃ—૧. તે મારો પિતા છે, ૨. ભાઈ છે, ૩. પિતામહ (દાદો) છે, ૪. સસરો છે, ૫. પતિ છે, અને ૬. પુત્ર છે. એટલે ૧. તારો પિતા મારી માતાનો ધણી છે તેથી તે મારો પિતા છે. ૨. મારી અને તેની માતા એક છે તેથી તે મારો ભાઈ છે. ૩. તું મારો કાકો અને તે તારો બાપ હોવાથી તે મારો દાદો છે. ૪. મારા

ધણીની માનો ધણી હોવાથી તે મારો સસરો છે. ૫. મારૂં તેની સાથે લગ્ન થએલું હોવાથી તે મારો ધણી છે. ૬. મારી શોકયનો પુત્ર હોવાથી તે મારો પણ પુત્ર છે.

આ પ્રમાણે અઢાર સંબંધ ( નાતરાં )ને જણાવતું ગીત તે કુબેરદત્તા વારંવાર ગાવા લાગી તેથી કુબેરદત્ત તે વેશ્યાને પૂછવા લાગ્યો કે આ શું છે. તેણીએ કહ્યું કે હું જાણુતી નથી ત્યારે તેઓએ સાધ્વીને પૂછયું કે તમે આવું અસંબદ્ધ શું બોલો છો ? ત્યારે તે સાધ્વીએ મૂળથી માંડીને સઘળી હકીકત જણાવી. તે સાંભળીને સંસારથી વૈરાગ્ય પામેલા કુબેરદત્તે દીક્ષા લીધી. કુબેરદત્તા પણ લાંબો વખત સંયમ પાળીને સ્વર્ગે ગઈ. આ પ્રમાણે જે પોતાના પતિને પણ બોધ પમાડે તે સાધ્વી ભવ્ય જીવોને ભક્તિ કરવા યોગ્ય કેમ ન થાય ? થાય જ.

॥ ઈતિ કુબેરદત્તા સાધ્વીની કથા ॥

## ॥ યાકિની મહત્તરાની કથા ॥

શ્રીનન્દ્રૈલપુર નામનું નગર હતું. ત્યાં હરિભદ્ર નામે બ્રાહ્મણ રહેતો હતો. તે સર્વ બ્રાહ્મણોમાં અગ્રેસર હતો. તે આન્વીક્ષિકાદિક વિદ્યાઓનો નિરંતર પાઠ કરીને કેટલાક વાદીઓને જીતવાથી અભિમાની થયો હતો. અને પોતાની આગળ જગતને તૃણ સમાન ગણતો હતો. વીતરાગ મતને માનનારી તેમની માતાએ કહ્યું કે હે વત્સ ! અહંકાર કરવો યોગ્ય નથી. કારણ કે તું ગણિપિટક એટલે બાર અંગો જાણતો નથી

અને કાંઇક જાણકાર છે. ત્યારે તેણે માતાને અહંકાર પૂર્વક કહ્યું કે જગતમાં તેવું કોઈ શાસ્ત્ર નથી જે હું જાણતો નથી. તો પણ મારી એવી પ્રતિજ્ઞા છે કે જેનું કહેલું વચન હું સારી રીતે યથાર્થ જાણું નહિ તેનો હું શિષ્ય થઈશ.

હવે યાકીની નામે મહત્તરા ( અગ્રેસર ) સાધ્વી વિહાર કરતા ત્યાં પરિવાર સાથે આવ્યા. તેમણે એક વખતે ઉપાશ્રયમાં ઘણા સાધ્વીના પરિવાર સાથે સંગ્રહણી સૂત્રનું અધ્યયન કરવા માંડ્યું. તેમાં પાઠ કરતાં અનુક્રમે "**चक्रिद्वयं हृषीकेशपञ्चकं चक्रिपञ्चकम्। हरिश्चक्री हरिश्चक्री द्विचक्रि-हरिश्चक्रिणः**" આ સંસ્કૃત છાયાવાળી પ્રાકૃત ગાથાનો પાઠ ચાલતો હતો તે વખતે માર્ગમાં જતા બ્રાહ્મણ હરિભદ્રે આ ગાથા સાંભળી. અને ચિત્તમાં તેનો અર્થ વિચાર્યો. પ્રાકૃતનો અભ્યાસ નહિ કરેલો હોવાથી તે આ પ્રાકૃત ગાથાનો અર્થ સમજ્યા નહિ. તેથી પૂછ્યું કે હે સાધ્વી ! આ બહુ ચાકચિકય શું કરાય છે ? ત્યારે યાકિની મહત્તરાએ કહ્યું કે નવા જાણકાર એવા તમને ચાકચિકય બહુ હોય. આ પ્રમાણે લજ્જાથી તેમણે સાધ્વીના ચરણકમલનો આશ્રય કર્યો. અને કહ્યું કે હે સાધ્વો ! આજથી તમે મારા ગુરૂ છો. ત્યાર પછી યાકિની મહત્તરાએ પણ પોતાના ગુરૂ શ્રીજિનભટ્ટ નામના આચાર્ય મહારાજ પાસે તે હરિભદ્રને દીક્ષા અપાવી. ત્યાર પછી ગુરૂની પાસે રહેલા શ્રીહરિભદ્ર મુનિએ ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તન કરીને ગુરૂને રંજિત કર્યા. આચાર્ય મહારાજે પણ હરિભદ્રને પોતે જાણતા હતા તે બધા શાસ્ત્રો શીખવ્યા. તેથી તેમને વિષે તે શ્રુત ઘણું શોભાને પામ્યું. તે વખતે

તે બંને કરતાં અધિક જ્ઞાનવાળું કોઇ નહોતું. સિદ્ધાન્તના પાઠથી તેમની લાંબા વખતની દૃઢ થએલી કુવાસનાઓ નાશ પામી ગઈ. તેમની જ્ઞાન દર્શન ચારિત્ર રૂપી લક્ષ્મીથી તેમની કીર્તિ પણ ચારે દિશામાં ફેલાઈ. આ હરિભદ્રને યાકિની સાધ્વીએ બોધ પમાડયો. તેથી તેમનું યાકિનીસૂનું એવું પણ નામ થયું. ગુરૂએ પણ તેમને લાયક જાણીને આચાર્ય પદે આરૂઢ કર્યા. એટલે સૂરિ પદવી આપી. ત્યાર પછી પૃથ્વી ઉપર વિહાર કરતા તેમણે જૈન શાસનની વિવિધ પ્રકારની પ્રભાવના કરી. તેમણે વિવિધ પ્રકારના પ્રકરણોની રચના કરી. એ પ્રમાણે જિન શાસનની પ્રભાવના કરી. સમાધિ પૂર્વક મરણ પામીને સ્વર્ગે ગયા. આ પ્રમાણે જેણીએ હરિભદ્ર જેવા વિદ્વાનને પણ બોધ પમાડયો, તે સાધ્વી કેમ પૂજનીય થાય નહિ.

॥ ઇતિ યાકિની સૂનુ કથા ॥

**અવતરણ:**—એ પ્રમાણે ૩૩ મું સાધ્વી દ્વાર કહ્યું. હવે શ્રાવકની ભક્તિ કરવા રૂપ છઠ્ઠા ક્ષેત્રનું સ્વરૂપ જણાવે છે:—

( मालिनीवृत्तम् )

३ १ २
अकृत भरतचक्री विश्वसाधर्मिकार्चां,
९ ५ ६ ७ ८ ४
कुरुत तदनुमानाच्छ्रेयसेऽत्रोद्यमं तत् ।
१० १२ १३ ११
यदि सकलधरित्रीं प्रीणयत्यम्बुवाहः,
१७ १९ १४ १५ १६ १८
किमु न तदरघट्टः क्षेत्रमात्रं पृणातु ॥ ७० ॥

સર્વ સાધર્મિક તણી ભક્તિ ભરત ચક્રી કરે,
તે સુણીને હાલના પણ શ્રાવકો તે નિત કરે;
પણ "શક્તિને અનુસાર ભક્તિ" એ વચન ના
વિસ્મરે,
ભરત મેઘ સમા હતા ને રેંટ સમ શ્રાવક ખરે. ૧

સર્વ પૃથ્વી તૃપ્ત કરતો મેઘ ખેતર માત્રને,
રેંટ કરતો તૃપ્ત ધરજો ચિત્તમાં દૃષ્ટાંતને;
જિન નામને બંધાવતી શુભભક્તિસાધર્મિકતણી,
સાધર્મિની ભક્તિબલે બહુ પુષ્ટિ સાતે ક્ષેત્રની ૨

**શ્લોકાર્થઃ**—ભરત ચક્રવર્તીએ સઘળાં સાધર્મિકની પૂજા—ભક્તિ કરી તેમના અનુમાને (દૃષ્ટાંતે) તમે (શ્રાવકો) પણ કલ્યાણને માટે આ બાબતમાં ઉદ્યમ કરો. જો મેઘ સઘળી પૃથ્વીને તૃપ્ત કરે છે તો રેંટ શું ક્ષેત્ર માત્રને તૃપ્ત કરતો નથી? ૭૦

**સ્પષ્ટાર્થઃ**—હવે કવિરાજ સાત ક્ષેત્ર માંહેના છઠ્ઠા શ્રાવક ક્ષેત્રની પણ ભક્તિ કરવી જોઇએ તે જણાવતાં કહે છે કે જેમ ભરત ચક્રવર્તીએ સઘળા સાધર્મિકની ભક્તિ કરી તેમ તમે પણ હે શ્રાવકો! સાધર્મિક બંધુઓની ભક્તિ કરો. સમાન ધર્મ પાળનારા તે સાધર્મિક અથવા શ્રાવકો જાણવા. તેમની ભક્તિ ભરત ચક્રવર્તી જેવાઓએ પણ કરી છે તો હે શ્રાવકો! તમે પણ તેમની ભક્તિ કરો. કારણ કે સઘળી સગાઇઓમાં સાધર્મિકની સગાઈ મોટી કહેલી છે,

તે વાત બરાબર છે. કારણ કે તે સાધર્મિક બંધુ ધર્મ સાધનામાં પ્રેરણા વગેરેમાં કારણભૂત થાય છે, અહીં એવી શંકા થાય કે ભરત ચક્રવર્તી પાસે તો નવ નિધાનો હતા તથા ચૌદ રત્નો હતા. અને દેવતાઓ પણ તેમની પાસે સેવામાં હતા. માટે તેઓ તો સઘળા સાધર્મિકની ભક્તિ કરે પરંતુ હાલના શ્રાવકો તેમના જેવી શક્તિવાળા નથી, તેથી તેઓ શી રીતે બધા સાધર્મિકોની ભક્તિ કરી શકે? તેના જવાબમાં કવિરાજ દૃષ્ટાન્ત આપવા પૂર્વક જણાવે છે કે વાત સાચી છે, તે છતાં સાધર્મિકની ભક્તિ પોતાની શક્તિ પ્રમાણે પણ જરૂર કરવી જોઈએ. કદાચ બધા સાધર્મિકોની ભક્તિ ન બની શકે તો પણ પોતાની જેટલી શક્તિ હોય તે પ્રમાણે તો તે કરી શકાય છે. કારણ કે મેઘ વરસીને સઘળી પૃથ્વીને ભીંજવીને તૃપ્ત કરે છે તો રેંહટ એક ખેતરને પણ તૃપ્ત કરી શકે છે. એટલે તમારાથી બધા સાધર્મિકોની ભક્તિ કદાચ ન બની શકે તો પણ જેટલા સાધર્મિકની ભક્તિ બની શકે તેટલાની તો જરૂર કરવી જ જોઈએ. ૭૦

## ॥ ભરત ચક્રીની કથા ॥

અયોધ્યા નગરીમાં ભરત ચક્રવર્તી રાજ્ય કરતા હતા. એક વખતે પ્રભુ શ્રીઋષભદેવ વિહાર કરતા ૮૪ ગણધરો સાથે અયોધ્યાના ઉદ્યાનમાં સમોસર્યા. તે વાત વનપાલે ચક્રીને જણાવી. હર્ષિત થએલા ચક્રીએ તેને સાડા બાર ક્રોડ સોનૈયા આપ્યા. ત્યાર પછી ભરત ચક્રવર્તીએ વિચાર કર્યો કે આજે સ્વામી પોતાના પરિવાર સાથે મારા અતિથિ

થયા છે માટે હું આજે તેમનું આતિથ્ય કરૂં. તેથી એક હજાર ગાડાં સુંદર મોદકોથી ભરીને તે લઈને જિનેશ્વરને નમવાને ભરત ગયા. પ્રભુને નમીને કહ્યું કે હે સ્વામિન્! આપને વિનંતિ કરૂં છું કે પરિવાર સાથે આપ આ મોદકને વ્હોરો. (ગ્રહણ કરો) તે વખતે પ્રભુએ કહ્યું કે અમારે બધાંને ઘણા દોષ યુકત આ મોદકો ગ્રહણ કરવા ઉચીત નથી. ત્યારે ભરતે કહ્યું કે આ અચિત્ત મોદકો સાધુઓને કેમ વ્હોરાય નહીં? ત્યારે પ્રભુએ કહ્યું કે આ મોદકો આધાકર્મી દોષવાળા છે. કારણ કે સાધુઓને ઉદ્દેશીને જે કરેલું હોય તે તેમને અકલ્પ્ય છે. વળી જે અન્નાદિક સાધુઓના સન્મુખ લાવવામાં આવેલું હોય તે અભ્યાહૃત દોષવાળું બને છે. તેથી પણ આ સામે લાવેલા મોદક સાધુઓને કલ્પે નહિ. વળી અશનાદિક ચાર વસ્ત્ર, પાત્ર વગેરે આઠ પ્રકારનો રાજપિંડ સાધુઓને કલ્પતો નથી. માટે આધાકર્માદિક દોષવાળા આ મોદકો વિષની જેમ સાધુઓને કલ્પે નહિ.

આ સાંભળીને ભરત ચક્રવર્તીને ઘણો પશ્ચાત્તાપ થયો. તે વખતે પ્રભુએ કહ્યું કે હે ભરત! ખેદ કરો નહિ. કારણ કે અરિહંત પ્રથમ પાત્ર છે, સુસાધુઓ બીજું પાત્ર છે અને ત્રીજું પાત્ર દેશવિરતિ શ્રાવકો છે. માટે અણુવ્રતધારી શ્રાવકોની તમે ભકિત કરો. કારણ કે તેથી આ સંસાર સમુદ્ર પણ ચુળુ જેવો થાય છે. પ્રભુના આ વચનથી હર્ષિત થઈને ભરતચક્રી ઘેર ગયા અને સઘળા શ્રાવકોને પોતાને ઘેર જમવાનું છે એવો પટહ વગડાવ્યો. તે વખતે ઋજુ અને જડ એવા સઘળા લોક નિમંત્રણ વિના પણ તેમના

ઘરે ભોજન માટે આવવા લાગ્યા. ત્યારે રસોઈયાઓએ કહ્યું કે ઘણા લોકો ભોજન માટે ભેગા થયા છે. માટે કોને કોને ભોજન આપવું તે કહો. તેથી શ્રાવકો કોણ છે તેની પરીક્ષા કરીને શ્રાવકોના ગળે તેમને ઓળખવા માટે કાકિણી રત્ન વડે ત્રણ રેખા કરી. પછી ભરત ચક્રવર્તી તેમની ભક્તિ કરીને મોક્ષ સુખના અધિકારી થયા. અને ત્યારથી લોકોમાં પણ સાધર્મિક ભક્તિની પ્રવૃત્તિ શરૂ થઈ. વિશેષ બીના દેશના ચિંતામણિમાં જણાવી છે.

**અવતરણ:**—આ શ્રાવકની ભક્તિરૂપી દ્વારમાં વિશેષ ઉપદેશ આપે છે—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

**श्राद्धानां सदुपासका बहुमता एवैकधर्मत्वतः ।**
**साधूनामपि जातु गौरवपदं वीतस्पृहाणाममी ॥**
**श्राद्धानामुपसर्गहृत्स्तवनतः श्रीभद्रबाहोर्यथा ।**
**चन्द्रार्काब्दवदुत्तमेषु सहजं विश्वोपकारिव्रतम् ॥७१॥**

**ધર્મ સરખો તેહથી શ્રાવકતણું શ્રાવક કરે,**
**બહુમાન પણ કેઈ વાર નિઃસ્પૃહ સાધુ પણ ગૌરવ કરે;**
**શ્રાવકતણા જિમ ભદ્રબાહુ તેમના વિઘ્નો હરે,**
**ઉપસર્ગહર દઈ ચંદ્રરવિને મેઘ જિમ ઉપકૃતિ કરે. ૧**

**શ્લોકાર્થ**:—એક સરખા ધર્મને લઈને (સાધર્મિક-પણાથી) સાધુની સારી ઉપાસના કરનારા શ્રાવકો શ્રાવકોને તો બહુમાન્ય હોય જ. પરંતુ કોઈક વખત તેઓ (શ્રાવકો) સ્પૃહા રહિત સાધુઓને પણ રોગ નાશ કરનાર ઉપસર્ગહર સ્તોત્રના દાનથી શ્રીભદ્રબાહુસ્વામીની પેઠે ગૌરવના સ્થાનરૂપ થાય છે, દૃષ્ટાન્ત કહે છે કે ચંદ્ર સૂર્ય અને મેઘની જેમ ઉત્તમ પુરૂષોમાં વિશ્વને ઉપકાર કરવાનું વ્રત સ્વાભાવિક હોય છે. ૭૧

**સ્પષ્ટાર્થ**:—સ્પૃહા રહિત એવા સાધુઓને પણ સુશ્રાવકો ગૌરવના સ્થાન રૂપ થાય છે. તે વાત જણાવતાં કવિરાજ કહે છે કે શ્રાવકો ને સાધુઓની સારી ભક્તિ કરનારા એવા ઉત્તમ શ્રાવકો તો સાધર્મિકપણાથી બહુ માનવા લાયક થાય છે જ, પરંતુ તેઓ (ઉત્તમ શ્રાવકો) સ્પૃહા એટલે કોઈ પ્રકારની ઇચ્છા વિનાના સાધુઓને પણ ગૌરવના સ્થાન રૂપ થાય છે. ઉદાહરણ આપતાં જણાવે છે કે જેમ રોગનો નાશ કરનાર એવું શ્રીપાર્શ્વનાથનું ઉવસગ્ગહરં નામનું સ્તોત્ર આપીને દાન વડે શ્રીભદ્રબાહુ સ્વામીએ શ્રાવકોનું ગૌરવ સાચવ્યું. આ બાબતમાં શંકા થાય કે સ્પૃહા રહિત એવા સાધુઓ શ્રાવકોને શા માટે બહુ આદર ભાવ આપે છે? તેના જવાબમાં જણાવે છે કે ઉત્તમ પુરૂષો સ્વભાવે જ જગતના જીવોની ઉપર ઉપકાર કરે છે. જેમ ચંદ્રનું સૂર્યનું તથા મેઘનું વિશ્વને ઉપકાર કરવાપણું સ્વાભાવિક છે તેવી રીતે ઉત્તમ પુરૂષો પણ સ્વભાવે જ ઉપકાર કરવામાં તત્પર હોય છે. ૭૧

## ॥ શ્રી ભદ્રબાહુ સ્વામીની કથા ॥

ભરત ક્ષેત્રમાં સોમિલા નામની નગરીમાં સોમદત્ત નામે વિપ્ર હતો. તેને ભદ્રબાહુ અને વરાહમિહિર નામના બે પુત્રો હતા. એક વાર સંભૂતિવિજય સુગુરૂની અમૃત સરખી દેશના સાંભળીને આ બંનેએ તેમની પાસે દીક્ષા લીધી. અનુક્રમે ભદ્રબાહુ શ્રુત સમુદ્રના પારગામી થયા. વરાહમિહિરે સૂર્ય-પ્રજ્ઞપ્તિ વગેરેનો કાંઈક અભ્યાસ કર્યો.

હવે સંભૂતિવિજય સૂરિએ પોતાના પદને લાયક સાધુની તપાસ કરી તો ભદ્રબાહુ સ્વામીને ગુણવાન જાણીને તેમને ગણના અધિપતિ બનાવ્યા. ત્યાર પછી આચાર્ય મહારાજ અનશન કરીને સ્વર્ગે ગયા. તે વખતે વરાહમિહિરે વિચાર કર્યો કે ગુરૂએ મને ગણનાયક (આચાર્ય) પદવી નહિ આપવાથી મારૂં અપમાન કર્યું છે. જેઓ અપમાન મળ્યા છતાં ત્યાંજ રહે છે તેઓ નરાધમ છે, એવું વિચારીને સાધુ-પણાનો ત્યાગ કરીને ઘેર પાછા ગયા.

ત્યાર પછી સૂર્યપ્રજ્ઞપ્તિ તથા ચંદ્રપ્રજ્ઞપ્તિના આધારે તે વરાહમિહિરે જ્યોતિષ શાસ્ત્રની રચના કરી. આગમને અનુસારે હોવાથી તે કાંઈક યથાર્થ હતું, તેથી અજ્ઞાનીઓ તે જોઈ આ જ્ઞાનવાળા છે એમ કહેવા લાગ્યા. તેથી રાજકુલમાં પણ તેની પ્રસિદ્ધિ થઈ. અને તેના રચેલા શાસ્ત્રો વારાહશાસ્ત્ર એ નામે પ્રસિદ્ધ થયા.

એક વાર ખડી વડે કુંડ આલેખીને અભિમાનથી તેમણે

સભામાં રાજાની આગળ કહ્યું કે બાવન પલના પ્રમાણવાળો મત્સ્ય આ કુંડમાં પડશે. ત્યારે શ્રીભદ્રબાહુ સ્વામીએ કહ્યું કે કુંડની બહાર પડશે. તે વાત તેમજ બની એટલે કુંડની બહાર મત્સ્ય પડયો તેથી રાજાએ તેની અવજ્ઞા કરી. કારણકે નિર્ભાગી જ્યાં જાય ત્યાં આપત્તિનું સ્થાન થાય છે. એક વાર રાજાને ત્યાં પુત્ર જન્મ થયો ત્યારે વરાહે તેનું સો વર્ષનું આયુષ્ય કહ્યું, પરંતુ ભદ્રબાહુએ કહ્યું કે બાલકનું સાતમે દિવસે બિડાલાના પડવાથી મૃત્યુ થશે. આ વાત સાંભળીને જ્યાં બિલાડાની ગન્ધ પણ ન હોય ત્યાં આ બાલકને મૂકું એમ વિચારી મહેલના સાતમા માળને વિષે તેને રાખ્યો. સાતમે દિવસે તેના ઉપર અર્ગલા (ભોગળ) પડવાથી તે બાળક મરણ પામ્યો. આથી રાજાએ ગુરૂ પાસે આવીને કહ્યું કે તે બાળક સાતમે દિવસે મરણ પામ્યો, પરંતુ તમારા કહેવા મુજબ બિલાડાથી તે મરણ પામ્યો નથી. ત્યારે સૂરિએ ચિત્રેલા બિલાડાવાળી તે ભુંગળ દેખાડીને રાજાને વિશ્વાસ પમાડયો. આ પ્રમાણે શ્રીભદ્રબાહુ સ્વામી વડે વારંવાર પરાભવ પામેલો તે વરાહમિહિર દોષ રહિત સંઘ ઉપર દ્વેષ કરવા લાગ્યો.

હવે તે વરાહ કાલ કરીને મરણ પામીને વ્યન્તર થયો. વિભંગ જ્ઞાનથી પૂર્વ જન્મનું સ્વરૂપ જાણીને તે શાસનનાં છિદ્ર શોધવા લાગ્યો. સાધુઓ અપ્રમત્ત હોવાથી ત્યાં તેને હેરાન કરવાનો લાગ મળ્યો નહિ. પરંતુ પ્રમાદી શ્રાવકોમાં તેણે મરકીનો ઉપદ્રવ કર્યો. શ્રાવકોએ પણ જાણ્યું કે આ ઉપદ્રવ શ્રીભદ્રબાહુ સ્વામી સિવાય કોણ દૂર કરી શકે?

આથી શ્રીસંઘે તેમને વિનંતિ કરી કે હે પ્રભુ! સંઘના ઉપર અનુગ્રહ કરી આ મરકી દૂર કરો. તે વખતે "ગુરૂએ પણ સંઘનું વચન માનવું જોઇએ" એમ સ્મરણ કરીને શ્રી પાર્શ્વનાથનું સ્તવન બનાવી સંઘને શીખવ્યું. તેના સ્મરણ માત્રથી મરકી તરતજ નાશ પામી ગઇ. આ સ્તવન ઉપસર્ગહર સ્તોત્ર નામે હાલ પણ પ્રસિદ્ધ છે. અને લોકો તેનું વારંવાર સ્મરણ કરે છે. એ પ્રમાણે શ્રીભદ્રબાહુ સ્વામી શાસનની પ્રભાવના કરી, અંતે અનશન કરી સમાધિ મરણ પામીને દેવલોકમાં ગયા. કથાનો સાર એ છે કે જેમ પૂર્વાચાર્યોએ શ્રાવકોનું વચન પણ માન્ય રાખ્યું છે તો આજના સાધુઓએ પણ ગુણી શ્રાવકોનું જરૂર અવસર ઉચિત ગૌરવ સાચવવું જોઈએ.

**અવતરણ:**—એ પ્રમાણે ચોત્રીસમું શ્રાવકદ્વાર રૂપી છઠ્ઠું ક્ષેત્ર કહીને હવે ૩૫ મા શ્રાવિકા દ્વાર રૂપ સાતમા ક્ષેત્રનું સ્વરૂપ જણાવે છે:—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

२ ३ ४ १ ६ ५
स्त्री पुंसोऽप्यधिका त्रिपक्षविशदा पुंरत्नखानिर्यतः,
९ ८ ७ १० ११ १३ १२
स्वामिन्या मरुदेवया तु सदृशी भूता न भाविन्यपि ॥
१७ १८ १६ १४ १५
विश्वार्च्यौ जिनचक्रिणौ प्रथमतो यत्पुत्रपौत्रावहो,
१९ २३ २० २१ २५ २४ २२
या प्रागेव शुभेऽहन्यभूच्छिवपुरप्रस्थानकस्था प्रभोः ॥७२॥

ત્રણ પક્ષ નિર્મલ જેહના જે શ્રાવિકા નરરત્નને,
જન્મ આપે તેહથી તે અધિક નરથી પણ અને;
પુત્ર જેનો તીર્થપતિ ને પૌત્ર ચક્રી પણ હતા,
પુત્ર પ્હેલા શુભ દિને જે મોક્ષના સુખ પામતા. ૧

તે મરૂદેવા સમી નારી ન થઈ હોશે નહી,
જિનધર્મને દીપાવનારી શ્રાવિકા પુષ્કલ સહી;
ધર્મમાં નિશ્ચલ રહે ને પાપનો ભય રાખતી,
શ્રાવિકાની ભક્તિનો કરનાર પામે શુભ ગતિ. ૨

શ્લોકાર્થ:—ત્રણ પક્ષે નિર્મલ એવી સ્ત્રી પુરૂષ કરતાં પણ અધિક છે. કારણ કે તે પુરૂષ રૂપી રત્નની ખાણ સમાન છે. વળી મરૂદેવા માતાના સમાન તો કોઈ સ્ત્રી થઈ નથી અને થવાની પણ નથી. કારણ કે તેમના પુત્ર શ્રીઋષભદેવ અને પૌત્ર ભરત ચક્રવર્તી સર્વ વિશ્વને પૂજવા લાયક થયા છે. વળી જે મરૂદેવા માતા ઋષભદેવના પહેલાં જ શુભ શિવપુર પ્રત્યે પ્રસ્થાન–પ્રયાણ કરનારા થયા છે. ૭૨

સ્પષ્ટાર્થ—કવિશ્રી પુરૂષ" કરતાં સ્ત્રીની" અધિકતા જણાવતાં કહે છે કે જેને પિતૃ પક્ષ, માતૃ પક્ષ અને શ્વસુર પક્ષ એ ત્રણે પક્ષો શુદ્ધ છે તેવી સ્ત્રી પુરૂષ કરતાં અધિક છે. કારણ કે રત્નની ઉત્પત્તિ ખાણમાંથી થાય છે તેમ પુરૂષ રૂપી રત્નની ઉત્પત્તિ પણ સ્ત્રીરૂપી ખાણમાંથી થાય છે. માટે પુરૂષ કરતાં સ્ત્રીની અધિકતા છે. જો સ્ત્રીજ ન હોય તો પુરૂષ રૂપી રત્નની ઉત્પત્તિ ક્યાંથી થાય ? વળી ઋષભદેવની માતા મરૂદેવી

સ્વામિની સમાન તો કોઇ સ્ત્રી ભૂતકાળમાં થઈ નથી અને થવાની પણ નથી. કારણકે તેમના પુત્ર શ્રીઋષભદેવ પ્રથમ તીર્થંકર થયા છે. વળી તેમના પૌત્ર એટલે ઋષભદેવના પુત્ર શ્રી ભરત ચક્રવર્તી થયા છે જે બંને સર્વ વિશ્વને પૂજવા લાયક થયા છે. વળી જે મરૂદેવા માતા પોતાના પુત્રની પહેલાંજ શિવપુર પ્રત્યે પ્રસ્થાન કરનારા થયા. તે જાણે પોતાના પુત્રને મળનારી મોક્ષ રૂપી વહુને પ્રથમ જોવાને માટેજ જાણે ગયા ન હોય અથવા પોતાના પુત્રને માટે પ્રથમથી જગ્યા કરવાને માટે જાણે અગાઉથી ગયા હોય તેવા જણાય છે. ૭૨

## ॥ મરૂદેવી માતાની કથા ॥

ગંગા અને સિંધુ નદીના વચ્ચેના પ્રદેશમાં ત્રીજા આરાના છેવટના ભાગમાં વિમલવાહન નામે પ્રથમ કુલકર થયા. તેમણે હકાર નીતિ યુગલિયાઓને શીખવી. તેમની પ્રિયાએ છ માસ આયુષ્ય બાકી રહ્યું ત્યારે ચક્ષુષ્મદ નામે બાલક અને ચન્દ્રકાન્તા નામે બાલીકાને ( યુગલીયાને ) જન્મ આપ્યો. તેમણે પણ અંતે યશસ્વી નામે પુત્ર અને સ્વરુપિકા નામે પુત્રીને યુગલિકપણે જન્મ આપ્યો. આ યશસ્વી કુલકરે હકાર અને મકાર એમ બે નીતિથી કલહ કરતા યુગલિઆઓને સમજાવ્યા. તેમને અભિચન્દ્ર નામે પુત્ર અને પ્રતિરૂપિકા નામે પુત્રી થઈ. આ અભિચન્દ્રને તેની પ્રિયાથી પ્રસેનજિત નામે પુત્ર અને ચક્ષુષ્કાંતા નામે પુત્રી થઈ. અધિક કલહ કરતા યુગલિઆઓને આ પ્રસેનજિત કુલકરે હકાર મકાર અને ધિક્કાર એમ ત્રણ નીતિથી સમજાવ્યા. પ્રસેનજિતને મેરૂદેવ નામે પુત્ર અને શ્રીકાન્તિકા નામે પુત્રી થઇ. આ

શ્રીકાન્તાએ નાભિ નામે પુત્ર અને મરૂદેવી નામે પુત્રીને જન્મ આપ્યો. આ યુગલનું પાંચસો ધનુષ્યથી કાંઈક અધિક ઉંચું શરીર હતું.

હવે વજ્રનાભનો જીવ દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી મરૂદેવાની કુક્ષિમાં ઉત્પન્ન થયો. તે વખતે મરૂદેવા માતાએ સ્વપ્નમાં ચૌદ મોટાં સ્વપ્નો જોયાં. તે સમયે નારકીઓ પણ થોડી વાર સુખ પામ્યા. પૂર્ણ કાલે પુત્રને જન્મ આપ્યો. સ્વપ્નમાં પ્રથમ વૃષભ જોયો હતો તેથી વૃષભદેવ એવું નાભિરાજાએ નામ પાડયું. દેવોએ પ્રભુનો સ્નાત્ર મહોત્સવ કર્યો. યૌવન વય પામ્યા ત્યારે સુનંદા અને સુમંગલા નામે બે કન્યાઓ પરણ્યા. સુનંદાએ ભરત અને બ્રાહ્મી નામે યુગલને તથા સુમંગલાએ બાહુબલી અને સુન્દરી નામે યુગલને જન્મ આપ્યો. ત્યાર પછી વિનીતા નગરીની સ્થાપના કરીને ઇન્દ્ર મહારાજે પ્રભુનો રાજ્યાભિષેક કર્યો. શ્રીઋષભદેવે લોકોને બધા પ્રકારના વ્યવહારો તથા નીતિઓ શીખવી. ત્યાર પછી પ્રભુએ ઘણા વખત સુધી રાજ્ય ભોગવ્યું.

દીક્ષા લેવાનો અવસર આવ્યો ત્યારે લોકાન્તિક દેવોએ પ્રભુને વિનતિ કરી કે હવે દીક્ષા લેવાનો અવસર થયો છે. ત્યાર પછી પ્રભુએ એક વર્ષ સંવત્સરી દાન દઈને પંચમુષ્ટિ લોચ કરીને દીક્ષા લીધી. ત્યારે ભરતકુમાર રાજા થયા. એક વર્ષ સુધી પ્રભુ નિરાહાર રહ્યા કારણ કે યુગલિઆઓ પ્રભુને શું ખપે તે બાબતમાં અજાણ હતા. છેવટે પ્રભુ ગજપુર નામે નગરમાં ગયા, ત્યાં બાહુબલિના પૌત્ર અને જાતિસ્મરણ જ્ઞાનથી પૂર્વ ભવની બીના જાણનાર શ્રેયાંસકુમારે પ્રભુને

શેરડીના રસવડે પારણું કરાવ્યું. એક હજાર વર્ષો સુધી છદ્મસ્થ ભાવે વિચરીને પુરિમતાલ નગરને વિષે આવ્યા. ત્યાં પ્રભુને કેવલજ્ઞાન થયું. દેવોએ સમવસરણની રચના કરી. પ્રભુ સમવસરણમાં બેસીને મધુર વાણીથી ઉપદેશ દેવા લાગ્યા. તે વખતે મરૂદેવી માતા પોતાના પુત્રે દીક્ષા લીધા પછી હંમેશાં તેમની ચિંતા કરતા હતા અને તેથી તેમની આંખે પડળ આવ્યા હતા. ને તે ભરત ચક્રીને વારંવાર કહેતા હતા કે તું મોટો ચક્રવર્તી છે છતાં તારા પિતાની ખબર લેતો નથી. તેમને ટાઢ તડકો સહન કરવો પડે છે, વગેરે દુઃખો ચક્રવર્તીની આગળ જણાવતાં હતાં. તેથી દાદીમાને હાથી ઉપર બેસાડીને પ્રભુની ઋદ્ધિ દેખાડવાને માટે ભરત ચક્રવર્તી પ્રભુને વંદન કરવા નીકળ્યા. સમોસરણ નજીક આવતાં મરૂદેવી માતા પ્રભુની ઋદ્ધિ જોઈને હર્ષ પામીને મોહ દશાને વિચારીને શુકલ ધ્યાન ઉપર આરૂઢ થઈને હાથી ઉપર બેઠા બેઠા જ કેવલજ્ઞાન પામી અંતગડ કેવલી થઈને મોક્ષે ગયા. આ મરૂદેવી માતાએ ઋષભદેવ જેવા પુત્રને જન્મ આપ્યો. અને જે ઋષભદેવથી ભરત ચક્રવર્તી ઉત્પન્ન થયા તે મરૂદેવી માતા સ્ત્રી છતાં પણ જેમ પૂજનીય થયા તેમ બીજી સ્ત્રીઓ પણ પૂજનીય બને છે.

અવતરણ:—ચાલુ શ્રાવિકા ક્ષેત્રની વિશેષ બીના જણાવે છે:—

( वसंततिलकावृत्तम् )

या श्राविकाऽप्यमलशीलपवित्रिताङ्गी,
सा श्लाघ्यते त्रिभुवनेऽपि यथा सुभद्रा ॥

१४ १५
यस्यास्त्रिवारिचुलुकाहितलोकतुष्टेः,
१० ११ १२ १६ १७ १३
स्रोतः सहस्रकृतमुत्सदृशी क्व गङ्गा ॥ ७३ ॥

શુદ્ધ શીલે શોભતી તે શ્રાવિકા ત્રણ ભુવનમાં,
વખણાય શીલવંતી સુભદ્રા કીર્ત્તિ પામે લોકમાં;
ત્રણ અંજલિથી લોકને સંતુષ્ટ કરતી તે સતી,
ગંગા હજાર પ્રવાહથી કરે હર્ષ તેથી ઉતરતી. ૭૩

શ્લોકાર્થ:—નિર્મલ શીલ વડે પવિત્ર અંગવાળી પણ સુભદ્રાની પેઠે ત્રણ ભુવનને વિષે વખણાય છે. દૃષ્ટાન્ત કહે છે. હજારો પ્રવાહો વડે હર્ષ કરનારી ગંગા ત્રણ અંજલિથી લોકોને સંતુષ્ટ કરનાર સુભદ્રાની સરખામણી ક્યાંથી પામે?૧૭૩

સ્પષ્ટાર્થ:—કવિરાજ શ્રાવિકાના ગુણનું વર્ણન કરતાં કહે છે કે નિર્મલ શીલ ગુણ વડે કરીને પવિત્ર અંગવાળી એવી જે શ્રાવિકા અથવા શીલવ્રત એજ છે ભૂષણ જેનું એવી જે શ્રાવિકા તે પણ સુભદ્રા નામની શ્રાવિકાની જેમ સ્વર્ગ મૃત્યુ અને પાતાળ એ ત્રણ લોકમાં પણ વખણાય છે. એટલે શીલવંતી શ્રાવિકા સુભદ્રા નામની શ્રાવિકાની જેમ પ્રશંસા પાત્ર બને છે. અહીં દૃષ્ટાન્ત આપે છે કે—આ સુભદ્રા શ્રાવિકાની જેવી ગંગા નદી કઇ રીતે કહી શકાય ? અર્થાત્ નજ કહેવાય. કારણ કે સુભદ્રાએ પાણીની ત્રણ અંજલી છાંટી લોકને સંતોષ પમાડયો છે. એટલે તેણીએ ત્રણ વાર પાણીની અંજલી છાંટીને ચંપા નગરીના ત્રણ દરવાજા શીલના પ્રભાવથી ઉઘાડયા. ને જે મારા જેવી શીલવંતી સ્ત્રી હોય, તે

ચોથો દરવાજો ઉઘાડે એમ કહી ચોથો દરવાજો ઉઘાડયો ન્હોતો તે દરવાજો બીજા કોઈથી ઉઘડયો પણ નહી જ. આવી નિર્મલ શીલવંતી સુભદ્રાની આગળ ગંગા નદીની સમાનતા કેવી રીતે કરી શકાય? કારણ કે ગંગા નદીએ તો હજારો પ્રવાહ વડે લોકોને હર્ષ પમાડયો હતો. અને સુભદ્રા શ્રાવિકાએ તો ત્રણ અંજલિ વડે લોકોને સંતોષ પમાડયો હતો. ૭૩

## ॥ સુભદ્રા શ્રાવિકાની કથા ॥

ચમ્પા નગરીમાં જિતશત્રુ રાજા રાજ્ય કરતો હતો. તે નગરીમાં જિનદત્ત નામે અરિહંતનો પરમ ભક્ત શેઠ હતો. તેને સુભદ્રા નામની શીલ ગુણવાળી પુત્રી હતી. એક વાર બુદ્ધના ભક્ત બુદ્ધદાસ નામે શેઠે તેને જોઈ અને તેના ઉપર રાગવાળો થવાથી તેણે જિનદત્ત પાસે સુભદ્રાની માગણી કરી. પરંતુ જુદા ધર્મવાળા તેને જિનદત્તે સુભદ્રા આપી નહિ. તેથી તેણે કપટથી શ્રાવકપણું અંગીકાર કર્યું. તેથી સાધર્મિક ગણીને જિનદત્તે પ્રસન્ન મનથી સુભદ્રાનો તેની સાથે વિવાહ કર્યો. કેટલાક દિવસ પછી બુદ્ધદાસે સુભદ્રાને પોતાને ઘેર મોકલવાને જિનદત્તને કહ્યું. ત્યારે જિનદત્તે કહ્યું કે તમે સારૂં કહ્યું, પરંતુ તમારા માબાપ એને વિષે દ્વેષ ધારણ કરે છે. ત્યારે બુદ્ધદત્તે ફરીથી કહ્યું કે જો હું તેને જુદા ઘરમાં રાખીશ તો તેઓ તેને દોષ આપવાને કેવી રીતે સમર્થ થશે? તેથી જિનદત્તે સુભદ્રાને મોકલી અને બુદ્ધદત્તે પોતાના ઘરની પાડોશમાં ઘર રાખીને તેને ત્યાં રાખી.

હવે સાધુઓને તે સુભદ્રાને ત્યાં વહોરવાને આવતાં જતાં જોઇને દુષ્ટ સાસુ પુત્રને કહેવા લાગી કે હે પુત્ર ! તારી સ્ત્રી એકાંતમાં સાધુઓ સાથે ક્રીડા કરે છે. ત્યારે બુદ્ધદત્તે કહ્યું કે હે માતા ! તમારૂં કહેવું સાચું નથી. તે સતી છે, તેથી પોતાના સતીપણાનો કલ્પાંતે પણ ત્યાગ કરે જ નહિ. એ પ્રમાણે કહીને માતાનું વચન માન્યું નહિ.

એ પ્રમાણે દુષ્ટ આશયવાળી તેની સાસુ તથા નણંદો તેનાં છિદ્રો જોયા કરે છે. એક વાર કોઇક મુમુક્ષુ સાધુ સુભદ્રાને ત્યાં વ્હોરવા આવ્યા. તે વખતે વાયરાથી ઉડીને મુનિની આંખમાં તણખલું પડયું. તે સાધુને પીડા કરનારૂં તે તણખલું જોઈને સુભદ્રાએ પોતાની જીભ વડે દૂર કર્યું. તે કાઢતાં સુભદ્રાના કપાળનો ચાંલ્લો સાધુના કપાળે લાગ્યો, પરંતુ તે બંનેએ તે જાણ્યું નહિ. તેવું સાધુનું કપાલ જોઈને સાસુએ બુદ્ધદાસને કહ્યું કે આ સતી સ્ત્રીને જુઓ. તે પણ નિશાની જોઇ સુભદ્રાને વ્યભિચારિણી માનીને તેને વિષે વિરક્ત થયો.

હવે સુભદ્રાએ પતિને સ્નેહ રહિત જોઇને પોતે કલંક રહિત છતાં કલંક વડે ખિન્ન થઈને વિચાર્યું કે મને આ કલંક જેટલી પીડા કરતું નથી તેથી અધિક પીડા નિર્મળ જિનશાસનની હેલના થવાથી થાય છે. આ પ્રમાણે વિચારી પોતાના ઘરમાં સાંજે પ્રભુની પૂજા કરીને એવો અભિગ્રહ ધારણ કર્યો કે જ્યાં સુધી જિનેશ્વરના શાસનની હેલના દૂર ન થાય ત્યાં સુધી આ કાઉસગ્ગ હું પારીશ નહિ. એ પ્રમાણે જિનશાસન દેવને ઉદ્દેશીને તેણે કાઉસગ્ગ કર્યો. કાઉસગ્ગમાં

રહેલી તેની આગળ તત્કાળ પ્રગટ થઈને શાસનદેવીએ કહ્યું કે હે પુત્રી! તું હમણાં ખેદ કરીશ નહિ. તારા સત્ત્વથી આવેલી હું તારૂં ઈષ્ટ કામ શું કરૂં? તે મને જણાવ.

તે વખતે સુભદ્રાએ દેવીને પ્રણામ કરીને કહ્યું કે આ શાસનનું કલંક દૂર કરો. ત્યારે દેવીએ કહ્યું કે હમણાં તું ધીરજ રાખ, સવારે તારો મનોરથ સિદ્ધ થશે. એમ કહી તે અદૃશ્ય થઈ એટલે સુભદ્રાએ કાઉસગ્ગ પાર્યો અને રાત્રી પૂરી કરી.

સવારે નગરના લોકોએ ઘણી મહેનત કરી તો પણ નગરના દરવાજા ઉઘડયા નહિ. તેથી વ્યાકુલ થએલા લોકોએ રાજાને તે વાત જણાવી. રાજા પવિત્ર થઇને હાથ જોડીને બોલ્યો કે જે કોઈ દેવ અથવા દાનવ મારી અવજ્ઞાથી કોપાયમાન થયો હોય તે હમણાં મારા ઉપર પ્રસન્ન થાઓ. આ પ્રમાણે રાજાએ કહ્યું ત્યારે આકાશવાણી થઇ કે આ નગરમાં જે કોઇ સતી સ્ત્રી હોય તે કાચા તાંતણે ચાલણી બાંધીને કુવામાંથી પાણી કાઢીને દરવાજાની ઉપર ત્રણ અંજલિ છાંટે, તો બારણાં ઉઘડશે. આ સાંભળીને નગરની ઘણી સ્ત્રીઓ દરવાજા ઉઘાડવા આવી. પરંતુ તાંતણાથી ચાલણી બાંધીને કૂવામાંથી પાણી કાઢવાને કોઈ પણ સ્ત્રી શક્તિમાન થઈ નહિ. તે વખતે સુભદ્રાએ પોતાની સાસુ પાસે આવીને કહ્યું કે હું પણ હમણાં જઇને જોઉં માટે મને રજા આપો. ત્યારે સાસુએ આક્ષેપ પૂર્વક કહ્યું કે "તારૂં સતીપણું અમે તો જાણેલું છે, હવે નગરના લોકોને જણાવ. કોઇ મહા સતી નગરનું દ્વાર ઉઘાડવાને સમર્થ ન

થઈ તો તું સાધુની સેવિકા કેવી રીતે સમર્થ થઇશ." ત્યારે સુભદ્રાએ કહ્યું કે હે માતા! તમે સારૂં કહ્યું, પરંતુ મારી પણ પરીક્ષા થવી જોઈએ. એમ કહીને સુભદ્રાએ તાંતણે બાંધીને ચાલણી કૂવામાં નાખી. તેનાથી ખેંચતાં ચાલણીમાંથી પાણીનો કણ પણ પડયો નહિ. તેમજ પાણીના ભારથી ચાલણી પણ તૂટી નહિ. તેનો તેવો પ્રભાવ જાણીને રાજાએ ત્યાં આવીને તેને નગરનાં બારણાં ઉઘાડવાનું કહ્યું. પછી ચાલણીમાં પાણી લઈને સુભદ્રા રાજા મંત્રી વગેરે સાથે નગરના પૂર્વ દરવાજે ગઈ. પંચ નમસ્કારનું સ્મરણ કરીને તે પાણીની ત્રણ અંજલિ કમાડ ઉપર છાંટી એટલે બારણાં તરત ઉઘડી ગયાં. તે વખતે દુન્દુભિનો નાદ થયો. અને દેવોએ જય જય શબ્દ કર્યો. ત્યાર પછી તેણે દક્ષિણ અને પશ્ચિમનો દરવાજો પણ પાણી છાંટીને ઉઘાડયો. અને ઉત્તરના દરવાજે આવીને તેણીએ કહ્યું કે જે કોઇ મહાસતી હશે તે કોઇક ઠેકાણેથી આવીને આ દ્વાર ઉઘાડશે. પણ કોઇ સ્ત્રીએ ઉઘાડયો નહી, તેથી તે ચંપા નગરનો ઉત્તરનો દરવાજો સુભદ્રાના શીલની સાક્ષી પૂરતો હાલ પણ બંધજ છે. છેવટે રાજા પ્રજા વગેરે તે મહાસતી છે એવું કહી તેને નમીને સ્વસ્થાને ગયા. પશ્ચાત્તાપ કરતાં સાસુ સસરાએ પણ તેને ખમાવી. પતિએ પણ તેને ખમાવીને પ્રથમની જેમ તેના ઉપર પ્રીતિ રાખવા માંડી. અને જૈન ધર્મની પણ પ્રભાવના થઈ. આ પ્રમાણે જેણે કીર્તિ મેળવી તે સ્ત્રી જગતમાં પ્રશંસાપાત્ર કેમ ન થાય?

અવતરણ:—હવે છત્રીસમા જિનપૂજા દ્વારનું વર્ણન કરે છે:—

( वसंततिलकावृत्तम् )

१२ ३ ४ ५ ६ ७
पुष्पाक्षताम्बुफलचन्दनधूपदीप-
८ ९ १०
नैवेद्यतः प्रतिदिनं जिनपादपूजा ।
११ १२
श्रीश्रेणिकादिजिनवज्जिनतादि,
१३ १४ १६ १५
दत्ते यथाऽऽदयः कलशतामिव मृद्दलस्य ॥७४॥

મૃત્તિકાના પિંડનો જિમ કુંભકારાદિક કરે,
ઘટ તથા જલ દીપ ધૂપ નૈવેદ્ય ફૂલ અક્ષત ભરે;
ફલ સુખડ જલ અષ્ટ દ્રવ્યે જિનપતિને પૂજતા,
જિનપણું આદિ લહે જિમ શ્રેણિકાદિક પામતા. ૭૪

શ્લોકાર્થ:--પુષ્પ, અક્ષત, જલ, ફલ, ચન્દન, ધૂપ, દીપ અને નૈવેદ્યથી દરરોજ કરેલી શ્રીજિનેશ્વરની ચરણ-પૂજા શ્રીશ્રેણિક રાજા વગેરેને આપ્યું તેમ જિનેશ્વરપણું આપે છે. દૃષ્ટાન્ત આપે છે કે ચક્રાદિક જેમ માટીના પિંડને કલશપણું આપે છે. ૭૪

સ્પષ્ટાર્થ:--જિનેશ્વરની પૂજા જિનેશ્વરપદ આપે છે, તે જણાવતાં કવિરાજ કહે છે કે ૧ ચમ્પા વગેરેનાં પુષ્પ, ૨ અક્ષત એટલે અણીશુદ્ધ ( આખા ) ચોખા, ૩ પાણી, ૪ આમ્ર વગેરેનાં ફળ, ૫ ચન્દન, ૬ ધૂપ ૭ દીપ અને ૮ મી નૈવેદ્યથી દરરોજ કરેલી શ્રીજિનરાજના ચરણની પૂજા શ્રીતીર્થંકર પદ વગેરે આપે છે. વગેરે કહેવાથી

રાજ્યાદિ જાણવાં. શાસ્ત્રીય દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે શ્રીજિનેશ્વરની પૂજાથી શ્રેણિક રાજા વગેરેને તીર્થંકરપણાની પ્રાપ્તિ થવાની છે. અહીંઆં વ્યાવહારિક ઉદાહરણ આપે છે કે જેમ માટીનો પિંડ છે તેને ચક્ર વગેરે એટલે ચક્ર, દંડ, કુંભાર, દોરડી એ સઘળાં એકઠાં મળીને કલશપણાની અથવા કુંભપણાની પ્રાપ્તિ કરાવે છે. તેમ અહીં ચક્રાદિ જેવી જિન-પાદ પૂજા જાણવી, કલશપણાની જેવું જિનપણું વગેરે જાણવું. અને પૂજા કરનાર જીવો માટીના પિંડ જેવા જાણવા. આ રીતે શ્રીજિનપૂજાનું ફળ જાણીને ભવ્ય જીવોએ પરમ ઉલ્લાસથી પ્રભુપૂજા કરી મોક્ષનાં સુખ મેળવવાં.

## ॥ શ્રી શ્રેણિક રાજાની કથા ॥

ભરતક્ષેત્રમાં મગધ દેશમાં રાજગૃહ નામે નગર હતું. ત્યા શ્રેણિક નામે મહા પરાક્રમી રાજા હતો. એક વાર ત્યાં ચરમ તીર્થંકર શ્રી વીર પ્રભુ સમોસર્યા. તે વખતે શ્રેણિક રાજા પરિવાર સાથે પ્રભુને વંદન કરવા ગયા. પ્રભુની દેશના સાંભળીને શુદ્ધ આશયવાળા તેણે કહ્યું કે હે પ્રભુ! વિરતિ વગેરે અંગીકાર કરવાને હું સમર્થ નથી, પરંતુ મારા ઉપર પ્રસન્ન થઈને એવું પુણ્ય કાર્ય જણાવો કે જેથી આ સંસાર સમુદ્ર સુખે તરી શકાય. ત્યારે પ્રભુએ કહ્યું કે હે રાજા! સાવધાનપણે સાંભળો. જિનેશ્વરની પૂજા કલ્પવલ્લીની જેમ મનુષ્યોને તમામ ઇચ્છિત આપે છે. તે સાંભળીને રાજાએ પ્રભુ આગલ અભિગ્રહ લીધો કે મારે હંમેશાં જિનરાજના ચરણ કમલની પૂજા કરવી. અને રત્ન તથા સુવર્ણના ૧૦૮ યવો (અક્ષત) વડે પ્રભુની આગળ દરરોજ સાથીઓ કરવો.

આ પ્રમાણે દરરોજ પરમ પ્રીતિ પૂર્વક કરતા રાજાએ તીર્થંકર નામકર્મ બાંધ્યું. તે આવતી ચોવીશીમાં પદ્મનાભ નામે પ્હેલા તીર્થંકર થશે. ॥ ઇતિ શ્રેણિક કથા ॥

અવતરણઃ—આ શ્લોકમાં પણ પૂજાનું ફલ કહે છે:—

( स्वागतावृत्तम् )

७ २ १ ६ ५ ३ ४
**स्याज्जिनार्चनकृतस्त्रिकशुद्ध्या, शं विपद्यपि यथा दवदन्त्याः ।**
८ १२ १० ११ ९ १८ १३ १७ १५ १६ १४
**स्वस्तरुः फलति किं न हि रोरे, नेन्दुरस्यति तृषं न चकोरे ॥७५॥**

**ભાવથી જિન પૂજતાં આપત્તિમાં પણ સુખ મળે,**
**દમયંતીને જિમ કલ્પતરૂ નિર્ધન તણા ગેહે ફળે;**
**શું ના અને ના દૂર કરતો તરસ ઇંદુ ચકોરની,**
**ચંદ્ર સુરતરૂના સમી શુભ પૂજના જિનરાજની. ૭૫**

**શ્લોકાર્થ**:–ત્રિકરણ શુદ્ધિથી જિનેશ્વરની પૂજા કરવાથી દમયન્તીની જેમ સંકટમાં પણ સુખ થાય છે. કલ્પવૃક્ષ નિર્ધન માણસને શું ફલ આપતું નથી? વળી ચંદ્રમા શું ચકોર પક્ષીની તરસને દૂર નથી કરતો? અર્થાત્ કરે જ છે. ૭૫

**સ્પષ્ટાર્થ**:—કવિરાજ જીનેશ્વરની પૂજાનું ફલ જણાવતાં કહે છે કે જેઓ ત્રિકરણ શુદ્ધિ વડે એટલે નિર્મલ મન વચન અને કાયાથી અથવા મનથી શુભ ભાવ પૂર્વક, વચનથી ઉપયોગ પૂર્વક બોલવાથી અને શરીરને શુદ્ધ કરીને જિનેશ્વરની પુજા કરે છે તેમને સંકટમાં પણ સુખની પ્રાપ્તિ થાય છે. અથવા જિનેશ્વરની ત્રિકરણ શુદ્ધિ પૂર્વક પુજા કરનારા ભવ્ય

જીવોનાં સંકટોનો નાશ થાય છે અને સુખની પ્રાપ્તિ થાય છે. અહીં બે લૌકિક ઉદાહરણ આપે છે કે કલ્પવૃક્ષ દરિદ્ર માણસને શું ફળ આપતું નથી? અથવા કલ્પવૃક્ષ જેમ સુખી માણસને ફળ આપે છે તેમ દરિદ્ર માણસને પણ સુખ આપે છેજ. વળી શું ચંદ્રમા ચકોર પક્ષીની તૃષાને દૂર નથી કરતો? અથવા ચંદ્રમા દરિદ્ર સમાન ચકોર પક્ષીની તૃષાને પણ દૂર કરે છેજ? માટે સંકટોને દૂર કરીને સુખ આપનારી જિન પૂજા અવશ્ય કરવી જોઈએ. આ પ્રસંગે શાસ્ત્રીય દૃષ્ટાંત એ છે કે જિનેશ્વરની ત્રિકરણ શુદ્ધિ વડે પૂજા કરવાથી જે નલરાજાની રાણી હતી અને જેને અનેક પ્રકારનાં સંકટો ભોગવવા પડયાં છે, તે દમયંતીને સુખની પ્રાપ્તિ થઈ છે. ૯૫

## ॥ દમયંતીની કથા ॥

અષ્ટાપદ પર્વતની પાસે સગર નામનું ગામ હતું. ત્યાં મુમ્મુણ નામે રાજા અને તેની વીરમતી નામે પ્રિયા હતી. એક વાર શિકાર કરવાને સ્ત્રી સાથે તે પાપી રાજા નીકળ્યો. તે વખતે મલથી ભીંજાએલ એક મુનિને સાર્થ (સમુદાય)ની સાથે આવતા જોઈને આ સાધુનું દર્શન મારા શીકાર કરવા જવામાં વિઘ્ન રૂપ છે એવા વિચારથી સમુદાયમાંથી તે મુનિને ગળેથી પકડીને રાજમહેલમાં લઈ ગયો. પછી મુનિને પૂછયું કે તમે આ પ્રમાણે કયાંથી આવ્યા છો અને કયાં જાઓ છો? મુનિએ કહ્યું કે રોહિતક નગરથી સાર્થ સાથે હું નીકળ્યો છું. અને અષ્ટાપદ પર્વત ઉપર જિનેશ્વરોને વન્દન કરવા જતો હતો તેવામાં તમે બંને જણાંએ મને પકડયો. સાર્થથી છુટો પડેલો હું હવે ત્યાં કઇ રીતે જઈ શકીશ? માટે હે રાજા! તમે મને ધર્મ કાર્યમાં

અન્તરાય રૂપ થયા છે. લઘુ કર્મી હોવાથી રાજાનો રોષ ઉતરી ગયો. પછી બંને જણાંએ મુનિને જિનેશ્વરનો ધર્મ પૂછયો. અને મુનિને ભોજનાદિથી પ્રતિલાભ્યા. મુનિએ ધર્મનું સ્વરૂપ સમજાવ્યું. શાસનદેવી તેમને ધર્મમાં સ્થિર કરવા માટે એકવાર અષ્ટાપદ પર્વત ઉપર લઇ ગયા. ત્યાં અરિહંતની પ્રતિમાઓ જોઇને વીરમતી ઘણો હર્ષ પામી. ત્યાં જિનબિંબોને નમસ્કાર કરીને વીરમતીએ ઘેર આવી ચોવીશ જિનેશ્વરો પૈકી એક એક જિનવરને ઉદ્દેશીને વીસ વીસ આયંબિલ કર્યા. વળી અષ્ટાપદની ચોવીશ અરિહંતોની પ્રતિમાના કપાળમાં સુવર્ણના તિલકો કરાવી તપનું ઉજમણું કર્યું. શ્રીજિનપૂજાદિ ધર્મનું પાલન કરતાં મરીને તે બંને પરસ્પર પ્રીતિવાળા દેવ દેવી થયા. ત્યાંથી આવીને મુમ્મુણ રાજાનો જીવ પોતનપુર નગરમાં ધન નામે ભરવાડનો પુત્ર થયો અને વીરમતી ધૂસરી નામની સ્ત્રી થઇ. એક વાર તે ધન ભરવાડ ભેંસોને લઇને વનમાં ગયો. ત્યારે મૂશળ-ધાર વરસાદ વરસવા માંડયો. તેવામાં પ્રતિમા ધ્યાનમાં રહેલા અને વરસાદથી પીડાતા એક મુનિને જોયા. ધન ભરવાડે તે વખતે મુનિના મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું. વરસાદ બંધ પડયો ત્યારે મુનિએ કાઉસગ્ગ પાર્યો. ધન ભરવાડે તેમને પ્રણામ કર્યો. ને તેણે તેમની પાસેથી ગૃહસ્થ ધર્મ ગ્રહણ કર્યો. તેની સ્ત્રીએ પણ તે ધર્મ ગ્રહણ કરી મુનિને પારણું કરાવ્યું. ત્યાર પછી યોગ્ય સમયે બંનેએ ચારિત્ર ગ્રહણ કર્યું. તે પાળીને હૈમવત ક્ષેત્રમાં બંને યુગ-લીયા થયા. ત્યાંથી મરીને બંને દેવ દેવી થયા, ત્યાંથી ચ્યવીને દેવ કોશલ નગરીમાં નિષધ રાજાની રાણી સુન્દરીની

કુક્ષિમાં નલ નામે પુત્ર થયો. અને તેને કુબેર નામે નાનો ભાઇ થયો. તેમજ દેવી હતી તે ત્યાંથી ચ્યવીને કુંડિન નગરમાં ભીમ રાજાની રાણી પુષ્પદન્તીની કુક્ષિથી દમયન્તી નામે પુત્રી થઈ.

યોગ્ય વખતે ભીમ રાજાએ દમયન્તીનો સ્વયંવર કર્યો. તેમાં દમયન્તીએ નલ રાજાને વરમાલા પહેરાવી. ત્યાર પછી કેટલાક વખત સુધી નલ રાજાએ સુખે રાજ્ય કર્યું તથા દુશ્મન રાજાઓને જીતીને રાજ્યનો વિસ્તાર કર્યો. લોકોની ઘણી પ્રીતિ મેળવી. પરંતુ નલ રાજામાં એક મોટું દૂષણ હતું. તે એ કે તેમને જુગાર રમવાની લત લાગી હતી. નાના ભાઇ કુબેરની સાથે વારંવાર જુગાર રમે છે. દુષ્ટ આશયવાળા કુબેરે નલ રાજાને જુગારમાં હરાવીને બધું રાજ્ય જીતી લીધું. ત્યારે નળરાજા અને દમયન્તી લોકોને રૂદન કરતા મૂકીને રાજ્ય છોડીને રથમાં બેસીને નીકળ્યાં. દમયન્તીના પિતાને ઘેર જતાં રસ્તામાં ભયંકર અટવી આવી. ત્યાં સિંહ વાઘ વગેરે ભયંકર પ્રાણીઓ હતાં તથા ભિલ્લ લોકો એકઠા થઈને નલ રાજા સામે લડવા આવ્યા. નલરાજા પણ રથમાંથી નીચે ઉતર્યો અને તેમની સાથે યુદ્ધ કરવા લાગ્યો. તે વખતે તેમનો રથ કોઇક ચોરી ગયું. નસીબ વાંકું હોય ત્યારે પરાક્રમ કાંઈ કામમાં આવતું નથી. ત્યાર પછી નલરાજા દમયન્તીને લઈને તે અટવીમાં ફરવા લાગ્યા. કોમળપણાને લીધે દમયન્તીને તથા નળરાજાને અહીં ઘણું દુ:ખ પડ્યું. ભૂખ તરસ વેઠવી પડી. પગમાં કાંટા કાંકરા વાગવા લાગ્યા. રાત પડી ત્યારે એક વડના ઝાડ નીચે સૂઈ

રહ્યા. અર્ધ રાત્રિએ સાસરાના ઘેર જવું યોગ્ય નથી એમ વિચારી-ને નળરાજા દમયન્તીનો ત્યાગ કરીને ચાલી નીકળ્યો. દમયન્તીના વસ્ત્રને છેડે લખ્યું હતું કે તારા પિયર તું મરજી મુજબ જજે. ને મારાથી ત્યાં આવી શકાય તેમ નથી. સવારમાં જાગેલી દમયન્તીએ નલરાજાને જોયો નહિ. પાણી વગેરે લેવા ગયા હશે એવી આશાથી રાહ જોવા લાગી. પરંતુ જ્યારે ઘણો વખત ગયો તે છતાં નલરાજા આવ્યા નહિ ત્યારે તેણીએ પણ મારો ત્યાગ કરીને ચાલ્યા ગયા છે એવું જાણીને ઘણો વિલાપ કર્યો. તેવામાં વસ્ત્રના છેડે લખેલા અક્ષર જોવાથી વાંચીને તેમાં લખ્યા પ્રમાણે પિતાના ઘર તરફના માર્ગે જવા લાગી. રસ્તામાં ઘણી ઘણી જાતનાં વિઘ્નો આવ્યા પરંતુ તેમાંથી શીલના પ્રભાવથી તે સહીસલામત બચી જઈ છેવટે પોતાની માસીને ત્યાં આવી. ત્યાં દાસી તરીકે રહી. તેની માસીએ તેને નાની ઉંમરમાં જોએલ હોવાથી ઓળખી નહિ. ત્યાં કેટલોક વખત તે રહી. અવસરે ભીમ રાજાએ નલની હકીકત સાંભળી. નલ અને દમયન્તી જુગારમાં હારી જવાથી રાજ્ય છોડીને ચાલી નીકળ્યા છે, એવું જાણીને બટુકને તેની તપાસ કરવા મોકલ્યો. તે પણ ફરતો ફરતો જ્યાં દમયંતી છે ત્યાં આવ્યો અને દમયંતીને ઓળખીને સમાચાર પૂછ્યા. દમયંતીએ બધી હકીકત કહી. પછી પોતાની માસીની રજા લઇ દમયંતી પિતાને ઘેર પહોંચી. એ પ્રમાણે દમયંતીને ઘણા પ્રકારનાં દુઃખો સહન કરવા પડયા. નલ રાજાએ રસ્તામાં દાવાનલ જોયો. તેમાંથી બળતા સર્પને કાઢયો. પણ સર્પે તેને ડંખ માર્યો તેથી તેનું શરીર કુબડું થઈ ગયું. છેવટે નલરાજા

દધિપર્ણ રાજાને ત્યાં રહ્યો. બટુકે નલરાજાને પણ શોધી કાઢયો. પરંતુ તેનું રૂપ કુબડું થઈ ગએલું હોવાથી તેની તેને ખાત્રી થતી નહોતી. આ વાત જાણીને ભીમ રાજાએ ફરીથી દમયન્તીનો ખોટો સ્વયંવર માંડયો. ત્યાં નલ રાજા આવે છે છેવટે તે પોતાનું યથાર્થ સ્વરૂપ જણાવે છે. આ સંબંધની વાર્તા ઘણી લાંબી છે. અહીં તો ટુંક બીના જણાવી છે. છેવટે નળ દમયંતીનો મેળાપ થાય છે. દધિપર્ણ રાજા પાસેથી નલ દ્યૂત ક્રીડામાં હોંશીયાર થએલ છે. ત્યાર પછી નાના ભાઇ કુબેરની સાથે ફરીથી જુગાર રમ્યો. તેમાં કુબેર હારી ગયો તેમ છતાં નળ તેને પ્હેલાનું યુવરાજપદ આપે છે. ત્યાર પછી સુખ પૂર્વક રાજ્ય કરતાં નળ રાજાને કેટલોક કાળ ગયો. નલના પિતા જે દેવ થયા છે તેમણે નલરાજાને કહ્યું કે હવે તમારે દીક્ષા લેવાનો શુભ અવસર આવ્યો છે. તેવામાં ત્યાં શ્રીજિનસેનસૂરિ મહારાજ આવ્યા તેમની પાસેથી પોતાના પૂર્વ ભવનું સ્વરૂપ જાણી નલ રાજાએ તથા દમયંતીએ દીક્ષા લીધી. છેવટે બંને જણાં મરીને મહર્દ્ધિક દેવ થયા. જેમ શ્રીજિનેશ્વર દેવની પરમ ઉલ્લાસથી વિધિપૂર્વક પૂજા કરતાં નલ દમયંતીના વિઘ્નો નાશ પામ્યા, ને સુખ સંપત્તિ પામ્યા, તેમ ભવ્ય જીવો પ્રભુ પૂજા કરતાં જરૂર મોક્ષના તથા સ્વર્ગના પણ સુખ પામે છે, પૂજાનો વિધિ વગેરે બીના શ્રીશ્રાવકધર્મ જાગરિકામાં વિસ્તારથી જણાવી છે, તે ત્યાંથી જાણી લેવી. પૂજાનું ઉંડું રહસ્ય વિચારતાં જણાય છે કે મનને સુધારવાનું અપૂર્વ સાધન પ્રભુ પૂજા વગેરે શુભ આલંબનો છે. મન સુધરતાં શરીરને સુધરતાં વાર લાગતી જ નથી. એમ

સમજીને ભવ્ય જીવો પરમ ઉલ્લાસથી પ્રભુપૂજાદિ કરીને જ મોંઢામાં પાણી પણ નાંખે, પણ પ્રભુ પૂજા કર્યા વિના ભોજન કરે જ નહિ. આવા દૃઢ નિશ્ચયથી જરૂર મુક્તિના અવ્યાબાધ સુખ મળે છે.

અવતરણ:—હવે ૩૭ મું નય (ન્યાય) દ્વાર કહે છે:—

( इन्द्रवज्रावृत्तम् )

५ १ ३ ४ ६ २
श्रीरामवद्यो नय एव सेव्यः, प्रजानुरागव्रतवित्तमूलम् ।
१२ ७ ११ ८ १४ १३ १० ९
को दक्षिणावर्तमुपेत्य शङ्खं, त्यजेन्मुधा श्यामलचित्रकं वा ७६

**ન્યાયથી રાગી પ્રજા તિમ સંપદા પુષ્કળ મળે,**
**રામની જિમ હે જના! તે ન્યાયને નિત સેવીએ;**
**પુણ્ય યોગે શંખ પામે દક્ષિણાવર્ત્તા અને,**
**કાલિ ચિત્રાવેલ પામી કુણ તજે તે બેઉને. ૭૬**

શ્લોકાર્થ:—ભવ્ય જીવો! તમારે પ્રજાનાં પ્રેમ રૂપી વ્રતના તથા દ્રવ્યના લાભના મૂલ કારણ રૂપ ન્યાયનું પાલન કરવું જોઈએ. દક્ષિણાવર્ત શંખને તથા કાળી ચિત્રાવેલને મેળવીને કયો પુરૂષ તેનો ફોગટ ત્યાગ કરે? અર્થાત્ કોઈ પણ તેનો ત્યાગ નજ કરે. ૭૬

સ્પષ્ટાર્થ:—હવે નયદ્વારનું વર્ણન કરે છે:—નય એટલે ન્યાયની બાબતનાં કવિરાજ જણાવે છે કે ધર્મિષ્ઠ જીવોએ રામચંદ્રની પેઠે ન્યાયનુ જ પાલન કરવું જોઈએ. કારણ કે ન્યાયથી જ પ્રજાનો અનુરાગ એટલે સ્નેહ મેળવી

શકાય છે. તેથી જ ન્યાયને પ્રજાના અનુરાગ રૂપી વ્રત અને દ્રવ્યના કારણ રૂપ કહેલ છે. એટલે પ્રજાના અનુરાગ રૂપ વ્રતની ઉત્પત્તિનું કારણ નય છે તેમજ દ્રવ્યની ઉત્પત્તિનું મૂલ કારણ પણ નયજ છે. માટે દ્રવ્ય પેદા કરવાની ઈચ્છા-વાળા ભવ્ય જીવોએ પણ ન્યાયનું પાલન કરવું જોઈએ. આ બાબતમાં દૃષ્ટાંત આપતાં જણાવે છે કે ઘણી મુશીબતે મળી શકે તેવા દક્ષિણાવર્ત શંખનું વિધિ પૂર્વક પૂજન કરવાથી મનના બધા મનોરથ ફળે છે. તે મેળવીને તેને કોણ ફોગટ ગુમાવે? અથવા કોઈ પણ તેને ગુમાવે જ નહિ. તેવી જ રીતે કાળી ચિત્રાવેલ અથવા ચિત્રાવલ્લી કે જેનામાં એવી શક્તિ છે કે તેના(કાળી ચિત્રાવેલ) ઉપર મૂકેલ ઘીના ઘડામાંથી ગમે તેટલું ઘી કાઢવામાં આવે, તો પણ તે ઘડો ભરેલોને ભરેલો જ રહે. આવી તે ચિત્રાવેલ મેળવીને તેને કયો સમજુ માણસ ફોગટ ગુમાવે? અર્થાત્ કોઈ પણ નજ ગુમાવે. કહે-વાનો સાર એ છે કે આવી કિંમતી વસ્તુઓ મેળવીને તેનો ફોગટ ત્યાગ કરનાર માણસ જેમ મૂર્ખ કહેવાય તેમ જેઓ ન્યાયનો ત્યાગ કરે છે તેઓ પણ તેના જેવાજ મૂર્ખ સમજવા. ૭૬

રામચંદ્રની બીના ટૂંકામાં આ પ્રમાણે જાણવી—

અયોધ્યા નગરીમાં દશરથ રાજાને રામ, લક્ષ્મણ, ભરત, અને શત્રુઘ્ન નામે ચાર પુત્રો હતા. તેમાં રામચંદ્રને ગાદી મળવાના પ્રસંગે વનમાં જવું પડ્યું અને તેમની સાથે લક્ષ્મણ તથા રામચંદ્રની પત્ની સીતા ગયા. તેમજ રાવણે સીતાનું હરણ કર્યું, હનુમાન તથા સુગ્રીવ વગેરેની

સહાયથી રામ તથા લક્ષ્મણે લંકા ઉપર ચઢાઈ કરી. બિભિષણે રાવણને સીતા પાછી સોંપી દેવા રાવણને સમજાવ્યો. પરંતુ રાવણે તે વાત ગણકારી નહિ. છેવટે મોટી લડાઈ થઈ અને તેમાં અંતે રાવણ લક્ષ્મણના હાથે મરાયો. લંકાની ગાદી ઉપર બિભિષણને બેસાડીને રામ લક્ષ્મણ સીતાને લઈને પાછા આવ્યા. વનવાસની મુદત પુરી થવાથી તે બધા અયોધ્યા ગયા. ભરતે રામને રાજગાદી સોંપી દીધી. વગેરે હકીકત ઘણી જાણીતી હોવાથી અહીંઆ જણાવી નથી. રાજા રામે ત્યાર પછી લોકો ઉપર એવી નીતિપૂર્વક રાજ્ય કરવા માંડયું કે જેથી નીતિવાનોમાં રામ મુખ્ય ઉદાહરણ રૂપ થયા. અસતી છતાં રામે સીતાનો આદર કર્યો એવી લોકોકિત સાંભળીને મારા રાજ્યમાં લગાર પણ અન્યાય નજ થવો જોઇયે એમ વિચારી સીતા પાસે દીવ્ય કરાવી પ્રજાને તેના સતીપણાની ખાતરી કરાવી સીતાનો આદર સત્કાર કર્યો. અહીં કહેવાનો સાર એ છે કે સમુદ્રના પાણીને વિષે પત્થરો ડૂબવાને બદલે તર્યા અને જેનો પૂલ બનાવીને રામ પોતાનું સૈન્ય લઇને લંકામાં ગયા, વાંદરાના સૈન્ય વડે રાક્ષસોના સૈન્યને ભગાડયું, તથા વાસુદેવ લક્ષ્મણે રાવણનો નાશ કર્યો એ બધું રામના ન્યાયનું ફલ જાણવું. અને રાવણનો નાશ થયો તે તેના અન્યાયનું ફળ જાણવું.

શ્રી રામચંદ્રજીના અપૂર્વ ન્યાય ગુણને લઈનેજ લોકમાં ન્યાયી રાજાનું રાજ્ય "રામ રાજ્ય" કહેવાય છે. સીતાએ પહેલી દીક્ષા લીધી, તેની નિર્મલ સાધના કરી તે બારમા અચ્યુત દેવલોકમાં ઈંદ્રપણે ઉત્પન્ન થઈ. પછી અવસરે રામ-

ચન્દ્રજી દીક્ષા લઇ તેની પરમારાધના કરી મોક્ષના અવ્યાબાધ સુખ પામ્યા. તેમનું આયુષ્ય ૧૫૦૦૦ વર્ષનું હતું. વિશેષ બીના જૈન રામાયણ ( ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર પર્વ ૭ ) થી જાણવી.

**અવતરણ**:—આ શ્લોકમાં પણ ન્યાયનોજ પ્રભાવ જણાવે છે.

( मालिनीवृत्तम् )

२ ६ ३ ४ ५ १
मनसि वसति शश्वन्न्याय एवोत्तमानां,
७ ८ १२
यदमरवरलब्ध्या पारदारिक्यचौर्ये ।
११ १३ ९ १०
अनुविषयमरौत्सीच्चक्रभृद्ब्रह्मदत्तः,
१६ १४ १५ १९ १७ १८
क्व सुरसरिति पङ्कः क्वेशचन्द्रे कलङ्कः ॥ ७७ ॥

**ન્યાયજ વસે ઉત્તમતણા દીલ નિત્ય સુર વરદાનથી,**
**નિજ દેશમાં ચોરી તણી નિવૃત્તિ પરની નારીથી;**
**બ્રહ્મદત્ત કરાવતા કયાં પંક ગંગામાં રહે ?**
**શંકર શિરે શશિમાં કલંક ન ન્યાયવંતા સુખ લહે. ૭૭**

**શ્લોકાર્થ**:—ઉત્તમ પુરૂષોના મનમાં હંમેશાં ન્યાયજ વસે છે. કારણ કે બ્રહ્મદત્ત નામના બારમા ચક્રવર્તીએ દેવતાની કૃપા મેળવીને પોતાના દેશમાં પરસ્ત્રી લંપટપણાનો તથા ચોરીનો નિષેધ કરાવ્યો હતો. ( વ્યાજબીજ છે કે )

ગંગા નદીમાં કાદવ ક્યાંથી હોય ? અને ઈશ્વરના મસ્તકમાં રહેલા ચંદ્રમાં કલંક ક્યાંથી હોય ? અર્થાત્ નજ હોય. ૭૭

**સ્પષ્ટાર્થ:**—ચાલુ નય દ્વારના વર્ણન કરવાના પ્રસંગે ન્યાયનું માહાત્મ્ય જણાવતાં કવિરાજ જણાવે છે કે ઉત્તમ પુરૂષોના મનમાં ન્યાયજ રહેલો હોય છે. અથવા જેમના મનમાં ન્યાય ધર્મ રહેલો હોય તે ઉત્તમ પુરૂષો કહેવાય. ન્યાય સંબંધી દૃષ્ટાન્ત આપતાં કવિરાજ જણાવે છે કે બ્રહ્મદત્ત નામના બારમા ચક્રવર્તીએ પોતાના દેશને વિષે પરસ્ત્રી લંપટપણું તથા ચોરીનો નિષેધ કરાવ્યો હતો. કારણ કે તેમણે દેવના વરદાનની લબ્ધિથી ન્યાય માટે આ પ્રમાણે કર્યું હતું. આ વિષયમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે ગંગા નદીમાં કાદવ ક્યાંથી હોય ? અથવા ગંગા નદીમાં કાદવ હોતો નથી. તેવી રીતે ઉત્તમ પુરૂષોમાં અન્યાય ક્યાંથી હોય ? અથવા ઉત્તમ પુરૂષોમાં અન્યાય હોતો નથી. તેમજ ઈશ્વર એટલે શંભુ અથવા મહાદેવના મસ્તકને વિષે રહેલા ચંદ્રને વિષે કલંક ક્યાંથી હોય એટલે મહાદેવના મસ્તક ઉપર રહેલા ચંદ્રને વિષે કલંક હોતું નથી તેવી રીતે ઉત્તમ પુરૂષોના મનમાં અન્યાય રૂપી કલંક હોતું નથી. ”

બ્રહ્મદત્ત ચક્રવર્તીની ટૂંક બીના આ પ્રમાણે:—

બ્રહ્મદત્ત નામનો બારમો ચક્રવર્તી હતો. તે એક વખત વસંત ઋતુમાં ઉદ્યાનમાં ગયો હતો. તે વખતે એક સુંદર નાગ કન્યાને કોઈક મનુષ્ય સાથે વિષયક્રીડા કરતી જોઈને આ અન્યાય છે એવું વિચારી કોપાયમાન થઈને ચાબુકના

પ્રહાર કરીને તે બંનેને માર્યાં. તેથી તે નાગકન્યા પોતાના પતિ પાસે જઈને કહેવા લાગી કે હે દેવ! આજે હું ઉદ્યાનમાં મરજી મુજબ ક્રીડા કરતી હતી તે વખતે બ્રહ્મદત્ત ચક્રવર્તીએ મને મારી. આ સાંભળીને રોષ ઉત્પન્ન થવાથી અન્તઃપુર સહિત ચક્રવર્તીને બાળી નાખું એવું વિચારીને તે ચક્રવર્તીના મ્હેલમાં આવ્યો.

તે વખતે ચક્રવર્તીની સ્ત્રી એકાંતમાં ચક્રીને પૂછે છે કે આજે ઉદ્યાનમાં ક્રીડા કરતાં તમે શું જોયું? ત્યારે ચક્રીએ કહ્યું કે ત્યાં મેં મનુષ્ય સાથે વિષયક્રીડા કરતી એક નાગકન્યા જોઈ. અને આ અનીતિ છે એમ વિચારીને તે બંનેને શિક્ષા કરી. તે વખતે આ વાત ગુપ્ત રીતે સાંભળતા તે દેવે રોષ રહિત થઈને પ્રગટ થઈને કહ્યું કે હું પ્રસન્ન થયો છું માટે વરદાન માગ. ત્યારે ચક્રવર્તીએ કહ્યું કે હે નાગ કુમારેન્દ્ર! તમે તો અવધિજ્ઞાની છો તેથી સઘળું જાણો છો. માટે મારા ઉપર કૃપા કરીને મારા દેશમાં અન્યાય કરનારા હોય એટલે પરસ્ત્રી લંપટપણું અને ચોરી કરનારા જેઓ હોય તેમને મારી આગળ પ્રગટ કરો એટલે હું તેમને શિક્ષા કરૂં. તે દેવે પણ તે વાત અંગીકાર કરીને જેઓ અન્યાય કરનારા હતા તેઓને ચક્રવર્તીની આગળ પ્રગટ કર્યા. ચક્રીએ પણ તેમને સજા કરી ન્યાયવંત બનાવ્યા. તેથી તેઓ સુખી થયા. તે પ્રમાણે ભવ્યજીવોએ ન્યાયધર્મનું યથાર્થ પાલન કરી માનવ જીવન જરૂર પવિત્ર બનાવવું. જેથી પરંપરાએ મોક્ષમાર્ગની નિર્દોષ આરાધના કરતાં તેઓ જરૂર સિદ્ધિના સુખ પામે.

અવતરણ:—હવે ૩૮ મું વિનયદ્વાર કહે છે:—

॥ वसंततिलकावृत्तम् ॥

१ २ ३ ४ ५ ६
विद्याविभूतिमहिमव्रतधर्ममोक्ष–
७ ८ ९ १० १२ ११
सम्पत्तये विनय एव विभुः किमन्यैः।
१६ १७ १४ १३ १५ १८ १९
किं किं नमिः सविनमिर्जिनतो न लेभे,
२१ २२ २० २३ २४
पूज्यांह्रिरेणुरपि पश्य नमस्य एव ॥ ७८ ॥

વિનયથી વિદ્યા મળે સમૃદ્ધિ મહિમા વ્રત અને,
ધર્મ મુક્તિ જરૂર ના બીજા તણી નમિ વિનમિને;
પ્રભુ આદિથી શું શું મળ્યું ના દેખ પદરજ પૂજ્યની,
વંદનીય બલિહારી જગમાં ગુણ શિરોમણિ
વિનયની. ૭૮

શ્લોકાર્થ:—વિદ્યા, સમૃદ્ધિ, મહિમા, વ્રત, ધર્મ અને મોક્ષની પ્રાપ્તિ માટે વિનય જ સમર્થ છે. અન્ય વસ્તુઓનું શું કામ છે? વિનમિ સહિત નમિએ વિનયને લીધે શ્રી જિનેશ્વર પાસેથી શું નથી મેળવ્યું? જુઓ પૂજ્યની ચરણ રજ પણ નમસ્કાર કરવા લાયક છે. ૭૮

સ્પષ્ટાર્થ:—હવે વિનય નામના ૩૮ મા દ્વારનું વર્ણન કરતાં કવિશ્રી જણાવે છે કે વિદ્યા, સમૃદ્ધિ એટલે ઐશ્વર્ય, મહિમા એટલે યશ, વ્રત એટલે સંયમ, ધર્મ અને મોક્ષની

પ્રાપ્તિ માટે વિનય જ સમર્થ છે. અથવા વિનય વિના ઉપર જણાવેલ વિદ્યા વગેરેની પ્રાપ્તિ થતી નથી. માટે તે વિદ્યાદિક મેળવવા માટે બીજા કષ્ટદાયી અનુષ્ઠાન કરવાની જરૂર નથી, કારણ કે કહ્યું છે કે વિનય શાસનનું મૂલ છે વિનયવાળો સંયમી થાય છે, વિનય રહિતને ધર્મ ક્યાંથી તેમજ તપ ક્યાંથી? વિનયવાળો જ લક્ષ્મીને મેળવે છે તેમજ વિનયવાળો જ જશ અને કીર્તિ મેળવે છે. દુર્વિનીત કદાપિ પણ પોતાના કાર્યની સિદ્ધિ મેળવતો નથી. માટે વિનયથી જ જ્યારે સર્વ કાર્યની સિદ્ધિ થાય છે ત્યારે બીજાં કષ્ટદાયી અનુષ્ઠાનો કરવાની શી જરૂર છે? અથવા બીજા કષ્ટદાયી અનુષ્ઠાનોની જરૂર નથી જ. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં કવિશ્રી જણાવે છે કે પ્રથમ જિનેંદ્ર શ્રીઋષભદેવની ચરણકમલની વિનયપૂર્વક સેવા કરવાથી નમિ અને વિનમિ નામના તેમના બે પુત્રોએ (પૌત્રોએ) શું શું મેળવ્યું નથી. અથવા રાજ્ય વગેરે સઘળું તે બંને ભાઈઓએ મેળવ્યું છે. પૂજ્ય એટલે પૂજવા લાયકની ચરણ રજ પણ નમસ્કાર કરવા યોગ્ય છે. કારણ કે કહ્યું છે કે "તીર્થયાત્રા માટે નીકળેલા સંઘની ચરણરજના સ્પર્શથી પણ આ સંસારનો પાર પમાય છે. માટે વિનય કરવા લાયક છે. ૭૮

## નમિ વિનમિની કથાઃ—

પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવે પુત્રોને રાજ્ય વહેંચી આપીને દીક્ષા લીધી. તે વખતે પ્રભુના પુત્ર કચ્છ અને મહાકચ્છના પુત્રો નમિ અને વિનમિ અન્ય સ્થળે ગએલા હોવાથી

રાજ્ય ભાગ મેળવવાને આવ્યા પરંતુ પ્રભુએ દીક્ષા લીધી છે એમ જાણીને તેઓ ચિત્તમાં ખેદ પામ્યા. હજુ પણ આપણે પ્રભુની સેવા કરીને ઈચ્છિત મેળવીએ એવી આશાથી પ્રભુ પાસે આવીને પ્રભુની સેવા કરવા લાગ્યા. સવારમાં તેઓ પ્રભુના ચરણને પાણીથી સ્નાન કરતા અને પુષ્પ વગેરેથી પૂજા કરતા. અને વિનતિ કરતા કે હે પ્રભુ! અમને રાજ્યનો ભાગ આપો. પરંતુ પ્રભુ તો કાંઈ જવાબ આપતા નથી. તો પણ તેઓ હંમેશાં પ્રભુનો વિનય કરે છે.

એક વાર ધરણેન્દ્ર પ્રભુને વંદન કરવા આવ્યા. તે વખતે તે બંનેને પ્રભુની સેવા કરીને રાજ્યનો ભાગ માગતા જોઇને ધરણેન્દ્રે કહ્યું કે હવે તો પ્રભુએ સંસારનો ત્યાગ કર્યો છે માટે રાજ્યનો ભાગ આપવાને સમર્થ નથી. માટે તમે ભરત પાસે જાઓ તો તે તમને ભાગ આપશે. ત્યારે તેઓએ કહ્યું કે અમે ભરત પાસે માગીશું નહિ. પ્રભુની ભક્તિથી પ્રસન્ન થએલા ધરણેન્દ્રે કહ્યું કે હું પ્રભુનો સેવક છું અને પ્રભુની સેવા નિષ્ફળ ન જાય એટલા માટે પાઠથી સિદ્ધ થાય એવી વિદ્યાઓ તમને આપું છું, એમ કહીને ગૌરી, ગાન્ધારી પ્રજ્ઞપ્તિ વગેરે વિદ્યાઓ તેમને આપી. અને કહ્યું કે તમે બંને તમારાં માણસોને લઈને જલદીથી વૈતાઢ્ય પર્વત ઉપર જાઓ અને તેની દક્ષિણ તથા ઉત્તર શ્રેણિમાં નગરો સ્થાપીને રાજ્ય કરો. તેઓએ પણ તીર્થંકર અને ધરણેન્દ્રને પ્રણામ કરીને એ પ્રમાણે કર્યું. તે વખતે ધરણેન્દ્રે જે વિદ્યાધરો જિનેશ્વરનો, જિનચૈત્યનો, કાઉસગ્ગ ધ્યાનમાં રહેલા સાધુનો પરાભવ કે ઉલ્લંઘન કરશે તેમજ પરાંગના સાથે

તેની ઈચ્છા વિના વિષયક્રીડા કરશે તેમની વિદ્યા ચાલી જશે. એ પ્રમાણે ભીંત ઉપર પ્રશસ્તિ લખી. ત્યાર પછી નમિ અને વિનમિ વિદ્યાધરોના અધિપતિ થયા. આ પ્રમાણે જાણીને વિશુદ્ધ બુદ્ધિથી આ લોક અને પરલોકમાં સુખ આપનાર વિનયનો આશ્રય કરવો.

॥ ઈતિ નમિ વિનમિ કથા ॥

અવતરણ:—હવે વિનયથી વિપક્ષભૂત એટલે ઉલટો જે દુર્વિનય તે આદરવા યોગ્ય નથી તે જણાવે છેઃ—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

२ १ २२ ४ ३ ६ ५ ७
किं मर्त्यैस्त्रिदशोऽप्यपास्तविनयो ग्लानिः सहानैः पदं,
९ ८ ११ १० १३ १२
यक्षो वृद्धकरः किमार्यखपटाचार्येण नाशिक्षितः ।
१९ १४ १५ २१ १६ १७ २० १८
किं वा विष्णुकुमारतो न नमुचिर्मृत्वाऽगमद्दुर्गतिं,
२३ २५ २४ २६ २२ २८ २७ ३० २९
नद्योघस्तरुमुन्नतं रुजति वा नम्रं तु नो वेतसम् ७९

દુર્બલ તણી શી વાત? પણ બલવંત સુર પણ
અવિનયે,
પામે પરાભવ યક્ષ વૃદ્ધકર આકરી શિક્ષા લહે;
આર્ય ખપટાચાર્યથી ને નમુચિ વિષ્ણુકુમારથી,
શિક્ષા લહીને જાય દુર્ગતિ આચરેલ અવિનયથી. ૧

**નદીનો પ્રવાહ ઉખાડતો ઝટ તેહ ઉંચા ઝાડને,**
**નેતર નમેલા ના ઉખાડે સેવજો નિત વિનયને;**
**ફલ ભારથી નીચા નમેલા આમ્ર તરૂને જોઈને,**
**હે જીવ! ધરજો નમ્રતા ભૂલીશ ના ગુરૂ વિનયને. ૨**

શ્લોકાર્થ:—મનુષ્ય તો શું? વિનય તજી દેનાર દેવ પણ હાનિ સહિત પરાભવને પામે છે. વૃદ્ધકર નામે યક્ષ (અવિનયથી) આર્ય ખપટાચાર્ય વડે શું શિક્ષા પામ્યો નથી? અથવા નમુચિ પ્રધાન વિષ્ણુકુમારથી મૃત્યુ પામીને દુર્ગતિમાં ગયો નથી? દૃષ્ટાન્ત કહે છે કે નદીનો પ્રવાહ ઉંચા વૃક્ષને પાડી નાખે છે. (ઉખેડી નાખે છે) પરંતુ નમ્ર એવા નેતરના વૃક્ષને ઉખાડતો નથી. ૭૯

સ્પષ્ટાર્થ—કવિશ્રી અવિનય કરનારની દુર્દશા તથા દુર્ગતિ થાય છે તે જણાવતાં કહે છે કે તથા પ્રકારના સામર્થ્યથી રહિત હોવાથી મનુષ્યની તો વાત જ શી? એટલે વિનય તજનાર મનુષ્યની દુર્દશા થાય તેમાં તો કહેવું જ શું? પરંતુ શક્તિવંત દેવ પણ વિનયનો જો ત્યાગ કરે તો હાનિ એટલે ક્ષય સહિત પરાભવનું સ્થાન બને છે. એટલે વિનયનો ત્યાગ કરનાર શક્તિશાળી દેવ હોય તે છતાં પણ તેનો હાનિ પૂર્વક પરાભવ થાય છે. માટે વિનયનો ત્યાગ કરીને દુર્વિનયનો આશ્રય કરવો નહિ. આ હકીકતને દૃષ્ટાન્ત પૂર્વક જણાવતાં કવિશ્રી કહે છે કે વૃદ્ધકર નામનો યક્ષ વિનયનો ત્યાગ કરવાથી આર્ય ખપટાચાર્ય વડે શિક્ષાને પામ્યો. તેથી તે યક્ષ છતાં પણ પરાભવનું સ્થાન બન્યો. વળી નમુચિ

નામનો પ્રધાન જે ઘણો દુર્વિનયી બની ગયો હતો તે બ્રાહ્મણ છતાં પણ વિષ્ણુકુમાર રાજર્ષિથી મરણ પામીને શું નરક ગતિમાં ગયો નથી. ? ગયો છે જ. લોકોમાં પણ કહેવાય છે કે ઉંચા વૃક્ષો નદીમાં પ્રવાહથી ફેંકી દેવાય છે. પરંતુ વેતસ એટલે નેતર નીચું હોય છે અને સહેજ નમેલું હોય છે તેને નદીનો પ્રવાહ ઉખેડી શકતો નથી. કહેવાનો સાર એ છે કે મોટાં વૃક્ષો જેઓ ઉંચાં હોય છે છતાં પણ નદીના પ્રવાહથી તેઓ ઉખડી પડે છે પરંતુ નેતર જે નમ્ર છે અથવા તે નીચું નમેલું છે તેને પવન કાંઈ અસર કરી શકતો નથી. માટે દુર્વિનય અથવા અવિનયનો ત્યાગ કરી દરેક જણે વિનયનો આશ્રય કરવો જોઈએ. ૭૯

## ॥ વૃદ્ધકર યક્ષની કથા ॥

લાટ દેશમાં ભૃગુપુર નામના નગરમાં સર્વ વિદ્યામાં પ્રવીણ આર્ય ખપટાચાર્ય હતા. તેમનો ભાણેજ વિનયશાળી બાળક છતાં બુદ્ધિશાળી હતો. તેણે એક વાર ગુરૂ પાસેથી વિદ્યા સાંભળીને વિદ્યાસિદ્ધ ગુરૂના યોગથી તે વિદ્યા સિદ્ધ કરી. આ તરફ ગુડશસ્ત્ર નામના નગરમાં સાધુઓએ એક પરિવ્રાજકનો વાદમાં પરાભવ કર્યો. મરણ પામીને તે ત્યાં વૃદ્ધકર નામે યક્ષ થયો. પૂર્વના વૈરના સ્મરણથી તે સાધુઓને ભય પમાડતો હતો. તેથી સંઘે આર્ય ખપટાચાર્યને બોલાવ્યા. આચાર્ય થોડા પરીવાર સાથે ગુડશસ્ત્ર નગરે ગયા. સાધુઓને નગરમાં મોકલી નિશ્ચલ મનવાળા આચાર્ય પોતે સાંજે વૃદ્ધકર યક્ષના આશ્રમમાં રહ્યા. આચાર્ય તેના મસ્તક ઉપર બે પગ

મૂકીને રાત્રીએ સૂતા. સવારે સઘળા લોકો આવ્યા. તેઓએ સૂરિને ઉપાડીને દૂર મૂકયા તો પણ તેઓ ફરી ફરીને ત્યાં આવીને સૂતા. લોકોએ રાજાને હકીકત જણાવી રાજા ક્રોધથી ત્યાં આવ્યો અને આચાર્યને માટીના ઢેફાં વડે નિર્દયપણે મારવા લાગ્યો. સૂરિએ તે પ્રહારો રાજાના અન્તઃપુરમાં સંક્રાન્યા. એટલે તે પ્રહારો રાજાના અન્તઃપુરમાં વાગવા લાગ્યા તેથી ચમત્કાર પામેલા રાજાએ સૂરિને ખમાવ્યા. ઉઠીને સૂરિએ પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું. તેથી ગુરૂની શકિત જોઈને સઘળા લોકો વિસ્મય પામ્યાં. ત્યાર પછી રાજાએ સૂરિને નગર પ્રવેશ કરાવવા માંડયો. તે વખતે સૂરિએ પત્થરની દ્રોણી બનાવી. વૃદ્ધકર યક્ષને અને બીજી મૂર્તિને આગળ રાખીને તે મહાદ્રોણી સાથે સૂરિરાજ અફળાવવા લાગ્યા. અથડાવાથી દુઃખી થતી આ મૂર્તિને મૂકી દો એ પ્રમાણે રાજાથી કહેવાએલા ગુરૂએ મૂકી અને તે પોતાના સ્થાનમાં જઈને રહી. સઘળા આચાર્ય પ્રત્યે ભક્તિવાળા થયા. પછી સૂરિ પત્થરની મહાદ્રોણીને આગળ કરીને પોળના દ્વાર આગળ સ્થાપન કરીને ગયા. હજી પણ મારા જેવો કોઈક આને સ્વસ્થાને પહોંચાડશે. ત્યાર પછી રાજા વગેરેને બોધ પમાડીને આચાર્યે અન્ય સ્થળે વિહાર કર્યો.

આ તરફ ભૃગુકચ્છ નગરમાં રસ લમ્પટતાથી તેમનો ભાણેજ બૌદ્ધ થયો. રસગૃદ્ધિથી તે પોતાના ઉપાસકોને ત્યાં પોતાનાં પાત્ર મોકલીને તેને ભરીને લાવે છે. વાયુ માર્ગે આવતાં તે પાત્ર જોઇને તેની શકિતથી વશ થએલા ઘણા લોકો તેની સન્મુખ થયા. ત્યાર પછી મિથ્યાત્વનો નાશ

કરવા માટે સંઘે ગુરૂને બોલાવ્યા. આચાર્ય પણ ગુપ્ત રીતે ત્યાં આવ્યા. આકાશ માર્ગે ભિક્ષા લઇને આવતાં પાત્રની વચમાં આચાર્યે એક શિલા વિકુર્વી. તેની સાથે અથડાઇને તે સઘળાં પાત્ર ફૂટી ગયા. ગુરૂને આવેલા જાણીને ભાણેજ નાસી ગયો. પછી બુદ્ધના સ્થાનમાં આવીને તેમણે બુદ્ધને આ પ્રમાણે કહ્યું. અહીં આવેલા અમને વંદન કરો. તે સાંભળી બુદ્ધ પ્રતિમા ઉઠીને ગુરૂના ચરણમાં આળોટવા લાગી. ગુરૂએ વિસર્જન કરેલી તે સ્વસ્થાને ગઈ. એ પ્રમાણે મુક્ત નામનો સ્તુપ પણ આવ્યો અને જા એમ કહેવાથી નમ્ર થઈને ગયો. આ પ્રમાણે જિનશાસનની પ્રભાવના કરી ગુરૂ સ્વર્ગે ગયા. કહેવાનો સાર એ છે કે દેવ છતાં પણ દુર્વિનયથી તે નિન્દાને પામ્યો તો મનુષ્યનું તો શું કહેવું? માટે હે શિષ્ય! અવિનયરૂપી વૃક્ષને મૂળમાંથી ઉખેડી નાંખવું જોઇએ.

॥ ઇતિ વૃદ્ધકર યક્ષ કથાનક ॥

---

## ॥ નમુચ પ્રધાનની કથા ॥

હસ્તિનાગપુર નામના નગરમાં પદ્મોત્તર નામે રાજાને જાલા નામે રાણી હતી તેને વિષ્ણુકુમાર નામે મોટો પુત્ર અને બીજો ચૌદ સ્વપ્નથી ચક્રવર્તિપણાને જણાવતો મહા-પદ્મ નામે નાનો પુત્ર હતો. મોટા પુત્રે પિતાએ આપ્યા છતાં રાજ્ય ગ્રહણ ન કર્યું, તેથી પિતાએ નાના પુત્રને યુવરાજ પદવી આપી. આ તરફ સુવ્રતાચાર્ય અવન્તી નગરીએ ગયા. તેમને વંદન કરવાને ધર્મિષ્ટ રાજા પરિવાર સાથે ગયો.

રાજાની સાથે તેનો દુષ્ટ બુદ્ધિવાળો નમુચિ મંત્રી ગયો. ધર્મનો વાદ કરતાં નમુચિને ક્ષુલ્લક સાધુએ નિરૂત્તર કર્યો. આ સાધુઓને હણું એવા વિચારથી રાત્રિમાં હાથમાં ખડ્ગ લઈને દોડયો. માર્ગમાં દેવતા વડે સ્તંભિત કરાયો. સવારે રાજા પરિવાર સાથે ત્યાં આવ્યો અને નમુચિની તેવી અવસ્થા જોઈને વિસ્મય પામ્યો. કૃપામાં તત્પર કોઈક દેવે તેને છુટો કર્યો. લજ્જા પામેલો તે હસ્તિનાગપુરે આવ્યો. અને મહાપદ્મકુમારની તે રાજા થશે ત્યારે ઈચ્છા પૂર્ણ કરનાર થશે એવા વિચારથી સેવા કરવા લાગ્યો.

આ તરફ સિંહબલ નામે રાજા તેના દેશને ઉપદ્રવ કરવા લાગ્યો તેથી નમુચિએ યુક્તિથી બાંધ્યો. તેથી તુષ્ટ થયેલા કુમારે તેને વરદાન માગવા કહ્યું. ત્યારે નમુચિએ થાપણ તરીકે તે વરદાન રાખ્યું. અનુક્રમે પદ્મોત્તર રાજાએ મહાપદ્મ કુમારને રાજ્ય સોંપી સુવ્રતાચાર્ય પાસે દીક્ષા લીધી. તે વખતે મોટા પુત્ર વિષ્ણુકુમારે પણ દીક્ષા લીધી. પદ્મોત્તર રાજર્ષિ તીવ્ર તપ તપીને પરમ પદને પામ્યા. વિષ્ણુકુમાર પણ નિરંતર તપ કરીને અનેક પ્રકારની લબ્ધિઓ પામ્યા. ચક્રવર્તી થએલા પદ્મોત્તર રાજાએ પણ અનેક ધર્મ કાર્યો કરી જૈન શાસનની ઉન્નતિ કરી.

એક વખત સુવ્રતાચાર્ય ગજપુર નગરમાં ચોમાસું રહ્યા છે તેમને નમુચિ મંત્રીએ જોયા. તે વખતે પૂર્વના વરના સ્મરણથી તેનો બદલો લેવાને તેણે ચક્રી પાસે પ્રથમનું વરદાન માગ્યું. અને ચક્રીએ તે આપ્યું. નમુચિએ કહ્યું કે

મારે યજ્ઞ કરવો છે માટે કેટલાક દિવસ સુધી મને રાજ્ય સોંપો. સત્ય પ્રતિજ્ઞાવાળા રાજાએ તેને રાજ્ય સોંપ્યું.

પછી નમુચિએ સુવ્રતાચાર્યને બોલાવીને કહ્યું કે તમે મારું રાજ્ય છોડીને સાત દિવસમાં ચાલ્યા જાઓ, નહિ તો બધાને હું મારી નાખીશ. આચાર્યે વસતિમાં જઈને સાધુઓને કહ્યું કે હવે શું કરવું. કોઈક સાધુએ કહ્યું કે ચક્રવર્તીના ભાઇ વિષ્ણુકુમાર મોટી લબ્ધિવાળા છે તે હાલમાં સુવર્ણગિરિને ( મેરૂ ) વિષે ચોમાસું રહ્યા છે તેજ નમુચિને વશ કરવાને શક્તિમાન છે. આચાર્યે કહ્યું કે યોગ્ય છે. પરંતુ તેમને અહીં કોણ બોલાવી લાવશે? એક સાધુએ કહ્યું કે હું ત્યાં જઈ શકું છું. પરંતુ આવી શકતો નથી સૂરિએ કહ્યું કે તેજ તમને પાછા લાવશે. તેથી તે સાધુ આકાશમાં ઉડીને ત્યાં ગયા અને વિષ્ણુકુમારને હકીકત કહી. તેથી ચોમાસું છતાં શાસનની ભાવી ઉન્નતિ થનાર જાણીને અને સંઘનું કાર્ય જાણીને તે મુનિને લઈને વિષ્ણુકુમાર સૂરિ પાસે આવ્યા. ત્યાંથી નમુચિ પાસે ગયા. એક નમુચિ વિના સઘળા રાજલોકે તેમને પ્રણામ કર્યો. પછી વિષ્ણુકુમારે નમુચિ પાસે જઈને કહ્યું કે આટલું ચોમાસું સાધુઓને અહીં રહેવા દો. પછી તેઓ પોતાની મેળેજ અન્યત્ર વિહાર કરશે. ત્યારે નમુચિએ કહ્યું કે વાદવિવાદનું કામ નથી, પરંતુ જો તેઓ અહીં રહેશે તો હું નક્કી તેમને મારીશ. તે વખતે અતિ કોપેલા વિષ્ણુકુમારે નમુચિને કહ્યું કે હે પાપી! જ્ઞાન ધનવાળા સાધુઓને વિષે તું દુષ્ટપણું આચરે છે માટે તારા પ્રત્યે વિધિ પ્રતિકૂલ થયો છે. અમારે ઘણાની જરૂર નથી,

અહીં રહેવાને ત્રણ પદ આપ. નમુચિએ પણ તે અંગીકાર કરીને કોપથી કહ્યું કે ત્રણ પગલાં મૂકીને જો સાધુ રહેશે તો સઘળા મારાથી મરણ પામશે. તેથી કોપેલા વિષ્ણુકુમાર વૈક્રિય લબ્ધિવડે આકાશમાં વધવા લાગ્યા. એક લાખ યોજનનું શરીર કર્યું. ત્રણ ભુવનને ભય કરનારું પ્રલય કાલના અગ્નિ જેવું તે શરીર રચ્યું. પછી નમુચિના મસ્તક ઉપર પગ મૂકીને તેને રસાતલમાં ફેંક્યો. અને પૂર્વાપર સમુદ્ર સુધી પગ લંબાવીને રહ્યા. આ સ્વરૂપ જાણીને ઇન્દ્રે મુનિને શાંત કરવા અપ્સરાઓને મોકલી. તેમણે મુનિને સમજાવ્યા. મહાપદ્મ ચક્રવર્તી પણ આ સ્વરૂપ જાણીને ત્યાં આવ્યા. અને મુનિના કોપને શાંત કર્યો. મુનિએ પણ ગુરૂ પાસે આલોચના લઇ પ્રતિક્રમીને ફરીથી સાધુપણું લીધું. એ પ્રમાણે વિષ્ણુકુમાર મુનિ છેવટે કેવલી થઇ મોક્ષે ગયા. મહાપદ્મ પણ દીક્ષા લઈ સિદ્ધ થઈ મોક્ષે ગયા. નમુચિ મરીને દુર્ગતિમાં ગયો. એ પ્રમાણે દુઃખદાયી દુર્વિનયનો ત્યાગ કરીને પોતાનું હિત કરવાનો આશ્રય કરવો.

॥ ઈતિ નમુચિ કથા ॥

**અવતરણ**:—એ પ્રમાણે ૩૮ મું વિનયદ્વાર પૂરું થયું. હવે ક્રમ પ્રમાણે આવતું ૩૯ મું વૈરાગ્ય દ્વાર સમજાવે છે:—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

३ ४ १ १० ६ ७ ८
राज्यं शक्रकृताभिषेचनमहो रूपं त्रिलोकेऽप्यसत्
९ ५ २ ११ १२
सारूप्यं च सनत्कुमारनृपतेः सोऽप्यङ्गवैराग्यतः ।

૧૫ ૧૩ ૧૪ ૧૭ ૧૬ ૧૯ ૨૧ ૨૦ ૧૮
चक्रे चारु तपः सलब्धिरभितः स्वं नाचिकित्सत्पुना,
૨૭ ૨૨ ૨૩ ૨૫ ૨૪ ૨૬
रज्येद्वा मतिकर्मनिर्मलरुचौ कः कुप्यपात्रे सुधीः ८०

**અભિષેક રાજ્ય તણો કર્યો જસ સુરપતિએ જેહનું,**
**રૂપ ઉત્તમ તેહ ચક્રી સનત્કુમાર કરે ઘણું;**
**તપ લબ્ધિવંત છતાં ન તનની જે ચિકિત્સા પરિહરે,**
**માંજેલ પિત્તલ ભાજને ડાહ્યો ન આસક્તિ ધરે. ૮૦**

શ્લોકાર્થ:—ઈન્દ્રથી કરાએલા અભિષેકવાળું રાજ્ય અને ત્રણ લોકમાં પણ અસાધારણ રૂપ એ બન્ને જેને હતા તેવા સનત્કુમાર ચક્રવર્તી હતા. તેમણે પણ શરીર ઉપરના વૈરાગ્યથી સુંદર તપ કર્યું અને તેથી અનેક પ્રકારની લબ્ધિવાળા છતાં પણ પોતાના શરીરની ચિકિત્સા કરાવી નહિ. દૃષ્ટાન્ત કહે છે-માંજવાથી નિર્મળ કાન્તિવાળા પિત્તળને વિષે કયો ડાહ્યો પુરૂષ આસક્ત થાય ? અર્થાત્ કોઈ ન થાય. ૮૦

સ્પષ્ટાર્થ:—હવે વૈરાગ્ય નામના દ્વારનું વર્ણન કવિશ્રી જણાવે છે:—આ સંસારના પદાર્થો નાશવંત છે એવું સ્વરૂપ જાણીને તેના પ્રત્યે રાગ રહિતપણાની જે ભાવના થાય તે વૈરાગ્ય કહેવાય છે. અહીં સનત્કુમારનું દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે ઈન્દ્ર મહારાજે સનત્કુમાર ચક્રવર્તીનો રાજ્યાભિષેક કર્યો હતો. વળી આ ચક્રવર્તીનું રૂપ ત્રણ લોકમાં અસાધારણ હતું કારણ કે ઈન્દ્રની પ્રશંસા સાંભળીને તેના ઉપર શ્રદ્ધા નહિ રાખીને બે દેવો તેમનું રૂપ જોવાને આવ્યા. તે

વખતે ચક્રી સ્નાન કરતા હતા, તે છતાં તેમનું રૂપ જોઇને દેવો પણ વિસ્મય પામ્યા હતા. આવું અસાધારણ રૂપ છતાં પણ થોડીજ વારમાં તેમનું શરીર રોગવાળું થઇ ગયું અને સભામાં જઇને બેઠા ત્યારે તો દેવોએ પણ તેમનું રૂપ જોઇને મુખ મરડયું, તેથી વૈરાગ્ય ભાવના જાગ્રત થઈ કે આવું સુંદર અને નીરોગી જણાતું શરીર પણ થોડીજ વારમાં રોગવાળું થઈ જાય છે તો શરીરની શુશ્રૂષા કરવી નકામી છે. એવી ભાવનાથી પ્રેરાઈને તેમણે દીક્ષા લીધી અને અનેક પ્રકારનાં તપ કર્યાં કે જેથી તેમને અનેક પ્રકારની લબ્ધિઓ ઉત્પન્ન થઇ જે લબ્ધિઓને લીધે તેમણે ધાર્યું હોત તો શરીરને રોગ રહિત બનાવ્યું હોત, પરંતુ શરીર પ્રત્યે એટલી બધી નિમમત્વ ભાવના ઉત્પન્ન થઈ હતી કે જ્યારે ઈન્દ્ર મહારાજે દેવસભામાં તેમની વૈરાગ્ય ભાવનાની પ્રશંસા કરી ત્યારે તેજ બે દેવો ફરીથી તેમની પરીક્ષા કરવા આવ્યા. અને વૈદ્યનું રૂપ ધારણ કરીને તેમની દવા કરી શરીર રોગ રહિત બનાવવાનું કહ્યું. પરંતુ ચક્રવર્તીએ કહ્યું કે આ શરીરનો રોગ કાઢવાનું મુશ્કેલ નથી. અને તેની તમને ખાત્રી ન થતી હોય તો હું આ મારી એક આંગળીને રોગ રહિત કરી બતાવું છું. એમ કહીને થુંક ચોપડીને તે આંગળી સુવર્ણ સરખા વર્ણવાળી રોગરહિત કરી બતાવી. ત્યાર પછી દેવોને કહ્યું કે જો તમારામાં ભાવ રોગ ( કર્મરૂપી રોગ ) કાઢવાની શક્તિ હોય તો તે દૂર કરો. પરંતુ દેવોએ તે દૂર કરવાની પોતાની અશકિત જણાવી અને તેમની દૃઢતાનાં વખાણ કરી સ્વસ્થાને ગયા. આ પ્રમાણે જેમણે ચક્રવર્તીની ઋદ્ધિનો ત્યાગ કર્યો અને શરીર ઉપર પણ મમત્વ રાખ્યું નહિ તો

તેમની દેવોએ પણ પ્રશંસા કરી. આ બાબતમાં ઉદાહરણ આપતાં કવિશ્રો જણાવે છે કે માંજવાથી સાફ જણાતા પિત્તળને વિષે કયો ડાહ્યો પુરૂષ આસકત થાય. અથવા જેણે સુવર્ણનું સ્વરૂપ જાણ્યું છે એટલે જે સુવર્ણને માંજવાની જરૂર પડતી નથી પરંતુ સ્વયં તેજવાળું હોય છે તેવા સુવર્ણને જાણ્યા પછી જ્યારે માંજે ત્યારે કાન્તિવાળું જણાય પણ પછી થોડી વારમાંજ ઝાંખું પડી જાય તેવા પિત્તળને વિષે ડાહ્યા પુરૂષને આસકિત થતી નથી. તેવી રીતે પિત્તળ સમાન આ શરીર છે જેને જ્યારે જ્યારે સાફ કરીએ ત્યારે ત્યારે કાન્તિવાળું જણાય, પણ પાછું થોડી વારમાં જ મલીન થઈ જાય; તેથી પિત્તળ સરખું આ શરીર છે એવું જાણીને જેણે સુવર્ણ સમાન કાન્તિવાળા આત્માનું સ્વરૂપ જાણ્યું છે તેવો પુરૂષ પિત્તળ સમાન શરીરમાં આસકિત નજ રાખે એ હકીકત છે. એવું જાણીને શરીર ઉપરનો મમત્વ ભાવ દૂર કરવાનો યત્ન રાખવો. ૮૦

સનત્કુમારનું ચરિત્ર પ્રસિદ્ધ જેવું હોવાથી અને તેનો લગભગ સાર સ્પષ્ટાર્થમાં આવી જતો હોવાથી તેમની કથા જુદી જણાવી નથી.

અવતરણ:—આ ગાથામાં પણ વૈરાગ્યનો ઉપદેશ આપે છે:—

( शार्दूलविक्रीडितवृत्तम् )

१ २ ३ ४ ५ ७
आजन्मान्तमनन्तदुर्मुदि (दुर्मति) भवे वैराग्यमस्त्येव तत्
११ ९ १० ६ १२ ८
व्यक्तं हेतुषु सत्सु किंतु भवति प्रत्येकबुद्धेष्विव ।

१३ १४ १६ १५ १८ १७
सूर्याश्मन्यनलं पयः शशिमणौ स्वर्णं सुवर्णावनौ,
१९ २० २१ २२ २४ २५ २६ २७ २८ २१
कोऽद्राक्षीत्पुनरर्कचन्द्रहुतभुग्योगात्कुतोऽप्येति वा ८१

જન્મથી મરવા લગી છે દુઃખ અનંતા જેહમાં,
તે ભવે વૈરાગ્ય પણ પ્રકટેજ કારણ યોગમાં;
જેમ પ્રત્યેકબુદ્ધને તિમ સૂર્યકાંત મણિ ઝરે,
રવિકિરણથી અગ્નિને શશિકાંતથી પણ જલ ઝરે. ૧

ચંદ્ર કિરણો સ્પર્શતા અગ્નિ તણા સંયોગથી,
સ્વર્ણ ભૂમિથી પ્રકટતું સ્વર્ણ કારણ યોગથી;
વૈરાગ્ય પ્રકટે પુણ્યવંતા જિન વચનને સાંભળી,
વૈરાગ્ય રંગે મ્હાલતા મોહે ન લેપાયે જરી. ૨

**શ્લોકાર્થ**:—આ જન્મથી માંડીને મરણ પર્યંત અનન્ત દુઃખ સહિત પ્રીતિવાળા (અથવા પાઠાન્તરની અપેક્ષાએ અનંત દુર્મતિવાળાં) સંસારને વિષે વૈરાગ્ય તો છે, પરંતુ હેતુઓ પ્રાપ્ત થયે છતે ચાર પ્રત્યેક બુદ્ધિની જેમ તે પ્રગટ થાય છે. (દૃષ્ટાન્ત કહે છે કે) સૂર્યકાન્ત મણિને વિષે અગ્નિ, ચન્દ્રકાન્ત મણિને વિષે જલ તથા સુવર્ણ પૃથ્વીને વિષે સુવર્ણ કોણે જોયા છે? એ તો સૂર્ય ચંદ્ર અને અગ્નિના યોગથી કોઇક સ્થાનેથી આવે છે. ૮૧

**સ્પષ્ટાર્થ**:—કવિશ્રી આ ગાથામાં વૈરાગ્યનો ઉપદેશ આપતાં જણાવે છે કે આ સંસાર જેમાં અનંત દુઃખયુક્ત

પ્રીતિ છે. અથવા પાઠાન્તરમાં 'अनन्तदुर्मुदि' ને બદલે 'अनन्तदुर्मति' એવો પાઠ છે ત્યાં અનંતી દુર્મતિઓ જેમાં છે એવા આ સંસારમાં જન્મથી માંડીને મરણ પર્યંત વૈરાગ્ય કેટલાકને છે. પરંતુ તે અવ્યક્ત હોય છે. પરંતુ હેતુઓ એટલે કારણો વિદ્યમાન હોય ત્યારે તે પ્રત્યેક બુદ્ધોની જેમ વ્યક્ત થાય છે એટલે પ્રગટ જણાય છે. જેઓને બાહ્ય પ્રકારનો કોઈ પદાર્થ જોઈને સંસાર ઉપર વૈરાગ્ય આવે છે તે પ્રત્યેક બુદ્ધ કહેવાય છે. જેમ કરકંડુ વગેરે પ્રત્યેકબુદ્ધને બળદ વગેરે હેતુઓ મળવાથી તે વૈરાગ્ય પ્રગટ થયો. અહીં કોઈને એવી શંકા થાય કે જીવોને જન્મથી માંડીને મરણ પર્યંત જો વૈરાગ્ય છે તો તેઓ સરાગી કેમ જણાય છે અથવા અર્થાપત્તિથી જણાય છે કે તે વૈરાગ્ય નથી. તેના જવાબમાં જણાવે છે કે તેમ નથી. કારણ કે તેમનામાં અવ્યક્તપણે વૈરાગ્ય રહેલો છે પરંતુ જે અવ્યક્ત હોય તે કાર્યમાં સમર્થ થતું નથી, તે દૃષ્ટાન્ત આપીને સમજાવે છે કે સૂર્યકાન્ત મણિમાં અગ્નિ કયા પુરૂષે જોયો છે અથવા તેમાં તે અવ્યક્તપણે રહેલો હોવાથી જણાતો નથી. તેવી જ રીતે ચન્દ્રકાન્ત મણિમાં પાણી કોણે જોયું છે, તેમજ સુવર્ણભૂમિમાં સોનું કોણે જોયું છે? અથવા જેમ તે વસ્તુઓ પ્રગટપણે જણાતી નથી. તે છતાં સૂર્ય, ચન્દ્ર અને અગ્નિના યોગથી કોઇપણ સ્થાનેથી આવે છે તેવી રીતે પ્રથમ અવ્યક્ત એવો વૈરાગ્ય તે તે કારણો પ્રગટ થવાથી પ્રગટ થાય છે. આનો ભાવાર્થ નીચેની પ્રત્યેક બુદ્ધની કથાઓથી જાણવો. ૯૧

---

## ॥ કરકંડુની કથા ॥

ચંપા નગરીના દધિવાહન રાજાની પદ્માવતી નામે રાણીનો કરકંડુ નામે પુત્ર હતો. તે ગર્ભમાં હતો તે વખતે રાણીને હાથી ઉપર બેસવાનો દોહદ ઉપજવાથી રાજા તથા રાણી હાથી ઉપર બેસીને નીકળ્યા. તેવામાં હાથી ઉન્મત્ત થઈને અવળે માર્ગે ચાલ્યો. રસ્તામાં વડનું ઝાડ આવતું જોઈને રાજાએ રાણીને તે પકડી લેવાનું કહ્યુ. હાથી વડ નીચે આવ્યો ત્યારે રાજાએ તે વડની ડાળી પકડી લીધી પરંતુ રાણીથી તે પકડાઇ નહિ. એટલે રાજા અને રાણીનો વિયોગ થયો. હાથી રાણીને ઘણે દૂર લઈ ગયો. પછી સરોવરમાં પેઠો તે વખતે રાણી હાથી ઉપરથી ઉતરીને નજીકના તાપસના આશ્રમે જઇને રહી. ત્યાં ચોમાસું રહીને ત્યાંથી દન્તપુર તરફ ચાલી. રસ્તામાં તેણે પુત્રને જન્મ આપ્યો. તે પુત્રને શ્મશાનનો ચંડાલ પોતાને ઘેર લઈ ગયો. અને રાણીએ દીક્ષા લીધી. ચંડાલે તેને ઉછેરીને મોટો કર્યો. અનુક્રમે તે કાંચનપુરનો રાજા થયો. પોતે રાજા થાય તો તેણે એક બ્રાહ્મણને એક ગામ આપવાનું કહ્યું હતું. કરકંડુ રાજા થવાથી તે બ્રાહ્મણે ચંપા નગરી નજીકના ગામની માગણી કરી. તેથી તેણે બ્રાહ્મણને લેખ લખીને ચંપા નગરીના દધિવાહન રાજા (જે કરકંડુનો પિતા છે પરંતુ તે બંને તે વાત જાણતા નથી) પાસે મોકલ્યો. રાજાએ ગામ આપવાની ના કહી. તેથી બંને યુદ્ધ માટે તૈયાર થયા. તે વખતે બંનેને વિગ્રહ કરતા રોકવાને સાધ્વી દધિવાહન પાસે ગયા અને બધો હેવાલ જણાવીને કહ્યું કે પિતા પુત્રને લડવું ઉચિત નથી.

ત્યાર પછી દધિવાહન રાજાએ તેને રાજ્ય આપ્યું અને પોતે દીક્ષા લીધી.

કરકંડૂ રાજાને રાજ્ય કરતાં કેટલોક કાળ ગયો. રાજાએ ગોકુળમાં એક બળદને પાળ્યો. તેને સારૂં સારૂં ખવરાવીને ઘણો બળવાન બનાવ્યો. જેથી તેની આગળ બીજો કોઇ બળદ સ્પર્ધા કરી શકતો નહોતો. આવા સુંદર રૂપવાળો તે બળદ હતો. ત્યાર પછી રાજા તે બળદને ભૂલી ગયો. કેટલાક વર્ષ પછી રાજા તે ગોકુળમાં ગયો ત્યારે તેણે લટકતી ચામડીવાળા, સુકાઈ ગયેલા તથા હાડ ચામડાના માળખા સરખા એક બળદને જોયો, તે બળદને જોઈને રાજાને પેલો બળદ સાંભર્યો. રાજાએ તે બળદની હકીકત પૂછી ત્યારે ગોવાળે પેલો વૃદ્ધ બળદ દેખાડયો. તે જોઈને રાજાને વિચાર થયો કે અહો આ દુનિયામાં શરીરાદિક નાશવંત છે. પોતે જોયેલો બળદ કયાં અને આ વૃદ્ધ બળદ કયાં. આ જોઈને રાજાને સંસાર ઉપર વૈરાગ્ય આવ્યો તેથી તેણે રાજ્યનો ત્યાગ કર્યો, અને દેવતાએ આપેલા સાધુ વેષે પૃથ્વી ઉપર વિહાર કરવા લાગ્યા.

॥ ઈતિ કરકંડૂ કથા ॥

---

## ॥ દ્વિમુખની કથા ॥

પંચાલ દેશમાં દુર્મુખ નામે રાજા હતો. તે ઘોડાઓને વહન કરાવવાને નગર બહાર ગયો. બહાર જતાં તેણે એક શક્રસ્તંભને ઘણો પૂજાએલો જોયો. અને જ્યારે તે પાછો

આવ્યો ત્યારે તેણે તેને પડેલો અને કાષ્ઠ માત્ર એટલે એકલું લાકડુંજ રહેલું જોયું. આ જોઇને રાજાને વૈરાગ્ય-ભાવના જાગી. તેણે વિચાર્યું કે આંખને આનંદ આપનાર જે શોભા સવારમાં જોવાય છે તે સાંજે નાશ પામી જાય છે તેવી રીતે રૂપ, લાવણ્ય, ધન, ધાન્યાદિક મેઘ ધનુષ્યની જેમ નાશવંત છે. આ પ્રમાણે અનિત્ય ભાવના ભાવતાં તેને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી રાજ્યનો ત્યાગ કર્યો, અને દેવતાએ આપેલો સાધુ વેષ ગ્રહણ કરીને પૃથ્વી ઉપર વિચરવા લાગ્યા.

॥ ઈતિ દ્વિમુખની કથા ॥

---

## નમિ રાજર્ષિની કથા

વિદેહ નામે દેશમાં મિથિલા નામની નગરીમાં નમિ નામે રાજા ન્યાયથી રાજ્ય કરતા હતા. રાજ્યનું પાલન કરતા તે રાજાને એક વખતે અશાતા વેદનીયનો ઉદય થવાથી શરીરે દાહજ્વરની ઉત્પત્તિ થઈ. સર્વે વૈદ્યોએ અનેક પ્રકારે ચિકિત્સા કર્યા છતાં તેમનો દાહજ્વર જરા પણ શાંત થતો નથી. આ પ્રમાણે પીડા પામતાં તેમના છ મહિના પસાર થયા. એક વખતે વૈદ્યના કહેવાથી રાણીઓ ચન્દન ઘસતી હતી. તે વખતે હાથમાં પહેરેલા કંકણો પરસ્પર અથડાવાથી તેનો ધ્વનિ રાજાના કાનને અપ્રિય લાગે છે તેથી રાણીઓએ બીજા કંકણો કાઢી નાખીને એક એક વલય રાખ્યું તેથી અવાજ બંધ થયો અને રાજાને શાંતિ લાગી. તેથી રાજાએ કહ્યું કે વલયનો અવાજ કેમ સંભળાતો

નથી. ત્યારે રાણીઓએ કહ્યું કે ઘણાં કંકણ સાથે હતા ત્યારે અવાજ થતો હતો. હવે બીજાં કંકણ કાઢીને એકજ રાખ્યું છે તેથી અવાજ બંધ થયો છે. આ સાંભળીને નમિ રાજા વિચારવા લાગ્યા કે જ્યાં સુધી બન્ધુ પુત્ર વગેરેનો ઘણો પરિગ્રહ હોય ત્યાં સુધી પ્રાણીઓને આ ભવમાં દુઃખ થાય. આ પ્રમાણે વિચારતાં વેદનીયનો ક્ષયોપશમ થવાથી તેને નિદ્રા આવી ગઈ. ઉંઘમાં તેને સ્વપ્ન આવ્યું કે પોતે સુવર્ણાચલના મસ્તક ઉપર શ્વેત હાથી ઉપર બેઠો છે. ત્યાર પછી તે જાગ્યા ત્યારે વિચારવા લાગ્યા કે આવો પર્વત મેં પહેલાં જોયો છે. આવા વિચારથી તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વ ભવમાં પુષ્પોત્તર વિમાનમાં ઉત્તમ દેવ હતા તે વખતે જિનેશ્વરનો સ્નાત્ર મહોત્સવ કરવાને મેરૂ પર્વત ઉપર ગયા હતા તે વખતે આ મેરૂ પર્વત તેમણે જોયો હતો. ત્યાર પછી દેવતાએ આપેલો વેષ પહેરીને તેમણે રાજ્યનો ત્યાગ કર્યો. તેથી મિથિલા નગરીમાં મોટો કોલાહલ થયો. તે વખતે ઇન્દ્રે બ્રાહ્મણના રૂપે આવીને નમિ રાજર્ષિની અનેક રીતે પરીક્ષા કરી પરંતુ તેમને દૃઢ જોઇને ઇન્દ્રે પ્રસન્ન થઈને પોતાનું રૂપ પ્રગટ કર્યું અને નમિ રાજર્ષિની દૃઢતાની પ્રશંસા કરી. નમિ રાજર્ષિએ પ્રત્યુકબુદ્ધ થઈને અન્યત્ર વિહાર કર્યો.

॥ ઇતિ નમિ કથા ॥

## ॥ નિર્ગત કથા ॥

ગાન્ધાર દેશમાં પુરૂષોત્તમપુર નામે નગરમાં નિર્ગત નામે રાજા હતા. ન્યાયથી પ્રજાનું પાલન કરતા તેમનો કેટલોક કાળ ગયો. એક વખતે વસંત ઋતુ આવે થકે ક્રીડા કરવાને નગર બહાર જતાં મનોહર આમ્રવૃક્ષ જોયો. મંજરીઓના ભારથી તે નમી રહ્યો હતો. રાજાએ સુંઘવાને માટે તેમાંથી એક મંજરી ગ્રહણ કરી. ત્યાર પછી તે રાજાની પાછળ આવતા દરેક દરેક માણસે પણ મંજરી ગ્રહણ કરી. મંજરીઓ થઇ રહી ત્યારે તેનાં પાંદડાં ગ્રહણ કર્યાં. આમ થવાથી તે આંબા ઉપર એક પણ પાંદડું કે મંજરી રહી નહિ. ફક્ત ડાળાંજ બાકી રહ્યા, તેથી થોડીજ વારમાં તે આંબો ઝાંખરા જેવો થઇ ગયો. હવે વનમાં ક્રીડા કરીને રાજા પાછો ફર્યો ત્યારે તે આંબો નહિ જોવાથી આંબો ક્યાં છે એમ પૂછ્યું. ત્યારે નજીક રહેલા કોઇકે કહ્યું કે આ સામે એકલાં ડાળાંવાળો દેખાય છે તેજ એ આંબો છે. રાજાએ એટલી વારમાં આંબો આવો કેમ થઇ ગયો એ પ્રમાણે પૂછ્યું ? ત્યારે લોકોએ બધી હકીકત રાજાને જણાવી. આ સાંભળી રાજાને વૈરાગ્ય ભાવના ઉત્પન્ન થઇ. દેવે આપેલો સાધુ વેષ ગ્રહણ કરીને પ્રત્યેક બુદ્ધપણે વિહાર કરવા લાગ્યા.

॥ ઇતિ નિર્ગત કથા ॥

**અવતરણઃ**—એ પ્રમાણે ૩૯ મું વૈરાગ્યદ્વાર કહીને હવે ઉદ્દેશના ક્રમ પ્રમાણે ચાલીસમું દાનદ્વાર કહે છેઃ—

( स्रग्धरावृत्तम् )

२ १ ३ ४ ५ ६
सुमापं शुद्धपात्रं धनमपि विशदं किंतु निःपुण्यकानां,
११ ८ ९ १० १४ १२ १३
नो चित्तं पात्रदानं प्रति भवति मतिर्यत्र शुद्धाशनाद्यैः ।
१५ १६ १८ १७ १९
आद्योऽर्हन् वर्षमेकं प्रतिदिनमगमच्छुद्धभक्षेऽपि देशे,
२५ ४ ३० २९ ३१ २८ २६ २७
श्रेयांसस्त्वेक आद्यं सुकृतिषु कृतवान् स्वं प्रभोः पारणेन ८२

શુદ્ધ પાત્ર મળ્યા છતાં ધન શુદ્ધ હોવે તે છતાં,
પુણ્ય હીનને પાત્રમાં દેવા ન ભાવ કદી થતા;
શુદ્ધ અશનાદિક ખપે તે પુણ્યહીન ના જાણતા;
શુદ્ધ ભિક્ષાવંત દેશે બાર માસ ઋષભ જતા. ૧

દાનનો વિધિ કોઈ ન જાણે પુણ્યવંત શિરોમણિ,
શ્રેયાંસ પારણું નાથને ભાવે કરાવે ઇક્ષુની;
રસધારથી શ્રેયાંસ જેવા ભાવ પ્રભુની જેહવા,
પાત્ર ઇક્ષુ રસ સમા શુભ દાન પુણ્યે પામવા. ૨

શ્લોકાર્થ:—શુદ્ધ પાત્ર સહેલાઇથી પ્રાપ્ત થાય તેવું હોય, ધન પણ વિશુદ્ધ હોય તે છતાં પણ પુણ્ય રહિત જીવોને સુપાત્ર દાન પ્રત્યે ચિત્ત થતું નથી. જ્યાં ( જે ચિત્તમાં ) શુદ્ધ અશનાદિકની બુદ્ધિ થાય. દૃષ્ટાંત આપે છે કે પ્રથમ અરિહંત (શ્રીઋષભદેવ) એક વર્ષ સુધી શુદ્ધ ભિક્ષાથી ભરપૂર દેશને વિષે દરરોજ વિચર્યા છતાં એકલા-

શ્રેયાંસ કુમારેજ પ્રભુને પારણું કરાવીને પોતાના આત્માને પુણ્યવંત પુરૂષોમાં અગ્રેસર બનાવ્યો. ૮૨

**સ્પષ્ટાર્થ**:—કવિશ્રી જણાવે છે કે સુપાત્ર દાનના પરિણામ થવા અને સુપાત્રદાન કરવું તે જે તે પુરૂષને (નિઃપુણ્યને) પ્રાપ્ત થતું નથી પરંતુ કોઇક પુણ્યવંતનેજ પ્રાપ્ત થાય છે. આ હકીકત જણાવતાં કહે છે કે શુદ્ધ પાત્ર એટલે સુપાત્ર સહેલાઈથી પ્રાપ્ત થાય તેવું હોય, વળી ધન પણ વિશુદ્ધ અન્યાયાદિ દોષરહિત હોય, તે છતાં પણ પુણ્ય-રહિત જીવોનાં ચિત્ત પાત્રદાન પ્રત્યે ઉત્સાહી થતાં નથી. જે ચિત્તમાં શુદ્ધ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ વગેરે આપવાની ઇચ્છા હોતી નથી. દૃષ્ટાન્ત આપતાં કવિશ્રી કહે છે કે પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવ એક વર્ષ સુધી દરરોજ શુદ્ધ એષણીય અન્નથી ભરપૂર એવા દેશને વિષે વિચર્યા, તે છતાં એક વર્ષ સુધી કોઈએ દાન આપ્યું નહિ. ફક્ત એકલા શ્રેયાંસ કુમારેજ શેરડીના રસ વડે પ્રભુને પારણું કરાવ્યું, જે આ ચોવીસીમાં પ્રથમ સુપાત્ર દાન હતું. આવી રીતે પ્રભુને પારણું કરાવીને શ્રેયાંસ કુમારે પોતાના આત્માને પુણ્યવંત પુરૂષોમાં અગ્રેસર બનાવ્યા. અથવા પ્રભુને દાન આપીને મોક્ષ રૂપી ફળની પ્રાપ્તિ કરી. ૮૨

(શ્રેયાંસકુમારનું કથાનક શ્રી ઋષભદેવ ચરિત્ર પ્રસંગે કહ્યું છે માટે અહીં ફરીથી કહેતા નથી.)

**અવતરણ**:—સુપાત્રને વિષે સુંદર વસ્તુનું દાન આપીએ તોજ ઘણું ફલ થાય, નહિ તો ન થાય, એવું જે મૂર્ખ બુદ્ધિવાળાઓ માને છે તેમને ઉપદેશ આપે છે:—

( मालिनीवृत्तम् )

१ २ ३ ६
यदपि तदपि शुद्धं चन्दनावत्प्रदत्तं,
७ ८ ४ ११ ९ १०
झटिति फलति पात्रेऽन्यत्र नो चार्वपि स्वम् ।
१३ १२ १४ १५
जलधिजलमसारं वारिवाहेऽमृतीस्यान्–,
१६ १८ १७ १९ २०
मधुरमपि हि दुग्धं पन्नगास्ये विषी (विषं)स्यात् ८३

તુચ્છ પણ જો શુદ્ધ વસ્તુ પાત્રને જે આપતા,
ઝટ ફળે જિમ ચંદનાને અફલ બીજે આપતા;
સાગર તણું જલ મેઘ યોગે અમૃતના જેવું બને,
સર્પના મુખમાં પડંતા દૂધ પણ ઝેરી બને. ૧

શ્લોકાર્થ:—જેવું તેવું પણ શુદ્ધ અન્નાદિક સુપાત્રને આપ્યું હોય તો ચંદનબાલાની જેમ જલદી ફળ આપનારૂં થાય છે. પરંતુ અન્યત્ર એટલે કુપાત્રમાં આપેલું શુદ્ધ દ્રવ્ય પણ ફળદાયી થતું નથી. દૃષ્ટાન્ત કહે છે કે અસાર એવું સમુદ્રનું પાણી મેઘને વિષે અમૃત રૂપ થાય છે અને મધુર એવું દૂધ પણ સર્પના મુખમાં ઝેર રૂપ થાય છે. ૮૩

સ્પષ્ટાર્થ:—સુપાત્રની મહત્તા જણાવતાં કવિશ્રી કહે છે કે જેવું તેવું પરંતુ શુદ્ધ અન્નાદિક જો સુપાત્રને આપવામાં આવે તો તે જલદીથી ફળ આપનાર થાય છે. જેમ ચંદનબાળાએ ચરમ તીર્થપતિ શ્રીમહાવીર સ્વામીને

જેવા તેવા એટલે ટાઢા અડદના બાકળા વહોરાવ્યા તો પણ તેનું તરત ફળ મળ્યું, કારણકે તે વખતે દાનના પ્રભાવથી સાડાબાર ક્રોડ સુવર્ણની વૃષ્ટિ થઈ. તેમજ તેના પ્રભાવથી પરલોકમાં મોક્ષ રૂપી ફલની પ્રાપ્તિ થઇ. માટે દ્રવ્યની મુખ્યતા નથી. પણ સુપાત્રની મુખ્યતા છે. દ્રવ્યની મુખ્યતા નથી તે જણાવતાં કહે છે કે સુંદર એવું દ્રવ્ય હોય પરંતુ તે જો કુપાત્રને વિષે આપવામાં આવે તો તે ફળદાયી થતું નથી. આ બંનેને દૃષ્ટાન્તપૂર્વક સમજાવતાં કવિશ્રી કહે છે કે સમુદ્રનું પાણી જો કે અસાર છે એટલે ખારૂં છે તેથી પીવાના કામમાં આવતું નથી, પરંતુ જ્યારે તેજ જલ મેઘને વિષે જાય છે અથવા મેઘ રૂપે થાય છે ત્યારે તે અમૃત તુલ્ય એટલે મીઠું અથવા પીવા લાયક થાય છે. એવી રીતે સુપાત્રને વિષે જાણવું. અહીં સુપાત્ર સમાન મેઘ જાણવો અને આપવા લાયક દ્રવ્ય તે સમુદ્રનું ખારૂં પાણી જાણવું. ઉલટું દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે દૂધ જો કે મધુર છે છતાં પણ જો તે કુપાત્ર સરખા સર્પના મુખને વિષે જાય તો તે ઝેર રૂપ થઈ જાય છે, તેવીજ રીતે કુપાત્રને વિષે આપેલું સારૂં દ્રવ્ય તે પણ ફળ આપનારૂં થતું નથી. ૮૩

## ચન્દનબાલાની કથા—

ચમ્પા નગરીમાં દધિવાહન નામના રાજાની ધારિણી નામે રાણી હતી અને તેમને વસુમતી નામે પુત્રી હતી. કૌશામ્બી નગરીના શતાનીક નામે રાજાએ તે દધિવાહન રાજા ઉપર ચઢાઈ કરી. રાજા નાશી ગયો. તે વખતે શતા-

નીકના સૈનિકોએ ચમ્પા નગરીને મરજી મુજબ લુંટી. તે વખતે એક ઉંટવાળાએ વસુમતી સાથે ધારિણીને પકડી. ત્યાર પછી તે ઉંટવાળો કૌશામ્બી નગરીએ આવ્યો. ધારિણીને મારી સ્ત્રી બનાવીશ અને વસુમતીને વેચીશ એ પ્રમાણે તે ઉંટવાળાના કહેવાથી ધારિણી હૃદય ફૂટવાથી મરણ પામી અને વસુમતીને ધનાવહ નામે શેઠે વેચાતી લીધી. પછી શેઠ તેને પોતાને ઘેર લાવ્યા. તે વસુમતીએ પોતાના વિનયાદિક ગુણોથી લોકોને વશ કર્યા, તેથી લોકો ચન્દન સમાન તેની શાંત પ્રકૃતિથી ચંદનબાલા નામથી બોલાવવા લાગ્યા.

એક વાર બપોરે ધનાવહ શેઠ ઘેર આવ્યા. તે વખતે પગ ધોનાર નહિ હોવાથી ચન્દનબાલાએ પાણી લાવીને આપ્યું. અને શેઠે ના કહ્યા છતાં પગ ધોવા લાગી. તે વખતે વાંકી વળેલી ચન્દનાના કેશપાશ કાદવમાં બગડે નહિ તેથી શેઠે હાથ વડે ઝાલી રાખ્યા. આ સ્થિતિ બારીએ ઉભેલી શેઠની પત્ની મૂલાએ જોઇ તેથી તેણી વિચારવા લાગી કે મેં આને ઘરમાં રાખી તે યોગ્ય નથી કર્યું. રૂપવાળી આને શેઠ પરણશે તો મારો ભાવ પૂછાશે નહિ. માટે આનો પ્રથમથી ઉપાય કરૂં એમ વિચારી શેઠ બહાર ગયા ત્યારે હજામને બોલાવી ચન્દનબાલાના વાળ મુંડાવી નાખ્યા. પગમાં બેડી નાખીને અન્ય ઘરમાં સંતાડી. અને નોકરોને શેઠને આ હકીકત કહેવાનો નિષેધ કર્યો. શેઠ ખાવા આવ્યા ત્યારે ચન્દના ક્યાં છે એમ પૂછ્યું ત્યારે મૂલાના ભયથી કોઈ કાંઇ બોલ્યું નહિ. શેઠ સમજ્યા કે કોઇ ઠેકાણે રમતી હશે. બીજે દીવસે પૂછ્યું ત્યારે એક વૃદ્ધ દાસીએ તેને કેદખાનામાં

મૂલાએ નાખી છે વગેરે હકીકત જણાવી. તેથી શેઠે ઓરડાનાં બારણું ઉઘાડો ચન્દનબાળાને બહાર કાઢી. ભૂખી અને તરસી ચન્દનબાળાને જોઈને તેને આશ્વાસન આપી ધનાવહ શેઠ રસોડામાં ગયા. અને ત્યાં બીજું ભોજન નહિ જોવાથી અડદના બાકળા સુપડાના ખુણામાં નાખીને ચન્દનાને આપ્યા. અને પછી શેઠ બેડીઓ તોડવા માટે લુહારને બોલાવવા ગયા.

હવે ઉંબરા ઉપર બેઠેલી, પગમાં બેડીઓવાળી, મુંડાવેલા મસ્તકવાળી ચન્દનબાલા વિચારે છે કે મારૂં રાજકુલ કયાં અને આ મારી દુર્દશા કયાં ? પૂર્વ ભવમાં મેં દુષ્કાર્ય કર્યાં હશે તેનું મને આ ફળ મળ્યું છું. હવે અડદના બાકલા ખાધા પહેલાં તે વિચારે છે કે મારે અઠ્ઠમની તપસ્યા થઈ છે. તેથી જો કોઈ સુપાત્ર મળી જાય તો તેમને કાંઈક આપું. આપ્યા સિવાય અઠ્ઠમનું પારણું કેમ કરાય એવું વિચારી કોઈ અતિથિ આવે એવી ભાવનાથી અતિથિની રાહ જોવા લાગી. તેવામાં ચોવીસમા તીર્થંકર શ્રીમહાવીરસ્વામી ચાર માસના તપસ્વી જેમણે એવો અભિગ્રહ કર્યો છે કે રાજાની પુત્રી હોય, માથે મુંડન હોય, ઉંબરા ઉપર બેઠેલી હોય, રૂદન કરતી હોય તો મારે પારણું કરવું. ચાર મહિના થઈ જવા છતાં તે અભિગ્રહ પૂરો થતો નહોતો. તેઓ ત્યાં વહોરવા માટે આવી ચઢયા. અને ચન્દનબાળાને ઉપર પ્રમાણેની સ્થિતિમાં જોઈને તેમનો અભિગ્રહ પૂરો થતો હોવાથી ચન્દનબાલાએ આપેલા બાકુળા પ્રભુએ ભિક્ષામાં લીધા. તે વખતે સાડાબાર કોડ સોનૈયાની વૃષ્ટિ થઈ. દુંદુભિનો નાદ થયો. બેડીઓ તે સોનાનાં સાંકળાં રૂપ થઈ

ગઈ, મસ્તકના કેશપાશ પણ પૂર્વ જેવા થઇ ગયા. અને શરીર પણ શોભાયમાન થઇ ગયું. તે વખતે દુંદુભિના શબ્દથી પ્રભુનું પારણું જાણીને શતાનીક રાજા પણ ત્યાં આવ્યા. સાથે ચંપા નગરીથી લાવેલ સંપુલ નામે કંચુકી હતો તે ચન્દનબાલાને જોઇને ઓળખીને રૂદન કરવા લાગ્યો. રાજાએ પૂછયું ત્યારે તેણે કહ્યું કે આ તો દધિવાહન રાજાની પુત્રી છે. શતાનીકની પત્ની મૃગાવતી આ સાંભળીને બોલી કે આ તો મારી બેનની પુત્રી છે. ત્યાર પછી શતાનીક રાજા તે દાનને ગ્રહણ કરવા લાગ્યા, ત્યારે ઈન્દ્રે તેનો નિષેધ કરીને કહ્યું કે હે રાજા! તારે ચન્દનબાલાનું રક્ષણ કરવું. જેને ચન્દના આપે તેનું તે ધન થાય. ચન્દનબાલાને પૂછયું ત્યારે તેણે કહ્યું કે મારા પિતા તુલ્ય ધનાવહ શેઠ તે ગ્રહણ કરે. તેથી શેઠે તે લીધું. ત્યાર પછી ઈન્દ્રે રાજાને કહ્યું કે તમારે આની રક્ષા કરવી જોઇએ. જ્યારે પ્રભુને કેવલજ્ઞાન થશે ત્યારે આ ચન્દનબાલા તેમની મુખ્ય શિષ્યા થશે. મૂલાની બધે નિન્દા થઇ અને ચન્દનબાલાના સઘળે વખાણ થયાં. ચન્દનબાળાએ પણ વિચાર્યું કે જો મારી આવી દુર્દશા ન થઈ હોત તો પ્રભુનું પારણું પણ મારે ત્યાં કયાંથી થાત? માટે મને તો દુર્દશા પણ ઉત્તમ દશા રૂપ થઈ. ત્યાર પછી પ્રભુની પાસે ચન્દનબાલાએ દીક્ષા લીધી અને અનુક્રમે કેવલજ્ઞાન પામીને મોક્ષે ગયા. આ પ્રમાણે પ્રભુને જેવું તેવું પણ એષણીય દાન આપવાથી ચન્દનબાલા અનુક્રમે મોક્ષના ભાગી થયા.

॥ ઈતિ ચંદનબાલા કથા ॥

**અવતરણઃ**—એ પ્રમાણે ૪૦ મું દ્વાર પૂર્ણ થયું. હવે ૪૧ મું શીલદ્વાર કહે છેઃ—

॥ वसंततिलकावृत्तम् ॥

२ ३ १ ९ ४
स्त्रीविभ्रमैश्चलति लोलमना न धीरः,
७ ८ ५ ६
श्रीस्थूलभद्र इव तादृशसङ्कटेऽपि ।
११ १० १२ १३
चूर्णीभवेद् दृषदयोऽपि विलीयते च,
१६ ८१ १५ १४ १७
वैडूर्यमेति विकृतिं ज्वलनात्पुनर्न ॥ ८४

અધિર મન જસ તે ચળે સ્ત્રીના કટાક્ષો દેખતા,
પણ ધીર જન કદિ ના ચળે બહુ વિકટ સંકટ પામતા;
સ્થૂલિભદ્ર જિમ અનલે કરી પત્થર તણો ભૂકો બને,
ઓગળે છે લોહ પણ વૈડૂર્ય ન લહે વિકૃતિને. ૮૪

શ્લોકાર્થઃ—ચપળ ચિત્તવાળા પુરૂષો સ્ત્રીઓના હાવ-ભાવો વડે ચલાયમાન થાય છે, પરંતુ ધીર પુરૂષ તેવા પ્રકારના સંકટમાં પણ શ્રીસ્થૂલીભદ્રની જેમ ચલાયમાન થતા નથી. પત્થર અગ્નિ વડે ચૂર્ણ થાય છે તેમજ લોહું ઓગળી જાય છે. પરંતુ વૈડૂર્ય રત્ન તો વિકારને પામતું નથી. ૮૪

સ્પષ્ટાર્થ:—હવે શીલનું વર્ણન કરતાં કવિશ્રી જણાવે છે કે ચપળ મનવાળા એટલે ડામાડોળ સ્થિતિવાળા પુરૂષો જ સ્ત્રીઓના કટાક્ષ વગેરે હાવભાવો અને વિલાસો વડે ચલાયમાન થાય છે એટલે સ્ત્રીની આગળ તેવા ચપળ મન-વાળા પુરૂષો પોતાના શીલને સાચવી શકતા. નથી. પરંતુ શ્રીસ્થૂલીભદ્ર જેવા ધીર પુરૂષો તો તેવા પ્રકારનું સંકટ

આવે તોપણ લેશ માત્ર ચલાયમાન થતા નથી. સ્થૂલીભદ્ર મુનિ જેઓ દીક્ષા લીધા પહેલાં કોશા નામની વેશ્યાને ત્યાં બાર વર્ષ રહ્યા હતા અને જેનો સ્થૂલીભદ્ર ઉપર ઘણો રાગ હતો, તે સ્થૂલીભદ્ર મુનિએ મંત્રીપદનો ત્યાગ કરીને સંભૂતિ મુનિ પાસે દીક્ષા લીધી હતી. તેઓ ગુરૂની આજ્ઞા લઈને કોશાને ત્યાં ચોમાસું રહેવા આવ્યા. તે વખતે શરૂઆતમાં કોશાએ મુનિરાજને ચલાયમાન કરવા માટે અનેક જાતિના પ્રયત્નો કર્યા, તે છતાં સ્થૂલિભદ્ર મુનિ જરા પણ ચલાયમાન થયા નહિ. છેવટે કોશાએ મુનિ પાસેથી શ્રાવક ધર્મ જાણીને તે ગ્રહણ કર્યો. માટે જણાવવાનું કે ધીર પુરૂષો તો તેવા પ્રસંગોમાં પણ પોતાના શીલનું રક્ષણ કરે છે. અહીં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે પત્થર જેવો કઠણ પદાર્થ અગ્નિને લીધે ચૂર્ણ બની જાય છે, તેમજ લોઢા જેવી ધાતુ પણ અગ્નિના આકરા તાપ આગળ ઓગળી જાય છે. પરંતુ વૈડૂર્ય રત્ન ગમે તેવો અગ્નિનો તાપ હોય તો પણ ઓગળતું નથી. માટે ધીર પુરૂષો વૈડૂર્ય રત્ન સમાન જાણવા અને પત્થર તથા લોઢા સમાન ચપળ ચિત્તવાળા પુરૂષો જાણવા. અહીં શ્રીસ્થૂલીભદ્રનું દૃષ્ટાન્ત વિશેષ જાણીતું હોવાથી આપવામાં આવ્યું નથી. ૮૪

અવતરણઃ—આ કાવ્યમાં પણ સુશીલ લોકની પ્રશંસા દ્વારા ઉપદેશ કહે છેઃ—

( वसंततिलकावृत्तम् )

१ २ ३ ४
सद्रूपयौवनगुणागतसानुराग-
५ ६ ७ ८
वित्तेशदत्ततनयानयनेष्वभेदात् ।

९ १० ११ १२
वज्रेण वज्रमुनिना स्वयशोऽर्णसाऽ–
१३ १५ १६ १४
सत्सङ्गाशुचि क्वचिदपूयत शीलमेव ॥ ८५

**રૂક્મિણી ધનદત્ત તનયા રૂપવંતી યૌવને,**
**વર્તતી આવેલ સામે મન ધરંતી પ્રેમને;**
**તેના કટાક્ષે વજ્ર જેવા વજ્ર મુનિ ના ભેદિયા,**
**યશ જલે અપવિત્ર શીલને ધોઈને સ્વર્ગે ગયા. ૮૫**

**શ્લોકાર્થ:**—સારા રૂપવાળી, યુવાનીમાં આવેલી, ગુણવાળી, સન્મુખ આવેલી, પ્રીતિવાળી ધનદત્ત નામના શેઠની પુત્રીના નયન કટાક્ષોથી નહિ ભેદાવાથી વજ્ર સમાન વજ્ર નામના મુનિએ પોતાના યશ રૂપી પાણીથી કોઈક (પુરૂષાદિક)માં અસત્પુરૂષોના સંગથી અપવિત્ર થયેલા શીલનેજ પવિત્ર કર્યું. ૮૫

**સ્પષ્ટાર્થ:**—શ્રી વજ્રસ્વામીના શીલની મહત્તા દેખાડતાં જણાવે છે કે ધનદત્ત નામના શેઠની રૂક્મિણી નામની કન્યા હતી. તેણી વજ્રસ્વામીના ગુણ સાંભળીને તેમના ઉપર રાગવાળી થઈ હતી. તે સુંદર રૂપવાળી, યુવાન, ગુણવાળી અને સામે આવેલી ધનદત્ત શેઠની રૂક્મિણી સ્ત્રીના નેત્ર કટાક્ષોથી પણ નહિ ભેદાએલા એવા વજ્રસ્વામી નામના મુનિના શીલ ગુણનું શું વર્ણન કરવું? કારણ કે વજ્ર સમાન નિશ્ચલતાવાળા તેમણે પોતાના યશરૂપી પાણી વડે ઉલટું અસત પુરૂષોની સોબતથી અપવિત્ર થએલા શીલનેજ પવિત્ર

કર્યું છે. આ વજસ્વામીની કથા પ્રસિદ્ધ હોવાથી અહીં લખી નથી. ૮૫

અવતરણ:–એ પ્રમાણે એકતાલીસમું શીલદ્વાર કહીને હવે ઉદ્દેશના ક્રમ પ્રમાણે તપોદ્વારનું વિવરણ કરતાં કહે છે:–

( पृथ्वीवृत्तम् )

तपः शिवकुमारवच्चरति मन्दिरस्थोऽपि यः,
स देवपरिषद्यपि द्युतिमहत्त्वविस्फूर्तिभृत् ।
कृशान्वकृशतापनोल्लसितवर्णकं काञ्चनं,
न धातुषु विशिष्टतां नृपतिमौक्तितामेति ॥ ८६

શિવ કુમાર તણી પરે ઘરમાં રહી જે તપ કરે,
તે દેવ કેરા સ્થાનમાં રૂપ તેજ મોટાઈ વરે;
પ્રબળ અગ્નિ પ્રતાપથી તેજસ્વિ સોનું ધાતુમાં,
ઉત્તમ ગણાય જડાય ઉંચે ભૂપતિના મુકુટમાં. ૧

શ્લોકાર્થ:—જે કોઈ શિવકુમારની જેમ ગૃહસ્થ છતાં પણ તપ આચરે છે તે દેવસભામાં પણ તેજ. ખ્યાતિ અને ઉત્તમ મૂર્તિને ધારણ કરનારો થાય છે. દૃષ્ટાન્ત કહે છે કે અગ્નિના મહા તાપથી પ્રકાશિત વર્ણવાળું સુવર્ણ ધાતુઓમાં શિરોમણિપણાને અને રાજાઓના મુગટપણાને પામતું નથી ? અર્થાત્ પામે છે. ૮૬

સ્પષ્ટાર્થ:—ઘરમાં રહીને પણ જે તપનું આચરણ કરે છે તે શિવકુમારની જેમ દેવસભામાં પણ તેજસ્વિપણું

ખ્યાતિ અથવા મોટાઈને પામે છે તથા ઉત્તમ મૂર્તિને અથવા ઉત્તમ શરીરને ધારણ કરનારો થાય છે. કારણ કે તપનો એવો પ્રભાવ જ છે કે જેથી ઉપર કહેલા ગુણો પ્રાપ્ત થાય તેમાં નવાઈ નથી. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં કહે છે કે અગ્નિના મહા તાપથી તપેલું સુવર્ણ શું તેજસ્વી વર્ણવાળું થતું નથી ? અથવા તો જેમ સોનાને અગ્નિના મહાતાપ વડે તપાવવામાં આવે તો તે વધારે તેજસ્વી વર્ણવાળું થાય છે તેવી રીતે આત્મા તપ વડે તપાવવામાં આવે તો તે આત્મા પણ તેજસ્વી થાય છે. અને તેથી જ સોનાને સર્વ ધાતુઓમાં શિરોમણિ પદ મળે છે. અને તેના તે તેજસ્વી ગુણને લીધે જ રાજાના મુગુટપણાને પામે છે. કારણ કે રાજાનો મુગટ પણ કાંચનનો બનાવાય છે અને તે કાંચન સોનાને ખૂબ તપાવીને તેને તદ્દન શુદ્ધ બનાવીને તેમાંથી બનાવાય છે. ૮૯

## શિવકુમારની કથા

આ ભરત ક્ષેત્રમાં વીતશોકા નામની નગરીના શ્રીપદ્મરથ નામના રાજાની વનમાલા રાણીને શિવકુમાર નામે પુત્ર હતો. તે અનુક્રમે મોટો થયો. એક વખત કોઈક સાર્થવાહના ઘરમાં ભિક્ષાને માટે આવેલા સાગર નામના મુનિને ગવાક્ષમાં રહેલા શિવકુમારે જોયા. મુનિને જોઈને હર્ષિત થયેલા પ્રસન્ન ચિત્તવાળા કુમારે મુનિને વંદન કર્યું. મુનિની દેશના સાંભળીને તે શિવકુમારે મુનિને પૂછયું કે હે મુનિરાજ! થોડા જ સંગથી મારૂં ચિત્ત તમારા ઉપર સ્નેહવાળું શાથી થાય છે. ત્યારે જ્ઞાની મુનિએ તેનો પૂર્વ ભવ

કહ્યો. તેમાં મુનિએ તે પૂર્વ ભવમાં સૌધર્મ દેવલોકમાં દેવ હતો. અને તે પહેલાના ભવમાં ભવદત્ત નામે હતો અને નવી પરણેલી નાગિલા નામની અર્ધ શણગારેલી ભાર્યાને છોડીને ભવદેવ નામના તેના મોટાભાઈ જેમણે દીક્ષા લીધી હતી તેમની સાથે ઉપાશ્રયે જઈને મુનિઓના મર્મના વચનથી ભાઈનું માન રાખવા ખાતર દીક્ષા લીધી હતી. પરંતુ મન નાગિલા પાસે હતું. મોટાભાઇના મરણ પર્યંત ચારિત્રનું પાલન કર્યું. પરંતુ ભાઈ દેવલોકે ગયા પછી સાધુના દ્રવ્યલિંગને ધારણ કરતા સાધુઓને કહ્યા સિવાય પોતાને ગામ આવ્યા. અને દૈવયોગે નાગિલા તેમને વન્દન કરવા ગઈ. અને મુનિને પોતાને લીધે પતિત પરિણામી જોઈને ઉપદેશ આપીને ચારિત્રમાં સ્થિર કર્યા. તેથી તે ભવદત્ત મુનિ ગુરૂ પાસે પાછા ગયા અને આલોયણા લઈને શુદ્ધ ચારિત્ર પાળીને દેવલોકમાં ગયા.

આ પ્રમાણે મુનિએ પોતાનો પુર્વભવ કહ્યો તે સાંભળીને વ્રતની ઈચ્છાવાળા તેમણે માબાપની રજા માગી. પરંતુ માબાપે રજા નહિ આપવાથી ભોજન કર્યા સિવાય પૌષધાગારમાં જઇ ભાવયતિપણે રહ્યા. રાજાની આજ્ઞાથી દૃઢ ધર્મી શ્રાવકે કુમારને સમજાવીને છઠ્ઠનું આયંબિલ વડે પારણું કરાવ્યું. એ પ્રમાણે તે શિવકુમાર બાર વર્ષ સુધી છઠ્ઠના પારણે આયંબિલથી પારણું કર્યું. અંતે મરણ પામીને પાંચમા બ્રહ્મ દેવલોકમાં મહા તેજસ્વી ઉત્તમ શરીરવાળા બીજા દેવોથી મહા પ્રતાપી વિદ્યુન્માલી નામે દેવ થયા. ત્યાંથી ચ્યવીને તે જંબૂસ્વામી થઈને મોક્ષે ગયા. એ પ્રમાણે તપનો પ્રભાવ જાણવો.

॥ ઇતિ શિવકુમાર કથા ॥

અવતરણ:—ફરીથી પણ તપનો વિશેષ પ્રભાવ જણાવે છે:—

(पृथ्वी वृत्तम्)

१ ३ ४ २
तपः सकलकर्मभिद्विविधलब्धिकृन्निश्चितं,
६ ८ ७ ९ १० ११
गृहे पुरि च दुर्भगोऽप्यहह नन्दिषेणो द्विजः ।
१२ १३ १४ १५
व्रते शमतपःपरः सुरनरैकवन्द्योऽभवत् ,
१६ २० १९ १७ १८
रविज्वलनतापितः श्रयति दीप्तिमामो घटः ॥ ८७

**કર્મનો સંહાર લબ્ધિ વિવિધ તપથી નિશ્ચયે,**
**દૃષ્ટાંત નંદિષેણ વિપ્ર ઘરે નગરમાં જાણિયે;**
**દુર્ભગ હતો પણ વ્રત તપસ્યા શમ ધરંતા સુરનરે,**
**વંદ્ય હોવે સૂર્ય અગ્નિસંગ ઘટ કાંતિ ધરે. ૮૭**

શ્લોકાર્થ:—તપ નક્કી સઘળાં કર્મોને ભેદનાર અને જુદી જુદી લબ્ધિઓને કરનાર છે. ઘર અને નગરમાં દુર્ભાગી એવો નંદિષેણ નામે બ્રાહ્મણ વ્રતમાં સમતા અને તપમાં તત્પર થએલો દેવ અને મનુષ્યોને વંદનીય થયો. સૂર્ય અને અગ્નિથી તપેલો કાચો ઘડો પણ તેજવંત થાય છે. ૮૭

સ્પષ્ટાર્થ:—તપનું માહાત્મ્ય જણાવતાં કવિશ્રી કહે છે કે તપ સઘળાં કર્મને ભેદનાર છે. એટલે તપ વડે કરીને નિકાચિત કર્મો બાંધેલાં હોય તે પણ નાશ પામે છે. વળી તપ વડે કરીને નક્કી વિવિધ પ્રકારની લબ્ધિઓની પણ પ્રાપ્તિ થાય છે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં કવિશ્રી જણાવે

છે કે નંદિષેણ નામનો બ્રાહ્મણ જે ઘરમાં તેમજ નગરમાં પણ દુર્ભાગી હતો અને જેમણે ઘરનો તથા ગામનો ત્યાગ કરીને સાધુ મહારાજ પાસે દીક્ષા લીધી અને ત્યાર પછી તપ કરીને અનેક પ્રકારનાં પૂર્વ કર્મનો નાશ કર્યો અને અનેક લબ્ધિઓ મેળવી. વ્રતમાં પણ શમતામાં તથા તપમાં એવી આસકિત રાખી કે જેથી મનુષ્ય તેમજ દેવલોકમાં પણ વંદનીય થયા. આ બાબતમાં ઉદાહરણ આપતાં કવિશ્રી જણાવે છે કે માટીનો કાચો ઘડો હોય તે છતાં પણ તે જ્યારે સૂર્યના તાપથી તપીને અગ્નિમાં તપાવાય છે ત્યારે તેજસ્વી થાય છે તેવી રીતે કાચા ઘડા સમાન દુર્ભાગી જીવ પણ તપ રૂપી અગ્નિના તાપથી તપે છે ત્યારે તે પણ કાન્તિવાળો થાય છે. આ પ્રમાણે તપનું માહાત્મ્ય જાણીને તપમાં ઉદ્યમ-વાળા થાઓ. ૮૭

## નંદિષેણની કથા

નન્દિ ગામમાં કોઈ અતિ દુઃખી બ્રાહ્મણ હતો. તેને સોમિલા નામે સ્ત્રી હતી. તેમને નન્દિષેણ નામે પુત્ર થયો. તેની બાલ્યાવસ્થામાં તેના માબાપ મરણ પામ્યા. તે ઘણો કુરૂપવાળો હોવાથી સ્વજનોએ પણ તેનો ત્યાગ કર્યો. તેનો મામો તેને પોતાને ઘેર લઈ ગયો. ત્યાં મામાના ઘરનાં કાર્યો કરતો સુખે રહેવા લાગ્યો. હવે તે જુવાન થયો ત્યારે તેણે મામાને પોતાનો પરણવાનો વિચાર જણાવ્યો. મામાએ કહ્યું કે મારે સાત કન્યાઓ છે તેમાંથી એક તને આપીશ. પિતાનો આ અભિપ્રાય જાણીને તે કન્યાઓએ કહ્યું કે અમે અગ્નિમાં પ્રવેશ કરીએ પણ આની સાથે પરણશું નહિ. તેથી મામાએ તેને કહ્યું કે હવે હું શું કરૂં? તેથી તે નંદિષેણ

મામાને ઘેરથી ચાલી નીકળ્યો. પછી તે વિચારવા લાગ્યો કે મારા કુરૂપપણાને ધિક્કાર થાઓ. કારણ કે સાત કન્યાઓમાંથી કોઈએ પણ મને પસંદ કર્યો નહિ. મરવાની ઈચ્છાથી તે વનમાં ગયો. ત્યાં રહેલા એક મુનિને જોઈને પ્રીતિપૂર્વક નમસ્કાર કર્યો. જ્ઞાનથી તેની મરવાની ઈચ્છા જાણીને મુનિએ તેને કહ્યું કે પૂર્વે કરેલા કર્મોનું ફળ દરેક જીવને ભોગવવું પડે છે. પુણ્ય કરનારને સંપત્તિઓ મળે છે. મુનિના વચનથી બોધ પામીને નંદિષેણે ચારિત્ર ગ્રહણ કર્યું અને એવો અભિગ્રહ ધારણ કર્યો કે મારે છઠને પારણે છઠ કરવો. અને સર્વે સાધુઓને ભક્ત પાનાદિક લાવી આપીને તેમજ ઔષધાદિથી વૈયાવૃત્ય કરીને પછીથી પારણું કરવું.

એક વાર ઈન્દ્રે નંદિષેણની દઢતાની પ્રશંસા કરી, તે નહિ માનતો એક દેવ તેમની પરીક્ષા કરવા આવ્યો. પરીક્ષામાં ઘણી રીતે વિડંબના કરી પરંતુ મુનિ જરા પણ ગુસ્સે થયા નહિ. ત્યારે દેવે પ્રગટ થઈને મુનિની સ્તુતિ કરી પછી સ્વસ્થાને ગયો. નંદિષેણ મુનિએ બાર હજાર વર્ષ ઉગ્ર તપ કર્યું અંતે અનશન કરીને પોતાના દુર્ભાગ્યનું સ્મરણ કરીને એવું નિયાણું કર્યું કે આ તપના પ્રભાવથી હું સ્ત્રીઓને વલ્લભ થાઉં. ત્યાર પછી કાળ કરીને તે મહાશુક્ર દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી શૌરીપુર નગરના રાજા અન્ધકવૃષ્ણિના વસુદેવ નામે દશમા પુત્ર થયા. પૂર્વે કરેલા તપના પ્રભાવથી ગુણવાળા તથા સુન્દર કાન્તિવાળા થયા. પૂર્વે કરેલા નિયાણાને લીધે તેમનું એવું આકર્ષક રૂપ હતું કે જેથી

નગરની સ્ત્રીઓ કામકાજ મૂકીને પણ તેમની આસપાસ ભમતી હતી. તેથી સમુદ્રવિજય રાજાએ તેમને ઘરમાં જ રહેવાની આજ્ઞા કરી હતી. ત્યાર પછી વસુદેવ નગરમાંથી ગુપ્ત રીતે નીકળી ગયા અને વિદ્યાધરોની ૭૨ હજાર કન્યાઓ પરણ્યા. અને પૂર્વ જન્મના તપના પ્રભાવથી દુર્લભ ભોગો મેળવ્યા. એ પ્રમાણે સઘળી લબ્ધિ પમાડનાર તપને જાણીને હે ભવ્ય જીવો! તમો પણ તપમાં આદર કરો.

॥ ઇતિ નંદિષેણ કથા ॥

અવતરણ:—એ પ્રમાણે ૪૨ મું તપોદ્વાર કહ્યું. હવે ૪૩ મું ભવદ્વાર કહે છે:—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

२ ३ ५ ६ ७ ८ ४
दानं वित्तव्ययेनापरयुवतिरतित्यागतः शीललीला,
१० ९ १ ११ १२ १३ १४
नानाहारप्रचारात्तप इह तदहो ह्यपध्यानहीनाः
१५ १६ १७ १८ १६ १९ २०
भावं कुर्वन्तु येनाप्यखिलसुखभृतां वल्कलस्येव मुक्ति–
२२ २३ २१ २४ २९ २५ २७ २८ २६
र्मिष्टास्वादैर्यदि स्यान्ननु तनुपटुता को न कारयेत्तत् ८८

ધનના ખરચથી દાન હોવે પરસ્ત્રીના રાગના,
ત્યાગથી શીલ, તપ વિયોગે જલ અને આહારના;
તેથી હરી દુર્ધ્યાન તે દાનાદિમાં શુભ ભાવના,
હે ભવ્ય જીવો! રાખજો અવદાત વલ્કલચીરિતણા. ૧

**યાદ કરજો ભાવના શુભ ભાવતા તે કેવલી,**
**આરોગ્ય મીઠા ભોજને જો તો ન ખાવે કુણ નહીં;**
**ભાવ શુભ દીલ રાખતા કર્મો તણી બહુ નિર્જરા,**
**ભાવનાથી ભરત ચક્રી હોય ઝટ કેવલધરા. ૨**

**શ્લોકાર્થ**:—આ લોકમાં દાન દ્રવ્યના વ્યયથી, નિર્મલ શીલ પરસ્ત્રીને વિષે પ્રીતિના ત્યાગથી, તપ વિવિધ પ્રકારના આહારના ત્યાગથી થાય છે. તેથી હૃદયમાં દુર્ધ્યાનથી રહિત થઈને ભાવના કરો (ભાવો) જેનાથી સમસ્ત પ્રકારના સુખને ધારણ કરનારાઓમાં વલ્કલચીરિની જેમ મોક્ષ થાય. જો સ્વાદિષ્ટ ભોજનથી શરીરની આરોગ્યતા થતી હોય તો તે કોણ ન કરે? ૮૮

**સ્પષ્ટાર્થ**:—દાન, શીલ અને તપ રૂપી ધર્મ કોઇ પણ જાતનો ભોગ આપ્યા સિવાય થઈ શકતા નથી પરંતુ ભાવનારૂપી ધર્મ તો દરેકના સ્વાધીન છે માટે તે કોણ ન કરે? અથવા તે તો દરેકથી બની શકે તેમ છે તે હકીકત જણાવતાં કહે છે કેઃ—આ લોકમાં દાન ધર્મ દ્રવ્યનો વ્યય કરવાથી થઈ શકે છે. અથવા પોતાનો પસો બીજાને આપે ત્યારે તેનાથી દાનધર્મ થાય. માટે જેણે દાન ધર્મ કરવો હોય તેણે પોતાના દ્રવ્યાદિકનો ભોગ આપવો જોઈએ. વળી શીલધર્મ અન્યની સ્ત્રીને વિષે પ્રીતિનો ત્યાગ કરવાથી થાય છે. માટે તેમાં પણ પોતાના મન ઉપર કાબુ રાખવાની જરૂર પડે છે. તેમજ તપો ધર્મ વિવિધ પ્રકારના આહારનો ત્યાગ કરવાથી થાય છે, અથવા જેણે તપોધર્મ આદર્યો તેણે જીભના સ્વાદનો ત્યાગ

કરવો જોઈએ. માટે દાન, શીલ અને તપ ધર્મ કોઈ પણ જાતના ભોગ આપ્યા સિવાય બની શકતા નથી. પરંતુ જે ભાવધર્મ તે કરવાનું તો દરેકના સ્વાધીન છે. કારણ કે આર્ત-ધ્યાન અને રૌદ્રધ્યાન રૂપી દુર્ધ્યાનનો ત્યાગ કરવાથી ભાવધર્મ બની શકે છે. અથવા તો દુર્ધ્યાનનો ત્યાગ કરીને શુભ ભાવના ભાવવી. જેથી સઘળાં સુખના ભોગવનાર વલ્કલચીરિની જેમ મોક્ષ થાય. જો મિષ્ટ ભોજનથી શરીર નીરોગી રહેતું હોય તો શરીરની નીરોગતા કોણુ ન કરાવે. અથવા તો સઘળા મનુષ્યો તેવી રીતે કરે. આ બાબતમાં વલ્કલચીરિની કથાનો ભાવાર્થ આ પ્રમાણેઃ—

પોતનપુર નગરમાં સોમચન્દ્ર નામના રાજાની ધારિણી નામની રાણી હતી. તેમને પ્રસન્નચંદ્ર નામે પુત્ર હતો. એક વાર માથામાં પળીયા આવેલા જોઈને રાજાએ વૈરાગ્યથી તાપસી દીક્ષા લીધી. તે વખતે રાણી ગર્ભવતી હતી છતાં તે જણાવ્યા વિના તે આશ્રમમાં જઈને રહી. યોગ્ય સમયે પુત્રને જન્મ આપી તે તત્કાળ મરણ પામી. છાલનાં વસ્ત્રથી તેનું શરીર ઢાંકેલું હતું તેથી તે વલ્કલચીરી નામે પ્રસિદ્ધ થયા. વનનાં ફળ વગેરેથી વૃદ્ધિ પામતા તે યુવાવસ્થા પામ્યા. પરંતુ બાલ્યાવસ્થાથી જ આશ્રમમાં રહેલ હોવાથી તે ઘણાજ સરળ હતા અને વ્યવહારને ઓળખતા નહોતા. પિતાની પાસેથી પોતાનો ભાઈ પ્રસન્નચંદ્ર નામે રાજા છે એવું તેણે જાણ્યું. તેથી તે ભાઈની પાસે જવાને આતુર હતો. પ્રસન્નચંદ્રે પણ પોતાના ભાઈને બોલાવી લાવવાને ગણિકાઓને આજ્ઞા કરી. તેઓ પણ તાપસના વેષે ઋષિના આશ્રમે આવીને વલ્કલ-ચીરી જે વ્યવહારમાં બીલકુલ અજાણ હતો તેને સમજાવીને

પ્રસન્નચંદ્ર પાસે લાવી. પ્રસન્નચંદ્રે તેને વિદ્વાનોની સોબતથી થોડાજ વખતમાં વ્યવહારમાં કુશળ બનાવ્યો. અને તેને યુવરાજ બનાવી રાજપુત્રીઓ પરણાવી. બાર વર્ષ પછી વલ્કલચીરીને પોતાના પિતાનું સ્મરણ થયું. પોતે સંયમી પિતાનો ત્યાગ કર્યો તેથી અકૃતાર્થ અને અધન્ય છે એમ માની પ્રસન્નચંદ્રને કહ્યું કે કાલે હું પિતાને પ્રણામ કર્યાં પછી ભોજન કરીશ. માટે મને પિતા પાસે જવાની રજા આપો. તે વખતે તે બંને ભાઈઓ તપોવનમાં ગયા અને પિતાને આનંદથી પ્રણામ કર્યો. ત્યાં પોતાના તાપસના ઉપકરણોને પડિલેહણ કરતાં પોતે પહેલાં આમ કર્યું છે એમ વિચારતાં જાતિસ્મરણ જ્ઞાન થયું, તેથી પોતે પૂર્વ ભવમાં દીક્ષા લીધી હતી અને મરીને દેવ થયા અને ત્યાંથી ચ્યવીને સમકિત વિના અહીં ઉત્પન્ન થયા છે એમ જાણી વિચાર કરવા લાગ્યા કે મને ધિક્કાર થાઓ. કારણ કે સમકિત વિના આ મનુષ્ય જન્મ હું ફોગટ હારી જાઉં છું. આવી ભાવનામાં તેમણે સાચા ચારિત્રને જાણ્યું. તેથી દશ પ્રકારનો ધર્મ જાણીને સંવેગ પામ્યા. અને ભાવનામાં ને ભાવનામાં ધ્યાનરૂપી અગ્નિથી ઘાતી કર્મરૂપી કાષ્ઠને બાળીને કેવલજ્ઞાન પામ્યા. દેવોએ સુવર્ણ કમલની રચના કરી તેના ઉપર બેસી વલ્કલચીરિ કેવલી ધર્મના ઉપદેશ દેવા લાગ્યા. તેથી બોધ પામીને સોમ ઋષિ તથા પ્રસન્નચંદ્ર રાજાએ જૈન ધર્મનો આશ્રય કર્યો. આ પ્રમાણે વલ્કલચિરીએ ફક્ત ભાવના વડે કેવલજ્ઞાન મેળવ્યું.

॥ ઈતિ વલ્કલચિરી કથા ॥

અવતરણ:—ફરીથી પણ ભાવના પ્રભાવને જણાવે છે:–

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

१ २ ४ ३ ८ ६ ७
यो दानं न ददौ कथैव न तपः शीलार्हदर्चागमे,
५ ६ १० ११ १४ १२ ११
यस्यानार्ययुजोऽत्र केवलमभूद्भावादिलानन्दने ।
१५ १६ १८ २० १९ २१
स्वर्णादौ ज्वलनेन वह्निदृषदोर्बाढं मिथो घट्टनै-
२२ २३ २१ २४ २६ १७
रादर्शे रविणा महौषधिवने किन्तु स्वभावेन भा ८९

ઇલા પુત્ર ન દાન દેતા તપ ન શીલ પૂજા કરે,
નીચ સંગે શ્રુત સુણે ના ભાવથી કેવલ વરે;
અગ્નિથી સ્વર્ણાદિમાં કાંતિ પરસ્પર ઘર્ષણે,
અગ્નિના પાષાણ માંહે તેજ હોય પ્રકટપણે. ૧

સૂર્ય તેજે ચાટલામા કાંતિ સહજ સ્વભાવથી,
પણ ઔષધિનાવન વિષે તિમ ભવ્યનેજ સ્વભાવથી;
ભાવ શુદ્ધ હૃદયેજ પ્રકટે બંધમાં શૂર જે નરા,
કર્મ બેડી તોડવામાં હોય શૂરવીર તે નરા.

શ્લોકાર્થઃ—જેણે દાન આપ્યું નથી, જેણે અનાર્ય લોક સાથે જોડાવાથી તપ કર્યું નથી, શીલ પાળ્યું નથી, અરિહંતની પૂજા કરી નથી તેમજ શાસ્ત્રનું શ્રવણ કર્યું નથી એવા ઇલાપુત્રને ભાવને લીધે જ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. દૃષ્ટાંત કહે છે કે સુવર્ણ વગેરેમાં અગ્નિથી કાન્તિ ઉત્પન્ન થાય છે, પરસ્પર ઘસારાથી અગ્નિના પાષાણમાં કાંતિ ઉત્પન્ન થાય છે,

દર્પણમાં સૂર્યથી કાન્તિ ઉત્પન્ન થાય છે, પરંતુ મહા ઔષધિના વનને વિષે સ્વભાવથીજ કાન્તિ ઉત્પન્ન થાય છે. ૮૯

સ્પષ્ટાર્થ:—ફક્ત ભાવનાથી પણ કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે તે વાત જણાવતાં કહે છે કે ઇલાપુત્ર જેમણે ચાર પ્રકારના ધર્મમાંથી દાનધર્મ કર્યો નહોતો અથવા કોઇને દાન આપ્યું નહોતું, વળી અનાર્ય લોક (નટ લોકો) સાથે જોડાવાથી તપ પણ આચર્યો નહોતો. અથવા કોઇ પણ પ્રકારનું તપ કર્યું નહોતું. કારણ કે નટીને વિષે આસક્ત થવાથી પોતાના કુલનો પણ ત્યાગ કરીને તે નટ લોકોની સાથે જ ફરીને લોકોને નાટક દેખાડતા હતા એટલે તેમણે કોઇ જાતનો તપ કર્યો નહોતો. વળી શીયલ પણ પાળ્યું નહોતું કારણ કે નટી ઉપર આસક્ત થવાથી તો પોતાના કુળનો ત્યાગ કર્યો હતો. અરિહંતની પૂજા કરી નહોતી તેમજ શાસ્ત્રનું શ્રવણ તો ક્યાંથી જ કર્યું હોય ? અથવા શાસ્ત્રનો ઉપદેશ સાંભળ્યો નહોતો છતાં પણ એક ઉત્તમ ભાવનાને લીધે જ તેમણે કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું. કારણ કે શુભ ભાવનામાં આરૂઢ થવાથી નાટક કરતાં કરતાં જ ક્ષપકશ્રેણિમાં ચઢીને કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. કહેવાનો સાર એ છે કે શુભ ધ્યાન જે શુકલ ધ્યાન તેમાં જ્યારે જીવ વર્તતો હોય છે તે વખતે તેનાં ઘાતી કર્મોનો ઘણો ક્ષય થઈ જાય છે અને તેથી ઘાતી કર્મો સંપૂર્ણ નાશ પામે એટલે કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે. અહીં ઉદાહરણ આપતાં જણાવે છે કે સુવર્ણ વગેરેમાં અગ્નિના તાપથી તેજ અથવા કાન્તિ જણાય છે. અગ્નિના પત્થરમાં એટલે જે પત્થરોને પરસ્પર ઘસવાથી અગ્નિ ઉત્પન્ન થાય છે અથવા

જેને ચકમક કહે છે તેમાં પરસ્પર ઘસવાથી તેજ જણાય છે. અરિસામાં સૂર્ય વડે તેજ થાય છે, અથવા આ બધાને જેમ બીજી અપેક્ષાની જરૂર રહે છે તેવી જ રીતે દાન, શીલ, અને તપ ભાવપૂર્વક હોય તોજ સિદ્ધિ થાય છે પરંતુ મહા ઔષધિના વનમાં જેમ સ્વભાવથી જ પ્રકાશ હોય છે તેવી રીતે એકલા ભાવથી પણ કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. માટે ચાર પ્રકારના ધર્મમાંથી પ્રથમના ત્રણ ધર્મો જો બની શકે નહિ તો પણ ચોથા ભાવના ધર્મનો અવશ્ય આદર કરવો. ૮૫

## ઈલા પુત્રની કથાઃ—

ઇલાવર્ધન નામના પુરમાં ઇલા નામે શેઠ હતા. તેમને ઈલાપુત્ર નામે પ્રસિદ્ધ પુત્ર હતો. તે એકવાર બહારના ઉદ્યાનમાં ક્રીડા કરવાને ગયા. ત્યારે ત્યાં નૃત્ય કરતી રૂપવાળી નટ કન્યાને જોઈને તેના ઉપર મોહિત થવાથી નટોની પાસે દ્રવ્ય લઈને તેને આપવાની માગણી કરી. પરંતુ નટોએ કહ્યું કે જો તમો અમારી સાથે રહી અમારી કળા શીખો તો તમને તે કન્યા પરણાવીએ. ત્યારે કામાતુર બનેલા તે ઈલાપુત્રે કુલ શીલ તથા લજ્જાનો ત્યાગ કરીને તે નટોની સાથે ફરવા લાગ્યો. અને થોડા વખતમાં તેમની કલામાં ઘણો હોંશિયાર થયો. નટોની સાથે ફરતો ફરતો તે બેન્નાતટ નગરે ગયો. મુખ્ય નટે કહ્યું કે લગ્ન માટે પૈસા કમાઈ લાવો. તેથી તે સર્વે નટોને લઈને રાજા પાસે ગયો. રાજા તથા રાણી ગોખમાં બેઠા છે તે વખતે એક ઉંચો વાંસ ત્યાં રોપીને પાદુકા પહેરીને તેના ઉપર ઈલાપુત્ર ચઢયો અને ત્યાં વિવિધ પ્રકારનાં

નૃત્ય કરવા લાગ્યો. નટડી તે વખતે નીચે ઉભી રહીને ઢોલક વગાડે છે. પરંતુ નટડીને જોવાથી આસક્ત થએલો રાજા નટને કાંઇ આપતો નથી, પણ મનમાં એવું વિચારે છે કે જો નટ વાંસ ઉપરથી પડે તો આ નટી મારી થાય. દાન નહિ મળવાથી ઇલાપુત્ર ફરીથી નૃત્ય કરે છે એ પ્રમાણે ત્રણ વખત નૃત્ય કરવા છતાં રાજાએ દાન આપ્યું નહિ. ત્યારે ચોથી વખતે તે નૃત્ય કરવા વાંસ ઉપર ચઢયો. રાજાએ દાન નહિ આપવાથી ખિન્ન મનવાળા તેણે વાંસ ઉપર રહ્યા થકા કોઇક શેઠના ઘેર સ્ત્રીઓ વડે પ્રતિલાભીને વંદન કરાતા કોઇક મુનિને જોયા. તે મુનિને જોઈને તે વિચારવા લાગ્યા કે આ મુનિને ધન્ય છે જેમને સ્ત્રીઓ પણ ક્ષોભ પમાડી શકતી નથી. અને હું અજ્ઞાની ઉત્તમ કુલ છોડીને નીચની કન્યાને વિષે રાગવાળો થયો છું. લજ્જાનો પણ ત્યાગ કર્યો છે, માટે મને ધિક્કાર થાઓ. આ પ્રમાણે પોતાની નિંદા કરતા વિષયથી વિરક્ત થએલા તે ઇલાપુત્રને ક્ષપક શ્રેણિથી ઘાતી કર્મનો ક્ષય થવાથી કેવલ જ્ઞાન ઉત્પન્ન થયું. વાંસથી ઉતરીને દેવતાએ આપેલા સાધુલિંગને ધારણ કરીને સુવર્ણ કમલ ઉપર બેસીને ભવ્ય જીવોને બોધ કરવા લાગ્યા. રાજાએ તેમને નટી ઉપર રાગ થવાનું કારણ પૂછયું, ત્યારે મુનિએ પોતાનો પૂર્વ ભવ કહ્યો. તે સાંભળીને નટીને તથા રાજા અને રાણીને પણ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. આ પ્રમાણે અહીં ફક્ત ભાવથી કેવલજ્ઞાનની ઉત્પત્તિ જાણીને તમો પણ ભાવને વિષે આદર કરો.

॥ ઇતિ ઇલાપુત્ર કથા ॥

અવતરણ:—એ પ્રમાણે દાન વગેરે ચારે પ્રકારના ધર્મનું સ્વરૂપ કહીને હવે સર્વ ધર્મનો પ્રભાવ જણાવે છે:—

( स्रग्धरावृत्तम् )

४ ५ ५ १
मातुर्गर्भावतारे चतुरधिकदशस्वप्नसंसूचितौ मा-
७ २ ६ ८ ९ १० ११ १२
ग्जातौ यावेकरात्रावजितसगरयोः पुण्ययोः पश्य जातिम् ।
१४ १५ १६ १७
आगर्भोत्पादमिन्द्रैरसुरसुरनरैः सेवनीयस्त्रिलोकी ;
१९ १३ २५ २२ २१ २० २४ २३
नाथोऽर्हन्नेक आसीद्भरतनृपततोऽन्यश्च चक्री द्वितीयः ९०

ગર્ભમાં જનની તણા એક રાતમાં જે આવિયા,
બેઉ કેરી જનનીએ સ્વપ્નોજ ચૌદે નિરખિયા;
અજિત સગર તણોજ ધાર્મિક પુણ્યભેદ તપાસિયે,
ચ્યવનથી સુર સેવ્ય બીજા તીર્થપતિને વંદિયે.—૧

બીજા સગર ચક્રીશ, જેને સકલ રાજાઓ નમ્યા,
ભરતક્ષેત્ર તણા સુધર્મે તીર્થપતિ ચક્રી થયા;
ધર્મ કેરી સાધનામાં ભેદ કારણ ભાવના,
અન્ય પણ કારણ ઘણા જે ભેદ પાડે પુણ્યના.—૨

શ્લોકાર્થ:—પ્રથમ ચૌદ સ્વપ્નથી સંસૂચિત થઈ માતાના ગર્ભમાં ઉતર્યા. પછી એક રાત્રીએ જન્મેલા અજીતનાથ અને સગર ચક્રવર્તીની પુણ્યની જાતિ જુઓ. તેમાંથી એક (અજીત-

નાથ ) ગર્ભમાં ઉત્પન્ન થયા ત્યારથી ઇંદ્રો, દેવ, અસુર અને મનુષ્યોથી સેવા કરવા યોગ્ય ત્રણ લોકના નાથ અરિહંત થયા અને બીજા ભરતખંડના રાજાઓથી નમાએલા બીજા ચક્રવર્તી થયા. ૯૦

**સ્પષ્ટાર્થ**:—પૂર્વના પુણ્યનો મહિમા જણાવતાં કહે છે કે ચૌદ સ્વપ્નથી સૂચિત એવા શ્રી અજિતનાથ તથા સગર નામના ચક્રવર્તી માતાની કુક્ષિમાં આવ્યા. ત્યાર પછી બંને એક જ રાત્રિએ જન્મ્યા. તેઓની પુણ્યની ભદ્ર ( શુભ ) જાતિ જુઓ. માતા સ્વપ્નમાં ચૌદ સ્વપ્ન જુએ તેના પુત્ર તીર્થંકર થાય અથવા તો ચક્રવર્તી થાય. બંનેના પુણ્યની શુભ જાતિ જણાવતાં કહે છે કે તેમાંના પહેલા અજીતનાથ ગર્ભમાં ઉત્પન્ન થયા ત્યારથી તેમના પુણ્ય પ્રભાવથી ઇંદ્રો, દેવો, અસુરો તથા મનુષ્યો તેમની સેવા કરતા હતા. તેમજ તેઓ સ્વર્ગ મૃત્યુ અને પાતાળ એ ત્રણ લોકના નાથ, અરિહંત એટલે તીર્થંકર થયા. તેમજ બીજા ભરતખંડના છ ખંડના રાજાઓથી નમાએલા સગર નામના બીજા ચક્રવર્તી થયા.

**અજીત સાગરનો સંબંધ આ પ્રમાણે:—**

અયોધ્યામાં જીતશત્રુ નામે રાજાની વિજયા રાણીની કુક્ષિમાં દેવલોકથી ચ્યવીને ચૌદ સ્વપ્નથી સૂચિત બીજા શ્રી અજિતનાથ જ્યારે આવ્યા ત્યારે તેમના પુણ્યથી ખેંચાએલા ઘણા દેવો તેમની સેવા કરવા લાગ્યા. પહેલાં રાજા રાણી જ્યારે રમતાં ત્યારે રાણી હારતી અને રાજા જીતતા. પરંતુ તીર્થંકર જ્યારે ગર્ભમાં ઉપન્યા ત્યારથી રાણી રમતમાં જીતવા

લાગી અને રાજા હારવા લાગ્યા. તેથી પ્રભુ જન્મ્યા ત્યારે રાજાએ તેમનું અજિત એવું નામ પાડ્યું. અનુક્રમે યૌવન પામી ઘણી રાજકન્યા પરણ્યા. લાંબો કાળ રાજ્ય પાળી દીક્ષા લઈ કેવળજ્ઞાન પામ્યા. છેવટે સમ્મેતશિખર ઉપર જઈને સમસ્ત કર્મનો ક્ષય કરી બીજા શ્રીઅજિતનાથ મોક્ષે ગયા.

વિનીતા નગરીમાં સુમિત્ર નામના રાજાની યશોમતી રાણીએ ચૌદ સ્વપ્ન સૂચિત સગર નામે પુત્રને જન્મ આપ્યો. અનુક્રમે યૌવન પામી ચક્રરત્ન મેળવી ભરતખંડના છ ખંડના રાજાઓને વશ કરી બીજા ચક્રવર્તી થયા. ત્યાર પછી રાજ્યનો ત્યાગ કરી દીક્ષા લઈને મોક્ષે ગયા.

॥ ઈતિ અજીત સગર સંબંધ ॥

અવતરણ:—ફરીથી ધર્મના ફલને બીજા પ્રકારે જણાવે છે:—

॥ स्रग्धरावृत्तम् ॥

३ २ ४ ५ १
तुल्यं तीर्थाधिपत्यं बलमपि सदृशं सर्वतीर्थंकराणां,
६ ७ १२ ८ ९ १० ११
किन्तु श्रीमल्लिनाथः मथयति सुकृतैः किञ्चिदाश्चर्यमुच्चैः।
१४ १३ १६ १५ २० १९ १७ १८
पूर्वाह्ने यस्य जज्ञे व्रतमपि सुलभं केवलं चापराह्ने,
२६ २१ २२ २३ २४ २७ २५
ज्ञानं नाभेयवीरप्रभृतिजिनपतेरप्यभूद्यच्चिरेण ॥ ९१

તીર્થપતિતા તેમ બલ સવિ તીર્થપતિના સમ કહ્યા,
પ્રબલ પુણ્યે મલ્લિ પ્રભુ આશ્ચર્ય ઉપજાવી ગયા;

**દીક્ષા દિને પ્હેલા પ્રહરમાં અંત્ય પ્હોરે કેવલી;**
**શ્રી આદિ વીર દીક્ષા સમયથી દીર્ઘ કાળે કેવલી. ૯૧**

**શ્લોકાર્થ**:-સર્વે તીર્થંકરોમાં તીર્થાધિપતિપણું અથવા તીર્થંકરપણું તુલ્ય હતું તેમજ બલ પણ સરખુ હતું. પરંતુ શ્રીમલ્લીનાથ નામના ઓગણીસમા તીર્થંકર પોતાના પુણ્ય વડે કાંઈક આશ્ચર્યને અતિશયપણે વિસ્તારે છે, કારણ કે જેમણે પૂર્વાહ્નમાં દીક્ષા લીધી અને અપરાહ્નમાં સહેલાઈથી કેવલજ્ઞાન મેળવ્યું. પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવ અને છેલ્લા તીર્થંકર શ્રીમહાવીર સ્વામી વગેરેને પણ ( દીક્ષા લીધા પછી ) લાંબા વખતે કેવલજ્ઞાન થયું હતું. ૯૧

**સ્પષ્ટાર્થ**:—બધા તીર્થંકરોમાં તીર્થંકરપણું તો સમાન હતું. અથવા આ ચોવીસીમાં ૨૪ તીર્થંકરો આ ભરતક્ષેત્રમાં થયા, પરંતુ તે સઘળાંની તીર્થંકર પદવી સમાન હતી. વળી તેમનું બળ પણ સમાન હતું. પરંતુ શ્રીમલ્લીનાથ નામના ઓગણીસમા તીર્થંકરનું પુણ્ય કાંઈક આશ્ચર્યકારક હતું. કારણ કે તેમણે દિવસના પહેલા ભાગમાં ચારિત્ર ગ્રહણ કર્યું. અને તેજ દિવસના પાછલા પહોરમાં તેમને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. બીજા કોઈ તીર્થંકરને દીક્ષા લીધા પછી આટલું જલદી કેવલજ્ઞાન થયું નથી, કારણ કે નાભેય એટલે નાભિરાજાના પુત્ર પહેલા તીર્થંકર શ્રીઋષભદેવને દીક્ષા લીધા પછી ઘણા વર્ષે કેવલજ્ઞાન થયું. છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીને પણ દીક્ષા લીધા પછી બાર વર્ષે કેવલજ્ઞાન પ્રાપ્ત થયું; બીજા તીર્થંકરોમાંથી પણ કોઈને આટલું જલદી કેવલજ્ઞાન

થયું નથી. તથી કવિશ્રી જણાવે છે કે શ્રીમલ્લીનાથના આ કોઈ અપૂર્વ પુણ્યનો પ્રભાવ હતો કે જેથી તેમને આટલું જલદીથી કેવલજ્ઞાન થયું. અથવા તો દીક્ષા લીધી તે વખતે તેમને ઘાતી કર્મ ક્ષય કરવાનાં થોડાંજ બાકી રહ્યા હતા. આ પ્રમાણે મલ્લીનાથને વહેલું કેવલજ્ઞાન થયું તેમાં તેમણે પૂર્વ ભવમાં કરેલા ધર્મનોજ પ્રભાવ હતો. આ બાબતમાં મલ્લીનાથનું સ્વરુપ જણાવનારી કથા અન્ય ગ્રંથોમાંથી જાણી લેવી.

**અવતરણ:**—એ પ્રમાણે ચોત્રીસમું ધર્મપ્રભાવ નામનું દ્વાર કહ્યું. હવે સામાન્યથી પાંચ વિષય સંબંધી દુરન્તતા જણાવે છે:—

॥ स्रग्धरावृत्तम् ॥

४ ३ २ ५ ६ १ ७
**श्रुत्वाऽऽह्वानं स्त्रियस्तामनुसरति रसो हंसकोन्नादपादे-**
९ ८ १० ११
**नाशोकः स्पृष्टमात्रस्तिलककुरुबकौ चुम्बनालिङ्गनाभ्याम्**
१४ १२ १३ १५ १८
**पुष्पेद्वक्त्राब्जवासाधिकरससुरया केसरश्चेद्विकारो,**
१७ १६ १९ २१ २० २५ २४ २३ २२
**ऽप्येषां तत्सत्यकीवाधिकविषयरतिर्यातु नो किं भवार्तिम् ९२**

નારની પાછળ ધસે પારો અહીં બોલાવતા,
શબ્દ કરતા ઝાંઝરોથી યુક્ત પગથી સ્પર્શતા;
હોવે અશોક પ્રફુલ્લ સ્રીના ચુંબનેજ તિલક ફલે,
આલિંગને કુરૂબક ફલે સ્રીના સુરાના કોગળે. ૧

કેશરતરૂ હોવે પ્રફુલ્લિત એમ એકેન્દ્રિય ગણે,
પણ વિકારો દીસતા માનવ વિકારી દુઃખને;
કિમ લહે ના સત્યકી વિદ્યાધરે બહુ દુઃખ સહ્યા,
વિષય છંડી ધર્મસાધક કેવલી મોક્ષે ગયા. ૨

શ્લોકાર્થઃ—પારો સ્ત્રીના આમંત્રણના શબ્દને સાંભળીને તેને અનુસરે છે. અશોકવૃક્ષ સ્ત્રીના શબ્દ કરતા ઝાંઝરવાળા પગથી સ્પર્શ કરાવાથી પુષ્પિત થાય છે. તિલકવૃક્ષ સ્ત્રીના ચુમ્બનથી અને કુરૂબક વૃક્ષ સ્ત્રીના આલિંગનથી પુષ્પિત થાય છે. અને કેસર નામનું વૃક્ષ સ્ત્રીના મુખ રૂપી કમળથી અધિક સુવાસિત મદિરાના કોગળાથી પ્રફૂલ્લિત થાય છે. જો આ (વૃક્ષો)માં પણ વિકાર રહેલો છે તો સત્યકી નામના વિદ્યાધરની જેમ વિષયમાં અધિક પ્રીતિવાળા (પંચેન્દ્રિયો) સંસારની પીડાને શું ન પામે? અર્થાત્ પામે જ. ૯૨

સ્પષ્ટાર્થઃ—એકેન્દ્રિય કે જેનામાં ઘણું જ અસ્પષ્ટ ચૈતન્ય રહેલું છે તેમાં પણ વિષય લંપટપણું રહેલું છે તે જણાવતાં કવિશ્રી કહે છે કે પારો સ્ત્રીના આમન્ત્રણ શબ્દને સાંભળીને તે સ્ત્રીને અનુસરે છે તે પારામાં શબ્દના વિષય લંપટપણાને જણાવે છે. પ્રબલ શબ્દ કરતા ઝાંઝરવાળા સ્ત્રીના પગથી તાડન કરાએલો અશોકવૃક્ષ પુષ્પવાળો થાય છે તે તેનામાં રહેલા સ્પર્શ લંપટપણાને જણાવે છે. તિલક નામનું વૃક્ષ ચુમ્બન વડે તથા કુરૂબક નામનું વૃક્ષ આલિંગન વડે પુષ્પવાળાં થાય છે. વળી કેસર નામનું વૃક્ષ સ્ત્રીના મુખ રૂપી કમળથી અધિક રસવાળા મદિરાથી પ્રફૂલ્લિત થાય છે

તે તેની ગંધની લોલુપતા જણાવે છે. આ પ્રમાણે પારો તથા વૃક્ષ જે એકેન્દ્રિય જીવો છે તેનામાં પણ વિકાર રહેલો જણાય છે તો પછી સત્યકી વિદ્યાધરની પેઠે જે પંચેન્દ્રિયો વિષય વાસનામાં અધિક પ્રીતિવાળા છે તેઓ સંસારની પીડાને પામે તેમાં શું આશ્ચર્ય છે. માટે કહેવાનો સાર એ છે કે જેઓ પોતાની ઈન્દ્રિયોના વિષયમાં આસક્ત થતા નથી પરંતુ ઈન્દ્રિયોને પોતાને સ્વાધીન બનાવે છે તેઓની આ ભવની પીડાઓ નાશ પામે છે. માટે ઈન્દ્રિયોને વશ રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ. ૯૨

## ॥ સત્યકીની કથા ॥

ચેડા રાજાની સુજ્યેષ્ઠા નામની પુત્રી જે શ્રેણિક રાજા સાથે પરણવાની હતી, પરંતુ આભૂષણનો ડબો ભૂલી જવાથી લેવા લઈ તે વખતે તેની બેન ચેલ્લણાને લઈને શ્રેણિક રાજા ચાલ્યા ગયા તેથી સુજ્યેષ્ઠાએ વૈરાગ્ય ભાવથી દીક્ષા લીધી. પેઢાલ નામનો વિદ્યાધર એક વખત ચેલ્લણાને જોઈને મોહિત થયો તેથી ભ્રમરના રૂપે સુજ્યેષ્ઠાનું સેવન કર્યું જેથી સુજ્યેષ્ઠા ગર્ભવતી થઈ. તેનો પુત્ર સત્યકી થયો. પેઢાલ વિદ્યાધરે તેને ઘણી વિદ્યાઓ શીખવી તેથી તે ઘણો બળવાન થયો. વિદ્યાના બળથી તેણે ઘણા રાજાઓને જીત્યા. તેના પિતા પેઢાલને તેણે મારી નાખ્યો. કારણ કે તેણે સાધ્વીના શીલનું ખંડન કર્યું. જિનેશ્વર ઉપરની ભક્તિથી તે જિનાલયમાં ત્રણ કાલ જિનપૂજા તથા નૃત્ય વગેરે કરતો હોવાથી તેણે તીર્થંકર નામ કર્મ બાંધ્યું. પરંતુ વિદ્યાના જોરથી

ગર્વિષ્ઠ બનેલો તે અન્ય સ્ત્રીઓના શીલવ્રતને ખંડિત કરવા લાગ્યો. એક વાર ચંડપ્રદ્યોતન રાજાની શિવા નામની પટરાણી સિવાય સર્વના શીલનું ખંડન કર્યું. ચંડપ્રદ્યોતને આ વાત જાણી. તેથી કોપેલા ચંડપ્રદ્યોતન રાજાએ સભામાં આ સત્યકીનો કોણ નાશ કરે એમ કહ્યું ત્યારે ઉમા નામની વેશ્યાએ તેનો વધ કરવાનું બીડું ઝડપ્યું. પોતાને ઘેર આવેલા તે સત્યકીને તેણે મધુર વચનો વડે વશ કર્યો. અને તેને વિષે અત્યંત આસક્ત થવાથી તે તેને ઘેર હંમેશ આવવા લાગ્યો. અને તેથી બીજી સ્ત્રીઓનો ત્યાગ કર્યો. એક વાર વેશ્યાએ સત્યકીને પૂછ્યું કે વિદ્યાઓ હંમેશાં તેની પાસેજ રહે છે કે તેને છોડી જાય છે? અત્યંત વિશ્વાસ બેઠો હોવાથી તેણે કહ્યું કે સુરત ક્રીડાના સમયે વિદ્યાઓ હોતી નથી. આ વાત તેણે રાજાને જણાવી. રાજાએ પણ ગુપ્ત માણસો પાસે સુરતક્રીડા કરતાં તે બંનેને મારી નખાવ્યા. સત્યકી વેશ્યામાં આસક્ત થઈને મરીને દુર્ગતિમાં ગયો. માટે વિષયોનો ત્યાગ કરવો.

॥ ઇતિ સત્યકી કથા ॥

અવતરણ:—વળી આ કામદેવ રૂપી ધૂતારો પ્રાણીઓને કેવી રીતે ઠગે છે તે જણાવે છે:—

॥ स्रग्धरावृत्तम् ॥

१ २ ३ ४
संसारारण्यमध्ये मधुरसुखकद्रुमान्तभृत्कामधूर्तो,
५ ७ ६ ९ ८ १०
मूढान्दक्षांश्च तत्तत्सुखलवभजनैः प्राणिनो विप्रतार्य ।

१२ ११ १६ १५ १३ १४
हृत्वा तत्पुण्यवित्तं गमयति कुगतिं ब्रह्मदत्तं यथा त–
१८ १९ २३ २४ १७ २० २१ २२
त्पूर्वभ्रातेव धीरः शिवमटति पुनस्तं तपोस्त्रेण भित्त्वा ९३

સંસાર રૂપ અટવી વિષે આ કામ ધૂતારો ફરે,
આરંભમાં મીઠો જરી હેરાન બહુ અંતે કરે;
ભોગ લાલચ દેઈને તે છેતરે ડાહ્યા અને
મૂર્ખ જનને ચોરી લેતા પુણ્ય રૂપી દ્રવ્યને. ૧

બ્રહ્મદત્ત તણી પરે તે ઝટ પમાડે દુર્ગતિ,
પણ ભાઈ તેના પૂર્વ ભવના જે તપસ્વી મુનિપતિ;
તપશસ્ત્રથી તે કામને હણતા લહે ઝટ મુક્તિને,
ભોગ તૃષ્ણા પરિહરીને પામજો થીર શાંતિને. ૨

**શ્લોકાર્થ:**—સંસાર રૂપી વનને વિષે શરૂઆતમાં મધુર અને અંતે કડવો (દુઃખદાયી) કામદેવ રૂપી ધૂતારો ડાહ્યા તેમજ મૂર્ખ (સઘળા) પ્રાણીઓને તે તે સુખના ભોગનો લેશ આપીને છેતરીને તેમના પુણ્ય રૂપી ધનને હરણ કરીને બ્રહ્મદત્ત ચક્રવર્તીની પેઠે નરકગતિમાં પહોંચાડે છે. પરંતુ તે બ્રહ્મદત્તના પૂર્વભવના ભાઈના જેવો જે ધીર પુરૂષ હોય છે તે તે કામરૂપી ધૂતારાને તપ રૂપી અસ્ત્ર વડે ભેદીને મોક્ષમાં જાય છે. ૯૩.

**સ્પષ્ટાર્થ:**—કવિશ્રી કામદેવને ધૂતારાની ઉપમા આપી જેમ ધૂતારો યુક્તિથી બીજાઓને છેતરે છે તેમ આ કામદેવ રૂપી ધૂતારો પણ કેવી રીતે છેતરે છે તે જણાવતાં કહે છે.

કે, જેમ વનમાં ધૂતારો મોઢેથી મીઠું મીઠું બોલે છે પરંતુ તેના વિશ્વાસે રહેનારને છેવટે છેતરે છે તેમ આ સંસાર રૂપી વનમાં શરૂઆતમાં મધુર અને અંતે દુઃખદાયી એવો કામદેવ રૂપી ધૂતારો પણ ડાહ્યા તેમજ મૂર્ખ બંને પ્રકારના પ્રાણીઓને સુખના ભોગનો લેશ આપીને છેતરે છે. કારણ કે વિષય સુખમાં વાસ્તવિક સુખ નથી તે છતાં તેમાં સુખ માનીને તેમાં આસક્ત થનારા જીવોને તે સહેજ ( ભોગવે ત્યાં સુધીજ સુખ લાગતું હોવાથી ) સુખ આપીને છેતરે છે. એટલે કે તેમને વિષયમાં આસક્ત બનાવીને તેમના પુણ્ય રૂપી ધનને હરી લે છે અથવા તેમના પુણ્યનો નાશ કરે છે. દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે તેણે બ્રહ્મદત્ત ચક્રવર્તીને વિષયમાં આસક્ત બનાવીને નરક ગતિને પ્રાપ્ત કરાવી છે. માટે ભોગ ભોગવતાં શરૂઆતમાં મીઠા લાગે પરંતુ પરિણામે નરકાદિ દુર્ગતિની પ્રાપ્તિ કરાવે માટે અંતે દુઃખદાયી જાણવા. પરંતુ બ્રહ્મદત્તના પૂર્વભવના ભાઇની પેઠે જેઓ ધીર છે, તેઓ તો તે કામદેવને વશ થવાને બદલે તેને તપરૂપી અસ્ત્રથી ભેદીને મોક્ષમાં જાય છે. કહેવાનો સાર એ છે કે આ કામદેવ રૂપી ધૂતારાને તપ રૂપી અસ્ત્ર વડે જીતી શકાય છે, માટે દરેક જણે તે કામદેવને જીતવાને યત્ન કરવો જોઇએ. ૯૩

## ॥ બ્રહ્મદત્ત ચક્રીની કથા ॥

પૂર્વ ભવમાં કાશી નગરમાં ભૂતદત્ત નામના ચંડાલના ચિત્ર અને સંભૂતિ નામના બે ભાઇઓ હતા. તેઓ ગાયન કળામાં અત્યંત કુશળ હતા તેથી જ્યારે ગાયન કરતા કરતા

શહેરમાં ફરવા નીકળતા ત્યારે તેમના ગાયનથી આકર્ષાઈને બીજા લોકો તેમની પાછળ ભમતા હતા, તેથી રાજાએ તેમને નગરમાં પેસવાનો નિષેધ કર્યો. તે છતાં તેઓ રાજાની આજ્ઞા અવગણીને નગરમાં આવી ગાયન ગાવા લાગ્યા. લોકોએ તેમને ઓળખ્યા. અને લાકડી વગેરેથી મારીને નગર બહાર કાઢી મૂકયા. તેથી બંને ભાઈઓએ વૈરાગ્ય પામીને દીક્ષા લીધી. અને અત્યંત ઉગ્ર તપ કર્યું. એક વાર ચક્રવર્તી સ્ત્રી સહિત વંદન કરવા આવ્યાં. તે વખતે ચક્રવર્તીની સ્ત્રી સુનંદાના સ્પર્શથી સંભૂતિ મુનિએ એવું નિયાણું કર્યું કે હું આ તપના પ્રભાવથી ચક્રવર્તી થાઉં. ચિત્ર મુનિએ તેમને ઘણા સમજાવ્યા તો પણ તેમણે નિયાણાનો ત્યાગ કર્યો નહિ. અંતે મરણ પામીને બંને સૌધર્મ દેવલોકમાં દેવ થયા. ત્યાંથી ચ્યવીને ચિત્ર મુનિનો જીવ એક શેઠને ત્યાં ઉપજ્યો. અને તેમણે દીક્ષા લીધી. બીજા સંભૂતિ મુનિના જીવ સૌધર્મથી ચ્યવીને બ્રહ્મ રાજાની ચુલની રાણીની કુક્ષિએ પૂર્વ ભવમાં કરેલા નિયાણાથી બ્રહ્મદત્ત નામના બારમા ચક્રી થયા. અનેક પ્રકારના ચક્રવર્તીના ભોગો ભોગવ્યા. પૂર્વના એક બ્રાહ્મણ મિત્રે તેમના ઉપરના દ્વેષથી તેમની બે આંખો ફોડાવી નાખી તેથી કોપેલા ચક્રીએ પ્રધાનોને કહ્યું કે બ્રાહ્મણોની ચક્ષુથી ભરીને એક થાળ દરરોજ તેની આગળ મૂકવો. ને પ્રધાનો પણ તેને ખુશ કરવાને અકત ફૂલો થાળમાં ભરીને તેની આગળ મૂકતા. તેથી તે આ બ્રાહ્મણોની આંખો છે એવું જાણી ખુશી થતો. એ પ્રમાણે સોળ વર્ષો ગયા. અંતે મરણ પામીને સાતમી નરકમાં ગયા. અને પૂર્વ ભવના તેમના ભાઈ ચારિત્રનું સારી રીતે પાલન કરી મોક્ષે ગયા.

॥ ઈતિ બ્રહ્મદત્ત કથા ॥

**અવતરણ:**—એ પ્રમાણે ૪૫ મું દ્વાર કહીને હવે છેંતાલીસમું શબ્દ-વિષયની દુરન્તતા જણાવવાને કહે છે:—

( वसंततिलकावृत्तम् )

गीतामृतातिरतिकर्णपुटस्त्रिपृष्ठ-
पर्यङ्कपाल इव कष्टमुपैति घोरम् ।
सच्छद्मलुब्धककृताद्भुतगीतलुब्धं,
बद्धं विलोकय मृगं भयविह्वलाङ्गम् ॥ ९४

**ગીત શ્રવણ આસકિતથી બહુ કષ્ટ પામે જન ઘણા,**
**જેમ શય્યાપાલકે અહીં વાસુદેવ ત્રિપૃષ્ઠના;**
**મૃગ બને આસકત શીકારી તણા ગીત શ્રવણમાં,**
**બંધાય ભયથી ગાભરો મરતોજ તે ક્ષણ વારમાં. ૯૪**

**શ્લોકાર્થ:**—ગીત રૂપી અમૃતને વિષે અતિ આસક્ત કાનવાળો પુરૂષ ત્રિપૃષ્ઠ વાસુદેવના શય્યાપાલકની જેમ ઘોર દુ:ખને પામે છે. દૃષ્ટાન્ત કહે છે કે કપટી પારધીએ કરેલા સુંદર ગીતમાં આસક્ત ( થવાથી ) બંધાએલા, ભયથી વિહ્વલ અંગવાળા હરણને જુઓ. ૯૪

**સ્પષ્ટાર્થ:**—સુંદર રાગવાળા ગીત તે રૂપી અમૃતને વિષે અતિ આસક્ત કાનવાળો જીવ એટલે શ્રોત્રેન્દ્રિયના

વિષયમાં આસક્ત થએલો જીવ ઘોર ભયંકર દુઃખને પામે છે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે ત્રિપૃષ્ઠ નામના વાસુદેવ જે મહાવીર સ્વામીના પૂર્વ ભવનો જીવ હતો, તેમણે ત્રણ ખંડ જીતી લીધા હતા. એકવાર રાત્રે તે વાસુદેવ સૂઈ રહ્યા તે વખતે તેમની આગળ સંગીત ચાલતું હતું. તેમણે શય્યાપાલકને કહ્યું કે હું ઉંઘી જાઉં ત્યારે સંગીત બંધ કરાવવું. પરંતુ સંગીતના રસમાં લીન થએલા શય્યાપાલકે વાસુદેવ ઉંઘી ગયા છતાં ગીત બંધ કરાવ્યું નહિ. તેવામાં વાસુદેવ જાગી ગયા. તેમણે શય્યાપાલકને કહ્યું કે ગાયન બંધ કેમ ન કરાવ્યું. ત્યારે શય્યાપાલકે કહ્યું કે આવું સુંદર ગાયન બંધ કેમ કરાવાય? આથી કોપેલા વાસુદેવે તે શય્યાપાલકના કાનમાં ઉકળતું તરવું નખાવ્યું, તેથી દુઃખી થએલો તે મરીને દુર્ગતિમાં ગયો. આ પ્રમાણે તેને ગીતમાં આસક્ત થવાનું ફળ મળ્યું. અહીં ઉદાહરણ આપતાં જણાવે છે કે કપટી પારધીએ કરેલ સુંદર ગીતમાં લીન થઈને એક ચિત્તથી ઉભેલા તેથી બંધનમાં સપડાએલા અને પછી ભયને લીધે વિહ્વલ બની ગએલા હરણીયાની દશા જુઓ. અથવા ગીતના વિષયમાં આસક્ત થનાર હરણ પણ બંધન રૂપી દુઃખને પામે છે માટે આવા દુઃખદાયી ગીત રૂપી વિષયની આસક્તિનો ત્યાગ કરવો. ૯૪

**અવતરણ**:—આ પ્રમાણે શૃંગાર વગેરે રસને સાંભળવા નહિ તે જણાવતાં સદુપદેશ રૂપ ગીત સાંભળવા લાયક છે તે જણાવે છેઃ—

( वसंततिलकावृत्तम् )

८ ३ ४
स्यात् क्षुल्लकाभिधकुमारवदस्थिरेषु,
५ १ ७ ६ २
स्थैर्याय गीतमपि बोधकरं कदाचित् ।
९ १५ १६ १३ १२
बालोऽपि निर्वृतिमुपैति निशम्य सम्यग् ,
१० १४ ११
मात्रोदितानि किल मन्मनगीतकानि ९५

ગીત પણ જો બોધદાયક તો અથીરને થીર કરે,
ક્ષુલ્લક કુમાર હતોજ અસ્થિર ગીત સુણી
સ્થિરતા વરે;
બાલપણ માતા તણા પ્રિય ગીત શબ્દો સાંભળી,
બહુ શાંતિ પામે ધર્મ કારણ ગીત સુણિયે ફરી ફરી. ૯૫

શ્લોકાર્થ:—ગીત પણ ક્ષુલ્લક કુમારની જેમ ક્યારેક અસ્થિરને સ્થિર કરનાર અને બોધ કરનાર પણ થાય છે. બાલક પણ માતાએ કહેલા મધુર ગીતોને (હાલરડાને) સારી રીતે સાંભળીને સુખ પામે છે. ૯૫

સ્પષ્ટાર્થ:—ગીત એકાંત ત્યાજ્ય નથી. કારણ કે ગીતમાં અત્યંત આસક્તિ તેમજ શૃંગારાદિકને પોષનારાં જે ગીતો તે ત્યાગ કરવા લાયક છે, પરંતુ જે ગીતો અસ્થિરને સ્થિરતા કરનાર તેમજ બોધ પમાડનારાં હોય છે તે ત્યાગ કરવા લાયક નથી. કારણ કે તેવાં હિતકારી ગીતો ક્ષુલ્લક કુમારની જેમ બોધ કરનારાં થાય છે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે

છે કે માતાએ ગાએલાં સુંદર ગીતો (હાલરડાં) સારી રીતે સાંભળીને બાલક પણ સુખ અથવા શાંતિને પામે છે. કજીયો કરવાનું છોડી દે છે. માટે બોધ કરનાર ગીતો તો સાંભળવા લાયક પણ જાણવાં. ૯૫

## ક્ષુલ્લક કુમારની કથા—

સાકેત પત્તનમાં પુંડરિક નામે રાજા હતો. તેનો નાનો ભાઈ કંડરિક યુવરાજ હતો. કંડરીકની યશોભદ્રા પત્ની હતી. તેના ઉપર મોહિત થએલા રાજાએ ભાઇને મારી નાખ્યો. તેથી ગર્ભવતી યશોભદ્રા પોતાના શીલનું રક્ષણ કરવા વનમાં નાશી ગઈ. અનુક્રમે શ્રાવસ્તી નગરીએ આવી. ત્યાં અજિત-સેનસૂરિ પાસે દીક્ષા લીધી. સૂરિએ કીર્તિમતી નામે પ્રવર્તિનીને સોંપી. અનુક્રમે ગર્ભ વૃદ્ધિ પામ્યો. શ્રાવકને ઘેર ગુપ્ત રીતે પુત્રને જન્મ આપ્યો. તેનું ક્ષુલ્લક કુમાર નામ પાડયું. ઉમર લાયક થયેલ ક્ષુલ્લક કુમારે ગુરૂ પાસે દીક્ષા લીધી. અને કેટલોક વખત ભાવથી તેનું પાલન કર્યું. પરંતુ ચારિત્રાવરણના ઉદયથી વિષયેચ્છા થવાથી માની રજા લેવા ગયો. માતાએ સમજાવ્યો પણ ન માન્યું ત્યારે આગ્રહપૂર્વક બાર વર્ષ ચારિત્ર પાળવાનું કબુલ્યું. બાર વર્ષ પૂરા થયે પ્રવર્તિનીના કહેવાથી બીજા બાર વર્ષ રહ્યા ત્યાર પછી પાઠકના કહેવાથી બાર વર્ષ અને આચાર્યના કહેવાથી બાર વર્ષ એમ કુલ ૪૮ વર્ષ ચારિત્રમાં રહીને છેવટે દ્રવ્યલિંગ ધારી ને માતાના કહેવાથી પુંડરીક પાસે આવવા નીકળ્યા. સાકેતપુરની બહાર આવ્યા ત્યારે રાત્રી પડવાથી નગર બહાર રહ્યા. ત્યાં

નાટક કરવાને નર્તકી આવેલી છે તેનું સંગીત રાજા વગેરે સાંભળતા હતા. તેણીએ ગાએલો શ્લોક સાંભળીને ક્ષુલ્લક કુમારને પોતે ખોટું કૃત્ય કરે છે માટે ચારિત્રનો ત્યાગ કરવો નહિ એવો નિર્ણય કરી ગુરૂ પાસે આવે છે અને પ્રાયશ્ચિત્ત કરીને ચારિત્રનું પાલન કરે છે. આ પ્રમાણે ક્ષુલ્લક કુમારને સંગીત લાભદાયી થયું છે.

॥ ઇતિ ક્ષુલ્લક કુમાર કથા ॥

**અવતરણ:**—એ પ્રમાણે ૪૬ મું શબ્દદ્વાર કહ્યું. હવે સુડતાલીસમું રૂપવિષયદ્વાર જણાવે છે:—

( स्रग्धरावृत्तम् )

૧૦ ૯ ૮ ૧૪ ૧૧ ૧૨ ૧૩
नो विन्दत्युष्णशीताद्यपि न सदसदप्युक्तमाविष्करोति,
૧૫ ૧૭ ૧૬ ૧૯ ૨૦ ૧૮ ૭
दुःसद्गन्धान्न वेत्ति प्रथयति न रसान् रूपनिर्मग्नदृष्टिः ।
૨૧ ૨૨ ૨૩ ૨૪ ૨૫ ૫
तद्दृष्टयेकेन्द्रियेऽस्मिन्नहितहितमतिः का कुमाराग्रनन्दौ,
૩ ૪ ૨ ૬ ૧
चम्पापूःस्वर्णकारे त्रिदशदृशि यथा पञ्चशैलेशदेव्योः ९६

રૂપમાં આસકત નર ઉન્હું ન ટાઢું જાણતો,
સારા અશુભ વચનો ન સુણતો ગંધ દ્વિવિધ
ન જાણતો;
રસ ન જાણે તેહવાને હિત અહિતને જાણવા,
મતિ ન હોય કુમારનંદી આદિ તેવા જાણવા, ૧

**પંચ શૈલ સ્વામિની હાસા પ્રહાસા રૂપમાં,**
**આસક્ત બહુ ચંપાપુરીનો રહીશ સોની પલકમાં;**
**વિહ્વલ બનીને દુઃખ પામ્યો દુર્ગતિના તે સુણી,**
**દેવ ગુરૂ આદિ તણા રૂપ નિરખવા મતિ ભવ્યની. ૨**

શ્લોકાર્થઃ—પંચશૈલ નામના પર્વત ઉપર વસનારી (હાસા પ્રહાસા નામની) બે દેવીઓને વિષે અનુરાગવાળી દૃષ્ટિવાળા ચંપાનગરીના સોની કુમારાશ્રનંદીની જેમ ફક્ત રૂપને વિષે આસક્ત દૃષ્ટિવાળો પુરૂષ ઉષ્ણ તેમજ શીતને જાણતો નથી, તેમજ સારા અથવા ખોટા કહેલા વચનને સાંભળતો નથી, દુર્ગન્ધ તેમજ સુગંધને જાણતો નથી, રસોને પારખી શકતો નથી, તેથી દૃષ્ટિ રૂપી એક ઇન્દ્રિયવાળા એને વિષે હિત અહિતની બુદ્ધિ કેવી? અર્થાત્ તેવા પુરૂષમાં હિત અહિતની બુદ્ધિ હોતી નથી. ૯૬

સ્પષ્ટાર્થઃ—હવે ચક્ષુ ઇન્દ્રિયનો વિષય જે રૂપ તેમાં અનુરાગવાળા થનારની કેવી અવસ્થા હોય છે તે જણાવતાં કવિશ્રી કહે છે કે પાંચ ઇન્દ્રિયવાળો છતાં પણ રૂપને વિષે આસક્ત થનાર મનુષ્ય એકેન્દ્રિય જેવો થઈ જાય છે એટલે કે તે જીવની દૃષ્ટિ જેના રૂપમાં આસક્ત થાય છે તે જીવ રૂપ સિવાય બીજા વિષયોને ગ્રહણ કરતો નથી. જેમકે તે પુરૂષ આ ટાઢું છે કે ઊનું છે એવું જાણતો નથી. તેથી તેને સ્પર્શ ઇન્દ્રિય છે છતાં સ્પર્શેન્દ્રિયનો અભાવ જણાય છે. સારૂં અગર ખોટું જે કહેવામાં આવે છે તે સાંભળતો નથી એટલે કે એને કાન છે તે છતાં કાનનો અભાવ જણાય છે. વળી

સુગન્ધ તેમજ દુર્ગન્ધને જાણતો નથી એટલે કે ઘ્રાણેન્દ્રિય (નાક) છતાં પણ તેનો અભાવ જણાય છે તેમજ રસોને પણ તે પારખી શકતો નથી. અથવા જીભ છે છતાં તેનો અભાવ જણાય છે. આજ કારણથી આવા રૂપ વિષયમાં આસક્ત થએલા મનુષ્યમાં હિતની તેમજ અહિતની બુદ્ધિ પણ ક્યાંથી હોય? અથવા તો આવા મનુષ્યમાં હિત અહિતની બુદ્ધિનો પણ અભાવ જ હોય છે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે ચંપા નગરીમાં રહેનાર કુમારનન્દી નામનો સોની જે પાંચસો સુંદર સ્ત્રીઓને પરણ્યો હતો તેણે હાસા અને પ્રહાસા નામની બે દેવીઓને (જેમનો દેવ ચ્યવી ગયો હતો) જોઈ. તેમનું રૂપ જોઈ મોહિત થએલા તે સોનીને તે દેવીઓ પંચશૈલ નામના પર્વત ઉપર આવવાનું કહી અદૃશ્ય થઈ ગઈ. તે ઘણી મહેનતે પંચશૈલ પહોંચ્યો. ત્યારે દેવીઓએ તેને જણાવ્યું કે અમે વૈક્રિય શરીરવાળી છીએ અને તમે ઔદારિક શરીરવાળા છો તેથી આપણો સંયોગ કેવી રીતે થાય? માટે તમે ઈંગિનીમરણ અંગીકાર કરો. તેથી તે સોની ઈંગિની મરણ પામીને વિદ્યુન્માલી નામે તેમનો પતિ થયો. અહીં કહેવાનો સાર એ છે કે રૂપમાં મોહિત થઈને સોનીએ પોતાના પ્રાણોનો પણ ત્યાગ કર્યો. માટે રૂપના વિષયમાં આસક્તિનો ત્યાગ કરવો. ૯૬

અવતરણઃ—આ રૂપના જ વિષયમાં વિશેષતા જણાવતાં કહે છે કે બ્રહ્મચારીએ પણ ચિત્રેલું રૂપ પણ જોવું નહિ કારણ કે તેથી રાગની ઉત્પત્તિ થાય છે તે જણાવે છે:—

( शालिनीवृत्तम् )

३ १ २ ४ ५
आस्तां सत्यं रूपमालेख्य बिम्ब-
६ १० ११ ७
स्यालोकेऽपि क्लेश एवातिरागात् ।
८ ९ १२
सुज्येष्ठा श्रीश्रेणिकक्ष्मापवत्तत्,
१७ १५ १३ १४ १६
नैणश्रान्तिर्भ्रान्तवारीक्षणात् किम् ९७

**સત્ય રૂપ દૂરે રહો પણ ચિત્ર જોતાં રાગથી,**
**ક્લેશ પામે જિમ સુજ્યેષ્ઠા ભૂપ શ્રેણિક ચિત્રથી;**
**ઝાંઝવાના નીર દેખી ચાર દિશિયે ભટકતા,**
**હરિણ થાકી જાય ના શું ? રાગીજન દુઃખિયા થતા. ૯૭**

શ્લોકાર્થ:—સાચું રૂપ તો દૂર રહો, પરંતુ ચિત્રેલું રૂપ પણ લોકમાં અતિરાગથી ક્લેશકારક થાય છે. જેમ સુજ્યેષ્ઠા તથા શ્રેણિક રાજાને થયું તેમ. ઝાંઝવાના જળને જોવાથી મૃગને ભ્રમણનો શ્રમ શું ન થાય ? અથવા થાયજ. ૯૭

સ્પષ્ટાર્થ:—સ્ત્રીનું સાચું રૂપ તો દૂર રહો કારણ કે તે તો ક્લેશકારી થાય છે. પરંતુ ચિત્રેલું રૂપ પણ લોકમાં અતિરાગથી ક્લેશને માટે થાય છે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે જેમ સુજ્યેષ્ઠા અને શ્રેણિક રાજાને એક બીજાની છબી ક્લેશને માટે થઈ છે તેવી રીતે. સુજ્યેષ્ઠા ચેડા રાજાની પુત્રી હતી. તેનું ચિતારાએ ચિત્રેલું રૂપ જોઈને શ્રેણિક રાજા તેના ઉપર રાગવાળા થયા હતા. અને તે વાત

જાણીને અભયકુમારે પણ શ્રેણિક રાજાની છબી ચિતરાવીને સુજ્યેષ્ઠાને દેખાડી તેથી તે પણ શ્રેણિક રાજાની ઉપર પ્રીતિવાળી થઈ. પછી સુરંગ ખોદાવીને તે માર્ગે સુજ્યેષ્ઠાને શ્રેણિક રાજા રથમાં બેસાડીને લઈ જવા માટે હરણ કરવા માટે આવ્યા. ત્યારે સુજયેષ્ઠા પોતાનો ઘરેણાંનો દાબડો લેવા જાય છે અને શ્રેણિક રાજા સુજયેષ્ઠાને બદલે તેની બેન ચેલ્લણાનું હરણ કરીને લઈ જાય છે. ચેટક રાજાને આ વાતની ખબર પડવાથી તે આવી પહોંચે છે. પરંતુ અભયકુમાર ચેટક રાજાને રોકે છે તેવામાં શ્રેણિક રાજા પોતાના દેશમાં જઈ પહોંચે છે. અહીં ચેટક રાજા સાથેની લડાઈમાં સુલસાના બત્રીસ પુત્રો એક સાથે મરણ પામે છે. આ પ્રમાણે છબીમાં આળેખેલા રૂપ ઉપરથી પણ પ્રીતિ થાય છે, તો સાક્ષાત્ રૂપનું તો કહેવું જ શું ? આ બાબતમાં ઉદાહરણ આપતાં જણાવે છે કે ઝાંઝવાના જળને જોવાથી મૃગને થાક લાગતો નથી ? અથવા ઝાંઝવાના જળને સાચું જળ માનીને મૃગ તેની પાછળ દોડ્યા કરે છે પરંતુ તેને રખડવાથી થાક લાગે છે તેની પાણીની તરસ મટતી નથી. તેવી રીતે છબીમાં પણ જોવાથી ( આસક્તિ રાખવાથી ) છેવટે કલેશ જ થાય છે. ૯૭

**અવતરણ**—એ પ્રમાણે સુડતાલીસમું રૂપ દ્વાર કહ્યું. હવે ત્રીજું રસ વિષયનું ૪૮ મું દ્વાર કહે છે:—

( वसंततिलकावृत्तम् )

६ ११ ७ ४ ५ २ ३ १
रूक्षपथ्यं च रसैर्यथा बहुतया संसेवितैर्लोलुपै-
८ ९ १० १६ १२ १३ १४
र्धीरैर्यद्विधिना भवेदपि तथासंसारमोक्षावपि ।

१७ -८ १९ २० २१ २२
यन्नानारसलालसः स मथुरामंगुर्भवं भ्रान्तवान्,
२४ ३० २४ २८ २९ २६ २५ २७
यत्तीर्णश्च स ढंढणः सममघैः सन्मोदकक्षोदकः ९८

**રસ સેવતા બહુ વાર રાગે રોગ કારણ જિમ બને,**
**પણ વિધિએ સેવતા જિમ ધીરને હિતકર બને;**
**આચાર્ય મથુરામંગુ રસની લાલચે ભવમાં ભમ્યા,**
**ઢંઢણ મુનિ સહ પાપ મોદક ચૂરતા કેવલ લહ્યા. ૧**

**શ્લોકાર્થ**:—લોલુપી પુરૂષોએ ઘણી વાર સેવન કરેલા રસથી જેમ રોગ થાય છે અને ધીર પુરૂષોએ વિધિ પૂર્વક સેવન કરેલા રસથી જેમ પથ્ય ( આરોગ્ય ) થાય છે. તેવી રીતે સંસાર અને મોક્ષનું પણ જાણવું. કારણકે જુદા જુદા પ્રકારના રસમાં લોલુપ થએલા મથુરા (નગરીમાં રહેતા) મંગુ નામના આચાર્ય સંસારમાં રખડયા છે અને પાપ સાથે ઉત્તમ મોદકનું ચૂર્ણ કરનાર ઢંઢણ મુનિ સંસારને તરી ગયા છે. ૯૮

**સ્પષ્ટાર્થ**:—રસના ઇન્દ્રિય એટલે જીભના વિષયરસને વિષે લોલુપ થએલા જીવો ઘણી વાર રસનું સેવન કરવાથી રોગવાળા થાય છે. એટલે રસમાં આસકત થઇને વારંવાર તેનો ઉપભોગ કરવાથી તેમના શરીરમાં અનેક પ્રકારની વ્યાધિઓ ઉત્પન્ન થાય છે. વળી ધીર પુરૂષો તેજ રસોનું વિધિ પૂર્વક સેવન કરે તો તે તેમને જેમ હિતકારક થાય છે એટલે શરીરને આરોગ્ય આપનાર અને પુષ્ટિકારક થાય છે. તેવીજ રીતે રસમાં આસકત થનાર આ સંસારમાં રખડે

છે અને રસોનો ત્યાગ કરનાર આ સંસાર સમુદ્રને તરી જાય છે. જેવી રીતે નાના પ્રકારના રસોમાં આસક્ત થનાર મથુરા નગરીમાં રહેનાર મંગુ નામના આચાર્ય સંસારમાં રખડયા. અને પાપકર્મો સાથે ઉત્તમ મોદકનું ચૂર્ણ કરનાર ઢંઢણ નામના મુનિ સંસાર સમુદ્રને તરી ગયા છે. આ પ્રમાણે જાણીને રસના વિષયોનો ત્યાગ કરવો. ૯૮

મંગુસૂરીની કથાનો સાર આ પ્રમાણે:—મથુરા નગરીમાં પાંચસો શિષ્યોના પરિવારવાળા મંગુ નામના આચાર્ય હતા. તેઓએ રસની લોલુપતાથી મથુરામાં નિત્ય વાસ કર્યો તેથી તેમનું મથુરામંગુ નામ થયું. ઘણા કાલે તે આચાર્ય મરીને તેજ નગરની બહારના ઉદ્યાનમાં વ્યન્તર થયા. ત્યાં વિભંગ-જ્ઞાનથી પોતાનો પૂર્વભવ જાણ્યો. પોતે જીભની લોલુપતાથી વ્યન્તર થયો છે તેથી બહાર આવતા મુનિઓને પ્રતિબોધ પમાડવાને માટે તે વ્યન્તર પોતાનું મોઢું પહોળું કરીને લાંબી જીભ દેખાડે છે. આમ કરવાનું કારણ મુનિઓ પૂછે છે, ત્યારે તે તેમનો આચાર્ય હતો અને રસમાં લોલુપ થવાથી આ દશા પામ્યો છું. એમ કહે છે. તેઓ પણ આ હકીકત સાંભળીને વ્રતમાં નિશ્ચલ થયા. ત્યાર પછી વ્યન્તર અદૃશ્ય થઈ ગયો. આ વાત સાંભળીને હે ભવ્યો ? તમો પણ રસના ઇન્દ્રિયના વિષયનો ત્યાગ કરો.

ઇતિ મંગુ આચાર્ય કથા.

## ઢંઢણ કુમારની કથા.

દ્વારિકા નગરીમાં કૃષ્ણ વાસુદેવની ઢંઢણા રાણીથી ઢંઢણ

કુમાર નામે પુત્ર થયા. નેમિનાથની દેશનાથી બોધ પામી પ્રભુ પાસે દીક્ષા લીધી અને તેમની સાથે વિચરે છે. હવે અન્તરાય કર્મના ઉદયથી આખી નગરોમાં ભમવા છતાં પણ તેમને ભિક્ષા મળતી નથી. મુનિઓએ પ્રભુને પૂછયું કે આ ઢંઢણ મુનિને ભિક્ષા નથી મળતી તેનું શું કારણ? પ્રભુએ કહ્યું કે પૂર્વ ભવમાં તે જ્યારે બ્રાહ્મણ હતો ત્યારે તેણે ભૂખ્યા લોકોને ભોજનમાં અંતરાય કર્યો હતો તે કર્મ હાલમાં તેમને ઉદય આવેલું છે. તેથી ભિક્ષા મળતી નથી. આ સાંભળીને ઢંઢણકુમારે પ્રભુ પાસે અભિગ્રહ ધારણ કર્યો કે મારે પરલબ્ધિ ભોગવવી નહિ. અલાભ પરિષહને સહન કરતાં તેમણે કેટલોક કાળ ગાળ્યો. એક વાર કૃષ્ણ મહારાજે પ્રભુને પૂછયું કે સર્વ સાધુઓમાં દુષ્કર વ્રતધારી કોણ છે? ત્યારે સ્વામીએ કહ્યું કે સર્વે મહર્ષિઓ છે પરંતુ ઢંઢણ મુનિ ગાઢ પરીષહોને સહન કરે છે તેથી હર્ષિત થએલા વાસુદેવ નગરમાં આવ્યા. ઢંઢણ મુનિને જોઇને હાથી ઉપરથી ઉતરીને વંદન કર્યું. આ જોઈને એક શેઠે વિચાર્યું કે આ મહામુનિ છે તેથી તે શેઠે પણ ઢંઢણકુમારને નિમંત્રણ આપીને મોદક વ્હોરાવ્યા. તેથી ઢંઢણ મુનિએ નેમિનાથ પાસે જઈને પૂછયું કે હે ભગવન્ મારૂં તે કર્મ ક્ષય પામ્યું છે? પ્રભુએ કહ્યું કે ક્ષય પામ્યું નથી. ત્યારે પોતાને મોદક શાથી મળ્યા એમ પૂછયું. ત્યારે પ્રભુએ કહ્યું કે કૃષ્ણને લીધે. આ પરલબ્ધિ છે એમ ધ્યાન કરતા ઢંઢણ મુનિ તે મોદકને પરઠવવા માટે ચૂરો કરવા લાગ્યા. તે વખતે શુદ્ધ ધ્યાન (શુકલ ધ્યાન) રૂપી અગ્નિથી તેમના કર્મ બળી ગયાં, તેથી કેવલજ્ઞાન

પામ્યા. આ પ્રમાણે રસના ઇન્દ્રિયના નિગ્રહથી ઢંઢણમુનિ કેવલજ્ઞાન પામ્યા.

॥ ઇતિ ઢંઢણ મુનિ કથા ॥

**અવતરણ**—મહાત્મા પુરૂષો રસનેન્દ્રિયથી પરાભવ પામતા નથી તે જણાવે છેઃ—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

६ ७ ५ ३ ४ १ २
**किं जेयो रसनेन्द्रियेण स महान् यः सत्त्वरक्षारुचि-**
८ १० ११ १२
**र्यद्वद्धर्मरुचिः कुतुम्बकमपि पक्वाम्रवद्भक्षयन् ।**
१३ १६ १७ १५ १४ १८ १९
**किं वा विश्वहिताय नोदरगतं सिन्धुर्दधौ वाडवं,**
२० २३ २५ २१ २२ २४ २६
**सारग्राहिसुरास्तमाशु न विषं किं नीलकण्ठः पपौ ९९**

**જીવરક્ષા પ્રીતિવાળો ભવ્ય રસનાથી નહી,**
**જીતાય કદિના ધર્મરૂચિ મુનિ તુંબડું કડવું સહી;**
**કેરી સમાન ગણીજ મીઠું હોંશથી તે ખઈ ગયા,**
**જગતના હિત કાજ શંકર ઝેરને પણ પી ગયા. ૧**

વડવાગ્નિને નિજ ઉદરમાંહે સિંધુ પણ ઝટ રાખતો,
વશ રાખનારો જીભને આરોગ્ય શાંતિ પામતો;
રસ લાલચુ તે માંછલું વીંધાઈ કાંટે જાલના,
મરણ પામે રાગ રસનો છોડજો હે સજ્જનો? ૨

**શ્લોકાર્થ**:—જે જીવરક્ષાની રૂચિવાળા મહાપુરૂષ છે તે રસના ઈન્દ્રિયવડે શું જિતાય ? અર્થાત્ ન જ જિતાય. જેમ ધર્મરૂચિ નામના મુનિ ( જીવરક્ષા માટે ) કડવી તુંબડીને પણ ખાઈ ગયા. દૃષ્ટાન્ત કહે છે કે સમુદ્ર વિશ્વના હિત માટે વડવાનલને પોતાના ઉદરમાં નથી રાખ્યો ? તેમજ સાર ગ્રહણ કરનાર દેવોએ તજી દીધેલા ઝેરને શંકર શું પી ગયા નથી ? ૯૯

**સ્પષ્ટાર્થ**:—જે મહાપુરૂષો જીવદયામાં રૂચિવાળા હોય છે તેઓ રસના ઇન્દ્રિયથી જીતાતા નથી પરંતુ તેઓ રસના ઈન્દ્રિયના વિષયને પોતાને સ્વાધીન બનાવે છે તે જણાવતાં કવિશ્રી કહે છે કે ધર્મરૂચિ નામના મુનિ જેઓ ધર્મઘોષ નામના ગુરૂના શિષ્ય હતા તે ધર્મરૂચિ જ્યારે માસખમણના પારણા માટે ભિક્ષા માટે ગયા ત્યારે નાગશ્રીએ તેમને કડવી તુંબડીનું શાક વહોરાવ્યું. ધર્મરૂચિએ ગુરૂને તે શાક દેખાડયું ત્યારે ગુરૂએ તેની ગંધથી કહ્યું કે જો આ શાક ખાઈશ તો નક્કી મરી જઇશ માટે તેને પરઠવી દે. આથી ધર્મરૂચિ તે પરઠવવાને સ્થંડિલ ભૂમિએ ગયા. ત્યાં તેમાંથી એક ટીપું ભોંય ઉપર પડયું તેની ગંધથી ત્યાં કીડીઓ આવી. તે કીડીઓ તરત જ મરણ પામી. આ જોઈને ધર્મરૂચિ મુનિએ વિચાર કર્યો કે જ્યારે એક બિંદુથી આટલી કીડીઓનો નાશ થયો તો મારા એક જીવનો જ ભલે નાશ થાય એમ વિચારી તે શાકને પાકી કેરીની જેમ તે ખાઈ ગયા. તેથી તેઓ તરતજ મરણ પામ્યા. આથી જણાય છે કે તેમને પોતાના જીવ કરતાં દયા ઘણી વહાલી હતી. આવા પુરૂષો

રસના ઇન્દ્રિયને વશ થતા નથી. આ બાબતમાં ઉદાહરણ આપતાં જણાવે છે કે વડવાનલને સમસ્ત જગતના હિતને માટે સમુદ્રે પોતાના ઉદરને વિષે ધારણ કર્યો. આ બાબતમાં પર સિદ્ધાન્તમાં એમ જણાવ્યું છે કે વડવાનલ નામે એક અસુર ઉત્પન્ન થયો. તે સર્વ દેવોને મારવા લાગ્યો. ભય પામેલા દેવો સરસ્વતી પાસે જઈને કહેવા લાગ્યા કે હે દેવી આને તરત સમુદ્રમાં નાખી અમારૂં રક્ષણ કરો. સરસ્વતીએ તેને ઘડામાં નાખી સમુદ્રમાં જઈને તેમાં નાંખ્યો. સમુદ્રે પણ જગતના જીવોના હિતને માટે તેને પોતાની અંદર દુઃખને અવગણીને રાખ્યો. બીજું દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે સારને ગ્રહણ કરનાર દેવતાઓએ જ્યારે શંકરે સમુદ્રનું મન્થન કર્યું ત્યારે તેમાંથી નીકળેલાં ઉત્તમ રત્નાદિક સાર વસ્તુઓ લીધી, પરંતુ શંકરે તેમાંથી નીકળેલા કાલકૂટ ઝેરને ગ્રહણ કર્યું. ૯૯

**અવતરણ:**—એ પ્રમાણે અડતાલીસમું રસદ્વાર કહ્યું હવે ઓગણ પચાસમું ગન્ધ વિષય દ્વાર જણાવે છે:—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

८ ४ १ २ ३ ५ ७ ६
**स्याद्गन्धोऽपि यतस्ततोऽप्यधिगतः क्लेशाय नाशाय वा,**
९ १० ११ १५ १७ १३ १२ १६ १४
**तच्चाणक्यधियातुरः श्रुतिमगान्मंत्री सुबन्धुर्न किम्।**
१८ २३ २१ २२ १९ २०
**पश्य क्लिश्यति पुष्पसौरभहृतः सर्पः सदर्पोऽपि सन्,**
२५ २४ २८ २७ २९ २६
**सार्थं चाम्बुजकोशबन्धनमलिः प्राप्नोति गन्धातितृट् १००**

આવેલ ગંધ જ્યાંત્યાં થકી દુઃખ દે મરણ આપે અને,
ચાણાકયની બુદ્ધિ વડે દુઃખિયો સુબંધુ ગંધને;
સૂંઘતાં શુભ ગંધ રાગે સર્પ પામે કલેશને,
ભ્રમર પામે કલેશ કોશે કમલના સપડાઇને. ૧

શ્લોકાર્થ:—જ્યાં ત્યાંથી આવેલો પણ ગન્ધ દુઃખને માટે તેમજ નાશને માટે થાય છે. તેથી ચાણાકયની બુદ્ધિથી પીડાએલો સુબંધુ નામે મંત્રી તમારા સાંભળવામાં નથી આવ્યો ? જુઓ અહંકારવાળો પણ સર્પ પુષ્પના સુગંધમાં આસક્ત થએલો ( ગારૂડીથી બંધન પામી ) કલેશને પામે છે. તેમજ ગંધમાં અતિ તૃષ્ણાવાળો ભમરો સાંજે કમલના કોશના બંધનને પામે છે. ૧૦૦

સ્પષ્ટાર્થ:—હવે ગન્ધને વિષે આસક્ત થનારને તે ગંધ દુઃખ આપનાર તેમજ નાશ એટલે મૃત્યુને માટે પણ થાય છે તે જણાવતાં કવિશ્રી કહે છે કે સુબંધુ નામે મંત્રીએ ચન્દ્રગુપ્તના પુત્ર બિન્દુસાર રાજાને ચાણાકયની ઉપર સ્નેહ રહિત કર્યો. તે વખતે ચાણાકયે તે વાત જાણીને સુબંધુને પોતાની બુદ્ધિ વડે પરાભવ કરવા માટે તાલપુટ ઝેરને સુગંધીમાં વીંટીને તેની પોટલી મોટી પેટીમાં નાની પેટી એ પ્રમાણે સાતમી પેટીમાં મૂકીને પોતે ઘર છોડીને અનશન કર્યું અને મરણ પામ્યો. સુબંધુએ રાજા પાસેથી ચાણાકયનું ઘર માગી લીધું. તેમાંથી તેણે તે સુગંધીદાર પેટીમાં મૂકેલી પોટલી સુંઘી જોઈ. તે પોટલી ઉપર ભોજપત્રમાં લખ્યું હતું

કે જે કોઇ આને સૂંઘીને વિષયો ભોગવશે તે નક્કી મરણ પામશે. આની ખાત્રી કરવાને સુબંધુએ કોઈકને તે સુંઘાડીને ભોગ ભોગવાવ્યા અને તેથી તે મરણ પામ્યો. આથી સુબંધુએ જાણ્યું કે મરતા ચાણુક્યે તેને પણ માર્યો છે તેથી ભાવ નહિ છતાં ભોગોને છોડીને તે સર્વત્ર ભમવા લાગ્યો. આ પ્રમાણે સુગંધને લીધે તે સુબંધુ મંત્રી દુઃખી થયો. માટે ગંધમાં આસકિત કરવી નહિ. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે અભિમાની સર્પ પણ પુષ્પની સુગંધમાં આસકત થઈને ગારૂડીના બંધનને પામે છે. તેમ કમલની સુગંધમાં આસક્ત થએલો ભમરો સંધ્યાકાળે તેની સુગંધમાં લીન થઈ જઈને તે કમળનું કોશ બંધ થઈ જવાથી તેમાં બંધાઈને મરણ પામે છે. માટે ગંધના વિષયમાં આસક્તિનો ત્યાગ કરવો. ૧૦૦

અવતરણ:—હવે સુગન્ધિ દ્રવ્યોથી શરીરને સુગંધીદાર કરવાનો યત્ન કરવો તે ફોગટ છે તે જણાવે છે:—

( शार्दूलविक्रीडितवृत्तम् )

२ ३ ५ ४ ६ १ ७ ८
विस्रैर्धातुभिरंगमेतदघटि प्रागेव तत्राप्यहो,
१६ १० ११ ९ १२ १३
दुर्गन्धाः प्रतिकर्मणाऽपि हि बहिः प्राक्रमत: केचन ॥
१४ १५ १७ २० १८ २१
दुर्गन्धेन भूगातनूजवदतः सौरभ्ययत्नोऽत्र को,
१९ २२ २४ २५ २३
गन्धद्रव्यचयैर्निबोध शुचिता का नीलिकाभाजने १०१

દુર્ગંધ ધાતુથી બનેલા દેહમાં દુર્ગંધને,
જાણ ધોઇ બ્હારથી કસ્તૂરિ આદિ વિલેપને;
મુઢ રાજી થાય પણ ક્ષણમાંજ દુર્ગંધી બને,
જાણ દુર્ગંધા મૃગાના પુત્રના દૃષ્ટાંતને. ૧

જિમ ગળીના ભાજને સ્વાભાવિકી ન પવિત્રતા,
તેમ આજ શરીર માંહે ના જરીય પવિત્રતા;
ચામડીના પડ થકી શોભા જણાયે દેહની,
યાદ કર બીના પ્રસંગે અવંતી સુકુમાલની. ૨

**શ્લોકાર્થ**:—પ્રથમ તો દુર્ગન્ધિ ધાતુઓથી આ શરીર બનેલું છે. આશ્ચર્ય છે કે તે શરીરને વિષે કેટલાક જીવો વિલેપનાદિ કરતાં છતાં પણ દુર્ગન્ધા અને મૃગાપુત્રની જેમ પૂર્વ કર્મના ઉદયથી બહારથી દુર્ગન્ધવાળા હોય છે. આથી અહીં (શરીરને વિષે) સુગંધી પદાર્થોના સમુદાય દ્વારા સુગંધીદાર બનાવવાનો યત્ન શો? કારણ કે ગળીના પાત્રને વિષે સ્વાભાવિકી પવિત્રતા કેવી? ૧૦૧

**સ્પષ્ટાર્થ**:—આ શરીરને સુગંધવાળું બનાવવાનો પ્રયત્ન નકામો છે એ વાત જણાવતાં કવિરાજ કહે છે કે આ શરીર મૂળથી જ દુર્ગન્ધી પદાર્થોનું બનેલું છે. કારણ કે આ શરીર જેમાં લોહી, માંસ, મેદ, વિષ્ટા વિગેરે હંમેશાં રહેલાં છે તે દુર્ગન્ધવાળા છે. માટે આ શરીરને બહારથી ગમે તેટલું સાફ કરવામાં આવે તોપણ કદાપિ તે સુગંધી થતું નથી. એટલું જ નહિ પરંતુ કેટલાક જીવોનાં શરીર તો પૂર્વ કર્મને લીધે

એટલાં બધાં દુર્ગન્ધવાળાં હોય છે કે એને સુગંધીદાર પદાર્થો જેવા કે સુખડ, અત્તર વગેરેના વિલેપન કરવામાં આવે તો પણ તે શરીરની દુર્ગન્ધ બંધ થતી (ટળતી) નથી. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે દુર્ગન્ધા નામે વેશ્યા પુત્રીએ શરીરની ઉપર સુગન્ધિદાર પદાર્થ વડે પ્રતિકર્મ એટલે વિલેપનાદિ કરવા છતાં પણ તેનું શરીર દુર્ગન્ધવાળું જ રહ્યું. વળી આ બાબતમાં બીજું દૃષ્ટાન્ત જિતશત્રુ રાજા અને મૃગાવતી રાણીના પુત્ર લોઢકનું છે. તે પણ પૂર્વ ભવમાં કરેલાં ચીકણાં પાપકર્મોના ઉદયથી દુર્ગન્ધી શરીરવાળો થયો હતો. અહીં વ્યવહારિક ઉદાહરણ આપે છે કે ગલીનું પાત્ર પવિત્ર હોય જ ક્યાંથી? એટલે ગલીનું પાત્ર જેમ પવિત્ર બનતું નથી તેમ આ શરીરને ગમે તેવા સુગંધવાળા પદાર્થોથી વિલેપનાદિ કરવામાં આવે તો પણ તે શરીરની મૂળ દુર્ગન્ધિ દૂર થતી નથી. માટે કહ્યું છે કે આ શરીરને સુગંધિદાર બનાવવાનો યત્ન કરવો એ નકામો છે. ૧૦૧

અવતરણ:—હવે સ્પર્શ નામનું પચાસમું દ્વાર કહે છે:

॥ वसंततिलकावृत्तम् ॥

२ १ ८ ७
स्पर्शातिगृध्नुरतिबल्यपि याति दुःखं,

५ ६ ३ ४
प्रद्योतभूप इव मन्त्र्यभयेन बद्धः ।

१५ ६ १८ १७ १६ १३ १० ११
को वाऽगृहीष्यदिभसेष न चेत्करेणु-

१२ १४
स्पर्शान्धधीः स्थगितगर्तगतोऽभविष्यत् १०२

**સ્પર્શ વિષયાસક્તિથી પ્રદ્યોત ભૂપ તણી પરે,**
**બલવંત જન પણ દુઃખ લહે તેવું મળે જેવું કરે;**
**હાથણીના સ્પર્શ રાગે અંધ હાથી ખાડમાં,**
**પડતો વિચારી જીવ ? તજજે રાગ ઝટપટ સ્પર્શમાં. ૧**

શ્લોકાર્થ:—અતિ બળવાન છતાં પણ સ્પર્શમાં અત્યંત આસક્તિ રાખનાર જીવ મન્ત્રી અભયકુમારથી બંધાએલ ચંડપ્રદ્યોત નામના રાજાની જેમ દુઃખને પામે છે. અથવા જો હાથી હાથણીના સ્પર્શમાં આંધળી બુદ્ધિવાળો થતાં ઢાંકેલા ખાડામાં પડયો ન હોત તો તેને કોણ પકડી શકત ? અર્થાત્ કોઈ જ પકડત નહિ. ૧૦૨

સ્પષ્ટાર્થ:—હવે સ્પર્શની આસકિતથી જીવ દુઃખમાં આવી પડે છે તે વાત જણાવતાં કવિરાજ કહે છે કે જેઓ અતિ બળવાન હોય છતાં પણ સ્પર્શ વિષયમાં ઘણા આસક્ત થાય એટલે સ્ત્રી વગેરેના સ્પર્શમાં લંપટ બને તો તે જીવો દુઃખને પામે છે તો સામાન્ય જીવોની તો વાતજ શી ? જેમ અવન્તી નગરીનો ચંડપ્રદ્યોત નામે રાજા ઘણો બળવાન હતો એટલે લડાઈમાં જીતી શકાય તેવો ન્હોતો, તો પણ શ્રેણિક રાજાના પુત્ર મંત્રી અભયકુમારે વેશ્યાનો સ્પર્શ કરવામાં રાગવાળા બનેલા તેને કેદમાં પૂર્યો. તેથી તે બળવાન છતાં પણ દુઃખ પામ્યો. આ બાબતમાં બીજું પણ ઉદાહરણ આપતાં જણાવે છે કે હાથીને પકડવાનું કાર્ય મુશ્કેલ છે અથવા હાથી મનુષ્યથી પકડી શકાય નહિ, તે છતાં પણ તે મનુષ્યથી પકડાય છે. કારણ કે હાથી હાથણીના સ્પર્શ સુખમાં

આસક્ત થઇને હાથણી પાસે જતાં વચમાં મનુષ્યે ઘાસથી ઢાંકેલા ખાડામાં પડે છે, તે વખતે માવત વગેરે તેને પકડીને સ્વાધીન કરે છે. તેથી તે પોતાનું સ્વતંત્રતાનું સુખ ગુમાવે છે અને દુઃખી થાય છે.

**ચંડપ્રદ્યોત રાજાની** ટૂંક બીના આ પ્રમાણે જાણવી—

અવન્તી નામની નગરીમાં ચંડપ્રદ્યોત નામનો રાજા રાજ્ય કરતો હતો. તેણે એક વખત રાજગૃહી નગરીમાં રાજ્ય કરતા શ્રેણિક રાજાની ઉપર ચૌદ રાજાઓ સાથે ચડાઈ કરી. તેને પોતાના રાજ્ય ઉપર આવતો સાંભળીને શ્રેણિક રાજાએ વિચાર્યું કે મહા બળવાળા આ રાજાને હું કેવી રીતે જીતીશ. તેથી ચિંતાતુર મુખવાળા રાજાને જોઈને શ્રેણિક રાજાના પુત્ર અભયકુમાર મન્ત્રીએ કહ્યું કે હે પિતાજી! જો અવન્તીનો રાજા તમારો અતિથિ થાય તો તેમાં તમારે ચિંતા શા માટે કરવી. હે રાજેન્દ્ર! તેની સાથે યુદ્ધની ચિંતા તમારે કરવી નહિ. જે કાર્ય બુદ્ધિથી સાધ્ય હોય ત્યાં લડાઈની જરૂર નથી. હું બુદ્ધિથી આ કાર્ય ( એટલે ચંડપ્રદ્યોતને હરાવવાનું કામ ) સાધીશ. એમ કહી અભયકુમારે નગરની બહાર શત્રુના સૈન્યનો પડાવ નાંખવાના સ્થાને સોનામહોરોથી ભરેલા લોઢાના કળશો અગાઉથી દટાવ્યા. કેટલોક સમય વીત્યા બાદ અવન્તીનાથ ચંડપ્રદ્યોતના સૈન્યે રાજગૃહ નગરને ચારે બાજુથી ઘેરી લીધું. ત્યાર પછી બુદ્ધિશાળી અભયકુમારે ચંડપ્રદ્યોત રાજાની પાસે પોતાના ચર પુરૂષો સાથે એક પત્ર મોકલાવ્યો. તેમાં તેમણે જણાવ્યું કે શિવારાણી. અને ચેલ્લણા રાણીમા હું જરા

પણ ભેદ જોતો નથી. ( આ બંને ચેડા રાજાની પુત્રીઓ હતી. તેમાં શિવા ચંડપ્રદ્યોતની રાણી હતી અને ચેલ્લણા શ્રેણિક રાજાની રાણી હતી.) શિવા રાણીની સગાઈથી તમે પણ મારે માનનીય છો. તેથી તમારૂં એકાન્ત હિત ઈચ્છનાર હું તમને જણાવું છું કે શ્રેણિક રાજાએ તમારા સર્વે રાજાઓને ફોડી નાખ્યા છે. તેઓને વશ કરવાને શ્રેણિક રાજાએ ગુપ્ત રીતે તેઓને સોનામહોરો આપી છે અને તેઓએ તે લીધી છે તેના બદલામાં તેઓ તમને બાંધીને શ્રેણિક રાજાને સોંપી દેશે. જો આ વાતની તમને ખાતરી ન થતી હોય તો તેમના રહેઠાણમાં સોનામહોરો દાટેલી છે તે ખોદાવીને જુઓ. ચંડપ્રદ્યોતે ખાત્રી કરવાને એક રાજાનો આવાસ પોતાના માણસો પાસે ખોદાવ્યો તો તેમાંથી સોનામહોરોથી ભરેલો લોઢાનો કળશ નીકળ્યો. આ પ્રમાણે ખાત્રી થવાથી તે રાજા ભયભીત થઈને નાઠો. અને તેના નાસી જવાથી તેનું સૈન્ય પણ નાસવા લાગ્યું. તે વખતે શ્રેણિક રાજાએ તેના હાથી ઘોડા ખજાનો વગેરે લુંટી લીધું. ચંડપ્રદ્યોત રાજા વાયુવેગી ઘોડા ઉપર બેસીને મહામુશીબતે પોતાની નગરીએ પહોંચ્યો. ચંડપ્રદ્યોત નાશી જવાથી બીજા રાજાઓ તથા સૈન્યના માણસો પણ નાશી ગયાં. અને ચંડપ્રદ્યોતની પાછળ પાછળ તેઓ પણ અવન્તી નગરીમાં પહોંચ્યા. રાજાઓએ ચંડપ્રદ્યોતને નાશી આવવાનું કારણ પૂછ્યું ત્યારે તેણે અભયમંત્રીનો લેખ દેખાડયો. ત્યારે રાજાઓએ ખાત્રી પૂર્વક કહ્યું કે હે રાજન્! આપણને અભયકુમાર મંત્રીએ ઠગ્યા છે. અમને પણ આ વાતની બીલકુલ ખબર નથી.

આ પ્રમાણે પોતે છેતરાયો છે અને નાશી આવવાથી

પોતાની હાંસી થઈ છે એવું જાણીને ચંડપ્રદ્યોત રાજા અભયકુમાર ઉપર ઘણો ગુસ્સે થયો તેથી તેણે સભામાં કહ્યું કે અભયકુમારને બાંધીને અહીં કોણ મને લાવી આપશે ? આ સાંભળીને સભામાં રહેલી કોઈક વેશ્યાએ હાથ ઉંચા કરીને કહ્યું કે હે રાજન્ ! આ કાર્ય કરવા હું સમર્થ છું માટે મને આજ્ઞા આપો. ત્યારે રાજી થઈને રાજાએ કહ્યું કે એ એમ છે તો તું તે કાર્ય જલ્દી કર. પરંતુ આ કાર્યમાં તારે શેની જરૂર છે તે કહે. ત્યારે વેશ્યાએ વિચાર્યું કે ધર્મના બ્હાના સિવાય બીજા કોઈ પણ પ્રકારે અભયકુમાર પકડાશે નહિ. તેથી તેણે પોતાની સરખી ઉંમરવાળી બે સ્ત્રીઓની રાજા પાસે માગણી કરી. તે વખતે ચંડપ્રદ્યોતને તેને બે સ્ત્રીઓ અને પુષ્કળ ધન આપ્યું. ત્યાર પછી તે ત્રણે સ્ત્રીઓ સાધ્વીઓની ઉપાસના કરી જૈન ધર્મની રીતભાત જાણનારી બની.

ત્યાર પછી ઘણા પરિવાર સાથે તે ત્રણે સ્ત્રીઓ રાજગૃહી નગરીએ પહોંચી. અને પરિવારને નગરની બહાર રાખીને જિનબિંબોને નમસ્કાર કરવા માટે નગરીમાં ગઈ. ત્યાં નગરમાં રાજાએ કરાવેલા દેરાસરમાં ત્રણ નિસિહી પૂર્વક પ્રવેશ કરીને વંદના કરી. તેણીઓએ મધુર વાણીથી એવી સરસ સ્તુતિ કરી કે જે સાંભળીને ત્યાં આવેલા અભયકુમાર પણ ખુશી થયા.

અભયકુમારે પ્રભુને વંદન કરીને વેશ્યાને પૂછ્યું કે તમે કોણ છો ? ક્યાંથી આવ્યા છો ? ત્યારે કપટી શ્રાવિકા બનેલી વેશ્યાએ કહ્યું કે હું અવન્તી નગરીના શેઠની પત્ની

દુર્દૈવથી વિધવા બની છું તેમજ આ બે મારા પુત્રની વહુઓ પણ નસીબ યોગે વિધવા બની છે. તેથી અમે તીર્થયાત્રા કરવા નીકળ્યા છીએ. હર્ષિત થએલા અભયકુમારે કહ્યું કે તમે આજે મારા અતિથિ થાઓ. કારણ કે તમે મારા સાધર્મિક છો. સાધર્મિકની ભક્તિ જિનપૂજાની જેમ ફલ આપે છે. ત્યારે વેશ્યાએ કહ્યું કે એ તમારૂં કહેવું ઠીક છે. પરંતુ અમે આજે ઉપવાસી છીએ. ત્યારે અભયકુમારે કહ્યું કે તમે સવારે મારે ઘેર આવજો. ત્યારે તેણીએ કહ્યું કે પ્રાણીઓનું આયુષ્ય ક્ષણે ક્ષણે ઓછું થાય છે, તો કાલે અમે આમ કરીશું એમ કઈ રીતે કહેવાય ? આવા પ્રકારના તેમના વચનથી સંતોષ પામીને આવતી કાલે તેમને નિમન્ત્રણ આપવાનું વિચારી તે પોતાના ઘેર ગયો.

બીજે દિવસે તેમને પોતાને ત્યાં બોલાવી અભયકુમારે સન્માન પૂર્વક ભોજન કરાવ્યું. વેશ્યાએ પણ અભયકુમારને ભોજન માટે નિમન્ત્રણ આપ્યું. અભયકુમાર પણ તેમને ત્યાં જમવા ગયા. ભોજન કરાવ્યા પછી તેમણે અભયકુમારને ચન્દ્રહાસ દારૂથી મિશ્ર પાણી પીવરાવ્યું. તેથી તે બેભાન થઈ ગયો. બેભાન થએલા અભયકુમારને પ્રથમથી તૈયાર રાખેલા રથમાં નાંખીને અવન્તી નગરીમાં લઈ ગયા. અને તેને ચંડપ્રદ્યોત રાજાને સોંપી બધી બીના જણાવી. રાજાએ તેને લાકડાના પાંજરામાં પૂર્યો.

આ ચંડપ્રદ્યોત રાજા પાસે શિવાદેવી રાણી, લોહજંઘ લેખવાહ ( કાસદીયો ) અગ્નિભીરૂક નામનો રથ અને નલ-

ગિરિ નામે હાથી એ ચાર રત્નો ( શ્રેષ્ઠ પદાર્થો ) હતાં. અભયકુમારે ઝેરવાળા મોદક ખાતાં લોહજંઘનો બચાવ કર્યો, તેથી પ્રસન્ન થએલા રાજાએ તેને બંધનમાંથી છુટા કરવા સિવાય વરદાન માગવા કહ્યું, ત્યારે અભયકુમારે તે વરદાન થાપણુ વરીકે રાજા પાસે રહેવા દીધું.

આ ચંડપ્રદ્યોત રાજાએ પોતાની પુત્રી વાસવદત્તાને સંગીત ભણાવવાને ઉદયન રાજાને પકડી મંગાવ્યો હતો. તે ઉદયન રાજા વાસવદત્તાને સંગીત ભણાવે છે, તેવામાં એક વાર રાજાનો નલગિરિ હાથી આલાન સ્તંભ ઉખાડીને ભમતો નગરવાસીઓને ત્રાસ પમાડતો હતો. તેને કેમ વશ કરવો ? એવું રાજાએ અભયકુમારને પૂછયું ત્યારે ઉદયન રાજા પાસે સંગીત કરાવીને હાથીને વશ કર્યો, તેથી રાજાએ અભયકુમારને બીજું વરદાન આપ્યું તે પણ અભયકુમારે રાજા પાસે થાપણ તરીકે રાખ્યું. એ પ્રમાણે જ્યારે નગરમાં મોટો અગ્નિનો ઉપદ્રવ થયો ત્યારે અભયકુમારે તેને પણુ બુદ્ધિબળથી શાન્ત કરાવ્યો. વળી નગરમાં અકલ્યાણકારી ઉપદ્રવ થયો ત્યારે પણુ અભયકુમારે તે ઉપદ્રવ શિવાદેવી પાસે શાંત કરાવ્યો. એ પ્રમાણે રાજાએ બીજાં પણ એ વરદાન અભયકુમારને આપ્યા. તે વખતે અભયકુમારે વરદાનના બદલામાં શિવાદેવી, નલગિરિ હસ્તી, અગ્નિભીરૂક રથ વગેરે માગ્યાં. પરંતુ તે આપવાને અસમર્થ રાજાએ અભયકુમારને છુટો કર્યો. તે વખતે અભયકુમારે રાજાને કહ્યું કે જેવી રીતે તમે કપટથી મને બંધનમાં નાખ્યો, તેવી રીતે હું પણ તમને ખરા બપોરે ઉચ્ચ સ્વરે પોકાર કરતાં ભર બજારમાંથી લઈ જઈશ.

અહીંથી અભયકુમાર કેટલાક કાલે રાજગૃહી નગરીએ પહોંચ્યા. ત્યાં કેટલોક વખત શાંતિમાં ગાળીને અભયકુમાર વણિકનો વેષ લઈને બે ગણિકાની કન્યાઓ સાથે અવન્તી નગરીમાં ગયા અને રાજમાર્ગ ઉપર ઘર લઈને રહ્યા. રાજમાર્ગે થઈને જતા ચંડપ્રદ્યોત રાજાએ એક વાર તે બંનેને જોઈ અને તેમને જોઈને રાજા કામાન્ધ બન્યો. તેમના સંગની ઈચ્છાવાળા રાજાએ દૂતી મોકલી. પરંતુ તેમણે તેને મારીને કાઢી મૂકી. બીજે દિવસે પણ દૂતીને સ્હેજ ધક્કો મારીને કાઢી, ત્રીજે દિવસે આવી ત્યારે તેમણે કહ્યું કે અમારો ભાઈ અમારૂં રક્ષણ કરે છે માટે સાતમે દિવસે તે બહાર જાય ત્યારે રાજા જો ગુપ્ત રીતે અહીં આવે તો સંગમ થાય.

હવે અભયકુમારે પ્રદ્યોત રાજા સરખા કોઈક પુરૂષનું પ્રદ્યોત નામ રાખ્યું હતું તેને ગાંડો જણાવીને નગરમાં ભમાડે છે. ને કહે છે કે—મારો ભાઈ ગાંડો થઈ ગયો છે તેથી નગરમાં રખડયા કરે છે તેને મારે કેવી રીતે સાજો કરવો એમ બોલતો અભયકુમાર તેને વૈદને ત્યાં લઈ જાય છે. જ્યારે તેને અભયકુમાર વૈદને ત્યાં લઈ જાય છે ત્યારે તે ઉચ્ચે સ્વરે લોકોની આગળ બોલે છે કે મને પ્રદ્યોતને આ હરણ કરી જાય છે. આવી રીતે વારંવાર બોલતા તેના પ્રત્યે આ ગાંડો છે એવું જાણતા લોકો ધ્યાન પણ આપતા નથી.

હવે સાતમે દિવસે રાજા એકલો ગુપ્ત રીતે આવ્યો. અને તેને અભયકુમારના માણસોએ બાંધી લીધો. એવી રીતે બાંધેલા રાજાને અભયકુમાર નગરીના મુખ્ય ભાગમાંથી ખરે

બપોરે લઇ ગયો. રાજાએ હું ચંડપ્રદ્યોત આ દેશનો રાજા છું. એવું ઘણું કહ્યું પરંતુ લોકો તો આ ગાંડો છે એવું જાણીને તેના તરફ ધ્યાન પણ દેતા નથી. એ પ્રમાણે ચંડપ્રદ્યોત રાજાને અભયકુમાર રાજગૃહી નગરીમાં લઇ ગયો. અને શ્રેણિક રાજાની આગળ તેને મૂકયો. કોપેલો શ્રેણિક ખડ્ગ લઈને તેના પ્રત્યે દોડયો પરંતુ અભયકુમારે શ્રેણિકને સમજાવીને તેનો સત્કાર કરીને છોડી મૂકયો. આ પ્રમાણે ચંડપ્રદ્યોત રાજાના દૃષ્ટાન્તથી સમજવું જોઇએ કે–સ્પર્શનો અનુરાગ ભવભયના કારણભૂત છે એવું જાણીને હે ભવ્યજનો! તમે સ્પર્શેન્દ્રિયના વિષય સુખમાં આસક્ત થશો નહિ.

અવતરણ:—સ્પર્શમાં આસક્ત થનાર જીવની મૂર્ખતા જણાવે છે—

॥ वसंततिलकावृत्तम् ॥

१ ६ ७ २
यः स्पर्शसौख्यलवमिच्छति मूढबुद्धिः,
३ ५
सिद्धिमदेन तपसा सुकुमालिकेव ।
१२ ११
चिन्तामणेः सकलभूतलराज्यदातु–
१० ९ १३ १४ ८
र्बालः स भृष्टचणकान् वृणुते क्षुधार्तः॥१०३

જે મૂઢ શિવ દેનાર તપથી સ્પર્શ સુખને ચાહતો,
સુકુમાલિકા (જેમ) તેહ ચિંતારત્ન પાસે માંગતો;
સેકયા ચણાને બાલક ભૂખ્યો જેમ મૂર્ખ ગણાય છે,
સ્પર્શ સુખને ચાહનારો તેમ મૂર્ખ મનાય છે. ૧૦

**શ્લોકાર્થ**:—મૂઢ બુદ્ધિવાળો જે મનુષ્ય સુકુમાલિકાની જેમ સિદ્ધિના સુખને આપનાર તપ વડે કરીને સ્પર્શ ઇન્દ્રિયના વિષય સુખના લેશને ઇચ્છે છે તે અજ્ઞાની ભૂખ્યો માણસ સઘળી પૃથ્વીના રાજ્યને પણ આપનાર ચિન્તામણિ પાસેથી શેકેલા ચણાની માગણી કરે છે. ૧૦૩

**સ્પષ્ટાર્થ**:—જે પુરૂષ મોક્ષ સુખને આપનાર તપના બદલામાં સ્પર્શના ક્ષણિક સુખને ઇચ્છે છે તે સુકુમાલિકાની જેમ મૂર્ખ જાણવો. એટલે જે તપના પ્રભાવથી મોક્ષનાં શાશ્વત સુખની પ્રાપ્તિ થાય, તે તપના ફળ રૂપે જે તુચ્છ અને થોડો સમય રહેનાર સ્પર્શેન્દ્રિયના વિષય સુખને ઇચ્છે, તે મૂઢ માણસ પોતાનું હિતાહિત લગાર પણ સમજતો નથી. આ બાબતમાં સુકુમાલિકાનું દૃષ્ટાન્ત જાણવું. આ કથા આગળ કહી ગયા છીએ તેથી અહીં કહેવામાં આવતી નથી. કવિરાજ ઉદાહરણ આપીને સમજાવે છે કે જે ભૂખ્યો પુરૂષ બીનસમજણને લઇને સમસ્ત પૃથ્વાના રાજ્યને આપનાર ચિન્તામણિ રત્નની પાસે ભૂખની શાન્તિ માટે શેકેલા ચણા માગે તે કૃત્ય જેમ મૂર્ખાઈ ભરેલું ગણાય તેવી રીતે સ્પર્શેન્દ્રિયના તુચ્છ સુખને માટે સિદ્ધિના સુખને આપનાર તપને હારી જવું તે પણ મૂર્ખાઇ ભરેલું કામ જાણવું. માટે સ્પર્શેન્દ્રિયના વિષય સુખમાં આસક્તિ રાખવી નહિ. ૧૦૩

**અવતરણ**:—હવે ટુંકામાં સાત વ્યસનોના સેવનથી થતા બૂરા ફલ જણાવે છે—

॥ स्रग्धरावृत्तम् ॥

निःस्वत्वं निर्दयत्वं विविधविनटनाः शौचनाशात्महानी,
अस्वास्थ्यं वैरवृद्धिर्व्यसनफलमिहामुत्र दुर्गत्यवाप्तिः ।
चौलुक्यक्ष्मापवत्तद्व्यसनविरमणे किं न दक्षा यतध्वं,
जानन्तो माऽन्धकूपे पतत चलत मा दृग्विषाहेः पथा हे ? १०४

નિર્ધનપણું જ જુગારથી નિર્દયપણું માંસાશને,
મદ્યથીજ વિડંબના સેવંત વેશ્યા વ્યસનને;
શૌચનાશ શીકારથી નિજ જીવન હાનિ ચોરીથી,
શાંતિ નહિ બહુ વૈર પરની નાર કેરા વ્યસનથી ૧

નરક ફલ સાતે વ્યસનનું ઇમ વિચારી ભવિજના ?,
છંડોજ તેહ કુમારપાલ તણી પરે આગમ તણા;
જ્ઞાની છતાં અંધાર કૂવે કિમ પડો ? તિમ સર્પના,
માર્ગ માંહે કેમ ચાલો ? તેહ ચાળા મોહના. ૨

**શ્લોકાર્થ**:—આ લોકમાં દારિદ્રય ૧, નિર્દયપણું ૨, વિવિધ વિડંબનાઓ ૩, પવિત્રતાનો નાશ ૪, આત્મહાનિ ૫, વ્યાકુલતા ૬, તથા વૈરની વૃદ્ધિ, એ સાત વ્યસનનાં ફલો અનુક્રમે જાણવાં. તથા પરલોકમાં સાતે વ્યસનોનું દુર્ગતિની પ્રાપ્તિ રૂપી ફલ જાણવું. તે કારણથી હે ચતુર પુરુષો ! ચૌલુ-

કયવંશના રાજા ( કુમારપાળ રાજા )ની જેમ વ્યસનનો ત્યાગ કરવામાં તમે કેમ પ્રયત્ન કરતા નથી. જાણવા છતાં ઉંડા કુવામાં પડો નહિ તથા દૃષ્ટિવિષ સર્પના માર્ગ તરફ જાઓ નહિ. ૧૦૪

**સ્પષ્ટાર્થ**—કવિરાજ સાત વ્યસનોમાંથી આ લોકમાં કયા વ્યસનને સેવવાથી કયું ફળ મળે તે જણાવે છે:— ૧. જુગાર રમવાના વ્યસનથી દારિદ્રય એટલે ગરીબાઈ અથવા નિર્ધનપણાની પ્રાપ્તિ થાય છે. ૨. બીજું માંસ ખાવાનું વ્યસન, તેનાથી દયાની લાગણી નાશ પામે છે. કારણ કે જેના દીલમાં દયાની ભાવના રહેલી છે તે માંસ ખાય જ નહિ. અર્થાત જેના દીલમાંથી દયાનો નાશ થાય તેજ માંસને ખાય. ૩. ત્રીજું દારૂ પીવાનું વ્યસન એટલે દારૂ પીવો, તેનાથી અનેક પ્રકારની વિટંબનાઓ પ્રાપ્ત થાય છે, કારણકે દારૂડીયા માણસને દારૂ પીએ ત્યારે હિતાહિતનું કાંઈ ભાન રહેતું નથી, વળી પૈસે ટકે ખુવાર થઈ જાય છે તેથી તેને ઘણી વિટંબનાઓ પડે છે. ૪. ચોથું વ્યસન વેશ્યા અથવા ગુણિકા તેની સોબત કરવાથી પવિત્રતાનો નાશ થાય છે. લોકોમાં તેની નિંદા થાય છે અને તેના કુલને કલંક લાગે છે. ૫. પાંચમું વ્યસન શિકાર છે. જેને શિકારનું વ્યસન પડે છે તેના જીવનને અચાનક બહુજ ધક્કો પ્હોંચે છે એટલે શિકારી પ્રાણીઓ તેના ઉપર ત્રાપ મારે, ત્યારે તેના જીવનનો પણ નાશ થાય છે. ૬. છઠ્ઠું વ્યસન ચોરી છે. તેનાથી વ્યાકુલતા રૂપી ફળ મળે છે, કારણ કે ચોરી કરનારના મનમાં હમેશાં ભય રહ્યા કરે છે કે મારી ચોરી પકડાઈ જશે તો શું થશે?

એવા ભયથી તેનું મન આકુલ વ્યાકુલ રહે છે. તેમજ જો ચોરી પકડાઇ જાય તો સજા દંડ વગેરે ભોગવવાં પડે છે. ૭ સાતમા પરસ્ત્રી સેવનના વ્યસનથી વેર ઝેર વધે, કારણ કે તે અન્ય સ્ત્રીનો સ્વામી તથા સગાંઓ તેના ઉપર બહુ જ દ્વેષ રાખે છે. એ પ્રમાણે આ લોકમાં સાત વ્યસનથી મળતાં ફલો દેખાડયાં. હવે પરલોકના ફલ જણાવતાં કહે છે કે આ સાતે વ્યસનના સેવનથી પરલોકમાં નરક ગતિ વગેરે દુર્ગતિની પ્રાપ્તિ થાય છે. તે કારણથી એટલે આ વ્યસનો આ લોક અને પરલોકમાં દુઃખદાયી છે એવું જાણીને હે ચતુર પુરૂષો તમારે તે વ્યસનોનો જરૂર ત્યાગ કરવો. અહીં દૃષ્ટાંત એ કે ચૌલુકય વંશના રાજા કુમારપાલ રાજાએ વ્યસનોનો ત્યાગ કર્યો. આ પ્રમાણે વ્યસનો મહા દુઃખદાયી છે એવું જાણવા છતાં અન્ધારા કુવામાં તમે પડો નહિ. તેમજ જેની દૃષ્ટિમાં આકરૂં ઝેર રહેલ છે, તે દૃષ્ટિ વિષ સર્પની નજર પડતાં જ સામાના શરીરમાં ઝેર ચઢે છે અને તેથી તે મરણ પામે છે. આવા ઝેરી દૃષ્ટિવિષ સર્પના માર્ગ ઉપર તમે ચાલો નહિ. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે સાત વ્યસનોનું સેવન કરવું તે અંધારા કૂવામાં જાણી જોઈને પડવા જેવું છે. અથવા જાણી જોઇને દૃષ્ટિવિષ સર્પના માર્ગે ચાલવા જેવું છે. ૧૦૪

## કુમારપાલ રાજાની કથા—

આજ ભરતક્ષેત્રમાં સૌરાષ્ટ્ર લાટ અને ગુજરાતના સીમાડામાં અણહિલપુરપત્તન નામે નગર હતું. ત્યાં અરિહંત ધર્મનો પાળનાર શ્રમણોપાસક કુમારપાળ નામે રાજા હતો. તેણે પોતાની ચારે દિશાઓમાં ઘણા દેશોને જીત્યા.

એક વાર શ્રીહેમચન્દ્રસૂરિ પાસેથી ધર્મદેશના સાંભળીને સમકિત મૂળ બાર વ્રતો રાજાએ ગ્રહણ કર્યાં. અને તે શ્રાવકના આચારને પાળનારા થયા. તે પોતે લોકોને ઉપદેશ આપે છે. તેથી જિનધર્મના દ્વેષી લોકો પણ સાધુઓ ઉપર ભક્તિભાવવાળા થયા. ગુરૂની પાસેથી જુગાર, માંસ ખાવું, મદ્યપાન, વેશ્યાસંગ, શીકાર, ચોરી અને પરદારા સેવન એ સાત વ્યસનોનો ત્યાગ કર્યો. તથા રાજ્યની અંદર પણ સાતે વ્યસનોનો નિષેધ કરાવ્યો. એકવાર રાજાએ સાતે વ્યસનના સાક્ષાત્ પૂતળાં બનાવી તેનાં મોઢે મેંશ ચોપડીને તેને દેશવટો આપ્યો. તેમણે ઘણાં જિનાલયો બંધાવ્યા. રમતમાં પણ મારી શબ્દ બોલવાનો નિષેધ કરાવ્યો. કુકડા વગેરેને લડાવવાનું બંધ કરાવ્યું. એ પ્રમાણે જિનશાસનની પ્રભાવના કરી અંતે સમાધિ મરણ પામીને તે દેવલોકમાં અપૂર્વ દેવઋદ્ધિ પામ્યા. વિશેષ બીના શ્રીઉપદેશપ્રાસાદ કુમારપાલ ચરિત્રાદિ ગ્રંથોમાંથી જાણવી.

**અવતરણઃ**—સત્કર્મ હોય તે છતાં અત્યંત સેવાથી તે પણ વ્યસન કહેવાય વગેરે બીના જણાવે છેઃ—

( शार्दूलविक्रीडितवृत्तम् )

૫ ૩ ૪ ૨ ૧ ૬
सप्तापि व्यसनानि पापसदनान्येतानि वर्ज्यानि तत्,
૮ ૧૨ ૧૧ ૧૦ ૯ ૭ ૧૩
सत्कर्मापि न शस्यते व्यसनमत्या सेवया यद्यथा ।
૧૬ ૧૪ ૧૫ ૨૦ ૧૯ ૧૭ ૧૮
स्नेहोऽनर्हत्यपि गौतमस्य गणनाऽकाले च कोशागुरो-
૨૩ ૨૧ ૨૪ ૨૨ ૨૭ ૨૬ ૨૫
र्लीनिः पारदभाविते च कनके रिष्टं फलेऽनार्तवे १०५

ત્યાજ્ય પાપસ્થાન સાતે વ્યસન અતિઆસક્તિથી,
સત્કાર્યનો કરનાર પણ જન તેહ વખણાતો નથી;
પ્રભુ વીર પરનો રાગ ગોતમ સ્વામિનો તે વ્યસન છે,
સ્થૂલભદ્રનું ભણવું અકાલે વ્યસન તેહ ગણાય છે. ૧

પારાથકી મિશ્રિત કનકમાં શ્યામતા ફલ જે અહીં,
નીપજે અકાલે તે ન સારૂં ગણાય તજ વ્યસનો સહી;
વ્યસનને તજનાર સજ્જન ધર્મ રંગે સાધતા,
સમતા સહિત શીલ પાલતા મુક્તિપ્રમોદે મ્હાલતા. ૨

**શ્લોકાર્થ**:—સાતે પણ વ્યસનો પાપનાં કારણ છે માટે એ ત્યાગ કરવા જોઈએ. કારણ કે સારૂં કાર્ય પણ અતિ આસક્તિ પૂર્વક કરતાં વ્યસન ગણાય છે તેથી વખણાતું નથી. જેમ શ્રીગૌતમસ્વામીનો અરિહંત શ્રીવીરદેવ ઉપરનો સ્નેહ (રાગ) વખણાતો નથી. વળી શ્રીસ્થૂલભદ્રની અકાલે ગણના (અભ્યાસ) વખણાતી નથી દૃષ્ટાન્ત આપે છે કે પારાથી મિશ્રિત સોનામાં મ્લાનિ અને ઋતુ વિના ઉત્પન્ન થયેલા ફળમાં રિષ્ટતા થાય છે તેમ. ૧૦૫

**સ્પષ્ટાર્થ**:—પૂર્વે જણાવેલા સાતે વ્યસનો ત્યાગ કરવા લાયક છે, કારણ કે તે પાપસ્થાનકો છે, એટલે આમાંના એક એક વ્યસનના સેવનથી પણ અશુભ કર્મો બંધાય છે. તેથી આ સાતે વ્યસનો ત્યાગ કરવા લાયક છે એટલું જ નહિ પરંતુ શુભ કાર્ય પણ અતિ આસક્તિ રાખી કરતાં વ્યસન રૂપ ગણાય છે તેથી તે સારૂં કાર્ય હોવા છતાં વખણાતું નથી. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે—શ્રીમહા-

વીર સ્વામીના પ્રથમ ગણધર શ્રીગૌતમસ્વામી હતા. તેમને પ્રભુ શ્રીમહાવીરદેવની ઉપર અત્યંત રાગ હતો. તેથી તેમને કેવલજ્ઞાન થતું નહોતું. જો કે પ્રભુના ઉપરનો રાગ વખાણવા લાયક છે તે છતાં ગૌતમસ્વામીનો રાગ વખાણવા લાયક થયો નહિ. કારણ કે તે અત્યંત આસક્તિ રૂપ હતો. તેથી તે રાગ વ્યસન રૂપ બની ગયો. કારણ શ્રીગૌતમસ્વામીના હાથે જેમણે દીક્ષા લીધી તેઓ કેવલજ્ઞાન પામી મોક્ષના સુખ પામ્યા. પણ એજ રાગને લઇને તે શ્રીગૌતમસ્વામી કેવલી ન થયા. શ્રીમહાવીર પ્રભુએ પણ પોતાના અંતકાળ વખતે વિશેષ લાભ જાણીને ગૌતમસ્વામીને દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ કરવા બીજે ગામ મોકલ્યા હતા. ત્યાંથી જ્યારે તેઓ પાછા ફર્યા, ત્યારે રસ્તામાં જાણ્યું કે શ્રીમહાવીરદેવ નિર્વાણ પામ્યા. તે વખતે રાગને લીધે પ્રથમ તો વિલાપ કર્યો. પરંતુ છેવટે તે વીતરાગ શબ્દની વિચારણા કરતાં રાગ રહિત થઈને કેવલજ્ઞાન પામ્યા. માટે પ્રભુ પ્રત્યેનો પણ અત્યંત રાગ વખાણવા લાયક નથી. વળી બીજું દૃષ્ટાન્ત આપતાં કવિરાજ જણાવે છે કે કોશાગુરૂ એટલે જેણે કોશા નામની વેશ્યાને બોધ પમાડીને શ્રાવિકા બનાવી, તે શ્રીસ્થૂલિભદ્ર નામના મુનિએ કરેલો અકાલે સ્વાધ્યાય એટલે અભ્યાસ તે પણ વખાણવા લાયક થયો નથી. કારણ કે સ્વાધ્યાય કરવો તે સારૂં કાર્ય હોવાથી વખાણવા લાયક છે, પરંતુ અકાલે કરતાં તે વ્યસન રૂપ બને છે, તેથી તે વખણાતો નથી. એમ જાણીને અતિ આસક્તિનો ત્યાગ કરવો. કારણ કે અતિ આસક્તિ વ્યસન રૂપ બની જાય છે. અહીં દૃષ્ટાંત આપતાં જણાવે છે કે સુવર્ણ એટલે સોનું સારૂં છે પરંતુ તે જો પારાથી મિશ્ર હોય તો

તેમાં ચકચકાટને બદલે કાળાશ જણાય છે. વળી ઋતુ વિના પાકેલું ફળ તે પણ સારૂં ગણાતું નથી. ૧૦૫

શ્રી ગૌતમ સ્વામીની તથા શ્રીસ્થૂલીભદ્ર મુનિની બીના શ્રીદેશના ચિંતામણિ વગેરેમાં વિસ્તારથી જણાવી છે. તેથી અહીં જણાવી નથી.

અવતરણઃ—એ પ્રમાણે ૫૧ મું સામાન્યથી વ્યસનદ્વાર કહ્યું. હવે વિસ્તારથી ક્રમસર સાતે વ્યસનોનું વિવરણ કરવાની ઇચ્છાથી પ્રથમ દ્યૂત એટલે જુગાર રમવાના વ્યસનની પરિસ્થિતિ જણાવે છેઃ—

( शार्दूलविक्रीडितवृत्तम् )

१ २ ३ ४ ५ ६ ७
द्यूतेनार्थयशः कुलक्रमकलासौन्दर्यतेजः सुहृ (हृ)
८ ९ १० १३ ११ १२
त्साधूपासनधर्मचिन्तनगुणा नश्यन्ति सन्तोऽपि हि ।
१४ १६ १५ १७
यद्वत्पाण्डुसुतेषु तन्च्युतसुधीष्वादित्यभावर्जिते
१८ २१ १९ २२ २० २३
विश्वे किं तमसा स्फुटं घटपटस्तम्भादि वा लक्ष्यते १०६

દ્યૂત રમતા દ્રવ્ય યશ આચાર સુંદરતા ખસે,
કાંતિ મિત્ર ઉપાસના ગુરૂરાજની પણ દૂર ખસે;
ધર્મ ચિંતા નાશ પામે પાંડવોને તિમ થયું,
બુદ્ધિ હારી દ્યૂત રમતાં રાજ્ય પણ ચાલ્યું ગયું. ૧

**સૂર્યતેજ રહિત જગતમાં અંધકાર બધે સ્થલે,**
**ત્યાં ન દેખાયે ઘટાદિક તિમ જૂગારતણા બલે;**
**જ્ઞાનાદિ સદ્‌ગુણ નાશ પામે તેહને ઝટ છંડિયે,**
**શાંતિમય જીવન ગુજારી ધર્મથી સુખ પામિયે. ૨**

**શ્લોકાર્થ:**—જુગારના વ્યસનને લીધે દ્રવ્ય, યશ, પોતાના કુલની શોભા, મનોહરતા, બલ, પુણ્ય (મિત્ર) સાધુની સેવા, ધર્મનું ચિન્તન વગેરે ગુણો વિદ્યમાન હોય છતાં નાશ પામે છે. જેમ દ્યૂતને લીધે સારી બુદ્ધિ ભ્રષ્ટ થવાથી પાંડવોના ગુણો નાશ પામ્યા તેમ, દૃષ્ટાન્ત કહે છે કે સૂર્યની કાન્તિ રહિત આ વિશ્વને વિષે અંધકારને લીધે ઘટ, પટ, સ્તંભ વગેરે શું સ્પષ્ટ જોઈ શકાય છે? નહિ જ. ૧૦૬

**સ્પષ્ટાર્થ:**—જુગારના વ્યસનથી ક્યા ક્યા ગુણો નાશ પામે છે તે જણાવતાં ગ્રંથકાર કહે છે કે જુગાર રમવાના વ્યસનથી દ્રવ્ય અથવા પૈસા ટકાનો નાશ થાય છે. વળી કીર્તિનો કુલાચારનો, કલાનો, સૌન્દર્યનો, તેજનો, બળનો, તથા પુણ્યનો (મિત્રનો) ગુરૂની સેવા, ધર્મની વિચારણા વગેરે ગુણો વિદ્યમાન હોય તોપણ તેનો નાશ થાય છે. માટે આ જુગારનું વ્યસન ત્યાગ કરવા લાયક છે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે પાંડુ રાજાના પુત્રો યુધિષ્ઠિર, ભીમ, અર્જુન વગેરે પાંચ પાંડવો જુગારના વ્યસનને લીધે બુદ્ધિ ભ્રષ્ટ થવાથી રાજપાટ તેમજ પોતાની પત્ની દ્રૌપદીને પણ જુગારમાં ખોઈ બેઠા હતા. તેથીજ જણાવ્યું છે કે જુગારને લીધે વિદ્યમાન ગુણો પણ નાશ પામે છે એટલે

જતા રહે છે. સૂર્યની કાન્તિ રહિત વિશ્વ હોય એટલે સૂર્યનો જ્યારે અસ્ત થયો હોય ત્યારે ફેલાએલા અંધકારને વિષે ઘટ, પટ, સ્તંભ વગેરે પદાર્થો સ્પષ્ટ દેખી શકાતા નથી. અહીં અંધકાર સમાન જુગાર જાણવું. જેમ અંધકારમાં ઘટ પટાદિક જોઈ શકાતા નથી તેમ જુગારના વ્યસનમાં આસકત જીવો પણ હિત અહિતને જાણી શકતા નથી. જો એમ ન હોય, તો યુધિષ્ઠિર જેવા સમજુ છતાં પણ પોતાની સ્ત્રીને જુગારમાં કેમ ગુમાવે. આથી જ કહેવત છે કે હાર્યો જુગારી બમણું રમે. એમ સમજીને ભવ્ય જીવોએ આ લોક અને પરલોકમાં નુકસાનકારી જુગારના વ્યસનનો ત્યાગ કરવો જોઈએ. ૧૦૧

## પાંડવોની કથા

કુરૂદેશમાં હસ્તિનાગપુર નામે નગરમાં યુધિષ્ઠિર પોતાના ભીમ, અર્જુન, નકુળ અને સહદેવ નામના ભાઈઓ સહિત રાજ્ય ભોગવતા હતા. તે પાંચ પાંડવો કહેવાતા હતા. યુધિષ્ઠિરે બનાવેલ શ્રીશાન્તિનાથના પ્રાસાદની પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઇન્દ્રપ્રસ્થ નગરથી પાંડવોએ પોતાના પિતરાઈ ભાઈ દુર્યોધન વગેરેને બોલાવ્યા હતા. તે વખતે મણિચૂડ નામના વિદ્યાધરે બનાવેલ મણિમય સહસ્ર સ્તંભવાળી સભામાં આવતા અને મણિમય ફરસબંધીને વિષે પાણીની ભ્રાન્તિથી વસ્ત્ર વગેરે ઉંચા રાખીને જતા દુર્યોધનની ભીમ વગેરે બંધુઓએ મશ્કરી કરી તેથી ક્રોધે ભરાયેલ દુર્યોધને મામા શકુનિની બુદ્ધિથી હજાર સ્તંભવાળી સભા કરાવીને યુધિષ્ઠિર વગેરેને બોલાવીને તેમની સાથે દેવાધિષ્ઠિત પાસા વડે જુગાર રમ્યો. તે જુગા-

રમાં યુધિષ્ઠિર રાજ્ય દ્રૌપદી સઘળું હારી ગયા. તેથી રાજપાટ છોડીને બાર વર્ષ સુધી દેશવટો ભોગવવો પડયો. એ જુગારનું પરિણામ જાણવું. એ રીતે જુગારથી કીર્તિનાશ વગેરે અનિષ્ટ ફલ જાણીને ભવ્ય જીવોએ જુગારનો જરૂર ત્યાગ કરવો જોઈએ. વિશેષ બીના શ્રીપાંડવ ચરિત્રાદિથી જાણવી.

અવતરણઃ—બીજી રીતે તેજ દ્યૂતના વ્યસનને તજવાનો ઉપદેશ આપે છેઃ—

( वसंततिलकावृत्तम् )

१ ४ २ ३ ५ ७ ६
द्यूतं न किं त्यजत किं दहत स्वगेहं,
९ ८ १३ १२ ११ १०
श्वानं च मूत्रयत किं वदने स्वकीये ।
१४ १५ १६ १७ १८
तत्तादृशमिपतमासहितो नलोऽपि,
२३ १९ २० २१ २२
जानीत रोर इव राज्यसुखान्निरस्तः ॥ १०७

**હે સજ્જનો તજતા નથી કિમ ? દ્યૂતને નિજ ગેહને,**
**બાળો તમે શું કામ ? મૂતરાવો જ કુતરાને અને,**
**નિજ મુખે જાણો તમે નલ સ્ત્રી સહિત દ્યૂતે કરી,**
**રાજ્ય સુખને પરિહરી પામ્યો જ નિર્ધનતા ખરી.**

શ્લોકાર્થઃ—હે ભવ્ય જીવો ! તમે જુગારને કેમ તજતા નથી ? પોતાના ઘરને કેમ બાળો છો ? પોતાના મોંઢામાં કુતરાને કેમ મૂતરાવો છો ?. કારણકે જુગારથી તેવા

પ્રકારની પ્રિયતમા સહિત નળ રાજા પણ રાજ્ય સુખથી દૂર કરાએલો ગરીબની જેવો થયો એમ તમે જાણો. ૧૦૭

સ્પષ્ટાર્થ:—આ જુગારના વ્યસનની કયા કાર્યો સાથે સરખામણી કરી શકાય ? તે જણાવતાં ગ્રંથકાર જણાવે છે કે તમે આ જુગારના વ્યસનનો કેમ ત્યાગ કરતા નથી ? પોતાના ઘરને કેમ બાળો છો ? અથવા જુગાર રમવું તે પોતાના ઘરને બાળવા જેવું છે. અથવા પોતાના મોંઢામાં કૂતરાને કેમ મૂતરાવો છો. જેમ પોતાના મુખમાં કૂતરાને મૂતરાવવાનું કાર્ય કોઇને પસંદ હોતું નથી, છતાં કોઈ પોતાના મુખ ઉપર કૂતરાને મૂતરાવે તો તે લોકમાં નિંદાને પાત્ર થાય છે તેમ જુગાર રમવાના વ્યસનથી લોકોમાં જુગારીની નિન્દા થાય છે. દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે નિષધ દેશનો નલ રાજા પોતાના નાના ભાઇ સાથે જુગાર રમીને ગુણવંતી દમયંતી સહિત રાજપાટ ખોઇ જંગલમાં ચાલ્યો ગયો, અને તેથી રાજ્યના સુખથી રહિત થએલો ગરીબ જેવો તે જંગલમાં રખડતાં ઘણો દુ:ખી થયો અને દમયંતી પણ તેની સાથે અનેક પ્રકારનાં દુ:ખ પામી. આવું ભયંકર જુગારનું સ્વરૂપ જાણીને ભવ્ય જીવોએ તેનો જરૂર ત્યાગ કરવો જોઈયે. નળ રાજાની કથા પહેલાં કહી છે. ૧૦૭

અવતરણ:—હવે ત્રેપનમું માંસ ખાવાના વ્યસનનું દ્વાર જણાવે છે:—

( वसंततिलकावृत्तम् )

१ २ ३ ४ ५ ६
मांसाशनान्नरक एव ततः स देव–
९ ८ १० ७
स्तल्लोलुपं हरिनृपं कृतवान् सरोषः ।

१३ ११
किं पाकपेशलतराशनदत्ततृष्णे,
१२ १४ १५ १६
किंपाकभाजिनि मृतेरपि संशयोऽस्ति ? १०८

**માંસ ખાતાં નરકપ્રાપ્તિ નિશ્ચયે તિણ માંસમાં,**
**લોલુપ બનાવે દેવશત્રુ હરિ નૃપતિને વિશ્વમાં,**
**હરિવંશ લેત પ્રસિદ્ધિને કિંપાક ફલ આરોગતા,**
**મરવા વિષે સંશય હુવે શું? માંસથી નરકે જતા. ૧**

શ્લોકાર્થ:—માંસનું ભક્ષણ કરવાથી નરકજ મળે છે. તે કારણથી (પૂર્વના વૈરને લીધે) કોપેલા દેવે હરિ નામના રાજાને તેમાં લોલુપતાવાળો (આસક્ત) કર્યો. પકવ પણાથી મનોહર ભક્ષ્યને વિષે અતિ લાલચુ બનેલા એવા કિંપાક ફલનું ભોજન કરનાર જનને વિષે શું મરણનો પણ સંશય હોય? અથવા નહીજ. ૩૦૮

સ્પષ્ટાર્થ:—માંસનું ભક્ષણ કરનારને નરકગતિની પ્રાપ્તિ થાય છે તે હકીકત જણાવતાં કવિરાજ જણાવે છે કે માંસ ખાનારને તો નરકગતિનીજ પ્રાપ્તિ થાય છે. કારણ કે માંસ ખાનારના પરિણામ અતિશય ક્રૂર હોય છે અને તેથી તેઓ અશુભ ધ્યાનવાળા એટલે અનેક જીવોના વધના પરિણામવાળા થાય છે તેથી તેઓ નરકગતિમાં જાય છે. અને આજ કારણથી પૂર્વ ભવના વૈરને લીધે મધુપિંગલના જીવે પોતાના પૂર્વ ભવનો વૈરી જીવ જે હરિવર્ષ ક્ષેત્રમાં યુગલિઓ થયો હતો તેને જોઇને રોષથી મનમાં તેને દુઃખી કરવાનો વિચાર

કરીને તેને મિથિલાનગરીમાં લાવી રાજા બનાવીને માંસમાં અતિ આસક્તિવાળો બનાવ્યો. તેથી તે યુગલિક હોવાથી દેવગતિમાંજ જાત, છતાં માંસમાં અને મદિરામાં લાલચુ થએલો તે અશુભ ધ્યાનથી મરીને નરકગતિમાં ગયો. આ પ્રમાણે જે યુગલિયાનો જન્મ એવો છે કે જ્યાંથી મરીને તે અવશ્ય દેવજ થાય, તે છતાં તેની આ કુદરતી સ્થિતિમાં પણ માંસની લોલુપતાએ ફેરફાર કરી નાખ્યો અને નરકના દુઃખનો ભોકતા બનાવ્યો તો બીજા જીવો માંસભક્ષણમાં આસક્ત બને તો નરકમાં જાય એમાં તો શું કહેવું? અહીં ઉદાહરણ આપતાં જણાવે છે કે જેને સારી સારી મનોહર રસોઈ પકાવીને ખાવાની લોલુપતા હોય તે જીવ સુંદર પાકેલા બહારથી રમણીય જણાતા કિંપાક વૃક્ષના ફલને જોઈને તેનું ભક્ષણ કરે તો તેનું મરણ થાય તેમાં કાંઈ સંશય હોય ખરો કે? નહિજ. એટલે કિંપાક વૃક્ષના ફળને ખાનારનું અવશ્ય મૃત્યુ થાય તેમ માંસનું ભક્ષણ કરનારને નરકગતિ મળે તેમાં કાંઈ સંશય નથીજ. માટે સમજુ ધર્મિષ્ઠ ભવ્ય જીવોએ માંસ ખાવાનો વિચાર પણ નજ કરવો જોઈયે. ૧૦૮

## ॥ હરિ રાજાની કથા ॥

મધુપિંગલનો જીવ મરીને દેવ થયો. તેણે અવધિજ્ઞાનથી પોતાનો પૂર્વ ભવ જાણ્યો. તે વખતે પોતાનો વૈરી જીવ હરિ વર્ષ ક્ષેત્રમાં યુગલિક થયો છે એવું જાણીને તેણે રોષથી આ પ્રમાણે વિચાર્યું કે જો હું તેને દુઃખ આપીને હમણાં મારીશ તો તે મરીને દેવ થશે અને તેથી સ્વર્ગમાં અહીં કરતાં પણ વધારે સુખી થશે. માટે મારે એવું કરવું જોઈએ

કે જેથી તે વધારે દુ:ખો થાય. આવા વિચારથી તે દેવ યુગલિકને મિથિલા નગરીમાં લાવ્યો. તેને રાજ્ય ઉપર સ્થાપન કરીને તેનું હરિ એવું નામ પાડયું અને તેને માંસ ખાવામાં અને દારૂ પીવામાં આસક્ત બનાવ્યો. તેથી તે રાજા માંસ ખાતો અને ઘણો દારૂ પીતો હતો. તેથી અશુભ ધ્યાનથી મરીને નારકીમાં ઉત્પન્ન થયો અને આ પ્રમાણે માંસમાં આસક્ત થવાથી તે દુ:ખી થયો. આ હરિ રાજાથી હરિ વંશની ઉત્પત્તિ થઈ છે. શ્રીકલ્પસૂત્રાદિ જૈનેન્દ્ર પ્રવચનમાં યુગલિકનું અહીં લાવવું વગેરે બીના આશ્ચર્ય ( અછેરા ) માં ગણાવી છે.

અવતરણ:—બીજી રીતે માંસને તજવાનો ઉપદેશ આપે છે—

( वसततिलकावृत्तम् )

३ ४ २ ५ १
स्नेहो दयाऽपि हृदि काऽऽमिषलोलुपानां,
२ ८ ६ ७ ९
किं चेल्लणापि पतिमांसदलानि नैच्छत् ।
१४ १३ १२ ११ १०
नाश्नाति किं निजकुटुम्बमपि द्विजिह्वी,
१८ १६ १७ १९ २१ २० १५
स्थानं स्वमन्यदपि किं दहतीह नाग्निः ॥ १०९

કયાંથી જ હોવે સ્નેહ કરૂણા માંસ લોલુપી જને,
ચેલ્લણા શું ના ચહે ખાવા પતિના માંસને;

**સાપણ કુટુંબ પણ ખાયના શું અગ્નિ**
**નિજ પર સ્થાનને,**
**શું ન બાળે માંસ ખાતાં ગુણ ગળે તજ તેહને. ૧**

શ્લોકાર્થ:—માંસમાં આસક્ત જીવોના હૃદયમાં સ્નેહ અને દયા કયી જાતની હોય? ચેલ્લણા જેવી મહાસતીએ પણ પતિના માંસના ટૂકડાની ઈચ્છા નહોતી કરી? સાપણ પોતાના કુટુમ્બને પણ શું ખાતી નથી? આ લોકમાં અગ્નિ પોતાના અને પરના સ્થાનને શું બાળતો નથી? ૧૦૯

સ્પષ્ટાર્થ:—માંસના ભક્ષણમાં આસક્ત થએલા જીવોના હૃદયમાં સ્નેહ અથવા પ્રાણીઓ ઉપર હેત હોતું નથી તેમજ તેમના હૃદયમાં દયાભાવ પણ હોતો નથી, કારણકે જેના હૃદયમાં દયાભાવ વર્તતો હોય તે તો માંસ ખાયજ નહિ. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં કહે છે કે શ્રેણિક રાજાની પટ્ટરાણી ચેલ્લણા નામની રાણી જે મહા સતી ગણાય છે તેને પણ પતિના શરીરનું માંસ ખાવાની ઈચ્છા થઈ હતી. આ બાબતમાં બીજું ઉદાહરણ આપતાં જણાવે છે કે સાપણ શું પોતાનાજ કુટુંબનું ભક્ષણ નથી કરતી અથવા તો સાપણ જેમ પોતાના બચ્ચાઓનું ભક્ષણ કરે છે તેમ માંસમાં લોલુપ જીવોનું પણ સમજવું. વળી બીજું દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે અગ્નિ શું પોતાના સ્થાનનો તથા પરસ્થાનનો એટલે બીજી બાળવાલાયક વસ્તુ જે સ્થાનમાં રહી છે તે બંનેને શું બાળતો નથી? અથવા તે અગ્નિ જેમ પોતાને તથા પરને બાળે છે તેમ માંસ લોલુપી જીવ પોતે

કર્મબંધ કરીને દુર્ગતિને લાયક બને છે, અને બીજા પ્રાણીઓનો પણ માંસ મેળવવાની ઇચ્છાથી નાશ કરે છે. માટે અત્યંત નિંદવા લાયક માંસભક્ષણનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ. ૧૦૯

## ॥ ચેલ્લણા રાણીની કથા ॥

વસંતપુર નગરમાં જિતશત્રુ નામે રાજાની અમરસુંદરી રાણીનો સુમંગલ નામે પુત્ર હતો. તથા શ્યેનક નામે મંત્રીનો પુત્ર હતો તે ઘણો કુરૂપવાળો હોવાથી સુમંગલ તેને જોઇને તેની મશ્કરી કરતો હતો. તેથી તે શ્યેનકે દુઃખગર્ભ વૈરાગ્ય પામીને પરિવ્રાજક પાસે દીક્ષા લીધી. સુમંગલ રાજા થયો. મહાતપસ્વી શ્યેનક પણ ભમતો ભમતો ત્યાં આવ્યો. રાજાએ તપસ્વી પોતાનો પૂર્વનો મિત્ર છે તેથી તેને પારણા માટે આમંત્રણ આપ્યું. મહિનાના ઉપવાસને અંતે તપસ્વી પરિવ્રાજક પારણા માટે રાજાના મહેલમાં આવ્યા. તે વખતે રાજાના શરીરે મોટી અશાંતિ ઉત્પન્ન થઈ. તેથી સઘળા રાજલોકો રાજાની બાબતમાં વ્યગ્ર હોવાથી કોઈએ મુનિને જોયા નહિ. તપસ્વી પારણું કર્યા સિવાય પાછા ગયા અને બીજું માસક્ષમણ શરૂ કર્યું. રાજા સ્વસ્થ થયો ત્યારે તપસ્વીના પારણાનું સ્મરણ થવાથી તપસ્વી પાસે જઈને ખમાવ્યા. અને ફરીથી પારણાનું આમંત્રણ આપ્યું. પારણાના દિવસે રાજાને ફરીથી અસ્વાસ્થ્ય થયું. એમ ત્રણ વખત પારણાનું આમંત્રણ આપ્યું અને ત્રણે વાર તે શ્યેનક તપસ્વીને પાછું જવું પડયું. તેથી શ્યેનક તપસ્વીને એવો વિચાર થયો

કે રાજાને હજી પણ મારા ઉપર દ્વેષ ઘણો છે. તેથી તે વખતે તપસ્વીએ નિયાણું કર્યું કે હું આ તપના પ્રભાવથી આ રાજાને મારનારો થાઉં. ત્યાર પછી મરીને તે વ્યન્તર દેવ થયો. રાજા પણ તાપસ થઇ છેવટે મરીને વ્યન્તર થયો.

રાજાનો જીવ ત્યાંથી ચ્યવીને પ્રસેનજિત રાજાનો શ્રેણિક નામે પુત્ર થયો. અનુક્રમે શ્રેણિક રાજા થયો. ત્યાર પછી તેની ચેલ્લણા રાણીની કુખે શ્યેનકનો જીવ પુત્ર રૂપે ઉત્પન્ન થયો. પૂર્વ ભવના નિયાણાને લીધે તે ગર્ભમાં હતો ત્યારે જ ચેલ્લણાને ધણીનું માંસ ખાવાનો દોહદ થયો. પરંતુ રાણી તે કોઇને કહી શકી નહિ. દોહદ નહિ પૂરાવાથી તે સૂકાઈ ગઈ. તેને સૂકાએલી જોઇ રાજાએ પૂછવાથી તેણીએ પોતાના દોહદની હકીકત કહી. રાજાએ તે વાત અભયકુમારને જણાવી તેથી અભયકુમારે તેનો દોહદ યુક્તિથી પૂર્ણ કર્યો. છેવટે સંપૂર્ણ માસે તેણે પુત્રને જન્મ આપ્યો. જે પુત્ર ગર્ભમાં હતો ત્યારે પણ પતિને મારવાનો દોહદ થયો તો જીવતો તે પુત્ર આગળ કેવો થશે એવું ધારી તે જન્મ્યો ત્યારે દાસીને વનમાં ગુપ્ત રીતે મૂકવા આપ્યો. રાજાએ આ વાત જાણી ત્યારે રાણીને ઠપકો આપી પુત્રને પાછો મંગાવ્યો. વનમાં કુકડાએ તે બાળકની આંગળી છેદી. તે પાકવાની પીડાથી રડતા બાળકની પરૂવાળી આંગળી પોતાના મુખમાં રાખી રાજાએ તેને છાનો રાખ્યો. શ્રેણિકે તેનું અશોકચંદ્ર નામ પાડયું. પરંતુ લોકોમાં તે કોણિક નામે પ્રસિદ્ધ થયો. છેવટે તેણે શ્રેણિકને પાંજરામાં પૂરી રાજ્ય લઇ લીધું. અને રાજાને રોજ ચાબુકનો માર મરાવ્યો વગેરે હકીકત અન્ય ગ્રન્થોમાંથી જાણવી.

અવતરણ:—હવે ચોપનમા દારૂના વ્યસનની બીના-વાળા દ્વારનું સ્વરૂપ જણાવે છે—

( वसंततिलकावृत्तम् )

९ ५६ ७८ १
नाकृत्यकृत्यविदलं मधुपानमत्तो,
२ ३ ४
भूताभिभूत इव शून्यमनोवचोऽङ्गः ।
१६ १४ ११ १०
किं देवकीपरिणये मधुमत्तयाहो, ( मदपारवश्यात् )
१८ १७ १२ १३ १५
नाश्लेषि जीवयश साऽप्यतिमुक्तकर्षिः ११०

**મદ્યપાને મત્ત જન જાણે ન કૃત્યાકૃત્યને,**
**ભૂતવાળો જેમ નર મન વચન તન ઘેલો અને;**
**દેવકીના લગ્નમાંહે દારૂ પી ગાંડી બની,**
**જીવયશાએ શું ન ભેટયા સાધુ અતિમુક્તક ગુણી. ૧**

**શ્લોકાર્થ**:—મદ્યપાનથી ગાંડો બનેલો દારૂડિયો જાણે ભૂતથી પરાભવ પામ્યો હોય તેવો મન, વચન, કાયાથી બેભાન કૃત્યાકૃત્યને જાણી શકતો નથી. દેવકીના લગ્ન પ્રસંગે દારૂ પીવાથી ઉન્મત્ત થએલી જીવયશાએ અતિમુક્તક નામના ઋષિને શું આલિંગન ન્હોતું કર્યું? ૧૧૦

**સ્પષ્ટાર્થ**:—મદ્યપાન કરનાર એટલે દારૂ પીનારની કેવી હાલત થાય છે તે જણાવતાં ગ્રંથકાર કહે છે કે જેમ કોઈ માણસ ભૂતથી પરાભવ પામ્યો હોય એટલે તેને ભૂત

પ્રેત વળગ્યું હોય અને તેથી શૂન્ય મન વચન અને કાયાવાળો થઇને કૃત્યાકૃત્ય જાણવાને સમર્થ થતો નથી, તેવી રીતે દારૂ પીનારો માણસ પણ મન વચન કાયાથી શૂન્ય ( બેભાન ) બની જાય છે એટલે તેનું મન કરવા લાયક કાર્યનો અથવા નહિ કરાવા લાયક કાર્યનો વિચાર કરી શકતું નથી. તેવી રીતે વચનથી પણ જેમ તેમ મરજી મુજબ બોલ્યા કરે છે અને કાયાની પણ અસ્તોવ્યસ્ત દશા બને છે. એ પ્રમાણે દારૂ પીને ઉન્મત્ત થએલા મનુષ્યની ઘણી બૂરી દશા થાય છે. આ બાબતમાં દૃષ્ટાન્ત જણાવે છે કે વસુદેવની સાથે દેવકીના લગ્ન પ્રસંગે દેવકીની ભોજાઈ જીવયશાએ ( કંસની પત્નીએ ) દારૂ પીધો હોવાથી જેમણે મુનિપણું લીધું હતું એવા શ્રીઅતિમુક્ત મુનિને ઉન્મત્ત થઇને આલિંગન નહોતું કર્યું ? અથવા દારૂ પીને ઉન્મત્ત થએલી તેણીએ મુનિને પણ આલિંગન કર્યું. એમ સમજીને ભવ્ય જીવોએ દારૂ પીવાનો વિચાર પણ નજ કરવો જોઇયે. ૧૧૦

## ॥ જીવયશાની કથા ॥

શૌર્યપુરમાં સમુદ્રવિજય રાજાના નાના ભાઈ વસુદેવ નામે હતા. મથુરાના કંસ રાજાના બોલાવવાથી તે ત્યાં ગયા. ત્યાં કંસે વસુદેવને કહ્યું કે મૃત્તિકાવતી નગરીમાં મારા (કંસના) કાકા દેવક રાજા છે. તેમની દેવકી નામે પુત્રી ઘણી રૂપવાળી છે. તેની સાથે તું હમણાં મારા કહેવાથી લગ્ન કર. મારી પ્રાર્થનાનો તું ભંગ કરીશ નહિ. તે વાત વસુદેવે કબુલ કરી તેથી કંસ અને વસુદેવ દેવક રાજાને ત્યાં ગયા. અને દેવક

રાજાએ કંસના કહેવાથી દેવકીને વસુદેવ સાથે પરણાવી. કન્યા સાથે ઘણું સુવર્ણાદિક તથા કરોડ ગાયો દેવક રાજાએ વસુદેવને આપ્યા. ત્યાર પછી કંસ અને વસુદેવ મથુરામાં આવ્યા. ત્યાં કંસે મિત્રના ( વસુદેવના ) લગ્નનો મોટો ઉત્સવ કર્યો. તે વખતે કંસના નાના ભાઇ અતિમુકત મુનિ કે જેમણે દીક્ષા લીધી હતી તે પારણાની ગોચરી વ્હોરવા માટે કંસના ઘેર આવ્યા. તે વખતે કંસ રાજાની સ્ત્રી જીવયશા કે જેણે દારૂ પીધો હતો તેણે મુનિને જોઇને વિચાર્યું કે આ મહોત્સવમાં દિયર આવ્યા તે સારૂ થયું. દારૂ પીને ગાયન કરતી અને નાચતી તે જીવયશા એકદમ મુનિના કંઠે વળગી પડી. તે વખતે જ્ઞાની મુનિએ કહ્યું કે હે સુન્દરી! વિષાદને સ્થાને તારે ત્યાં આ હર્ષ કેમ દેખાય છે? તમે જે દેવકીના લગ્ન નિમિત્તે આ ઉત્સવ કરો છો, તેનો સાતમો ગર્ભ તારા પતિ અને પિતાને હણનાર થવાનો છે. આવાં મુનિનાં વચન સાંભળી જીવયશાનો દારૂનો મદ ઉતરી ગયો. અને કંસને તે હકીકત જણાવી. તેથી કંસે વસુદેવની પાસે દેવકીનો સાતમો ગર્ભ માગ્યો. પરંતુ નસીબ યોગે દેવકીનો તે સાતમો ગર્ભ ગોકુલમાં વૃદ્ધિ પામ્યો. અને તે કૃષ્ણ નામે પ્રસિદ્ધ થયા. તે કૃષ્ણે કંસને તથા જીવયશાના પિતા જરાસંધને હણ્યા. ઋષિનું વચન કદાપિ ખોટું ન પડે એમ સમજીને બુદ્ધિ વગેરે ગુણોનો નાશ કરનારી મદિરાને પીવાનો વિચાર પણ કરવો નહિ.

**અવતરણ:**—વળી આ લોકમાં પણ સુરાપાનનું ફલ કહે છે:—

( मालिनीवृत्तम् )

६ १ २ ३
मधु मधुरवचोभिः प्रेयसी प्रेरितो यः,
७ ४ ५
पिबति निजकुलोच्चाचारचिन्तां विमुच्य ।
९ १० १२ ११ ८
वररुचिवदिहापि प्रेक्षते दुर्गतिं स,
१६ १५ १३ १४
क्व च तनुदृढता वा (स्याद्) भोगिभुक्ताज्यभोगैः ॥ १११

નિજ પ્રિયાના મધુર વચને પરિહરી કુલચિંતના,
દારૂ પીએ દુર્ગતિ લહે વરરૂચિ પરે જિમ સર્પના;
એઠેલ ઘી ખાતાં ન દૃઢતા દેહની તિમ દારૂના,
વ્યસને ન સદ્ગતિ છોડીએ સાધક બની
શિવમાર્ગના. ૧

**શ્લોકાર્થ:**—મધુર વચનો વડે પ્રિયા ( પત્ની )થી પ્રેરાએલો જે માણુસ પોતાના કુલના ઉચ્ચ આચારોને છોડીને દારૂ પીએ છે તે આ લોકમાં પણ વરરૂચિની જેમ દુર્ગતિને પામે છે. દૃષ્ટાન્ત કહે છે કે સર્પે એઠા કરેલા ઘીને ખાવાથી શરીરની દૃઢતા ક્યાંથી થાય ? ૧૧૧

**સ્પષ્ટાર્થ:**—આ શ્લોકમાં પણ દારૂ પીવાથી સંસારી જીવો આ લોકમાં પણ વિવિધ વિડંબના રૂપ દુર્ગતિને પામે છે, તે વાત જણાવતાં ગ્રંથકાર કહે છે કે પોતાની પ્રિયાના મધુર વચનો સાંભળીને જે માણુસ દારૂ પીવે છે, તે માણુસ આ લોકમાં જ વરરૂચિ બ્રાહ્મણુની જેમ ભયંકર દુઃખ ભોગ-

વવા રૂપ દુર્ગતિને પામે છે. વળી દારૂ પીનાર માણસ પોતાના કુળના નિર્મલ આચારોનું પાલન કરી શકતો નથી. એટલે મદિરા પાન કરવાથી પોતાના કુળના સારા આચારો નાશ પામે છે. વરરૂચિની કથા પહેલાં કહેલી હોવાથી અહીં આપી નથી. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે સર્પે એઠા કરેલા ઘીને ખાનાર માણસના શરીરની દૃઢતા ક્યાંથી હોય? અથવા જેમ સર્પે ઓટેલા ઘીને ખાનાર માણસ જરૂર મરે છે, અથવા તો ધીમે ધીમે તેનું શરીર ક્ષીણ થતું જાય છે. માટે જ કહ્યું કે જેમ તેના શરીરની દૃઢતા ટકતી નથી તેમ દારૂ પીનાર માણસ પોતાના કુળના સારા આચારો નભાવી શકતો નથી. આ બીના હૃદયમાં રાખી સુખને ચાહનારા ભવ્ય જીવોએ દારૂ પીવાનો વિચાર પણ નજ કરવો જોઈયે. ૧૧૧

અવતરણઃ—હવે ચોથું વેશ્યાના વ્યસનને છોડવાનું ૫૫ મું દ્વાર કહે છે:—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

२ ३ १ ४ ५ ६
वेश्या विश्वकलत्रमत्र तदहो पानीयशालाजले,
९ ८ ७ १२ १३ १० ११
यद्वत्कांदविकाशने च शुचिता क्व (का) प्रायशस्तादृशी।
१४ १८ १९ १५ १६ १७ २० २१
तस्मात्सा कृतपुण्यवत् कृतकमुच्छोकोदया किं प्रिया,
२४ २५ २६ २२ २३ २४ २७
पूर्णेऽलं विसदा स्वभावकलुषा दोषापि नेन्दौ क्शे ११२

વેશ્યા જગતની નાર છે તે પરબના પાણી સમી,
ક્યાંથી તિહાંજ પવિત્રતા કંદોઇના ભોજન સમી;
દેતાં છતાં બહુ દ્રવ્ય પણ કૃતપુણ્યને રાજી કરી,
છેવટ કર્યો બહુ ખિન્ન તે વેશ્યા કપટની કોથળી. ૧

વેશ્યા વિષે પ્રીતિ કરે કુણ બુદ્ધિમંત નરા ખરા,
રાત જેવી તેહ જાણો દુઃખ આપે આકરા;
ચંદ્ર પૂરો કે અધૂરો હોય પણ નિર્મલ બને,
શું રાત ? જે મલિન સ્વભાવે છોડ તેના સંગને. ૨

શ્લોકાર્થ:—આ લોકમાં વેશ્યા આખા જગતની સ્ત્રી ગણાય છે તેથી પરબના પાણીની જેવી ને કંદોઇના ભોજન જેવી તે વેશ્યાને વિષે પવિત્રતા ક્યાંથી હોય ? અર્થાત્ નજ હોય. તેથી કૃતપુણ્ય નામના શેઠની પેઠે પ્રથમ રાજી કરનારી અને છેવટે ખેદ ઉપજાવનારી તે વેશ્યા શું પ્રિયા (પ્રેમ કરવા લાયક) ગણાય ? નજ ગણાય. જેમ રાત્રી સ્વભાવથી મલીન છે, છતાં પૂર્ણ ચંદ્રમા હોય, ત્યારે સ્વચ્છ દેખાય છે પરંતુ ચંદ્રકલા ક્ષીણ થાય ત્યારે નિર્મળ હોતી નથી. ૧૧૨

સ્પષ્ટાર્થ:—કવિ જણાવે છે કે વેશ્યા કોઇની સ્ત્રી કહેવાતી નથી. કારણ કે તેણે કોઇની પણ સાથે લગ્ન કર્યું હોતું નથી, પરંતુ જે પૈસા આપે તેની તે અમુક મુદ્દત સુધી સ્ત્રી ગણાય છે તેથી તે સર્વ જગતની ભાર્યા કહેવાય છે. આવી વેશ્યા સ્ત્રીમાં ઘણું કરીને ખરી પવિત્રતા ક્યાંથી હોય ?

અર્થાત્ નજ હોય અથવા તેનામાં પવિત્રતા ન હોય તેમાં કાંઇ આશ્ચર્ય નથી. દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે પરબના પાણીમાં પવિત્રતા કયાંથી હોય? અથવા જેમ પરબનું પાણી અનેક જાતના લોકો પીતા હોવાથી તે ચોખ્ખું રહી શકતું નથી. અને કંદોઇના ઘરે તૈયાર થએલ ભોજનમાં જેમ પવિત્રતા હોતી નથી. તેવી રીતે તે વેશ્યા કૃત્રિમ હર્ષ અને શોકને કરનારી હોવાથી તે કોઈ સમજુ માણુસની પ્રિયા થઇ શકતી નથી. અહીં ઉદાહરણુ આપતાં જણાવે છે કે કૃતપુણ્ય નામના શેઠને તે વેશ્યા છેવટે ખેદ ઉપજાવનારી થઈ હતી. એટલે પ્રથમ તો શેઠે તેણીને જ્યાં સુધી દ્રવ્ય આપ્યું, ત્યાં સુધી તો તેને આનંદ પમાડયો. પરંતુ જ્યારે તેની પાસેનુ દ્રવ્ય ખૂટી ગયું ત્યારે તેણીએ તેને ઘરમાંથી કાઢી મૂકયો, તેથી તે વેશ્યા છેવટે તેને શોક કરાવનારી થઈ. માટે આવા સ્વભાવવાળી વેશ્યા કોઇની પ્રિયા (પ્રેમ કરવા લાયક) ગણાય જ નહિ. આ બાબતમાં ઉદાહરણુ આપતાં જણાવે છે કે રાત્રી સ્વભાવથી મલિન છે, છતાં પૂનમનો ચંદ્રમા ચળકતો હોય, ત્યારે નિર્મળ જણાય છે, તેજ રાત્રી ચન્દ્રની કલા ઢંકાય, ત્યારે તેવી સ્વચ્છ જણાતી નથી. તેવીજ રીતે વેશ્યા પણ જ્યાં સુધી દ્રવ્ય મળે ત્યાં સુધી કૃત્રિમ સ્નેહ દેખાડે છે, અથવા પોતાનો સામા પુરૂષની ઉપર ઘણો પ્રેમ છે તેવો આડંબર કરે છે. પરંતુ જ્યારે તેના ઉપર પ્રીતિ કરનાર પુરૂષ પાસે ધન રહેતું નથી ત્યારે તેનો તિરસ્કાર કરીને કાઢી મૂકે છે. આવા વેશ્યાના કૃત્રિમ સ્નેહમાં આસક્ત થનારા મૂઢ જીવો અંતે દુ:ખી થયા વિના રહેતા જ નથી. માટે જ વેશ્યાનો સંગ સ્વપ્ને પણ ઇચ્છવા યોગ્ય નથી.

## કૃતપુણ્યનું ઉદાહરણઃ—

રાજગૃહી નગરીમાં શ્રેણિક નામે રાજા રાજ્ય કરતા હતા. અહીં ધન નામે સાર્થવાહ હતો. તેની ભદ્રા નામે પ્રિયાથી કૃતપુણ્ય નામે પુત્ર થયો. તે પુત્ર સર્વ કલામાં હોંશિયાર થયો. યુવાન થયો ત્યારે પિતાએ કોઈક શેઠની પુત્રી તેને પરણાવી. પરંતુ તેને સત્પુરૂષોની સોબતથી વિષયથી વિરકત મનવાળો જાણી પિતાએ તેને ખરાબ માણસોની સોબતમાં નાખ્યો. ખરાબ સોબતથી તે અનંગસેના નામની વેશ્યાને વિષે આસકત થયો. બાર વર્ષ સુધી વેશ્યાને ત્યાં રહ્યો. તેના મા બાપ તે મંગાવે તેટલું ધન મોકલતાં હતાં. પિતાએ પુત્રને ઘેર આવવાને વારંવાર કહેવરાવ્યા છતાં તે ઘેર ગયો નહિ. અનુક્રમે તેના મા બાપ પણ મરણ પામ્યા. તેથી ઘેરથી ધન આવતું બંધ થયું ત્યારે મુખ્ય વેશ્યાએ જાણ્યું કે કૃતપુણ્યને ઘેર ધન ખૂટી ગયું છે, તેથી તેણે અનંગસેનાની નામરજી છતાં પોતાને ત્યાંથી અપમાન કરી કાઢી મૂકયો ત્યારે તે પોતાને ઘેર આવ્યો તેની સ્ત્રીએ સર્વ હકીકત કહી. પછી ધન વિના અહીં રહેવું યોગ્ય નથી એમ જણાવી તે ઘરનો ત્યાગ કરી વેપાર કરવા માટે ઘેરથી નીકળ્યો. ઘણા પ્રકારની વિડંબનાઓ ભોગવી. છેવટે પૂર્વ ભવમાં કરેલા પુણ્યના યોગે અનેક પ્રકારની ઋદ્ધિઓ પામ્યો. અહીં સમજવાનું એ છે કે વેશ્યાનો ત્યાગ નહિ કરવાથી કૃતપુણ્ય જેવાંને પણ દુઃખ ભોગવવું પડયું એમ સમજીને આત્મહિતને ચાહનારા ભવ્ય જીવોએ તેની ઇચ્છા પણ નજ કરવી જોઈયે.

અવતરણ:—આ વેશ્યાના સંગને છોડવાની બાબતમાં વિશેષ ઉપદેશ આપે છે:—

( मालिनीवृत्तम् )

६ २ १ ३ ४ ५
क्व लघुनि गणिकानां हृद्यनेके गवाक्षा,
१२ ७ ८ ९ ११ १०
दधति यदनुवेलं ता रसं नव्यनव्यम् ।
१३ १७ १६ १४ १५
तदजनि हतवृत्तः कूलवालोऽपि ताभि-
२२ २१ १८ २० १९
र्गलति हिमगिरिर्वा भानुभाभिर्दृढाभिः ११३

**વેશ્યા તણા હલકા હૃદયમાં છિદ્ર ક્યાંથી થયા ?,**
**સમયને અનુસાર નવ શૃંગાર ધરતી નિર્દયા;**
**તેથી થયો વ્રતભ્રષ્ટ કુલવાલક કિરણ બહુ આકરા,**
**સૂર્યના બાળેજ હિમગિરિ સંગ તસ છોડો નરા ? ૧૧૩**

શ્લોકાર્થ:—વેશ્યાઓના હલકા હૃદયમાં અનેક છિદ્રો ક્યાંથી થયા ? કારણ કે તેઓ ક્ષણે ક્ષણે નવા નવા રસને ધારણ કરે છે. તેથી જ કૂલવાલ નામે મહા તપસ્વી પણ ભ્રષ્ટાચારી થયા. દૃષ્ટાન્ત કહે છે કે સૂર્યની આકરી કાંતિ વડે (તેજ વડે) હિમાચલ પણ ગળે છે. ૧૧૩

સ્પષ્ટાર્થ:—ગ્રંથકાર જણાવે છે કે વેશ્યાઓનું હૃદય હલકું છે છતાં તેમાં અનેક છિદ્રો ક્યાંથી થયા ? આવા પ્રશ્નના જવાબમાં કહે છે કે તે વેશ્યાઓ ક્ષણે ક્ષણે નવા નવા શૃંગાર

હાસ્ય વગેરે રસોને ધારણ કરે છે, તેથી તેમના હૃદયમાં અનેક પ્રકારના છિદ્રો હોય, એમ મનાય છે. આ વેશ્યાએ માસક્ષપણ વગેરે તપ કરનાર કૂલવાલક મુનિને પણ વ્રતથી ભ્રષ્ટ કર્યા હતા. કોણિક રાજાએ ચેડા રાજાની વિશાલા નગરી ઉપર ચડાઈ કરી તે વખતે કોણિક રાજાએ પ્રતિજ્ઞા કરી કે જો હું ગધેડાં જોડેલાં હળથી આ નગરી ખોદાવી કાઢું નહિ તો હું પ્રાણ-ત્યાગ કરીશ. પરંતુ ઘણો વખત ગયા છતાં વિજય ન થવાથી કોણિક રાજા ઉદાસ થયો. તે વખતે આકાશમાં અદ્ધર રહીને દેવીએ કહ્યું કે–જો માગધિકા ગણિકા કૂલવાલુક સાધુ સાથે ક્રીડા કરે તો વિશાલા નગરી જિતાય. આથી કોણિક રાજાએ માગધિકાને બોલાવી તેને કૂલવાલુક સાધુને વશ કરવાનું કહ્યું. માગધિકાએ કપટી શ્રાવિકા બનીને અતિસાર થાય તેવા મોદક ખવરાવીને ઉપચારના બ્હાનાથી પોતાના અંગનો સ્પર્શ કરાવીને તેમને વશ કર્યા. અને તેમને પોતાનો પતિ બનાવીને કોણિક પાસે લાવી. તે કૂલવાલુકે વિશાલા નગરીમાં પ્રવેશ કરી "મુનિસુવ્રતસ્વામીના સ્તૂપના પ્રભાવે આ નગરી જીતાતી નથી" એવું જાહેર કરીને તેણે નગરીના લોકોની પાસે તે સ્તૂપ ખોદાવી નખાવ્યો. તેથી કોણિકે તે વિશાળા નગરી જીતીને પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી. કહેવાનો સાર એ છે કે કૂલવાલુક મુનિ વેશ્યામાં આસક્ત થઈને મરીને દુર્ગતિમાં ગયા. તેથી વેશ્યાનો સંગ નજ કરવો જોઈયે. અહીં દૃષ્ટાન્ત આપે છે કે જેમ હિમાચલ જેવો પર્વત પણ સૂર્યની કઠોર કાન્તિ વડે પીગળે છે તેમ વેશ્યાના હાવભાવ જોઈને મોહ પામેલો પુરૂષ પણ અમૂલ્ય માનવ જીવનને બગાડે છે. ૧૧૩

અવતરણઃ—હવે ૫૨ મું શીકારના વ્યસન ત્યાગનું દ્વાર કહે છેઃ—

( शार्दूलविक्रीडितवृत्तम् )

६ ८ ७ १ ४ २ ३ ५
व्याधो नान्यहिताय सत्यमसकृद्विश्वस्तजन्तूँस्तुदन् ,
१५ १२ १३ १४ ९ १० ११
न स्वस्मिन्नपि तुष्टये च्युतशरक्रोडादितोऽन्तं व्रजन् ।
१७ १८ १९ १६ २१ २२ २०
मृत्यौ दुर्गतिमाप्नुवँश्च मृगया लोकद्वयार्त्यै ततो,
२४ २५ २६ २७ २८ २३
गांगेयेन स शान्तनुक्षितिपतिस्तस्या निषिद्धस्ततः ११४

વિશ્વાસુ પ્રાણી મારનારો પારધી હિત પરતણું,
ના કરે ઘાથી ચૂકેલા ભુંડ આદિકથી ઘણું;
મરણ કેરૂં દુઃખ પામે દુર્ગતિને નિજ તણું;
પણ કરે ના ભદ્ર આ શીકાર આ પર ભવતણું. ૧
કુષ્ટ દે ગાંગેય આપી બોધ શાંતનુ ભૂપને,
શીકારથી અટકાવતો તજ દુષ્ટ તે શીકારને;
સર્વ જીવો ચાહતા સુખનેજ દુઃખ ના ચાહતા,
શીકારને તજનાર જીવો સદ્દગતિને પામતા. ૨

શ્લોકાર્થઃ—એ સાચું છે કે વિશ્વાસુ જીવોને વારંવાર પીડા પમાડતો શિકારી અન્યના હિત માટે થતો નથી; તથા ચૂકેલા બાણના પ્રહારથી બચી ગએલા સૂઅર વગેરેથી મૃત્યુ પામતો તે પોતાના હિતને માટે પણ થતો નથી. અને

મૃત્યુ પામતાં તે શીકારી નરકાદિ દુર્ગતિને પામે છે. તેથી શિકાર બંને લોકમાં પીડાને માટે થાય છે. તેથી ગાંગેય ઋષિએ શાન્તન(નુ) નામે રાજાને શીકાર કરવાનું વ્યસન છોડાવ્યું. ૧૧૪

**સ્પષ્ટાર્થ**:—આ શિકારનું વ્યસન આ લોક અને પરલોકમાં ભયંકર પીડા આપે છે. તેમજ તે પોતાને (શિકારીને) તથા પરને ભયંકર નુકશાન કારક પણ નીવડે છે તે જણાવતાં ગ્રંથકાર કહે છે કે એ વાત તદ્દન સાચીજ છે કે વિશ્વાસુ જીવોને વારંવાર પીડા પમાડતો શિકારી બીજાનું તો ભલું કરતો જ નથી. જે જંગલના પ્રાણીઓ વિશ્વાસથી શિકારીએ નાખેલા દાણા વગેરે ખાવા આવે તેમને જાળમાં સપડાવતો શિકારી તે જીવોનો જાન લે છે. વળી શિકાર કરતાં સુઅર વાઘ વગેરે જંગલી પ્રાણીઓને મારવાને માટે છોડેલું બાણ નિષ્ફળ જવાથી એટલે તે જાનવરને નહિ વાગવાથી બચી ગએલો તે ભુંડ વાઘ વગેરે તે શિકારીને જ મારી નાંખે છે. તેથી શિકારનું વ્યસન પોતાના સુખને માટે પણ થતું નથી, અને તે જંગલી પ્રાણીથી મરણ પામેલો તે શિકારી પરભવમાં નરક તિર્યંચ વગેરે દુર્ગતિમાં જાય છે. કારણ કે જીવોનો વધ કરનાર શિકારી ક્રૂર પરિણામવાળો હોવાથી દુર્ગતિમાં જાય તેમાં કાંઈ નવાઇ નથી. આજ કારણથી શાન્તનુ નામના રાજાને તેના જ પુત્ર ગાંગેયે (ગંગાનો પુત્ર હોવાથી ગાંગેય કહેવાય છે, બીજું નામ ભીષ્મ હતું) શિકારના વ્યસનથી અટકાવ્યો હતો. ૧૧૪

અવતરણ:—શિકારના વ્યસનમાં આસક્ત થએલો કોનો કોનો ઘાત કરે છે તે જણાવે છે:—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

२ ३ ५ १ ७ ८ ४
पापर्द्धौ तनुमद्वधोज्झितघृणः पुत्रेऽपि दुष्टाशय-
६ ५ ८ ९ १० १२ ११ ७
श्चण्डः खाण्डवपावकादपि मुधा कं कं न हन्याज्जडः ।
१६ १४ १३ १२ १८ १७ १५
किं बाणेन जरासुतो वनगतो विव्याध नो बान्धवं,
२४ २२ २० २१ २३ १९
प्रापोच्चैर्मुनिघातपातकभरं किं नाजराजाङ्गजः ११५

શીકારમાં નિર્દયપણે જીવ મારનારો જડ ગણો,
ઐશ્વરી પાવકથકી પણ તીવ્ર ક્રોધ ધરે ઘણો;
પુત્રમાં પણ દુષ્ટ આશયવંત કોને ના હણે,
વન વિષેજ જરા કુંવર નિજ કૃષ્ણ બાંધવને હણે. ૧

અજરાજ કેરો પુત્ર દશરથ વ્યસનથીજ શીકારના,
શરવણ ઋષિને મારતાં બહુ પુંજ બાંધે પાપના;
શીકારના વ્યસની હતા શ્રીપાલ પૂર્વે રાણીના,
ને શ્રમણના વચનથી સાધક બન્યા નવપદ તણા. ૨

શ્લોકાર્થ:—શિકારમાં જીવોને હણવામાં દયાનો ત્યાગ કરનાર અને પુત્રને વિષે પણ દુષ્ટ પરિણામવાળો તથા ખાંડવ વનને બાળનાર અગ્નિથી પણ ક્રૂર એવો જડ (તે શિકારી) કોને કોને ફોગટ હણતો નથી? વનમાં ગએલા જરાકુમારે

બાણુ વડે પોતાના ભાઈને શું વીંધ્યો નથી? વળી દશરથ રાજા આકરા ઋષિ ઘાતના પાપ સમુદાયને શું પામ્યા નથી? અર્થાત્ પામ્યા છે જ. ૧૧૫

**સ્પષ્ટાર્થ**:—શિકારમાં અનેક પ્રકારના પ્રાણીઓનો ઘાત થતો હોવાથી જેણે જીવદયાનો ત્યાગ કર્યો છે એવો શિકારી પુત્રને વિષે પણ દુષ્ટ પરિણામવાળો થાય છે એટલે પુત્રને પણ મારવાની ભાવના રાખે છે. વળી તે ખાંડવ વનને બાળનાર અગ્નિથી પણ વધારે ચંડ એટલે ક્રૂર પરિણામવાળો અથવા રૌદ્ર પરિણામવાળો હોય છે. તેથી જડ એવો તે શિકારી નાહક કોને કોને હણતો નથી? જેમ ખાંડવવનમાં મૂકેલો અગ્નિ તે આખા વનને બાળે છે, તેમ શિકાર કરવાના પરિણામવાળો શિકારી કોને કોને મારતો નથી? આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે **શ્રીકૃષ્ણ** વાસુદેવના નાનાભાઈ જરાકુમારે **શ્રીનેમિનાથ** પાસેથી સાંભળ્યું કે કૃષ્ણનું મૃત્યુ પોતાને હાથે થનાર છે. તેથી આવું કાર્ય પોતાના હાથે ન બને તેટલા માટે તે જરાકુમાર જંગલમાં જતા રહ્યા. તે જ જરાકુમારના હાથે શિકારના શોખને લીધે કૃષ્ણનું મૃત્યુ થયું. કારણ કે જ્યારે દ્વારિકા નગરી બળી ગઈ ત્યારે કૃષ્ણ અને બળદેવ ત્યાંથી નીકળીને જે જંગલમાં જરાકુમાર રહેતો હતો ત્યાં આવ્યા. કૃષ્ણને તરસ લાગવાથી બળદેવ પાણી શોધવાને ગયા ત્યારે કૃષ્ણ પોતાના એક ઢીંચણ ઉપર પગ ચઢાવી સૂતા છે તે વખતે શિકાર કરવાને નીકળેલા જરાકુમારે સૂતેલા કૃષ્ણને હરિણ માનીને બાણ માર્યું, તે કૃષ્ણના પગમાં વાગ્યું. આ પ્રમાણે શિકારનું વ્યસન ભાઈને મારનારૂં થયું.

હવે બીજું પણ દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે અજરાજાના પુત્ર એટલે રામચંદ્રજીના પિતા દશરથ રાજા આ શિકારના વ્યસનથી શ્રવણ નામના ઋષિની હત્યા કરનારા થયા. કારણ કે આ શ્રવણ રૂષિ પોતાના અંધ અને વૃદ્ધ માતાપિતા માટે પાણી લેવાને સરોવરના કાંઠે જઇ વાંકા વળીને ઘડામાં પાણી ભરતા હતા ત્યારે શિકાર કરવાને નીકળેલા દશરથ રાજાએ તેમને હરણ માનીને બાણ માર્યું. તેથી તે ઋષિ મરણ પામ્યા. મરણ પામતા તે શ્રવણ ઋષિએ આપેલા શ્રાપથી દશરથ રાજાને પોતાના પ્રિય પુત્ર રામચંદ્રનો વિયોગ થયો. અને તેણે ઘણું પાપકર્મ બાંધ્યું. એમ જાણીને ભવ્ય જીવોએ અનેક પ્રકારનાં સંકટો આપનાર શિકારના વ્યસનનો જરૂર ત્યાગ કરવો જોઈએ. ૧૧૫

અવતરણઃ—હવે છઠ્ઠા ચોરીના વ્યસન ત્યાગનું ૫૩ મું દ્વાર કહે છેઃ—

( शार्दूलविक्रीडितवृत्तम् )

१ ३ ४ २ ६ ५
चौरो दुःखमुपैति नारकसमं सत्योऽपि तत्सन्निधेः,
८ ९ ७ १० १२ १३ ११ १४
शुष्के प्रज्वलतीह सार्द्रमपि किं नो वह्निना दह्यते।
१५
सद्मोल्लुण्टनसज्जदग्धचरटग्रा ऽग्रितप्रभजा—
१६ १८ १७ १९ २० २३ २२ २१
मध्योत्पत्तिभवे समं सगरजः किं किं न लेभे तदा ११६

ચોર નરક સમાન દુઃખડાં પામતો તસ સંગમાં,
કહેનાર સજ્જન પણ લહે દુઃખ જેમ બળતા
અગ્નિમાં;
સૂકું બળે તે સાથ લીલું ઘાસ આદિક પણ બળે,
સગર ચક્રી પુત્રના દૃષ્ટાંતને ના વિસ્મરે. ૧

અષ્ટાપદે ચોમેર ફરતી ખાઇ કરતાં પાછલા,
ભવમાં થયા તૈયાર સંઘને લૂંટવાજ ઉતાવળા;
તે સમે બાળેલ ચરટ ગ્રામમાં સુત સગરના,
ચોરીના પાપે કરી પામ્યા વિવિધ દુઃખો ઘણા. ૨

શ્લોકાર્થ:—ચોર નારકીના જેવું દુઃખ પામે છે. અને તેની સોબત કરવાથી જે ચોર ન હોય તેવો જીવ પણ દુઃખ પામે છે. આ લોકમાં સુકું બળતું હોય તેની સાથે લીલું પણ અગ્નિ વડે શું નથી બળાતું? અર્થાત્ બળાય છે જ. સંઘને લુંટવામાં તત્પર અને બળાયેલા ચરટ ગામમાં અગ્નિથી તપેલી પ્રજાની મધ્યે ઉપજવાવાળા ભવને વિષે સગર ચક્રીના પુત્રોએ તે વખતે શું શું (દુઃખ) મેળવ્યું નથી? ૧૧૬

સ્પષ્ટાર્થ:—ચોરી કરનાર જીવ તો દુઃખી થાય જ પરંતુ ચોરની સોબત કરનાર જીવને પણ દુઃખ ભોગવવું પડે છે. તે જણાવતાં ગ્રંથકાર જણાવે છે કે–ચોર નારકીના જેવાં દુઃખો ભોગવે છે. કારણ કે ચોરી કરનાર જ્યારે પકડાય છે ત્યારે તેને જેલખાનામાં પૂરવામાં આવે છે અને ત્યાં તેને અનેક પ્રકારનાં દુઃખો ભોગવવાં પડે છે. તેથી ચોરને નારકીના જેવા

દુઃખો ભોગવવા પડે છે એમ જણાવ્યું છે. તેમજ જેઓ ચોરની સોબત કરે છે તેમને પણ ભયંકર દુઃખો ભોગવવાં પડે છે. કારણ કે ચોરની સોબત કરનારને પણ લોકો તો ચોર જેવોજ ગણે છે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે જેમ સૂકું ઘાસ બળતું હોય તો તેની સાથે લીલું ઘાસ પણ બળી જાય છે, તેવી રીતે ચોરને તો સજા થાય જ. પણ ચોરની સોબત કરનાર જીવને પણ સજા થાય છે. અહીં દૃષ્ટાંત એ છે કે–અષ્ટાપદ પર્વતની પાસે ચરટ નામના ગામમાં ચોર લોકો રહેતા હતા. તેમણે જિનેશ્વરને નમવા જતા સંઘને લૂંટી લીધો. સંઘના લોકોએ આ વાત રાજાને જણાવી. તેથી કોપેલા તે રાજાએ તે આખું ગામ બાળી નાંખ્યું. તેમાં પૂર્વ ભવમાં સગર નામના બીજા ચક્રવર્તીના પુત્રોના જીવો તે નગરમાં હતા તેઓને પણ ચોરોની સાથે બળી મરવું પડ્યું. એમ ભવ્ય જીવોએ ચોરી કરવાનો તથા ચોરી કરનારની સોબતનો પણ ત્યાગ કરવો જોઈએ. ૧૧૬

અવતરણઃ—હવે કુટુંબના માણસે પણ કરેલી ચોરી દુઃખ દેનારી નીવડે છે. તે વગેરે બીના જણાવે છેઃ—

( शार्दूलविक्रिडितवृत्तम् )

७ २ ३ ४ ५ ६ १ ८ ९
चौर्यं स्वेन च वर्णकेन च कृतं मूढा दुरन्तं भवे–
११ १२ १४ १५ १० १३
द्राज्ञा मण्डिकशालकोऽपि न हतः श्रीमूलदेवेन किम् ।
२१ १६ १७ १८ २० १९
किं चैतत्रिजगत्प्रियोऽपि मदनस्तच्चित्तचौर्योद्यतः,
२२ २३ २४ २६ २७ २८ २५ २६
शापं प्राप न किं प्रजापतिगिरा दाहं च रौद्राग्निना ११७

પોતે કરેલી કે સગાએ તેહ ચોરી અંતમાં,
દુઃખ દેનારીજ નિશ્ચય જાણ ચેતન! વિશ્વમાં;
વાંકથી ચોરીતણા મૂલદેવ મંડિકને હણે,
બ્રહ્માતણું શંકરતણું ચિત્ત ચોરતા તે કામને. ૧

શ્રાપ બ્રહ્મા આપતા ને તેહ શંકર નેત્રના,
અગ્નિથકી બળી ગયો ચોરી ન કરીએ સજ્જના?;
સર્વ જીવો આત્મ જેવા જનની સમ પરદારને,
પર દ્રવ્યને ઢેફા સમું માની તજો ઝટ ચૌર્યને. ૨

શ્લોકાર્થ:—હે મૂઢ પુરૂષો! પોતે અને પોતાના સમ્બન્ધિએ પણ કરેલી ચોરી દુઃખદાયક નીવડે છે. રાજા મૂલદેવે મંડિક નામે શાળાને શું માર્યો નહોતો? આ ત્રણ જગતને પ્રિય એવો પણ કામદેવ તેમના (પ્રજાપતિ અને રુદ્રના) ચિત્તને ચોરવાને ઉદ્યમવાળો થયો, ત્યારે તે બ્રહ્માની વાણી વડે શું શ્રાપ નથી પામ્યો? અને શંકરના નેત્રના અગ્નિ વડે શું દાહને પામ્યો નથી? ૧૧૭

સ્પષ્ટાર્થ:-હે મૂઢ પુરૂષો! પોતે અથવા પોતાના સગાંએ કરેલી ચોરી પણ અત્યંત દુઃખને પમાડે છે. દૃષ્ટાંત તરીકે જુઓ-મૂલદેવ રાજાએ પોતાનો સાળો મંડિક નામે ચોર હતો, તેને શું માર્યો ન્હોતો? એટલે આ મૂલદેવ નામના રાજાએ પોતાના શાળા મંડૂક નામના ચોરને મારી નાખ્યો હતો. એટલું જ નહિ પરંતુ ત્રણ જગતને પણ પ્રિય અથવા ત્રણે જગતને વશ કરનાર કામદેવ તે બ્રહ્મા અને શંકરના

ચિત્તને ચોરવામાં ઉદ્યમવાળો થયો હતો. એટલે જ્યારે બ્રહ્માની આગળ અલંકાર પહેરીને તેમની પુત્રી સરસ્વતી ઉભી રહી ત્યારે બ્રહ્મા પણ પોતાની પુત્રી ઉપર મોહિત થયા. પુત્રીને વિષે પણ પોતાનું ચિત્ત વિકારવાળું શાથી થયું એનો વિચાર કરતાં બ્રહ્માએ કામદેવને પોતાની પાસે રહેલો જોયો. તેથી બ્રહ્માએ તેને શ્રાપ આપ્યો કે શંકરના ત્રીજા નેત્રથી તું ભસ્મીભૂત થઈશ. હવે શંકરે કામદેવને શાથી બાળ્યો તે જણાવે છે-કૈલાસ પર્વત ઉપર રહીને શંકરે સાઠ હજાર વર્ષ તપ કર્યું. ત્યારે ગૌરીએ પોતાના પતિના સત્વની પરીક્ષા કરવા માટે ભીલડીનું રૂપ લીધું. અને શંકર આગળ ઉભી રહી. ભીલડીનું રૂપ જોઈને ધ્યાન મૂકીને શંકરે તેની આગળ કામક્રીડા કરવા પ્રાર્થના કરી. ત્યારે ભીલડીએ શંકરને પોતાની આગળ નાચવાને કહ્યું. તેથી તે પણ તેની આગળ નાચવા લાગ્યા. તે વખતે ગૌરીએ પોતાનું અસલ રૂપ કર્યું, તેથી શિવ લજ્જા પામ્યા. કયા પાપીએ મારૂં ધ્યાન ચલિત કર્યું ? એમ વિચારતા શંકરે પોતાની પાસે રહેલા કામદેવને જોયો. તેથી પોતાના ત્રીજા નેત્રના અગ્નિ વડે શંકરે કામદેવને બાળી નાખ્યો. ત્યારથી કામદેવનું અનંગ એવું નામ પડયું. આ પ્રમાણે ચિત્તની ચોરી કરવાનો ઉદ્યમ કરનાર કામદેવને ચોરીનું ફળ મળ્યું. આ બીના લક્ષ્યમાં રાખીને ભવ્ય જીવોએ ચોરીના વ્યસનનો જરૂર ત્યાગ કરવો જોઈએ. ૧૧૭

અવતરણ:—હવે અઠ્ઠાવનમા દ્વારમાં પરસ્ત્રી સાથે ક્રીડા કરવાનું સાતમું વ્યસન તજવાની બીના જણાવે છે—

( शार्दूलविक्रीडितवृत्तम् )

३ ५ २ ४ ७ ६ १
पुण्यापुण्यचयेन बुद्धिरमला स्यात्कश्मलोऽप्यङ्गिनां,
१० ८ ११ ९ १३ १२ १४
वातेनेव युगन्धरी सदसता मुक्ताफलाङ्गारभा।
१५ १७ १८ १९ १६
लङ्केशो नलकूवरप्रियतमां नाम्नोपरम्भां रता-
२० २२ २१ १६ १४ २६ १५
मत्याक्षीदरतां च रामवनितां सीतां जहाराशु च ॥ ११८

પુણ્ય યોગે બુદ્ધિ નિર્મલ મલિન હોવે પાપથી,
જાર મોતીના સમી શુભવાયુના સંબંધથી;
અશુભ વાતે તે જણાયે લાલ અંગારા સમી,
નલ કુબરની નાર ઉપરંભા હતી રંભા સમી. ૧

રાગી છતાં પુણ્યોદયે છંડીજ દીધી રાવણે,
પાપના ઉદયેજ તે જે ના ધરે રજ રાગને;
રામનારી તે સીતાને સંહરી મૃત્યુ લહે,
પરવશ પણે ચોથી નરકમાં તીવ્ર દુઃખોમાં રહે. ૨

**શ્લોકાર્થ**:—પુણ્યના સંગ્રહથી પ્રાણીઓની બુદ્ધિ નિર્મલ થાય છે અને પાપના સંગ્રહથી તે મલીન થાય છે. જેમ યુગંધરી (જાર) શુભ વાયુ વડે મોતીના જેવી થાય છે અને અશુભ વાયુ વડે તેજ જાર અંગારા જેવી થાય છે. પુણ્યના ઉદયથી રાવણે પોતાના ઉપર આસક્ત નલ કુબરની ઉપરંભા નામે પ્રિયાનો ત્યાગ કર્યો અને તેણે જ અશુભના

ઉદયથી રામની પ્રિયા સીતા જે પોતાની ઉપર આસક્ત ન્હોતી તેનું જલ્દી હરણ કર્યું. ૧૧૮

**સ્પષ્ટાર્થ**:—હવે ગ્રંથકાર સાતમા પરસ્ત્રી સાથે કામ-ક્રીડા કરવાના વ્યસનને છોડવાની બીના જણાવતાં કહે છે કે પ્રાણીઓ (સંસારી જીવ)ને પુણ્યનો સંચય થાય એટલે તીવ્ર પુણ્યોદય થાય તો તેની બુદ્ધિ નિર્મલ થાય છે. એટલે તેની ભાવના વગેરે સારા હોય છે. પરંતુ અપુણ્ય એટલે પાપનો ઉદય થાય તો તેની બુદ્ધિ મલીન બને છે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે જેમ જાર નામનું અનાજ શુભ વાયુ વાય તો મોતીના જેવું સફેદ નીપજે છે અને તેજ જાર અશુભ વાયુ વાય તો અંગારા જેવી લાલ નીપજે છે. અહીં ઉદાહરણ આપે છે કે કાંચનપુરના રાજા નલકૂબરની પ્રિયા લંકાના રાજા રાવણને જોઈને તેની ઉપર આસક્ત થઈ હતી, છતાં તેણે (રાવણે) પુણ્યના ઉદયથી તેનો ત્યાગ કર્યો. એટલે જ્યારે રાવણે નલકૂબર ઉપર ચઢાઈ કરી ત્યારે તે નાશી ગયો અને અસાલી વિદ્યાવડે અગ્નિનો કિલ્લો બનાવી તેમાં રહ્યો, તેથી રાવણ તેને (નલકૂબરને) જીતી શક્યો નહિ. એક વાર વસંતઋતુમાં નલકૂબરની તે ઉપરંભા રાણી બગીચામાં ક્રીડા કરવા આવી, ત્યાં રાવણને જોઈને મોહિત થઈને કહેવા લાગી કે જો મને પ્રિયા બનાવો તો હું આ કિલ્લો જીતવાની વિદ્યા આપું. રાવણે તે વાત અંગી-કાર કરી અને તેણીએ આપેલી વિદ્યા વડે તે કિલ્લો જીત્યો. પછી ઉપરંભાએ પોતાની શરત પાળવા કહ્યું. તે વખતે રાવણે કહ્યું કે તેં મને વિદ્યા આપેલી છે તેથી તું મારી વિદ્યાગુરૂ

થઈ માટે તને કેવી રીતે સ્ત્રી તરીકે અંગીકાર કરાય? એમ કહી તેને સમજાવી સ્વસ્થાને મોકલી. તેજ રાવણે જ્યારે તીવ્ર પાપનો ઉદય થયો ત્યારે રામની પ્રિયા સીતાનું તેની ઉપર રાગ ન્હોતો છતાં શીઘ્ર હરણ કર્યું. તેથી રાવણને રામ સાથે મોટી લડાઈ થઈ અને તેમાં તેનો નાશ થયો. તે મરણ પામી ચોથી નરકે ગયો. એમ સમજીને ભવ્ય જીવોએ પરસ્ત્રીની ચાહના પણ નજ કરવી જોઇયે. ૧૧૮

**અવતરણઃ**—પરસ્ત્રીનો સંગ કરવાથી મૂઢ પુરૂષને કેવાં કેવાં દુઃખ પ્રાપ્ત થાય તે જણાવે છેઃ—

॥ वसंततिलकावृत्तम् ॥

मूढः परस्त्रियमुपेत्य कुवाक्यबन्ध–
घातापकीर्तिमृतिदुर्गतिदुःखपात्रम् ।
स्याद्ब्रह्मदारचुलनीरतदीर्घवत्किं,
लक्ष्मक्षयादि न विधोर्गुरुतल्पगस्य ॥ ११९

**મૂઢ પરસ્ત્રી સેવને સહતોજ વચનો આકરા,**
**બંધ અપજશ ઘાત મૃત્યુ દુર્ગતિ દુઃખ આકરાઃ**
**પામેજ બ્રહ્મદત્ત નાર ચુલની રાગી દીર્ઘ પ્રધાનને,**
**તિમ થયું ગુરૂ રમણી સંગે કલંક ને ક્ષય ચંદ્રને. ૧**

**શ્લોકાર્થઃ**—મૂર્ખ માણુસ પરસ્ત્રીને પામીને (પરસ્ત્રી ગમનથી) બ્રહ્મ રાજાની રાણી ચુલનીને વિષે આસક્ત થએલા

દીર્ઘ રાજાની જેમ કુવાક્ય, બન્ધન, તાડન, અપકીર્તિ, મરણ તેમજ દુર્ગતિનું સ્થાનક થાય છે. બૃહસ્પતિની શય્યાને વિષે ગએલા ચંદ્રને કલંક અને ક્ષયાદિ કષ્ટ શું નથી થયા? ૧૧૯

સ્પષ્ટાર્થ:—હવે પરસ્ત્રી ગમન કરવાથી મનુષ્યને કયા કયા દુઃખોની પ્રાપ્તિ થાય છે તે જણાવતાં ગ્રંથકાર કહે છે કે મૂર્ખ મનુષ્ય પરસ્ત્રી ગમન કરીને કુવાક્ય એટલે ગાળ વગેરે ખરાબ વચનો, બન્ધન એટલે કેદખાનામાં પૂરાવું તે, ઘાત એટલે અનેક પ્રકારનો માર સહન કરવો, અપકીર્તિ એટલે લોકોમાં નિંદા, મરણ તેમજ નારકી તથા તિર્યંચની ગતિરૂપ દુર્ગતિને પામે છે. આ બાબતમાં ઉદાહરણ આપતાં જણાવે છે કે બ્રહ્મ નામના રાજાની ચુલની નામે રાણી હતી. તે બ્રહ્મ રાજાને બ્રહ્મદત્ત નામે એક પુત્ર હતો, તે નાની ઉંમરનો હતો ત્યારે બ્રહ્મ રાજા મરણ પામ્યો. તેથી તે પુત્રનું તથા રાજ્યનું રક્ષણ કરવા માટે બ્રહ્મ રાજાના બીજા ચાર મિત્ર રાજાઓએ સમજુતી કરીને એક એક વર્ષ ત્યાં રહેવાનું નક્કી કર્યું. તેમાં જ્યારે દીર્ઘ રાજાનો વારો આવ્યો ત્યારે તે બ્રહ્મ રાજાની વિધવા ચુલની રાણીને વિષે આસક્ત થયો. તેથી બ્રહ્મદત્ત મોટો થયો ત્યારે દીર્ઘ રાજાને પકડીને કેદખાનામાં પૂર્યો. અને અંતે દીર્ઘ રાજાની દુર્ગતિ થઇ. તેની ઘણી નિંદા થઇ. લોકોમાં અપયશ થયો. એમ સમજીને પરસ્ત્રીમાં આસક્ત થવા રૂપ પાપ કરવું નહિ. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે ચંદ્ર પોતાના ગુરૂ બૃહસ્પતિની પ્રિયાને જોઇને તેના ઉપર આસક્ત થયો, તેથી કામાતુર થએલો તે તેની પાસે ગયો. તેવામાં બૃહસ્પતિ ત્યાં આવી

પહોંચ્યા. અને ચંદ્રને શ્રાપ આપ્યો, તેથી તે કલંકવાળો અને ક્ષય પામનારો થયો. આ બીના લક્ષ્યમાં રાખી ભવ્ય જીવોએ સાતમા વ્યસનનો સર્વથા ત્યાગ કરી નિર્ભય જીવનમાં ધર્મારાધન કરી આત્મહિત સાધવું જોઈયે. અહીં સાત વ્યસનને ત્યાગ કરવાની બીના પૂરી થઈ. ૧૧૯

**અવતરણ**:—હવે ૫૯ મું કષાયને તજવાનું દ્વાર કહે છે:—

( पृथ्वीवृत्तम् )

१ २ ३ ४ ५
सुभूमजमदग्निजप्रतिमपुंद्रुमाघर्षजे,
६ ७ ८
कषायदवपावके विषयवात्यया दीपिते ।
१० ११ ९ १७
महद्गुणवनं दहत्यहह पुण्यकल्पद्रुम–
१२ १८ १३ १४ १५ १६
स्ततोऽस्ति यदि दैवतः शमघनाघनो वर्षति ॥ १२०

**સુભૂમ પરશુરામ જેવા નવ તરુના ઘર્ષણે,**
**ઉપજેલ આજ કષાય દાવાનલ લહેજ પ્રદીપ્તિને;**
**વિષય વાયુ વેગથી ગુણ રૂપ વન તેમાં બળે,**
**શમમેઘ વરસત દૈવયોગે પુણ્ય સુરતરૂ ઝટ ફળે. ૧**

**શ્લોકાર્થ**:—સુભૂમ અને પરશુરામ સમાન પુરૂષ રૂપી વૃક્ષોના સંઘર્ષણથી ઉત્પન્ન થએલા અને વિષય રૂપી વાયુ વડે સળગેલા કષાય રૂપી દાવાનલને વિષે મોટું ગુણ રૂપી વન

બળી જાય છે તે ખેદની વાત છે. તે વખતે જો નસીબ યોગે સમતા રૂપી મેઘ વરસે તો પુણ્ય રૂપી કલ્પવૃક્ષ ( ઉત્પન્ન ) થાય છે. ૧૨૦

**સ્પષ્ટાર્થ**:-હવે ગ્રંથકાર કષાયને અગ્નિની ઉપમા આપીને જણાવે છે કે જેમ વનમાં વૃક્ષોના ઘસારાથી અગ્નિ ઉત્પન્ન થાય છે તે વખતે વાયરાનો યોગ મળે તો તે અગ્નિ સળગે છે તેથી તે વન બળીને ભસ્મ થઈ જાય છે. તેવી રીતે કષાય રૂપી દાવાનલ મોટા ગુણરૂપી વનને બાળી નાખે છે. દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે સુભૂમ નામના આઠમા ચક્રવર્તી અને જમદગ્નિના પુત્ર પરશુરામ જેવા પુરૂષ રૂપી વૃક્ષોના સંઘર્ષણથી એટલે બંને વચ્ચે થએલી લડાઇમાં સુભૂમે બ્રાહ્મણોનો નાશ કર્યો અને પરશુરામે ક્ષત્રિયોનો નાશ કર્યો. આ પ્રમાણે બે પુરૂષોના સંઘર્ષણથી ઉત્પન્ન થએલો અગ્નિ પાંચ ઇન્દ્રિયોના વિષયરૂપી મોટા વાયરાથી વધવા માંડયો, આ કષાય રૂપી દાવાનલ સળગતાં ગુણો રૂપી વન બળી જાય છે. એટલે જયાં કષાય હોય ત્યાં ગુણો ટકી શક્તા નથી. અહીં દાવાનલને વિષે જો મેઘની વૃષ્ટિ થાય તો જેમ તે દાવાનલ ઓલવાઈ જાય છે તેમ જો નસીબ યોગે સમતા રૂપી મેઘની વૃષ્ટિ થાય તો પુણ્યરૂપી કલ્પવૃક્ષ બચી જાય છે એટલે જો સમતા રૂપી પાણીની વૃષ્ટિ થાય તો પુણ્યનો નાશ થતો નથી. એમ સમજીને ભવ્ય જીવોએ ક્ષમાદિ સદ્‌ગુણોની સેવના કરવી જોઈયે. ૧૨૦

**અવતરણ**:—હવે કષાયી જીવને વિવેકનો અભાવ જણાવે છે—

( वसंततिलकावृत्तम् )

२ १ ६ ८
जीवाः कषायविवशा न विचारयन्ति,
३ ५ ६ ७ ४
चाणक्यवत् किमपि कृत्यमकृत्यमत्र ।
१०
कल्पान्तवातविततिक्षुभितस्य पूर्ण–
११ १२ १३ १५ १४
रोदोन्तरस्य जलधेर्ननु को विवेकः ॥ १२१

જીવો કષાયી ના વિચારે કૃત્ય તિમ દુષ્કૃત્યને,
ચાણુકયની જિમ પવનવેગે ઉછળતા આ જલધિને;
ક્યાંથી જ હોય વિવેક ? ન કદી હોય ચાર કષાયને,
જીતવાને ધારજે તું હૃદય માંહિ વિવેકને. ૧

શ્લોકાર્થઃ—કષાયથી પરવશ બનેલા જીવો અહીં કોઈ પણ કૃત્ય અથવા અકૃત્યને વિચારતા નથી. કલ્પાન્ત કાલના તીવ્ર પવનથી ખળભળેલા અને આકાશ અને પૃથ્વીના અન્તરને પૂરનાર સમુદ્રને વિવેક કેવો ? ( ક્યાંથી હોય ? ) ૧૨૧

સ્પષ્ટાર્થ:—કષાયથી પરવશ થએલા એટલે કષાયવાળા જીવો આ જગતમાં કરવા લાયક કાર્યને અને નહિ કરવા લાયક કાર્યને વિચારતા નથી. આ બાબતમાં ચાણુકયની ટૂંક બીના એ છે કે–ચાણુક્ય ગરીબ હોવાથી તેની સ્ત્રીએ સારાં વસ્ત્રાભરણુ નહિ પહેરેલા હોવાથી પિતાને ઘેર લગ્ન પ્રસંગે આવેલી તેની બેનોએ તેનું અપમાન કર્યું. તેથી ઘણા દુઃખી હૃદયે તે ઘેર આવી. ચાણુકયે તેની દીલગીરીનું કારણુ પૂછયું,

ત્યારે પોતાનું પિતાને ઘેર ગરીબાઈને લીધે કેવું અપમાન થયું ? તે જણાવ્યું. આથી ચાણાક્યે તેને આશ્વાસન આપીને દ્રવ્ય કમાવાનો વિચાર કર્યો. પાટલિપુત્રમાં નંદ રાજા બ્રાહ્મણોને દક્ષિણા આપે છે એવું જાણી તે પાટલીપુત્રમાં ગયો. અને નંદ રાજાની સભામાં જઈ રાજાના સિંહાસન ઉપર બેઠો. ત્યારે નંદની દાસીએ કહ્યું કે હે બ્રાહ્મણ ! તમે બીજા આસન ઉપર બેસો, ત્યારે તેના ઉપર મારૂં કમંડલુ રહેશે એમ કહી કમંડલ મૂકયું. ત્રીજું આસન દેખાડયું ત્યારે તેણે દંડ મૂકયો. ચોથું આસન દેખાડયું ત્યારે જપમાલા મૂકી, પાંચમું આસન દેખાડયું ત્યારે જનોઈ મૂકી. તેથી કોપેલી દાસીએ તેને પગથી પાટુ મારીને ઉઠાડયો. તેથી કોપેલા ચાણકયે પ્રતિજ્ઞા કરી કે હું નંદ રાજાને ગાદીએથી ઉઠાડી મૂકી તેનું નિકંદન કાઢીશ. ત્યાર પછી ચંદ્રગુપ્તને સાથે રાખી તેણે નંદરાજાનો નાશ કરી ચંદ્રગુપ્તને ગાદીએ બેસાડયો. એ પ્રમાણે કષાયને લીધે તેણે કૃત્યાકૃત્ય જાણ્યું નહિ. આ બાબતમાં ઉદાહરણ આપે છે કે કલ્પાન્ત કાલના પવનની શ્રેણિથી ખળભળેલા તથા આકાશ અને પૃથ્વીના અંતરને પૂરનાર સમુદ્રને વિવેક કયાંથી હોય ? અથવા તેનામાં જેમ વિવેક ન હોય તેમ કષાયથી પરવશ બનેલા જીવોમાં પણ વિવેક હોતો નથી. આ બીના લક્ષ્યમાં રાખી જીંદગીને બરબાદ કરનાર કષાયો છે એમ જાણીને ભવ્ય જીવોએ તેનો જરૂર ત્યાગ કરવો જોઇયે. ૧૨૧

અવતરણ:—હવે ક્રમ પ્રમાણે ક્રોધને તજવાની બીના જણાવે છે:—

( स्रग्धरावृत्तम् )

३ ४ २ ६ ५ ८ ९ १० ११ ७
मिष्टान्नं भुंक्ष्व हृद्यं पिब जलमपि तान् षड् रसान् मा च
१२
रुंद्धि,
१३ १४ १५ १६ १९ १७ १८
कायक्लेशं त्यजांगं विमलय सुकरः कूरकुंभर्षिणोक्तः ।
२० २१ २२ २३ २६ २४ २५ १ ३१
मोक्षोपायोऽस्ति कोपं जय भज शिवजं शर्म साधो निबोध,
२७ २८ २९ ३०
द्राक्षेक्षुक्षीरखंडप्रभृतिरसबलात्संनिपातेऽप्यदुष्टम् ॥ १२२

હે સાધુ ! આ મિષ્ટાન્નને તિમ મધુરજલ પીજે અને,
ષટ રસોને ચાખજે કરજે ન કાય કલેશને;
અંગ શુદ્ધ બનાવજે પણ કૂર કુંભ મુનિ વચનને,
જાણજે જીત ક્રોધને ઝટ પામજે શિવ શર્મને. ૧

**શ્લોકાર્થ**:—હે સાધુ ! સુંદર મિષ્ટાન્નનું ભોજન કર, સુંદર જલપાન કર, છ પ્રકારના રસને રોક નહિ, કાયકલેશનો ત્યાગ કર, શરીર નિર્મલ કર, પરંતુ કૂરગડુ નામના મુનિએ મોક્ષનો સહેલો ઉપાય બતાવ્યો છે. અને તે આ પ્રમાણે જાણ. ક્રોધનો જય કર ને તેથી મોક્ષ સંબંધી સુખને મેળવ. દ્રાક્ષ, શેરડી, દૂધ, ખાંડ વગેરેના રસના બલથી સંનિપાતને વિષે અદોષકારી છે. ૧૨૨

**સ્પષ્ટાર્થ**:—ક્રોધનો જય એ મોક્ષ મેળવવાનો સહેલો ઉપાય છે એ જણાવતાં ગ્રંથકાર કહે છે કે:–હે સાધુ ! સુંદર

મિષ્ટાન્નનું ભોજન કર, વળી મનોહર પાણી પી, છ પ્રકારના રસોને રોક નહિ એટલે છ પ્રકારના રસોને ચાખ, તપ વગેરે કરવા રૂપ કાયકલેશનો ત્યાગ કર, શરીરને નિર્મલ કર. આ બધું કરવું ગમે તેવું અનુકૂળ છે તે કરવા છતાં પણ મોક્ષ મેળવવાનો સહેલો ઉપાય કૂરગડુ મુનિએ કહેલો છે તે તું આ પ્રમાણે જાણ:—ક્રોધનો જય કર, ને તેથી મોક્ષના સુખને મેળવ. અહીં કહેવાનો સાર એ છે કે જે ક્રોધનો જય કરે છે તે ધીમે ધીમે બીજા કષાયોનો પણ જય કરી શકશે. કારણ કે બધા કષાયમાં ક્રોધ પહેલો કહ્યો છે અને જ્યાં સુધી આ પહેલો કષાય જીતાય નહિ ત્યાં સુધી બીજા કષાયો જીતાતા નથી. માટે દાનાદિ ધર્મને કરતાં પ્રથમ ક્રોધને જીતશો તોજ મોક્ષના સુખ મળશે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે જેમ દ્રાક્ષ, શેરડી, દૂધ અને ખાંડ વગેરે તેમાં નાખેલ રસ ( પારો વગેરે )ના પ્રતાપે સન્નિપાત રોગમાં પણ ખાતાં ગુણ કરે છે. તેમ ક્ષમા ગુણ રાખી પરમ ઉલ્લાસથી ધર્મારાધન કરતાં જરૂર મોક્ષના સુખ મળે છે. આ બાબતમાં કૂરગડુ મુનિની કથા ટુંકાણમાં આ પ્રમાણે જાણવી. શ્રીકુંભ રાજાના લલિતાંગ નામના પુત્રે દીક્ષા લીધી હતી. પરંતુ વેદનીય કર્મના ઉદયથી વારંવાર ભૂખ્યા થતા હોવાથી કૂર (ચોખા) ઘણા ખાય છે તેથી અન્ય સાધુઓએ તેમનું કૂરગડુ નામ પાડયું. એક વાર પર્યુષણાના દિવસે પણ તે ખાવા બેઠા, ત્યારે કોપેલા મુનિઓ તેમના પાત્રમાં થૂંકયા ને તેમને "અરે પાપી આજે પર્વમાં પણ શું ખાવા બેઠા છો" એ પ્રમાણે કહ્યું. તો પણ ક્ષમાના ભંડાર એવા તે મુનિએ પોતાની નિંદા કરતાં અને તે થૂંકેલું ભોજન ખાતાં શુકલ ધ્યાનના યોગે

કેવલજ્ઞાન મેળવ્યું. તે વખતે કેવલજ્ઞાનનો મહિમા કરવા આવેલા દેવોને દેખીને તે શ્રમણોએ પણ કૂરગડુ મુનિના પગમાં પડી ખમાવતાં કેવલજ્ઞાન મેળવ્યું. ગ્રંથકારનો અહીં આશય એ છે કે દરેક ધર્મક્રિયા કરતાં ક્ષમા ગુણ રાખશો, તો જરૂર જલ્દી મુક્તિના સુખ મેળવશો. આ વસ્તુ ધ્યાનમાં રાખી ભવ્ય જીવોએ જરૂર ક્ષમાશીલ બની નિર્મલ ધર્મારાધન કરી આત્મ-કલ્યાણ કરવું. ૧૨૨

અવતરણ:—ક્રોધને જીતવાનો ઉપદેશ આપે છે:—

( मालिनीवृत्तम् )

१ २ ३ ४ ५
यदि शिवगतिरिष्टा सार्यमेतार्यवत्त-
१० ९ ६ ७ १३ १२ ११
ज्जय रुपमुपसर्गेऽपीप्सिता दुर्गतिश्चेत् ।
१४ १५ १६ १७
करडकुरडवत्तत्क्रोध उच्चैर्विधेयः,
१८ १९ २० २१ २२
सुरतरुकदृशोर्योः मतस्त्वं भजस्व ॥ १२३

**વ્હાલો તને જો મોક્ષ છે તો તીવ્ર સંકટ સમયમાં,**
**મેતાર્યની પેઠેજ જીતજે ક્રોધને ક્ષણ વારમાં;**
**દુર્ગતિ જો ઇષ્ટ હોવે કરડ કુરડ મુનિ પરે,**
**ક્રોધ કર સુરતરૂ ધત્તૂરે ઇષ્ટ જે તેને વરે. ૧**

શ્લોકાર્થ:—જો તને મોક્ષ વ્હાલો હોય તો મેતાર્ય મુનિની જેમ ઉપસર્ગમાં પણ તે ક્રોધનો જય કર અને જો

તને દુર્ગતિ ઈષ્ટ હોય તો કરડકુરડ મુનિની જેમ અતિશય ક્રોધ કર. કલ્પવૃક્ષ અને ધંતૂરાના વૃક્ષમાંથી જે તને ગમે તેને ગ્રહણ કર. ૧૨૩

સ્પષ્ટાર્થ:—હે જીવ! જો તને મોક્ષ વ્હાલો પ્રિય હોય, તો મેતાર્ય નામના મુનિની જેમ ઉપસર્ગના પ્રસંગે પણ ક્રોધને જીતજે. એટલે ક્ષમા ગુણ ધારણ કરજે. અને જો તને દુર્ગતિ વહાલી હોય એટલે તારે નરક કે તિર્યંચ ગતિમાં જવું હોય અને ત્યાંના ભયંકર દુઃખ ભોગવવાં હોય તો કરડ-કુરડ નામના મુનિની જેમ અતિશય ક્રોધ કર. કારણ કે ક્રોધ કરવાથી પાપકર્મો બાંધીને જીવ દુર્ગતિમાં જાય છે. અહીં ઉદાહરણ આપતાં જણાવે છે કે ક્રોધના જય સમાન કલ્પવૃક્ષ છે. અને ક્રોધ કરવા જેવું ધંતૂરાનું ઝાડ છે. આ બંનેમાંથી તને જે ગમે તેને ગ્રહણ કર. એટલે જો તારે સુખી થવું હોય તો તું ક્રોધનો જય કર અને દુઃખી થવું હોય તો ક્રોધ કર. આ બેમાંથી તને જે રૂચે તે પ્રમાણે વર્તન કર. ૧૨૩

અવતરણ:—હવે એકસઠમું માન પરિહારનું દ્વાર કહે છે:—

( वसंततिलकावृत्तम् )

४ ५
मानी तपःश्रुतशमव्रतधर्महीनः,

६ २ ३ १
स्यान्नन्दिषेण इव पण्यवधूपहास्ये ।

११ ८ ७
किं तारकः कमलभूवरदुर्धरोऽपि,

१२ ९ १०
नाकारि शम्भुशिशुना हृतसर्वगर्वः ॥ १२४

**વેશ્યા તણા ઉપહાસથી મુનિ નંદિષેણ તણી પરે,**
**માની શમ વ્રત ધર્મ શ્રુત તપ આદિની હીનતા કરે;**
**બ્રહ્મા તણા વરદાનથી દુર્જય જ તારક અસુરને,**
**કાર્ત્તિકેયે ઝટ બનાવ્યો ગર્વહીન તજ માનને. ૧૨૪**

શ્લોકાર્થ:—વેશ્યાએ કરેલા ઉપહાસથી ભ્રષ્ટ થએલા નંદિષેણની જેમ અભિમાની પુરૂષ તપ, શ્રુત, શમ, વ્રત તથા ધર્મથી રહિત થાય છે. બ્રહ્માના વરદાનથી દુર્જય તારક શંભુના પુત્ર વડે સર્વ ગર્વ રહિત નથી કરાયો ? ૧૨૪

**સ્પષ્ટાર્થ:**—અભિમાની પુરૂષની માનને લીધે કેવી દશા થાય છે તે જણાવતા ગ્રંથકાર કહે છે કે અભિમાની પુરૂષ અનશન વગેરે તપ, આચારાંગ વગેરે શ્રુત, શમ એટલે ઉપશમ તથા પ્રાણાતિપાતાદિકના ત્યાગ કરવારૂપ વ્રતોથી રહિત થાય છે. અથવા અભિમાની પુરૂષમાં તપ શ્રુત વગેરે ટકતાં નથી. આ બાબતમાં દૃષ્ટાન્ત આપે છે કે વેશ્યાની મશ્કરીથી માનને વશ થયેલા નન્દિષેણ નામના મુનિ વ્રતાદિથી રહિત થયા. આ નન્દિષેણ મુનિ શ્રેણિક રાજાના પુત્ર હતા. તેમણે વીર પ્રભુની દેશના સાંભળી શ્રેણિક રાજા પાસેથી દીક્ષા લેવાની રજા મેળવી. તે વખતે આકાશમાં દૈવિક વાણી થઈ કે તમારે હાલ દીક્ષા લેવી નહિ કારણ કે તમારે ભોગાવલિ કર્મ બાકી છે. તે વખતે તે વાણીની અવગણના કરીને તે દીક્ષા લઈને આકરા તપ કરવા લાગ્યા. એક વખત છટ્ઠના પારણાના પ્રસંગે એકલા ગોચરી જતાં વેશ્યાને ઘેર જઈને ધર્મ લાભ આપ્યો. ત્યારે વેશ્યાએ કહ્યું કે અમારે

ધર્મલાભનું કામ નથી પરંતુ અર્થ લાભ (દ્રવ્ય લાભ)નું કામ છે. વેશ્યાની મશ્કરીથી અભિમાનમાં આવેલા મુનિએ તેના છાપરામાંથી તરણું ખેંચીને પોતાની લબ્ધિથી મણિ વગેરે રત્નોની વૃષ્ટિ કરી ચાલી નીકળ્યા. આ બનાવ જોઈ વિસ્મય પામેલી વેશ્યાએ મૂલ્ય આપીને હવે ક્યાં જાઓ છો એમ કહી તેમને રોક્યા. તે વખતે ભોગાવલિ કર્મનો ઉદય થવાથી મુનિ પણ વ્રતથી ભ્રષ્ટ થઈ વેશ્યાને ત્યાં રહ્યા. આ પ્રમાણે અભિમાનને લીધે નન્દિષેણ મુનિ વ્રત વગેરેથી ભ્રષ્ટ થઈને તપ શ્રુતજ્ઞાન વગેરે પણ ગુમાવી બેઠા. એવું જાણીને અભિમાનનો ત્યાગ કરવો. અહીં આ ઉદાહરણ આપતાં જણાવે છે કે બ્રહ્મા પાસેથી વરદાન મળવાથી અભિમાની બની ગએલા તારકાસુરને શંભુના પુત્ર કાર્તિકસ્વામીએ ક્ષણમાં હરાવીને મારી નાખ્યો. કહેવત છે કે શેરને માથે સવાશેર હોય છે. અભિમાન તો રાજા રાવણનો પણ રહ્યો નથી. તેથી અનેક પ્રકારના દુઃખના કારણભૂત અભિમાનનો ત્યાગ કરી ભવ્ય જીવોએ જરૂર નમ્રતા ગુણ ધારણ કરી ધર્મારાધન કરી મુક્તિના સુખ મેળવવા. ૧૨૪

અવતરણ:—અભિમાન કરનારની અવહેલના થાય છે તે જણાવે છે:—

( वसंततिलकावृत्तम् )

१    ३   २   ४      ५     ६
स्वस्यापरस्य च बलान्यविचिन्त्य मानी,
७     ८     ९
शक्राभ्यमित्रचमरेन्द्रवदापदे स्यात् ।

११ १३ १२ १० १५
शुक्रः कदाचिदिह चेत्तनुते प्रकाश–
१४ १६ १६ १८ १७ २०
लेशं ततः स्थगयतीन्दुमहो महत्किम् ॥ १२५

ના વિચારી નિજ અપરની શક્તિ જે માની બની,
યુદ્ધ કરવા જાય તે ચમરેન્દ્રની પેરે ઘણી;
પીડા લહે શું શુક્રના તેજે કરીને ચંદ્રનું,
તેજ ઢંકાયે કદી સુખ નમ્ર જન પામે ઘણું. ૧

શ્લોકાર્થ:—પોતાના અને પરના બલનો વિચાર નહિ કરનાર માની પુરૂષ સૌધર્મેન્દ્રના શત્રુ ચમરેન્દ્રની જેમ દુઃખી થાય છે. જો શુક્ર કદાચ અહીં સહેજ પ્રકાશ કરે તેથી શું તે ચંદ્રના વિશાલ પ્રકાશને ઢાંકી શકે છે? અર્થાત્ ઢાંકી શકતો નથી. ૧૨૫

સ્પષ્ટાર્થ:—અભિમાન કરનાર પુરૂષની હાંસી થાય છે અને તે દુઃખ પામે છે તે જણાવતાં ગ્રંથકાર કહે છે કે–જે પોતાના બળનો તથા સામાના બળનો વિચાર નહિ કરતાં અભિમાનને લીધે બીજાની સાથે દુશ્મનાવટ કરે છે, તે અંતે દુઃખી થાય છે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપે છે કે પૂરણ નામના તાપસે તીવ્ર તપ કર્યું હતું, તે મરીને અસુરકુમાર નિકાયમાં ચમરેન્દ્ર નામે અસુરોના ઇન્દ્રપણે ઉત્પન્ન થયો. તેણે અવધિજ્ઞાનથી પોતાના મસ્તક ઉપર પગ કરીને રહેલા સૌધર્મેન્દ્રને જોયા. તેથી કોપેલા તેણે પોતાના પ્રધાનોને પૂછયું કે આ પાપી આ પ્રમાણે કેમ રહ્યો છે. ત્યારે પ્રધા-

નોએ કહ્યું કે હે સ્વામી! ક્રોધ કરો નહિ. કારણ કે આ તો શાશ્વતી સ્થિતિ છે. ત્યારે અભિમાનથી તેણે કહ્યું કે મારા પૂર્વજોએ આ (અપમાન) સહન કર્યું, તેથી મારે પણ શું તે સહન કરવું? આ પ્રમાણે અભિમાનથી પ્રધાનોનું કહેવું ન માનતાં તે અત્યંત શ્યામ રૂપ વિકુર્વીને સ્વર્ગના વિમાનોને શ્યામ કરતો સૌધર્મેન્દ્રની સભામાં ગયો. દુઃખે જોવા લાયક એવા તેને જોઈને દેવોએ પોકાર કર્યો. તેથી સૌધર્મેન્દ્રે અવધિ જ્ઞાનના ઉપયોગથી તેને ચમરેન્દ્ર જાણીને પોતાનું વજ્ર તેની ઉપર ફેંક્યું. તેના તેજથી નાશ પામેલા બળવાળો તે નાશીને વીર પ્રભુના શરણે ગયો. અને નાના કંથવા જેવું રૂપ કરીને શ્રીવીર પ્રભુના બે પગની વચ્ચે રહ્યો. વીર પ્રભુનું શરણ કરનાર પોતાનો સાધર્મિક છે એમ જાણીને સૌધર્મેન્દ્રે વજ્રને ત્યાં જતાં રોકી રાખ્યું. એ પ્રમાણે અભિમાન કરવાથી અને પોતાના અને પરના બળનો વિચાર નહિ કરવાથી ચમરેન્દ્ર દુઃખી થયો. અહીં ઉદાહરણ આપે છે કે શુક્રનો તારો કદાચ થોડો વખત અહીં સહેજ પ્રકાશ કરે તેથી તે શું વિશાલ તેજને ઢાંકી શકે? અર્થાત નજ ઢાંકી શકે. તેમ શુક્રના તારા સમાન અભિમાની પુરૂષ પોતાના ગર્વને લીધે ચંદ્ર જેવા મહા તેજવાળા પરાક્રમી પુરૂષોને જીતી શકે? અર્થાત્ નજ જીતી શકે. એમ જાણીને ભવ્ય જીવોએ નમ્રતા ગુણ જરૂર ધારણ કરવો જોઈયે. ૧૨૫

**અવતરણઃ**—હવે ૬૨ મું માયા કષાયને તજવાનું દ્વાર કહે છેઃ—

( शार्दूलविक्रीडितवृत्तम् )

१ ३ ४ २ ८ ५ ७ ६
माया दुर्गतिकृद्भवेत् परभवे क्लेशाय वास्मिन् पुनः,
११ १० ९ १३ १२
श्रीवीरेण सुरोऽपि कैतवसखा कुब्जीकृतो मुष्टिना।
१९ १५ १८ १७ १६ १४ २०
किं कर्णस्य न निष्फला युधि कला विप्रच्छलात्ताऽभवत्,
२६ २२ २८ २७ २१ २७ २४ २५
किं श्रीशो न जगाम वामनतनुर्दैन्यं बलेर्बन्धने १२६

આ ભવે દુઃખ પરભવે માયા નરકને આપતી,
વીરપ્રભુએ માયિસુર કુબડો કર્યો મુષ્ટિવતી;
વિપ્ર થઈ શીખી કલા કરણેજ પરશુરામથી,
પણ યુદ્ધમાં નિષ્ફલ બની તે વિજય ક્યાંથી
કપટથી. ૧

કપટથી વામન બનેલા વિષ્ણુ બંધાયા વલી,
યાચકપણું બલિભૂપથી પામ્યા સરલતા સુખ કરી;
સરલતાએ ધર્મને આરાધજો વિધિ યોગથી,
મુક્તિના સુખ પામજો અલગા રહો નિત કપટથી. ૨

શ્લોકાર્થ:—માયા પરભવમાં દુર્ગતિ આપનારી અને વળી આ ભવમાં ક્લેશને માટે (ક્લેશ દેનારી) થાય છે. શ્રીવીર પ્રભુએ કપટથી મિત્ર બનેલ દેવને મૂઠી મારી કૂબડો બનાવ્યો હતો. બ્રાહ્મણનું છલ કરી (પરશુરામ પાસેથી) મેળવેલી કર્ણની કલા યુદ્ધમાં શું નિષ્ફળ ન થઈ? અથવા

વામન રૂપ ધારણ કરનાર વિષ્ણુ બલિના બંધનને અને દીનતાને ( યાચકપણાને ) નથી પામ્યા ? ૧૨૬

સ્પષ્ટાર્થ:—માયા એટલે કપટ અથવા છેતરપીંડી કરવાથી જીવ આ લોકમાં અનેક પ્રકારનાં દુઃખ પામે છે તેમજ પરભવમાં પણ નરકાદિ દુર્ગતિને પામે છે. શ્રીવીર પ્રભુ જ્યારે બાલકપણામાં ક્રીડા કરતા હતા તે વખતે ઇન્દ્ર મહારાજે તેમના બળની આ રીતે પ્રશંસા કરી કે—" દેવો સહિત ઇન્દ્ર પણ શ્રીવીર પ્રભુને ક્ષોભ પમાડવાને સમર્થ નથી. " તેની શ્રદ્ધા નહિ કરતો એક દેવ શ્રીવીર પ્રભુની પરીક્ષા કરવા માટે જ્યાં પ્રભુ રમતા હતા ત્યાં મનુષ્યનું રૂપ કરીને આવ્યો. અને પ્રભુને પોતાની ખાંધ ઉપર બેસાડી તાડ જેવું ઉંચું પોતાનું રૂપ વિકુર્વ્યું. તેથી પ્રભુએ મુઠીનો પ્રહાર કરીને તે દેવને ઠીંગણો ( ઠુંકો ) બનાવી દીધો. આ પ્રમાણે કપટી દેવની હાલત થઈ. બીજું દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે કર્ણ રાજા પોતે ક્ષત્રિય હતો તે છતાં બ્રાહ્મણનું રૂપ કરીને પરશુરામની પાસે વિદ્યા શીખ્યો. પરંતુ એક વાર પરશુરામ કર્ણના ખોળામાં સૂઈ રહ્યા હતા તે વખતે કર્ણની જંઘામાં સર્પ કરડ્યો. તેમાંથી લોહી નીકળ્યું. તેનો રેલો પરશુરામની નીચે જવાથી તે જાગ્યા. પરંતુ કર્ણ તો તેમજ રહ્યા. તેથી પરશુરામે જાણ્યું કે આટલું સત્ત્વ બ્રાહ્મણમાં હોય નહિ. આ બ્રાહ્મણનો ખોટો વેષધારી ક્ષત્રિય કર્ણ છે, એવું જાણીને તેને શ્રાપ આપ્યો કે યુદ્ધમાં તું વિદ્યા ભૂલી જઇશ. અને યુદ્ધમાં તેમજ બન્યું. એટલે કહેવાનો સાર એ છે કે કપટથી મેળવેલી વિદ્યા કામમાં આવતી નથી. વળી ત્રીજું દૃષ્ટાન્ત આપતાં

જણાવે છે કે બલિ રાજા ઉપર કોપેલા વિષ્ણુએ વામનનું રૂપ કરી બલિ રાજા પાસે ત્રણ પગલા મૂકવા જેટલી ભૂમિ માગી. તેણે તે આપી ત્યારે કપટી વિષ્ણુએ બે પગલાં વડે સઘળી પૃથ્વી રોકી. અને ત્રીજું પગલું કયાં મુકવું એમ પૂછયું. ત્યારે બલિરાજાએ પોતાની પીઠ બતાવી. ત્યાં વિષ્ણુએ પોતાનો પગ મૂકયો અને બલિ રાજાને પાતાલમાં નાખ્યો. બલિ રાજાના સત્ત્વથી પ્રસન્ન થએલા કૃષ્ણે વરદાન માગવાનું કહેવાથી બલિ રાજાએ કહ્યું કે મારા દરવાજે દ્વારપાલ થઈને રહો. તેથી તેમને દ્વારપાલ થઈને રહેવું પડયું. આ પ્રમાણે માયાથી વિષ્ણુને પણ દીન બનવાનો અવસર આવ્યો, એમ જાણીને ભવ્ય જીવોએ સરલતા ગુણ ધારણ કરવા પૂર્વક ધર્મારાધન પરમ ઉલ્લાસથી સાધી મુક્તિના અવ્યાબાધ સુખ પામવા. ૧૨૬

અવતરણ:—ફરીથી પણ સર્વ કષાયોમાં માયાની અધિકતા જણાવે છે:—

॥ स्रग्धरावृत्तम् ॥

૨ ૧ ૩ ૪ ૫ ૭ ૬
सर्वेऽप्येते कषायाः सदृशबलभृतः किन्तु तीव्रैव माया,
૮ ૧૦ ૯ ૧૩ ૧૪ ૧૨ ૧૧
या जित्वाषाढभूतिं नटमिव नटयामास गौरीव रुद्रम् ।
૨૦ ૧૯ ૧૬ ૧૭ ૨૩ ૨૨ ૧૮ ૧૫ ૨૧
क्लीवत्वं स्त्रीलिङ्गभावादिह नृषु न ददौ मल्लिमुख्येषु या किं,
૨૮ ૨૬ ૨૫ ૨૪ ૨૭
सत्यं दुर्दान्तदैत्यं कितवमृगदृशीभूय विष्णुर्जघान १२७

**હે ભવ્ય! ચાર કષાયમાં માયા ભયંકર પાર્વતી,**
**શિવને નચાવે નટ પરે આષાઢભૂતિને અતિ;**
**માયા થકી સ્ત્રીવેદ પામ્યા મલ્લિ જિનવર કપટથી,**
**નાર રૂપ લઈ દૈત્ય જીત્યો વિષ્ણુએ દુઃખ એહથી.૧૨૭**

**શ્લોકાર્થ**:—આ સર્વે કષાયો સરખા બળવાળા છે તો પણ માયા સૌથી તીવ્ર (ભયંકર) છે. કે જે માયાએ આષાઢભૂતિ નામના મુનિને જીતીને જેમ પાર્વતીએ શિવને નચાવ્યા તેમ નટની પેઠે નચાવ્યા હતા. વળી પોતે સ્ત્રી જાતિ હોવાથી આ લોકમાં મલ્લીનાથ વગેરેને શું સ્ત્રી પણું નથી આપ્યું? વળી એ પણ સત્ય જ છે કે માયાવી (બનાવટી) સ્ત્રીનું રૂપ લઈને વિષ્ણુએ દુર્દાન્ત દૈત્યને હણ્યો. ૧૨૭

**સ્પષ્ટાર્થ**:—સર્વ કષાયો એટલે ક્રોધ, માન, માયા અને લોભ સમાન બળવાળા છે એટલે સંસારી જીવને તે દરેક નુકસાનકારક છે તો પણ તે સર્વેમાં માયા સૌથી વધારે ભયંકર છે. કારણ કે તે માયાએ અનેક જીવોને ઘણા પ્રકારે દુઃખી કર્યા છે અહીં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે જેવી રીતે પાર્વતીએ શંકરને નચાવ્યા, તેવી રીતે આષાઢભૂતિ નામના મુનિને કપટને લીધે નાચવું પડયું હતું. બીજું દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે માયા એ સ્ત્રી જાતિ છે એટલે માયા કેવી એમ બોલાય છે તેથી માયા સ્ત્રી લિંગે ગણાય છે, એમ માયા સ્ત્રી લિંગ હોવાથી તેણે આ લોકમાં મલ્લીનાથ જેવા તીર્થંકરને પણ સ્ત્રી વેદ પ્રાપ્ત કરાવ્યો છે. કારણ કે પૂર્વભવમાં મલ્લીનાથના જીવે પોતાના મિત્રો સાથે કપટ

રાખીને તપ કર્યો હતો અને તે કપટને લીધે તેમણે નિકાચીત સ્ત્રી વેદ બાંધ્યો અને તેનો તીર્થંકરના ભવમાં ઉદય આવ્યો. ત્રીજું દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે દુર્દાન્ત નામના દૈત્યને હણવાને માટે વિષ્ણુએ કપટથી સ્ત્રીનું રૂપ ધારણ કર્યું. આ દુર્દાન્ત નામના દૈત્યે બ્રહ્મા પાસેથી એવું વરદાન મેળવ્યું હતું કે તે રોષથી જેના મસ્તક ઉપર હાથ મૂકે તે ભસ્મ થઈ જાય. ત્યાર પછી બ્રહ્માંડમાં તે મરજી મુજબ ભમવા લાગ્યો. ગૌરીનું રૂપ જોઇને તેના ઉપર મોહિત થયો. તેથી તે પશુપતિ પાસે આવ્યો. પશુપતિ ભય પામીને વિષ્ણુ પાસે ગયા. અને પોતાનું દુર્દાંત દૈત્યથી રક્ષણ કરવા કહ્યું. તેથી વિષ્ણુએ બનાવટી ગૌરીનું રૂપ કર્યું. ત્યારે આ ગૌરી છે એમ માની દૈત્યે તેની પાસે આવીને ગૌરીને કહ્યું કે હે સુન્દરિ! મને પતિપણે અંગીકાર કર. ત્યારે બનાવટી ગૌરીએ કહ્યું કે તું મારી આગળ નૃત્ય કર તો તારી વાત કબુલ કરૂં. દૈત્યે નૃત્ય કરવા માંડ્યું. નૃત્યમાં ગૌરીએ રાક્ષસના મસ્તક ઉપર હાથ મુકાવી તેને બાળી નાખ્યો. અહીં કહેવાનો સાર એ છે કે માયાએ વિષ્ણુ પાસે પણ સ્ત્રીનું રૂપ ધારણ કરાવ્યું. ભવ્ય જીવોએ આવી માયાનો જરૂર ત્યાગ કરવો જોઈએ. ૧૨૭

**આષાઢભૂતિ મુનિની** ટુંક બીના આ પ્રમાણે:—કોઈક ગચ્છમાં આષાઢભૂતિ નામે મુનિ હતા. તે ઘણી લબ્ધિવાળા હતા. એક વખત છઠ્ઠના પારણે ગોચરી જતાં એક નટના ઘરમાં પેઠા. તેને ઘેર દરેક ભિક્ષુને એક એક મોદક આપે છે. મુનિને પણ એક મોદક મળ્યો. મુનિએ બહાર આવી

વિચાર્યું કે આ મોદક તો ગુરૂ ખાશે મને કાંઇ મળશે નહિ, એમ વિચારી રૂપ બદલીને ફરીથી નટના ઘેર જઈ મોદક લઈને આવ્યા. ફરીથી વિચાર્યું કે આ મોદક બીજા સાધુઓ ખાશે, માટે ફરીથી વૃદ્ધ સાધુનો વેશ લઈને ત્રીજો મોદક લાવ્યા. આ બધું ઘરની બારીએ બેઠેલા નટે જોયું. તેથી તેણે વિચાર્યું કે આવી લબ્ધિવાળા મુનિ જો મારા વશમાં આવે તો મને ધંધામાં ઘણો લાભ થાય. તેથી બીજે દિવસે ફરીથી મુનિ આવ્યા ત્યારે નટે તેની રૂપવતી બે કન્યાઓની પાસે હાવભાવ વડે મુનિને ચલાયમાન કરાવ્યા અને વશ થએલા મુનિએ જ્યાં સુધી બે કન્યાઓમાંથી કોઇ મદ્યપાન નહિ કરે ત્યાં સુધી હું પોતે રહીશ એમ કહ્યું. ત્યાર પછી તે નટની કળાઓ શીખ્યા અને રાજા વગેરે પાસેથી પોતાની જુદી જુદી લબ્ધિથી નૃત્ય કરીને ઘણું ધન મેળવ્યું. આ પ્રમાણે તે મુનિને માયાએ ચારિત્રથી ભ્રષ્ટ કર્યા, અંતે મુનિ ફરીથી દીક્ષિત થઈ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. તેમજ તેમણે નટોને પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કરાવ્યું હતું.

અવતરણઃ—હવે ત્રેસઠમું લોભ કષાય પરિહારનું દ્વાર કહે છેઃ—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

६ १० ९ ७ ८ ५ ३ ४ १
लोभी तृप्यति नो धनैरपि धनैरिच्छन्नवं स्वं नवा—
२ ११ १३ १४ १२ १५ १६
दप्याद्यः पितृकल्पितानुजपदं किं चार्षभिर्वाञ्छितत् ।

१८ १९ २० २१ २३ १७ २२ २४
अश्रान्तं सरितां शतैरपि भृतः किं वाम्बुधिः पूर्यते,
२९ २५ ३० २८ २६ २७
किं वा शाम्यति काष्ठकोटिभिरपि ज्वालाकरालोऽनलः १२८

બહુ ધને ન ધરાય લોભી અધિકની ઇચ્છા કરે,
બાહુબલિના રાજ્યને લેવા ભરત ઇચ્છા કરે;
નદીયો તણા બહુ પૂરથી સાગર ધરાયે ના કદી,
લાકડાં બહુ હોમતાં પણ અગ્નિ ન ધરાએ કદી. ૧

શ્લોકાર્થ:—નવા નવા દ્રવ્યને ઇચ્છતો લોભી પુરૂષ ઘણું ધન મળે તો પણ ધરાતો નથી. શ્રી ઋષભદેવના પ્રથમ પુત્ર ભરત ચક્રીએ પિતાએ નાના ભાઇઓને આપેલું રાજ્ય શું બલાત્કારે ગ્રહણ કર્યું નહોતું? અથવા નિરંતર સેંકડો નદીઓના પાણી વડે પણ ભરાતો સમુદ્ર શું ધરાય છે? અર્થાત્ નથી જ ધરાતો. ? ૧૨૮

સ્પષ્ટાર્થ:—હવે લોભનું સ્વરૂપ જણાવતાં ગ્રંથકાર કહે છે કે લોભી માણસ ઘણું ધન મળે તો પણ ધરાતો નથી. કારણ કે તેને જેમ જેમ ધન મળતું જાય છે તેમ તેમ લોભી નવા નવા ધનને મેળવવાની ઇચ્છા કરે છે એટલે લોભી મનુષ્યની ધનની ઇચ્છા વધતીજ જાય છે. અહીં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે ઋષભદેવના પ્રથમ પુત્ર ભરત ચક્રવર્તીએ છ ખંડ પૃથ્વી જીતી, તે છતાં પિતાએ પોતાના નાના ભાઇઓને વહેંચી આપેલું રાજ્ય લેવાને પ્રયત્ન કર્યો. તેમાં બીજા ભાઈઓ તો ભરતને નમવા કરતાં પોતાની મેળેજ

રાજ્ય છોડીને સાધુ થયા. પરંતુ બાહુબલિની સાથે તો મોટું યુદ્ધ થયું. તેમાં પણ બાહુબલિની જીત થવા છતાં પણ તેમણે યુદ્ધક્ષેત્રમાં જ પંચ મુષ્ઠી લોચ કરીને દીક્ષા લીધી. કહેવાનો સાર એ છે કે ઘણાં રાજ્યો જીતવા છતાં પણ ભરત ચક્રીને લોભ વધ્યો, તેથી યુદ્ધાદિ કરવા પડયા. બીજું દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે અનેક નદીઓનાં પાણી નિરન્તર સમુદ્રમાં આવ્યા કરે છે છતાં પણ સમુદ્ર પૂરાતો (ધરાતો) નથી; તેવીજ રીતે સળગેલા અગ્નિમાં ગમે તેટલા લાકડાં નાખવામાં આવે તો પણ તે અગ્નિ શાંત થતો (ધરાતો) નથી પરંતુ ઉલટો વધતો જાય છે. તેવી રીતે લોભ પણ એવો છે કે જેમ જેમ વધારે વધારે લાભ થતો જાય તેમ તેમ લોભ પણ વધતો જાય છે. આ લોભ ધર્મારાધનમાં મહા વિઘ્ન કરે છે. માટે ભવ્ય જીવોએ સંતોષ ગુણ ધારણ કરી શાંતિમય જીવનમાં પરમોલ્લાસથી ધર્મારાધન કરી આત્મકલ્યાણ કરવું. ૧૨૮

**અવતરણઃ**—હવે લોભ કલિતરૂ (કલેશરૂપી વૃક્ષ)ના જેવો છે એમ જણાવે છેઃ—

॥ स्रग्धरावृत्तम् ॥

**चिन्तावन्यां जनानां कपिलसमधियां वित्तलेशाप्तिमूलः,**
**प्रत्याशावारिसिक्तो धनिविविधधनप्रार्थनाभोगवल्गुः ।**
**भूपेन्द्रत्वादिसम्पन्मतिकुसुमततिर्भोगचिन्ताफलर्द्धि-**
**र्लोभो धृत्या श्रवंत्या व्रजतु कलितरुर्वप्तुरप्यर्तिहेतुः १२९**

લોભ કલેશ તરૂ સમો તે વાવનારો તેહથી,
પીડા લહે સંતોષ નદીએ નાશ પામો મૂલથી;
કપિલ જેવી બુદ્ધિવાળા જન હૃદય પૃથ્વી વિષે,
કલેશતરૂનું અલ્પ ધનની પ્રાપ્તિ રૂપી મૂલ દીસે. ૧

આશા જલે સિંચેલ તે ધની પ્રાર્થના રૂપ થડ વડે,
ઇંદ્રાદિ સંપત્તિ કુસુમથી ભોગ ચિંતા ફલ વડે;
સહિત કલેશતરૂ દીએ દુઃખ આકરા બહુ લોભિને,
છોડ ઝટ જિનધર્મ સાધન વિઘ્ન જેવા લોભને. ૨

**શ્લોકાર્થ**:—કપિલના જેવી બુદ્ધિવાળા મનુષ્યોના ચિત્ત રૂપી જમીન વિષે કંઈક દ્રવ્યની પ્રાપ્તિ રૂપ મૂળવાળું, આશા-રૂપી પાણીથી સિંચાએલું, ધનવંતોની આગળ વિવિધ પ્રાર્થના કરવા રૂપ વિસ્તાર (થડ) વડે મનોહર, રાજાપણાની અને ચક્રીપણાની સમ્પત્તિ રૂપ પુષ્પની શ્રેણિવાળું, ભોગની ચિન્તારૂપ ફલ સમૃદ્ધિવાળું, વાવનારને પણ પીડાનું કારણ એવું લોભ-રૂપી કલેશવૃક્ષ સન્તોષ રૂપી નદીથી (નદીમાં) તણાઈ જાઓ. ૧૨૯

**સ્પષ્ટાર્થ**:—ગ્રંથકાર આ શ્લોકમાં લોભને કલેશવૃક્ષની સાથે સરખાવતાં જણાવે છે કે-જેમ વૃક્ષ જમીનમાં ઉગે છે તેમ આ લોભ રૂપી ઝાડ પણ કપિલ બ્રાહ્મણના જેવી બુદ્ધિ-વાળા મનુષ્યોના મન રૂપી જમીનમાં ઉગે છે, એટલે લોભનું ઉત્પત્તિસ્થાન મન છે. આ કપિલ બ્રાહ્મણ પુરોહિતનો પુત્ર હતો. તેનો બાપ તેને નાની ઉંમરનો મૂકી મરણ પામ્યો,

તેથી રાજાએ બીજાને પુરોહિતની પદવી આપી હતી. માતાએ કપિલ મોટો થયો ત્યારે આ વાત જણાવી. તેથી તે ભણવાને માટે તેના બાપના ભાઇબંધને ત્યાં અવન્તી નગરીમાં ગયો અને અભ્યાસ કરવા લાગ્યો. ત્યાં દાસીને વિષે આસક્ત થયો. તે વખતે દાસીએ તેને બે માસા સોનું લાવવા કહ્યું. અને તેને માટે "સવારમાં રાજા પાસે વહેલા જનારને રાજા બે માસા સોનું આપે છે." એવું દાસીએ કપિલને કહ્યું. તેથી રાતે વ્હેલો ઉઠીને રાજા પાસે જવા નીકળ્યો. સીપાઈ તેને ચોર છે એવું જાણીને પકડીને રાજા પાસે લઈ ગયો. રાજાએ પણ ખરી હકીકત પૂછી, ત્યારે કપિલે સાચી બીના કહી દીધી. તેથી રાજી થયેલા રાજાએ વરદાન માગવા કહ્યું, તે વખતે હું વિચાર કરીને માંગીશ. એમ કહી વનમાં જઈને વિચાર કરવા લાગ્યો કે બે માસા સોનાથી શું થાય માટે ૧૦૦ તોલા માગું. સોથી આગળ હજાર, હજારથી લાખ, લાખથી કરોડ એમ વધારે વધારે માગવાની ઇચ્છા થઇ. તેથી પાછો શુભ વિચાર થયો કે બે માસા સોના માટે હું નીકળ્યો, તેમાં તો કરોડ માગતાં પણ સંતોષ થતો નથી. માટે સંતોષ રાખવામાંજ પરમ સુખ શાંતિ રહેલી છે. એવી ભાવનાથી વૈરાગ્ય પામીને પંચમુષ્ટી લોચ કર્યો અને દેવતાએ આપેલો વેષ પ્હેરી રાજા પાસે જઇ ધર્મલાભ આપ્યો. રાજાએ વિસ્મય પામી પૂછ્યું, ત્યારે કપીલ મુનિએ પોતાની લોભ ભાવના પ્રકટ કરી સન્તોષમાંજ સુખ છે એમ જણાવ્યું. કપિલ મુનિ છેવટે કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા. આથી કહ્યું કે કપીલ બ્રાહ્મણના જેવી બુદ્ધિવાળા

જીવોના મન રૂપી જમીનમાં કલિતરૂ ઉગ્યું છે. મૂળ વિના વૃક્ષ હોય નહિ તેમ આ લોભ રૂપી વૃક્ષને પણ અલ્પ દ્રવ્યની પ્રાપ્તિ રૂપી મૂળ જાણવું. કારણકે જેને એક મળે તેને પાંચની અને પાંચ મળે તેને પચીસની ઈચ્છા થાય છે. પાણીના સિંચન વિના વૃક્ષ ટકતું નથી તેમ અહીં આશા રૂપી પાણી જાણવું. વળી થડ વિના ઝાડ ઉભુ રહેતું નથી તેમ અહીં ધનવાન પુરૂષોની આગળ જુદા જુદા પદાર્થોની પ્રાર્થના કરવા રૂપી વિસ્તાર એટલે થડ વડે મનોહર આ કલિતરૂ છે એમ જાણવું, વળી ઝાડને ફૂલ આવે છે તેમ અહીં રાજાપણું ઈન્દ્રપણું વગેરે સમ્પત્તિ રૂપી ફૂલની પંક્તિવાળું આ લોભ રૂપી વૃક્ષ છે. વળી ઝાડને ફલનો વિસ્તાર હોય છે તેમ અહીં ભોગના સાધનોની વિચારણા રૂપી ફલો જાણવાં. બીજા ઝાડના ફળો તેના વાવનાર માળી વગેરેને સુખ આપે છે, પરંતુ આ લોભ રૂપી ઝાડ તો વાવનારને પીડા કરે છે માટે આ લોભ રૂપી કલિ વૃક્ષ સંતોષ રૂપી નદીથી (નદીના પૂરમાં) તણાઈને નાશ પામો. અથવા આ લોભનો નાશ કરવા માટે સન્તોષ સિવાય બીજો કોઈ ઉપાય છેજ નહિ. એમ જાણીને ભવ્ય જીવોએ સન્તોષ ગુણ ધારણ કરી જરૂર લોભવૃત્તિ દૂર કરવી જોઈએ. ૧૨૯.

**અવતરણ**—એ પ્રમાણે ૧૩ મું લોભદ્વાર કહ્યું. હવે ક્રમ પ્રમાણે પુણ્યદિન પ્રક્રમનું વર્ણન કરવા માટે પ્રથમ ૧૪મું વર્ષાક્ષમાશ્રમણ દ્વાર કહે છે:—

॥ स्रग्धरावृत्तम् ॥

३ ४ ६ ५ २ १ ८ ७
स्वर्भूमेर्मातृगर्भेऽगमदुदयमहो यः सुरैर्मेरुशैले,
९ १० १३ १२ ११ १४ १५
सिक्तस्तातालयेऽगादुपचयमनिशं छाययाक्रान्तविश्वः ।
१६ १७ १८ १९ २० २१ २२
पादोपान्तानम्रत्रिभुवनजनतास्वीकृतोच्चैः फलर्द्धिः,
२५ २६ २८ २७ २४ २३
श्रीवीरो वोऽस्तु चिन्ताधिकतरवरदः कल्पशाखी नवीनः १३०

ઇચ્છા થકી પણ અધિક વર વરદાન આપે તે પ્રભુ,
જે વીર રૂપ નવીન સુરતરૂ સ્વર્ગથી આવી વિભુ;
ગર્ભમાં જનનીતણા પામ્યા ઉદય હરિસુર ગણે,
મેરૂ ઉપર ન્હવરાવિયા નિજ તેજથી ત્રણ લોકને. ૧

વ્યાપ્ત કરતા જનક ગૃહમાં જે વધ્યા પદ કમલને,
નમતા ભુવનજન કાજ જેણે મેળવી ફલ ઋદ્ધિને;
હાલ જેનું શ્રેષ્ઠ શાસન વર્ત્તતું તે વીરને,
હાથ જોડી વંદિએ ને પૂજીયે ધરી રંગને. ૨

શ્લોકાર્થ:—જે પ્રભુ સ્વર્ગમાંથી આવીને માતાના ગર્ભમાં ઉદય પામ્યા, જેમનો દેવતાઓએ મેરૂ પર્વત ઉપર અભિષેક કર્યો છે, જે નિરંતર પિતાને ઘેર વૃદ્ધિ પામ્યા છે, જેમના તેજથી વિશ્વ ભરાઇ ગયું હતું, જેમણે પોતાના ચરણની પાસે નમતા લોકના પ્રાણીઓના સમૂહને માટે ઉંચી ફલની સમૃદ્ધિ મેળવી

છે તે શ્રીવીર પ્રભુ રૂપી નવીન કલ્પવૃક્ષ તમને ઇચ્છાથી અધિક વરદાન દેનાર થાઓ. ૧૩૦

**સ્પષ્ટાર્થ**:—ગ્રંથકારે અહીં શ્રીવીર પ્રભુને કલ્પવૃક્ષની ઉપમા આપતાં જણાવ્યું છે કે **શ્રીવીર** પ્રભુ કોઈ અપૂર્વ નવીન કલ્પવૃક્ષના જેવા છે, કારણ કે જ્યારે બીજા કલ્પવૃક્ષ દેવલોક વગેરે સ્થાને ઉદય પામે છે, ત્યારે શ્રીવીર પ્રભુ રૂપી કલ્પવૃક્ષ સ્વર્ગ ભૂમિમાંથી ત્રિશલા માતાના ગર્ભમાં આવીને ઉદય પામ્યા. બીજા વૃક્ષો જ્યાં સિંચાય ત્યાંજ મોટા થાય છે, પણ આ વીર પ્રભુનો મેરૂ પર્વત ઉપર અભિષેક કરાયો, ને તે પ્રભુ પિતાના ઘેર મોટા થયા. તેમજ બીજા કલ્પવૃક્ષની છાયા ઝાડના ઘેરાવામાં જ ફેલાય છે. અને આ શ્રીવીર પ્રભુરૂપી કલ્પવૃક્ષની છાયા (કાન્તિ) આખા જગતમાં ફેલાઇ ગઈ. તેમજ બીજા કલ્પવૃક્ષો ચરણમાં નમનાર લોકોને ઉંચી ફલ સમૃદ્ધિ (મોક્ષના સુખ વગેરે) પ્રાપ્ત કરાવતાં નથી પરંતુ આ શ્રીવીર પ્રભુ રૂપી કલ્પવૃક્ષ તો પોતાના (પ્રભુના) ચરણમાં નમનાર ભવ્ય જીવોને ઉચ્ચ પ્રકારની ફલની સમૃદ્ધિ (મોક્ષાદિ) આપે છે. વળી બીજા કલ્પવૃક્ષો માગનાર માણસને આ ભવના જ ઇષ્ટ પદાર્થો આપે છે, પરંતુ આ શ્રીવીર પ્રભુ રૂપી અપૂર્વ કલ્પવૃક્ષ ઇચ્છા હોય તેના કરતાં (ધાર્યા કરતાં પણ) અધિક વરદાન (મુક્તિ વગેરે) આપે છે, માટે હે ભવ્ય જીવો! આ પ્રમાણે યથાર્થ અપૂર્વ કલ્પવૃક્ષ જેવા શ્રીવીર પ્રભુની અને તેમના શાસનની પરમ ઉલ્લાસથી આરાધના કરી મુક્તિના અવ્યાબાધ સુખ પામજો. ૧૩૦

**અવતરણ**—એ પ્રમાણે આશીર્વાદ કહીને વિશેષ ઉપદેશ આપે છે:—

( स्रग्धरावृत्तम् )

३ २ १
स्युर्द्वात्रिंशत्सहस्रा भरतजनपदाः सार्धपञ्चाग्रविंश–
४ ५ ७ ६ ८ १० ९
त्यार्येष्वर्हत्प्रबोधः सुगुरुभिरधुना पञ्चषेष्वस्ति धर्मः ।
१३ १२ ११ १४ १६ १५ १८ १७
सत्क्षेत्रं तत्र चाल्पं लवणभुवि यथा पल्वले ग्रीष्मतुच्छे,
१९ २० २१ २२ २३ २४ २६ २५
पद्मं हंसस्य तुष्टयै तदिह बहुगुणे सच्चतुर्मासकं नः १३१

ભરત ક્ષેત્રે દેશ બત્રીશ સહસ તેમાં જાણીયે,
અરિહંતનો પ્રતિબોધ સાડી પચ્ચીશ દેશે માનીએ;
તેહમાં પણ પાંચ ષટ દેશો વિષે ધર્મશ્રુતિ,
સુગુરૂયોગે તેહમાં પણ ક્ષેત્ર સારા ના અતિ. ૧
ગ્રીષ્મ કાલે લવણવાળી ભૂમિના ખાબોચીએ,
જિમકમલ ઓછા જણાયે તિમ સુક્ષેત્ર વિચારીએ;
બહુ ગુણિ આ ક્ષેત્રમાં ચોમાસું શુભ સંતોષને,
દેનાર નિવડો નિત અમારા જીવને સુખ શાંતિને. ૨

શ્લોકાર્થ:—ભરત ક્ષેત્રમાં બત્રીસ હજાર દેશો છે, તેમાં સાડી પચ્ચીસ આર્ય દેશોમાં અરિહંતનો પ્રતિબોધ છે. હમણાં તેમાંથી પાંચ છ દેશોમાં સદ્ગુરૂ વડે ( તેમના ઉપદેશ વડે ) ધર્મ છે. તેમાં પણ ખારી પૃથ્વીમાં ઉનાળાને લીધે થોડા જળવાળા તળાવમાં રહેલું કમલ જેમ હંસને તુષ્ટિને માટે ( હર્ષ કરનારું ) થાય છે, તેમ બહુ ગુણવાળા આ ક્ષેત્રને વિષે પ્રધાન એવું અમારૂં ચોમાસું સંતોષને માટે થાઓ. ૧૩૧

**સ્પષ્ટાર્થ :**—આ ભરત ક્ષેત્રમાં બધા મળીને બત્રીસ હજાર દેશો છે, તેની અંદર સાડી પચીસ આર્યદેશો કહેલા છે. આ સાડી પચીસ દેશોમાં અરિહંતનો પ્રતિબોધ છે, અને તેમાંથી પણ પાંચ છ દેશોની અંદર જ સદ્‌ગુરૂના ઉપદેશનું શ્રવણ થાય છે. તે પાંચ છ દેશોમાં પણ સારા ક્ષેત્રો તો થોડા જ હોય છે, જેમ ખારી પૃથ્વીમાં ઉનાળાને લીધે પાણી સૂકાઈ જવાથી થોડા જળવાળા તળાવમાં રહેલું પણ કમળ હંસને સંતોષ પમાડે છે, એટલે જેમ કમલથી તે હંસને સંતોષ થાય છે, તેમ બહુ ગુણવાળા થોડા પણ સત્ક્ષેત્રને વિષે અમારૂં ચતુર્માસ (ચોમાસું) અમને અને બીજા ભવ્ય જીવોને સંતોષ પમાડનારૂં નીવડો. ૧૩૧

**અવતરણ:**—હવે અનુક્રમે આવેલ ૬૫ મું પ્રાઘૂર્ણક (પરોણા) વન્દન અને તે પ્રસંગે ઉચિત ઉપદેશ નામનું દ્વાર કહે છે:—

( आर्यावृत्तम् )

४ १ २ ३ ५ ६ ८ ७ ९
यन्नश्चिरं विहाराज्जिननतिपुण्यं तदाशु वो भूयात् ।
१० ११ १२ १४ १३ १५
कर्षुकशालेर्यत्नाद्दूर्द्धकिशालेर्द्रुतं तु फलम् ॥ १३२

અન્ય થલ રહેનાર ભવ્યો વાંદવા ગુરૂરાજને,
આવતા ગુરૂ તેમને સંભળાવતા ઉપદેશને;
હે ભવ્ય જીવો! ભૂમિ પર વિચરંત જિનને પ્રણમતા,
જે અમે પુણ્ય મેળવ્યું તે પામિયા તુમ પ્રણમતા. ૧

**વાવણી આદિ પ્રકારે ધાન્ય મોડા નીપજે,**
**પણ ધાન્ય વર્ધકિ રત્નનું થોડા સમયમાં નીપજે;**
**પૂજ્ય ગુરૂની વંદના કરતી જ પાપનિકંદના,**
**પુણ્ય બંધ વધારનારી સાથ ઉત્તમ ભાવના.** ૧

**શ્લોકાર્થ:**—અમને વિહારથી લાંબા કાળે જિનેશ્વરને નમસ્કાર કરવાનું જે પુણ્ય મળ્યું તે તમોને જલદી થાઓ. ખેડુતને શાલિ (ડાંગર) ની ખેતીનું જે ફલ મ્હેનતે મળે છે, તે કરતાં વાર્ધકિ રત્નન શાલિનું ફળ જલદી મળે છે. ૧૩૨

**સ્પષ્ટાર્થ:**—શ્રીગુરૂ મહારાજને વંદન કરવામાં તત્પર બ્હારથી આવેલા લોકોની આગળ ઉપદેશ આપતાં ગુરૂ મહારાજ કહે છે કે અમોને વિહાર કરીને જિનેશ્વરને નમન કરવાથી લાંબા કાળે જે પુણ્ય થયું તે પુણ્ય હે ભવ્યજનો! અહીં વંદન કરવાથી તમને શીઘ્ર પ્રાપ્ત થાઓ. (અથવા વંદન કરવાથી તમને શીઘ્ર પ્રાપ્ત થયું છે.) આ બાબતમાં દૃષ્ટાન્ત આપે છે કે—ખેડુતને ડાંગરની ખેતી કરતાં ઘણી મહેનતે લાંબા કાળે ફળ મળે છે, કારણ કે ખેડુતને ખેતરમાં ખાતર નાખવું ખેડવું વાવવું વગેરે અનેક પ્રકારના પ્રયત્ન કરીને લાંબા કાળે ડાંગર પાકે છે, ત્યારે તેને તેની મહેનતનું ફળ મળે છે, પરંતુ ચક્રવર્તીના વાર્ધકી રત્નથી ડાંગરનું તરત ફળ મળે છે. અહીં બીજી પ્રતમાં 'વધુક શાલિ' એવો પણ પાઠ મળે છે. ત્યાં વૃદ્ધિથી આવેલ ડાંગર એટલે કોઈને એક મણ ડાંગર વાવવા માટે આપે અને એ તે પાકે ત્યારે સવાઈ અથવા સવામણ આપી જાય તે વધુક શાલિ કહેવાય. તેવું ફળ જેમ વગર મહેનતે મળે છે તેમ અહીં પરોણા સાધુઓને ગુરૂ વંદન કરવાથી શીઘ્ર ફળ મળે છે. ૧૩૨

અવતરણ:—હવે વંદન કરતાં ભાવાભાવનું ફલ વિશેષ કહે છે:—

( आर्यावृत्तम् )

२ ३ ४ १ ५ ६
कृतिकर्म कर्ममर्मच्छिदे भवेद्भावतोऽन्यथा श्रान्त्यै ।
७ ८ ९ १० ११ १२
पुण्याधिकनिःपुण्यककृतकामदमन्त्रसाधनवत् ॥ १३३

ઇષ્ટ દાયક મંત્ર જિમ દારિદ્રયનાશક ભાવથી,
પુણ્યવંતા સાધકોને અન્યને વિણ ભાવથી;
સાધતા શ્રમ કાજ હોવે તેમ ભાવે વંદના,
કર્મ કેરા મર્મ છેદે અફલ બીજી વંદના. ૧

શ્લોકાર્થ:—પુણ્યવંત પુરૂષે અને પુણ્ય રહિત પુરૂષે કરેલ ઇષ્ટદાયક મંત્રની સાધનાની માફક ભાવથી કરેલું વંદન કર્મના મર્મ ( મર્મસ્થલ )ને છેદનારૂં થાય છે અને અન્યથા (ભાવ વિના ) કરેલું શ્રમને માટે થાય છે. ( એકને સિદ્ધિ આપનાર અને બીજાને શ્રમ માટે થાય છે ) ૧૩૩

સ્પષ્ટાર્થ:—ભાવથી કરેલું વંદન કર્મની નિર્જરા કરનારૂં અને ભાવ વિના કરેલું વંદન શ્રમને માટે ( થકવનારૂં) થાય છે. એ વાત જણાવતાં ગ્રંથકાર કહે છે કે ભાવપૂર્વક ગુરૂને કરેલું કૃતિકર્મ એટલે વંદન આઠ પ્રકારના જ્ઞાનાવરણીય વગેરે કર્મોના મર્મને છેદનારૂં થાય છે. કર્મ મર્મ કોને કહેવાય ? તેના જવાબમાં જણાવે છે કે જેમ મનુષ્યને મર્મ સ્થળે ( બ્રહ્મેન્દ્રમાં ) લાગેલો ઘા તરતજ જીવનને નષ્ટ કરે છે, તેવી રીતે જે કર્મનો નાશ થવાથી બીજા કર્મોનો નાશ

થાય તે કર્મનુ મર્મસ્થળ કહેવાય છે. અને એવું મોહનીય કર્મ છે, કારણ કે સૌ પ્રથમ મોહનીયનો નાશ થાય ત્યાર પછી બીજા ઘાતી તથા અઘાતી કર્મનો નાશ થાય છે. માટે ભાવથી કરેલું વંદન કર્મના મર્મને (મોહનીયને કે મિથ્યાત્વને) છેદનારૂં કહ્યું છે. અને ભાવ વિના કરેલું વંદન ફક્ત કાયક્લેશને માટે થાય છે. કારણ કે તેથી કર્મની નિર્જરા થતી નથી. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે પુણ્યવાન પુરૂષને ભાવપૂર્વક કામદમંત્ર એટલે ઈચ્છિત આપનાર મંત્રની સાધના તેના દારિદ્રયને નાશ કરનારી થાય છે ને પુણ્યરહિત જીવની ભાવરહિત સાધના નિષ્ફળ જાય છે. એમ સમજીને શ્રી દેવ ગુરૂને નિર્મલ ભાવે જરૂર વંદના કરવી જોઈયે. ૧૩૩

**અવતરણઃ**—હવે ૬૬ મું આષાઢ ચતુર્માસક ઉપદેશદ્વાર કહે છેઃ—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

६ ४ ५ ७ ८ ९
राजा विश्वहितो जिनो नयपरा व्यापारिणः श्रावकाः
३ २ १ १० १३ ११ १२
स्थाने सर्वगुणोज्ज्वलेऽत्र शमिनः कौटुम्बिकास्ते वयम् ।
१५ १६ १४ १७
जैनाज्ञागुणपत्रदत्तविधिना वर्षासु तेन स्थिता,
१८ १९ २२ २१ २० २३ २४
ज्ञानक्षेत्रमुपास्महे बहु मिथः स्याद्येन पुण्यं धनम् १३४

વિશ્વ હિતકર જિનવરા છે ભૂપ જેવા શાસને,
મંત્રિ આદિક જેહવા વ્યાપારી ન્યાયી શ્રાદ્ધને;
જાણવા સર્વગુણ થકી ઉજળા અહિં ખેડુત સમા,
શમવંત સાધુઓ અમે તે અહીંજ ચાતુર્માસમાં. ૧

**આગમ વિધાને સંવસ્યા બહુ જ્ઞાન રૂપી ક્ષેત્રને,**
**નિત પરસ્પર સેવિએ જિમ પુણ્ય રૂપી દ્રવ્યને;**
**પામીએ જિનધર્મ સાચો સેવતા મુનિરાજને,**
**વ્યાખ્યાન સુણતાં કર્મ વિણસે પામીએ શિવશર્મને. ૧**

**શ્લોકાર્થ:**—સર્વ ગુણે કરી ઉજ્વલ એવા આ ક્ષેત્રને વિષે જગતના જીવોનું ભલું કરનાર જિનેશ્વર રૂપી રાજા છે. ન્યાયમાં તત્પર શ્રાવકો રૂપી મંત્રી વિગેરે છે. તથા ઉપશમ ધારી એવા અમે મુનિઓ કૌટુંબિકો ( ખેડુતો–રાજપુરૂષો ) છીએ. તે કારણથી જિનેશ્વરની આજ્ઞાના લાભને જણાવનાર જૈનાગમમાં કહેલા વિધિ પ્રમાણે વર્ષાકાલને વિષે અહીં રહેલા એવા અમે પરસ્પર જ્ઞાન રૂપ ખેતરને ખેડીએ છીએ. જેથી પુણ્ય રૂપ પુષ્કળ દ્રવ્ય ઉત્પન્ન થાય. ૧૩૪

**સ્પષ્ટાર્થ:**–સર્વ ગુણોથી શોભાયમાન એવા આ ક્ષેત્રમાં વિશ્વના હિતકારી જિનેશ્વર રાજા તરીકે શોભે છે, અને ન્યાયમાં તત્પર એવા શ્રાવકો જ્યાં મન્ત્રીશ્વર વગેરે જેવા શોભે છે. ઉપશમ અથવા શાંત ગુણવાળા અમે સાધુઓ ખેડુતો જેવા છીએ. તે કારણથી જિનેશ્વર દેવની આજ્ઞા પાલવાથી થતા લાભને જણાવનાર શ્રીજૈનાગમમાં કહેલ વિધિ પ્રમાણે વર્ષાકાલમાં અહીં રહેલા અમે જ્ઞાનરૂપી ક્ષેત્રને ખેડીએ છીએ એટલે તેની સેવના કરીએ છીએ. જેમ ખેડુતો વર્ષાઋતુમાં ખેતરની ઉપાસના કરે છે એટલે ખેતી કરે, તો તેથી તેમને ઘણું ધાન્ય મળે છે તેવી રીતે અમે પણ જ્ઞાનરૂપી ક્ષેત્રની પરસ્પર ઉપાસના કરીએ છીએ. તેથી પુણ્ય રૂપી ઘણા દ્રવ્યની

પેદાશ થાય છે. મોક્ષમાર્ગની આરાધના નિવૃત્તિના સમયે સારી થઈ શકે છે. તેવી નિવૃત્તિ આષાઢ ચોમાસામાં ભવ્ય જીવોને હોય છે. તેથી ચાતુર્માસ રહેલા મુનિવરોના વ્યાખ્યાનાદિના શ્રવણાદિથી તેમને જ્ઞાનાદિ ગુણોની સર્વોત્કૃષ્ટ આરાધના રૂપી અપૂર્વ લાભ મળે છે. એ આ શ્લોકનું રહસ્ય છે. ૧૩૪

**અવતરણ:**--આ આષાઢ ચતુર્માસમાં કષાયોનો જય કરીને સંસારનું ભવભ્રમણ દૂર કરવા યત્ન કરવો તે જણાવે છે—

( शार्दूलविक्रीडितवृत्तम् )

**फुल्लक्रोधविषद्रुमं बहुरजो मानप्रचण्डानिलं,**
**मायोद्यन्मृगतृष्णिकं परिलसल्लोभाब्धिमापन्निधिम् ।**
**भिन्दन्मोहनिदाघकालमभितः सद्ध्यानवृष्टया भव–**
**भ्रान्तिश्रान्तिभिदेऽस्तु वो नवघनश्रीमच्चतुर्मासकम् ॥ १२५**

**આષાઢ ચોમાસું ભલું છે નવીન મેઘ સમાન એ,**
**સદ્ધ્યાન વૃષ્ટિથી તમારા ભવભ્રમણના થાકને;**
**છેદનાર બનો સદા તે મોહ રૂપ ઉકળાટને,**
**ટાળનારૂં તે ઉન્હાળે ક્રોધ રૂપ ધત્તુરને. ૧**
**બહુ પાપ રજ ઉડે ઘણી ને માન વાયુ વાય છે,**
**માયા સ્વરૂપ મૃગ તૃષ્ણિકાને, લોભ સાગર ધાય છે;**
**આપત્તિના ભંડાર મોહ સ્વરૂપ ગરમી સમયમાં,**
**એમ વર્ષાકાલમાં ભાવી રહો જિન ધર્મમાં. ૨**

શ્લોકાર્થ:—પ્રફુલ્લિત ક્રોધ રૂપી ધંતુરાના ઝાડવાળા અને ઘણા (પાપ રૂપી) રજવાળા અભિમાન રૂપી પ્રચંડ પવનવાળા, માયા રૂપી પ્રગટ મૃગતૃષ્ણાવાળા, ઉછળતા લોભરૂપી સમુદ્રવાળા, આપત્તિઓના ભંડાર રૂપ એવા મોહરૂપી ઉનાળાને શુભ ધ્યાન રૂપી વૃષ્ટિ વડે ચારે બાજુથી ઠારનાર નવા મેઘ રૂપ આષાઢ ચોમાસુ તમારા ભવમાં ભ્રમણ કરવાના થાકને ઉતારનારૂં થાઓ. ૧૩૫

સ્પષ્ટાર્થ:—હવે કવિરાજ આષાઢ ચોમાસાને નવા મેઘની સાથે સરખાવતાં જણાવે છે કે જેમ નવો મેઘ વૃષ્ટિ કરીને ઉનાળાના તાપથી પીડાએલા લોકોને શાંતિ કરનાર થાય છે તેમ આ આષાઢ ચોમાસા રૂપી મેઘ પણ આ સંસારમાં મોહ રૂપી ઉનાળાની ગરમીને ઠારે છે. મેઘ વૃષ્ટિ વડે શાન્તિ કરે છે તેમ અહીં શુભ ધ્યાન રૂપી વૃષ્ટિ જાણવી. હવે આ મોહ રૂપી ઉનાળો કેવો છે તે જણાવતાં કહે છે કે વિકસિત ક્રોધ રૂપી ધંતુરાના ઝાડવાળો છે, વળી ઉડતી પાપ રૂપ રજથી ખરડાયેલ માન રૂપી પ્રચંડ વાયરાવાળો છે, વળી માયા–કપટ તે રૂપી પ્રગટ મૃગતૃષ્ણા એટલે ઝાંઝવાના જળવાળો છે. તથા ઉછળતાં લોભ રૂપી સમુદ્રવાળો છે. તેમજ અનેક પ્રકારની આપત્તિઓનો ભંડાર એવો આ મોહ રૂપી ઉન્હાળો છે. તેને શુભ ધ્યાન રૂપી મેઘ વડે શાંત કરનાર આ આષાઢ ચોમાસુ ભવ્ય જીવોના ભવમાં ભ્રમણ કરવાથી લાગેલા થાકને ઉતારનારૂં થાઓ. ૧૩૫

અવતરણ:—હવે ૯૭ મું પારણક દ્વાર કહે છે:—

( मालिनीवृत्तम् )

१ २ ३ ४
प्रतिदिनमपि दानं पुण्यसम्पन्निदानं,
५ ७ ८ ६
पुनरधिकफलं स्यात्पारणाहोत्तराहे ।
१३ ११ १२ ९ १०
दिशति जलभृदन्नं कृत्तिकादौ सुवृष्टः,
१ १६ १७ १८ १५
पुनरमलमनर्घ्यं मौक्तिकं स्वातियोगे ॥ १३६

નિત્ય દીધું દાન આપે ધર્મ લક્ષ્મી પણ અહીં,
તપ દિવસથી પૂર્વ આગળ દિવસમાં દીધું સહી;
ફલ વધારે આપતું વરસાદ કૃતિકાદિનો,
અન્ન આપે તેજવંતા મોતીયો પણ સ્વાતિનો. ૧

શ્લોકાર્થ:—દરરોજ આપેલું દાન પણ પુણ્ય રૂપી સમ્પત્તિનું કારણ છે, પરંતુ પારણાને દિવસે અને તપની પાછલા દિવસે આપેલું દાન અધિક ફળ આપે છે. જુઓ—કૃત્તિકા વગેરે નક્ષત્રમાં સારી રીતે વર્ષેલો મેઘ અનાજને આપે છે, પણ સ્વાતિ નક્ષત્રના યોગે વર્ષેલો મેઘ તે નિર્મળ અને કીંમતી મોતીને આપે છે. ૧૩૬

સ્પષ્ટાર્થ:—જે માણસ દરરોજ દાન આપે, તેને તેથી પુણ્ય રૂપી સમ્પત્તિ મળે છે. એટલે જ્યારે જ્યારે દાન આપવામાં આવે ત્યારે ત્યારે પુણ્ય રૂપી સમ્પત્તિનું કારણ તે દાન થાય છે પણ પારણાને દિવસે અને તપની

પાછળના દિવસે આપેલું દાન તો તેથી પણ વધારે ફળ આપે છે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે જેમ કૃત્તિકા વગેરે નક્ષત્રોમાં સારી રીતે વરસેલો મેઘ અન્નને આપે છે એટલે તે નક્ષત્રોમાં સારો વરસાદ વરસે તો અનાજ પાકે, પરંતુ જો સ્વાતિ નક્ષત્રના યોગમાં વરસાદ વરસે તો તેથી નિર્મળ અને કીંમતી મોતી પાકે છે. તેવી રીતે તપની આગળ પાછળના બંને દિવસે દીધેલું દાન વધારે ફલ આપે છે. એમ સમજીને ભવ્ય જીવોએ તપશ્ચર્યાના આગળના દિવસે અને પાછળના દિવસે સાધર્મિક તપસ્વીની ભક્તિ આદિ પ્રકારે જરૂર લાભ લેવો જોઇએ. ૧૩૬

**અવતરણ:**—આ બાબતમાં વિશેષ ઉપદેશ આપે છે:—

( मालिनीवृत्तम् )

१ २ ३ ४
**जितभवदकषायः पाक्षिकादेर्दिनोऽग्र्यो,**
५ ६ ७ ८
**वितरणकरणैः प्राक्पश्चिमावप्युदारौ ।**
९ १२ १० ११ १३
**विहितभुवनमुत् किं पार्वणश्चन्द्र एक-**
१५ १६ १७ १४
**स्तदितरशशिनौ किं नो मुहूर्त्तप्रकाशौ ॥ १३७**

સંસાર દેતા ચાર ક્રોધાદિક જિહાં જીતાય છે,
તે પાક્ષિકાદિક પર્વદિન જિમ શ્રેષ્ઠ અધિક મનાય છે;
તેમ તેની પાછલા ને આગલા દિન તેહવા,
પૂનમ ચૌદશ એકમે શશી હર્ષ દાયક માનવા. ૧

પૂનમ કેરો ચંદ્રમા શું એકલોજ ભુવન વિષે,
હર્ષ આપે એકમે શશી તેહવો પણ ચૌદશે;
ત્રણ દિવસ જિમ હર્ષ દાયક ચંદ્ર પાક્ષિક આદિના,
ત્રણ દિવસ ઉત્તમ કહ્યાં પુંજો હઠાવે પાપના. ૨

શ્લોકાર્થઃ—જીત્યો છે ભવ ભ્રમણ કરાવનાર કષાય જેણે એવો પાક્ષિકાદિનો દિવસ શ્રેષ્ઠ છે તો પણ તેના પહેલાનો અને પછીનો દિવસ પણ ઉત્તમ છે, માટે દાનાદિ વિધિથી તે પણ આરાધવો જોઈયે. ભુવનને આનંદ પમાડનાર શું પુનમનો એકજ ચંદ્રમા છે? અને એ ઘડી માત્ર પ્રકાશ નહિ કરનાર તેની પહેલાંનો અને પછીનો ચંદ્ર શું હર્ષ પમાડનાર નથી? અર્થાત્ ત્રણે ચંદ્રમા હર્ષ આપે છે. ૧૩૭

સ્પષ્ટાર્થઃ—તપ વગેરે કરવામાં આવતો હોવાથી પાક્ષિકાદિકનો દિવસ એટલે ચતુર્દશી અથવા અષ્ટમી વગેરેનો દિવસ મુખ્ય કહ્યો છે. કારણ કે આ દિવસે કરેલા તપ વગેરેથી સંસારમાં રખડાવનાર કષાયો જીતી શકાય છે. કષ એટલે સંસાર તેનો આય એટલે લાભ એટલે સંસારનો વધારનાર હોવાથી કષાયને ભવદ કહ્યો છે. તે પાક્ષિકાદિનો દિવસ શ્રેષ્ઠ છે એટલુંજ નહિ પરંતુ તેની પહેલાંનો તથા પછીનો દિવસ પણ ઉદાર એટલે શ્રેષ્ઠ કહ્યો છે. કારણકે તે દિવસે પણ દાન વગેરે કરવાથી મહા લાભ મળે છે, તેથી તે દિવસો શ્રેષ્ઠ કહ્યા છે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે શું એકલો પુનમનો ચંદ્રમાજ ભુવનમાં રહેનાર જીવોને આનંદ આપે છે? નહિજ. એટલે જેમ પુનમનો

ચંદ્રમા લોકોને પ્રકાશ આપનાર હોવાથી આનંદકારી કહ્યો છે તેમ તેની પહેલાંનો એટલે સુદ ચૌદશનો તથા તેની પછીનો એટલે વદ એકમનો ચંદ્રમા પણ ફક્ત બે ઘડી સિવાય આખી રાત્રી પ્રકાશ આપતાં હોવાથી તે પણ લોકોને જરૂર આનંદ આપે છે. તેમ પાક્ષિકાદિના ત્રણે દિવસ ઉત્તમ માની તે દિવસે જરૂર ધર્મારાધન કરવું જોઈયે. ૧૨૭

અવતરણ—હવે ૬૮મું વ્યાખ્યાન પ્રારંભ યોગ્ય ઉપદેશ દ્વાર કહે છે:—

( शार्दूलविक्रीडितवृत्तम् )

३ ५ ४ ६ २ १
व्याख्यानश्रवणं सदैव हि मुदे पीयूषपानं यथा,
८ ११ ७ १२ ९ १०
वर्षास्वस्य पुनर्विशेषमहिमा यद्वन्मयूरध्वनेः ।
१३ १४ १६ १५ १८
तद्भव्या इह कुत्रिकापणनिभे पूज्यप्रसादोदयात्,
१९ १७ २१ २२ २०
दानाद्यं गणिमादिवस्तुवदलं गृह्णन्तु पुण्यर्द्धये ॥ १३८

જેમ અમૃતપાન તિમ વ્યાખ્યાન કેરું શ્રવણ આ,
હર્ષદાયક પણ મયૂરના શબ્દની જિમ તેહના,
શ્રવણનો મહિમા વધારે કુત્રિકાપણ સમજ તે,
પૂજ્યપ્રસાદે ખરીદજો કરીયાણું જે દાનાદિ તે. ૧

શ્લોકાર્થ:—જેવી રીતે અમૃતનું પાન હંમેશાં હર્ષને માટે ( આનંદ દેનારૂં ) થાય છે, તેમ વ્યાખ્યાનનું સાંભળવું પણ નિરંતર હર્ષને માટે થાય છે. વળી મયૂરના શબ્દની

જેમ વર્ષાઋતુમાં તેનો વિશેષ મહિમા હોય છે. તેથી હે ભવ્ય જીવો ! કુત્રિકાપણુ જેવા અહીં (વ્યાખ્યાનમાં) ગણિ-માદિ વસ્તુની જેમ દાનાદિને પુણ્ય ઋદ્ધિને માટે વિશેષ-તાથી ગ્રહણ કરો. ૧૩૮

**સ્પષ્ટાર્થ**:—હંમેશાં વ્યાખ્યાનનું સાંભળવું તે હર્ષને માટે થાય છે. કારણ કે જેમ અમૃતનું પાન હંમેશાં કરે તો પણ તેના તરફ અરૂચિ (અણગમો) થતો નથી, પણ મન રાજી થાય છે, તેવી રીતે શ્રીગુરૂમહારાજની પાસે આગમ વાણીનું સાંભળવું તે પણ હમેશાં આનંદને આપે છે. આથી ભવ્ય જીવોએ વ્યાખ્યાન હંમેશાં સાંભળવું જોઈયે. તેમાં પણ વર્ષાઋતુમાં તો વ્યાખ્યાન શ્રવણનો વિશેષ મહિમા કહેલો છે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે જેમ મોરનો શબ્દ દરેક ઋતુમાં આનંદકારી થાય છે તે છતાં વર્ષાઋતુમાં મોરનો શબ્દ વધારે મીઠો અને પ્રિય લાગે છે. માટે હે ભવ્યજનો ! કુત્રિકાપણુ એટલે જે હાટમાં દુનિયાની દરેક પ્રકારની ચીજો વેચાતી મળતી હોય તેવી દુકાન જેવા આ વ્યા-ખ્યાન સાંભળવાના શુભ પ્રસંગમાંથી પુણ્ય રૂપી સંપત્તિ મેળવવા માટે ગણિમ આદિ (એટલે સોપારી વગેરે જે ચીજો ગણત્રીથી મળતી હોય તેવી તથા બીજી ચીજો) પદાર્થોની જેવા દાનાદિકને એટલે દાન, શીલ, તપ તથા ભાવના રૂપ ધર્મને જરૂર અતિશયે કરીને ગ્રહણ કરજો. કારણ કે જેમ કુત્રિકાપણમાં દરેક જાતની વસ્તુઓ મળે છે તેમ આ જૈનાગમના વ્યાખ્યાન શ્રવણમાંથી પણ દ્રવ્યાનુયોગાદિ ચારે અનુયોગની તાત્ત્વિક બીના જાણી શકાય છે. આ રીતે વ્યાખ્યાનનું સ્વરૂપ જાણીને ભવ્ય

જીવોએ જરૂર દરરોજ વ્યાખ્યાન વાણી સાંભળીને જ ભોજન કરવું જોઈયે. ૧૩૮

**અવતરણ.**—હવે આગળ શ્રવણ રૂપી સમુદ્રમાંથી અનેક રત્નાદિની પ્રાપ્તિ કેવી રીતે થાય છે? તે જણાવે છે:—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

२ ३ १ ४
वर्षान्तर्बहुवर्द्धिनो नवरसैर्जाड्यक्रुधौर्वच्छिदः,
५ ६ ७ ८ ९
शश्वच्छ्रीजिनसन्निधेरभिनवाद्व्याख्यानरत्नाकरात्।
१० ११ १२ १३ १४ १५
मद्वाग्लहरीस्फुटं शमसुधासम्यक्त्वचिन्तामणि–
१६ १७ १८ २० १९
श्रेयः स्वस्तरुमुख्यरत्ननिवहं गृह्णात्वनायासतः॥ १३९

**નવીન જલધિના સમો વ્યાખ્યાન રૂપજલધિ દીસે,**
**વર્ષાઋતુમાં જલધિ ન વધે અધિક આ વધતો દીસે;**
**વડવાગ્નિથી સૂકાય સાગર ત્યાં વધતું જલ દીસે,**
**મૂર્ખતાને ક્રોધ રૂપ વડવાગ્નિને આ છેદશે. ૧**

**વર્ષાઋતુમાંહેજ લક્ષ્મી વિષ્ણુ અહીં જિન નિત વસે,**
**હે ભવ્ય જીવો! તેહથી મારા વચન લહરી ખલે;**
**પ્રકટેલ શમ અમૃત અને સમ્યક્ત્વ ચિંતામણિ ગ્રહી,**
**મોક્ષસુરતરૂ આદિ રત્ને પ્રશમ સુખ પામો અહીં. ૨**

**શ્લોકાર્થ:**—વર્ષાકાલમાં નવ રસો વડે (નવાનવા પાણીથી) બહુ વૃદ્ધિ પામેલા, અજ્ઞાન અને ક્રોધ રૂપી વડવા–

નલને છેદનાર તથા નિરંતર શ્રીજિનેશ્વર દેવ જેની સમીપમાં રહેલા છે એવા અપૂર્વ વ્યાખ્યાનરૂપ સમુદ્રમાંથી મારા સરખા મનુષ્યની વાણી રૂપી લહરી વડે પ્રગટ થએલ ઉપશમ ગુણ રૂપી અમૃત, સમ્યક્ત્વ રૂપી ચિન્તામણિ, મોક્ષ રૂપી કલ્પ-વૃક્ષ તે રૂપી રત્નોના સમુદાયને વગર મહેનતે ગ્રહણ કરો. ૧૩૯

**સ્પષ્ટાર્થ:**—હવે આગમના વ્યાખ્યાનને સમુદ્રની સાથે સરખાવતાં ગ્રંથકાર જણાવે છે કે જેમ ચોમાસામાં સમુદ્ર નવા રસ (પાણી) વડે વૃદ્ધિ પામે છે તેમ આ વ્યાખ્યાન રૂપી સમુદ્ર વર્ષાકાલમાં નવા નવા રસો વડે (વૈરાગ્ય રસાદિથી) વૃદ્ધિ પામેલો છે, વળી જ્યારે સમુદ્ર વડવાનલથી સૂકાય છે, ત્યારે આ વ્યાખ્યા રૂપી સમુદ્ર અજ્ઞાન અને ક્રોધ રૂપી વડવાનલને છેદનાર છે, વળી જે આગમના વ્યાખ્યાન રૂપી સમુદ્રની પાસે શ્રી જિનેશ્વર દેવ નિરંતર રહેલા છે ત્યારે આ સમુદ્ર પાસે તો લક્ષ્મી નારાયણ ચોમાસામાં જ હોય છે. તેથી અપૂર્વ એવા વ્યાખ્યાન રૂપી સમુદ્રમાંથી કયા કયા રત્નો નીકળે છે તે જણાવે છે, જેમ સમુદ્રની લહેરોમાંથી રત્નો નીકળે તેમ મારા જેવા મનુષ્યની વાણી (ગુરૂમહા-રાજની વાણી) રૂપી લહેરોથી પ્રગટ થએલ શમતા રૂપી અમૃત, એટલે સમુદ્રમાંથી જેમ અમૃત નીકળ્યું તેમ આ આગમના વ્યાખ્યાન રૂપી સમુદ્રમાંથી શમ એટલે શમતા ભાવ રૂપી અમૃત નીકળેલું છે. સમકિત રૂપી ચિન્તામણિ રત્ન નીકળેલું છે અને મોક્ષ રૂપી કલ્પવૃક્ષ છે એવા અનેક રત્નોથી ભરેલા વ્યાખ્યાન રૂપ સમુદ્રમાંથી હે ભવ્ય જીવો! તે રત્નોના સમુદાય વગર મ્હેનતે ગ્રહણ કરો, સમુદ્રમાંના

રત્નો તો સમુદ્રનું મંથન કર્યું ત્યારે નીકળ્યા હતા, પરંતુ આ રત્નો તો વગર મ્હેનતે લઈ શકાય તેવા છે. એમ સમજીને તે ભવ્ય જીવોએ જરૂર આગમ વાણી સાંભળવીજ જોઇયે. ૧૩૯

**અવતરણ:**—હવે ૬૯ મું પુણ્ય (પર્વ) તિથિના ઉપદેશનું દ્વાર કહે છે:—

( अनुष्टुपवृत्तम् )

८ ९ १२ १० ११ ४<br>
**साष्टमी व्यभिचाराय, श्रेयः कर्मणि किं यया।**<br>
६ १ २ ५ ७ ३<br>
**तुल्यः पक्षद्वयेऽपीन्दु— तः पक्षान्तरस्थया॥ १४०**

**બેઉ પક્ષે મધ્ય ભાગે અષ્ટમી સરખો શશી,**<br>
**ધારતી તે પુણ્યનાશક હોય શું ન બને કદી;**<br>
**આઠ કર્મ વિનાશનારી અષ્ટમી આરાધીએ,**<br>
**વિષય ચાર કષાય જીતી મુક્તિના સુખ પામીએ. ૧**

**શ્લોકાર્થ:**—શુકલ પક્ષ અને કૃષ્ણ પક્ષ એ બે પક્ષના મધ્ય ભાગને વિષે રહેલી જે અષ્ટમીએ (આઠમે) ચન્દ્રમાને સરખી રીતે ધારણ કરાયો છે તે અષ્ટમી પુણ્ય કાર્યની સાધનામાં શું ડખલગીરી કરે? અર્થાત્ ન જ કરે. ૧૪૦

**સ્પષ્ટાર્થ:**—હવે પુણ્ય (પવિત્ર પર્વ) તિથિઓમાંથી અષ્ટમી તિથિનું માહાત્મ્ય જણાવતાં ગ્રંથકાર કહે છે કે શુકલ પક્ષ એટલે અજવાળીઉં અને કૃષ્ણ પક્ષ એટલે અંધારીયું એમ બે પખવાડીયામાં દરેકના મધ્ય ભાગમાં

રહેલી એવી જે અષ્ટમીની તિથિએ ચંદ્રમાને સરખી રીતે ધારણ કર્યો છે તે આઠમની તિથિ પુણ્ય કાર્યોની સાધનામાં શું ઢખલગીરી કરે ખરી? અર્થાત્ નજ કરે. એ રીતે ચૌદશ વગેરે તમામ પર્વ તિથિઓ પણ મોક્ષ માર્ગની નિર્મલ સાધના પરમ ઉલ્લાસથી કરાવનારી સમજવી. ૧૪૦

**અવતરણઃ**—હવે ચતુર્દશીનું માહાત્મ્ય જણાવે છેઃ—

( अनुष्टुपवृत्तम् )

१ ३ ४ २ ५ ६
एकैकापि हि पुण्याय, भूतेष्टापि तदन्तिके ।
१० ११ ७ ८ ९
योगे किं त्वब्धिवेलायां, गंगायमुनयोरिव ॥ १४१

**ગંગા અને જમનાજ બેઉ તીર્થ એમ ન જાણીએ;**
**તે બેઉના જલયોગવંતી જલધિવેલા તીર્થ એ;**
**તેમ ચૌદશના સમી પૂનમ અમાવાસ્યા સદા,**
**પર્વ માની સાધીએ તો શીઘ્ર નાશે આપદા. ૧**

**શ્લોકાર્થ**—એક એક ચતુર્દશી પણ નિશ્ચે પુણ્યને માટે થાય છે તો તેની પાસે રહેલી પુનમ તથા અમાસ પણ જરૂર પુણ્યને માટે થાય જ છે. અહીં દૃષ્ટાન્ત જણાવે છે કે ગંગા અને જમના એ બે તીર્થ છે, એટલું જ નહિ પરંતુ તે બે નદીના સંબંધથી સમુદ્રની વેલા પણ તીર્થ રૂપ ગણાય છે. ૧૪૧

**સ્પષ્ટાર્થઃ**—અજવાળી ચૌદશ, તથા અંધારી ચૌદશ એ બે તિથિઓ પુણ્યને માટે થાય છે તો તેની પાસે રહેલી

પુનમ તથા અમાવાસ્યા એ બંને પણ પુણ્યને માટે થાય, પુણ્યાનુબંધિ પુણ્યનો બંધ કરાવે, તેમાં શું કહેવું? અર્થાત તે પણ પુણ્યને માટે થાય જ. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે લૌકિક દૃષ્ટિએ ગંગા તથા જમના એ બે નદીઓ તીર્થ ગણાય છે, પવિત્ર મનાય છે, એટલું જ નહિ પરંતુ ગંગા જમનાનો જે સ્થળે સમુદ્ર સાથે સંયોગ (મેળ) થાય છે તે સમુદ્રની વેલા પણ તીર્થરૂપ એટલે પવિત્ર ગણાય છે, એમ સમજીને ચૌદશ પૂનમ અમાવાસ્યાની જરૂર આરાધના કરવી જોઈયે. ૧૪૧

**અવતરણ:**—હવે સમ્યકત્વનું રક્ષણ કરવાની બીના જણાવે છે—

॥ स्रग्धरावृत्तम् ॥

२ ३ ७ ४ ५ ६
अर्हश्चिन्तामणित्वं कनककुसुमतां पञ्च यद् भूषणानि,
१ १२ १३ ८ ११ ९ १०
यस्यां सत्कङ्कणत्वं दधति च सततं पञ्च यल्लक्षणानि ।
१५ १४ १७ १८ १६
धर्मः सिद्धार्थसार्थः सुगुरुपदरजो दोरकस्तद्गुणाली,
२३ २२ १९ २१ २०
धार्या सम्यक्त्वरक्षा कुगतिभयभिदे सद्गतिश्रेयसे च १४२

સમ્યકત્વની રક્ષા કરંતા ભીતિ ના દુર્ગતિ તણી,
સદ્ગતિ કલ્યાણ હોવે તેહમાં ચિંતામણિ;
અરિહંત દેવા પાંચ ભૂષણ કનક ફૂલના જેહવા,
પાંચ લક્ષણ શ્રેષ્ઠ કંકણના સમા નિત ધારવા. ૧

ઇષ્ટ અર્થ સધાવનારો ધર્મ, ગુરૂના પદ તણી,
ધૂલ દોરાના સમી શ્રેણિ ગુણોની તેહની;
ધારવી જિન ગુરૂ તણી શ્રદ્ધા જિનેશ્વર ધર્મની,
રાખતા સુખસંપદા પ્રકટેજ જલ્દી મુક્તિની. ૨

શ્લોકાર્થ:—જેમાં અરિહંત ભગવાન ચિંતામણી રત્નપણાને અને પાંચ ભૂષણો સુવર્ણનાં પુષ્પ સ્વરૂપને અને પાંચ લક્ષણો ઉત્તમ કંકણપણાને નિરંતર ધારણ કરે છે, ધર્મરૂપ સર્ષપનો ઢગલો છે, સુગુરૂના ચરણ રૂપી રજ છે, સમકિતના ગુણોની આવલિ રૂપી દોરો છે એવા સમકિતની રક્ષા કુગતિના ભયને ભેદવા માટે અને સદ્‌ગતિ રૂપી કલ્યાણને માટે ધારણ કરો. ૧૪૨

સ્પષ્ટાર્થ:—હે ભવ્ય જીવો ! કુગતિને ભેદવા માટે એટલે નારકી તિર્યંચ રૂપી ખરાબ ગતિના દુઃખ ટાળવા માટે અને સદ્‌ગતિના સુખ મેળવવા માટે સમ્યકત્વગુણનું જરૂર રક્ષણ કરો. કારણ કે સમકિતવંતા ભવ્ય જીવોમાં મનુષ્ય તિર્યંચો દેવગતિમાં તથા સમકિતવંત દેવો અને નારકીઓ મનુષ્યગતિમાં જાય છે. આ અભિપ્રાયે કુગતિને ભેદનારૂં સમકિત જણાવ્યું છે, તેમ જ તે સમ્યકત્વ મોક્ષ અને સ્વર્ગ રૂપી સારી કલ્યાણકારી ગતિને આપે છે. આવા સમકિતની રક્ષા કેવી છે ? તે જણાવતાં કહે છે કે તેમાં અરિહંત ભગવાન ચિન્તામણિ રત્ન જેવા દીપે છે. વળી જિનશાસનમાં સ્થિરતા પ્રભાવના, ભક્તિ, કુશલતા અને તીર્થસેવા એ પાંચ સમકિતનાં ભૂષણો સોનાના ફૂલ જેવા દીપી રહ્યા છે. તેમજ શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકય એ પાંચ લક્ષણો

ઉત્તમ કંઠણુ જેવા શોભે છે. સર્ષપના સમૂહ જેવો શ્રી જિન ધર્મ છે. સુગુરૂના પદ રૂપી રજ છે તથા સમકિતના ૬૭ બોલ રૂપી ગુણાવલિ તે દોરો છે. સમકિતના ૬૭ ભેદ ટુંકાણમાં આ પ્રમાણે–૪ સદ્દહણા, ૩ લિંગ, ૧૦ પ્રકારે વિનય. ૩ શુદ્ધિ, ૫ દૂષણ, ૮ પ્રભાવના, ૫ ભૂષણ, ૫ લક્ષણ, ૬ જયણા, ૬ આગાર, ૬ ભાવના, ૬ સ્થાન એ પ્રમાણે ૬૭ બોલ જાણવા. ૧૪૨

અવતરણ:—હવે ૭૧ મું પર્યૂષણા પર્વનું દ્વાર કહે છે:—

( शार्दूलविक्रीडीतवृत्तम् )

कल्पाख्यानकपञ्चदिव्यनिहितः क्लृप्ताभिषेकोत्सवो,
भव्यैः पर्युषणामहक्षितिपतिर्मिथ्यात्वकोपादिकम् ।
कृष्ट्वा पञ्चकुलं जनेऽतिविषमं भव्यं नवं स्थापयन्,
सम्यक्त्वं शममार्दवार्जवनिरीहत्वं शिवायास्तु नः ॥ १४२

હે ભવ્ય જીવો ! શ્રેષ્ઠ પર્યુષણા મહોત્સવ ભૂપતિ,
કલ્યાણકારક નીવડો તમને કરે જે સુખ તતિ;
કલ્પદિન વ્યાખ્યાન રૂપી પંચ દિવ્ય પ્રકટાવીને,
ભવ્ય જીવ તેનો કરંતા હોંશથી અભિષેકને. ૧
મિથ્યાત્વ ચાર કષાય દુષ્કુલ પાંચને દૂરે કરી,
સમકિત ક્ષમાદિક ચાર શુભ પંચ કુલ ઠવે રંગે કરી;
આનંદ મંગલ આ ભવે પર્યુષણા આરાધતા,
પરભવે પણ મુક્તિના સુખ ભવ્ય જીવો પામતા. ૨

શ્લોકાર્થ:—કલ્પસૂત્રના વ્યાખ્યાન રૂપ પાંચ દિવ્યો વડે રાજ્ય ઉપર સ્થાપન કરેલો, ભવિક જનોએ કર્યો છે પટ્ટાભિષેક જેનો એવો પર્યુષણા પર્વ રૂપી રાજા મનુષ્યોમાં અતિ ભયંકર મિથ્યાત્વ અને ક્રોધાદિ ચાર એ પંચ કુલને દૂર કરીને સમકિત, ક્ષમા, માર્દવ આર્જવ અને નિર્લોભતા રૂપ સુંદર નવા પંચ કુલને સ્થાપન કરતો તમારા કલ્યાણ માટે થાઓ. ૧૪૩

સ્પષ્ટાર્થ:—સર્વ પર્વોમાં મહાપ્રભાવશાલી હોવાથી પર્યુષણા પર્વને રાજાની ઉપમા આપતાં ગ્રંથકાર જણાવે છે કે જેમ પંચ દિવ્યો પ્રકટાવીને રાજાને ગાદી ઉપર સ્થાપન કરાય છે તેમ આ પર્યુષણા પર્વ રૂપી રાજાને કલ્પસૂત્રના પાંચ વ્યાખ્યાનો રૂપી પાંચ દિવ્યો પ્રકટાવીને ગાદી ઉપર સ્થાપન કર્યો છે. તથા ભવ્યજનોએ કર્યો છે પટ્ટાભિષેક જેનો એવો આ પર્યુષણા પર્વ રૂપી રાજા સંસારી જીવોને અતિ દુઃખ દેનારા મિથ્યાત્વ(1) અને ક્રોધ(2) માન(3) માયા(4) અને લોભ(5)રૂપી ચાર કષાય એમ પાંચ ખરાબ કુલ ( પાંચનો સમુદાય )ને દૂર કરીને સમકિત(1), ક્ષમા(2), માર્દવ(3) એટલે ( અભિમાન રહિતપણું ) આર્જવ(4) એટલે સરલતા, નિરીહતા(5) એટલે સંતોષ એ સુંદર નવા પાંચ કુલને સ્થાપન કરે છે. એટલે આ રાજા ભવ્ય જીવોને ક્ષમાદિ ગુણો પમાડી મુક્તિના સાધક બનાવે છે, તેથી ગ્રંથકાર ભવ્ય જીવોને આશીર્વાદ આપે છે કે આ પર્યુષણા મહા પર્વ રૂપી મહારાજાધિરાજ તમારૂં કલ્યાણ કરો. ૧૪૩

અવતરણ:—હવે પ્રથમ અષ્ટાહિકાનો ઉપદેશ કહે છે:—

( स्रग्धरावृत्तम् )

१ ३ २ ६ ४ ५
चेतः स्थालं विशालं कलमकणगणः श्रावकाणां गुणाली,
७ १ ९ १० ८
सम्यक्त्वं सद्दुकूलत्रितयमनुपमं नालिकेरं विवेकः ।
१२ ११ १३ १५ १७ १४ १६
जैनाज्ञा मूर्ध्नि दूर्वा मलयजघुसृणे भावलोकानुरागौ,
२० १९ १८ २३ २२
सत्कीर्तिः पुण्यवर्द्धापनमिति भवतादान्तरद्विड्जये वः १४४

પર્યુષણા રૂપ પર્વ કેરા પુણ્ય રૂપ વધામણા,
યશકીર્ત્તિને ફેલાવનારા તે તમારા આત્મના;
શત્રુને જીતાવનારા નીવડો તેમાં દીસે,
ચિત્તરૂપ વિશાલભાજન શ્રાદ્ધગુણ અક્ષત દીસે. ૧

સમ્યકત્વરૂપ ત્રણ વસ્ત્ર અનુપમ વિવેકરૂપ શ્રીફળ અહીં,
જિનઆણ રૂપ શોભે ધરો ને ભાવ રૂપ ચંદન અહીં;
લોકના અનુરાગ કુંકુમ સહિત પુણ્ય વધામણા,
પર્યુષણાના નિત પ્રવર્ત્તો ગેહમાંહી સંઘના. ૨

શ્લોકાર્થ:—જેમાં ચિત્ત રૂપી મોટો થાળ અને શ્રાવકના ગુણ રૂપી ચોખાનો સમૂહ, સમકીત રૂપી સુંદર ત્રણ વસ્ત્રો, વિવેક રૂપી ઉત્તમ નાળીએર, તેના મસ્તક ઉપર જિનેશ્વરની આજ્ઞા રૂપી ધરો, ભાવ રૂપી ચન્દન અને લોકના અનુરાગ રૂપી કુંકુમ શોભે છે આ પ્રમાણે પર્યુષણ પર્વનું પુણ્ય રૂપી

વર્દ્ધાપન ઉત્તમ કીર્ત્તિને પમાડનારૂં તથા તમારા અંતરંગ શત્રુના જયને માટે થાઓ. ૧૪૪

સ્પષ્ટાર્થઃ—પર્યુષણા પર્વનું પુણ્ય રૂપી વર્ધાપન (વધામણું) તમારા અંતરંગ શત્રુ એટલે કષાય, રાગ દ્વેષ વગેરેના જયને માટે (શત્રુને જીતાવનારૂં) થાઓ, એટલે કે હે ભવ્યજીવો? આ પર્યુષણા પર્વની કરેલી આરાધનાથી તમારા રાગ દ્વેષ વગેરે શત્રુઓ નાશ પામો. આ વર્ધાપન કેવું છે તે જણાવતાં કહે છે કે વર્દ્ધાપન માટે થાળની જરૂર પડે છે તેમ અહીંઆં ચિત્ત રૂપી મોટો થાળો જાણવો. થાળામાં ચોખા મૂકવામાં આવે છે, તો અહીંઆ શ્રાવકના એકવીસ ગુણો રૂપી ચોખાનો સમુદાય જાણવો. ક્ષાયિકાદિ ત્રણ સમકીત રૂપી સુંદર ત્રણ વસ્ત્રો જાણવાં ધર્માધર્મના વિવેક રૂપ ઉત્તમ નાલીએર જાણવું. નાલીએર ઉપર દૂર્વા અથવા ધરો મૂકાય છે તેમ અહીં જિનેશ્વરની આજ્ઞા (જિનશાસન) ધારણ કરવા રૂપ દૂર્વા (ધરો) જાણવી. સારો ભાવ એટલે ધર્મની શ્રદ્ધા તે રૂપી ચંદન જાણવું. તેમજ પર્યુષણામાં લોકની પ્રીતિ રૂપી કુંકુંમ (કેસર) જેને વિષે છે એ આ પર્યુષણા પર્વનું પુણ્ય રૂપી વર્ધાપન જાણવું. તે તમારા અંદરના ખરા શત્રુઓને જીતાવનારૂં થાઓ. ૧૪૪

અવતરણઃ—હવે પ્હેલી અષ્ટાહ્નિકાને ઉપદેશ આપે છેઃ—

( शार्दूलविक्रीडितवृत्तम् )

६ ५ १ २ ३ ४ ७ ८ १० ११
सौख्यं शाश्वतमेक एव हि जिनः कुर्यात्तु शेषैः सुरैः,
१२ ९ १३ १५ १६ १४ १७
स्याच्चेदैहिकमेव किंचन ततो यद्वा सवित्रा यथा।

१७ १९ १८ २० २१
तद्वत्किं शशिदीपतारमणिभिर्विश्वप्रकाशो भवे–
२२ २५ २३ २४ २६
देवं मंगलदीपकोच्चशिखयाद्याष्टाह्निका शंसति ॥ १४५ ॥

શ્રેષ્ઠ મંગલ દીપની ઉંચી શિખાથી ઉચ્ચરે,
પ્હેલી અઠ્ઠાઇ જિનજ આપે શાશ્વતા સુખડાં ખરે;
પરદેવ આપે આ ભવે રજ સુખ ન સાચું તે ઇહાં,
સૂર્ય વિશ્વ પ્રકાશ કરે તેવા ન ચંદ્રાદિક ઇહાં. ૧

**શ્લોકાર્થ**:—એક જિનેશ્વર જ શાશ્વત સુખને કરે (આપે) છે અને જો બાકીના દેવો કરે તો તે આ લોક સંબંધિ જ કાંઇક સુખ કરે છે. અથવા સૂર્ય વડે જેવો જગતમાં પ્રકાશ કરાય તેવો પ્રકાશ ચંદ્ર, દીપક, તારા અથવા મણિઓ વડે શું કરાય ? અર્થાત્ ન જ કરાય. એ પ્રમાણે પ્રથમ અષ્ટાહ્નિકા મંગલ દીવાની ઉચ્ચી શિખા દ્વારા જણાવે છે. ૧૪૫

**સ્પષ્ટાર્થ**:—પ્હેલી અઠ્ઠાઇ મંગલદીવાની ઊંચી શિખા દ્વારા એમ જણાવે છે કે જગતમાં કોઈ પણ શાશ્વત સુખ કરાવનાર (દેનાર) હોય તો તે એકલા જિનેશ્વરજ છે. બીજા કોઇથી પણ શાશ્વત સુખની પ્રાપ્તિ કરાવી શકાતી નથી. બીજા કોઈ દેવો જો કાંઈ પણ સુખ કરી શકતા હોય તો તે સુખ આ લોક સંબંધીજ ને ક્ષણિક જાણવું. તે બીજા દેવોથી શાશ્વત સુખ આપી શકાતું નથી. આ બાબતમાં દૃષ્ટાન્ત આપીને જણાવે છે કે સૂર્ય આખા વિશ્વ ઉપર જેવો પ્રકાશ કરે છે તેવો પ્રકાશ ચંદ્રથી, તારાઓથી,

દીપકથી અથવા મણિઓથી કરી શકાય? અર્થાત્ તેમનાથી અમુક અમુક સ્થળેજ કાંઇક કાંઇક પ્રકાશ કરી શકાય છે. પરંતુ સમસ્ત વિશ્વમાં પ્રકાશ તેમનાથી કરી શકાતો નથી. તેવી રીતે બીજા દેવોમાં શાશ્વત સુખ આપવાની શક્તી નથીજ. ૧૪૫

અવતરણ:—હવે બીજી અઠ્ઠાઇનું સ્વરૂપ કહે છેઃ—

( शार्दूलविक्रीडितवृत्तम् )

४ ५ ६ ७ ८
रागद्वेषजितोऽर्हतोऽह्रियुगलं पाणिद्वयेनार्चयन्,
९ १० ११ १२ १३
साधुश्रावकधर्मभाक् परभवे स्वर्गापवर्गौ भजेत् ।
१६ १७ १४ १५ १९ १८
दृक्कर्णद्वितयेन रूपगुणभृच्चेहापि तोषं परं,
३ २० २ १
घंटाचामरचेष्टितेन वित्रणोत्यष्टाह्निकैकोत्तरा ॥ १४६

બીજી અટ્ઠાઇ ઘંટ ચામરનીજ ચેષ્ટાથી કહે,
બે હાથથી જિનચરણને પૂજનાર મુનિ ધર્મે રહે;
અથવા સુધર્મે શ્રાદ્ધના ને પરભવે મુક્તિતણા,
સ્વર્ગના સુખ પણ લહે જોનાર રૂપને નાથના. ૧

સુણનાર પ્રભુ ગુણ આ ભવે પણ પામતા સંતોષને
અટ્ઠાઈ પર્વારાધના આગામિ ભવ શુભ આયુને;
બંધાવતી વિખરાવતી કર્મોતણા દૃઢ બંધને,
પુણ્યયોગે સમય પામી સાધીએ જિનધર્મને. ૨

શ્લોકાર્થ:—બીજી અટ્ઠાઈ ઘંટા અને ચામરની ચેષ્ટા (હલન ચલન વગેરે) વડે જણાવે છે કે રાગ દ્વેષને જિતનાર અરિહંતના બે ચરણ (પગ)ને બે હાથે પૂજા કરનાર સાધુ અથવા શ્રાવકના ધર્મને સેવતો તે જીવ પરભવમાં સ્વર્ગ અને મોક્ષને પામે છે. અને અહીં પણ બે આંખે અને બે કાને અનુક્રમે રૂપને જોતો અને ગુણોને સાંભળતો જીવ પરમ સન્તોષને પામે છે. ૧૪૯

સ્પષ્ટાર્થ:—હવે બીજી અટ્ઠાઇ શું જણાવે છે તે કહે છે:—બીજી અટ્ઠાઇ ઘંટા અને ચામરની ચેષ્ટા વડે એવું જણાવે છે કે રાગ અને દ્વેષ રૂપી શત્રુના જીતનાર અરિહંત ભગવાનના બે ચરણની પોતાના બે હાથે પૂજા કરનાર ભવ્ય જીવ—જો સાધુના અથવા શ્રાવકના ધર્મને અંગીકાર કરે તો પરભવમાં સ્વર્ગ અને મોક્ષને પામે છે. તેમજ અહીં પણ એટલે આ ભવમાં પણ પોતાની બે આંખો વડે અરિહંત ભગવાનના રૂપને જોતો અને પોતાના બે કાનથી અરિહંત પ્રભુના ગુણોને સાંભળતો જીવ પરમ સન્તોષને પામે છે. ૧૪૯

અવતરણ:—હવે ત્રીજી અટ્ઠાઈનું રહસ્ય જણાવે છે:—

( शार्दूलविक्रीडितवृत्तम् )

११ ८ ६ १२ ७ १०
त्रैलोक्यं त्रिपदीतनुस्त्रिपथगा प्रीणाति यस्यान्वहं,
१७ १६ १३ १४ १५ १८ १९
कालेषु त्रिषु तं त्रिकालविदुरं देवं त्रिशुद्धया महा

२२ २५ २४ २० २१ २३
स्वच्छत्रत्रयसंपदे दिशति वा येनैष रत्नत्रयं,
३ ४ ६ ५ २ १
त्रिः पुष्पाञ्जलिसंज्ञया ज्ञपयतीत्यष्टाहिका ह्युत्तरा ॥ १४७

ત્રણ પુષ્પની અંજલિ વડે ત્રીજી અટ્ઠાઈ ઉચ્ચરે,
હે ભવ્ય ! જેની ત્રિપદીગંગા લોક ત્રણ નિર્મલ કરે;
તે જિનેશ્વર દેવને ત્રણ કાલ મન વચ કાયની,
શુદ્ધિથી પૂજ જેહથી નિજ સંપદા ત્રણ છત્રની. ૧

દેનાર રત્નો જ્ઞાન દર્શન ચરણને તે આપતા,
કષ્ટ સઘલાં કાપતા આનંદ આત્મિક આપતા;
જિનરાજ અધિકા કલ્પતરૂથી પરભવે પણ મુક્તિને,
દેનાર પ્રભુને પૂજનારા પામતા નિજ ઋદ્ધિને. ૨

શ્લોકાર્થ—ત્રીજી અટ્ઠાઇ ત્રણ પુષ્પાંજલિની સંજ્ઞા (ક્રિયા) વડે એમ જણાવે છે કે જેમની ત્રિપદી રૂપી શરીરવાળી ગંગા દરરોજ ત્રણ લોકને પવિત્ર કરે છે તે ત્રણ કાલને જાણનાર દેવને ત્રણ કાલને વિષે ત્રિકરણ શુદ્ધિ વડે સેવો, જેથી એ પોતાના ત્રણ છત્રની સંપત્તિને માટે તમને ત્રણ રત્ન આપે છે. ૧૪૭

સ્પષ્ટાર્થ:—હવે ત્રીજી અટ્ઠાઈ ત્રણ પુષ્પાંજલિની સંજ્ઞા વડે એમ જણાવે છે કે જે જિનેશ્વરની "ઉપ્પન્નેઈ વા વિગમેઈ વા ધુવેઇ વા" એ સ્વરૂપવાળી ત્રિપદી એટલે પર્યાયની અપેક્ષાએ પદાર્થ ઉત્પન્ન થાય છે. તેજ અપેક્ષાએ

નાશ પામે છે અને દ્રવ્યની અપેક્ષાએ ધ્રુવ છે. એ પ્રકારની ત્રિપદી રૂપી શરીરવાળી ગંગા નદી હરરોજ સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રણ લોકના જીવોને પવિત્ર કરે છે. તે ભૂત ભવિષ્ય અને વર્તમાન રૂપ ત્રણ કાળના જાણનાર જિનેશ્વરની સવાર બપોર અને સાંજ એ ત્રણ કાલને વિષે મન વચન અને કાયાની શુદ્ધિ વડે સેવા કરો. કારણકે તે પ્રભુ સેવન કરનારને ભવિષ્યમાં પોતાના ત્રણ છત્રની સમ્પત્તિના લાભને માટે જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપી ત્રણ રત્નને આપે છે. ૧૪૭

**અવતરણ:**—હવે ચોથી અટ્ઠાઈનું રહસ્ય જણાવે છે:—

( शार्दूलविक्रीडितवृत्तम् )

८ ७ ९ १४ १०
व्याख्यासद्म चतुर्विधामरकृतं प्राप्यावदच्चं चतु-
५ ६ ११ १३ १२ १९
र्मूर्तिस्तीर्थपतिश्चतुर्गतिहितं धर्मं चतुर्धा बुधाः ।
१५ २० १४ १७ १६ १८
तं कुर्वन्तु चतुष्कषायरहिता वर्गे चतुर्थे रता,
४ ३ २ १
ब्रूते संघकृतस्तुतिप्रतिरवैरष्टाह्निका त्र्युत्तरा ॥ १४८

ચોથી અટ્ઠાઇ સંઘકૃત સ્તુતિના મિષે ઇમ ઉચ્ચરે,
દેવે રચેલા સમવસરણે ચાર રૂપે જિનવરે;
ચાર ગતિના જીવને સુખકારી દાનાદિ કહ્યા,
છંડી કષાયો મુક્તિરાગી ભવ્ય સેવો ગહગહ્યા. ૧

**શ્લોકાર્થ:**—ચોથી અટ્ઠાઇ ચાર પ્રકારના સંઘે કરેલી સ્તુતિના પડઘા વડે એમ કહે છે કે ચાર મૂર્તિ (રૂપ) વાળા તીર્થંકર પ્રભુએ ચાર પ્રકારના દેવોએ રચેલા સમવસરણને પામીને ચાર પ્રકારની ગતિના જીવોને હિતકારી ચાર પ્રકારનો જે ધર્મ કહ્યો છે, તે ધર્મને ચાર પ્રકારના કષાયથી રહિત થઇને ચોથા વર્ગમાં આસક્ત, હે પંડિત પુરૂષો ! તમે કરો. (આરાધો.) ૧૪૮

**સ્પષ્ટાર્થ:**—હવે ચોથી અટ્ઠાઈ શું જણાવે છે તે કહે છે:-ચોથી અટ્ઠાઇ સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકા રૂપી ચાર પ્રકારના સંઘે કરેલી સ્તુતિના પડઘાઓ વડે એમ કહે છે કે ચાર મૂર્તિ (રૂપ) વાળા એટલે જેમનાં ચાર શરીર છે (ભાવાર્થ એ છે કે એક શરીર છતાં ત્રણ દિશામાં દેવે કરેલ રૂપ હોવાથી સમવસરણની અંદર બેઠેલા તીર્થંકરના ચાર દિશામાં ચાર મુખ (ચાર રૂપ) જણાય છે તેથી) એવા તીર્થપતિએ ભુવનપતિ વ્યન્તર જ્યોતિષી અને વૈમાનિક એ ચાર પ્રકારના દેવોએ રચેલા સમવસરણને વિષે બેસીને નારકી તિર્યંચ મનુષ્ય અને દેવ એ ચાર પ્રકારની ગતિના જીવોને હિતકારી, દાન શિયલ તપ અને ભાવ એ ચાર પ્રકારનો જે ધર્મ કહ્યો છે, તે ધર્મને ક્રોધ માન માયા અને લોભ એ ચાર પ્રકારના કષાયોથી રહિત થઈને, ધર્મ અર્થ કામ અને મોક્ષ તેમાંના ચોથા મોક્ષ નામના પુરૂષાર્થમાં આસક્ત થએલા એવા હે પંડિત પુરૂષો ! તમે પૂર્ણ ઉલ્લાસથી આરાધો. ૧૪૮

**અવતરણ:**—હવે પાંચમી અટ્ઠાઈનું રહસ્ય જણાવે છે:-

( शार्दूलविक्रीडितवृत्तम् )

१० ९ ७ ६ ८ ११
किं पञ्चेन्द्रियशर्म पञ्चविषयैर्मूढा ! मितं वाञ्छतो,
१२ १३ १७ १४ १५ १६
दञ्चत्पञ्चसुभावनानि दधतां पञ्च व्रतान्युच्चकैः ।
१९ १८ २१ २० २४ २३ २२
पञ्चज्ञानवतां यथा बहुसुखा वः स्याद्गतिः पञ्चमी,
४ ५ ३ २ १
स्पष्टं जल्पति पञ्चशब्दनिनदैरष्टाहिका पञ्चमी ॥ १४९

**વાજિંત્ર શબ્દે ઇમ કહે અઠ્ઠાઇ ઉત્તમ પાંચમી,**
**હે મૂર્ખ ! ઇંદ્રિય સુખ ચહો કિમ ! નિત્ય નિજ ગુણમાં રમી;**
**ભાવના યુત મહાવ્રતોને ધારજો તેથી સહી,**
**પાંચ જ્ઞાન સહિત તુમે પંચમ ગતિ લેશો સહી. ૧**

શ્લોકાર્થ:—પાંચમી અઠ્ઠાઈ વાજિંત્રોના શબ્દોથી સ્પષ્ટપણે કહે છે કે હે મૂર્ખ જનો ! પાંચ વિષયોવાળું પંચેન્દ્રિયનું અલ્પ સુખ શા માટે ઇચ્છો છો ? અતિ સ્ફુરાયમાન પાંચ ભાવનાઓવાળાં પાંચ મહાવ્રતોને ધારણ કરો, જેથી પાંચ જ્ઞાનને ધારણ કરતા તમોને ઘણા સુખવાળી પાંચમી ગતિ પ્રાપ્ત થાય. ૧૪૯

સ્પષ્ટાર્થ:—હવે પાંચમી અઠ્ઠાઈ વાજિંત્રોના શબ્દો વડે પ્રગટ રીતે કહે છે કે હે મૂર્ખ જનો ! સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિંદ્રિય અને શ્રોત્રેન્દ્રિય રૂપ પાંચ

ઈન્દ્રિયોના અનુક્રમે સ્પર્શ, રસ, ગન્ધ, રૂપ અને શબ્દ એ પાંચ વિષયો રૂપ અલ્પ સુખને તમે કેમ ઇચ્છો છો ? આ ઇન્દ્રિયોના સુખો નાશવંત હોવાથી અને અહીં ભયંકર દુઃખ દેતા હોવાથી તેમજ પરભવમાં દુર્ગતિ પણ દેતા હોવાથી મનથી પણ તેની ઇચ્છા ન કરવી. તેથી એવા સુખોને બદલે અતિ સુંદર પાંચ પાંચ ભાવનાઓ જેને વિષે છે એવા પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ, અદત્તાદાન વિરમણ, મૈથુન વિરમણ અને પરિગ્રહ પરિમાણ નામના પાંચ વ્રતોને ધારણ કરો. જેથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન એ પાંચ જ્ઞાનવાળા થએલા તમને જરૂર સ્થિર અને પૂર્ણ વાસ્તવિક સુખથી ભરેલી મુક્તિ લક્ષ્મી જરૂર વરશે. ૧૪૯

અવતરણઃ—હવે છઠ્ઠી અઠ્ઠાઈનું રહસ્ય જણાવે છે—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

१३ १२ १४ १५ १८ १६
जित्वा षड्विकृतिस्पृहां षडपि तान् मुक्त्वा रसान्
१७
शक्तितः,
१९ २४ २५ २३ २० २१ २२
षड्जीवानवनतस्तपः कुरुत षड्भेदं बहिश्चाबहिः ।
७ ८ १० ११ ९ ५ ६
द्विट्षड्वर्गजयो मतः षडृतुजा पूजा च चेन्मानसे,
३ ४ २ १
मद्दोन्मादितषट्पदध्वनिरवाचाष्टाहिका षष्ठिका ॥ १५०

સુભટે વગાડેલ ષટ્પદ ધ્વનિ જેહમાં શોભે ઘણો,
છઠ્ઠી અઠ્ઠાઇ તે કહે હે ભવ્યજન! ષટ વિગઇનો;
મોહ છંડી ષટ રસોને કાય ષટને પાલતા,
બાહ્ય અભ્યંતર છ ભેદે તપ કરો રાજી થતા. ૧

ષડ ઋતુની પૂજના કરતા હરંત પ્રમાદને,
અટ્ઠાઇ છટ્ઠી સાધજો ને પામજો શિવશર્મને;
અટ્ઠાઇના દિન આઠ ઉત્તમ આઠ કર્મ વિણાસતા,
આઠ મદ દૂરે કરંતા આઠ ગુણને આપતા. ૨

શ્લોકાર્થ:—છઠ્ઠી અઠ્ઠાઇ સુભટોએ વગાડેલા ષટપદ ધ્વનિ નામના વાજિંત્રના શબ્દ દ્વારા એમ કહે છે કે જો ષડ્ રિપુઓનો જય અને ષડઋતુઓની પૂજા તમને માન્ય હોય તો છ વિગઇઓની સ્પૃહા જીતીને તથા છએ પણ રસોને તજીને શક્તિ પૂર્વક છ જીવોની રક્ષા કરવા પૂર્વક છ પ્રકારના બાહ્ય અને છ પ્રકારના અભ્યન્તર તપને કરો. ૧૫૦

સ્પષ્ટાર્થ:—હવે છઠ્ઠી અઠ્ઠાઈ શું જણાવે છે તેનું વર્ણન કરતાં ગ્રંથકાર કહે છે કે સુભટોએ વગાડેલા ષટ્પદ ધ્વનિ નામના વાજિંત્રના શબ્દ વડે છઠ્ઠી અઠ્ઠાઈ એમ જણાવે છે કે હે ભવ્ય જીવો! જો તમારા ચિત્તમાં કામ ક્રોધાદિક છ અંતરંગ શત્રુઓના સમુદાયને જીતવા તમે ઇચ્છતા હો, તેમજ છ ઋતુમાં થયેલ ફૂલોથી શ્રીજિન પૂજા જો તમને માન્ય (ઈષ્ટ) હોય, તો ઘી તેલ ગોળ દૂધ દહીં અને પકવાન્ન એ છ વિગઈઓની સ્પૃહાનો–લોલુપતાનો ત્યાગ કરો.

તથા મીઠા ખાટા તીખા કડવા કષાએલા તથા ખારા એ છ પ્રકારના રસોનો ( છ રસવાળા પદાર્થોનો ) પણ ત્યાગ કરો. તેમજ પૃથ્વીકાય અપ્કાય તેઉકાય વાઉકાય વનસ્પતિકાય અને ત્રસકાય એ છ જીવનિકાયનું શક્તિ મુજબ રક્ષણ કરો. તથા ૧ અનશન ૨ ઊણોદરી ૩ વૃત્તિસંક્ષેપ ૪ રસત્યાગ ૫ કાયક્લેશ અને ૬ સંલીનતા એ છ પ્રકારનો બાહ્ય તપ તથા ૧ પ્રાયશ્ચિત્ત ૨ વિનય ૩ વૈયાવૃત્ય ૪ સ્વાધ્યાય, ૫ ધ્યાન, ૬ કાયોત્સર્ગ એ છ પ્રકારના અભ્યન્તર તપને કરો. ગ્રંથકારે અંતરંગ શત્રુઓને જીતવાના સાધન તરીકે ૧ જીભને વશ કરવી. ૨ બાર ભેદે તપની આરાધના. કરવાની જણાવેલ છે. આ બે કારણથી ભવ્ય જીવોએ અંતરંગ શત્રુને જીતી મુક્તિ લક્ષ્મી જરૂર મેળવવી જોઇયે. ૧૫૦

**અવતરણ:**—હવે સાતમી અટ્ઠાઈનું રહસ્ય જણાવે છેઃ—

( शार्दूलविक्रीडितवृत्तम् )

८ ९ ६ ५
सप्तापि व्यसनानि सप्तनरकद्वाराण्यहो सप्तभी–
७ ११ १० १२ १४ १५
हेतूनि त्यजताशु पुण्यनृपतेः क्षेत्राणि राज्याङ्गवत् ।
१३ १६ १८ १९ २० १७
सप्ताप्याप्नुत सप्तभूमिकगृहे तत्त्वे वसन्तु स्वयं,
३ ४ २ १
सत्सप्तस्वरगीतकैतवमुवाचाष्टाह्निका सप्तमी ॥ १५१ ॥

**શ્રેષ્ઠ સાતે સ્વર વડે યુત ગીતથી આ સાતમી,**
**અટ્ઠાઈ બોલે ભવ્ય! સાતે વ્યસન છંડો થઈ દમી;**

વ્યસન સાતે ભય નરકને આપનારા જાણિયે,
રાજ્યાંગની જિમ પુણ્ય નૃપના સાત ક્ષેત્રો સેવીએ. ૧
સાત માળે શોભતા પ્રાસાદ સમ સગ તત્વને,
જાણજો તસ અર્થને દીલમાં ધરો ધરી રંગને;
અટ્ઠાઇ નિજ ગુણરતિ વધારે આપતી સુખ શાંતિને,
પ્રબલ પુણ્યે સમય પામી સાધજો જ અટ્ઠાઇને. ૨

શ્લોકાર્થ:—સાતમી અટ્ઠાઇ સુંદર સાત સ્વરવાળા ગીતના બહાને કહે છે કે સાત નરકના દ્વાર રૂપ અને સાત ભયના કારણભૂત સાતે વ્યસનોનો જલ્દી ત્યાગ કરો. અને પુણ્ય રૂપી રાજાના રાજ્યના અંગ જેવા સાતે પણ ક્ષેત્રોને પ્રાપ્ત કરો અને સાત ભૂમિ ( માળ )ના મહેલ જેવા સાત તત્ત્વોને વિષે તમે પોતે નિવાસ કરો. ૧૫૧

સ્પષ્ટાર્થ:—હવે સાતમી અટ્ઠાઈ સુંદર સાત સ્વરવાળા ગીતના બહાને એમ જણાવે છે કે–હે ભવ્ય જીવો ! તમે સાતે વ્યસનોનો ત્યાગ કરો. તેના નામ–દ્યુત એટલે જુગાર ૧, મદ્ય એટલે દારૂ ૨, માંસ ૩, વેશ્યાગમન ૪, પાપર્દ્ધિ એટલે શિકાર ૫, ચોરી ૬, પર સ્ત્રીગમન, એ પ્રમાણે સાત વ્યસનો કહેલાં છે તેનો ત્યાગ કરો, કારણ કે સાત વ્યસનો સાત નરકના દ્વાર સમાન ( કારણ ) કહ્યા છે, જેમ બારણામાંથી ઘરમાં પ્રવેશ કરાય છે તેમ નરકરૂપી ઘરમાં પેસવાને બારણા જેવા આ સાત વ્યસનો કહ્યાં છે. એટલે સાત વ્યસનોનું સેવન કરનાર મરીને નરકે જાય છે. અહીં રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમ:પ્રભા અને તમ:તમાપ્રભા એ નામે સાત નારકીઓ

(નરકસ્થાન) જાણવા. વળી આ સાત વ્યસનો સાત પ્રકારના ભય ઉપજાવનારા છે. એટલે વ્યસનો સેવનારને આ લોક ભય, પરલોક ભય વગેરે સાત પ્રકારના ભય પ્રકટે છે, માટે સાત વ્યસનોનો જલ્દીથી ત્યાગ કરીને રાજ્યના સાત અંગ જેવા પુણ્યરૂપી રાજાના ૧ જિન ભુવન, ૨ જિનબિંબ, ૩ પુસ્તક, ૪ સાધુ, ૫ સાધ્વી, ૬ શ્રાવક અને ૭ શ્રાવિકા એ સાત ક્ષેત્રોની આરાધના કરો. અને સાત માળના મહેલ જેવા જીવાજીવાદિ સાત તત્ત્વો રૂપી મહેલમાં તમે પોતે રહો. એટલે નિર્મલ મોક્ષ માર્ગની આરાધના કરી સિદ્ધિપદ પામો. ૧૫૧

**અવતરણ:**—હવે આઠમો અઠ્ઠાઇનું રહસ્ય જણાવે છે:-

( शार्दूलविक्रीडितवृत्तम् )

७ ५ ६ १२ ८
मुक्त्वाष्टौ मदकारणान्यविरतं सत्प्रातिहार्याष्टकं,
९ १३ ११ १० १४ १६ १५ १८
देवं पूजय पूजयाष्टविधया येनैष तुष्टः पदम् ।
१७ १९ २० २१ २४ २३ २२
तद्वो यच्छति यत्र नास्ति पतनं दुष्टाष्टकर्मापदा,
४ ३ २ १
चष्टे मांगलिकाष्टदीपकमिषादष्टाह्निकाप्यष्टमी ॥ १५२

અષ્ટ મંગલિક દીપ બ્હાને આઠમી અટ્ઠાઈ આ,
ઇમ કહે મદ હેતુ છંડી આઠ ભેદે પૂજના,
પ્રભુની કરો જેથી પ્રસન્ન તે આપશે તે સ્થાનને,
જ્યાંથી ન કર્માપત્તિએ પામીશ ભવના ભ્રમણને. ૧

શ્લોકાર્થ:—આઠમી અટ્ઠાઈ અષ્ટમંગલિક દીવાના બ્હાને એમ કહે છે કે આઠ મદના કારણોને છંડીને આઠ પ્રાતિહાર્યે સહિત શ્રીજિનેશ્વર દેવને અષ્ટપ્રકારી પૂજા વડે નિરંતર પૂજો, જેથી પ્રસન્ન થએલા તે પ્રભુ તમને જ્યાંથી દુષ્ટ આઠ કર્મની આપત્તિથી પણ પડવું થતું નથી તેવું મોક્ષ સ્થાન આપશે. ૧૫૨

સ્પષ્ટાર્થ:—હવે આઠમી અટ્ઠાઇ અષ્ટમંગલિક દીવાના બ્હાને એમ કહે છે કે હે ભવ્ય જીવો! આઠ મદના કારણોનો ત્યાગ કરીને ઉત્તમ પ્રકારનાં જલ, ચંદન, ફૂલ, ધૂપ, દીપ, ફલ, અક્ષત, અને નૈવેદ્યથી આઠ પ્રકારી પૂજાએ કરીને આઠ પ્રતિહાર્યે સહિત એવા શ્રી જિનેશ્વર દેવની પૂજા કરો. અશોક વૃક્ષ, પુષ્પવૃષ્ટિ, દીવ્ય ધ્વનિ, ચામર, ભામંડલ, દુંદુભી, આસન, છત્ર એ આઠ પ્રતિહાર્ય હમેશાં જિનેશ્વરની પાસે રહે છે. માટે તે પ્રાતિહાર્ય કહેવાય છે. આ પ્રમાણે પૂજા કરવાથી પ્રસન્ન થએલા તે શ્રી જિનેશ્વર દેવ તમને જે સ્થાનમાંથી દુષ્ટ એવા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય એ નામના આઠ કર્મોની આપદાથી ફરીથી સંસારમાં પડવાનું (આવવું) નથી, તેવું મોક્ષસ્થાન આપશે, કારણ કે તે સ્થાનમાં આ આઠ કર્મો નાશ પામેલ હોવાથી જીવને સંસારમાં આવવું પડતું નથી. માટે પ્રભુની પૂજા અવશ્ય કરો. યાદ રાખવું જોઈયે કે માનસિક સુધારણા થયા વિના શારીરિક સુધારણા થતીજ નથી. તેવી માનસિક સુધારણાના શ્રીજિનવાણી શ્રવણ, પ્રભુપદ પૂજન વગેરે સાધનોમાં શ્રીજિનપૂજાને મુખ્ય સાધન તરીકે શ્રી જૈનેન્દ્રાગમમાં જણાવી છે. ૧૫૨

અવતરણઃ—હવે આઠે અઠ્ઠાઈનું ભેગું ફલ જણાવે છેઃ—

( शार्दूलविक्रीडितवृत्तम् )

૬ ૧ ૫ ૪ ૨ ૩
नैतेऽप्येत इवोपमानविगमादष्टाह्निका वासरा,
૭ ૯ ૧૧ ૧૦ ૧૨ ૮
एकैकोच्चकला इतीन्दुसदृशाः किंचित्त्वभूवन्निमे ।
૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦
श्राद्धस्वान्तपयोधिनेत्रकुमुदश्रेणीचकोरेक्षणो-
૨૧ ૨૨ ૨૩ ૨૪ ૨૫ ૨૬ ૨૮ ૨૭
ल्लासाय स्मरतापमोहतिमिरोच्छित्त्यै यतोऽहर्निशम् ॥ १५२

અટ્ઠાઈ આઠે આઠ દિનની તે અનુપમ જાણીએ,
ઉપમા નહી એકેકથી ચઢીયાતી ઇમ ના ભૂલીએ,
ઇંદુ કલાની જેહવા તે, તે અપેક્ષાએ કહ્યા,
શ્રાદ્ધ દીલ સાગર વિકાસે તસ નયન કુમુદો બન્યા. ૧

બહુ વિકસ્વર શ્રાદ્ધ રૂપ ચકોર આંખો વિકસતી,
કામનો સંતાપ મોહસ્વરૂપ તિમિર વિણાસતી;
ઇંદુકલા જેવા દિનો આ સકલ શુભ અટ્ઠાઇના,
એકેકથી ચઢતા ગણી આરાધજો હે ભવિજનો ? ૨

શ્લોકાર્થઃ—આ ( પૂર્વે કહેલા ) અઠ્ઠાઇના દિવસો બીજા પર્વના દિવસોની જેવા નથી, માટે અનુપમ કહ્યા છે. વળી તેઓ એક એકથી અધિક કલા ( મહિમા ) વાળા હોવાથી કાંઇક (અપેક્ષાએ) ચંદ્રની

જેવા જણાય છે. તે કારણથી તે દિવસો શ્રાવકોના મન રૂપી સમુદ્રના ઉલ્લાસ માટે, શ્રાવકોના નેત્ર રૂપી કુમુદની પંક્તિના ઉલ્લાસ માટે તથા શ્રાવક રૂપ ચકોરના નેત્રના ઉલ્લાસ માટે થાય છે. તેમજ કામદેવના તાપની શાન્તિને માટે અને મોહ રૂપી અન્ધકારના નાશને માટે થાય છે. ૧૫૩

સ્પષ્ટાર્થ:—આ ઉપર જણાવી ગએલા આઠે અઠ્ઠાઈના દિવસો બીજા પર્વના દિવસોની જેવા નથી માટે તે અનુપમ કહેવાય છે. એટલે એના જેવા બીજા દિવસો નથી. વળી તે દરેક દિવસો એક એકથી અધિક કલા (મહિમા) વાળા હોવાથી કાંઇક (અપેક્ષાએ) ચંદ્રની જેવા જણાય છે. કહેવાનું રહસ્ય એ છે કે ચંદ્ર જેમ સમુદ્રને ઉલ્લાસ પમાડે છે તેમ આ અઠ્ઠાઈના દિવસો શ્રાવ કોના મન રૂપી સમુદ્રને ઉલ્લાસ પમાડે છે. એટલે અઠ્ઠાઈના દિવસોમાં શ્રાવકોનાં મન ઉલ્લસિત રહે છે. વળી ચંદ્ર જેમ કુમુદોની પંક્તિને (પોયણીઓને) વિકસ્વર બનાવે છે તેમ આ અઠ્ઠાઈના દિવસો રૂપી ચન્દ્રમા પણ શ્રાવકોના નેત્ર રૂપી કુમુદની પંક્તિને વિકસ્વર બનાવે (હર્ષ પમાડે) છે. તથા ચન્દ્ર જેમ ચકોરના નેત્રને આનંદ આપે છે તેમ આ દિવસો પણ શ્રાવક રૂપી ચકોરના નેત્રને આનંદ આપે છે. વળી ચન્દ્રથી તાપની શાન્તિ થાય છે તેમ આ અઠ્ઠાઈના દિવસો રૂપી ચન્દ્રથી કામદેવનો તાપ શાન્ત થાય છે. વળી ચંદ્રના પ્રકાશથી અન્ધકારનો નાશ થાય છે તેમ આ અઠ્ઠાઈના દિવસો પણ મોહ રૂપી (અજ્ઞાન રૂપી) અન્ધકારનો નાશ કરે છે. ભવ્ય જીવોએ આવા પ્રકારના ઉચ્ચ કોટિના અઠ્ઠાઈના દિવસોમાં પરમ ઉલ્લાસથી શ્રીજિન

ધર્મની આરાધના કરી મુકિતના સુખ મેળવવા જોઈયે. ૧૫૩

અવતરણઃ—હવે ૭૩ મું દીપાલિકા ઉપદેશ નામનું દ્વાર કહે છેઃ—

( शार्दूलविक्रीडितवृत्तम् )

सद्ध्यानोज्ज्वलदीपकः प्रविलसत्स्वाध्यायमेरात्रिकः,
कल्याहा(चा)रसुभोजतः सुगुणवाक्ताम्बूलशोभाशुभः ।
अश्रीनिर्गमलक्ष्म्युपागमजयज्ज्येष्ठावनामोत्तरः,
शीलालङ्कृतिभाग्मुदे भवतु वोऽर्हद्धर्मदीपोत्सवः ॥ १५४

જિન ધર્મ દીપોત્સવ તમોને હર્ષ દેનારો બનો,
શુભ ધ્યાન ઉજ્વલ દીપ ત્યાં સ્વાધ્યાય મેરાયાં તણો;
દેખાવ દીપે વીરજીવન શ્રેષ્ઠ ભોજન જાણીએ,
સુગુણવાણી રૂપ જે તંબોલ પણ અવધારીએ. ૧

અશ્રી ટળે લક્ષ્મી મળે જય, નમન શ્રીગુરૂઆદિને,
દીપ ઉત્સવ દીપતો નિત શ્રેષ્ઠ શીલ રૂપ ભૂષણે;
કેવલજ્ઞાન સ્વરૂપી દીપને પ્રકટાવતી,
તે દીવાલી સાધવાની બુદ્ધિ પુણ્યે જાગતી. ૨

શ્લોકાર્થઃ—શુભ ધ્યાન રૂપી ઉજ્વલ દીવાવાળો, દેદીપ્યમાન સ્વાધ્યાય રૂપી મેરાયાંવાળો, શ્રીવીર જીવન રૂપ સુંદર

આહારના ભોજનવાળો, સારા ગુણુવાળી વાણી રૂપ તામ્બૂલની શોભા વડે મનોહર, અલક્ષ્મીના જવાથી અને લક્ષ્મીના આગમનથી તથા વિજયવંત ગુરૂઓના પ્રણામથી ઉત્કૃષ્ટ તથા શીલ રૂપી અલંકારવાળો અરહિંતના ધર્મરૂપી દીવાલીનો ઉત્સવ તમને હર્ષને માટે થાઓ. ૧૫૪

**સ્પષ્ટાર્થ:**—હવે દીવાલીના ઉત્સવનું સ્વરૂપ સમજાવતાં ગ્રંથકાર જણાવે છે કે દીવાળી મુખ્યતાએ દીવાઓ વડે શોભે છે, તેમ આ અરિહંતના ધર્મના આરાધના રૂપી દીવાલીનો ઉત્સવ પણ ધર્મધ્યાન અને શુકલધ્યાન રૂપી પ્રકાશવાળા દીવાથી શોભે છે. વળી દીવાળીના ઉત્સવમાં મેરાયા (કોડીઆને કાણાં પાડી તેમાં લાકડી ભરાવી જે દીવા કરવામાં આવે છે તે મેરાયાં કહેવાય છે) હોય છે તેમ અહીં પણ દેદીપ્યમાન સ્વાધ્યાય રૂપી મેરાયા છે. જેમ દિવાળીમાં સુંદર ભોજન કરાય છે તેમ અહીં કલ્પ એટલે શ્રીવર્ધમાન સ્વામીના ચરિત્રનું (નિર્વાણ કલ્યાણકનું) સાંભળવું તે રૂપી સુંદર આહારના ભોજનવાળો આ જિન ધર્મરૂપી દીપોત્સવ છે. વળી દીવાળીમાં લોકો તામ્બૂલ (પાન) ખાય છે તેમ અહીં સારા ગુણુવાળી વાણી રૂપી તામ્બૂલ વડે આ જિન ધર્મોત્સવ મનોહર છે. વળી અલક્ષ્મી એટલે દારિદ્રના જવાથી તથા લક્ષ્મીના આવવાથી, વિજયવંત શ્રીગુર્વાદિકને નમન કરવાથી ઉત્કૃષ્ટ તથા શીલ રૂપ અલંકાર વડે શોભાયમાન આ અરિહંતના ધર્મ રૂપી દીવાળીનો ઉત્સવ તમને હર્ષ દેનાર થાઓ. શ્રીવીર પરમાત્માનું જીવનચરિત્ર વિચારી પોતાના જીવનને નિર્મલ બનાવી મુક્તિના સુખ પામવા એ દીવાલીપર્વનું રહસ્ય છે.

આકી ફટાકા ફોડવા વગેરે પ્રવૃત્તિ કેવલ અજ્ઞાનતાને જ સૂચવે છે. એમાં જીવહિંસા, નાહકનો ખર્ચ, જીવનની બરબાદી વગેરે ઘણા ગેરલાભ રહેલા છે. ૧૫૪

અવતરણ:—હવે ચુમ્મોતેરમું વ્યાખ્યાનનું ઉપદેશદ્વાર કહે છે:—

( शार्दूलविक्रीडितवृत्तम् )

६ ५ ४ ८ ७
व्याख्यानं श्रुतदुग्धसारमधिकस्निग्धं निपीयादरात् ,
११ १२ ९ १० १ २ ३
आ त्याक्षू रसिता मुधा शमदधिश्रेयोघृतोच्छ्रायकृत् ।
१३ १४ १६ १५ १७ २० २२ २१ २३
अस्मात्तस्य समर्थनाच्च तदिदं कालेन भव्यैः पुनः,
१८ २४ २५ १९
सम्यक्त्वाङ्गविवृद्धिकृद्बहुतृषा पेयं तमस्तापभित् ॥ १५५

શ્રુત દૂધ કેરા સાર જેમાં તેહ ગુરૂ વ્યાખ્યાનને,
સાંભળી થઇ તૃપ્ત ભવ્યો છોડશો નહિ તેહને,
નિજ ગુણે પ્રીતી કરાવે તેહ શમરૂપ દહિ અને,
મોક્ષ રૂપી ઘૃત વધારે ભેદતું જ અજ્ઞાનને. ૧
સમ્યકત્વ રૂપ શરીરને તે પુષ્ટ કરતું તે સુણો,
વ્યાખ્યાન દૂધ પીજો બની તરસ્યા ઉમંગ ધરી ઘણો;
દૂધ દહિ ઘૃતને વધારે શરીર પુષ્ટ કરે અને,
તાપને દૂરે કરે સુણિયેજ નિત વ્યાખ્યાનને. ૨

શ્લોકાર્થ:—ઉપશમ રૂપી દહીં અને કલ્યાણ રૂપી ઘીની વૃદ્ધિ કરનારૂં, પરમ પ્રીતિને કરનારૂં, શ્રુત રૂપી દૂધ વડે શ્રેષ્ઠ એવા વ્યાખ્યાનને આદરથી પીને તૃપ્ત થએલા તમે તેને નાહક તજશો નહિ. કારણ કે તેની હમણાં પણ માગણી કરાય છે, તેથી સમકિત રૂપી શરીરની વૃદ્ધિ કરનાર, અન્ધકાર રૂપી તાપને ભેદનાર આ વ્યાખ્યાન રૂપી દૂધને ભવ્ય જીવોએ ફરી ફરી પણ અવસરે ઘણાં તરસ્યા થઇને પીવું જોઈયે. ૧૫૫

સ્પષ્ટાર્થ—હવે વ્યાખ્યાન વારંવાર સાંભળવું જોઇયે તે જણાવતાં ગ્રંથકાર કહે છે કે જેમ દૂધ ઘી અને દહીંની વૃદ્ધિ કરે છે તેમ આ દૂધ જેવા સારવાળું શ્રુતનું વ્યાખ્યાન ઉપશમ રૂપી દહીંની તેમજ કલ્યાણ રૂપી ઘીની વૃદ્ધિ કરે છે. કહેવાનો ભાવાર્થ એ છે કે વ્યાખ્યાન સાંભળવાથી ઉપશમ ભાવનો તથા કલ્યાણ (સદ્ગતિ)નો લાભ થાય છે. માટે આ શ્રુત રૂપી દૂધ જેવા સારવાળા વ્યાખ્યાનને આદરપૂર્વક સાંભળીને તૃપ્ત થઇ (ધરાઈને) તેનો ફોગટ ત્યાગ કરશો નહિ. તે ભવ્ય જીવો આ વ્યાખ્યાનની હજુ પણ માગણી કરે છે. કારણ કે તે વ્યાખ્યાન એવું છે કે ગમે તેટલી વાર સાંભળવા છતાં પણ તેથી તૃપ્તિ થતી નથી અથવા વારંવાર સાંભળવાનું મન થયા કરે છે. વળી આ વ્યાખ્યાન સમકિત રૂપી શરીરની વૃદ્ધિ કરનારૂં છે એટલે સમકિતને પુષ્ટ કરનાર છે; તેમજ અજ્ઞાનના સંતાપને દૂર કરે છે એટલે અજ્ઞાનનો નાશ કરનાર છે, તેથી તમારે ઉત્કંઠાપૂર્વક આ વ્યાખ્યાન વારંવાર સાંભળવું જોઈયે. કહેવાનો ભાવાર્થ એ છે કે આગમનું વ્યાખ્યાન દર

રોજ જરૂર સાંભળવું જ જોઈયે. એથી નિજ ગુણ રમણતા વધે છે, પરમશાંતિમય જીવન ગુજારી સમાધિમરણ, સદ્ગતિ પામી શકાય છે. ૧૫૫

અવતરણ:—ચાલુ વ્યાખ્યાનના પ્રસંગે યોગ્ય ઉપદેશ આપે છે....

( शार्दूलविक्रीडितवृत्तम् )

७ २ ९ ८ २
सिद्धान्ताम्बुधिसंभवेऽद्य विरते व्याख्याघने सद्रसै-
३ ४ ६ ५
र्दृष्टान्तैः सकषायतापजनहृद्भूमिं शमित्वाऽभितः ।
१० ११ १२ १९ १५
सप्तक्षेत्रधरासु वित्तवपनं कुर्वन्तु वः पुण्यतो,
१६ १७ १८ १३ १९ १
निःसप्तव्यसनेतिभीतिविविधं शस्यं यथा स्याज्जनाः ॥ १५६

શ્રુતજલધિથી ઉપજ્યો વ્યાખ્યાન રૂપી મેઘ આ,
દૃષ્ટાંત જલ વરસાવતો ચારે કષાયે ટળવળ્યા;
ભવ્યજન મન ભૂમિ પર તે વરસીને અટકી જતા,
ભવ્ય જીવો સાત ક્ષેત્રે દ્રવ્યધાન્યો વાવતા. ૧

તેથી લહે બહુ ધાન્યને ત્યાં વ્યસન રૂપ ઈતિ તણો,
ભવ્ય ન અંશે તેમ હોવે જો ઉદય નિજ પુણ્યનો;
વ્યાખ્યાન અસ્થિર થીર કરે દોષો બધા દૂરે કરે,
પુદ્ગલ રમણતાને ઘટાડે ગુણ તણી વૃદ્ધિ કરે. ૨

શ્લોકાર્થ:—હે ભવ્ય જીવો! આજે સુંદર દૃષ્ટાંત રૂપ જલે કરીને કષાય રૂપી તાપવાળા મનુષ્યોના હૃદય રૂપી પૃથ્વીને ચારે બાજુથી શાંત કરીને સિદ્ધાન્ત રૂપી સમુદ્રથી ઉત્પન્ન થએલ વ્યાખ્યાન રૂપી મેઘ વરસતો બંધ પડે છતે તમે સાત ક્ષેત્ર રૂપી જમીનમાં દ્રવ્ય રૂપ ધાન્યની વાવણી કરો, જેથી તમારા પુણ્યને લીધે સાત વ્યસન રૂપ સાત ઇતિના ભય રહિત એવું વિવિધ પ્રકારનું ધાન્ય નીપજે. ૧૫૯

સ્પષ્ટાર્થ:—હવે વ્યાખ્યાનને મેઘની ઉપમા આપતાં ગ્રંથકાર જણાવે છે કે–મેઘ જેમ તાપથી પીડાએલાને શાન્તિ આપે છે તેમ આ વ્યાખ્યાન રૂપી મેઘ પણ કોને શાંતિ પમાડે છે? તેમજ મેઘથી ધાન્ય પાકે છે તેમ અહીં કયું ધાન્ય પાકે છે? તેના જવાબમાં જણાવે છે કે–હે ભવ્ય જીવો! આજે આ વ્યાખ્યાન રૂપી મેઘ સારા દૃષ્ટાન્તો રૂપી જલ વરસાવીને કષાય રૂપી તાપથી પીડાએલા મનુષ્યોના હૃદય રૂપી ભૂમિને ચારે બાજુથી શાંત કરીને વરસતો વરસતો બંધ પડયે છતે તમે સાત ક્ષેત્ર રૂપી જમીનમાં દ્રવ્ય રૂપી અનાજનું વાવેતર કરો. જેમ વરસાદ વરસતો બંધ પડે ત્યારે વાવેતર થાય છે, તેવી રીતે વ્યાખ્યાન રૂપી મેઘ બંધ પડે, ત્યારે તમે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, જિનબિંબ, જિન ચૈત્ય અને શ્રુતજ્ઞાન રૂપી સાત ક્ષેત્રોમાં તમારા ધનને પરમ ઉલ્લાસથી વાપરો. જેથી તમારા પુણ્યથી સાત પ્રકારના વ્યસન રૂપી સાત ઇતિના ભય વિનાનું વિવિધ પ્રકારનું ધાન્ય ઉત્પન્ન થાય. ખેતી કર્યા પછી અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ વગેરે સાત ઇતિઓને (ઉપદ્રવોને) લીધે વાવેલું ધાન્ય નાશ

પામે છે ને સાત ઇતિથી રહિત એવું તે વાવેતર વિવિધ પ્રકારનાં ધાન્યને આપે છે તેમ આ સાત ક્ષેત્રમાં સાત પ્રકારના વ્યસન રૂપી ઉપદ્રવના ભયથી રહિત વાપરેલું ધન પણ તમને અનેક પ્રકારનાં પુણ્યાનુબંધિ પુણ્યના સુખોને આપનારૂં થશે, એમ સમજીને ભવ્ય જીવોએ સાત ક્ષેત્રોમાં લક્ષ્મીનો સદુપયોગ જરૂર કરવો જોઈયે. અને તેજ વ્યાખ્યાન સાંભળવાનો ખરો સાર છે. એ જરૂર યાદ રાખવું જોઇયે. ૧૫૬

**અવતરણ**:—હવે વ્યાખ્યાનના ફલનું ૭૫ મું દ્વાર જણાવે છે—

( शार्दूलविक्रीडितवृत्तम् )

**वृष्टे धर्मकथोपदेससलिलैर्भव्योर्वरायां गुरा-**
**वब्दे संयमधान्यसप्तदशकं रूढं क्रियामारुतैः ।**
**स्पृष्टैः स्पष्टगुणं विशोधितमतः शाल्यादिशस्योद्गमं,**
**स्यादेवोद्यमरक्षपालदलितापायं फलस्फातिमत् ॥ १५७**

**ભવ્યજન રૂપ જમીન પર ગુરૂમેઘ ઉપદેશપાણિને,**
**વરસાવતા તે કાલ સત્તર ભેદ સંયમ ધાન્યને;**
**વાવતા અનુકૂલ પવને તેહ શુદ્ધ બનાવતા,**
**ઉદ્યમ રખોપા વિઘ્ન ટાળી તાસ રક્ષણ સાધતા. ૧**
**ફલના પ્રવર વિસ્તારથી અતિ દીપતા**
**શાલ્યાદિએ,**

સરસ ઉપજે મોક્ષ અથવા સ્વર્ગ સંયમ ફલ મળે;
પવન શુભ કિરિયા અહીં ગુપ્તિ સમિતિ જાણીએ,
રખવાલ શુભ ઉપયોગ વીર્યોલ્લાસ કદિ ના
ભૂલીએ. ૨

શ્લોકાર્થ:—ગુરૂ રૂપી મેઘ ધર્મકથાના ઉપદેશ રૂપી પાણી વડે ભવ્ય જીવો રૂપી પૃથ્વી ઉપર વરસે છતે સત્તર પ્રકારના સંયમ રૂપી ધાન્યને વાવ્યું. તે અનુકૂળ ક્રિયા રૂપી પવન વડે વિશુદ્ધ કરાયું. આથી સ્પષ્ટ ગુણવાળા, ઉદ્યમ રૂપી રખવાલે દૂર કરેલા ઉપદ્રવવાળા તથા ફલના વિસ્તારવાળા શાલ્યાદિ ધાન્યની ઉત્પત્તિ થાય જ. ૧૫૭

સ્પષ્ટાર્થ:—જેમ મેઘની વૃષ્ટિ થવાથી અને અનુકૂળ પવન તથા સારા રખવાલની દેખરેખથી અવશ્ય સારા ધાન્યની ઉત્પત્તિ થાય છે જ, તેવી રીતે ગુરૂ રૂપી મેઘની વૃષ્ટિ વરસતાં સંયમ રૂપી ધાન્યની ઉત્પત્તિ થાય છે. તે બીના જણાવતાં ગ્રંથકાર કહે છે કે ગુરૂ રૂપી મેઘ ધર્મની કથા દ્વારાએ ઉપદેશ દેવા રૂપી પાણી વડે ભવ્ય જીવો રૂપી પૃથ્વી ઉપર વરસ્યે છતે ભવ્ય જીવોએ સત્તર પ્રકારના સંયમ રૂપી ધાન્યને વાવ્યા પછી તેને અનુકૂળ પવનની જરૂર પડે છે તેમ આ સંયમ રૂપી ધાન્યને પણ અનુકૂળ શુભ ક્રિયા રૂપી પવન વડે શુદ્ધ કર્યું એટલે નિરતિચારપણે ચારિત્ર પાલ્યું. અને ઉગેલા ધાન્યને રખવાલ વડે સાચવવાની જરૂર પડે છે તેમ અહીં ઉદ્યમ રૂપી રખવાલે અનેક પ્રકારની મુશીબતોને દૂર કરી, તેથી સ્પષ્ટ ગુણવાળાં અને ફલના વિસ્તારવાળા

શાલ્યાદિ ધાન્યની ઉત્પત્તિ સારા પ્રમાણમાં થાય છે તેમ અહીં પણ સત્તર પ્રકારના સંયમ રૂપી ધાન્યની પુષ્કળ ઉત્પત્તિ થાય છેજ. માટે સંયમ રૂપી ધાન્યને શુદ્ધ ક્રિયા વડે અને ઉદ્યમ વડે સાચવીએ, તો તેનું મોક્ષ અને સ્વર્ગ રૂપી ફળ અવશ્ય મળે છે. ૧૫૭

અવતરણ:—હવે ૭૬ મું વિહાર દ્વાર કહે છે:—

॥ स्रग्धरावृत्तम् ॥

२ ३ ४ ५ ६ १
धस्रे शीतोष्णकाले प्रथमवयसि तत्कर्म कुर्वीत विद्वान्,
७ ८ १० ९ १४ १५ १२ ११ १३ १७ १६
येनान्ते स्यात्सुखीतो वयमपि तदिहाऽवेत्य कुर्मो विहारम्।
२० २१ २२ २३
नानार्हत्तीर्थयात्रा श्रुतधरनमनं संशयान्तः श्रुताय:,
२४ २५ २६ १८ १९
शुद्धान्नोपध्यवाप्तिः प्रवचनमहिमा मूढबोधाद्यतो यत् ॥ १५८

વિદ્વાન દિવસે ને શિયાળે તિમ ઉન્હાળે તે કરે,
જે કાર્યથી રાતેજ વર્ષાકાલ છેલ્લી ઉમ્મરે;
અનુક્રમે સુખને લહે એથી અમે આ
સ્થાનથી,
કરીએ વિહાર સુતીર્થયાત્રા લાભ હોય વિહારથી. ૧
નમન શ્રુતધરને વિનાશે સંશયો શ્રુત નવું મળે,
આહાર ઉપધિ શુદ્ધ મળતી દેશના સુણવા મળે;
મૂઢ જનને તેહથી શાસનતણી સુપ્રભાવના,
મુનિ વિહારે લાભ એવા સેવજો તે સજ્જના? ૨

શ્લોકાર્થ:—વિદ્વાન માણુસે દિવસે, શિયાળામાં અને ઉનાળામાં, તેમજ પ્હેલી વયમાં તે કાર્ય કરવું જોઈએ જેથી અન્તે પોતે સુખી થાય. તેજ કારણથી અહીં અમે પણ તે લાભને જાણીને અહીંથી વિહાર કરીએ છીએ. કારણ કે તેથી ૧. જુદા જુદા અરિહંતના તીર્થોની યાત્રા થાય, ૨. સિદ્ધાન્તના જાણકાર એવા ગુરૂ વગેરેને નમસ્કાર થાય, ૩. શાસ્ત્રના સંશયનો નાશ થાય, ૪. શ્રુતજ્ઞાનનો લાભ થાય, ૫. શુદ્ધ અન્ન અને ઉપધિની પ્રાપ્તિ થાય, અને ૬. મૂઢ જનને પ્રતિબોધ કરવાથી જિનશાસનની પ્રભાવના થાય. ૧૫૮

સ્પષ્ટાર્થ:—વિહાર શા માટે કરવો જોઈયે તેનું કારણ જણાવતાં ગ્રંથકાર કહે છે કે વિદ્વાન માણુસે દિવસે, શિયાળામાં, તેમજ પ્હેલી ઉમરમાં એટલે યુવાવસ્થામાં તે કાર્યો કરવાં જોઈએ કે જેથી અનુક્રમે દિવસના અંતે એટલે રાત્રીમાં શીયાળા અને ઉનાળાના અંતે એટલે ચોમાસામાં તથા યુવાવસ્થાને અંતે એટલે વૃદ્ધાવસ્થામાં સુખે રહી શકાય. આવું જાણીને હે ભવ્ય જીવો! અમે પણ અહીંથી વિહાર કરીએ છીએ. કે જેથી ૧. ઋષભાદિક જુદા જુદા અરિહંત ભગવંતોના તીર્થની યાત્રા થાય. ૨. સિદ્ધાન્તના જાણકાર ગુરૂ વગેરેને પ્રણામ થાય. ૩. શાસ્ત્ર ભણતાં થયેલા સંશયનો નાશ થાય, ૪. શ્રુતજ્ઞાનનો લાભ થાય, ૫. શુદ્ધ આહાર તથા ઉપધિનો લાભ થાય. વળી ૬. સંસારના મોહિત જીવોને પ્રતિબોધ પમાડવાથી જિનશાસનનો મહિમા પણ વધે. આ છ પ્રકારના લાભ વિહાર કરવાથી થાય છે. ૧૫૮

અવતરણ:—૭૭ મું કાર્તિક ચાતુર્માસદ્વાર કહે છે:—

( शार्दूलविक्रीडितवृत्तम् )

व्याख्यानाम्बुधरोपदेशसलिलैः सुश्राद्धचेतः सरः-
पूर्तिः कीर्तिनदीततिर्मलरजश्छित्तिश्च यत्राभवत् ।
बालश्रावकभेककेकिपठनस्वाध्यायकोलाहलं,
सत्कृत्यान्नफलाय वो भवतु तद्वर्षाचतुर्मासकम् ॥ १५९

કાર્તિક ચતુર્માસે જિહાં વ્યાખ્યાન ઉત્તમ મેઘના,
ઉપદેશજલથી ચિત્તરૂપ તળાવ પૂરણ શ્રાદ્ધના;
કીર્તિ નદી સુપ્રવાહ વ્હે છે પાપ રજ દૂર થાય છે,
બાલ શ્રાવક દેડકાને મોર શબ્દ સુણાય છે. ૧

શ્રાવકતણા બાલક કરે અભ્યાસ તે શબ્દો અહીં,
સત્કૃત્ય રૂપી ધાન્ય ફલ દેનાર નીવડો તે સહી,
કાર્તિકી ચોમાસાને દાનાદિથી આરાધીએ,
સમતા ક્ષમાદિક ગુણ ધરીને મુક્તિના સુખ
પામીએ. ૨

શ્લોકાર્થઃ—જે કાર્તિક ચોમાસાને વિષે વ્યાખ્યાન રૂપ મેઘના ઉપદેશ રૂપ જલ વડે સુશ્રાવકનું મન રૂપી સરોવર ભરાઈ જાય છે, ને કીર્તિ રૂપી નદીનો પ્રવાહ ચાલે છે, પાપ રૂપી રજનો નાશ થાય છે, વળી જેમાં બાલ શ્રાવકો રૂપી દેડકા અને મોરના પઠન તથા સ્વાધ્યાયનો કોલાહલ

થઈ રહ્યો છે તે કાર્તિક ચોમાસું તમારા સત્કૃત્ય રૂપી ધાન્યના ફલને માટે થાઓ. ૧૫૯

**સ્પષ્ટાર્થ**:-અહીં કાર્તિક ચોમાસાનું વર્ણન કરતાં ગ્રંથકાર જણાવે છે કે જેમ ચોમાસામાં વરસાદ આવવાથી સરોવરો પાણીથી ભરાઈ જાય છે તેવી રીતે કાર્તિક ચોમાસાને વિષે ગુરૂના વ્યાખ્યાન રૂપ મેઘ જાણવો અને તેમાં ઉપદેશ રૂપી જલ જાણવું. તે જલ વડે કરીને સુશ્રાવકના મન રૂપી સરોવરો ભરાય છે. ( છલકાય છે ) અથવા તો આ ઉપદેશ રૂપી પાણીથી સુશ્રાવકોના મન પ્રફુલ્લિત થાય છે. જેમ વર્ષા ઋતુમાં નદીનો પ્રવાહ ચાલે છે તેમ આ વ્યાખ્યાનરૂપ મેઘથી કીર્તિ રૂપી નદીનો પ્રવાહ ચાલે છે. જેમ ચોમાસાના પાણીના પ્રવાહથી ધૂળ વગેરે તણાઈ જાય છે તેમ અહીં વ્યાખ્યાન રૂપી મેઘ વરસવાથી પાપ રૂપી રજનો નાશ થાય છે. જેમ ચોમાસામાં દેડકાના તથા મોરના શબ્દ સંભળાય છે તેમ અહીં બાલ શ્રાવકો રૂપી દેડકા તથા મોરના પઠન એટલે ગોખવું તથા સ્વાધ્યાય એટલે ભણેલું સંભારી જવું તે રૂપી કોલાહલ સંભળાય છે. તથા ચોમાસામાં અંતે ધાન્ય પાકે છે તેમ હે ભવ્ય જીવો ! આ કાર્તિક ચોમાસું તમને સત્કૃત્ય રૂપી અનાજને આપનારૂં નીવડો. આ શ્લોકમાં આષાઢ ચોમાસાની શરૂઆતથી માંડીને ભવ્ય જીવોએ ગુરૂ મહારાજની પાસે જે જે લાભ મેળવ્યા તે સંપૂર્ણ લાભની બીના જણાવી છે. તે વ્યાજબીજ છે. ચોમાસામાં કરેલી ખેતીનો લાભ છેવટે જ મળે છે. ૧૫૯

**અવતરણ**:—હવે કાર્તિક ચાતુર્માસના પારણાનો ઉપદેશ કહે છે:–

( शार्दूलविक्रीडितवृत्तम् )

२ १ ४ ३ ५
चातुर्मासिकमेकपारणदिनं नूनं फलं प्राप्नुयात्,
८ ९ १२ १३ १० ६ ७
नेतु(भर्तु)र्वार्षिकमप्यवाप न कथं श्रेयांस एकाह्यपि।
१३ १५ १४ १६
स्थानस्थाननिखातकोटिविभवः कोटीश्वरः किं भवेत्,
१८ १९ २१ २० २२ १७
कोटिमूल्यमहामणिं करतले किं खेलयन्नापरः ॥ १६०

ચાર માસિક તપ તણું ફલ પારણા દિન પામીએ,
શ્રેયાંસ આદીશને કરાવી પારણું એકજ દિને;
વર્ષનું ફલ પામતો કહેવાય બે કોટીશ્વરા,
ક્રોડ ધનને દાટતા કરમાં ખિલાવે તે નરા. ૧

શ્લોકાર્થ:—એક પારણાનો દિવસ નક્કી ચોમાસાના તપ સંબંધી ફલને પ્રાપ્ત કરે છે, દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે શું શ્રેયાંસકુમારે ઋષભદેવને પારણું કરાવીને વર્ષના તપનું ફલ નથી મેળવ્યું? ઠેકાણે ઠેકાણે ક્રોડ દ્રવ્ય જમીનમાં દાટનાર શું કોટીશ્વર થાય? અને બીજો હથેલીમાં ક્રોડ મૂલ્યના મહામણિને ખેલાવનાર માણસ શું કોટીશ્વર ન કહેવાય? અર્થાત્ બંને જણા કોટીશ્વર કહેવાય છે. ૧૬૦

સ્પષ્ટાર્થ:—આ ચોમાસામાં પણ પારણાનો દિવસ ચારે મહિના સુધી કરેલ તપના ફળને પ્રાપ્ત કરાવે છે. આ બાબતમાં શાસ્ત્રીય દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે શ્રેયાંસકુમારે

પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવ જિનેશ્વરને શેરડીના રસથી પારણું કરાવીને શું વર્ષના તપનું ફલ નથી મેળવ્યું ? અર્થાત્ શ્રેયાંસકુમારે પારણું કરાવીને એક વર્ષ તપનું ફળ મેળવ્યું છે. આ બાબત વ્યાવહારિક ઉદાહરણ આપીને પણ સમજાવે છે કે જેણે ઠેકાણે ઠેકાણે ક્રોડ દ્રવ્ય ભૂમિમાં દાટી રાખ્યું હોય તે ક્રોડાધિપતિ કહેવાય છે, તેમ હાથમાં ક્રોડ દ્રવ્યના મૂલ્યવાળા મહામણિને ખેલાવતો બીજો માણસ શું કોટીશ્વર ન કહેવાય ? અર્થાત્ તે પણ કોટીશ્વર કહેવાય છે. તેવી રીતે પારણાને દિવસે ભાવપૂર્વક પારણું કરાવનાર પણ ચોમાસી તપના ફલને મેળવે તેમાં કાંઈ નવાઈ છે જ નહિ.

આ શ્લોકનું રહસ્ય એ છે કે–તપસ્યા કરનાર ભવ્ય જીવોને તો કર્મનિર્જરાદિ લાભ જરૂર મળે જ છે. પણ તેમના ગુણની અનુમોદના કરીને પરમ ઉલ્લાસથી દાનના પાંચ ભૂષણ સાચવીને જે ભવ્ય જીવો તપસ્વિને પારણું કરાવે, તેમને પણ બહુજ લાભ મળે છે. આજ મુદ્દાથી શ્રદ્ધાળુ ભવ્ય જીવો પર્યુષણાદિક પર્વના પ્રસંગે તપસ્વિઓને પારણું કરાવી જિનનામ કર્મનો બંધ વગેરે અપૂર્વ લાભ મેળવે છે. ૧૬૦

**અવતરણ:**—હવે બે શ્લોકમાં ક્રમસર દાનનો પ્રભાવ જણાવીને ૭૮ મું સંઘની પૂજાને ઉચિત ઉપદેશનું દ્વાર કહે છે:—

( शार्दूलविक्रीडितवृत्तम् )

२ ३ ४ ५
तीर्थेशैर्व्रतधर्मघोषणपुरस्कारात्परामुन्नतिं,
६ १७ ११ १० ९ ८
नीतं यच्च ददाति भूतिमतुलां श्रीशालिभद्रादिवत् ।

१२ १६ १७ १५ १३ १४ १८
तन्निःसत्त्वतिरस्क्रिया लघु कलौ दानं त्वयोल्लासितं,
२१ २२ २० १९ २४ २३ २७ २५ २८ २६
कैः कैर्भद्र ? पुनः फलिष्यति फलैस्तत्ते जिनो वेत्ति यत् १६१

તીર્થંકરોએ વ્રતતણી ને ધર્મ કેરી દેશના,
દેતાં કહ્યું જે મુખ્ય તિમ શ્રી શાલભદ્રાદિકતણા;
દૃષ્ટાંતથી જે અતુલ લક્ષ્મી આપતું દેનારને,
તે દાન દીધું પરિહરી તેં આજ કંજુસાઈને. ૧

આપશે ઉત્તમ ફલો કેવા તને તે જાણતા,
જિનરાજ શીલ તપ ભાવનાને દાન પણ આરાધતા;
શ્રીસંઘ કેરી પૂજના ભવિ જીવ પુણ્યે પામતા,
વસ્તુપાલાદિક પરે બહુ લાભ ઉન્નતિ સાધતા. ૨

શ્લોકાર્થ:—તીર્થંકરોએ જે દાનને વ્રત અને ધર્મની દેશના દેતાં મુખ્ય જણાવીને મ્હોટી ઉન્નતિને પમાડાયું છે અને જે શ્રીશાલિભદ્ર વગેરેની જેમ અપૂર્વ આબાદીને આપે છે તે દાન કલિયુગમાં કંજુસાઇનો તિરસ્કાર કરીને તેં જલદી પ્રકાશિત કર્યું (દીધું) છે. તેથી હે ભદ્ર! તે દાન કયા કયા ફલો વડે તને ફળશે તે (વાત) તો શ્રીજિનેશ્વર દેવ જાણે છે. ૧૬૧

સ્પષ્ટાર્થ:—જે દાનને તીર્થંકરોએ વ્રત અને ધર્મની દેશના દેતાં મુખ્ય કહ્યું છે. કારણ કે વ્રતને વિષે પહેલું અહિંસા વ્રત કહ્યું તેથી તેમાં અભયદાન વગેરેની મુખ્યતા

છે, કારણ કે સર્વ જીવોને અભયદાન આપવાથી અહિંસા વ્રતનું પાલન થાય છે. વળી દાન, શીલ, તપ અને ભાવ એમ ચાર પ્રકારના ધર્મને વિષે પણ પહેલો દાન ધર્મ કહ્યો છે તેથી ધર્મમાં પણ દાનની મુખ્યતા તીર્થંકરોએ કહી છે. વળી જે દાન શાલિભદ્ર વગેરેના દૃષ્ટાંતે અપૂર્વ આબાદીને આપે છે. કારણ કે શાલિભદ્રના જીવે પૂર્વ ભવમાં સાધુને ખીરનું દાન આપ્યું હતું તે દાનના પ્રભાવથી તેમને શાલિભદ્રના ભવમાં અપૂર્વ ઋદ્ધિની પ્રાપ્તિ થઈ. એવી રીતે બીજા પણ દાનના દૃષ્ટાંતો બીજા ગ્રંથોમાં જણાવ્યા છે. આવા પ્રકારનું દાન હે ભદ્ર! આ કલિયુગમાં તેં કંજુસાઈનો તિરસ્કાર કરીને ઉદાર ભાવથી દીધું છે તેથી તે દાનનું તને શું શું અપૂર્વ ફળ મળશે તે તો કેવલી ભગવાનજ જાણે છે. એટલે આ દાનથી તને શા શા ઉત્તમ લાભ થશે તે કેવલી શ્રી જિનેશ્વરદેવ સિવાય બીજું કોઈ જાણી શકે નહી. ૧૬૧

**અવતરણ:**—ચાલુ પ્રસંગે શ્રી સંઘ પૂજાનો પ્રભાવ જણાવે છે:—

( शार्दूलविक्रीडितवृत्तम् )

७ ४ २ ३ १ ५ ६
मान्यस्तीर्थपतेः परिग्रह इव क्ष्मापस्य सङ्घो ध्रुवं,
१३ ८ ९ १२ १० ११
धन्यो यस्य गृहाङ्गणं स चरणाम्भोजैः पुनीतेतराम् ।
१६ १७ १५ १४ १७ १८ १९ २२ २०  २१
किं ब्रूमः फलमस्य तद्वरतवद्योऽर्चत्यमुं संमदात्,
२५ २३ २४ २६ २९ २८ २७
श्रीरप्यस्य गृहे स्थिरा प्रतिभुवः श्रीजैनपादा इमे ॥ १६२

માન્ય છે જિમ ભુપને મંત્રીશ આદિક તિમ
અહીં,
તીર્થપતિને માન્ય છે શ્રીસંઘ જસ ઘરના સહી;
આંગણે આવેજ તે જન ધન્ય પૂજન ફલ ઘણું,
ભરતચક્રી તણી પરે પૂજન કરે જે સંઘનું. ૧
તેના ઘરે નિશ્ચલ બની લક્ષ્મી ઘણી કાયમ રહે,
પ્રભુચરણ છે સાક્ષી તેમાં ધન્ય ક્ષણ એવા લહે;
રત્નખાણ સમાન સંઘે જીવ જિનના બહુ વસે,
કેવલ ગણધર તણા શ્રુતપૂર્વી આદિકના વસે. ૨

શ્લોકાર્થ:—જેમ રાજાને મંત્રી વગેરે પરિવાર માન્ય છે તેમ શ્રીતીર્થંકરને પણ સંઘ નિશ્ચે માનવા લાયક છે, માટે તે સંઘ જે ભવ્ય જીવના ઘરનું આંગણું પોતાના ચરણ કમલ વડે પવિત્ર કરે છે તે જીવ ધન્ય જાણવો. તેથી સંઘની પૂજા કરનાર જીવને (અપૂર્વ) ફલ અમે શું કહીએ? માટે શ્રીભરત ચક્રવર્તીની જેમ જે આ સંઘની હર્ષથી પૂજા કરે છે તેના ઘરને વિષે લક્ષ્મી સ્થિર થઈને રહે છે તેમાં આ શ્રીજિનેશ્વર દેવ સાક્ષી રૂપ છે. ૧૬૨

સ્પષ્ટાર્થ:—શ્રીસંઘની પૂજ્યતા જણાવતાં ગ્રંથકાર કહે છે કે જેવી રીતે રાજાને તેના મંત્રી વગેરે માનવા લાયક છે તેમ શ્રી તીર્થંકરને પણ સંઘ નિશ્ચે માનવા લાયક છે. માટે જ કહ્યું છે કે આ શ્રીસંઘ જે પુરૂષના ઘરનું આંગણું પોતાના ચરણ કમલ વડે પવિત્ર કરે છે એટલે જેના ઘેર સંઘના પગલાં થાય છે તે પુરૂષ ધન્ય છે. આવા

શ્રીસંઘની ભક્તિ કરનારને શું અપૂર્વ ફલ મળે ? તે તો અમે કેવી રીતે કહી શકીએ ? અથવા સંઘની પૂજા કરનાર ભવ્ય જીવને મળતાં અપૂર્વ ઉત્તમ ફળનું વર્ણન અમારા જેવા છદ્મસ્થ જીવો કરી શકે જ નહિ. માટે શ્રીભરત ચક્રવર્તીની પેઠે જે શ્રીસંઘની ભકિત કરે છે એટલે તેમનું બહુમાન ભક્તિ આદર સત્કાર વગેરે કરે છે તેના ઘેર લક્ષ્મી સ્થિર થઈને રહે છે. આ બાબતમાં તે જિનેશ્વર દેવો પોતે જ સાક્ષી રૂપ છે. આ બાબતમાં વિશેષ બીના મેં શ્રીસંવેગમાલામાં વિસ્તારથી જણાવી છે. ૧૬૨

અવતરણ:—હવે બે શ્લોકમાં ૭૯ મું ફાગણ ચોમાસાને યોગ્ય ઉપદેશનું દ્વાર કહે છે:—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

७ ५ ४ ६ १ २ ३
नीत्वा क्षेत्रे पवित्रे घनसमयममी संयता राजहंसा–
८ ९ १० १२ १८ १९
स्तत्तत्स्थाने विजह्रुः सुकृतिभिरनिशं जाड्यशीतं च
२०
भिन्नम् ।
१३ १४ १५ १६
शीलक्षौमैस्तपोऽग्निव्रतनियमगृहैर्भावनागन्धतैलै–
११ १७ २२ २१ २३ २४
र्यत्राचार्यार्कगोभिर्हिमसमयचतुर्मासिकं तन्मुदे स्तात् ॥ १६३

સાધુ રૂપી રાજહંસ સુક્ષેત્ર ચોમાસું રહી,
શીતકાલ તે તે સ્થાન વિચરે પુણ્યવંત નરા સહી;

શીલ વસ્ત્ર તપ અનલથી વ્રત નિયમ ઘરથી અને,
ભાવના શુભ તેલથી આચાર્ય રવિ તેજે અને. ૧

અજ્ઞાન ઠંડી દૂર કરે ચોમાસું ફાગણ માસનું,
તમને બનો આનંદ દાયક જેહ કારણ પુણ્યનું;
વસ્ત્રાદિ કારણ પાંચ હરતા શીતને જલ્દી અહીં,
શીલાદિ કારણ પાંચ પણ અજ્ઞાનને હરતા સહી. ૨

શ્લોકાર્થઃ—આ સાધુ રૂપ રાજહંસો પવિત્ર ક્ષેત્રમાં વર્ષાઋતુને ગાળીને તે તે સ્થાનમાં વિચર્યા કે જ્યાં પુણ્યવંત એવા તેઓએ શીલ રૂપી વસ્ત્રો વડે, તપ રૂપી અગ્નિ વડે, વ્રત અને નિયમ રૂપી ઘર વડે, ભાવના રૂપી સુગન્ધિદાર તેલ વડે અને આચાર્ય રૂપી સૂર્યના કીરણો વડે દરરોજ જડતા (અજ્ઞાન) રૂપી ટાઢ દૂર કરી, તે ફાગણ ચોમાસું તમને આનંદને માટે થાઓ. ૧૬૩

સ્પષ્ટાર્થઃ—હવે સાધુઓને રાજહંસોની સાથે સરખાવતાં ફાગણ ચોમાસું તેઓએ શી રીતે પસાર કર્યું? તે બીના જણાવતાં ગ્રંથકાર કહે છે કે પવિત્ર ક્ષેત્રમાં વર્ષાઋતુ ગાળ્યા પછી તે સાધુઓએ તે તે સ્થાનોમાં વિહાર કર્યો કે જ્યાં વિહાર કરતાં તેઓએ પોતાની અને બીજા ભવ્ય જીવોની જડતા એટલે અજ્ઞાન રૂપી ટાઢને દૂર કરી. અજ્ઞાન રૂપી ટાઢનું નિવારણ કેવી રીતે કર્યું તે જણાવે છે. વસ્ત્રોથી ટાઢનું નિવારણ થાય છે તેથી તેમણે શીલ રૂપી વસ્ત્રો ધારણ કર્યાં. અગ્નિથી ટાઢ દૂર થાય છે તેથી તે સાધુઓએ તપ રૂપી

અગ્નિથી ટાઢ દૂર કરી. ઘરમાં રહેવાથી ટાઢ દૂર થાય છે તેથી તેમણે વ્રત અને નિયમ રૂપી ઘરમાં નિવાસ કર્યો. તેલના મર્દનથી ટાઢની અસર ઓછી થાય છે. તેથી તેમણે સારી ભાવના રૂપી સુગંધિદાર તેલનું મર્દન કર્યું, સૂર્યનાં કીરણો વડે ટાઢ દૂર થાય છે, તેથી તેમણે આચાર્ય રૂપી સૂર્યની વાણી રૂપી કીરણોનું નિરંતર સેવન કર્યું ને ટાઢ દૂર કરી. આ પ્રમાણે તેમણે પોતાની અજ્ઞાન રૂપી ટાઢ દૂર કરીને ફાગણ ચોમાસું પુરૂં કર્યું. તે ફાગણ ચોમાસું સર્વેને આનંદ આપનારૂં થાઓ. ૧૬૩

**અવતરણ**:—એજ ફાગણ ચોમાસાની બીના વિસ્તારથી બીજી રીતે સમજાવે છે:—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

१ २ ३ ४ ५ ६
चातुर्मासिकपर्वसंभवतपो वह्नेस्तदावश्यक-
७ ८ ९ १० ११ १२ १३
भ्रश्यत्कर्मदलोच्छ्रितच्छगणकस्तोमेऽत्र भस्मीकृते ।
१४ १५ १६ १७
प्रातर्वन्दनके मुखांशुकविधिव्याजाद्विकीर्णे सति,
१८ १९ २० २३ २४ २१ २२
धन्योऽर्हद्गुणफाल्गुनो गतरजाः स्यादागमाम्भःप्लवात् १६४

ચોમાસી પર્વ વિષે થયેલા છટ્ઠ તપ રૂપ અગ્નિમાં,
ચોમાસી પ્રતિક્રમણે પડંતા કર્મ છાંણાં ઘડીકમાં;
રાખ હોવે તેહની તે વાંદણેજ પ્રભાતના,
મુહપત્તિના ચલને ઉડંતી સ્નાનથી શ્રુતજલ તણા. ૧

અરિહંતના ગુણ રૂપ ઉત્તમ માસ ફાગણ નિર્મલો,
હોય તસ આરાધનામાં ભાવ રાખો ઉજ્વલો;
પર્વ કરણી પાપહરણી ભાગ્ય કમલ વિકાસિની,
પુણ્યવંતા સાધજો નિત સાધના એ પર્વની. ૨

શ્લોકાર્થ:—ચોમાસી પર્વથી ઉત્પન્ન થએલા તપરૂપ અગ્નિની અંદર તે ( ચાતુર્માસના ) પર્વના પ્રતિક્રમણ વડે પડતાં કર્મનાં દલરૂપ ઉછલતાં છાણાંનો સમૂહ ભસ્મ થયે છતે અરિહંતના ગુણ રૂપ ધન્ય એવો ફાલ્ગુન માસ આગમ રૂપ જલના સ્નાનથી પાપ રૂપ રજ રહિત થાય છે. ૧૬૪

સ્પષ્ટાર્થ:—અરિહંત પ્રભુના ગુણ રૂપી ફાગણ માસ સિદ્ધાન્ત રૂપી પાણીમાં સ્નાન કરવાથી કર્મ રૂપ રજથી રહિત થાય છે તે જણાવતાં ગ્રંથકાર કહે છે કે ચોમાસી પર્વમાં કરેલા છટ્ઠ તપ રૂપી અગ્નિની અંદર ચોમાસી પર્વના પ્રતિક્રમણ કરવાથી પડતાં ( ઉદયમાં આવીને ભોગવાઈ જતાં ) એવાં કર્મના દલિયાં રૂપી ઉછળતાં છાણાંનો સમૂહ ભસ્મ ( રાખ ) થઈ જાય છે. ભસ્મ થઈ ગએલ તે કર્મરૂપી દલિયાં પ્રાત:કાલમાં કરવામાં આવતાં વન્દનને વિષે મુહપત્તિ પલેવવાના બ્હાને એટલે મુખવસ્ત્રિકાના પડિલેહણથી ચારે તરફ ઉડી ગયે છતે એટલે ચાતુર્માસિક તપના પ્રભાવથી ઘણાં કર્મદલિયાની નિર્જરા થઈ જવાથી અરિહંતના ગુણરૂપી વખાણવા લાયક એવો આ ફાલ્ગુન માસ ( એટલે ફાલ્ગુન માસમાં તપ કરનારો આત્મા ) આગમ રૂપ જલના સ્નાનથી ( આગમના અભ્યાસ તથા શ્રવણાદિથી ) પાપ રહિત થાય છે. ૧૬૪

અવતરણ:—હવે ૮૦ મું કલ્યાણકના દિવસના વર્ણનવાળું દ્વાર કહે છે:—

( उपजातिवृत्तम् )

४ ३ १ २ ५
स्पर्द्धा महत्सु नरवाक् शुकवत् क्लमाय,
११ ६ ९ १० ८ ७
सत्यं पुनः पदमुपैति जनः समर्थः ।
१३ १२ १४
मर्त्या हि पंचमगुणस्थितिमुक्तियोग्याः,
१७ १५ १६ १९ १८
श्राद्धेषु तज्जिनमहेऽनुचितेन्द्रताऽपि ॥ १६५

**મોટા તણી સાથેજ સ્પર્ધા ખેદ દેનારી બને,**
**મનુષ્યવાણી જેમ શુકને પદ મળેજ સમર્થને;**
**ઇંદ્ર ચોથે પાંચમે ગુણ સ્થાનકે સ્થિતિ શ્રાદ્ધની,**
**તેજ કારણ ઇંદ્રતા ના યોગ્ય જાણો શ્રાદ્ધની.૧૬૫**

શ્લોકાર્થ:—જેમ મનુષ્યની ભાષા પોપટને શ્રમ માટે થાય છે તેમ મોટા પુરૂષોની સાથે સ્પર્ધા (હોડ) શ્રમને માટે (થકવનારી) થાય છે. એ વાત સાચી છે કે સમર્થ માણસ યોગ્ય સ્થાનને પામે છે. કારણ કે મનુષ્યો પાંચમા ગુણસ્થાનકને યોગ્ય અને મોક્ષે જવાને લાયક હોય છે, તે કારણથી જિનેશ્વરના કલ્યાણકને વિષે શ્રાવકોનું ઇન્દ્રપણું વ્યાજબી નથી. ૧૬૫

સ્પષ્ટાર્થ:—મનુષ્યની ભાષા પોપટને શ્રમ માટે થાય

છે. અથવા પોપટને મનુષ્યની ભાષા શીખડાવવામાં આવે તો તે ઘણી મહેનતે પણ કાંઇક કાંઇક મનુષ્યની ભાષા બોલી શકે છે. પરંતુ મનુષ્યના જેવું પૂરેપૂરૂં બોલી શકતો નથી. તેવી રીતે મોટા પુરૂષોની સાથે સ્પર્ધા (અહંકાર; હોડ) કરવી તે પણ થકવનારી (ખેદ ઉપજાવનારી) થાય છે. એ વાત સાચી છે કે સમર્થ માણસ યોગ્ય સ્થાનને પામે છે. તેથી ઉત્કૃષ્ટથી દેશવિરતિ હોય તો પાંચમા ગુણસ્થાનકે વર્તનારા કહેવાય, તેમજ તેઓ મોક્ષે જવાની યોગ્યતાવાળા પણ છે. કારણ કે વ્રતધારી શ્રાવકોને પાંચમું દેશવિરતિ નામે ગુણસ્થાનક હોય છે. તેમજ આ મનુષ્ય ભવ પામીનેજ મોક્ષે જઈ શકાય છે તે કારણથી જિનેશ્વરના કલ્યાણકને વિષે શ્રાવકોને ઇન્દ્ર જેવા માનવા, તે વ્યાજબી નથી. સમજવું જોઇયે કે–દેવતાઓને ઉત્કૃષ્ટથી પણ શરૂઆતના મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનક વગેરે ચાર જ ગુણસ્થાનક હોય છે અને શ્રાવકને તો દેશવિરતિની અપેક્ષાએ પાંચમું ગુણસ્થાનક પણ હોય છે તે પાંચમું ગુણસ્થાનક ચોથા ગુણસ્થાનકથી અનંતગુણ વધતી વિશુદ્ધિવાળું છે. આ રીતે શ્રાવકપણામાં અને ઇંદ્રપણામાં ફરક સમજવો. ૧૬૫

**અવતરણઃ**—જે કલ્યાણકનો દિવસ હોય તે શ્રેષ્ઠ છે એટલું જ નહિ પરંતુ દરેક વર્ષનો તે દિવસ પણ શ્રેષ્ઠ માનવો જોઈયે, તે જણાવે છે—

**( वसंततिलकावृत्तम् )**

४ १ ३ २ ६
**कल्याणकं च दिवसे धुरि यत्र सोऽति–**
७ १० ११ १२ ८ ९ १४
**श्रेष्ठः स एव दिवसः पुनरागतोऽप्यः ।**

२०
श्रीवीरमोक्षदिवसोद्भवदीपपर्व,
१९ १४ १६ १७ १८ १५
यद्वत्ततः सुकृतिनोऽत्र महोऽनुवर्षम् ॥ १६६

શ્રીવીરના નિર્વાણથી ઉત્પન્ન દીવાળી પરે,
જે દિને જિનરાજનું છે મુખ્ય કલ્યાણક ખરે;
તેજ ઉત્તમ દિન મળ્યો આજેજ તમને પુણ્યથી,
વર્ષે દરેક કરંત ઓચ્છવ પુણ્યવંતા રંગથી.૧૬૬

**શ્લોકાર્થ:**—વળી જે દિવસે જિનેશ્વરોના કલ્યાણક થયા હોય તે દિવસ અતિ શ્રેષ્ઠ ગણાય છે. ફરીથી આવેલો તે દિવસ પણ ઉત્તમ જ માનવો જોઈએ. તેથી પુણ્યવંત જીવોને આને ઉદ્દેશીને દર વર્ષે પર્વ (આનંદ, આરાધના) હોય છે; જેમ શ્રી વીર પ્રભુના મોક્ષ દિવસથી ઉત્પન્ન થએલ દીવાળી પર્વ દર વર્ષે મહોત્સવકારી પર્વ તરીકે ગણાય છે. ૧૬૬

**સ્પષ્ટાર્થ:**—જે દિવસે જિનેશ્વરનું કલ્યાણક થયું હોય તે દિવસ ઘણો શ્રેષ્ઠ ગણાય છે. જિનેશ્વરનાં પાંચ કલ્યાણકો કહ્યાં છે. તેના નામ ૧ ચ્યવન કલ્યાણક, ૨ જન્મ કલ્યાણક, ૩ દીક્ષા કલ્યાણક, ૪ કેવલજ્ઞાન કલ્યાણક અને પાંચમું મોક્ષ કલ્યાણક. એ પ્રમાણે એક એક જિનનાં પાંચ કલ્યાણક હોય છે, તેમાંનું જે જે તીર્થંકરને આશ્રીને જે જે દિવસે કલ્યાણક થયું હોય તે કલ્યાણકનો મૂળ દિવસ તો ઘણો જ પવિત્ર ગણાય છે, કારણ કે તેવા પ્રસંગવાળો દિવસ અમુક ટાઈમે જ આવે છે. વારંવાર આવતો નથી. તે પ્રમાણે દર વર્ષે ફરીથી

આવે તો તે દિવસ ( તિથિ ) પણ ઉત્તમ જ છે, કારણ કે તે દિવસ પણ શ્રીજિનેશ્વરના કલ્યાણકના મૂળ દિવસની યાદગીરીનું કારણ થાય છે. જેમ શ્રીવીર પ્રભુના મોક્ષ કલ્યાણકના દિવસથી ઉત્પન્ન થએલ દીવાલી પર્વ ( આસો વદ અમાસનો દિવસ ) દર વર્ષે દીવાલી તરીકે ઉજવાય છે; તેથીજ દર વર્ષે આવતો તે તે કલ્યાણકનો દિવસ પુણ્યવંત પુરૂષો પર્વ રૂપ જ ગણે છે. અથવા પુણ્યવંત પુરૂષો તે દિવસને પર્વ તરીકે ગણીને તપશ્ચર્યાદિ કરવા દ્વારા આરાધે. ૧૬૬

અવતરણ:—એજ વાતને દૃષ્ટાન્ત આપીને સમજાવે છે:—

( वसंततिलकावृत्तम् )

२ ३ १ ४ ५
देवैर्जिनस्य यदि जन्ममहादि चक्रे,
११ ८ १० १२ ७ ६
न श्रावकैरनुकृतिः क्रियतां तदेषाम् ।
१४ १५ १६
स्वःशक्रदन्तिमदतुंबुरुगानरम्भा—
१७ १३ १९ २१ २० १८ २२
नृत्यादि चेद्भुवि न कोऽपि ततः करोतु ॥ १६७

જન્મ ઓચ્છવ આદિ કરતા જેમ દેવો તેહની,
પેરે કરે શ્રાવક સદા જિમ સ્વર્ગ માંહે ઇંદ્રની;
અપ્સરાનું નૃત્ય તુંબરૂ ગાન ઐરાવણ કરી,
તેમ અહીં પણ નૃત્ય આદિક જરૂર હોય ફરી ફરી.૧૬૭

શ્લોકાર્થ:—જો દેવોએ જિનેશ્વરના જન્મ મહોત્સવાદિ કર્યા હતા, તો શ્રાવકોએ તેમનું અનુકરણ (તે પ્રમાણે) ન કરવું જોઈએ? અર્થાત્ જરૂર કરવું જોઈયે. જેમ સ્વર્ગમાં અરાવત હાથીનો મદ, તુંબરૂનું ગાન અને રંભાનું નૃત્ય વગેરે છે તો પછી પૃથ્વી ઉપર મદ, ગાન અને નૃત્યાદિ શું કોઈ ન કરે? અર્થાત્ કરે જ. ૧૬૭

સ્પષ્ટાર્થ:—અહીં ગ્રંથકાર કહે છે કે જે એકે સારૂં કામ કર્યું હોય તેનું બીજાએ અનુકરણ કેમ ન કરવું? અથવા જે શુભ કાર્ય હોય તેનું કરેલું અનુકરણ પણ સારૂં જ ગણાય છે, તેથી જણાવે છે કે જો ઇન્દ્રો સહિત દેવોએ જિનેશ્વરના જન્મ મહોત્સવ વગેરે કર્યા હતા તો શ્રાવકોએ પણ તે કેમ ન કરવા? અર્થાત્ જિનેશ્વરના આ જન્મ કલ્યાણકાદિના ઉત્સવ શુભ હોવાથી શ્રાવકોએ પણ તેનું અનુકરણ કરવું, તે લાભદાયી છે. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે જો સ્વર્ગમાં ઐરાવત હાથીનો મદ, ગાન અને નૃત્યાદિ છે તો પછી આ પૃથ્વી ઉપર કોઈએ મદ, ગાન અને નૃત્યાદિ ન કરવાં? અથવા આ લોકમાં પણ તે તે કાર્યો કરવામાં કાંઈ વાંધો છેજ નહિ. (આ લોકમાં પણ તે કાર્ય કરી શકાય છે) તાત્પર્ય એ કે દેવોની જેમ શ્રાવકોએ પણ જિનેશ્વરના જન્મ કલ્યાણાદિકના મહોત્સવ જરૂર કરવા જોઈયે. તેથી સમ્યગ્દર્શનાદિ ગુણોની નિર્મલતા અને શ્રી જિનશાસનની અપૂર્વ પ્રભાવના થાય છે. ૧૬૭

અવતરણ:—હવે બે શ્લોકમાં ૮૧ મું મહાપૂજાના સ્વરૂપનું દ્વાર કહે છે:—

( वसंततिलकावृत्तम् )

૪ ૨ ૩ ૧
जैनाचर्याऽपि नवभिः कुसुमैरशोक–
૫ ૭ ૬
उच्चोच्चसंपदभवन्नवसेवधीशः ।
૧૦ ૮ ૧૧ ૧૩ ૧૪ ૧૫
लक्षार्चनेन तु फलं जिन एव वेत्ति,
૯ ૧૨
सद्भूस्थकालघनसिक्तसुबीजवत्तत् ॥ १६८

**નવ પુષ્પથી જિન પૂજતા માળી અશોક બહુ લહી,**
**સંપત્તિ અંતે થાય સ્વામી નવનિધાન તણો અહીં;**
**લક્ષ ધન ખરચી કરેલી પૂજના અતિ ફલ દીયે,**
**જેહ જાણે કેવલી જલસિક્ત ભૂ બીજ જિમ દીયે. ૧૬૮**

**શ્લોકાર્થ**:—અશોક નામનો માલી નવ ફૂલ વડે જિનેશ્વરની પૂજા કરવાથી અધિક અધિક લક્ષ્મીવાળો થઈ નવ નિધાનનો સ્વામી થયો. તો પછી લક્ષ દ્રવ્ય વડે પૂજા કરવાથી જે ફલ થાય તે તો કેવલી જાણે છે. જેમ સારી ભૂમિમાં રહેલું અને યોગ્ય કાલે મેઘથી સિંચાએલું ઉત્તમ બીજ ફૂળ આપે તેમ અહીં સમજવું. ૧૬૮

**સ્પષ્ટાર્થ**:—થોડા દ્રવ્યથી કરેલી જિનેશ્વરની પૂજા પણ અનેક ગણું ફળ આપે છે, વગેરે બીના જણાવતાં ગ્રંથકાર કહે છે કે અશોક નામના માલીએ નવ ફૂલો વડે જિનેશ્વરની પૂજા કરી તેના પ્રભાવથી અધિક અધિક સંપત્તિ મેળવતાં

મેળવતાં છેવટે નવ નિધાનનો સ્વામી થયો. ફક્ત નવ ફૂલોની પૂજાથી પણ નવ નિધાનની પ્રાપ્તિ થઇ તો પછી વિચાર કરો કે જે માણસ એક લાખ દ્રવ્યનો ખરચ કરીને શ્રીજિનરાજની પૂજા કરે છે તેને કેટલું ફળ મળે. તે તો શ્રી જિનરાજજ જાણે છે અથવા તેનું પુષ્કળ ફળ છદ્મસ્થ જીવો જાણી શકતા નથી. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે જેમ ખેતી કરવા લાયક ઉત્તમ ભૂમિ હોય. અને યોગ્ય વખતસર વરસાદ વરસતો હોય અને તેને વિષે ઉત્તમ જાતિનું બીજ વાવ્યું હોય તો તેમાંથી અનેકગણું ફળ મળેજ છે, તેવી રીતે લાખ દ્રવ્ય ખરચીને ભાવપૂર્વક શ્રીજિનેશ્વરદેવની પૂજા કરનાર ભવ્ય જીવોને પણ અનેક ગણું ફળ મળે તેમાં લગાર પણ આશ્ચર્ય નથી. ૧૬૮

અવતરણ:—જિનેશ્વરની પૂજાનું આશ્ચર્યકારી ફળ શાથી મળે તે જણાવે છે:—

( वसंततिलकावृत्तम् )

५ ७ ६ ८
आश्चर्यकारि फलमप्यतुलं प्रदास्य-
३ ३ २ ४
त्याश्चर्यभंगिभिरियं विहिता जिनार्चा ।
११ ९ १० १२ १३ १७
कार्यं हि कारणगुणेन भवेत्तु चित्रं,
१५ १४ १६
पुष्पैरिमैस्त्रिदशवृक्षफलप्रसूतिः ॥ १६९

આશ્ચર્યને ઉપજાવનારી શ્રેષ્ઠ રચના સાધને,
સાધેલ પૂજા તેહવું ફલ અતુલ દેશે કારણે;

**કાર્ય હોવે કલ્પતરૂ ફલ હોય પાર્થિવ પુષ્પથી,**
**ચિત્ર અહિંયા તેજ કીંમત ભાવની ખોટું નથી. ૧૬૯**

**શ્લોકાર્થ:**—આશ્ચર્યકારક રચના (આંગી) વડે કરેલી જિનેશ્વરની આ પૂજા ફલ પણ આશ્ચર્યકારક અને અતુલ આપે છે. કારણ કે કારણ ગુણ વડે (જેવું કારણ હોય તેવું) નિશ્ચે કાર્ય થાય છે. પરંતુ આ પૃથ્વીમાં ઉપજેલા પુષ્પો વડે પણ કલ્પવૃક્ષના ફલની ઉત્પત્તિ થાય છે તે આશ્ચર્ય છે. ૧૬૯

**સ્પષ્ટાર્થ:**—જિનેશ્વરની પુજા આશ્ચર્યકારક ફળ આપે છે તે જણાવતાં ગ્રંથકાર કહે છે કે આશ્ચર્યકારક રચના વડે કરેલી આ જિનેશ્વરની પૂજા આશ્ચર્ય ઉપજાવનાર અને અતુલ એટલે અનુપમ સમૃદ્ધિ વગેરે ફલ આપે છે તે આશ્ચર્ય કારક નથી. કારણ કે જેવું કારણ હોય, તેવું કાર્ય નિશ્ચે ઉત્પન્ન થાય છે માટે તેમાં કાંઇ આશ્ચર્ય નથી. પરંતુ અહીં જે આશ્ચર્ય છે તે એ છે કે આ પૃથ્વીથી ઉત્પન્ન થએલા ફૂલો વડે જિનેશ્વરની પૂજા કરવાથી કલ્પ વૃક્ષ જેવાં ફલ આપે છે તેવાં ફૂલ મળે છે માટે આશ્ચર્ય છે. ૧૬૯

**અવતરણ:**—હવે બે શ્લોકથી ૮૨ મું ચૈત્ય પરિપાટીનું દ્વાર કહે છે:—

(वसंततिलकावृत्तम्)

३ २ ४
अप्येकजैनभवनस्नपनादिना य-
१ ८ ६ ५ ७
द्भावादुपार्जि सुकृतं शिवकृद्भवद्भिः ।

११ १२ ९ १०
स्थानं क्व चैत्यपरिपाटिकयार्जितस्य,
१३ १४ १५ १६
ज्ञातं महस्तुतिकृतां हृदयानि सन्ति ॥ १७०

હે ભવ્ય જીવો! ભાવથી જિનરાજના સ્નાનાદિથી,
મોક્ષદાયક પુણ્ય બાંધ્યું છે તમે બહુ રંગથી;
ચૈત્ય પરિપાટી કરીને મેળવેલા પુણ્યનું,
સ્થાન કયાં? "મન" ઉત્સવ સ્તુતિકાર ભવ્ય
સમૂહનું.૧૭૦

શ્લોકાર્થ:—ભાવ પૂર્વક એક જિનભુવનની (ત્યાંના બિંબોની) સ્નાત્રાદિ પૂજા કરીને જો મોક્ષદાયક પુણ્ય (મોક્ષ) તમે ઉપાર્જન કર્યું તો ચૈત્યપરિપાટીથી મેળવેલા પુણ્યનું સ્થાન કયાં? હા, મેં જાણ્યું મહોત્સવને વિષે સ્તુતિ કરનારાઓનાં હૃદયો તે પુણ્યનાં સ્થાન હોય છે. ૧૭૦

સ્પષ્ટાર્થ—એક જિન ભુવનમાં પણ ભાવપૂર્વક જિન-પ્રતિમાની સ્નાત્રાદિ એટલે સ્નાત્ર વિલેપન પૂજા વગેરે કરીને તમે મોક્ષને દેનાર પુણ્ય ઉપાર્જન કર્યું, તો પછી ચૈત્યપરિપાટી એટલે તે સ્થળમાં આવેલાં સઘળાં ચૈત્યોના બિંબોની પૂજા વગેરે કરવાથી મેળવેલા પુણ્યનું સ્થાન કયાં? તેના પુણ્યનું સ્થાન જણાતું નથી. તેના જવાબમાં જણાવે છે કે હાં વિચાર કરતાં જણાય છે કે તે પુણ્યનું સ્થાન (આધાર) મહોત્સવને વિષે સ્તુતિ કરનારાઓનાં સ્વચ્છ હૃદયો છે. ૧૭૦

અવતરણ:—ચૈત્ય પરિપાટી કરતાં થોડા ધનના ખરચે ઘણા પુણ્યનો લાભ થાય છે, તે વાત જણાવે છે:—

( वसंततिलकावृत्तम् )

१ ६ ३ २ ५ ४
अद्योदियाय सुदिनो भवतां कला वा,
११ ७ ८ ९ १०
जज्ञे यदल्पवसुनापि हि भूरिलाभः ।
१२ १२ १७ १५ १६
चैत्यावलीषु यदुपार्जि शिवाय पुण्यं,
१३ १४
भक्त्या सुलभ्यदलपुष्पफलोपहारैः ॥ १७१

**સુલભ પત્રાદિક થકી જિનમંદિરે કૃતપૂજને,**
**મોક્ષકારક પુણ્ય પામ્યા છો તમે તે કારણે;**
**તમને થયો બહુ લાભ ઓછા દ્રવ્યના ખરચે કરી,**
**આજે ઉગ્યો દિન સુંદરો આજે કલા ખીલી ખરી.૧૭૧**

શ્લોકાર્થ:–આજે તમારો સારો દિવસ ઉગ્યો અથવા વિજ્ઞાન ઉદય પામ્યું, કારણ કે તમને થોડા દ્રવ્ય વડે પણ નિશ્ચે ઘણો મોટો લાભ થયો છે, કારણ કે સહેલાઈથી મેળવી શકાય તેવા પત્ર, પુષ્પ અને ફલોને જૈન ચૈત્ય પરિપાટીમાં ભક્તિપૂર્વક અર્પણ કરીને તમે જે પુણ્ય ઉપાર્જન કર્યું તે મોક્ષને માટે થયું. ૧૭૧

સ્પષ્ટાર્થ:—ચૈત્યપરિપાટી કરતાં દરેક ચૈત્યે પુષ્પાદિક અર્પણ કરવાથી કેવો ઉત્તમ લાભ થાય છે તે જણાવતાં ગ્રંથકાર કહે છે કે હે ભવ્યો! આજે તમારો સારો દિવસ ઉગ્યો છે અથવા ઉત્તમ વિજ્ઞાન ઉદય પામ્યું (પ્રકટ થયું) છે, કારણ કે તમે આજે થોડા દ્રવ્ય વડે (દ્રવ્યના ખરચે) ઘણો

મોટો લાભ મેળવ્યો છે. કેવી રીતે મોટો લાભ મેળવ્યો છે? તે જણાવતાં કહે છે કે સહેલાઇથી અગર મુશીબત ભોગવ્યા સિવાય મેળવી શકાય તેવા પત્ર, પુષ્પ, ફૂલ વગેરેને ચૈત્ય-પરિપાટી કરતાં દરેક દેરાસરમાં ભક્તિ પૂર્વક અર્પણ કરીને જે પુણ્ય તમોએ મેળવ્યું તે મોક્ષને માટે (મોક્ષને દેનારૂં) થયું છે. એટલે પુષ્પ, પત્ર વગેરે થોડા દ્રવ્યનો ખરચ કરવાથી સહેલાઈથી મેળવી શકાય છે ને મોક્ષનું સુખ મેળવવું સહેલું નથી તે છતાં તમોએ ભક્તિ પૂર્વક પત્ર પુષ્પાદિકથી જિન ચૈત્યમાં પ્રભુની પૂજા કરી તેથી ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું કે જે પુણ્યને લીધે તમને મોક્ષનું સુખ પ્રાપ્ત થશે. માટે આવા પ્રકારનો જે ઉત્તમ લાભને પમાડનારો દિવસ તે સારો દિવસ જાણવો. ૧૭૧

**અવતરણ**:—હવે ત્રણ શ્લોકમાં ૮૩ મું 'ઉજમણાનું વર્ણન' નામે દ્વાર કહે છે:—

( इन्द्रवज्रावृत्तम् )

३ ४ १ २ ५
शुद्धं तपः केवलमप्युदारं,
७ ८ ६ १० ९
सोद्यापनस्यास्य पुनः स्तुमः किम् ।
१३ १२ ११ १६ १४
हृद्यं पयो धेनुगुणेन तत्तु,
१५ १७ १८
द्राक्षासिताक्षोदयुतं सुधैव ॥ १७२

**એકલું પણ શુદ્ધ તપ આપેજ ઉત્તમ લાભને,**
**ઉજમણું તેમાં ભળે તો અધિક પામે લાભને;**
**ગાયના ગુણથીજ મીઠું દૂધ પણ તેમાં પડચે;**
**દ્રાક્ષ સાકર નિશ્ચયે તે અમૃત જેવું જાણીયે.૧૭૨**

**શ્લોકાર્થ**:—(જો) એકલું શુદ્ધ તપ પણ બહુ ફળ આપનારૂં છે, તો વળી ઉદ્યાપન સહિત તે તપનું શું વર્ણન કરીએ? ગાયના ગુણને લીધે દૂધ પુષ્ટિકારક છે, તો પછી દ્રાક્ષ અને સાકરના ચૂર્ણ સહિત તે દૂધ અમૃત જ સમજવું. ૧૭૧

**સ્પષ્ટાર્થ**:—હવે તપના ઉજમણાનો મહિમા જણાવતાં કવિરાજ કહે છે કે ઉદ્યાપન વિના પણ કરેલું નિર્દોષ તપ એકલું હોય તો પણ તે ઉદાર એટલે ઘણાં ઉત્તમ ફલને આપે છે, તો પછી ઉદ્યાપન સહિત કરેલા તે તપનું તો શું વર્ણન કરવું? અથવા ઉજમણાં સહિત કરેલું તે તપ ઘણા અધિક ફલને આપે છે. અહીં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે દૂધ ગાયના ગુણને લીધે પુષ્ટિકારક છે અથવા ગાયનું દૂધ એકલું હોય તો પણ તે પુષ્ટિ કરનારૂં થાય છે, તો પછી તેમાં દૂધ દ્રાક્ષ (ધરાખ) અને સાકરનું ચૂર્ણ ભળે એટલે દૂધમાં તે વસ્તુઓ નાખવામાં આવે તો તો ખરેખર અમૃત જેવું જ બને છે, અથવા અધિક પુષ્ટિ કરનારૂં થાય છે, એમ સમજીને ભવ્ય જીવોએ દરેક તપની વચમાં કે અંતે યથાશક્તિ જરૂર ઉજમણું કરવું જોઈએ. ૧૭૨

**અવતરણ**:—ઉદ્યાપનથી તપ વિશેષ શોભાને પામે છે તે જણાવે છે:—

( इन्द्रवज्रावृत्तम् )

२ १ ३
वृक्षो यथा दोहदपूरणेन,
५ ४ ६
कायो यथा सद्रसभोजनेन ।
७ ८ ११
विशेषशोभा लभते यथोक्ते,
१२ १३ ९ १०
सूद्यापने नैव तथा तपोऽपि ॥ १७३

**દોહલા પૂરવા થકી શોભા વિશેષ તરૂ લહે,**
**તન જેમ શુભ રસ ભોજને શોભે ઉજમણાથી કહે;**
**જિનરાજ, તપ પણ દીપતું બહુ શકિતભાવ બિચારતા,**
**ભવ્ય ઉદ્યાપન કરંતા આઠ કર્મ વિણાસતા.૧૭૩**

શ્લોકાર્થઃ—જેમ વૃક્ષ દોહલા પુરાવાથી, અને જેમ કાયા સારા રસવાળા ભોજન વડે (કરવાથી) વિશેષ શોભાને પામે છે તેમ તપ પણ શાસ્ત્રમાં કહેલ વિધિ પ્રમાણે સારા ઉજમણાંથી વિશેષ શોભા પામે છે. ૧૭૩

સ્પષ્ટાર્થઃ—જેવી રીતે વૃક્ષ દોહલા પુરાવાથી વિશેષ શોભા પામે છે એટલે વિશેષ (સારું, પૂર્ણ) ફળ આપે છે, તથા જેમ કાયા સારા રસવાળા પુષ્ટિકારક ખોરાક ખાવાથી વિશેષ શોભા પામે છે એટલે શરીર સુંદર દેખાય છે; તેમ આ તપને વિષે શાસ્ત્રમાં કહેલ વિધિ પ્રમાણે કરેલું સારૂં

ઉજમણું પણ તપને અધિક શોભાવે છે અથવા તપનું વિધિપૂર્વક ઉજમણું કરવાથી શાસનની શોભા વધે છે. તેમજ તેનું વિશેષ અધિક ફળ મલે છે. માટે તપની સાથે શક્તિ પ્રમાણે જરૂર ઉજમણું કરવું જોઈએ. ૧૭૩

**અવતરણ**:—આ તપનું ઉદ્યાપન સિંહના કેસરાના આટોપ જેવું જણાવે છે:—

( इन्द्रवज्रावृत्तम् )

५ २ ३ ४
सिंहस्तपःप्रक्रम एव तावत्,
१
दुःकर्मदन्तावलमण्डलीनाम् ।
६ ७ ८ १०
तदद्य तस्मिन् प्रखरानिवेशो,
९ ११ १३ १२
यद्वत्तदुद्यापनविस्तरोऽयम् ॥ १७४

**સિંહ જેવું તપ હણે દુષ્કર્મ હસ્તિ સમૂહને,**
**આટોપ ઉત્કટ જે ઉજમણું તાસ સમ જાણો અને;**
**પુણ્ય યોગે તપ તણો અવસર લહે ભાવિક જના,**
**ધર્મરસિયા ધનિક કરતા તપ તણી ઉદ્યાપના.૧૭૪**

**શ્લોકાર્થ**:—આઠ કર્મ રુપી હાથીઓની શ્રેણિનો નાશ કરવામાં તપનો પ્રારંભ જ સિંહ સમાન છે તે કારણથી આજે જેમ તેને ( સિંહને )વિષે કેશરાનો આડંબર શોભે છે તેમ (તેવો) આ ઉદ્યાપનનો વિસ્તાર જાણવો. ૧૭૪

સ્પષ્ટાર્થ:—જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય એ આઠ દુષ્ટ કર્મો રૂપી હાથીઓની શ્રેણીનો નાશ કરવાને તપનો આરંભ એજ સિંહ સમાન છે. કારણ કે જેમ સિંહને જોઇને હાથીઓ નાશી જાય છે તેમ જ્યાં આ તપનો આરંભ થાય છે, ત્યાં આઠ કર્મોનો નાશ ( નિર્જરા ) થવા માંડે છે. વળી તે હાથીઓને નસાડવામાં સિંહનો ઉત્કટ કેસરાનો આટોપ અથવા આડંબર કારણ રૂપ છે, તેમ આ આઠ કર્મો રૂપી હાથીઓના સમૂહને નસાડવામાં આ ઉદ્યાપનનો વિસ્તાર પણ જરૂર કારણભુત છે. માટે તપની સાથે ઉજમણું જરૂર કરવું જોઈયે. ૧૭૪

અવતરણ:—હવે ૮૪ મું ધ્વજારોપણ દ્વાર જણાવે છે:—

( शार्दूलविक्रीडितवृत्तम् )

१ २ ३ ४ ५ ६ ७
राज्ञां चारुगुरुन्दरे च तुरगे छत्रे रथे वा वृतौ,
८ ९ १२ १० ११
लोकानां कटसुंडलादिषु मया धौरेयतां बिभ्रता ।
१६ १४ १३ १५ १७ १९
नैतत् क्वापि महत्त्वमापि विलसत्केत्वग्रहस्तो रण—
२१ १८ २० २४ २२ २३
दूघण्टावाग्भिरिति ध्वजस्त्वरयते वो देवताराधने॥ १७५

પ્રાસાદ ઉપરે જિનતણા ધ્વજદંડ દીપે જેહનો,
ઉત્તમ ધ્વજા રૂપ હાથ ભવિને ચેતવે જિનભકિતનો;

લાભ લેવા વાગતી ઘુઘરી તણા શબ્દે કરી,
છત્ર રથ કટ સુંડલા આદિ સ્વરૂપે ફરી ફરી, ૧

જનસેવના બહુ વાર કરતાં જેહ મોટાઈ અહીં,
ધ્વજ દંડ રૂપે મેળવી તેવી ન પામ્યો પણ કહીં;
જિન ભકિતનો અનુભાવ મોટો તે મને આજે
ફળ્યો,
તેથી કરો જિનપૂજના પુણ્યે સમય આવો મળ્યો. ૨

શ્લોકાર્થ:—રાજાના ઘોડા ઉપર ચતુર પુરૂષે ધારણ કરેલા સુંદર અને વિશાલ મધ્ય ભાગવાળા છત્ર ઉપર, રથમાં વાડીમાં તેમજ લોકોના સાદડી તથા સુંડલાદિકમાં મુખ્યપણાને ધારણ કરતા મેં જેવી ઉત્તમ મોટાઇ જિનરાજની આરાધના કરતાં મેળવી, તેવી મોટાઈ મેં બીજે કોઈ ઠેકાણે મેળવી નથી. એ પ્રમાણે જિનેશ્વરના પ્રાસાદ ઉપર રહેલો સ્ફુરાયમાન (ઉડતા) વસ્ત્ર રૂપી શ્રેષ્ઠ હાથવાળો ધ્વજ વાગતી ઘુઘરીઓ રૂપી વાણીવડે (ઘુઘરીના શબ્દથી) જણાવે છે. ૧૭૫

સ્પષ્ટાર્થ:—જિનેશ્વરના પ્રાસાદ ઉપર રહેલી ધજાનું વસ્ત્ર (લુગડું) પવનથી ઉડી રહ્યું છે, તેથી કવિરાજ તેને ધજાના હાથ જેવું માનીને જણાવે છે કે આ ધજા પોતાના ઉડતા વસ્ત્ર રૂપી હાથ વડે લોકોને બોલાવીને વાગતી ઘુઘરીઓના શબ્દ વડે એમ કહે છે કે હે ભવ્ય જીવો ? તમે આ શ્રીજિનેશ્વર દેવની આરાધના જલ્દી કરો. કારણ કે આ પ્રભુની સેવા કરતાં મેં જે સારી મોટાઈ મેળવી છે તે મોટાઇ મેં

રાજાના ઘોડા ઉપર હોંશિયાર પુરૂષે ધારણ કરેલા છત્રમાં કે રથમાં તેમજ વાડી અથવા બગીચામાં તેમજ લોકોના સાફડી અને સુંડલા વગેરેમાં કોઈ પણ ઠેકાણે મેળવી નથી, એમ સમજીને હે ભવ્ય જીવો! તમે પણ આ પ્રભુની ભક્તિ જલ્દી કરી લ્યો, કે જેથી મારી પેઠે તમને પણ સારી મોટાઈ મળે. ૧૭૫

અવતરણ:—એ પ્રમાણે ૮૩ મું દ્વાર કહીને હવે ૮૪ મું અષ્ટ પ્રકારી જિનપૂજાનું દ્વાર કહે છે:—

( शार्दूलविक्रीडितवृत्तम् )

नैवेद्यैः सजलैः शिवाध्वसुखदं स्पष्टं समं शम्बलं,
धूपेनोर्ध्वगतिः सुगन्धितदिशावासेन शुभ्रं यशः।
नृस्वर्गादिफलं फलैश्च कलमैर्जैनाढकार्चात्मनः,
पुष्पैर्लोकशिरःस्थितिः शिवतनुर्दीपैर्जिनार्चाफलम् ॥ १७६

જલ સહિત નૈવેદ્યથી શિવપંથ ભાતું ધૂપથી,
ઉર્ધ્વ ગતિ યશ શ્વેત પામે નર સુગંધિ વાસથી;
સ્વર્ગ નર સુખ ફલ થકી જિનભાવ અક્ષતપૂજને,
પુષ્પથી લોકાગ્ર શિવપદ દીપથી ફલપૂજને. ૧૭૬

શ્લોકાર્થ:—જલ સહિત નૈવેદ્ય વડે જિનરાજની પૂજા કરવાથી મોક્ષમાર્ગમાં સુખ આપનાર પ્રગટ સંપૂર્ણ ભાતું (થું) મળે છે. ધૂપ પૂજાથી ઉંચી ગતિ, દિશાઓને સુગંધિ બનાવનાર વાસપૂજાથી ઉજવલ યશ મળે. ફલ પૂજા વડે મનુષ્યના અને સ્વર્ગાદિના સુખ મળે છે. અક્ષત પૂજા વડે પોતાની જિન સંબંધી આઢક બલિ કરણુ રૂપ પૂજા થાય (જિનપણું મળે) અથવા અક્ષતપણુ મળે છે. પુષ્પ પૂજા વડે લોકના મસ્તકે નિવાસ અને દીપ પૂજા વડે મોક્ષ ( રૂપ શરીર ) મળે છે, એ પ્રમાણે જિનેશ્વરની અષ્ટપ્રકારી પૂજાનું ફલ જાણવું. ૧૭૬

સ્પષ્ટાર્થ:—શ્રીજિનેશ્વર દેવની અષ્ટપ્રકારી પૂજા કરનાર ભવ્ય જીવોને કઇ પૂજાથી કયું ફલ મળે છે. તે જણાવતાં ગ્રંથકાર જણાવે છે કે શ્રીજિનરાજની ૧ જલપૂજા અને ૨ નૈવેદ્ય પૂજા કરનાર ભવ્ય જીવોને મોક્ષ માર્ગમાં સુખ આપનાર પ્રગટ સંપૂર્ણ ભાથું મળે છે. ૩ ધૂપપૂજા કરનાર ભવ્ય જીવોને ઉંચી ગતિ એટલે મનુષ્યગતિ અથવા દેવગતિના સુખ મળે છે. અને દુર્ગતિનો નાશ થાય છે. દિશાઓને સુગંધિ બનાવનાર ચન્દન કર્પૂર વગેરે સુગંધીદાર ૪ વાસક્ષેપથી પૂજા કરવાથી ઉજવલ યશની પ્રાપ્તિ થાય છે. પ્રભુની આગળ ફલ મૂકીને ૫ ફલપૂજા કરવાથી મનુષ્યલોક, દેવલોક વગેરેની પ્રાપ્તિ રૂપ ફળ મળે છે. તથા કલમ એટલે ૬ અક્ષત ( શાલિ ચોખા) વડે પુજા કરવાથી જિનસંબંધી આઢક બલિદાન કરણુ રૂપ પૂજા પોતાની થાય છે એટલે તીર્થંકરપણું મળે છે. અથવા અક્ષતપણાની પ્રાપ્તિ થાય છે. ૭ પુષ્પ પૂજા કરવાથી લોકના અગ્ર ભાગ ઉપર નિવાસ (સ્થાન) મળે છે અથવા મોક્ષરૂપી

ફળ મલે છે તથા આઠમી ૮ દીપપૂજા કરવાથી મોક્ષ ( રૂપ શરીર )ની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે જિનરાજની અષ્ટપ્રકારી પૂજાનું ફલ યાદ રાખી ભવ્ય જીવોએ જિનરાજની દરરોજ અષ્ટપ્રકારી પૂજા કર્યા બાદ જ ભોજન કરવું જોઇયે. ૧૭૬

અવતરણ:—૮૬ મું અષ્ટ મંગલ નામનું દ્વાર કહે છે:—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

५ २ ४ ३ ५ ५
आदर्शोदितकेवलर्द्धिरसमैश्वर्यश्च भद्रासनाद्
७ ६ ९ १० ८
ब्रह्माण्डस्य शरावसम्पुटतनोर्यः कामकुम्भः पुरः ।
११ १२ १३ १४ १६ १५
श्रीवत्सात्सुगतिस्तिमेः स्फुटतनुर्नित्योत्सवः स्वस्तिका–
१७ १८ १९ २१ २२ २०
न्द्यावर्तवदद्भुताकृतिकृतानन्दः स वोऽव्याज्जिनः ॥ १७७

આદર્શ જેવી કેવલશ્રી જેહની ભદ્રાસને,
ઐશ્વર્ય અનુપમ જાસ સંપુટથી શરાવતણા અને;
બ્રહ્માંડ આગળ કામકુંભ સમા કહો જ જિનેશને,
શ્રીવત્સથી શુભ ગતિ પ્રભુની મત્સ્ય યુગ્મ
પ્રભાવને. ૧

જિનના જણાવે ઉત્સવો જસ એમ સ્વસ્તિકથી
અને,
દેદાર નંદ્યાવર્ત્ત પેરે નાથનો દે હર્ષને;

**જિન તે તમારૂં નિત કરો રક્ષણ હરો વિઘ્નો સદા,**
**કલ્યાણ ઋદ્ધિ બુદ્ધિ વૃદ્ધિ કરત આપો સંપદા. ૨**

**શ્લોકાર્થ:**—જેમને દર્પણની જેવું સ્વચ્છ કેવલજ્ઞાન પ્રકટ થયું છે, ભદ્રાસનથી અસાધારણ ઐશ્વર્ય મળ્યું છે, શરાવ સમ્પુટ સમાન શરીરવાળા બ્રહ્માંડની આગળ જે પ્રભુ કામકુંભ જેવા છે, શ્રીવત્સથી જે પ્રભુ સુગતિને પામેલા છે, મત્સ્યથી પ્રગટ પ્રભાવશાલી છે, સ્વસ્તિકથી જેમને નિત્ય ઓચ્છવ વર્ત્તે છે અને નન્દ્યાવર્તની જેમ અદ્ભૂત આકૃતિથી આનંદ ઉપજાવનાર તે જિનેશ્વર દેવ તમારૂં રક્ષણ કરો. ૧૭૭

**સ્પષ્ટાર્થ:**—હવે અષ્ટ મંગલનું સ્વરૂપ જણાવતાં ગ્રંથકાર કહે છે કે જેમને ૧. દર્પણની જેવું નિર્મલ કેવલજ્ઞાન પ્રકટ થયું છે અથવા જેમ દર્પણમાં દરેક વસ્તુનું પ્રતિબિંબ પડવાથી તે દર્પણ દ્વારા તે વસ્તુ સ્વરૂપ જણાય છે, તેમ જેમના કેવળજ્ઞાન રૂપી દર્પણમાં દરેક વસ્તુનું પ્રતિબિંબ પડે છે અથવા જે પ્રભુ તમામ પદાર્થોના સ્વરૂપને જાણી શકે છે. એ દર્પણનું રહસ્ય જાણવું. બીજા ૨. ભદ્રાસન નામના મંગલથી જાણવું જે તેમને અપૂર્વ ઐશ્વર્યની પ્રાપ્તિ થઈ છે, ૩. શરાવસમ્પુટ એટલે એક શરાવલું ઉંધું હોય અને તેના ઉપર એક નાનું શરાવલું ચત્તું હોય અને તેના ઉપર એક નાનું શરાવલું ઉંધું હોય તેના સરખો આ બ્રહ્માંડનો એટલે લોકનો આકાર હોવાથી બ્રહ્માંડને શરાવ સમ્પુટના જેવું કહ્યું છે. તે ( બ્રહ્માંડ )માં જે પ્રભુ ૪. કામકુમ્ભની માફક ભવ્ય જીવોના સર્વ વાંછિત પૂર્ણ કરે છે. એ શરાવસંપુટનું રહસ્ય જાણવું. ૫. શ્રીવત્સથી જે પ્રભુ સારી ગતિને પામ્યા છે એમ જાણવું. તથા તિમિ એટલે

૬. મત્સ્ય યુગલ (જોડલા)થી પ્રગટ પ્રભાવશાલી પ્રભુ છે એમ જાણવું. ૭. સ્વસ્તિકથી જેમને હંમેશાં નિજ ગુણ રમણતા રૂપ (ઉત્સવ) આનંદ વર્તે છે. ૮. નન્દ્યાવર્તથી જાણવું જે જિનેશ્વર દેવ આશ્ચર્યકારી આકૃતિ વડે લોકોને હર્ષ ઉપજાવે છે (રાજી કરે છે). એવા શ્રી જિનેશ્વર પ્રભુ તમારૂં રક્ષણ કરો. એમ ગ્રંથકાર આશીર્વાદ આપે છે. ૧૭૭

અવતરણ—હવે ૮૭ મું મુક્તિનું દ્વાર જણાવે છે.—

(शार्दूलविक्रीडीतवृत्तम्)

१ २ ४ ३ ६ ९ ५ ७
मुक्तेः सौख्यप्रमाणं भवतु सुरगिरिः सोऽस्ति वा योजनानां,
८ १२ ११ १३ १० १४ १६ १५
लक्षं वार्धिः स्वयंभूरमण इति पुनः सोऽस्ति रज्जुप्रमाणः।
१९ १८ २० २१ १७ २४ २२ २३
लोकातीतं तदेतज्जिनपतिरपि वा नोपमातुं प्रगल्भो,
२९ २८ ३० २५ २७ २६
भूभुग्भोगानुभूतिं स्वजनमनुवदन् यद्वदन्यं पुलिन्दः ॥ १७८

મેરૂ પર્વત જેટલું સુખ મોક્ષનું હોવે નહી,
લાખ યોજન માન તેનું મુક્તિ સુખ તેવું નહીં;
એક રાજ પ્રમાણ ભાખ્યો સ્વયંભૂ જલધિ સહી,
મુક્તિ સુખ તેવું ન તસ સરખો પદારથ કો અહીં. ૧

કેવલી જાણે છતાં ઉપમાનથી ન કહી શકે,
મુક્તિ સુખના જેહવી વિશ્વે ન વસ્તુ મળી શકે;

**જંગલ વિષે સુખ રાજ્યના વદવા ન સરખી ચીજ મળે,**
**તે કારણે સંબંધિ આગળ ભિલ્લ તે ન કહી શકે. ૨.**

શ્લોકાર્થ:—મોક્ષનાં સુખનું પ્રમાણ મેરૂ પર્વત પ્રમાણ છે એમ કહેવું વ્યાજબી નથી. કારણ કે તે તો લાખ યોજન પ્રમાણ છે. તથા સ્વયંભૂરમણ સમુદ્ર પ્રમાણ તે ( મોક્ષનું સુખ ) છે એમ પણ કહેવું ઠીક નથી, કારણ કે તે એક રાજ પ્રમાણ છે. પરંતુ તે ( સુખ ) તો લોકાતીત છે તેથી તેને બીજી ઉપમા આપીને સમજાવવાને જિનપતિ પણ સમર્થ નથી. જેમ રાજાના ભોગના અનુભવને પોતાના સગાંઓને કહેવાને ભિલ્લ સમર્થ ન થયો તેમ અહીં સમજવું. ૧૭૮

સ્પષ્ટાર્થ:—મોક્ષનું સુખ કેટલું છે અને તેને કોઈ પદાર્થની સાથે સરખાવી શકાય કે નહિ? તે જણાવવાને ગ્રંથકાર કહે છે કે–મેરૂ પર્વત મોટો ગણાય છે તેના જેટલું મોક્ષનું સુખ કહેવાય જ નહિ. કારણ કે મેરૂ પર્વત મોટો છે તો પણ તે તો એક લાખ યોજનનો જ છે અને મોક્ષનું સુખ અનંતુ છે, અથવા સૌથી મોટામાં મોટો સમુદ્ર જે સ્વયંભૂરમણ છે તેના જેટલું પણ મોક્ષનું સુખ ન કહેવાય, કારણ કે જો કે તે સમુદ્ર બધા સમુદ્રોથી મોટો છે, તો પણ તે એક રાજલોક પ્રમાણ છે એટલે તેની એક રાજલોક પ્રમાણ ગોળાકારે લંબાઈ પહોળાઈ છે. એક રાજલોકનું પ્રમાણ અસંખ્યાતા કોડાકોડી યોજન જાણવું. તેના જેટલું

મોક્ષનું સુખ કહેવું, તે પણ વ્યાજબી નથી, કારણકે મોક્ષનું સુખ લોકમાં રહેલા કોઈ પણ પદાર્થના જેવું કહી શકાય જ નહિ. અથવા તેથીજ તે સુખને તીર્થંકરો પણ ઉપમા આપીને સમજાવી શકતા નથી. આ બાબતમાં દૃષ્ટાન્ત આપતાં જણાવે છે કે એક ભિલ્લે એક રાજાની જંગલમાં બરદાસ કરી હતી, તેથી તેને રાજા પોતાના નગરમાં રાજમહેલમાં લઈ ગયો અને ત્યાં તેને વિવિધ પ્રકારનાં પકવાન્ન વગેરે ખવરાવ્યાં; અને નાટારંભ વગેરે દેખાડી, વાહનમાં બેસાડી ફેરવી બહુ આનંદ કરાવ્યો. તે ભીલ જ્યારે પાછો પોતાના સ્થાને જંગલમાં ગયો ત્યારે તે ભોગવેલા સુખનું વર્ણન પોતાના કુટુંબ આગળ કરી શક્યો જ નહિ, કારણ કે ત્યાં જંગલમાં આના જેવું આ સુખ છે એમ જેની ઉપમા દઈને સુખ સમજાવે. તેવી વસ્તુ જ નથી. તેથી જેમ ભીલ્લે સાક્ષાત્ અનુભવેલું હતું છતાં ત્યાં જંગલમાં ઉપમા આપવા લાયક વસ્તુ ન મળવાથી તે સુખ સમજાવી શક્યો નહિ, તેમ શ્રી તીર્થંકર ભગવાન પણ સાક્ષાત્ મોક્ષ સુખને જાણે છે, તો પણ તેને ઉપમા નહિ હોવાથી સંપૂર્ણ વર્ણન કરી શકતા નથી. ૧૭૮

**અવતરણ:**—તે મોક્ષ સુખ કોને આનંદકારી ન લાગે તે જણાવતાં કહે છે:—

( शार्दूलविक्रीडितवृत्तम् )

२ ३ ४ १
यत्पादाम्बुजभृङ्गतामविरतं भेजे त्रिलोकीजनो,
५ ६ ७
यश्चिन्तामणिवत्तदीयहृदयाभीष्टार्थसम्पादकः ।

૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
सोऽप्यर्हन्मुदितो यदर्थमनिशं तत्तत्तपस्तप्तवान् ,
२४ २१ २२ २० २१ १७ १६ १८ १९
नाभीष्टं हृदि कस्य कस्य तदहो नैःश्रेयसंमंगलम् ॥ १७९

જાસ પદ કજ પાસ લોકો ત્રણ ભુવનના દીસતા,
ભ્રમર જેવા જેહ ચિંતામણિ પરે સવિ આપતા;
ઇષ્ટ તે સવિજીવના તે પૂજ્ય અરિહા તપ કરે,
જસ કાજ ઇચ્છિત સર્વને તે મોક્ષ મંગલ સુખ
કરે. ૧

શ્લોકાર્થ:—ભમરાની જેવા ત્રણ લોકના જીવો જેમના ચરણ કમલની હંમેશાં સેવા કરે છે અને જે (પ્રભુ) ચિન્તા-મણિ રત્નની માફક તે ભક્ત જીવોના મનોવાંછિત અર્થને આપનાર છે તેવા શ્રીઅરિહંત પણ રાજી થઈને જે મોક્ષ-ને માટે નિરંતર તે તે તપને તપતા હતા તે મોક્ષ રૂપી મંગલ કોના કોના હૃદયને ઇષ્ટ ન હોય ? અર્થાત્ બધા જીવોના હૃદયને ઇષ્ટ હોય જ. ૧૭૯.

સ્પષ્ટાર્થ:—જેમ ભમરાઓ કમલને સેવે છે તેમ અરિહંતના ચરણને ત્રણ લોકના પ્રાણીઓ સેવે છે. વળી જેમ ચિન્તામણિ રત્ન ઇચ્છા થતાંની સાથેજ ઇષ્ટ વસ્તુ આપે છે, તેમ આ અરિહંત પ્રભુ પણ લોકોના મનોરથ પૂરા કરે છે. આવા શ્રીઅરિહંત પ્રભુ પણ રાજી થઈને જે મોક્ષ મેળવવાને માટે હંમેશાં તે તે વીશ સ્થાનક વગેરે તપને તપે છે તે મોક્ષનું સુખ કોના કોના મનને ગમતું નથી. અર્થાત્

આ મોક્ષ સંબંધી સુખ સર્વ ભવ્ય જીવોને ગમે છે. ગ્રંથકારે આ છેલ્લા શ્લોકમાં છેવટનું મંગલ કરીને ભવ્ય જીવોને મોક્ષના સુખ મેળવવા માટે સાવધાન રહેવા સૂચના કરી છે. માટે જ ભવ્ય જીવોએ આ કર્પૂર પ્રકરનું યથાર્થ રહસ્ય સમજીને વિષય કષાયાદિનો ત્યાગ કરીને પરમ ઉલ્લાસથી મોક્ષ માર્ગની સાત્ત્વિકી આરાધના કરી મુકિતના અવ્યાબાધ સુખ જરૂર મેળવવા જોઈયે. યાદ રાખવું જોઇએ કે જેવી સાધન સામગ્રી અહીં મળી છે, ને મળે છે, તેવી સંપૂર્ણ નિર્મલ સાધન સામગ્રી બીજી ગતિમાં મળતી જ નથી. જેને સમયની કીંમત છે તે તો કર્મબંધના કારણથી બચીને જરૂર શ્રી જિન ધર્મની આરાધના કરી સંસારની રખડપટી ટાળે જ અને મોક્ષના સુખ પામે જ; એજ આ શ્લોકનું અને આખાયે કર્પૂર પ્રકર ગ્રંથનું ખરૂં રહસ્ય છે. ૧૭૯

અવતરણઃ—હવે ગ્રંથકાર પોતાની ઓળખાણ કરાવે છેઃ—

॥ वसंततिलकावृत्तम् ॥

२ ३<br>
श्रीवज्रसेनस्य गुरोस्त्रिषष्टि-<br>
१<br>
सारप्रबन्धस्फुटसद्गुणस्य ।<br>
४ १० ६ ७ ८<br>
शिष्येण चक्रे हरिणेयमिष्टा,<br>
९ ५<br>
सूक्तावलीनेमिचरित्रकर्त्रा ॥ १८०

શુભ ત્રિષષ્ઠિ પ્રબંધકારક વજ્રસેનાચાર્યના,
શિષ્ય કવિ હરિસેન કારક શ્રેષ્ઠ નેમિ ચરિત્રના;
તેમણે સૂક્તાવલી વિરચી પ્રસિદ્ધિ તેહની,
કર્પૂર પ્રકરે આદિમાં તે પદ જણાયે ગ્રંથની. ૧

તપોગચ્છાચાર્ય શ્રીગુરૂ નેમિસૂરીશ્વર તણા,
સુપસાયથી બે સહસને ત્રણ સંવતે વિક્રમતણા;
માસ આસો વિજયદશમી કર્પૂર પ્રકરની,
ગૌર્જરી શુભ વૃત્તિ છંદોબદ્ધ બોધ વિધાયિની. ૨

પદ્મસૂરિ બનાવતા ગુજરાત અમદાવાદમાં,
શ્રાદ્ધ જેસંગભાઈ કેરી વિનતિને લઈ ધ્યાનમાં,
ભવ્ય જીવો ભાવ જાણી રંગથી જિનધર્મને,
સાધતાં લહી શાંતિ સુખને પામજો શિવશર્મને. ૨

શ્લોકાર્થ :—ત્રિષષ્ઠી શલાકા પુરૂષ ચરિત્રની નવીન રચનાથી પ્રગટ સદ્ગુણવાળા શ્રીવજ્રસેન ગુરૂના શિષ્ય—નેમિનાથ ચરિત્રના બનાવનાર હરિ (હરિસેન) નામના મુનીશ્વરે આ ઈષ્ટ સૂક્તાવલીની (કર્પૂર પ્રકરની) રચના કરી છે. ૧૮૦

સ્પષ્ટાર્થ:—હવે ગ્રન્થની સમાપ્તિ જણાવતાં હરિ (હરિસેન) મુનિ નામના કવીશ્વર પોતાના ગુરૂનું નામ જણાવવા પૂર્વક કહે છે કે ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ અને ૯ બલદેવ એ પ્રમાણે ૬૩

ત્રેસઠ શલાકા (ઉત્તમ) પુરૂષોના ચરિત્રની ઉત્તમ નવીન રચના કરનાર શ્રીવજ્રસેન નામના ગુરૂ મહારાજના શિષ્ય બાવીસમા તીર્થંકર શ્રીનેમિનાથનું ચરિત્ર બનાવનાર શ્રી હરિસેન કવિએ આ ઇષ્ટ (વાંચવાને પ્રિય લાગે તેવા) સૂક્તાવલી (કર્પૂર પ્રકર) નામના ગ્રન્થની રચના કરી છે. ૧૮૦

એ પ્રમાણે જૈનપુરી અમદાવાદમાં તપોગચ્છાધિપતિ પરમોપકારી પૂજ્યપાદ પ્રાત:સ્મરણીય આચાર્યશ્રી ગુરૂ મહારાજ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના ચરણ કિંકર વિનેયાણુ શાસ્ત્ર વિશારદ કવિ દિવાકર આચાર્ય શ્રીવિજયપદ્મસૂરિએ વિ. સં. ૨૦૦૩ આસો સુદિ દશમના દિવસે શેરદલાલ શ્રાવક શેઠ જેસંગભાઈ કાલીદાસ તથા શેઠ સારાભાઈ જેસંગભાઇ (હીરાચંદ રતનચંદવાળા). અને શા. ઈશ્વરદાસ મૂલચંદ. શેરદલાલ સારાભાઈ જેસંગભાઈ વગેરે અહીંના અગ્રગણ્ય શ્રાવકાદિની વિનંતિથી આ શ્રી કર્પૂર પ્રકરના સ્પષ્ટાર્થની રચના કરી. ભવ્ય જીવો તેનો લાભ લઇ મુક્તિમાર્ગની આરાધનામાં ઉજમાલ બની મુક્તિના અવ્યાબાધ સુખ પામો.

સમાપ્ત

॥ ॐ नमः श्रीसिद्धचक्राय ॥

પરમોપકારિ-પૂજ્યપાદ-પ્રાતઃસ્મરણીય-પરમગુરૂ-આચાર્ય મહારાજ શ્રીવિજયનેમિસૂરીશ્વર-ચરણકિંકર-વિનેયાણુ શાસ્ત્રવિશારદ-કવિદિવાકર-આચાર્ય શ્રીવિજય-પદ્મસૂરીશ્વરપ્રણીત-સ્વોપજ્ઞ-સ્પષ્ટાર્થ સમેત—

# ॥ શ્રીકદંબગિરિ-બૃહત્કલ્પ ॥

શ્રીકદંબગિરિ બૃહત્કલ્પ નામના આ ગ્રન્થના પ્રારંભમાં પૂર્વ પુરૂષોના પરંપરાગત શિષ્ટાચાર પ્રમાણે ગ્રન્થકાર પ્રથમ મંગલાચરણ કરે છે, ને મંગલાચરણ કર્યા બાદ પાંચમી ગાથામાં આ ગ્રન્થનો અભિધેય—વિષય સંબંધ ને પ્રયોજન કહેશે. તેમાં આ ગ્રન્થની પહેલી ગાથાના પૂર્વાર્ધમાં શ્રીઇષ્ટદેવના સ્મરણ રૂપ મંગલ અને પહેલી ગાથાના ઉત્તરાર્ધથી ૪થી ગાથા પર્યન્ત શ્રીગુરૂસ્મરણ રૂપ મંગલ શરૂઆતના પાંચ શ્લોકમાં અનુક્રમે કહે છે તે આ પ્રમાણેઃ—

॥ मंगलाचरणम् ॥ आर्यावृत्तम् ॥

नमिऊण सिद्धचक्कं-सयलिच्छियसत्थदाणकप्पयरुं ॥
परमोवयारिपुज्जे तवगच्छाहीसरे विण्णे ॥ १ ॥
तित्थुद्धारविणोए-निम्मलचरणे महप्पहावड्ढे ॥
पडिबोहियरायाई-गुणिजणगणपूयणिज्जपए ॥ २ ॥
सिरिजिणसासणगयणे-भाणुनिहे दिव्वपुण्णभरियरुई ॥
विरइयविविहग्गंथे-पसण्णलेसाणणे धीरे ॥ ३ ॥

भावकिवारसजलही–विमलपवयणे विसिट्ठसीसगणे ॥
गुरुविजयनेमिसूरी–विहकप्पं सिरिकयंवस्स ॥ ४ ॥

विरएमि जहासत्थं–गुरुवयणा दुगुणभत्तिकलिओऽहं ॥
नाणावुत्तंतेच्छा–भव्वा ! निसुणेह थिरचित्ता ॥ ५ ॥

**સ્પષ્ટાર્થ**—ભવ્ય જીવોના સર્વ મનોવાંછિત પદાર્થોના સમૂહને પૂરવામાં—આપવામાં ઉત્તમ કલ્પવૃક્ષ[1] સરખા એવા શ્રી સિદ્ધચક્રને એટલે અરિહંત સિદ્ધ આચાર્ય ઉપાધ્યાય ને સાધુ એ પાંચ પરમેષ્ઠિ તથા દર્શન

---

૧ શ્રીપાલ ચરિત્રમાં શ્રીપાલ મહારાજાએ ઉદ્યાપન પર્યન્તે શ્રી સિદ્ધચક્રની સ્તુતિ તેને (સિદ્ધચક્રને) કલ્પવૃક્ષની ઉપમા દઇને કરી છે. તેમાં જણાવ્યું છે કે-આ સિદ્ધચક્ર રૂપી કલ્પવૃક્ષનું મૂલ-મજબૂત પીઠ શ્રી અરિહંત પદ છે. જેમ શાખા વિગેરે અવયવોની ઉત્પત્તિ મૂલમાંથી થાય છે તેવી રીતે નવે પદોનું જ્ઞાન કરાવવામાં એટલે સ્વરૂપ સમજાવવામાં અરિહંત પ્રભુ મૂલ કારણ છે. એટલે સમવસરણમાં બિરાજમાન થઇને શ્રીઅરિહંત મહારાજા ભવ્ય જીવોને નવ પદમય શ્રીસિદ્ધચક્રનું સ્વરૂપ સમજાવે છે. તે સમજીને તેઓ સિદ્ધચક્રની આરાધના કરીને આત્મહિત સાધે છે. આ મુદ્દાથી શ્રીઅરિહંત પ્રભુને મૂલ મજબૂત પીઠ જેવા કહ્યા છે. જેમ કલ્પવૃક્ષને શાખા પ્રશાખાઓ વિગેરે હોય છે, તેમ અહીં શ્રી સિદ્ધપદ વિગેરે ચાર પદો શાખા જેવા સમજવા અને દર્શનાદિ ચારે પદો પ્રશાખા જેવાં જાણવા. અને તત્ત્વાક્ષર સ્વરવર્ગ લબ્ધિપદો એ પાંદડાં જેવાં, અને દિક્પાલ, યક્ષ, યક્ષિણી વિગેરે ફુલ જેવા તથા મનોવાંછિત રૂપ ફલો જાણવા.

જ્ઞાન ચારિત્ર તપ એ ચાર પરમેષ્ટિ ગુણ મળી નવપદને નમસ્કાર કરીને (આ કદંબગિરિ બૃહત્કલ્પની હું રચના કરું છું—એમ આગળ કહેવાનું છે. (એમ इष्टदेवस्मरणरूप मंगल જણાવ્યું.) તથા પરમ ઉપકારી, પૂજનીય, તપાગચ્છના અધીશ્વર (નાયક) અને ન્યાય વ્યાકરણ સિદ્ધાન્ત આદિ શાસ્ત્રોના વિશેષ જ્ઞાનવાળા (એવા મારા ગુરૂવર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરને નમીને એમ આગળ કહેશે.) ॥ ૧ ॥

તથા ભવ્ય શ્રાવકોને ઉપદેશ દઈને શત્રુંજય કદંબગિરિ તાલધ્વજગિરિ આદિ પવિત્ર તીર્થોના ઉદ્ધાર કરાવવામાં હર્ષથી પ્રયત્ન કરનાર, નિર્મળ ચારિત્રવંત, મહા પ્રભાવશાળી, રાજા વિગેરેને પણ જેમણે પ્રતિબોધ કર્યો છે એવા, તથા ગુણવંત પુરૂષોના સમુદાયથી પૂજનીય છે ચરણકમલ જેમના એવા, ॥ ૨ ॥

તથા શ્રી જિનશાસનરૂપ ગગનમંડલમાં દીપતા તેજસ્વી સૂર્ય સરખા, દિવ્ય પુણ્યના પ્રાગ્ભારથી (સમૂહથી) ભરેલી—દીપતી કાન્તિવાળા, જેમણે વિવિધ પ્રકારના ન્યાય વ્યાકરણ આદિની બીનાવાળા ગ્રન્થોની રચના કરી છે એવા, પ્રસન્ન લેશ્યા (પ્રભા) યુક્ત મુખવાળા (નિર્મળ તેજ યુક્ત મુખારવિંદવાળા) અને ધીર એવા (મારા ગુરૂ શ્રી વિજયનેમિસૂરીશ્વરને નમીને—એમ આગળ સંબંધ જોડવો.) ॥ ૩ ॥

તથા ભાવકૃપારસના જલધિ (ભાવદયાના સમુદ્ર), નિર્મળ પ્રવચનવાળા (નિર્મળ આગમ વચનના જ્ઞાતા, આગમવચનાનુસારી સદનુષ્ઠાનવાળા, અને નિર્મળ આગમ-

વચનનોને અનુસરીને ઉપદેશ કરનાર હોવાથી નિર્મળ પ્રવચનવાળા ) તથા વિશિષ્ઠ પ્રકારના એટલે ઉત્તમ ગુણવાળા શિષ્ય પ્રશિષ્યના સમુદાયવાળા ॥ ૪ ॥

મારા ગુરૂવર્ય श्रीविजयनेमिसूरीश्वरने नमस्कार કરીને (इति गुरुस्मरणरूप मंगल ) શ્રીગુરૂ મહારાજના ઉપદેશામૃત વચનોથી બમણી ભક્તિવાળો થયેલો હું विजयपद्मसूरि આ કદંબગિરિ તીર્થના બૃહત્કલ્પને શાસ્ત્રાનુસારે રચું છું. ( અર્થાત્ "કદંબગિરિ બૃહત્કલ્પ" એ નામવાળા નવીન ગ્રન્થની પ્રાકૃત ભાષામાં રચના કરૂં છું ) માટે તેમાં રહેલા અનેક વૃત્તાન્તોને સાંભળવાની અથવા જાણવાની જિજ્ઞાસાવાળા હે ભવ્યજીવો ! તમે સ્થિર ચિત્તવાળા થઇને સાવધાનતાથી સાંભળો ॥ ૫ ॥

અહિં "सिरि कयंबस्स बिहक्कप्पं विरएमि શ્રી કદંબગિરિના બૃહત્કલ્પને વિરચું છું" એ વાકયથી ગ્રન્થનું અભિધેય કહ્યું. (ગ્રન્થમાં શું વિષય છે તે કહ્યો અને "जहसत्थ પ્રાચીન શાસ્ત્રોને અનુસારે" એ વાકયથી આ ગ્રન્થનો પૂર્વપરંપરા સંબંધ કહ્યો ( જેથી આ ગ્રન્થ મતિકલ્પિત નવો ઉપજાવેલ નથી પરન્તુ પ્રાચીન શાસ્ત્રોમાંથી ઉદ્ધૃત હોવાથી પ્રાચીન શાસ્ત્રોની સાથે સંબંધવાળો છે એટલે પ્રાચીન શાસ્ત્રોને અનુસરતો છે એમ સ્પષ્ટ કર્યું.) અને ગ્રન્થકર્તાનું અને ગ્રન્થ વાંચનારનું બન્નેનું અન્તિમ પ્રયોજન મોક્ષપ્રાપ્તિ છે. એ પ્રમાણે મંગળ અભિધેય સંબંધ અને પ્રયોજન કહીને હવે શ્રી કદંબગિરિ તીર્થનો મોટો કલ્પ કહું છું તે આ પ્રમાણે—

सोरट्ठदेसमउडं-तं तित्थाहीसरं सया वंदे ॥
सिरिसिद्धियसिद्धगिरिं-अणंतजीवा जहिं सिद्धा ॥ ६ ॥

સ્પષ્ટાર્થ—મુંબઈ ઈલાકામાં ગુજરાત કાઠીયાવાડ આદિ અનેક પ્રાન્ત છે, તેમાંના કાઠીયાવાડ પ્રાન્તમાં સૌરાષ્ટ્ર આદિ અનેક દેશ છે. તે કાઠીયાવાડના શીર્ષ સરખા સોરાષ્ટ્ર દેશને (સોરઠ દેશને) શોભાવવામાં મુગટ સરખો અને અષ્ટાપદ આદિ અનેક તીર્થોમાં અતિ ઉત્તમ હોવાથી તીર્થાધિરાજ સરખો શ્રીશત્રુંજયગિરિ નામનો ગિરિ છે, કે જે ભવ્ય જીવોને જ્ઞાન દર્શનાદિ શ્રીની-લક્ષ્મીની સિદ્ધિને (લાભને) આપનાર હોવાથી અથવા એ ગિરિની ઉપર અનન્ત જીવો સિદ્ધિપદ પામેલા હોવાથી અર્થાત્ સિદ્ધ થયેલા હોવાથી શ્રીસિદ્ધગિરિ એવું બીજું નામ છે, તે શ્રી સિદ્ધગિરિ તીર્થાધિરાજને હું સદાકાળ પ્રણામ કરું છું કે જે તીર્થાધિરાજની ભૂમિમાં અનન્ત ભવ્ય જીવો ભૂતકાળમાં સિદ્ધિપદને પામ્યા છે, અને ભવિષ્યકાળમાં પણ અનન્ત ભવ્યો સિદ્ધિપદને પામશે. અને વર્તમાનકાળમાં ભરત ક્ષેત્રવર્તી અનેક ભવ્યો તીર્થારાધન કરીને પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરીને પરભવમાં સદ્ગતિ પ્રાપ્ત કરે છે. (અને ઉત્કૃષ્ટ આરાધક કોઈ મહાવિદેહમાં જન્મી મુક્તિપદ પણ પ્રાપ્ત કરી શકે છે.) ॥૬॥

અવ૦—સિદ્ધગિરિના સજીવન કૂટની બીના બે ગાથામાં જણાવે છેઃ—

पंचसजीवणकूडा-विज्जापाहुडपसत्थम्मि ॥
वुत्ता गणनाहेहिं-नामाइ इमाइ एएसिं ॥ ७ ॥

સ્પષ્ટાર્થ—૧ વિદ્યાપ્રાભૃત નામના પૂર્વાન્તર્ગત પ્રશસ્ત-ઉત્તમ શાસ્ત્રમાં શ્રીગણધર ભગવંતોએ એ સિદ્ધગિરિ તીર્થાધિરાજનાં પાંચ [૨] સજીવનકૂટ કહ્યાં છે, તેનાં નામ આ પ્રમાણે:—॥ ૭ ॥

तालज्झयलोहिच्चा–कोडिनिवासो कयंबढंका य ॥
पुण्णप्पहावकलिया–पंचे ए भावलच्छीया ॥ ८ ॥

સ્પષ્ટાર્થ—તાલધ્વજગિરિ, લોહિત્યગિરિ, કોટિનિવાસ ગિરિ, કદંબગિરિ, ને ઢંકગિરિ. એ પાંચે કૂટ (શત્રુંજય ગિરિનાં પાંચ શિખરો) પવિત્ર અથવા સંપૂર્ણ પ્રભાવવાળાં છે, કારણ કે એ પાંચ સજીવન કૂટની આરાધના કરનાર ભવ્ય જીવો પુણ્યાનુબંધી પુણ્ય બંધ વિગેરે મહાલાભને પામે છે. તેમજ એ પાંચ સજીવન કૂટ ભાવલક્ષ્મીને દેનારા છે, કારણ કે એની આરાધના કરનાર જીવો જ્ઞાન દર્શન ચારિત્ર રૂપી ભાવ લક્ષ્મીને પામે છે અથવા પર્યન્તે મોક્ષરૂપી ભાવ લક્ષ્મીને પણ પામે છે. ॥ ૮ ॥

---

૧ ચૌદ પૂર્વમાં દરેક પૂર્વમાં વસ્તુ નામના અનેક વિભાગવિશેષ હોય છે, તે દરેક વસ્તુમાં પ્રાભૃત નામના અનેક લઘુ વિભાગ વિશેષ હોય છે. એકેક પ્રાભૃતમાં પ્રાભૃત પ્રાભૃત નામના અનેક અધિકાર-વિશેષ છે. એ રીતે નાના મોટા અધિકાર વિશેષમાં વિદ્યાપ્રાભૃત નામનું પ્રાભૃત (એ નામનો અધિકાર વિશેષ) છે. તેમાં સિદ્ધગિરિનાં પાંચ સજીવનકૂટ કહ્યાં છે.

૨ શત્રુંજયગિરિનાં ૧૦૦ કૂટ હોવાથી શતકૂટ નામ છે, તેમાં પાંચ કૂટ સજીવન છે એટલે-વર્તમાન-કાળમાં પણ વિદ્યમાન છે

કદંબગિરિ કૂટની બીના સંક્ષેપથી ત્રણ ગાથામાં જણાવે છે:—

विमलचमक्कारड्ढं कयंबतित्थाहिरायमहसिहरं ॥
सयलाहायलवज्जं–उभयभवहियावहं चंगं ॥ ९ ॥
सिरिसिद्धायलतित्था–सब्भहिए जोयणे कयंबक्खं ॥
तित्थं दाहिणहत्थो–सोहइ सिरिपुंडरीयस्स ॥१०॥
पढममिणं विण्णेयं–बारसगाउप्पयक्खिणाए य ॥
सत्तुंजयमाहप्पे–वुत्तं माहप्पमेयस्स ॥ ११ ॥

સ્પષ્ટાર્થ—વળી એ પાંચ સજીવન કૂટમાં પણ જે આ કદંબગિરિ તીર્થાધિરાજ નામનું મોટું સજીવન કૂટ છે. તે નિર્મળ ચમત્કારવાળું છે. કારણ કે એની આરાધના કરનાર મુનિ મહાત્માઓને અનેક ચમત્કારવાળી લબ્ધિઓ ઉત્પન્ન થાય છે, તેમજ એ તીર્થમાં અનેક નિર્મળ ચમત્કારવાળી ઓષધિઓ ઉત્પન્ન થાય છે. એ કૂટ સર્વ પાપ રૂપી પર્વતોને ભેદવામાં વજ્ર સરખું છે, કારણ કે ઇન્દ્રનું વજ્ર શસ્ત્ર જેમ અનેક પર્વતોને ભેદવામાં [1] સમર્થ છે, તેમ આ ચોથા સજીવન કૂટ રૂપ તિર્થાધિરાજની આરાધનાથી અનેક ભવસંચિત ઘણાં પાપકર્મોનો નાશ થાય

૧ એવી લોકોક્તિ છે કે પ્રાચીન કાળમાં પર્વતો પાંખોવાળા હતા તેથી એ ઉડતા પર્વતો જ્યાં પડે ત્યાં ગ્રામ નગરાદિકને દબાવી દેતા, એ ફરિયાદ ઇન્દ્ર પાસે જતાં ઇન્દ્રે પોતાના મુખ્ય વજ્ર શસ્ત્રથી એ પર્વતોની પાંખો છેદી નાખી, ત્યારથી પર્વતો ચલ હતા તે અચલ—સ્થિર થઇ ગયા છે.

છે. વળી એ ફૂટ બન્ને ભવમાં કલ્યાણકારી છે. અર્થાત્ એ તીર્થની આરાધનાથી આરાધક ભવ્ય જીવોને આ લોકમાં ધન ધાન્યાદિ દ્રવ્યઋદ્ધિ પ્રાપ્ત થવા પૂર્વક સમ્યક્ત્વ દેશ-વિરતિ અને સર્વવિરતિ રૂપ ભાવઋદ્ધિ પ્રાપ્ત થાય છે, તેમજ તેઓ પરલોકમાં-પરભવમાં પણ દેવ દેવેન્દ્ર ચક્રવર્તી આદિ દ્રવ્યઋદ્ધિ પ્રાપ્ત કરી પર્યન્તે મોક્ષપદ રૂપ ભાવ ઋદ્ધિ પ્રાપ્ત કરે છે. એ રીતેબંને ભવમાં કલ્યાણ કર નાર હોવાથી આ શ્રીકદંબગિરિ તીર્થાધિરાજ અત્યંત મનોહર તીર્થ છે ॥ ૯ ॥

શ્રી સિદ્ધાચલ તીર્થથી કંઇક અધિક ૧ યોજન દૂર આ શ્રી કદંબગિરિ નામનું તીર્થ બિરાજે છે, અને તે શ્રીપુંડરિક-ગિરિના (શ્રી સિદ્ધગિરિના) જમણા હાથ જેવું ( જમણી બાજુએ ) શોભે છે. ॥ ૧૦ ॥

॥ બાર ગાઉની પ્રદક્ષિણામાં પ્રથમ કદંબગિરિ. ॥

વળી શ્રી સિદ્ધગિરિની ૬ ગાઉની અને ૧૨ ગાઉની પ્રદક્ષિણા તીર્થ ભક્તિના રંગે દેવાય છે, તેમાં ૧૨ ગાઉની પ્રદક્ષિણામાં સૌથી પ્રથમ શ્રીકદંબગિરિ આવે છે એમ જાણવું, એ તીર્થનું માહાત્મ્ય શ્રીશત્રુંજય માહાત્મ્ય નામના ગ્રન્થમાં કહેલ છે ॥ ૧૧ ॥

શ્રી શત્રુંજય માહાત્મ્યમાં કહેલું કદંબગિરિનું માહા-ત્મ્ય વિગેરે જણાવે છેઃ—

अह चक्कवट्टिपढमो–भरहो सिरिउसहदेवजिट्ठसुओ ॥
उल्लासाऽऽगच्छीअय–कयंबगिरितित्थजत्तट्ठं ॥१२॥

**સ્પષ્ટાર્થ**—આ અવસર્પિણીમાં શ્રી આદિનાથ પ્રભુના મોટા પુત્ર ભરત ચક્રવર્તી ૧૨ ચક્રવર્તીઓમાં સૌથી પ્રથમ ચક્રવર્તી થયા. તે અત્યંત ઉલ્લાસથી આ શ્રીકદંબગિરિ તીર્થની યાત્રા કરવાને માટે આવ્યા હતા. ॥ ૧૨ ॥

શ્રીનાભ ગણધરનું યાત્રાર્થે આગમન જણાવે છે—

**सिरिनाहमुसहपहुणो–पुव्विं तत्थागयं गणहरेसं ॥**
**पासित्ता हिट्ठहिओ–सुणीअ वक्खाणमुण्णइयं ॥ १३ ॥**

**સ્પષ્ટાર્થ**—જ્યારે ભરત ચક્રવર્તી આ તીર્થે યાત્રાર્થે આવ્યા હતા તે પહેલાંજ શ્રીઆદિનાથ પ્રભુના **શ્રીનાભ** નામના ગણધર પણ ત્યાં યાત્રા કરવાને આવ્યા હતા. તે શ્રીનાભ ગણધરનાં દર્શન કરીને હર્ષિત હૃદયવાળા ભરત ચક્રીએ આત્માની ઉન્નતિ કરનારૂં એવું ગણધર ભગવંતનું વ્યાખ્યાન સાંભળ્યું. ॥ ૧૩ ॥

વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ શ્રીભરત મહારાજે પૂછેલા પ્રશ્નની બીના વિગેરે જણાવે છે—

**पुच्छीअ य पज्जंते–भयवं ! किं रूवमस्स माहप्पं ॥**
**गणओ वरवाणीए–कहीअ सुण धरणिनाह ! मुया ॥१४॥**

**સ્પષ્ટાર્થ**—ગણધર ભગવંતનું વ્યાખ્યાન સમાપ્ત થયા બાદ ભરત ચક્રીએ અંજલિ જોડી વિનયપૂર્વક શ્રી ગણધર મહારાજને પ્રશ્ન કર્યો કે હે ભગવંત ! આ કદંબગિરિ તીર્થનું માહાત્મ્ય કેવા સ્વરૂપવાળું છે ? ત્યારે શ્રી ગણધર મહારાજે ઉત્તમ વાણી વડે કહ્યું કે હે રાજન્ ! જો તમને આ તીર્થનો મહિમા સાંભળવાની ઇચ્છા થઇ છે

તો હું તીર્થનો મહિમા કહું છું તે તમે હર્ષ પૂર્વક સાવધાનતાથી સાંભળો. ॥ ૧૪ ॥

શ્રીનાભ ગણધરે ભરતચક્રીને કહેલું કદંબગિરિનું માહાત્મ્ય ૧૦ ગાથામાં જણાવે છે—

कालत्तयसमयदुगे–तइए तह आरगे चउत्थे य ॥
चउवीसइ तित्थयरा–भाणुमिया चक्किणो निवई ॥१५॥
नववासुदेवनिवई–एवं पडिवासुदेवबलदेवा ॥
तिगुणिगवीससलागा–मज्झाया सासया भणिया ॥१६॥
उस्सप्पिणी ओसप्पिणी–बारसआरेहि कालचक्कस्स ॥
संजायस्स पवित्ती–अणुक्कमेणं मुणेअव्वा ॥१७॥
एयम्मि कालचक्के–संपइ ओसप्पिणीयकाला जा ॥
उस्सप्पिणी य पुव्वा–ताए पज्जंतिमो अरिहा ॥१८॥
आसो संपइनामा–तित्थयरो मग्गदेसणाकुसलो ॥
पहुणो तस्स कयंबो–गणाहिवो लद्धिसंपण्णो ॥ १९ ॥
मुणिकोडीपरिवरिओ, झाणानलदड्ढकम्मतणनियरो ॥
इह संपत्तो मुत्तिं–ता बिइया सिरिकयंबक्खा ॥ २० ॥
विगयाए चउवीसइ–याए बीओ अभू जिणाहीसो ॥
सिरिणिव्वाणी नामा–तस्स कयंबो गणाहीसो ॥ २१ ॥
पहुवयणेणाणसणं–किच्चा परिनिव्वुओ महुल्लासा ॥
इह तेण कयंबगिरी–अवि एवं वुच्चमन्नत्थ ॥ २२ ॥
दिव्वोसही विसिट्ठा–महप्पहावा इहेव विविहट्ठा ॥
नाणारसकूवीओ–सुरपायवरयणभूमीओ ॥ २३ ॥

दीवुस्सवे सुवाहु–त्तरायणे मंडलं नसेज्जा जो ॥
तस्सज्झक्खा देवा–होज्जा संकंतिगयदियहे ॥ २४ ॥

**સ્પષ્ટાર્થ**—હે ભરત! એવો નિયમ છે કે—ત્રણે કાળની અવસર્પિણી અને ઉત્સર્પિણી એ બેના (અર્થાત્ ચાલુ ઉત્સર્પિણી અવસર્પિણી રૂપ *કાળચક્રમાં અને તે પહેલાં વીતી ગયેલા અનન્ત કાળચક્રોમાં તથા ભવિષ્યકાળે વ્યતીત થનારા અનન્ત કાળચક્રોમાં અવસ૦ ઉત્સ૦ના) ત્રીજા આરામાં અને ચોથા આરામાં (એટલે ઉત્સર્પિણીના ત્રીજા આરામાં અને અવસર્પિણીના ચોથા[1] આરામાં) ૨૪ તીર્થંકરો અને [2]સૂર્ય સંખ્યા જેટલા ચક્રવર્તી રાજાઓ એટલે ૧૨ ચક્રવર્તીઓ થાય છે. ॥ ૧૫ ॥

તેમજ ૯ વાસુદેવ રાજાઓ, અને એ જ પ્રમાણે ૯ પ્રતિવાસુદેવ રાજા, ૯ બળદેવ એ રીતે એકવીસને ત્રણ ગુણા કરીએ તેટલા ૨૧×૩=૬૩ શલાકા પુરૂષો (ઉત્તમ પુરૂષો) થાય છે. એ શાશ્વતી મર્યાદા છે, કારણ કે કોઇ પણ

---

*ઉત્સ૦ અવસ૦ બે મળીને ૨૦ કો૦ કો૦ સાગરો૦ પ્રમાણ ૧ કાળચક્ર જાણવું.

૧ જો કે ઋષભદેવ અને ભરતચક્રી જેમ આ અવસર્પિણીના ચોથા આરામાં નહિં પરન્તુ ત્રીજા આરાના અન્તે થયા તેમ એક તીર્થંકર વા ચક્રવર્તીને અંગે આરાનો વિપર્યય હોય પરન્તુ તે અલ્પની અવિવક્ષા કરીને જ અહિં ઉત્સ૦ના ત્રીજા અને અવસ૦ના ૪થા આરામાં ૬૩ શલાકા પુરૂષ કહ્યા છે પરન્તુ ૬૧ નથી કહ્યા.

૨ લોકોમાં સૂર્ય બાર કહ્યા છે માટે સૂર્ય સંખ્યા એટલે ૧૨.

અવસ૦ ઉત્સ૦માં એ પૂર્વોક્ત સંખ્યાથી અધિક એક પણ તીર્થંકરાદિ થાય નહિ તેમ એથી એકાદિ ન્યૂન પણ તીર્થંકરાદિ થાય જ નહિ, એ પ્રમાણે જગત્સ્વભાવેજ તીર્થંકરાદિ ઉત્તમ પુરૂષો નિયમિત સંખ્યાએ જ થાય છે માટે એ મર્યાદા શાશ્વતી છે. ॥ ૧૬ ॥

કાળચક્રમાં આરાની પ્રવૃત્તિ.

૧૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ એક ઉત્સર્પિણી કાળ અને ૧૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ એક અવસર્પિણી કાળ એ બે મળીને ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ થયેલા ૧ કાળચક્રની પ્રવૃત્તિ ઉત્સર્પિણીના ૬ આરા અને અવસર્પિણીના ૬ આરા મળી ૧૨* આરાવડે અનુક્રમે

---

* ઉત્સર્પિણીના ૬ આરા ને અવસર્પિણીના ૬ આરા આ પ્રમાણે—

| ઉત્સ૦ | અવસ૦ | નામ | સ્વરૂપ | સ્થિતિ |
|---|---|---|---|---|
| ૧ | ૬ | **દુષમ દુષમ** | અત્યંત દુઃખ ને દુઃખમય | ૨૧૦૦૦ વર્ષ પ્રમાણ |
| ૨ | ૫ | **દુષમ** | દુઃખમય (પહેલાથી અલ્પ દુઃખ) | ૨૧૦૦૦ વર્ષ પ્રમાણ |
| ૩ | ૪ | **દુષમ સુષમ** | જેમાં દુઃખમય સાથે અલ્પ સુખ પણ હોય. | ૧ કોડાકોડી સાગરોપમમાં ૪૨૦૦૦ વર્ષ ન્યૂન |
| ૪ | ૩ | **સુષમ દુષમ** | જેમાં દુઃખ અલ્પ ને સુખ અધિક | ૨ કો૦ કો૦ સાગરો૦ |
| ૫ | ૨ | **સુષમ** | દુઃખ વિના કેવળ સુખમય | ૩ કો૦ કો૦ સાગરો૦ |
| ૬ | ૧ | **સુષમ સુષમ** | અત્યન્ત સુખ ને સુખમય | ૪ કો૦ કો૦ સાગરો૦ |

એ પ્રમાણે ૧૨ આરામય ૧ કાળચક્ર છે, આરા એટલે કાળ વિભાગ. ઉત્સર્પિણી કાળના પ્રારંભથી પર્યન્ત સુધી જીવોનાં આયુષ્ય

( ક્રમે।ક્રમે ) બનેલી જાણવી. અર્થાત્ એક કાળચક્રમાં ૧૨ આરા ક્રમોત્ક્રમે, (ઉલટસુલટા ક્રમે) પરિવર્તન ( ફેરફાર ) પામે છે. ॥ ૧૭ ॥

ગત ઉત્સર્પિણીમાં શ્રીસંપ્રતિ જિનના કદંબ ગણધરની બીના—

આ વર્તમાન કાળચક્રમાં અત્યારે ચાલતી અવસર્પિણી કાળની પહેલાં જે ઉત્સર્પિણી વ્યતીત થઇ ગઈ તે ઉત્સર્પિણીમાં જે છેલ્લા અરિહંત ભગવંત સંપ્રતિ નામના તીર્થંકર થયા કે જે મુક્તિમાર્ગ દેખાડવામાં અત્યંત કુશળ હતા, તે શ્રીસંપ્રતિ જિનના સર્વ લબ્ધિસંપન્ન (આમર્ષૌષધ્યાદિ અનેક લબ્ધિઓ જે ગણધર ભગવંતને હોઈ શકે તેવી સર્વ લબ્ધિઓવાળા) એવા શ્રીકદંબ ગણધર નામના ગણધર થયા. ॥ ૧૮ ॥૧૯ ॥

શ્રી કદંબ ગણધર મોક્ષે જવાથી આ તીર્થનું કદંબગિરિ નામ પ્રસિદ્ધ થયું તે જણાવે છેઃ—તે શ્રીકદંબ ગણધર આ તીર્થે ક્રોડ મુનિઓના પરિવાર સહિત આવ્યા, અને આ તીર્થ ઉપર શુક્લધ્યાન રૂપ ધગધગતા અગ્નિ વડે પૂર્વભવમાં સંચિત કરેલાં સર્વ આઠે કર્મ રૂપી ઘાસના સમૂહને બાળીને ( એટલે આ તીર્થના આરાધન ગર્ભિત શુક્લ ધ્યાનથી સર્વ કર્મનો નાશ કરીને) મોક્ષપદ પામ્યા, તે કારણથી

સંઘયણ બળ ભૂમિના ને વનસ્પતિઓના રસકસ વર્ણ ગંધ આદિ સર્વ અધિકાધિક વૃદ્ધિ પામે છે, ને અવસર્પિણીમાં એ સર્વ ભાવો ક્રમશઃ ઘટતા ઘટતા (ઉતરતા—હાનિવાળા) હોય છે. એ કાળચક્રો કેવળ ૫ ભરત ૫ ઐરવતમાં જ હોય છે. મહા વિદેહમાં સર્વદા ચોથો આરો હોય છે.

શ્રી કદંબગિરિ એવું આ તીર્થનું (ચોથા સજીવન કૂટનું) નામ પ્રસિદ્ધ થયું. ॥ ૨૦ ॥

અવત૦—ગત ઉત્સર્પિણીમાં શ્રીનિર્વાણી જિનના કદંબ ગણધરથી પણ કંદબગિરિ નામ તેમજ બીજી રીતે પણ આ તીર્થનું કંદબગિરિ નામ પ્રસિદ્ધ થયું તે આ પ્રમાણે-

ગઇ ચોવીસીમાં શ્રી निर्वाणीजिन નામના બીજા તીર્થંકર થયા, તેમને કદંબ નામના ગણધર હતા. ॥ ૨૧ ॥ શ્રીનિર્વાણી પ્રભુના ઉપદેશ વચનથી તે ગણધર આ તીર્થ પર આવી ચિત્તના અતિ ઉલ્લાસ સહિત અનશન તપ આદરીને આ તીર્થપર મુકિતપદ પામ્યા તે કારણથી પણ આ તીર્થનું कदंबगिरि એ નામ પ્રસિદ્ધ થયું. એ પ્રમાણે પણ બીજા ગ્રન્થોમાં કહ્યું છે [ તાત્પર્ય એ છે કે—વિદ્યાપ્રાભૃત શાસ્ત્રમાં એમ કહ્યું છે કે ગઇ ચોવીશીના છેલ્લા તીર્થંકરના કદંબ ગણધર મોક્ષે જવાથી આ તીર્થનું કદંબગિરિ નામ પડયું, અને અન્ય શાસ્ત્રમાં એમ કહ્યું છે કે એજ ચોવીસીના બીજા તીર્થંકરના કદંબ ગણધર મોક્ષે જવાથી કદંબગિરિ નામ પડયું. એ પ્રમાણે કદંબગિરિ નામની પ્રસિદ્ધિ બે રીતે કહી છે. ] ॥ ૨૨ ॥

તીર્થભૂમિમાં વર્તતી ઔષધિઓ વગેરે જણાવે છે—

- વળી આ કદંબગિરિ તીર્થમાં વિશિષ્ટ પ્રકારની દિવ્ય ઔષધિઓ (એટલે અનેક પ્રકારની ચમત્કારી વનસ્પતિઓ) ઉત્પન્ન થાય છે કે જે ઔષધિઓ મહાપ્રભાવવાળી છે. અને અનેક પ્રકારનાં ઇષ્ટ કાર્યોની સિદ્ધિ કરનારી છે. નાના પ્રકારના (વિવિધ પ્રકારની રસકૂપિકાઓ પણ આ તીર્થમાં

છે ( જે રસો વડે સુવર્ણસિદ્ધિ રજતસિદ્ધિ આદિ ધાતુઓ સિદ્ધ થાય છે, તેમજ આ તીર્થ સુરપાદપનું (કલ્પવૃક્ષનું) સ્થાન છે, અને સુરરત્નોનું એટલે દિવ્યરત્નોનું પણ સ્થાન છે. ( અર્થાત્ આ તીર્થની ભૂમિમાં અતિ ઉત્તમ રત્નો પણ ઉત્પન્ન થાય છે ) ॥ ૨૩ ॥

અધિષ્ઠાયક દેવોને પ્રત્યક્ષ થવાનો મહિમા વગેરે જણાવે છે—

દીપોત્સવી (દીવાલીના) દિવસે ઉત્તમ વારવાળી ઉત્તરાયણમાં અને સૂર્યની સંક્રાન્તિના દિવસે જે કોઇ મહાત્મા આ ગિરિમાં મંડલ (મન્ત્રમંડલ) સ્થાપે એટલે મંડળી આલેખી મન્ત્રજાપ કરે તેને દેવો પ્રત્યક્ષ થાય છે. ॥ ૨૪ ॥

આ ગિરિનેજ શરણે આવવાનો ઉપદેશ વિગેરે બાર શ્લોકોમાં જણાવે છે:-

**नणत्थ गईजुत्ता—भव्वा ! तुम्हाण बुद्धिकलियाणं ॥**
**विउलनिही एस गिरी·ओसहिरसकुंडसिद्धीणं ॥ २५ ॥**

સ્પષ્ટાર્થ— તે કારણથી હે ભવ્ય જીવો ! બુદ્ધિયુક્ત એવા તમારા જેવાની ( તમો જો અત્યંત બુદ્ધિશાળી છો તો તમારી ) ગતિ અન્યત્ર બીજે ક્યાંય પણ ન હોઈ શકે, એટલે બીજા અપ્રભાવી તીર્થ કુદેવ કુગુરૂ આદિ સ્થાને ભટકવાની કંઈ પણ જરૂર નથી. પણ તમો આ શ્રી કદંબગિરિ તીર્થનેજ શરણે આવો, આ તીર્થજ તમારી ગતિ (શરણ કરવા લાયક) છે, કારણ કે અનેક ચમત્કારી ઔષધિઓનો અનેક ધાતુ સિદ્ધ કરવાના રસોનો અનેક પ્રભાવવાળા કુંડોનો અને અણિમા આદિ સિદ્ધિઓનો આ તીર્થગિરિ વિશાળ નિધિ છે. મોટો ખજાનો છે. મહાન ભંડાર છે,

તો બીજે સ્થાને જવાની શી જરૂર છે? એટલે આ લોકના પૌદ્ગલિક સુખની ઇચ્છાવાળા જીવોને પણ ઓષધિ આદિક ચમત્કારી વસ્તુઓ આ ગિરિમાંથીજ મળી રહે છે. અને આત્મિક સુખની ઇચ્છાવાળાને પણ અધ્યાત્મ ભાવના અને મોક્ષમાર્ગની સાધના વિગેરે યોગભેદનાં સાધનો પણ અહિં પૂરતાં મળી રહે છે, તો હે ભવ્ય જીવો! તમારે અન્ય સ્થાને જવાની શી જરૂર છે! ॥ ૨૫ ॥

સોરઠવાસીઓને ધન્યવાદ વિગેરે—

**सज्झायझाणहेऊ–पसंतिसुहदायगो कयंबगिरी ॥**
**जम्मि पएसे होज्जा–ते सोरट्ठा नरा धण्णा ॥ २६ ॥**

**સ્પષ્ટાર્થ**—વાચના પૃચ્છના આદિ [1]પાંચ પ્રકારના સ્વાધ્યાય અને ધર્મ ધ્યાન તથા શુક્લધ્યાનના ૪–૪ ભેદ મળી[2]

---

૧ **वाचना**=શાસ્ત્ર વાંચવાં વા ભણાવવું, **पृच्छना**=શંકિત સ્થળોએ પૂછવું, **परिवर्तना**=પ્રથમનાં ભણેલાં મૂલ સૂત્રો સંભારવા, **धर्मकथा**=ધર્મોપદેશ (ધર્મ કથા) આપવો અથવા સાંભળવો ને **अनुप्रेक्षा**=ભાવના વા તત્વ (અર્થ) વિચારણા. એ પાંચ સ્વાધ્યાય છે.

૨ આઠ પ્રકારનું શુભ ધ્યાન આ પ્રમાણે—

૧ **आज्ञाविचय धर्मध्यान**—શ્રી જિનેશ્વર ભગવંતની આજ્ઞા વિચારવી તે.

૧ **अपाय विचय धर्मध्यान**—સંસારની ઉપાધિઓ એ કષ્ટમય છે એમ વિચારવું તે.

૩ **विपाकविचय ध०**—પાપ કર્મનાં અશુભ ફળ અને પુણ્ય કર્મનાં શુભ ફળ વિચારવાં તે.

૮ પ્રકારનાં શુભ ધ્યાન એ બેનું કારણભૂત, ઉત્તમ શાન્તિ ઉપજાવનારો, અને સર્વ પ્રકારનાં સુખ આપનારો એવો આ કદંબગિરિ જે ઉત્તમ દેશમાં એટલે સોરઠ દેશમાં વર્તે છે, તે સોરઠ દેશના રહેવાસી નર નારીઓને પણ ધન્ય છે કે જ્યાં આવો પ્રભાવિક ગિરિ છે. ॥ ૨૬ ॥

શ્રી કદંબગિરિના આશ્રયથી વિશેષ લાભ—

**दारिद्ददुक्खपसरो–सिग्घं नस्सइ कयंबगिरिवासा ॥**
**आरुग्गुणइनिलओ–सुहभावासेवगो होज्जा ॥ २७ ॥**

સ્પષ્ટાર્થ—શ્રી કદંબગિરિમાં નિવાસ કરવાથી (એટલે ઘર બાંધીને આજીવિકા અર્થે નિવાસ કરવાથી નહિ પરન્તુ આત્માની ઉન્નતિ માટે ધ્યાનાદિક અર્થે રહેવાથી–વસવાથી)

---

૪ **संस्थान विचय धर्म०**—લોક અલોકનું સ્વરૂપ વિચારવું તે.

એ ઉપરાન્ત મૈત્રી આદિ ૪ ભાવના તથા પિંડસ્થ આદિ ૪ ધ્યાન વિગેરે ધર્મધ્યાનના જ પ્રકારો છે

૫ **सवितर्क सपृथक्त्व सविचार शुक्लध्यान**—શ્રુતાનુસારી ચિન્તવન સહિત યોગમાં અર્થાદિકમાં અને દ્રવ્યાદિકમાં ચિત્તની ભિન્ન ભિન્ન વિચારણા-સંક્રમ તે.

૬ **सवितर्क अपृथक्त्व (एकत्व) अविचार शु०**—શ્રુતાનુસારી ચિન્તવન સહિત કોઈ પણ એક જ અર્થાદિકમાં એકજ યોગમાં ને એકજ દ્રવ્યાદિકમાં ચિત્તની સ્થિરતા તે.

૭ **सूक्ष्मक्रिया अनिवृत्ति शुक्लध्यान**—બાદર યોગ બંધ થઈને સૂક્ષ્મ યોગ પ્રવૃત્તિવાળી આત્મપરિણતિ (સ્થિર પરિણતિ).

૮ **व्युच्छिन्न क्रिया अनिवृत्ति शुक्लध्यान**—પુનઃ યોગ નહિં પ્રાપ્ત થાય એવી યોગાભાવવાળી આત્મપરિણતિ (સ્થિરપરિણતિ).

દારિદ્રય અને દુઃખનો વિસ્તાર શીઘ્ર નાશ પામે છે, તથા નિર્મલ ભાવથી આ તીર્થની ભક્તિ કરનારા જીવો આરોગ્ય (દેહારોગ્ય ને ધર્મારોગ્ય એ બન્ને આરોગ્ય) અને ઉન્નતિને એટલે ઉત્તરોત્તર વૃદ્ધિવાળા પુણ્યાનુબંધિ પુણ્યપૂર્વક આત્માની ચઢતી દશાને પામે છે. ॥ ૨૭ ॥

दारिद्दायलवज्जे–णवि कायंबेण जस्स णो णट्ठो ॥
दारिद्दकट्ठसेलो–सो णिब्भग्गाहिओ भुवणे ॥ २८ ॥

સ્પષ્ટાર્થ—જે ભવ્ય જીવ આ તીર્થનો આશ્રય કરવા છતાં લાભ ન પામે તો તે અતિ નિર્ભાગી જાણવો એમ જણાવે છે.

દુઃખ દારિદ્રય રૂપી પર્વતોને છેદવામાં વજ્ર સરખા એવા આ પ્રભાવિક કદંબ ગિરિ તીર્થની સેવા કરવા વડે પણ જે જીવના દારિદ્રય દુઃખરૂપી પર્વતો નાશ ન પામે તો જાણવું કે ત્રણે ભુવનમાં એ જીવ કોઇ અતિ નિર્ભાગ્યશેખર છે. [ જેમ ગંગા નદીમાં રહેતો મત્સ્ય પણ તરસ્યો મરતો હોય તો એ મત્સ્યના જેવો નિર્ભાગી કોણ ? તેમ ભક્તિ ભાવથી આ તીર્થની છાયામાં રહ્યા છતાં પણ જે તીર્થદ્વારા આત્મલાભ ન મેળવી શકતો હોય તો એના જેવો બીજો નિર્ભાગી કોણ ? ] ॥૨૮॥

किं कामधेणु चिंता–मणिकामलयामरामपमुहेहिं ॥
तुट्ठो जस्स कयंबो–पओयणं तस्स नण्णस्स ॥ २९ ॥

સ્પષ્ટાર્થ—અહો ! જે ભાગ્યશાળી જીવને કદંબગિરિ

તુષ્ટમાન થયો તે જીવને કામધેનુ[1] ગાય વડે શું ? ચિન્તામણિ રત્ન વડે શું ? કામલતા વડે શું ? તથા કલ્પવૃક્ષ વિગેરે વડે શું ? એટલે એ કામધેનુ વિગેરે આ લોકના સુખશાળી વસ્તુઓથી શું પ્રયોજન હોય ? કારણ કે એ ભાગ્યશાળી જીવને તો એ ગિરિની આરાધનાથી અનેક આત્મલબ્ધિઓ પ્રાપ્ત થાય છે. જેથી તેવી આત્મલબ્ધિઓવાળા યોગી મહાત્માઓને તો કામધેનુ ગાય આદિ વસ્તુઓ અત્યંત તુચ્છ લાગે છે. માટે એવા જીવોને કામધેનુ આદિ અન્ય કોઇ વસ્તુનું પ્રયોજન નથી. કેવળ આત્મ ઉન્નતિવાળા યોગમાર્ગનું જ પ્રયોજન છે. ॥૨૯॥

આ તીર્થમાં પ્રકાશવન્તી ઔષધિઓ.

जत्थोसहीउ नत्तं-नियमा विमलं सुविसरपसरेहिं ॥
तिमिरं नासंति जहा-निद्धणगेहाउ दारिद्दं ॥ ३० ॥

**સ્પષ્ટાર્થ**—નિર્ધનના ઘરમાંથી જેમ દારિદ્રય દુઃખ નાશ પામે છે, તેમ ઔષધિઓ એટલે ચળકતી વનસ્પતિઓ પણ પોતાનાં પ્રકાશનાં કાન્તિનાં નિર્મળ કિરણો વડે રાત્રે

---

૧ લોકમાં ઇચ્છિત વસ્તુ આપનારી દૈવી ગાયને કામધેનુ કહે છે, એજ રીતે ઇચ્છિત વસ્તુ આપનાર ચિન્તામણી રત્ન, ને ઇચ્છિત વસ્તુ આપનારી ચિત્રાવલ્લી સરખી કોઈ વલ્લીને કામલતા કહે છે, અને કલ્પવૃક્ષ તો પ્રસિદ્ધ છે, કે જે યુગલિક કાળમાં ૧૦ કર્મભૂમિમાં હોય છે, અને દેવકુર્વાદિ યુગલ ક્ષેત્રોમાં સર્વદા છે, તેમજ દેવલોકમાં પણ હોય છે, એ વૃક્ષો ૧૦ પ્રકારનાં છે તે ત્રેસઠ શલાકા પુરૂષ ચરિત્ર વિગેરેમાં જણાવ્યા છે.

અંધકારનો નાશ કરે છે. એટલે આ કદંબગિરિ જેમ પોતાના તીર્થપ્રભાવ વડે નિર્ધન જનોનાં દારિદ્રયનો નાશ કરે છે તેમ ગિરિની વનસ્પતિઓ અંધકારનો નાશ કરે છે. ॥૩૦॥

આ તીર્થમાં સનાતની કલ્પવૃક્ષો.

देवाहिट्ठियछाया–सुररुक्खा इह सणायणा होज्जा ॥
वंछियदाणसमत्था–अच्चब्भुयविइयमाहप्पा ॥३१ ॥

સ્પષ્ટાર્થ—વળી આ ગિરિમાં દેવાધિષ્ઠિત છાયાવાળાં એટલે જેની છાયા નીચે દેવો પણ વિશ્રામ અને આનન્દ લેવા બેસે છે એવાં સનાતન પ્રાચીન કલ્પવૃક્ષો પણ છે કે જે કલ્પવૃક્ષો વાંછિત દાન દેવામાં સમર્થ છે. અને અતિ અદ્ભુત પ્રસિદ્ધ માહાત્મ્યવાળાં છે એટલે જે કલ્પવૃક્ષોનું માહાત્મ્ય અતિ આશ્ચર્યકારી છે. (એવાં કલ્પવૃક્ષો આ ગિરિમાં છે.) ॥૩૧॥

જો એવાં કલ્પવૃક્ષો અત્યારે છે તો દેખાતાં કેમ નથી ? તેનો ઉત્તર કહે છે—

कालस्स हानिदोसा–नवरं होज्जा न णेत्तविसया ते ॥
वरिसाकालम्मि जहा–मेहप्पच्छण्णरविकिरणा ॥३२॥

સ્પષ્ટાર્થ—એ કલ્પવૃક્ષાદિ શુભ વસ્તુઓ જો કે કદંબગિરિમાં અત્યાર પણ છે. પરન્તુ આ અવસર્પિણી કાળમાં કરેક શુભ ભાવો પ્રતિ સમય હાનિ પામતા જાય છે.

अहुणा सुरपच्चक्खा–संताऽवि तिरोहिया पहाणत्था ॥
तक्कालदोसविलया–नियमा पाउब्भविस्संति ॥३३॥

વર્તમાન સમયમાં એ કલ્પવૃક્ષાદિ[1] શુભ પદાર્થો છે

૧ કલ્પવૃક્ષો યુગલિક ક્ષેત્રોમાં પણ હોય છે, અને તે કલ્પવૃક્ષો ૧૦ પ્રકારનાં કહ્યાં છે

**१ मत्तांग कल्पवृक्ष**—મત્ત એટલે મદ તેનું અંગ એટલે કારણ તે મત્તાંગ કલ્પવૃક્ષ અર્થાત્ આ કલ્પવૃક્ષમાં જે ફળ પુષ્પને પત્રાદિ છે તેનો રસ ચંદ્રપ્રભા આદિ મદિરાથી પણ વિશેષ સ્વાદવાળો તેમજ ઉત્તમ વર્ણ ગંધ રસ ને સ્પર્શવાળો હોય છે. એ રસ યુગલિકોને આરોગ્યકારી પુષ્ટિકારી ને સૌભાગ્યકારી મદકારી અને તુષ્ટિકારક હોય છે.

**२ भृतांग कल्पवृक्ष**—આ વૃક્ષનાં ફળ પત્રાદિના આકાર ઉત્તમ રત્નનાં સુવર્ણોનાં ને ચાંદીનાં જૂદી જૂદી જાતિનાં થાળી વાડકા કુંડાં ઘડાદિ ભાજનો–વાસણો સરખા હોય છે, જેથી આ વૃક્ષ યુગાલિકોને વાસણની ગરજ સારે છે.

**३ तुर्यांग कल्पवृक्ष**—આ વૃક્ષો યુગલિકોને વિવિધ પ્રકારનાં વાજિંત્રોની ગરજ સારે છે, કારણ કે વૃક્ષનાં ફળ પુષ્પ પત્રાદિ વાયુના પ્રયોગથી જ્યારે પરસ્પર અફળાય છે ત્યારે એમાંથી વિવિધ વાજીંત્રોના સુર ઉઠે છે, જેથી શ્રોતાઓને જાણે દેવ સંગીત ચાલતું હોય એમ લાગે છે.

**४ दीपशिखा कल्पवृक्ष**—આ વૃક્ષનાં પત્રાદિ અંગો દીવાની જ્યોતિના પ્રકાશ સરખા પ્રકાશવાળા હોય છે, તેથી આ વૃક્ષો યુગલિકોને રાત્રિના અંધકારમાં પ્રકાશની ગરજ સારનારા છે.

**५ ज्योतिष्कल्पवृक्ष**—આ વૃક્ષનાં પત્રાદિ અંગો સૂર્ય સરખા વિજળી સરખા ઉલ્કાના તેજ સરખા અને અગ્નિના તેજ સરખા તેજવાળા છે, જેથી યુગલિકોને અત્યંત પ્રકાશની ગરજ સારે છે. સૂર્યની માફક ઉષ્ણ તેજવાળા નથી પરન્તુ સમશીતોષ્ણ (સુખકારી) તેજવાળા છે.

૬ **ચિત્રાંગ કલ્પવૃક્ષ**—આ વૃક્ષોમાં પુષ્પો પુષ્પની માળાઓ એ સર્વ તૈયાર હોય છે. અને તે પણ વિચિત્ર વર્ણવાળા હોવાથી ચિત્રશાળાની માફક તે વૃક્ષ શોભે છે. જેથી એ વૃક્ષ યુગલિકોને ચિત્રશાળાની ગરજ સારે છે. વળી એ વૃક્ષની નીચે વેરાયલાં વિચિત્ર વર્ણી પુષ્પોથી ભૂમિ પણ ચિત્રામણવાળી લાગે છે.

૭ **ચિત્રરસ કલ્પવૃક્ષ**—આ વૃક્ષનાં પત્ર પુષ્પ ફળો વિગેરે એવા સુંદર રસવાળાં ને સ્વાદવાળાં ને તુષ્ટિ પુષ્ટિકારક છે કે જે ખાવાથી અહિંના મનુષ્યોને શિખંડ બાસુદી દૂધપાક દાળભાત શાક ઈત્યાદિ વિચિત્ર રસવતીઓ-ભોજનો (અથવા અશન પાન ખાદિમ સ્વાદિમ એ ચારે પ્રકારના આહાર) ખાવાથી જેટલો આનંદ ને સંતોષ થાય છે તેથી પણ અધિક આનંદ ને સંતોષ ત્યાંના યુગલિકોને એ પત્ર પુષ્પાદિ ખાવાથી થાય છે.

૮ **મણ્યંગ કલ્પવૃક્ષ**—આ વૃક્ષોમાં સુવર્ણના હાર રત્નહાર મુગટ બાજુબંધ બહેરખાં કુંડલ કડી કંદોરા વીંટીઓ વિગેરે સુવર્ણ રત્નનાં ઘરેણાં સરખાં ઘરેણાં ઉત્પન્ન થાય છે, જેથી એ વૃક્ષવડે યુગલિકોને ઘરેણાંની ગરજ સરે છે.

૯ **ગૃહાકાર કલ્પવૃક્ષ**—આ વૃક્ષો આકારમાં ઘરની જેવા હોય છે જેથી શાસ્ત્રમાં કહેલાં ૧૬ પ્રકારનાં ઘર સરખાં ઘરવાળાં હોય છે તેમાં અગાસી ઝરૂખા માળ જીના ઈત્યાદિ સર્વ રચના રાજમ્હેલ વિગેરે સરખી હોય છે, જેથી યુગલિકોને ઘરની ગરજ આ કલ્પવૃક્ષોથી સરે છે.

૧૦ **અનગ્ન કલ્પવૃક્ષ**—આ વૃક્ષમાં ઉત્તમ ચીનાઈ રેશમી વસ્ત્ર સરખાં ને સૂત્ર વિગેરેના વસ્ત્ર સરખાં વસ્ત્રો ઉત્પન્ન થાય છે. જેથી યુગલિકોને વસ્ત્રોની ગરજ આ વૃક્ષથી સરે છે.

એ પ્રમાણે વિવિધ પ્રધાન સામગ્રીઓ આપનારાં કલ્પવૃક્ષો શ્રી કદંબગિરિ તીર્થમાં અત્યારે પણ છે પરન્તુ કાળદોષથી દેખાતાં નથી એ ભાવાર્થ છે.

જે પ્રધાન પ્રયોજનવાળા છે એટલે ચમત્કારી કાર્યો કરનારા છે તે દેવોને પ્રત્યક્ષ છે તો પણ ગિરિમાં તિરોહિત થયેલા છે (અન્તર્ધાન પામેલા છે) તેથી મનુષ્યોને સાક્ષાત્ દેખાતા નથી, પરંતુ કાળદોષનો નાશ થશે અને ઉત્સર્પિણી નામનો પ્રતિસમય ચઢતા ભાવવાળો શુભ કાળ આવશે ત્યારે એ [1]કલ્પવૃક્ષાદિ શુભ પદાર્થો મનુષ્યોને પણ સાક્ષાત નજરે આવે એ રીતે નિશ્ચય પ્રગટ થશે જ એમાં કંઇ સંશય નથી. ॥ ૩૩ ॥

આ તીર્થમાં પ્હેલા આદીશ્વરનાં પગલાં દેવકુલિકા ને રાયણવૃક્ષ વિગેરે હતા, તે જણાવે છે—

**सोहंति पाउयाओ–मरुदेवीणंदणस्स जत्थ सुहा ॥**
**महई देउलियाऽवि य–जत्थ य रायायणीरुक्खो ॥३४॥**

સ્પષ્ટાર્થ—વળી શ્રી શત્રુંજયગિરિ તીર્થમાં જે મુખ્ય શિખર ઉપર મરૂદેવા માતાના નન્દન શ્રી ઋષભદેવ પ્રભુની શુભ પાદુકાઓ (પ્રભુનાં પગલાં) અને તે પાદુકા ઉપર મોટી દેવકુલિકા (મોટી દેરી) છે, કે જ્યાં રાજાદની વૃક્ષ (રાયણ વૃક્ષ) પણ છે, અર્થાત રાયણ વૃક્ષની નીચે મોટી દેહરીમાં શ્રી આદીશ્વર પ્રભુનાં પગલાં છે. ॥ ૩૪ ॥

**जह तं मुक्खं सिहरं–सयलाहतणोहदाहजलणसमं ॥**
**सुहवित्थारुवयारं–उभयत्थ तहा कयंबगिरी ॥ ३५ ॥**

સ્પષ્ટાર્થ–તે આદીશ્વર પ્રભુનાં પગલાં સહિત રાયણ વૃક્ષવાળું શત્રુંજય ગિરિનું મુખ્ય શિખર જેવી રીતે ભવ્ય જીવોનાં સર્વપાપરૂપી ઘાસના સમૂહને બાળવામાં અગ્નિ સરખું

છે તેમજ આ લોક પરલોકમાં બન્ને સ્થાને વિશાળ સુખને આપવા રૂપ ઉપકાર કરનારૂં છે. તેવીજ રીતે આ કદંબગિરિ (નામનું શિખર યા તીર્થ) ભવ્ય જીવોના પાપરૂપી ઘાસના સમૂહને બાળવામાં અગ્નિ સરખું છે, અને ઉભય લોકમાં વિશાળ સુખ આપનારૂં છે. ॥ ૩૫ ॥

समए भाविणि खाइं–पाविस्सइ भव्वभद्दतित्थमिणं ॥
अज्जवि दीसइ एवं–गणिवयणं अण्णहा होइ ॥ ३६ ॥

સ્પષ્ટાર્થ—પુનઃ શ્રીનાભ ગણધર ભરત ચક્રવર્તીની આગળ કહે છે કે—આ મનોહર કલ્યાણકારી તીર્થ ભવિષ્યમાં વિશેષ પ્રસિદ્ધિને પામશે, જે રીતે શ્રીનાભ ગણધર ભગવંતે ભવિષ્યકાળમાં આ તીર્થ વિશેષ પ્રસિદ્ધિને પામશે એમ કહ્યું હતું તે રીતે આ તીર્થની આજે પણ અત્યંત પ્રસિદ્ધિ સર્વ જનોને નજરો નજર દેખાય છે ખરેખર શ્રી ગણધર ભગવંત જેવા મહાન્ શ્રુતકેવલિઓનાં વચન અન્યથા-અસત્ય ન જ હોય. એટલે સાચા પડે છે. ॥ ૩૬ ॥

આ તીર્થ ઉપર ભરત ચક્રીએ ધર્મોદ્યાનમાં બંધાવેલા પ્રાસાદની બીના ત્રણ ગાથામાં જણાવે છે—

इय वण्णियमाहप्पं–सोच्चा भरहाहिवेण भरहेणं ॥
एयस्सुप्पिं विहिणा–णायागयदविणजाएणं ॥ ३७ ॥
धम्मुज्जाणे रम्मे–विसिट्ठपायवलयाइसंदित्ते ॥
अप्पणरूवनिरिक्खा–यरिसे जुग्गे य झाणस्स ॥३८॥
वड्ढइमाइस्स तया–मात्तिजिणेसस्स वद्धमाणस्स ॥
पासाओ कारविओ–इंदाणंदो दरिसणिज्जो ॥३९॥

સ્પષ્ટાર્થ—એ પ્રમાણે આ ૬*ખંડ પ્રમાણ ભરતક્ષેત્રના અધિપતિ ભરત ચક્રવર્તીએ શ્રીનાભ ગણધર પાસેથી શ્રીકદંબગિરિ તીર્થનું વર્ણવેલું માહાત્મ્ય સાંભળીને એ તીર્થના ઉપર (કદંબગિરિના શિખર ઉપર) ન્યાયથી ઉપાર્જન કરેલા દ્રવ્યવડે મંદિર બંધાવ્યું એમ આગળ જણાવે છે. (સંબંધ ૩૮–૩૯ મી ગાથામાં છે) ॥ ૩૭ ॥

રમ્ય (મનોહર) અને વિશિષ્ટ પ્રકારનાં વૃક્ષો અને લતાઓ આદિ વનસ્પતિઓ વડે અત્યંત દીપતા અને પોતાનું આત્મસ્વરૂપ જોવામાં આદર્શ સરખા નિર્મળ (અર્થાત્ ગિરિની પત્થર ભૂમિ એવી લીસી અને ચકચકિત નિર્મળ છે કે જેમાં ફરતા મનુષ્યાદિકનાં પ્રતિબિંબ પણ પડી શકે છે એવી નિર્મળ) ભૂમિવાળા અને યોગી મહાત્માઓને ધ્યાન કરવા યોગ્ય (અર્થાત્ એ ગિરિમાં એવી એકાન્ત અને શાન્તિઆપનારી ગુફાઓ છે કે જે ગુફાઓમાં યોગીઓ શાંતિપૂર્વક ધ્યાન કરી શકે છે.) ॥ ૩૮ ॥

એવા **ધર્મોદ્યાન** નામના વનમાં (બગીચા)માં ભરત ચક્રવર્તીએ તે વખતે ભવિષ્યમાં થનારા ચોવીસમા તીર્થંકર શ્રીમહાવીર જિનેશ્વરનો પ્રાસાદ બાંધવાનો પોતાના વાર્ધકિ રત્નને (શિલ્પી રત્નને) આદેશ આપીને ઇન્દ્રને પણ આનન્દ પમાડે

---

૧ દક્ષિણાર્ધનો મધ્યખંડ, ૨ દક્ષિણાર્ધનો સિંધુ નિષ્કુટ ખંડ, ૩ ઉત્તરાર્ધનો સિંધુ નિષ્કુટ ખંડ, ૪ ઉત્તરાર્ધનો મધ્યખંડ, ૫ ઉત્તરાર્ધનો ગંગાનિષ્કુટ ખંડ, ૬ દક્ષિણાર્ધનો ગંગાનિષ્કુટ ખંડ એ ક્રમથી જ ચક્રવર્તી ૬ ખંડ સાધે છે.

એવો દર્શનીય (સર્વ જનોને દેખતાં ચમત્કાર થાય એવો શોભનિક) પ્રાસાદ બંધાવ્યો. ॥ ૩૯ ॥

ઉપર જણાવેલી બીનામાં આધાર ભૂત ગ્રંથનું વર્ણન ત્રણ ગાથામાં જણાવે છેઃ–

एयस्स मूलठाणं-वागरियं वित्थरेण गणवइणा ॥
सत्तुंजयमाहप्पं-पुव्विं सिरिउसहसेणेणं ॥ ४० ॥
संखिप्प तओ भणियं-सिरिगोयमसोहमेहि भव्वाणं ॥
णच्चा जीवियमप्पं-थूलमईणं विबोहट्ठं ॥४१॥
दव्वाइदक्खमइणा-धणेसरायरियपुंगवेणेयं ॥
सत्तुंजयमाहप्पं-संखित्तं पुव्वरयणेहिं ॥ ४२ ॥

સ્પષ્ટાર્થ—આ કદંબગિરિનું મૂળસ્થાન અથવા મૂળ વર્ણન કયા ગ્રન્થમાં છે તે કહે છે કે—પૂર્વકાળમાં એટલે શ્રી ઋષભદેવના સમયમાં श्रीऋषभसेन નામના ગણધર (બીજું નામ પુંડરીક ગણધર) મહારાજે વિસ્તારપૂર્વક જે શ્રી શત્રુંજય માહાત્મ્ય કહેલ છે, તે શ્રીશત્રુંજય માહાત્મ્ય ગ્રન્થમાંથી સંક્ષિપ્ત કરીને શ્રીવીર પ્રભુના શ્રીગૌતમ ગણધર અને શ્રી સુધર્મા ગણધર ભગવંતોએ ભવ્ય જીવોનું અલ્પ આયુષ્ય જાણીને અને સ્થૂલબુદ્ધિવાળા જીવોને (અનિપુણ મતિવાળા જીવોને) ટૂંકામાં હોય તો શીઘ્ર બોધ થાય એમ જાણીને આ ગિરિનું મૂળ વર્ણન કહ્યું છે. ॥ ૪૦–૪૧ ॥

તે શત્રુંજય માહાત્મ્યમાંથી પુનઃ સંક્ષિપ્ત કરેલા શત્રુંજય માહાત્મ્યની બીના જણાવે છે—

વળી શ્રી ગૌતમસ્વામી તથા સુધર્માસ્વામીએ કહેલા

સંક્ષિપ્ત શત્રુંજયગિરિના માહાત્મ્યવાળાં વચનોમાંથી પણ સંક્ષેપ કરીને દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ આદિકને જાણવામાં નિપુણ બુદ્ધિવાળા શ્રીધનેશ્વરસૂરિ નામના આચાર્યપુંગવે (એટલે આચાર્યોમાં ઉત્તમ એવા શ્રી ધનેશ્વરસૂરિએ) આ અત્યારે વર્તતું શ્રીશત્રુંજય માહાત્મ્ય બનાવ્યું એટલે તે મોટા શત્રુંજય માહાત્મ્ય ગ્રન્થમાંથી ઉદ્ધરીને ન્હાનું શત્રુંજય માહાત્મ્ય શ્રીધનેશ્વરસૂરિએ રચ્યું. ॥ ૪૨ ॥

એ પ્રમાણે શત્રુંજય માહાત્મ્યમાં કહેલી બીના જાણીને શ્રી શત્રુંજયગિરિએ પધારેલા ગુરૂ મહારાજ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજની બીના પાંચ શ્લોકમાં જણાવે છે—

एवं णच्चा हिट्ठा–माहप्पं विविहसमयसंकलियं ॥
रसकायनिहाणिंदु–प्पमिए सुहविक्कमे वरिसे ॥४३ ॥
तवगणगयणदिणिंदा–जगगुरुणो तित्थरक्खणुज्जुत्ता ॥
आयरियनेमिसूरी–सीसपसीसेहि परिवरिया ॥४४॥
वालागाउडदेसे–गामे सायरतडत्थ कंढाले ॥
विहरंता संपत्ता–किवाहिया भव्वबोहट्ठं ॥४५॥
के इत्थ मच्छभक्खा–आहेडपरायणा य के इत्थ ॥
कुणिमाहारा केई–के इत्थ सुरावसणभट्ठा ॥ ४६ ॥
पडिबोहिय ते सव्वे–संतिविसिट्ठाइ महुरवाणीए ॥
किच्चा य सुहाहारे–कमागया सिरिकयंबगिरिं ॥४७॥

સ્પષ્ટાર્થ:—એ પ્રમાણે શત્રુંજય માહાત્મ્યમાં વિવિધ પ્રસંગે જણાવેલા શ્રી કદંબગિરિનું માહાત્મ્ય જાણીને અતિ હર્ષ પામેલા શ્રીતપોગચ્છ રૂપી ગગનમાં સૂર્ય સરખા, જગતના

ગુરૂ અને તીર્થોનું રક્ષણ કરવામાં તત્પર (અત્યંત ઉદ્યમવાળા) તથા શિષ્ય પ્રશિષ્યના પરિવારથી પરિવરેલા અત્યંત કૃપાવાળા ગુરૂમહારાજ આચાર્ય મહારાજશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોને પ્રતિબોધ કરવા માટે વિહાર કરતા કરતા (વિચરતા વિચરતા) આઉડ તથા વાલાકના પ્રદેશમાં તથા કંઠાલના ગામોમાં દરિઆ કિનારે વિગેરે પ્રદેશોમાં (સમુદ્રના કિનારે રહેલા લાલાગાઉડ નામના કંઠાલ પ્રદેશમાં આવેલા જૂદા જૂદા ગામોમાં) રસ કાય નિધાન ઈન્દુ પ્રમાણવાળા એટલે ૬-૬-૯-૧ પ્રમાણવાળા અર્થાત્ અંકોની ડાબી ગતિ હોવાથી ૧૯૬૬ પ્રમાણવાળા શુભ વિક્રમ સંવત્સરમાં અર્થાત્ વિક્રમ સંવત ૧૯૬૬ મા વર્ષે પધાર્યા ॥ ૪૩-૪૪-૪૫ ॥

ગુરૂમહારાજ શ્રીવિજયનેમિસૂરીશ્વરજીના પધારવાથી થયેલા લાભ—

એ દેશમાં કેટલાક મનુષ્યો તો મત્સ્ય ભક્ષણ કરનારા હતા, કેટલાક તો અહિં પણ પક્ષીઓનો શિકાર કરવામાં નિરન્તર તત્પર-ઉદ્યમવાળા હતા, કેટલાક તો માંસાહારી હતા, અને કેટલાક તો આ દેશમાં મદિરાના વ્યસનથી ભ્રષ્ટ થયેલા હતા એટલે દારૂ પીનારા હતા અને તેથી ભ્રષ્ટ બુદ્ધિવાળા અને આચાર વિચારથી પણ ભ્રષ્ટ થયેલા હતા. ॥ ૪૬ ॥

તેવા મત્સ્ય ભક્ષણાદિ અનાચારવાળા સર્વ મનુષ્યોને વિશિષ્ટ પ્રકારની શાન્તિવાળી અને મધુર વાણી વડે પ્રતિબોધ પમાડી સદાચારવાળા કરીને એટલે તેઓના મત્સ્યભક્ષણનો શિકારનો માંસાહારનો અને દારૂ પીવા વિગેરે દુર્વ્યસનોનો

ત્યાગ કરાવીને પરમ ગુરૂવર્ય જૈનાચાર્ય શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી અનુક્રમે વિહાર કરતા કરતા શ્રી કદંબગિરિ તીર્થમાં પધાર્યા. ॥ ૪૭ ॥

કદંબગિરિમાં બનેલી બીના ૮ ગાથામાં જણાવે છે—

जे कामलीयवंसा–सोच्चा गुरुदेसणं य पडिबुद्धा ॥
अह अण्णया य तेहिं–सूरी विणएण विण्णत्ता ॥४८॥
गिरिरायग्गगयाओ–वावीपासट्ठिया अहत्थाओ ॥
गामयलस्स रसाओ–दिच्छेमो मो कियंतीओ ॥४९॥
मुल्लं लाउं णेहा–अम्हाण किवासया ! कुणंतु किवं ॥
सोच्चा वयणं तेसिं –गुरुणावि पडुत्तरं दिण्णं ॥५०॥
उवहारसरूवेणं–अहिलासा वट्टए गहेउं णो ॥
समये नवरं माविणि–जिणाययणधम्मसालाओ ॥५१॥
होहिंति एत्थ तम्हा–भारहवासीयजइणसंघेणं ॥
ठवियाऽऽणंदेण जुया–जा सिरिकल्लाणणामेणं ॥५२॥
संठा पुराणकाला–आसी अहुणावि रायनयरम्मि ॥
वट्टइ तीए ताओ–विकिणेउं होइ उवउत्ता ॥५३॥
अंते तह संपण्णं–रज्जविहाणेण कारिऊणं च ॥
संदइनूयणपट्टे–साहारणदविणजाएणं ॥५४॥
तीए ताओ गहिया–सहला जायावि देसणा गुरुणो ॥
धम्मट्ठाणुद्देसा–संघहिया माविकल्लाणा ॥५५॥

સ્પષ્ટાર્થ—અહિં શ્રી કદંબગિરિ તીર્થમાં જે કામળિયા વંશના રહેવાસી રજપૂતો હતા તે શ્રીગુરૂ મહારા-

જની દેશના–ઉપદેશ સાંભળીને પ્રતિબોધ પામ્યા. હવે એ પ્રમાણે ગુરૂ મહારાજનો ઉપદેશ વારંવાર સાંભળતાં કેટલાક દિવસ વીત્યા બાદ એક દિવસે તેઓ શ્રી સૂરિવર્યને વિનયપૂર્વક અંજલિ જોડીને વિજ્ઞપ્તિ કરવા લાગ્યા. (વિનંતિ કરી) ॥૪૮॥

તીર્થમાં રહેનારા કામલીયા રજપૂતોની ગુરૂ મહારાજને વિનંતિ—

(તે વિનંતિ આ પ્રમાણે–) શ્રીકદંબગિરિરાજની આગળ રહેલી અને વાવડીની પાસે રહેલી (વાવના પડખે રહેલી અર્થાત્ વાવ પાસેની) અને ગિરિની નીચે રહેલી જે ગામ તલની ભૂમિ છે (ગામની વસતિ સાથેની ગામભૂમિ) છે, તેમાંની કેટલીક ભૂમિ અમો આપવા ઇચ્છીએ છીએ (અર્થાત્ પર્વતની નીચે ગામની ભૂમિ છે કે જે પર્વતને લગતી છે ને ગામને પણ લગતી છે તે કેટલીક આપવાની ઇચ્છા છે. ॥૪૯॥

તે તીર્થ ભૂમિની કિંમત લેવાની ઇચ્છા નથી હે પરમોપકારી દયાળુ ગુરૂવર્ય ! એટલે હે કૃપાળુ ગુરૂવર્ય ! આપ અમારા પ્રત્યે એટલી કૃપા કરો, તે કામલિય રજપૂતોનાં આ વચનો સાંભળીને શ્રીગુરૂ મહારાજે આ પ્રમાણે ખુલાસો કર્યો. (તે આગળ જણાવે છે) ॥ ૫૦ ॥

જગ્યા લેવાના સંબંધમાં શ્રી ગુરૂ મહારાજે કરેલો ખુલાસો—

હે મહાનુભાવો ! તમોએ તીર્થને ઉપયોગી તીર્થ પાસેની ભૂમિ આપવાની ઇચ્છા દર્શાવી તે યોગ્ય છે, પરન્તુ અમારા ઉપદેશથી આ બીનાને જાણનાર આ. ક. પેઢીના પ્રતિનિધિઓની વિના કિંમતે (ભેટ) લેવાની ઇચ્છા નથી. પરન્તુ

તેઓ એમ કહે છે કે—યોગ્ય મૂલ્ય (કીંમત) લઈને ભૂમિ આપવાની ઇચ્છા વર્તતી હોય તો તે રીતે ભૂમિ લેવાની ઇચ્છા અમારી વર્તે છે, વળી એ ભૂમિનો ઉપયોગ કોઈને અંગત કરવાનો નથી પરન્તુ અહિં તીર્થભક્તિ માટે આવતા યાત્રાળુઓને પ્રભુદર્શન પૂજા વગેરે ભક્તિ કરવામાં અનુકૂલતા થાય, આ મુદ્દાથી ભવિષ્યના સમયમાં એકાદિ દેહરાસર બંધાવવા તેમનો ( પ્રતિનિધોઓનો ) વિચાર વર્તે છે. અને તે યાત્રાળુઓને ઉતરવાની સગવડ ખાતર બીજાં પણ ધર્મશાળા વિગેરે (અહીં થશે એમ આગળ કહેશે)।।૫૧।। અહિં થશે, તે કારણથી ભરતક્ષેત્રવર્તી શ્રમણ સંઘે સ્થાપેલી જે આણંદ શબ્દયુક્ત શ્રી કલ્યાણ એવા નામવાળી એટલે શ્રી आणंदजी कल्याणजीनी पेढी એ નામની જે સંસ્થા—પેઢી છે, તે અત્યારે પણ રાજનગરમાં—અમદાવાદમાં ।।૫૨।। પ્રાચીન વર્તે છે, તેને આ ભૂમિ વેચાતી દેવા તમે સાવધાન થાવ, ( એટલે જો તમારે ભૂમિ વેચાતી આપવાની ઇચ્છા હોય તો અમદાવાદની આણંદજી કલ્યાણની જૈન સંઘની જૂની પેઢી વેચાતી લઇ શકે, એમ મુનિ માર્ગ પ્રમાણે શ્રી ગુરૂદેવે તેઓને જણાવ્યું.) ।।૫૩।।

શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીએ વેચાતી લીધેલી કદંબગિરિની ભૂમિની બીના જણાવે છેઃ—પરિણામે (છેવટે) એ પ્રમાણેજ થયું. એટલે અમદાવાદની આણંદજી કલ્યાણજીની પેઢીએ એ ગિરિ પાસેની તથા બીજી પણ ભૂમિ ખરીદી લેવાનો વિચાર કર્યો અને સાધારણ ખાતાના દ્રવ્યના સમૂહ વડે અતિદૃઢ નવા પટ્ટમાં રાજ્યવિધિ પ્રમાણે સર્વ

વિધિ કરીને (એટલે રાજ્યના નિયમ પ્રમાણે સરકારી કાગળ પર દસ્તાવેજ લખાવી રજીસ્ટર્ડ કરાવીને) ॥૫૪॥ એ આણંદજી કલ્યાણજીની પેઢીએજ તે ભૂમિ ખરીદી લીધી. એ પ્રમાણે શ્રી ગુરૂમહારાજે ધર્મસ્થાનો બંધાવવાના ઉદ્દેશથી સંઘને હિતકારી અને ભવિષ્યમાં કલ્યાણ કરનારો જે સદુપદેશ આપ્યો હતો તે સર્વ અંશે (પૂરેપૂરો) સફળ થયો. ॥૫૫॥

શ્રી. કંદમ્બગિરિથી ગુજરાત દેશ તરફ સપરિવાર શ્રીગુરૂમહારાજના વિહારની બિના જણાવે છે—

**एत्थंतरम्मि गुरुणो–पत्थुयकज्जं समप्प विहरंता ॥**
**भव्वंगिबोहणट्ठं समागया गुज्जरं देसं ॥५६॥**

સ્પષ્ટાર્થ:—પ્રસ્તુતકાર્ય એટલે ઉપર જણાવેલું કાર્ય પૂરૂં થયા બાદ શ્રીગુરૂ મહારાજ ભવ્ય જીવોને પ્રતિબોધ કરવાને માટે વિહાર કરતા કરતા ગુજરાત દેશમાં પધાર્યા. ॥૫૬॥

શ્રીગુરૂમહારાજે ગુજરાતથી મારવાડ દેશ તરફ કરેલા વિહાર વિગેરેની બીના જણાવે છે—

**इत्थत्थभव्वमणुए–सद्धम्मपरायणे विहेऊणं ॥**
**जिणसासणगयणरवी–मरुहरदेसं समणुपत्ता ॥५७॥**

સ્પષ્ટાર્થ—અહિં ગુજરાત દેશમાં રહેલા અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડીને અને તેમને ઉત્તમ ધર્મમાં (શ્રી જિનેન્દ્ર ભગવંતના ધર્મમાં) પરાયણ નિપુણ કરીને શ્રી જૈનશાસન રૂપી આકાશમાં દીપતા સૂર્ય સરખા શ્રી ગુરૂમહારાજ विजयनेमिसूरीश्वरजी મરૂધર દેશમાં એટલે આબુ થઈને જીરાવલા પાર્શ્વનાથની યાત્રા કરીને જાવાલ

શિવગંજ પાલી બીકાનેર જોધપુર વિગેરે મોટાં નગરોવાળા મારવાડ દેશમાં વિ૦સં૦ ૧૯૭૧ના ચૈત્ર માસમાં પધાર્યા ॥૫ ॥

મારવાડ દેશમાં શ્રી ગુરૂના સદુપદેશથી થયેલા લાભ જણાવે છે—

तित्थुइमयमग्गजणा–गुरुवएसेहि तत्थ पडिबुद्धा ॥
ढुंढयतेरापंथी–हियजिणधम्मं समणुपत्ता ॥५८॥

સ્પષ્ટાર્થ—શ્રીસંઘના આગ્રહથી જાવાલમાં ચોમાસું કર્યું. અહીં કેટલાએક જૈનો ત્રણ[1]સ્તુતિક પંથને માનતા હતા. તે વિપરીત માર્ગમાં વર્તતા ત્રણ સ્તુતિવાળા જીવો શ્રીગુરૂવર્યના ઉપદેશથી પ્રતિબોધ પામ્યા, એટલે ચાર સ્તુતિના માનવાવાળા થયા. આ ચોમાસું પૂરૂં થયા બાદ શ્રીગુરૂ મહારાજ મેવાડના પ્રદેશમાં પધાર્યા. અહીં ઢુંઢક મતવાળા એટલે શ્રીજીનેન્દ્ર પ્રભુની પ્રતિમાની પૂજા વિગેરે નહિં માનનારા જીવો અને તેરાપંથી મતવાળા એટલે ઢુંઢક મતમાં વીસાપંથી ને તેરાપંથી એવી બે શાખાઓ (બે મત) છે, તેમાંના તેરાપંથી ઢુંઢકો પણ શ્રીગુરૂ મહારાજના ઉપદેશથી પોતાનો વિપરીત મત તજીને હિતકારી એવા જૈન ધર્મને પામ્યા. એટલે એ બન્ને મતવાળા

---

૧ દેવવંદનાદિ ક્રિયા કરવાના અવસરે ચાર સ્તુતિઓ કહેવાનો વિધિ છે, તેમાં પહેલી મુખ્ય જિનેશ્વરની, બીજી સર્વ જિનેશ્વરની, ત્રીજી જ્ઞાનની ને ચોથી સમ્યગ્દૃષ્ટિ શાસનદેવ અથવા દેવીની સ્તુતિ એમજ સ્તુતિઓ કહેવાનો વિધિ છે. પરન્તુ આ મતવાળા એમ માનતા હતા કે સમ્યગ્દૃષ્ટિ દેવો પણ અવિરતિવાળા છે માટે તે અવિરતિદેવોનું સ્મરણ કરવા રૂપ સ્તુતિ દેશવિરતિવંત શ્રાવક તથા

ઢુંઢકો પ્રભુ પ્રતિમાજીનો અનાદર કરતા તે માન્યતાને તજીને પ્રતિમાજીને માનનારા, પૂજાભક્તિ કરનારા થયા. અહીંથી વિહાર કરીને સાદડી ગામમાં વિ૦ સં૦ ૧૯૭૨નું ચોમાસું કર્યું. અહીં અનેક શાસન પ્રભાવનાના કાર્યો થવા ઉપરાંત શ્રીગુરૂ મહારાજે ચોમાસા બાદ મુનિ વિજ્ઞાનવિજયને ગણિપદ અને પંન્યાસજી મહારાજ શ્રીપ્રેમવિજયજી ગણી તથા સુમતિવિજયજી ગણિ, દર્શનવિજયજી ગણિ, ઉદયવિજયજી ગણિ એમ ચારે પંન્યાસોને વિ૦સં૦ ૧૯૭૩માં ઉપાધ્યાયપદ આપ્યું. તથા ચોમાસા પહેલા દીક્ષિત થયેલા મુનિશ્રી લાવણ્યવિજયજીને વડી દીક્ષા આપી. આ પ્રસંગે અહીંના શ્રી.સંઘે અષ્ટાહ્નિકા મહોત્સવાદિ ધાર્મિક કાર્યો પૂર્ણ ઉત્સાહથી ઉજવીને જિનશાસનની સારી પ્રભાવના કરી હતી. અહીંથી વિહાર કરીને શિષ્યાદિ સહિત શ્રીગુરૂ મહારાજ પાલડી પધાર્યા. અહીં શ્રીગુરૂ મહારાજની અમૃતમય દેશના સાંભળીને શેઠ

---

સાધુઓએ કરવી ઉચિત નથી. માટે પ્રતિક્રમણ આદિ પ્રસંગોમાં એ દેવ દેવીઓના સ્મરણાર્થે કાઉસ્સગ્ગ કરી તેની થોય ન કહેવી જોઇએ, ત્રણ થોયજ કહેવી ઉચિત છે, એ પ્રમાણે માનનારા તે ત્રણ થુઇના મતવાળા ગણાય છે. અને શ્રી જૈનેન્દ્રાગમાદિ શાસ્ત્રોમાં ચાર થોય કહેવાનો વિધિ હોવાથી તે પ્રમાણે વર્તનારા ચાર થોય કરે છે. અહીં ચોથી થુઇનો ઉદ્દેશ મુખ્યત્વે એ છે કે દેવ દેવી જો કે અવિરતિ છે તો પણ શાસનના સ્હાયક તરીકે માનીને તેમનો કાઉસ્સગ્ગ અને સ્મરણરૂપ થોય કહેવાય, તે વ્યાજબીજ છે. તે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ દેવોને અવિરતિ હોવાથી દેશવિરતિવંત શ્રાવક અને સર્વવિરત સાધુઓ દેવબુદ્ધિએ વંદના નમસ્કારાદિ ન કરે, પરન્તુ શાસનના રક્ષણમાં સમર્થ સ્હાય કરનાર તરીકે ચોથી સ્તુતિમાં તેમનું સ્મરણ માત્ર કરે તો તેમાં અનુચિત જેવું કંઇ નથી. વિશેષ વિસ્તાર અન્ય ગ્રંથોથી જાણવો.

અમીચંદ ગુલાબચંદજીએ જેસલમેરનો છરી પાલતો સંઘ કાઢયો. તેમાં લગભગ હજાર પંદરસો યાત્રિકો હતા. અનુક્રમે શિવગંજ જોધપુર ફલોધી વિગેરેના રસ્તે થઇને સંઘ સહિત શ્રીગુરૂ મહારાજ જેસલમેર પધાર્યા. અહીંના મંદિરોના દર્શન કરીને સંઘવીને તીર્થમાળ પ્હેરાવીને શ્રીગુરૂ મહારાજે ઢુંઢક સાધુ રૂપચંદજીને દીક્ષા આપી. સંઘ સાથે ગુરૂ મહારાજ ફલોધી પધાર્યા. અહીં પહેલાં જણાવેલા મુનિ રૂપવિજયજીને વડી દીક્ષા આપી. વિ૦ સં૦ ૧૯૭૩માં શ્રીસંઘના આગ્રહથી ચતુર્માસ રહ્યા. અહીં અમૃતમય દેશના સાંભળીને ઘણાં જીવોએ બોધિબીજ નવપલ્લવિત કર્યા, અને શ્રીસંઘે પણ શાસન પ્રભાવનાના અનેક ધાર્મિક કાર્યોમાં પરમ ઉલ્લાસથી લક્ષ્મીને વાપરીને દાનાદિ ધર્મને સાધીને માનવ જન્મનો અપૂર્વ લ્હાવો લીધો, ચોમાસું પૂર્ણ થયા બાદ સપરિવાર શ્રીગુરૂ મહારાજ બીકાનેર પધાર્યા. અહીંના પ્રાચીન જિનમંદિર જ્ઞાનભંડારના દર્શન કરીને બહુજ રાજી થયા. ભવ્ય જીવોને દેશનામૃતનું પાન કરાવીને અને ધર્મના દૃઢ રાગી બનાવીને અનુક્રમે વિહાર કરતાં તીર્થસ્વરૂપ કાપરડા પાર્શ્વનાથના દર્શન કરી વિ૦ સં૦ ૧૯૭૪માં પાલીનગરમાં શ્રીસંઘની અત્યાગ્રહભરી વિનંતિ સ્વીકારી ચતુર્માસ રહ્યા. ચોમાસામાં દેશનામૃતનું પાન કરાવીને ભવ્ય જીવોને જિનધર્મારાધક બનાવીને શેઠ કીસનલાલજીએ છરી પાલતા કાઢેલ કાપરડા તીર્થ સંઘમાં શ્રીગુરૂ મહારાજ પધાર્યા. અહીં આશાતના દૂર કરી શ્રીગુરૂ મહારાજના ઉપદેશથી પાલડીવાળા શેઠ અમીચંદ ગુલાબચંદજીએ પ્રતિષ્ઠા કરાવી. અહીં મુનિ કમલવિજયજીને દીક્ષા આપી. ॥ ૫૮ ॥

મારવાડ દેશમાં શ્રીગુરૂ મહારાજનો ઉપદેશથી શ્રીસંઘે કરાવેલા ચૈત્યોદ્ધાર અને તીર્થયાત્રાની બીના જણાવે છે—

**कप्पडहेडयराणय–पुराइपाईण चेइउद्धारा ॥**
**संघेण तित्थजत्ता–कया पइट्ठुस्सवा पवरा ॥ ५९ ॥**

સ્પષ્ટાર્થ—એ પ્રમાણે ત્રણ થોયવાળાને તથા ઢુંઢક મતવાળાને અને તેરાપંથી મતવાળાઓને ઘણાને પ્રતિબોધ પમાડીને શ્રીમહારાજ શ્રીસંઘ સહિત કાપર્ડા તીર્થની અને રાણકપુર વિગેરે તીર્થોની યાત્રા કરીને તે તે તીર્થોમાં પડી ગયેલાં અને ભાગી જીર્ણ થઈ ગયેલાં ઘણાં ચૈત્યોનો ઉદ્ધાર કરાવીને એટલે શ્રી.ગુરૂ મહારાજના ઉપદેશથી શ્રીસંઘે એ તીર્થોમાં જીર્ણ થઇ ગયેલ દેરાસરોને શિલ્પીઓ દ્વારા પુનઃ સમરાવ્યાં અને વ્યવસ્થિત કર્યાં, તેમજ ઘણા સ્થાને પ્રતિમાજી સ્થાપન કરવામાં વિધિ સ્વરૂપ પ્રતિષ્ઠા મહોત્સવો પણ કરાવ્યા. ॥ ૫૯ ॥

શ્રીગુરૂ મહારાજનું પુનઃ ગુજરાત દેશમાં સકારણ આગમન વિગેરે બીના જણાવે છે—

**एमाइय कज्जाइं–काराविय सासणुण्णइं परमं ॥**
**तित्थियकज्जनिमित्तं–संपत्ता रायनयरमिणं ॥६०॥**

સ્પષ્ટાર્થ—મારવાડમાં એ પ્રમાણે અનેક શાસનોન્નતિનાં ઉપદેશ દઇને શ્રાવકો દ્વારા કરાવીને શ્રીશત્રુંજયાદિ પ્રધાન તીર્થકાર્યના કારણસર શ્રીગુરૂ મહારાજ પુનઃ રાજનગરમાં—અમદાવાદ નગરમાં (ગુજરાતમાં) પધાર્યા. ॥ ૬૦ ॥

અમદાવાદમાં નગર બહાર હઠીસિંગભાઈની વાડીમાં શ્રીગુરૂએ કરાવેલાં ઉપધાન વિગેરેની બીના ચાર ગાથામાં જણાવે છે—

**सरमुणिणिहिंदुवरिसे, अस्सिणमासे य रायनगरम्मि ॥**
**चाउम्मासीसंठिय-गुरूवएसा महुल्लासा ॥६१॥**
**जेणं धम्मिदट्ठेणं-बावण्णजिणालओ महारम्मो ॥**
**निम्मविओ य विसालो-बाहिं रायनयरस्स ॥६२॥**

**સ્પષ્ટાર્થ**—અહીં અમદાવાદમાં શ્રીસંઘના આગ્રહથી ચોમાસુ રહેલા શ્રીગુરૂ મહારાજના ઉપદેશથી સર મુનિ નિધિ ઇન્દુ વર્ષે એટલે ૫–૭–૯–૧ વર્ષે એટલે ૧૯૭૫ના વિક્રમ સંવત્સર વર્ષે આશ્વીન (આસો) માસમાં શ્રાવિકા લક્ષ્મીએને પરમ ઉલ્લાસથી ઉપધાન તપની શરૂઆત કરાવી. એમ આગળ સંબંધ જોડવાનો છે. ॥ ૬૧ ॥

તે ઉપધાન તપશ્ચર્યા કયે સ્થાને થઈ તેની બીના કહે છે-શ્રીરાજનગરની બહાર (અમદાવાદની બહાર દિલ્હી દરવાજા બહાર) જ્યાં અતિ ધર્મિષ્ઠ ધર્મપરાયણ શ્રી. હઠીભાઈ શેઠે અતિ વિશાળ અને ઘણું રમણિક બહુજ સુશોભિત એવું બાવન જિનાલયવાળું મોટું દેરાસર બંધાવ્યું છે, કે જે દેહરાસરની આગળ પાછળ દેહરાસરના નિભાવ અર્થે શેઠ હઠીભાઈએ ઘણી ભુમિ સમર્પણ કરેલી છે. અહીં વહારની વાડી એ નામે પ્રસિદ્ધ ભૂમિમાં બે મોટી ધર્મશાળા અંદરના ભાગમાં બાંધી છે. એ ઉપરાન્ત વાડીના છેડે મોટું દીર્ઘ મકાન મોટા વિશાળને લાંબા ઓટલાવાળું બાંધેલું છે. તેમજ અંદર શેષ ભૂમિમાં મગમગીયા વિગેરે કરેલા છે.

તે બહારની વાડી અથવા હઠીભાઈની વાડી એવા નામથી પ્રસિદ્ધ અતિ પવિત્ર સ્થાનમાં આવેલી ધર્મશાળામાં ઉપધાન કરાવ્યાં. ॥ ૬૨ ॥

ઉપધાન તપને અંગે કયા ભાગ્યશાળીએ પોતાના ધનનો સદ્વ્યય કર્યો તે જણાવે છે–

सो केसरिसीहसुओ–दाणगुणी हत्थिसीहसेट्ठिवरो ॥
तस्स सुओ गुरुभत्तो–जाओ सेट्ठी मगणभाऊ ॥६३॥

સ્પષ્ટાર્થ–પૂર્વે કહેલ દિલ્હી દરવાજા બહારની વિશાળ ભૂમિમાં જે હઠીસીંહ શ્રેષ્ઠીએ બાવન જિનાલયવાળું મહાન દેહરાસર બંધાવ્યું તે દાન ગુણવાળા શેઠ કેસરીસિંહના પુત્ર શ્રીયુત હઠીસિંહ શ્રેષ્ઠી થયા. એટલે જે હઠીસિંહ શેઠે એ દહેરાસર બંધાવ્યું તેમના પુત્ર મગનભાઈ નામના શેઠ થયા કે જેઓ ગુરૂભક્તિ વિગેરે અનેક સદ્‌ગુણોવાળા હતા. ॥ ૬૩ ॥

तस्सुयदलपतपत्ती–लच्छीइ धणव्वएण कारवियं ॥
उवहाणतवं कहियं, महाणिसीहे सयं च कयं ॥६४॥

સ્પષ્ટાર્થ–તે મગનભાઈ શેઠના આજ્ઞાંકિત પુત્ર દલપતભાઈ હતા. તેમની ધર્મપત્ની સધર્મચારિણી લક્ષ્મીબાઈએ પોતાના ધનના સદ્વ્યય વડે પૂર્વે કહેલું ઉપધાન તપ કરાવ્યું. અર્થાત્ શ્રીમહાનિશીથમાં વર્ણવેલા આ ઉપધાન તપમાં હઠીસિંહ શેઠના પૌત્ર દલપતભાઈની ધર્મપત્ની લક્ષ્મીબાઈએ પોતાનું ધન ખર્ચ્યું. તે ઉપધાન તપના પ્રસંગે શ્રાવિકા લક્ષ્મીબાઈએ પોતે પણ ઉપધાન તપની આરાધના કરી. તથા ઉપધાન તપની માલા પહેરાવવાના પ્રસંગે તેમણે પૂર્ણ ઉલ્લાસથી

વિશાલ ઓચ્છવ કર્યો હતો આ પ્રસંગે શ્રીગુરૂ મહારાજે બદરખાના રહીશ શ્રાવક શા. ધરમચંદ પાનાચંદને વિ૦ સં૦ ૧૯૭૬ના માગશર વદી સાતમે એટલે માલારોપણ કરવાના દિવસે દીક્ષા આપી. ઉપધાન તપ કરાવનાર શ્રાવિકા લક્ષ્મીબાઈએ પોતાની સ્વાધીન લક્ષ્મીનો ઘણો ભાગ તલાજા પર્વતની ઉપર શ્રીપાર્શ્વનાથનું વિશાલ મંદિર બંધાવવામાં, પોતાના ખર્ચે આરંભેલા પ્રતિષ્ઠા મહોત્સવના પ્રસંગે ઉદ્યાપન સાધર્મિક વાત્સલ્યાદિ ધાર્મિક કાર્યોમાં, આત્મદૃષ્ટિને ખીલવનારા શ્રીભાવના કલ્પલતાદિ ગ્રંથો છપાવવામાં, અને બીજા પણ સાત ક્ષેત્રાદિમાં વાપરીને તેને સફલ કરી છે તલાજામાં આ શ્રીપાર્શ્વનાથની પ્રતિષ્ઠા શ્રીગુરૂ મહારાજની આજ્ઞાથી મારા વડા ગુરૂભાઈ આચાર્ય શ્રીવિજયદર્શનસૂરિજીએ વિ. સં. ૧૯૮૦ના વૈશાખ સુદી દશમે કરાવી. આ પ્રસંગે મારવાડના ભિન્નમાલ નગરના રહીશ ઓસવાલ શ્રાવક તેજાજી રાજાજીએ ન્યાય વાચસ્પતિ શાસ્ત્રવિશારદ આચાર્ય મહારાજ શ્રીવિજયદર્શનસૂરિજી મહારાજના હાથે વૈશાખ વદ એકમે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. તે શ્રીગુણવિજયજીના શિષ્ય થયા. એટલે વિ૦ દર્શનસૂરિજીના પ્રશિષ્ય ( શિષ્ય ગુણવિ૦ ના શિષ્ય ) થયા તેમનું નામ મુનિ તિલકવિજય થાપ્યું. વિ. સં. ૧૯૮૦ના અષાડ સુદ સાતમે લીંબડીમાં તે તિલકવિજયજીની વડી દીક્ષા થઈ. પ્રસંગે આ બીના જણાવીને હવે પ્રસ્તુત જણાવીએ છીએ. તે એકે ઉપધાનની માલારોપણાદિ ક્રિયા પૂર્ણ થયા બાદ શ્રીગુરૂ મહારાજ વિહારની તૈયારી કરતા હતા. તે પ્રસંગે જે બીના બની તે આગલની બે ગાથાઓમાં જણાવે છે. ॥૬૪॥

શ્રી. ગુરૂમહારાજના ઉપદેશથી શેઠ સારાભાઈ ડાહ્યાભાઈએ કાઢેલા શ્રીકેસરીયાજી તીર્થના સંઘની બીના બે ગાથામાં જણાવે છે-

**जेण महासेरीसा–तित्थुद्धारो पमोयकलिएणं ॥**
**बहुलक्खधणवएणं–कारविओ सेट्ठिणा तेणं ॥६५॥**
**सिरिकेसरियाजत्ता–गुणिसारा भाउणा ससंवेणं ॥**
**विहिया गुरूवएसा–लेसामुणिणंदससिवरिसे ॥६६॥**

**સ્પષ્ટાર્થ**—શ્રીગુરૂ મહારાજના ઉપદેશથી ઘણા લાખ રૂપિઆનો ખર્ચ કરી અતિ હર્ષ સહિત અમદાવાદના જે શ્રેષ્ઠિએ અમદાવાદથી કંઈક દૂર પ્રસિદ્ધ કલોલ નગરથી ૩ ગાઉ દૂર આવેલા **શેરિસા** નામના ગામમાં **શેરીસા**[1] તીર્થનો ઉદ્ધાર કર્યો તે દાનાદિ ગુણવંત એવા **સારાભાઇ ડાહ્યાભાઇ** નામના શ્રેષ્ઠિએ શ્રીગુરૂ મહારાજના સદુપદેશથી (લેશ્યા મુનિ નંદ ચંદ્ર વર્ષે એટલે ૬-૭-૯-૧) ૧૯૭૬ના વિક્રમ સંવત્સર વર્ષે ફાગણ વદી ત્રીજે સંઘસહિત શ્રીકેસરિયાજીની જાત્રા કરી એટલે સારાભાઈ શેઠે અહીંથી ૧૯૭૬ની સાલમાં પોષ વદી ૧૦ના દિવસે શ્રીગુરૂ મહારાજના ઉપદેશથી શ્રી.

---

૧ આ તીર્થ બાવન જિનાલયના દેરાસરવાળું હતું. તે દેહરાસર કાળદોષથી ભૂમિમાં દટાઇ ગયું. તે ભૂમિના ખોદકામથી જડી આવતાં એ સ્થાને આજુબાજુ મોટી ધર્મશાળા સહિત શેઠ સારાભાઈએ એક મહાન ચૈત્ય બંધાવ્યું, કે જે તીર્થ **શ્રી. શેરીસા પાર્શ્વનાથ** એ નામથી અત્યારે અત્યંત પ્રસિદ્ધ છે. આ તીર્થનું વિશેષ વર્ણન વિવિધ તીર્થકલ્પમાં અયોધ્યા કલ્પમાં તથા દેશના ચિંતામણિ ભાગ પહેલામાં કર્યું છે.

કેસરિયાજી તીર્થનો સંઘ કાઢ્યો. આ સંઘમાં ગુરૂવર્ય **શ્રીવિજયનેમિસૂરીશ્વર** વિગેરે ઘણા સાધુ સાધ્વીઓ શ્રાવક શ્રાવિકાઓ વિગેરે હતા. અનુક્રમે મ્હેસાણામાં સંઘ સહિત શ્રીગુરૂ મહારાજ પધાર્યા. અહીં ગુરૂ મહારાજે મુનિ વિદ્યાવિજય, મુનિ ગીર્વાણવિજય, મુનિ માનવિજય, અને મુનિ ધનવિજયજીને વડી દીક્ષા આપી. અહીંથી તારંગા, ઇડર, પોસીના, ડુંગરપુર થઇને ફાગણ વદી ત્રીજે સંઘ સહિત શ્રીગુરૂ મહારાજ કેસરિયાજી તીર્થમા પધાર્યા. તીર્થમાલાદિ કાર્યો પૂર્ણ ઉલ્લાસથી થયા. અહીંથી આગળ શ્રીગુરૂ મહારાજના વિહારની બીના હવે જણાવાશે ॥ ૬૫-૬૬ ॥

શ્રીગુરૂ મહારાજે કરેલા મેવાડ તરફના વિહારની બીના વિગેરે બે ગાથામાં જણાવે છે-

**सिरिमेयवाडविसए–तव्वत्थव्वंगिभूरिविण्णत्ता ॥**
**उदयपुरं संपत्ता–चउम्मासोविहाणट्ठं ॥६७॥**

**સ્પષ્ટાર્થ**—એ પ્રમાણે શેઠ સારાભાઇએ કાઢેલા શ્રીકેસરિયાજીના સંઘમાં શ્રીકેસરીયાજીની યાત્રા કરીને મેદપાટ દેશમાં એટલે મેવાડ દેશમાં આવેલા શ્રીઉદયપુર નગરમાં વસતા ભાવિક શ્રાવક જનોએ શ્રીગુરૂ મહારાજને ઉદયપુર પધારવા વિનંતિ કરી, તેથી ગુરૂ મહારાજ શ્રીઉદયપુર નામના નગરમાં વિ૦ સં૦ ૧૯૭૧નુ ચોમાસુ કરવા માટે પધાર્યા. શ્રીઉદયપુર અને શ્રીકેસરિયાજી તીર્થ એ બન્ને મેદપાટ દેશમાં જ (મેવાડમાંજ) આવે છે. ॥ ૬૭ ॥

ઉદયપુરમા શ્રીગુરૂ મહારાજના ચોમાસાથી થયેલા લાભ–

**निवपमुहा पडिबुद्धा–कुमयनिरासो गुरुप्पहावेणं ॥**
**जिण्णुद्धारगसंठा–जाया जिणसासणुज्जोया ॥६८॥**

**સ્પષ્ટાર્થ**—શ્રીગુરૂ મહારાજે ઉદયપુરમાં વર્ષા ચોમાસું કરવાથી શ્રીગુરૂના સદુપદેશથી એ નગરના રાજા વિગેરે ઘણા ઉત્તમજનો પ્રતિબોધ પામ્યા, અને શ્રીગુરૂ મહારાજની દેશનાના પ્રભાવથી અનેક કુમતોનો નિરાસ થયો, એટલે ઢુંઢક આદિ અનેક વિપરીત શ્રદ્ધાવાળા જનો શ્રીજિનેશ્વરના ધર્મમાં સમ્યક્ શ્રદ્ધાવાળા થયા, અને તે ઉપરાન્ત શ્રી-જિનશાસનનો ઉદ્યોત કરનારી એવી શ્રીજૈન એસોસીએશન નામની એક મોટી સંસ્થા સ્થાપવામાં આવી. તે મેવાડ પ્રદેશના જિન મંદિરોની સાર સંભાળ રાખે છે. ॥ ૬૮ ॥

શ્રીગુરૂ મહારાજે ઉદયપુરથી રાણકપુર અને જવાલ વિગેરે ગામ તરફ કરેલા વિહારની બીના વગેરે બે ગાથામાં જણાવે છે–

**राणयपुरं ससंघो-तत्तो सूरी समागया हरिसा ॥**
**कमसो जावालपुरं–अहिणवजिणचेइयारंभो ॥६९॥**
**गुरुवयणा संजाओ-सिरिविमलायलसुतित्थजत्तट्ठं ॥**
**निग्गयसंघेण समं–सूरी संखेसरं पत्ता॥७०॥**

સ્પષ્ટાર્થ—ઉદયપુરનું ચોમાસું સંપૂર્ણ થયા બાદ શ્રી-ગુરૂવર્યના સદુપદેશથી શા. ઉજમલાલજીએ રાણકપુર તીર્થની યાત્રા માટે શ્રીરાણકપુર તીર્થનો સંઘ કાઢ્યો. તે સંઘ સાથે સપરિવાર શ્રીગુરૂ મહારાજ અતિ આનંદથી રાણકપુર તીર્થે પધાર્યા. ત્યાં ઘણા આનંદ પૂર્વક તીર્થયાત્રા કરીને અને સંઘવીને

તીર્થ માળ પહેરાવીને અનુક્રમે વિહાર કરતા કરતા શ્રીગુરૂવર્ય મારવાડ દેશમાં આવેલા जावाल નામના નગરમાં પધાર્યા. ત્યાં ગામની બહાર શ્રીગુરૂ મહારાજના સદુપદેશથી ત્યાંના ભાવિક શ્રાવક વર્ગે નવું જિનચૈત્ય બંધાવવાની શરૂઆત કરી. ત્યાર બાદ શ્રીગુરૂ મહારાજના ઉપદેશથી શ્રીविमलाचल तीर्थ ની યાત્રા કરવાને માટે શ્રાવક મૂલચંદજી વિગેરે બે શ્રાવકોએ છરી પાલતા કાઢેલા શ્રીસંઘની સાથે ક્રમસર ગુરૂ મહારાજ ગુજરાતના શ્રીશંખેશ્વર નામના ગામમાં શ્રીશંખેશ્વર પાર્શ્વનાથનું તીર્થ છે ત્યાં પધાર્યા. ॥ ૭૦ ॥

શંખેશ્વરથી આગળની બીના જણાવે છે—

**भव्वंगिबोहणट्ठं–सूरीसा रायनयरमणुपत्ता ॥**
**गुरुसीसेहिं सहिओ–संघो सिद्धायलं पत्तो ॥७१॥**

સ્પષ્ટાર્થ—ત્યાર બાદ શંખેશ્વરથી વિહાર કરી શ્રીગુરૂ મહારાજ ભવ્ય જીવોને પ્રતિબોધ કરવા માટે અનુક્રમે વિહાર કરતા કરતા અમદાવાદ નગરમાં પધાર્યા. અને સંઘે અહીંથી સિધા સિદ્ધગિરિ તરફ પ્રયાણ કર્યું. તેમાં મુખ્ય તરીકે ગુરૂ મહારાજના શિષ્ય શ્રીવિજયદર્શનસૂરિજી મહારાજ વિગેરે હતા. અનુક્રમે શ્રીસંઘ શ્રી સિદ્ધાચલ તીર્થમાં પહોંચ્યો અને યાત્રા તીર્થમાલા ઉદ્યાપનાદિ શાસન પ્રભાવનાના ઉત્તમ કાર્યો બહુજ સારા પ્રમાણમાં થયા. અહીં વિ૦ સં૦ ૧૯૭૭માં શ્રીસંઘના આગ્રહથી સપરિવાર શ્રીગુરૂ મહારાજ ચોમાસું રહ્યા. તેમાં શાસન પ્રભાવનાના બહુ કાર્યો થયા. ॥ ૭૧ ॥

અમદાવાદથી ખંભાત તરફના વિહારની બીના જણાવે છે—

**तत्थ य चाउम्मासीं–समण सिरिथंभतित्थसंघेणं ॥**
**विण्णत्ता संपत्ता–तं सिरितंबावइं नयरिं ॥७२॥**

સ્પષ્ટાર્થ—પંન્યાસ ઉત્તમવિજયજી પદ્મવિજયજી વિગેરે મહાપુરૂષોના જન્મથી પવિત્ર બનેલ શ્રીઅમદાવાદમાં વિ૦ સં૦ ૧૯૭૭નું વર્ષા ચોમાસુ સમાપ્ત કરીને શ્રીસ્તંભન તીર્થના શ્રાવક સંઘે ગુરૂ મહારાજને સ્તંભનતીર્થે એટલે ખંભાત બંદર પધારવાની આગ્રહ ભરી વિનંતિ કરવાથી તે ખંભાતના સંઘની વિનંતિ સ્વીકારીને ગુરૂ મહારાજ અનુક્રમે વિહાર કરતા કરતા શ્રીત્રંબાવતી નગરીએ એટલે ખંભાત બંદરે પધાર્યા. ॥ ૭૨ ॥

ગુરૂ મહારાજનું ખંભાતમાં ચોમાસું અને સકરપુરામાં શ્રીઆદીશ્વર પ્રભુના દેહરાસરનો થયેલ જીર્ણોદ્ધાર વિગેરે બીના જણાવે છે–

**तत्थ य चाउम्मासी–जाया सूरीसरस्स वयणाओ ॥**
**उसभालयस्स जाओ–तित्थसमासण्णसयरपुरे ॥७३॥**

સ્પષ્ટાર્થ—અહીં ખંભાત બંદરમાં શ્રીગુરૂ મહારાજનું વિ૦ સ૦ ૧૯૭૮નું ચોમાસું થયું, અને શ્રીગુરૂ મહારાજના વચનથી—સદુપદેશના પ્રભાવથી ખંભાત તીર્થની પાસે જે સકરપુરા નામનું પરૂં (નાનું ગામ) છે ત્યાં શ્રી આદીશ્વર પ્રભુનું પ્રાચીન જીર્ણ દેહરાસર છે તેનો જીર્ણોદ્ધાર થયો. ॥ ૭૩ ॥

શ્રીસ્તંભતીર્થમાં થયેલાં ઉપધાનની બીનાની જણાવે છે–

**जिण्णुद्धारो किरिया–उवहाणतवस्स सुत्तवुत्तस्स ॥**
**जाया संघुल्लासा–तित्थस्स पहावगा विउला ॥७४॥**

સ્પષ્ટાર્થ—એ પ્રમાણે સકરપુર ગામમાં અમદાવાદના શેઠ માણેકલાલ મનસુખભાઇ વિગેરે શ્રીસંઘે શ્રીગુરૂના ઉપદેશથી તે શ્રીઆદીશ્વર પ્રભુના પ્રાચીન ને જીર્ણ દેહરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તે ઉપરાંત શ્રીમહાનિશીથમાં શ્રાવકોને નવકાર આદિ આવશ્યક સૂત્રો ભણવા માટે જે અમુક અમુક પ્રકારની તપશ્ચર્યા કરવા રૂપ ઉપધાનવિધિ કહ્યો છે તે શાસ્ત્રોક્ત ઉપધાન તપની ક્રિયા પણ અમદાવાદના લાવરીની પોળના રહીશ. શા. ચુનીભાઈ ભગુભાઈ તરફથી શ્રી સંઘના ઉલ્લાસ પૂર્વક ઘણી સારી રીતે થઇ, અને એ પ્રમાણે જીર્ણોદ્ધાર અને ઉપધાન તપ વિગેરે ઘણાં ધાર્મિક કાર્યો થવાથી શ્રી જૈન શાસનની ઘણી પ્રભાવના થઈ. ॥૭૪॥ હવે અહીં થયેલા સૂરિપદ મહોત્સવની બીના જણાવે છે—

सूरीसरेहि दिण्णं-वायगसिरिदंसणोदयगणीणं ॥
आयरियपयं विहिणा महुस्सवाइप्पबंधेणं ॥ ७५ ॥

સ્પષ્ટાર્થ—અહિં ખંભાતમાં બીજું મહત્વનું આ પણ એક ઉત્તમ કાર્ય થયું કે—ગુરૂ મહરાજના શિષ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રીદર્શનવિજયજી અને ઉપાધ્યાયજી મહારાજ શ્રીઉદયવિજયજી બન્નેને ગુરૂ મહારાજ શ્રીવિજયનેમિસુરીશ્વરજી મહારાજે સંઘે કરાવેલા ઘણા મોટા અઠ્ઠાઇ મહોત્સવ આદિ મહોત્સવના પ્રબંધ પૂર્વક (રચના પૂર્વક) શાસ્ત્રોકત વિધિને અનુસારે બન્ને શિષ્યોને વિ૦ સં૦ ૧૯૭૯ના વૈશાખ વદ બીજે આચાર્યપદ આપ્યું, જેથી શ્રીદર્શનવિજયજી ઉપાધ્યાય તે આચાર્ય શ્રીવિજયદર્શનસુરિ થયા, અને ઉપાધ્યાયજી મહારાજ શ્રીઉદયવિજયજી ગણી તે આચાર્ય શ્રીવિજયોદયસૂરિ થયા. ॥ ૭૫ ॥

ખંભાતથી અમદાવાદ તરફના વિહારની બીના જણાવે છે—

**दाऊण लाहमणहं-तत्तो सिरिरायनयरमज्झम्मि ॥**
**चाउम्मासीजुयलं-विहियं भव्वोवयारट्ठं ॥७६॥**

સ્પષ્ટાર્થ—એ પ્રમાણે ખંભાત નગરના સંઘને જીર્ણોદ્ધાર ઉપધાન તપ અને સૂરિપદ પ્રદાનનો મહોત્સવ વિગેરે ઉત્તમ ધાર્મિક કાર્યોનો લાભ આપીને ત્યાંથી એટલે ખંભાત બંદરથી વિહાર કરતા કરતા અનુક્રમે અમદાવાદ નગરમાં શ્રીગુરૂ મહારાજ પધાર્યા, અને ત્યાં અમદાવાદમાં ભવ્ય જીવોને ઉપકાર કરવાને માટે વિ૦ સં૦ ૧૯૭૯માં અને ૧૯૮૦માં બે ચોમાસાં કર્યાં. ॥ ૭૬ ॥

પન્યાસ પદવી મહોત્સવની બીના વગેરે જણાવે છે—

**पण्णासपयं दिण्णं-गुरुणा सिरिणंदणस्स सिद्धिस्स ॥**
**चाणसमामिहनयरे-सूरी कमसो समणुपत्ता ॥७७॥**

સ્પષ્ટાર્થ—ગુરૂવર્યે શ્રીવિજયોદયસૂરીશ્વરજીના શિષ્ય અને પોતાના પ્રશિષ્ય શ્રીનંદનવિજયજી મહારાજને વિ૦ સં૦ ૧૯૮૦ના વૈશાખ સુદી અગીઆરસે ગણિપદ તથા વદી છઠે પંન્યાસ પદ આપ્યું. તથા પોતાના શિષ્ય શ્રીસિદ્ધિવિજયજી મહારાજને પણ તેજ સાલમાં ઘણા મહોત્સવ પૂર્વક શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ગણિ પદવી પન્યાસ પદવી આપી, ત્યારથી શ્રીનંદનવિજયજી મહારાજ पन्यासजी श्रीनन्दनविजयजी થયા અને શ્રીસિદ્ધિવિજયજી મહારાજ पन्यासजी श्रीसिद्धिविजयजी થયા એ પ્રમાણે અમદા-

વાદમાં એ પંન્યાસ પદવીએ આપીને ચોમાસું પૂર્ણ થયા બાદ ગુરૂ મહારાજ અનુક્રમે વિહાર કરતા કરતા વડોદરા પ્રાન્તના પાટણ જીલ્લામાં આવેલા **ચાણસમા** નામના ગામ પધાર્યા. શ્રીસંઘના આગ્રહથી વિ૦ સં૦ ૧૯૮૧માં ચાતુર્મોસ રહ્યા. આ વખતે શ્રીગુરૂ મહારાજના ઉપદેશથી શાસન પ્રભાવનાના ઘણાં કાર્યો થયા. તેમજ શ્રી ગુરૂવર્યે પોતાના શિષ્ય મુનિ પદ્મવિજયને સર્વાનુયોગમય પંચમાંગ શ્રીભગવતી સૂત્રના યોગોદ્વહન ક્રિયાની શરૂઆત કરાવી. સાથે બીજા સાધુઓને પણ શ્રીઆચારાંગ મહાનિશીથાદિ સૂત્રોના યોગોદ્વહનની ક્રિયા શરૂ કરાવી. ॥ ૭૭ ॥

શ્રીગુરૂમહારાજના ઉપદેશથી શ્રીસંઘે કરાવેલી વિદ્યાવાડીની બીના જણાવે છે—

**उवएसा सूरीणं–चाणसमा गामवज्झदेसम्मि ॥**
**कारविया संवेणं–सिरिविज्झावाडियारम्भा ॥७८॥**

**સ્પષ્ટાર્થ**—શ્રી સૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી ચાણસમા વગેરેના ભાવિક શ્રાવકોએ ચાણસમા ગામની બહાર સ્ટેશનની પાસે આવેલા એક વિશાળ ક્ષેત્રમાં મનોહર **શ્રીવિદ્યાવાડી** નામની વાડી અને તેમાં ગુરૂમંદિર વગેરે ધર્મસ્થાનો બંધાવ્યા. આ ગામમાં ગુરૂ મહારાજના શિષ્ય શ્રીવિદ્યાવિજય કાળધર્મ પામ્યા હતા, જેથી તેમના પવિત્ર નામના સ્મરણાર્થે શ્રીસંઘે તેમની દેરી પણ બંધાવી છે. ॥ ૭૮ ॥

વિદ્યાવાડીમાં ગુરૂમંદિરની પ્રતિષ્ઠાની બીના જણાવે છે—

पासाओ रमणिज्जो-निम्मविओ तत्थ पुज्जपडिमाणं ॥
गुरुणा कया पइट्ठा-वरुस्सवाइप्पबंधेणं ॥ ७९ ॥

સ્પષ્ટાર્થ—શ્રી વિદ્યાવિજયજી મહારાજના સ્મરણ નિમિત્તે બનેલી ચાણસમા બહારની એ વિદ્યાવાડીમાં શ્રી ગુરૂ મહારાજના ઉપદેશથી પૂજ્ય એવા શ્રીગૌતમસ્વામી વિગેરે મહાપુરૂષોની પ્રતિમાઓને સ્થાપન કરવા માટે ભાવિક શ્રાવકોએ એક પ્રાસાદ બંધાવ્યો અને તે વિરાજમાન પ્રતિમાઓની પ્રતિષ્ટા શ્રીગુરૂના ઉપદેશથી શ્રીસંઘે ઘણા ઉત્તમ મહોત્સવ આદિકની રચના સહિત કરાવી. ॥૭૯॥

શ્રીગુરૂ મહારાજે અહીંથી પાટણ તરફ કરેલા વિહારની બીના વગેરે પાંચ ગાથામાં જણાવે છે—

उज्जावणप्पसंगे-नियनयरागमणहेउविण्णत्तिं ॥
काउं पत्तनसंघो-समागओ सड्ढगुणकलिओ ॥८०॥
सोच्चा तं विण्णत्तिं-वियारिऊणं पहावणालाहं ॥
विहरंता संपत्ता-पत्तननयरम्मि जगगुरुणो ॥८१॥

સ્પષ્ટાર્થ—ત્યાર બાદ પાટણ નગરમાં ઉજમણાના મહોત્સવનો પ્રસંગ હતો, તેથી તે ઉજમણાના મહોત્સવના પ્રસંગમાં પાટણ નગરનો શ્રદ્ધા આદિ ગુણ યુક્ત એવો શ્રાવક સંઘ સૂરીશ્વરજીને પાટણ પધારવાની આગ્રહ ભરી વિનંતિ કરવા આવ્યો, તે વિનંતિ સાંભળીને ગુરૂ મહારાજે પાટણ જવાથી શ્રી જૈનશાસનની પ્રભાવના રૂપ લાભ થશે એમ વિચારીને જગદ્‌ગુરૂ શ્રીસૂરીશ્વરજી મહારાજ અનુક્રમે વિહાર કરતા કરતા પાટણ નગર પધાર્યા. ॥ ૮૦-૮૧ ॥

પાટણમાં શ્રી પદ્મવિજયજીની પન્યાસપદવી વિગેરે—

**पण्णासपयं दिण्णं–विणेयपउमस्स सूरिणा विहिणा ॥**
**गणिपयसमए दिण्णा–नियप्पसीसस्स गुरुदिक्खा ॥८२॥**

**સ્પષ્ટાર્થ**—ત્યાં પાટણમાં સૂરીશ્વર મહારાજે પોતાના શિષ્ય શ્રીપદ્મવિજય મહારાજને શાસ્ત્રોક્ત વિધિપૂર્વક વિ૦ સં૦ ૧૯૮૨ ફાગણ વદી પાંચમે ગણિપદ આપ્યું અને ફાગણ વદી અગીઆરસે પન્યાસ પદવી આપી, જેથી શ્રીપદ્મવિજયજી મહારાજ તે હવે :**पन्यासजी श्रीपद्मविजयजी गणी** થયા, અને તેમને ગણીપદ આપવાના સમયે ગુરૂ મહારાજે પોતાના પ્રશિષ્યને એટલે આચાર્ય મહારાજ શ્રીવિજયોદયસૂરિજીના શિષ્ય મુનિ મોતીવિજયજીને વડી દીક્ષા આપી. આ પ્રસંગે શ્રાવક શા. નગીનદાસ કરમચંદે ઉદ્યાપન–પદપ્રદાનાદિ ધાર્મિક કાર્યોમાં પરમ ઉલ્લાસથી લક્ષ્મી વાપરવાનો લ્હાવો લીધો હતો. ॥ ૮૨ ॥

ગુરૂવર્યનું પાટણ નગરમાં ચોમાસું અને શ્રીગિરિનાર-જીનો સંઘ.

**चाउम्मासीं पुज्जा–गुरुणो संघग्गहेण तत्थ ठिया ॥**
**अंते गुरूवएसा–संघो गिरिनारजत्तट्ठं ॥८३॥**

**સ્પષ્ટાર્થ**—પાટણના શ્રાવક સંઘના અત્યંત આગ્રહથી પરમ પૂજ્ય શ્રીગુરૂ મહારાજ વિ૦ સં૦ ૧૯૮૨ ની સાલમાં પાટણમાં ચોમાસું રહ્યા, અને ચોમાસું પૂર્ણ થયા બાદ ગુરૂ મહારાજના ઉપદેશથી ત્યાંના ધાર્મિક અગ્રગણ્ય શ્રાવક શા. नगीनदास करमचन्द નામના શ્રેષ્ઠિએ છરી પાલતા શ્રી ગિરિનારજી વિગેરે તીર્થોની યાત્રા કરવા માટે મોટો સંઘ કાઢયો. ॥ ૮૩ ॥

ગુરૂ મહારાજ સહિત સંઘ ધાંગધ્રામાં આવ્યો.

चलिओ संघेण समं—गुरुणो सीसप्पसीसपरिवरिया ॥
सिरिधंगध्रानयरं—जा विहरंता समणुपत्ता ॥८४॥

**સ્પષ્ટાર્થ**—તે સંઘ શ્રીગિરિનારજીની યાત્રા માટે ચાલ્યો, ત્યાં અનુક્રમે એક ગામથી બીજે ગામ ચાલતો સંઘ ધાંગધ્રા નગરમાં આવ્યો, તેમાં સંઘ સાથે અનુક્રમે વિહાર કરતા શિષ્ય-પ્રશિષ્યાદિ પરિવારવાળા શ્રીગુરૂ મહારાજ પણ ધાંગધ્રા નગરમાં પધાર્યા. ॥ ૮૪ ॥

ધાંગધ્રામાં ગુરૂ મહારાજને અમદાવાદ પધારવા માટે અમદાવાદના શ્રીસંઘે કરેલી વિનંતિની બીના વિગેરે.

सिरिरायनयरसंघो—पुव्विं तत्थागओ विवेगजुओ ॥
उज्जावणाइकज्जे—नियनयरागमणविण्णत्तिं ॥८५॥

**સ્પષ્ટાર્થ**—આ વખતે ધાંગધ્રા નગરમાં અમદાવાદનો સંઘ ગુરૂવર્યના પધારવા પહેલાંજ આવ્યો હતો, તે વિવેકવંત એવા અમદાવાદના સંઘે ઉજમણા વિગેરે મોટાં શાસન પ્રભાવનાનાં કાર્યોને અંગે પોતાના નગરે એટલે અમદાવાદ નગરમાં પધારવા વિનંતિ કરી. ॥ ૮૫ ॥

समकासी सिरिगुरुणो—जिणधम्मपहावणाइलाहट्ठं ॥
विहरंता तं पत्ता—अंगीकाऊण विण्णत्तिं ॥८६॥

**સ્પષ્ટાર્થ**—ગુરૂ મહારાજે પણ વિચાર્યું કે અમદાવાદ જવાથી ઉજમણું વિગેરે શાસન પ્રભાવનાનાં બીજાં પણ ઘણાં કાર્યો થવાનો સંભવ છે, જેથી તેવાં શાસન પ્રભાવનાના લાભને

અર્થે અમદાવાદના વિવેકી સંઘની વિનંતિ સ્વીકારીને ખાંગ-ડાથી અનુક્રમે ગામાનુગામ વિહાર કરતા કરતા અને વિહા-રમાં પણ અનેક જીવોને પ્રતિબોધ કરતા કરતા અમદાવાદ નગરમાં પધાર્યો તથા પાટણનો સંઘ અહીંથી કચ્છમાં ભદ્રે-શ્વર તીર્થની યાત્રા કરવા ગયો. ॥ ૮૬ ॥

પન્યાસજી મહારાજ શ્રીનંદનવિજયજી ગણીને આચાર્ય પદવી—

उज्जावणप्पसंगे गुरुणा संघग्गहेण विण्णस्स ॥
वायगनंदणगणिणो–आयरियपयं विइण्णं च ॥८७॥

સ્પષ્ટાર્થ—પ્રાગ્વાટ જ્ઞાતીય શેઠ જમનાભાઇ ભગુભાઇ તરફથી થયેલા વિશાલ ઉજમણાના મોટા મહોત્સવ પ્રસંગે વિશાળ જ્ઞાનવાળા પંન્યાસજી શ્રીનંદનવિજયજી ગણીને શ્રી-સંઘના અત્યન્ત આગ્રહથી ગુરૂ મહારાજે વિ૦ સં૦ ૧૯૮૩ વૈશાખ સુદી પાંચમે ઉપાધ્યાય પદ આપ્યું, અને વૈશાખ સુદી દશમે આચાર્યપદ આપ્યું. ॥ ૮૭ ॥

ગુરૂ મહારાજે કરેલી માતર તીર્થની પ્રતિષ્ઠા અને ખંભાતના સંઘની વિનંતિ વિગેરે બીના પાંચ ગાથામાં જણાવે છે—

मायरतित्थरहाणं–महप्पइट्ठा कया तओ गुरुणा ॥
सिरिथंभतित्थसंघो तत्थ पइट्ठाइविण्णत्तिं ॥८८॥
विणया कुणइ गुरूणं–णच्चा संघस्स विउलकल्लाणं ॥
पत्ता थंभणतित्थं–अंगीकाऊण विण्णत्तिं ॥८९॥

**સ્પષ્ટાર્થ**—ત્યાર બાદ ગુરૂ મહારાજને માતર તીર્થની પ્રતિષ્ઠા કરવા માટે શ્રીસંઘની આગ્રહ ભરી વિનંતિ થતાં ગુરૂ મહારાજ માતર તીર્થમાં પધાર્યા, કે જે તીર્થ અમદાવાદ તાબાના ખેડા જીલ્લામાં આવેલ છે, અને ખેડા સ્ટેશનથી સીધા માતર જઈ શકાય છે, ત્યાં શ્રીસુમતિનાથ પ્રભુનું તીર્થ છે, અને જેનો વહીવટ-દેખરેખ શ્રેષ્ઠિવર્ય મનસુખભાઈ ભગુભાઈના ભાઈ શેઠ જમનાભાઈ ભગુભાઈ રાખે છે, તે તીર્થની પ્રતિષ્ઠા ગુરૂ મહારાજે વિક્રમ સંવત ૧૯૮૪ ની સાલમાં કરી. ત્યાર બાદ ત્યાં માતરમાં રહેલા ગુરૂ મહારાજની પાસે પ્રતિષ્ઠા આદિ અનેક શાસન પ્રભાવનાનાં કાર્યને અંગે વિનંતિ કરવા માટે શ્રી સ્તંભન તીર્થનો સંઘ એટલે ખંભાત બંદરનો શ્રાવક સંઘ આવ્યો, અને ગુરૂ મહારાજને શ્રીસ્તંભન પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા વિગેરે બીજાં અનેક મહત્વનાં કાર્યો માટે વિનયથી નમસ્કાર કરીને તેઅણે (ખંભાતના શ્રાવક સંઘે) વિનંતિ કરી. તે વખતે શ્રીગુરૂ મહારાજ પણ સંઘનું મહા કલ્યાણ છે એમ વિચારી ખંભાતની વિનંતિ અંગીકાર કરીને ખંભાત નગર પધાર્યા. ॥ ૮૮–૮૯ ॥

શ્રીસ્તંભન પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા—

**सुहतिहिसोहणजोगे–थंभणपासाइसव्वपडिमाणं ॥**
**गुरुणा कया पइट्ठा–महुस्सवाइप्पबंधेणं ॥९०॥**

**સ્પષ્ટાર્થ**—ગુરૂ મહારાજ ખંભાત બંદરે પધાર્યા બાદ ઉત્તમ તિથિ ઉત્તમ વાર ઉત્તમ નક્ષત્ર વિગેરે પંચાંગવર્તી શુભ યોગમાં એટલે વિ૦ સં૦ ૧૯૮૪ માં શ્રીસ્તંભન પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા ઘણા મહોત્સવ પૂર્વક કરી, અને

એજ વખતે બીજી પણ અનેક પ્રતિમાઓની શુભ પ્રતિષ્ઠા કરી; તેમજ કેટલીક તદ્દન નવી પ્રતિમાઓની અંજનશલાકા પૂર્વક પ્રતિષ્ઠા પણ કરી. ॥ ૯૦ ॥

ખંભાતમાંજ ગુરૂ મહારાજનું ચોમાસું અને પાલીતાણાનો સંઘ—

संघग्गहेण विहिया—चाउम्मासी तहिं पवरगुरुणा ॥
अंते गुरूवएसा—सत्तुंजयतित्थजत्तट्ठं ॥ ९१ ॥
चलिओ संघो तेणं—सह गुरुणो सिद्धखित्तमणुपत्ता ॥
विहियविमलगिरिजत्ता—समागया सिरिकयंबगिरिं ॥९२॥

સ્પષ્ટાર્થ—ઉત્તમ ગુરૂ મહારાજ શ્રીખંભાતના શ્રાવક સંઘની આગ્રહ ભરી વિનંતિથી અહીં રહેવાથી શાસનપ્રભાવનાના અનેક લાભ થશે એમ જાણીને ખંભાત નગરમાં વિ૦ સં૦ ૧૯૮૪ નું ચોમાસુ રહ્યા, અને નિર્વિઘ્નપણે વર્ષા ચોમાસુ વ્યતીત થયા બાદ શ્રીગુરૂ મહારાજના સદુપદેશથી વિ૦ સં૦ ૧૯૮૫માં માગશર માસમાં શ્રીસિદ્ધગિરિ તીર્થની એટલે શ્રીશત્રુંજય મહાતીર્થની યાત્રા કરવા માટે પટવા તારાચંદ સકલચંદે સંઘ કાઢ્યો, તે સંઘ સાથે વિહાર કરતા કરતા અનુક્રમે સપરિવાર ગુરૂ મહારાજ શ્રીસિદ્ધગિરિજી પધાર્યા, અને ત્યાં શ્રીવિમલાચલ તીર્થની એટલે શ્રી સિદ્ધગિરિજીની પવિત્ર યાત્રા કરીને ગુરૂ મહારાજ શ્રીકદંબગિરિ તીર્થે પધાર્યા. એમ આગળ જણાવે છે. ॥ ૯૧-૯૨ ॥

શ્રી કદંબગિરિ સંબંધી પ્રથમ ખરીદાએલી જમીનને અંગે ગુરૂવર્યના મનમાં ઉદ્ભવેલા શુભ વિચારો ૬ ગાથામાં જણાવે છે—

चिंतीअ मज्झ गुरुणो–बहुमाणं चिय विसुद्धहियएणं ॥
गहियाण य भूमीणं–वीसइवरिसा वइक्कंता ॥९३॥
अहुणावि य तयवत्था–बारसगाउप्पयाहिणाए य ॥
इह विविहा बहुसंघा–जत्तट्ठी भूरिदेसत्था ॥९४॥
पइवरिसं भत्तिजुया–सहस्सहुत्तो सहस्ससंखिज्जा ॥
हरिसाऽऽगच्छंति सया–कयंबगिरिरायछायाए ॥९५॥
साहणवइरेगेणं–चोयं गच्छिअ कुणंति पहुपूयं ॥
पूयाणुगसामग्गी–नियमेणावस्सिया तेसिं ॥९६॥
वंचिज्जइ सिरिसंघो–कयंबतित्थस्स भत्तिलाहेहिं ॥
संघो जिणवइपुज्जो–तहेव रयणायरोऽपुव्वो ॥९७॥
जो साहिज्जं कुणए–संघस्स य निरहिलासभावेणं ॥
सो तित्थयरत्तसिरिं–खिप्पं लद्धूण सिज्जिज्जा ॥९८॥

સ્પષ્ટાર્થ—આ વખતે મ્હારા ગુરૂવર્યે તીર્થ પ્રત્યેના બહુ માનથી ભરેલા વિશુદ્ધ હૃદય વડે વિચાર કર્યો કે–એટલે મ્હારા ઉપદેશથી પ્હેલાં અમદાવાદની શ્રીઆણંદજી કલ્યાણજીની પ્રસિદ્ધ પેઢીએ જે જમીન અહિં કામલીયા વંશના ક્ષત્રીયો પાસેથી રજીસ્ટરી દસ્તાવેજ પૂર્વક ખરીદી હતી તે ખરીદેલી ભૂમિને આજે વીસ વર્ષ જેટલી મુદત વીતી ગઈ, પરન્તુ એ ભૂમિનો હજી સુધી તીર્થના સંબંધમાં કંઈ પણ સદુપયોગ થયો નથી. ॥ ૯૩ ॥

અહો! આ ભૂમિ ખરીદ્યાને આજે વીસ વર્ષ વીતી ગયાં તો પણ આ ભૂમિ જેવી હતી તેવીને તેવીજ

કંઇ પણ સદુપયોગ વિનાની પડી રહી છે, અને શ્રીસિદ્ધગિરિજીની જાત્રા કરવાના અર્થી ભાવિક ભવ્ય જીવોના વિવિધ પ્રકારના દેશોમાં વસતા ઘણા સંઘ શ્રીસિદ્ધગિરિજીની બાર ગાઉની પ્રદક્ષિણા વખતે ફરતા ફરતા એટલે બાર ગાઉની પ્રદક્ષિણા દેતાં પ્રથમ અહિં શ્રી કદંબગિરિજીની યાત્રાર્થે આવે છે. ॥ ૯૪ ॥

અને તે પણ કોઇ કોઈ વખતેજ નહિં પરન્તુ શ્રીકદંબગિરિજી આદિ તીર્થોની ભક્તિ નિમિત્તે હજારોની સંખ્યામાં હજારો વાર અહિં શ્રીકદંબગિરિજીની છાયામાં હંમેશાં પ્રતિવર્ષે હર્ષ સહિત સાધુઓ સાધ્વીઓ શ્રાવકો શ્રાવિકાઓ છૂટાં છૂટાં તેમજ સંઘ સહિત આવે છે. ॥ ૯૫ ॥

પરન્તુ અહિં શ્રીકદંબગિરિજીમાં પ્રભુની પૂજા કરવાનું સાધન શ્રીપ્રભુજીની પ્રતિમા દેહરાસર આદિ કંઇ પણ ન હોવાથી અહિંથી ૧ ગાઉ દૂર લગભગ જઇને ચોક નામના ગામમાં દેહરાસરજી છે ત્યાં જઇને શ્રાવકો પ્રભુ પૂજા કરે છે, માટે તેવા પૂજાના ભાવિક શ્રાવક આદિને માટે આ તીર્થમાં પણ દેહરાસરજી અને પ્રતિમાજી વિગેરે પ્રભુ પૂજામાં ઉપયોગી જણાતાં દરેક સાધનોની અવશ્ય જરૂર છે. ॥ ૯૬ ॥

વળી જે શ્રીસંઘ શ્રીતીર્થંકર ભગવંતોને પણ પૂજ્ય છે, કારણ કે સમવસરણમાં દેશના વખતે શ્રીતીર્થંકર પ્રભુ " णमो तित्थस्स=તીર્થને નમસ્કાર હો " એ પ્રમાણે કહીને દેશના આપવા સિંહાસન ઉપર બેસે છે, અહિં

तित्थस्स એ પદમાં તીર્થ શબ્દનો અર્થ જો કે પ્રથમ ગણુ-ધર પ્રવચન અને શ્રુતજ્ઞાન એમ ત્રણ પ્રકારનો છે, પરન્તુ તીર્થંકર પ્રભુનો નમસ્કાર એ ત્રણ અર્થમાંથી પ્રવચન અર્થ-વાળો છે, ત્યાં પ્રવચન એટલે શ્રીજિનેન્દ્ર ભગવંતનું શાસન અથવા શાસનના આધારભૂત શ્રીચતુર્વિધ સંઘ, એ અર્થ પ્રમાણે શ્રીતીર્થંકર પ્રભુ શાસનના આધારભૂત શ્રીચતુર્વિધ સંઘને સામુદાયિક નમસ્કાર કરે છે, જેથી ચતુર્વિધ સંઘ શ્રી તીર્થંકર પ્રભુને પણ પૂજ્ય છે, તેમજ એ સંઘ અપૂર્વ રત્નાકર સરખો છે એટલે અપૂર્વ રત્નોથી ભરેલો હોવાથી અપૂર્વ સમુદ્ર સરખો છે, કારણ કે લવણ સમુદ્ર આદિ અસંખ્ય સમુદ્રોમાં મણિ આદિ રત્નો હોવાથી એ સર્વ સમુદ્રો જો કે રત્નાકર કહેવાય છે પરન્તુ એ રત્નો કેવળ સાંસારિક સુખ-નાંજ સાધન હોવાથી સંસાર ભ્રમણના હેતુવાળાં છે, માટે એ મણિ આદિ રત્નોવાળા રત્નાકરો—સમુદ્રો અપૂર્વ ન કહેવાય. તેમજ એ સમુદ્રો જળચર આદિ જન્તુઓ યુક્ત હોવાથી તેમજ તરંગો આદિ વડે ચપળ હોવાથી અપૂર્વ રત્નાકર ન કહેવાય, પરન્તુ જ્ઞાન દર્શન અને ચારિત્રરૂપી વિવિધ રત્નોની ખાણ રૂપ શ્રીચતુર્વિધ સંઘ એજ અપૂર્વ લોકોત્તર રત્નાકર કહેવાય, તેમજ જ્ઞાનાદિ ગુણો વડે શોભા-યમાન હોવાથી અને જળચરાદિ જંતુઓ સરખા ક્ષુદ્ર દોષો ન હોવાથી શ્રીસંઘ એજ અપૂર્વ રત્નાકર છે, અને એવો જિનવરને પૂજ્ય તથા અપૂર્વ રત્નાકર સરખો શ્રીચતુર્વિધ સંઘ આવા કદંબગિરિ સરખા ઉત્તમ તીર્થે આવીને પણ શ્રી કદંબગિરિજીની પૂજાથી વંચિત રહે છે, એટલે અહિં આવીને શ્રીસંઘ પ્રભુ પૂજાનો લાભ મેળવી શકતો નથી. ॥ ૯૭ ॥

વળી કોઈ પણ પ્રકારના અભિલાષ વિના નિઃસ્વાર્થ બુદ્ધિએ કેવળ મોક્ષની ઇચ્છાએ જે ભવ્ય જીવો એવા જિનવર પૂજ્ય અને અપૂર્વ રત્નાકર સરખા પરમ ગુણવંત શ્રીસંઘને સ્હાય કરે એટલે જિનભક્તિ કરવાના અન્તરાયો દૂર કરીને શ્રીજિનભક્તિનાં શ્રેષ્ઠ સાધનોની સગવડ કરાવી આપે તો તેવા ભવ્ય જીવો આ ભવ પરભવમાં કલ્યાણ સાધી શીઘ્ર શ્રીતીર્થંકરપણાની લક્ષ્મી પામી પરમ મુક્તિ પદને પામે, અર્થાત્ શ્રીસંઘની ભક્તિ કરનારો જીવ તીર્થંકર પદવી પામી મોક્ષપદ પામે એવા પ્રકારનું શ્રી જિન-વચન છે. ॥ ૯૮ ॥

ઉપર જણાવેલા શ્રી જિનવચનનો પ્રભાવ વિગેરે બીના બે ગાથામાં જણાવે છે—

इय सुसरिय जिणवयणं-दक्खामियसक्करिक्खु बहुमिट्ठं ॥
सिवपहपडिवण्णाणं-भवियाणं जोगखेमयरं ॥ ९९ ॥

गुरुणा दिण्णा विमला-संघस्स य देसणा जहासुत्तं ॥
पडिबुद्धेणं तेणं-तवगच्छीया महासंठा ॥१००॥

**સ્પષ્ટાર્થ**—એ પ્રમાણે એટલે ૯૮ મી ગાથામાં કહેલું શ્રી જિનેશ્વર ભગવંતનું વચન કે જે દ્રાક્ષની મીઠાશ કરતાં પણ અનંતગુણ મીઠું છે, અમૃતની મીઠાશથી પણ અનંત-ગુણ મીઠું છે સાકરની મીઠાશથી પણ અનંતગુણ મીઠું છે તેમજ શેલડીના રસની મીઠાશથી પણ અનંતગુણ મીઠું છે તેવા અત્યંત મીઠાશવાળા શ્રીજિનેશ્વર ભગવંતના વચનો સંભારીને, તેમજ મોક્ષ માર્ગને પામેલા એવા ભવ્ય જીવોને

એટલે ઉત્તમ દર્શન જ્ઞાન અને ચારિત્ર સાધના રૂપ મોક્ષના માર્ગને સાધતા સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘને યોગ તથા ક્ષેમ કરનારૂં એટલે અપ્રાપ્ત જ્ઞાનાદિ ગુણને પ્રાપ્ત કરાવનારૂં (તે યોગ કરનારૂં) અને પ્રાપ્ત થયેલા જ્ઞાનાદિ ગુણોનું રક્ષણ કરનારૂં (તે ક્ષેમ કરનારૂં) એવા પ્રકારનું શ્રીજિનવચન છે એમ શ્રીગુરૂ મહારાજે સ્મરણ કરીને એટલે એવા પ્રકારનું જિનવચન સંભારીને દેશોદેશથી આવેલા શ્રીસંઘની આગળ સિદ્ધાન્તને અનુસારે શ્રીતીર્થરાજના મહિમાદિ સંબંધી અને વૃદ્ધિ સંબંધી સદુપદેશ આપ્યો, કે જે સદ્દેશનાના પ્રભાવે-પરિણામે તીર્થાધિરાજની પ્રભાવના અને વૃદ્ધિના મુખ્ય કાર્ય માટે પ્રતિબોધ પામેલા શ્રીસંઘે એક મોટી કાર્યવાહી સંસ્થા (તપાગચ્છના શ્રાવક સમુદાયની એક મોટી કાર્યવાહિની સંસ્થા) સ્થાપી. ॥ ૯૯-૧૦૦ ॥

સંસ્થાનું નામ અને બીજી વધારે જમીનની ખરીદી. તથા મુખ્ય જિનાલયાદિની બીના ચાર ગાથામાં જણાવે છે—

ठविया नामेण जुया-जिणदाससमे य धम्मदासस्स ॥
ताए गहिअ रसाओ-अण्णाओ नूयणाओ य ॥१०१॥

साहारणदविणाणं-तओ कओ ताण गहणसमयम्मि ॥
जिणगिहकज्जं तीए-विहाणपुव्वं समारद्धं ॥१०२॥

रायनयरवत्थव्वो-जो पुत्तो फूलचंदसिद्धिस्स ॥
नामेण कम्मचंदो-देवगुरूणं परमभत्तो ॥ १०३ ॥

तस्सप्पया विणीया-जा पूंजी तीइ धम्ममइणीए ॥
गहिआऽऽएसं विहिणा-कारवियं मूलजिणगेहं ॥१०४॥

સ્પષ્ટાર્થ—શ્રીસંઘે સ્થાપેલી સંસ્થાનું નામ જિનદાસ સહિત ધર્મદાસ હતું. અર્થાત્ 'શ્રીજિનદાસ ધર્મદાસની પેઢી' આવા નામવાળી નવી સંસ્થા સ્થાપી, અને એ પેઢીએ કદંબગિરિ પાસેની બીજી નવી જમીન પણ ખરીદી, જેથી અમદાવાદની પેઢીએ પ્રથમ જે જમીન ખરીદી હતી તે ઉપરાન્ત બીજી નવી જમીન આ પેઢીએ મૂલ્ય આપીને વધારે ખરીદી. અને રાજ્ય કાયદા પ્રમાણે ભૂમિનો દસ્તાવેજ પણ પેઢીના અને કામળીયા વંશના ક્ષત્રીયોના સહી સિક્કા સાથે રજીસ્ટર કરાવ્યો, એ પ્રમાણે શ્રીકદંબગિરિ તીર્થના ઉપયોગ માટે ઘણી વિશાળ ભૂમિ ખરીદી. ॥ ૧૦૧ ॥

ખરીદાયલી ભૂમિ ઉપર દેહરાસર બાંધવાનો પ્રારંભ—

આ શ્રી જિનદાસ ધર્મદાસની પેઢીએ જે નવી જમીન ખરીદી તેમાં સાધારણ ખાતાના દ્રવ્યનો-ધનનો જ ખર્ચ કર્યો, અને અમદાવાદની આણંદજી કલ્યાણજીની પેઢીએ જે પ્રથમ જમીન ખરીદી હતી તેમાં પણ સાધારણ ખાતાનાજ દ્રવ્યનો ખર્ચ કર્યો હતો. હવે આ ખરીદાયલી તીર્થભૂમિ ઉપર વિધિપૂર્વક ચોવીસમા શ્રીમહાવીર સ્વામી ભગવંતનું દેહરાસર બાંધવાનો સમારંભ-પ્રારંભ કર્યો. અને દેહરાસર બાંધવાનો જે જે શાસ્ત્રોક્ત વિધિ છે તે તે વિધિ ત્યાંના ક્ષેત્ર કાળાદિકને અનુસારે સાચવ્યો. ॥૧૦૨॥

દેહરાસર બંધાવનાર અમદાવાદનિવાસી પુંજીબાઇની બીના—

શ્રી કદંબગિરિની એ નવી ભૂમિ ઉપર દેહરાસર કોણે બંધાવ્યું તે કહે છે—અમદાવાદમાં રહેનાર શા. ફુલચંદ શેઠના જે કર્પૂરચંદ્ર નામના સુપુત્ર કે જે શ્રી દેવ ગુરૂના પરમ ભક્ત હતા તેમની એટલે શેઠ કરમચંદ ફુલચંદની અત્યંત વિનયવંતી પુત્રી પુંજી વ્હેને શ્રીગુરૂ મહારાજના ઉપદેશથી શ્રીસંઘનો (ઉપર જણાવેલી પેઢીનો) આદેશ લઈને એટલે આજ્ઞા લઈને પોતાના ખરચે વિધિપૂર્વક મૂળ દેહરાસર બંધાવ્યું. ॥ ૧૦૩–૧૦૪ ॥

મૂળ દેહરાસરની ચારે બાજુ રહેલી બીજી દેરીઓની બીના વિગેરે ૪ ગાથામાં જણાવે છે—

तेरस देउलियाओ–महईओ तहडतीस देउलिया ॥
तह लहुवीओऽद्वारस–गणीण पुव्वाण सूरीणं ॥१०५॥
एआओ सव्वाओ–अभिओ सिरिमूलदेवगेहस्स ॥
कारविया गुरुवयणा–तवगच्छीएण संघेण ॥१०६॥
गुरुनेमिसूरिवयणा–गुरुलहुबावण्णसिहरपरिवरिओ ॥
विहिओ तवसंघेण–बावण्णजिणालओ पुण्णो ॥१०७॥
एस कयंबविहारो–पासाओ पच्चलो मुयं दाउं ॥
साहइ पासंताणं–नंदीसरभव्वजिणनिलए ॥१०८॥

સ્પષ્ટાર્થ—એ મૂળ મોટા દેહરાસરને ફરતી તેર મોટી દેહરીઓ અને બીજી ૩૮ (આડત્રીસ) ન્હાની દેહરીઓ શ્રીગુરૂ મહારાજના ઉપદેશથી બીજા બીજા ભવ્ય જીવોએ બંધાવી, એમ ૫૨ (એકાવન) દેહરીઓ શ્રી

જિનેશ્વર ભગવંતની પ્રતિમાજીને પ્રતિષ્ઠિત કરવા માટે બંધાવી, અને તે ઉપરાન્ત શ્રી ગૌતમ ગણધર આદિ ગણધર ભગવંતોની અને પ્રાચીન કાળમાં થઈ ગયેલા પ્રસિદ્ધ પૂર્વાચાર્યોની પ્રતિમા અને પગલાં પ્રતિષ્ઠિત કરવા માટે બીજી ૧૮ નાની દેરીઓ બંધાવી. ॥ ૧૦૫ ॥

એ પ્રમાણે (૩૮+૧૩+૧૮=) ૬૯ દેહરીઓ તે મુળનાયક શ્રીમહાવીરસ્વામી પ્રભુના મૂળ દેહરાસરની ચારે બાજુ ફરતી બંધાવી, અને એ દેહરીઓ શ્રીગુરૂ મહારાજના સદુપદેશથી તપાગચ્છીય સંઘના જુદા જુદા સ્થલના ભાવિક શ્રાવકોએ બંધાવી. ॥ ૧૦૬ ॥

એ પ્રમાણે મારા પરમ પૂજ્ય ગુરૂવર્ય શ્રીવિજય-નેમિસૂરીશ્વરજીના સદુપદેશ વચનથી ન્હાના મોટા બાવન શિખરો વડે એટલે નાની મોટી બાવન દેહરીઓ વડે પરિવરેલ બાવન જીનાલયવાળું મોટું મૂળ નાયકજીનું દેહરાસર અલ્પ મુદતમાં શ્રીતપાગચ્છના સંઘે સંપૂર્ણ બંધાવીને તૈયાર કર્યું. આ પ્રાસાદનું નામ "શ્રી કદંબવિહાર" છે. ॥ ૧૦૭ ॥

આ શ્રી કદંબવિહારના દર્શનથી શ્રી નંદીશ્વર તીર્થની યાદી આવે, તે જણાવે છે—

વળી બાવન જીનાલય વડે પરિવરેલ આ कदंबविहार નામનો પ્રાસાદ અથવા બાવન જીનાલય પ્રાસાદ એવો સુંદર બંધાવ્યો કે જે દર્શન કરનારા ભવ્ય જીવોને સાત્વિક આનન્દ આપવાને સમર્થ

છે. અને એ કદંબવિહારની ભવ્ય રચના દેખતાંજ શ્રી નંદીશ્વર દ્વીપમાં રહેલા બાવન સુંદર ચૈત્યોનું સ્મરણ થાય છે. ॥ ૧૦૮ ॥

પ્રસંગાગત શ્રીનંદીશ્વર દ્વીપનાં બાવન દેહરાસરોની સંક્ષિપ્ત વિગત—

અસંખ્યાત દ્વીપ ને અસંખ્યાત સમુદ્ર આ તીચ્છીલોકમાં છે, તેમાં સર્વના મધ્ય ભાગે પહેલો જંબૂદ્વીપ નામનો દ્વીપ છે. તે એક લાખ યોજન વિસ્તારવાળો છે, તેને ફરતો પહેલો લવણ સમુદ્ર છે. તે એક બાજુના વલય વિસ્તારમાં બે લાખ યોજન વિસ્તારવાળો છે અને એનો વ્યાસ પાંચ લાખ યોજન છે. તેને ફરતો બીજો ધાતકીખંડ નામનો દ્વીપ છે, તે એક બાજુના વલય વિસ્તારમાં ૪ લાખ યોજન વિસ્તારવાળો છે. અને એનો વ્યાસ ૧૩ લાખ યોજન છે. તેને ફરતો કાલોદધિ સમુદ્ર નામનો બીજો સમુદ્ર વલય વિસ્તારમાં એક બાજુએ ૮ લાખ યોજન વિસ્તારવાળો છે, ને એનો વ્યાસ ૨૯ લાખ યોજન છે. તેને ફરતો પુષ્કરદ્વીપ નામનો ત્રીજો દ્વીપ ૧૬ લાખ યોજન એક બાજુના વલય વિસ્તારવાળો છે, ને તેનો વ્યાસ ૬૧ લાખ યોજન છે. પરન્તુ આ દ્વીપના અર્ધ વલય વિસ્તારમાંજ મનુષ્યોની વસતિ છે અને બીજા અર્ધ ભાગમાં મનુષ્યની વસ્તી નથી, પરન્તુ તિર્યંચાદિકની વસ્તી છે, તેથી એ દ્વીપના બે વિભાગમાંથી પહેલા અર્ધવિભાગમાંજ એટલે ૮ લાખ વલય વિસ્તારમાંજ મનુષ્યની વસ્તી છે અને બીજા ૮ લાખના વલય વિસ્તારમાં મનુષ્યની વસ્તી ન હોવાથી તેમજ એ બે વિભાગની વચ્ચે માનુષોત્તર

નામનો મોટો પર્વત પણ પુષ્કરવર દ્વીપમાં વલયાકારે આવેલો છે, તેથી પ્હેલા વિભાગનું નામ પુષ્કરદ્વીપ નહિં પરન્તુ મનુષ્ય સ્થાનની અપેક્ષાએ પુષ્કરાર્ધ દ્વીપ છે, તેથી એ પુષ્કરાર્ધનો વ્યાસ ૪૫ લાખ યોજન છે, અને એટલુંજ મનુષ્યક્ષેત્ર છે. જેથી પ્હેલા જંબૂદ્વીપમાં બીજા ધાતકીદ્વીપમાં અને અર્ધા પુષ્કરદ્વીપમાં મનુષ્ય વસ્તી હોવાથી મનુષ્ય ક્ષેત્ર અઢી દ્વીપ પ્રમાણ જાણવું. અને તે ૪૫ લાખ યોજન પ્રમાણ ગણાય છે, તેમજ ચંદ્ર સૂર્યાદિકની ગતિથી ઉત્પન્ન થતો સમય આવલિકા આદિ વ્યવહાર કાળ પણ અઢી દ્વીપમાં એટલે ૪૫ લાખ યોજનમાંજ છે, તેની બહાર મનુષ્યનો જન્મ નથી, મનુષ્યની ગર્ભોત્પત્તિ નથી, મનુષ્યનું મરણ નથી, સમય મુહૂર્ત્ત દિવસ રાત્રિ માસ વર્ષ યુગ પલ્યોપમ સાગરોપમ આદિ વ્યવહાર કાળ પણ નથી, કારણ કે ત્યાંના ચન્દ્ર સૂર્યાદિ જ્યોતિષીઓ સર્વ કાળ સ્થિર છે એટલે ગતિ કરતા નથી.

એ ૧૬ લાખ યોજનના પુષ્કરદ્વીપ પછી ૩૨ લાખ યોજન વલય વિસ્તારવાળો પુષ્કરદ્વીપને ફરતો ત્રીજો પુષ્કર સમુદ્ર છે, તેને ફરતો ૬૪ લાખ યોજન વલય વિસ્તારવાળો વારૂણીવર નામનો ચોથો દ્વીપ છે, તેને ફરતો ૧૨૮ લાખ યોજન પ્રમાણ વલય વિસ્તારવાળો વારૂણીવર નામનો ચોથો સમુદ્ર છે, તેને ફરતો ૨૫૬ લાખ યોજન પ્રમાણ વિસ્તાર વાળો ક્ષીરવર નામે પાંચમો દ્વીપ છે, તેને ફરતો ૫૧૨ લાખ યોજન વિસ્તારવાળો ક્ષીરવર સમુદ્ર નામે પાંચમો સમુદ્ર છે, તેને ફરતો ૧૦૨૪ લાખ યોજન પ્રમાણ વિસ્તારવાળો છઠ્ઠો

घृतवर द्वीप छे, तेने फरतो २०४८ लाख योजन प्रमाण विस्तारवाळो छठ्ठो घृतवर समुद्र छे, तेने फरतो ४०९६ लाख योजन प्रमाणवाळो सातमो इक्षुवर द्वीप छे. तेने फरतो ८१९२ लाख योजन प्रमाण विस्तारवाळो सातमो इक्षुवर समुद्र छे, तेने फरतो १६३८४ लाख योजन प्रमाण विस्तारवाळो आठमो नंदीश्वर द्वीप नामनो द्वीप छे.

वलय सरखी गोळ आकृतिवाळा आ नंदीश्वर द्वीपमां चार दिशाए श्याम वर्णना रत्नमय ४ अंजनगिरि पर्वतो भूमिथी ८४००० योजन ऊंचा छे. ते भूमिमां १००० योजन दटायला छे, भूमिस्थाने एटले मूळमां १०००० योजन विस्तारवाळा छे. ( मतान्तरे भुमितलस्थाने ९४०० योजन विस्तारवाळा छे). त्यां पूर्व दिशामां देवरमण नामनो अंजनगिरि छे. दक्षिण दिशामां नित्योद्योत नामनो अंजनगिरि छे, पश्चिम दिशामां स्वयंप्रभ अने उत्तर दिशामां रमणीयक नामे अंजनगिरि छे. ए चारे अंजनगिरिथी लाख लाख योजन दूर दरेकनी चारे दिशामां लाख योजन लांबी ने लाख योजन प्होळी चार चार मोटी वापीकाओ (वावडीओ) छे, जेथी १६ वाव छे. ते दरेक वावडी १० योजन ऊंडी छे. ( मतान्तरे १००० योजन ऊंडी कही छे. ) वळी मतान्तरे विस्तारमां ५० हजार योजन पण कही छे). ए वावडीओनी चारे दिशाए रत्नना तोरणवाळा त्रिशोपान छे एटले खुल्ला द्वारो सहित पगथीआंना चढाव छे. ए १६ वावमांनी दरेक वावनी चारे दिशाए लाख योजन लांबां ने ५०० योजन प्होळां चार चार वन छे. ते पूर्व दिशामां

અશોકવન, દક્ષિણમાં સપ્તપર્ણવન, પશ્ચિમમાં ચંપકવન ને ઉત્તર દિશામાં આમ્રવન છે; એ રીતે સર્વ મળીને ૬૪ વન છે.

વળી એ ઉપર કહેલી ૧૬ વાવડીઓમાંની હરેક વાવડીમાં અતિમધ્ય ભાગે સ્ફટિક રત્નનો એકેક દધિમુખ પર્વત છે. તે સ્ફટિક રત્નના હોવાથી શ્વેત વર્ણના છે, તે સોલે દધિમુખ પર્વતો ધાન્યના પલ્ય સરખા અથવા પ્યાલા સરખા આકારવાળા છે. તેથી મૂળમાં ૧૦ હજાર યોજન અને શિખર ઉપર પણ ૧૦ હજાર યોજન પ્રમાણ વિસ્તારવાળા છે, અને જળમાં ઉંચાં ૬૪૦૦૦ યોજન છે, ને ભુમિમાં ૧૦૦૦ (એક હજાર) યોજન ઉંડા ગયેલા છે, તથા એક દિશામાં રહેલી ૪ વાવડીઓના આંતરામાં બે બે રતિકર પર્વતો પદ્મરાગ રત્નના (માણિક્ય રત્નના) હોવાથી લાલ વર્ણના છે. એ પ્રમાણે બાકીની ત્રણ દિશિમાં પણ ચાર ચાર આંતરામાં બે બે રતિકર હોવાથી સર્વ મળી ૩૨ રતિકર પર્વત છે, એ પ્રમાણે નંદીશ્વર દ્વીપમાં એકજ દિશામાં ૧ અંજનગિરિ પર્વત, તેની ચાર દિશાની ચાર વાવડીઓમાં ૪ દધિમુખ પર્વત, અને ચાર વાવડીઓના ૪ આંતરામાં બે બે રતિકર મળી ૮ રતિકર પર્વત, એ ૧૩ પર્વત જેમ પૂર્વ દિશામાં છે તેવીજ સરખી રચનાવાળા ૧૩ પર્વતો દક્ષિણ દિશામાં, ૧૩ પર્વતો પશ્ચિમ દિશામાં અને ૧૩ પર્વતો ઉત્તર દિશામાં મળી ૫૨ પર્વતો છે, એ હરેક ઉપર એકેક શાશ્વત દેહરાસર હોવાથી નંદીશ્વરનાં ૫૨ દેહરાં (બાવન દેહરાં) કહેવાય છે તે પ્રસિદ્ધ છે.

નંદીશ્વરનાં એ બાવન શાશ્વત દેહરાસર ૧૦૦ યોજન લાંબાં, ૫૦ યોજન પહોળાં ને ૭૨ યોજન ઉંચાં છે, સિદ્ધ-

નિષધા આકારવાળા છે એટલે બેઠેલો સિંહ જેમ પુચ્છ તરફ નીચો ને મુખ તરફ ઉંચો હોય છે તેમ આ ચૈત્યો પણ મુખ્ય દ્વાર તરફ ઉંચાં ને ત્યાર બાદ ઢાળ પડતાં હોય છે. વળી આ દરેક ચૈત્યને ચારે દિશાએ અલગ અલગ દ્વાર હોય છે તેથી દરેક ચૈત્ય ચાર ચાર દ્વારવાળાં છે, તે દરેક દ્વાર ૧૬ યોજન ઉંચું ને ૮ યોજન વિસ્તારવાળું તથા પ્રવેશવાળું હોય છે, તથા એ દરેક દ્વારની આગળ એકેક મુખમંડપ હોય છે, તેની આગળ એક પ્રેક્ષામંડપ હોય છે, એ બે મંડપ દરેક ૧૦૦ યોજન લાંબા ને ૫૦ યોજન પહોળા છે ને ૧૬ યોજન ઉંચા છે, તે દરેકને ૩-૩ દ્વાર છે, ફક્ત પશ્ચિમ દ્વાર નથી. પ્રેક્ષામંડપમાં એક અખાડા જેવું સ્થાન હોય છે, તે પ્રેક્ષામંડપથી આગળ એક મણિપીઠિકા ઉપર સ્તૂપ (દેહરી) હોય છે, તે ચૈત્યસ્તૂપની ચાર દિશાએ ૪ મણિપિઠિકાઓ ઉપર સ્તૂપ સન્મુખ મુખવાળી એકેક પ્રતિમા હોવાથી ૪ જિનપ્રતિમા છે. એ ચૈત્યસ્તૂપથી આગળ એક મણિપીઠિકા ઉપર ચૈત્યવૃક્ષ છે, ત્યાંથી આગળ એક મણિપીઠિકા ઉપર ઇન્દ્રધ્વજ છે, ત્યાંથી આગળ એક નંદા નામની વાવ છે, એ પ્રમાણે એક ચૈત્યના એકજ દ્વાર આગળ ૧ મુખમંડપ, ૧ પ્રેક્ષામંડપ, ૧ સ્તૂપ, ૧ ચૈત્યવૃક્ષ, ૧ ઇન્દ્રધ્વજ ને ૧ વાવ એ ૬ વસ્તુ છે. તે પ્રમાણે ચારે દ્વાર આગળ ૬-૬ વસ્તુઓ છે, જેથી દરેક ચૈત્યે ૪ મુખમંડપ, ૪ પ્રેક્ષામંડપ. ૪ સ્તૂપ, ૪ ચૈત્યવૃક્ષ ૪ ઇન્દ્રધ્વજ ને ૪ વાવ છે. અને દરેક વાવ ચાર ચાર વનયુક્ત હોવાથી ૧૬ વન છે.

એ દરેક ચૈત્યના અતિ મધ્યભાગે એક મણિપીઠિકા ૧૬

ચોજન વિસ્તારવાળી અને ૮ યોજન ઉંચી છે તેના ઉપર દેવછંદો છે, તે પણ મણિપીઠિકા જેટલા વિસ્તારવાળો પણ કંઈક અધિક ૮ યોજન ઉંચો છે. એ દેવચ્છંદકમાં દરેક દિશામાં ર૭-ર૭ શાશ્વત જિનપ્રતિમા હોવાથી ૧૦૮ જિન પ્રતિમા છે, અને ચૈત્યની બહાર ૪ સ્તૂપને સ્થાને ૪-૪ પ્રતિમાઓ હોય છે. સર્વ મળી ૧૬ પ્રતિમા હોવાથી દરેક ચૈત્યે ૧૨૪ પ્રતિમા છે. જેથી પર ચૈત્યની ૬૪૪૮ (ચોસઠસો અડતાલીસ) પ્રતિમા છે.

આ સિવાય નંદીશ્વર દ્વીપમાં વિદિશાઓમાં ઇન્દ્રાણીઓની ૧૬-૧૬ અથવા ૩ર-૩ર રાજધાનીઓમાં પણ શાશ્વત ચૈત્યો છે તેનો અહિં પ્રસંગ ન હોવાથી કહેલી નથી.

ગ્રંથકાર મૂળનાયકજીને વંદન કરે છે—

इय सक्कं सिरिवीरो-मज्झगयं मूलगयं मूलचेइए चंगं ॥
सिद्धत्थप्पयबिंबं-वंदे बहुमाणभत्तीए ॥१०९॥

**સ્પષ્ટાર્થ**—આ કદંબવિહાર નામના મૂળ દેહરાસરના મધ્ય ભાગે અત્યંત મનોહર શ્રીમહાવીર સ્વામીનું બિમ્બ એટલે શ્રીવીર સ્વામીની પ્રતિમા તે જાણે વીર પ્રભુ સાક્ષાત્ ન હોય ! તેવી અતિ રમણિક દેખાય છે, એવા શ્રી સિદ્ધાર્થ રાજાના પુત્રના એટલે શ્રીમહાવીર સ્વામીના બિમ્બને હું બહુમાનથી ભક્તિપૂર્વક વંદન કરૂં છું. ॥ ૧૦૯ ॥

બાકીની પ્રતિમાને વંદન કરે છે—

चउवीसइ तिगमहिओ-सिरिवीसइविहरमाणतित्थयरे ॥
गणहरपुव्वायरिए-वंदे बहुमाणभत्तीए ॥११०॥

સ્પષ્ટાર્થ—એ કદંબવિહારમાં ફરતી દેહરીઓમાં પ્રતિષ્ઠિત કરેલ જે અતીત ચોવીસીમાં થઇ ગયેલા, વર્તમાન ચોવીસીમાં થયેલા અને આવતી ચોવીસીમાં થનારા જિનેશ્વરોને એટલે ત્રણ ચોવીસીઓને તથા શ્રીવીસ વિહરમાન ભગવંતોને તેમજ પ્રતિષ્ઠિત કરેલ શ્રી ગણધરોની પ્રતિમાઓને અને પ્રાચીન પૂર્વાચાર્યોની પ્રતિમાઓને હું બહુ માનથી ભક્તિપૂર્વક વંદના કરૂં છું. ॥ ૧૧૦ ॥

શ્રીકદંબવિહારની પહેલી અંજનશલાકાનું ટુંક વર્ણન બે ગાથામાં જણાવે છે—

णंदगयंकिंदुमिए–वरिसे सियपक्खफग्गुणे मासे ॥
उत्तमबिइयदियहे–विसिट्ठजोगाइपरिकलिए ॥१११॥
सिरिनेमिसूरिगुरुणा–सयगपणगमाणभव्वबिंबाणं ॥
पवयणभासियविहिणा–विहिया विमलंजणसलाया ॥११२॥

સ્પષ્ટાર્થ—સર્વ દેહરીઓ વિગેરે કાર્ય સમાપ્ત થયા બાદ વિક્રમ સંવત ૧૯૮૯ ના શુભ વર્ષે ફાગણ માસના સુદી પક્ષમાં ઉત્તમ એવી બીજ તિથિના દિવસે એટલે ફાગણ સુદી બીજને દિવસે રાજયોગ કુમારયોગ ઇત્યાદિમાંના ઉત્તમ યોગ ઉત્તમ વાર ઉત્તમ નક્ષત્ર ઉત્તમ કરણ અને ઉત્તમ ચંદ્ર લગ્ન વિગેરે યોગો વર્તતી વખતે શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી ગુરૂવર્યે પાંચસો ભવ્ય જિન પ્રતિમાઓની શાસ્ત્રમાં કહેલા વિધિ વિધાન પ્રમાણે શુદ્ધ અંજનશલાકા રૂપ પ્રતિષ્ઠા કરી (આ પ્રતિમાઓ પ્રાચીન નહોતી પરન્તુ જયપુર આદિ નગરોમાં ઉત્તમ શિલ્પીઓ પાસે તદ્દન નવી પ્રતિમાઓ

ભરાવી હતી માટે નવી પ્રતિમાની અંજનશલાકા નામના વિધાનથી પ્રતિષ્ઠા થાય છે). ॥ ૧૧૧-૧૧૨ ॥

પ્રતિષ્ઠા એટલે શું ? તે કહેવાય છે—

सिरिभुवणपहुगुणाणं-पहूय वण्णाण वण्णणिज्जाणं ॥
पहुपडिनिहिबिंबेसुं-अज्झारोवो पइट्ठत्ति ॥११३॥

**સ્પષ્ટાર્થ**—ઉર્ધ્વ લોકમાં રહેલા વૈમાનિક દેવોના પણ દેવ, અધોલોકમાં ભવનપતિ વ્યન્તર અને વાણવ્યન્તર નિકાયના દેવોના પણ દેવ અને મનુષ્ય લોકમાં ચક્રવર્તી વિગેરે મનુષ્યોના પણ દેવ હોવાથી શ્રીજિનેશ્વરો ત્રણે ભુવનના પ્રભુ-સ્વામી છે. તે ત્રિભુવનગુરૂ શ્રીજિનેશ્વરો ઘણા અનન્ત વર્ણવાળા એટલે અનન્ત જશવાળા અને અતિ વર્ણનીય એટલે પ્રશંસા કરવા યોગ્ય છે, તેવા અનંતગુણી જિનેશ્વર પ્રભુના પ્રતિનિધિરૂપ જે તેમનું પ્રતિબિંબ એટલે પ્રતિમા, તેમાં પ્રભુ દેવના ગુણોનો અથવા પરમાત્મપણાનો જે અધ્યારોપ-આરોપ કરવો તે [1]પ્રતિષ્ઠા કહેવાય. ॥ ૧૧૩ ॥

---

૧ પ્રભુના આકારવાળી પ્રતિમામાં પરમાત્મ ગુણનો આરોપ કરવો એ **बाह्यप्रतिष्ठा** છે, અને એ પ્રતિમાજીના આલંબનવડે પરમાત્મગુણોને પોતાના હૃદયમાં સ્થાપન કરવા તે **अभ्यन्तर प्रतिष्ठा** અથવા **मुख्यप्रतिष्ठा** છે. અર્થાત્ પ્રતિમાજીના આલંબન દ્વારા **सोहं**=તે પરમાત્મા તે હુંજ છું એવો સંકલ્પ હૃદયમાં સ્થાપવો તે મુખ્ય પ્રતિષ્ઠા છે. શ્રીષોડશકજીમાં કહ્યું છે કે—

भवति च खलु प्रतिष्ठा, निजभावस्यैव देवतोद्देशात् ।
स्वात्मन्येव परं यत्, स्थापनमिह वचननीत्योच्चैः ॥८-४॥

(આઠમા ષોડની ૪ થી ગાથા)

પ્રતિષ્ઠા કરવાનો અધિકાર કોને હોઈ શકે?

**मुक्खत्ताऽऽयरिएणं–विसिद्धहेउम्मि वायगेणं जा ॥**
**विहियंजणकिरियाए–सहिया सुत्तंजणसलाया ॥११४॥**

**સ્પષ્ટાર્થ**—મુખ્યપણે તો પ્રભુની પ્રતિષ્ઠા કરવાનો અધિકાર આચાર્યનેજ છે, પરન્તુ જો કંઇ વિશેષ કારણ હોય તો ઉપાધ્યાયજી મહારાજ પણ અંજનશલાકા પ્રતિષ્ઠા કરી શકે, અને એ પ્રતિષ્ઠા જો અંજનશલાકાવડે સહિત કરેલી હોય તો તે સૂત્રને અનુસારે અંજનશલાકા કહેવાય, અર્થાત્ એનું નામ અંજનશલાકા છે. ॥ ૧૧૪ ॥

**इयरम्मिविप्पइट्ठा–सद्दपवित्ती न वत्थुओ सत्था ॥**
**आरोवणववहारा–जणप्पसिद्धि मुणेअव्वा ॥११५॥**

**સ્પષ્ટાર્થ**—જેમાં અંજનશલાકાનું વિધાન કરાતું નથી એવી ક્રિયાને પણ વ્યવહારથી પ્રતિષ્ઠા તરીકે મનાય છે.

---

અર્થ—પ્રતિમા સ્થાપિત દેવના ઉદ્દેશથી એટલે દેવના આલંબનથી જે આ પરમાત્મદેવ છે, તેજ હું છું એવા પોતાના પરમાત્મ સંબંધિ ભાવને પોતાના આત્મામાં અથવા પોતાના હૃદયમાં સ્થાપવો તેજ આગમમાં કહેલા વિધિ પ્રમાણે ઉત્તમ પ્રતિષ્ઠા એટલે મુખ્ય પ્રતિષ્ઠા છે. અહિં તાત્પર્ય એ છે કે દેહરાસરમાં જિન પ્રતિમા જોઇને તે પ્રતિમા જે પરમાત્માની છે તે પરમાત્મભાવ પોતાના આત્મામાં સ્થાપવો એટલે પોતાના આત્મામાં પરમાત્મભાવનું લક્ષ્ય કરવું તે મુખ્ય પ્રતિષ્ઠા છે, અને પ્રતિમામાં પરમાત્મભાવ વિચારવો તે બાહ્યપ્રતિષ્ઠા છે. સ્થૂલ બુદ્ધિવાળા જનો પ્રતિમામાં પરમાત્મ ભાવનું ધ્યાન કરે છે. અને તત્ત્વબુદ્ધિવાળા જનો પ્રતિમાના આલંબનથી આત્મામાં પરમાત્મભાવનું ધ્યાન કરે છે. અને એ બન્ને ધ્યાન અધિકારીને અનુસારે શોભનિક છે.

પણ ખરી રીતે તેમ નથી. મુખ્ય સ્વરૂપે જે અંજનશલાકા વિધાન તે પ્રતિષ્ઠા કહેવાય છે. આરોપ કરવા રૂપ વ્યવહાર દૃષ્ટિએ અંજનશલાકા વિનાનું વિધાન પણ પ્રતિષ્ઠા કહેવાય છે—એમ જાણવું. ॥ ૧૧૫ ॥

પહેલી અંજનશલાકાનું વર્ણન ૨૧ ગાથામાં જણાવે છે—

सूरीहिं पुव्वेहिं–जह कहिया तह सुहंजणसलाया ॥
सिरिनेमिसूरिगुरुणा–विहिया विहिणा कयंबम्मि ॥११६॥
सुहसुक्कतेरसीए–माहे जाओ महुस्सवारंभो ॥
बावीसवासरंते–फग्गुणसियपंचमीनिट्ठो ॥११७॥
मंगलठवणा मंगल–दीवसमोसरणपमुहसंठवणा ॥
कुंभट्ठावणकिरिया–जववारारोवणाइ तहा ॥११८॥

સ્પષ્ટાર્થ—પૂર્વાચાર્યોએ શાસ્ત્રોમાં જે વિધિએ પ્રભુ-પ્રતિમાઓની અંજનશલાકા કરવાની કહી છે તે શાસ્ત્રવિધિ પ્રમાણે ગુરૂ મહારાજ શ્રીવિજયનેમિસૂરીશ્વરે શ્રીકદંબ-ગિરિને વિષે કદંબવિહાર વિગેરેની પ્રતિષ્ઠા અથવા અંજન-શલાકા કરી. ॥ ૧૧૬ ॥

અંજનશલાકાનો ૨૨ દિવસનો મહોત્સવ—

૧૯૮૯ ના વિક્રમ સંવત્સરના માઘ માસની શુભ-ઉત્તમ એવી શુક્લ પક્ષની તેરસથી અંજન શલાકાનો મહાન ઉત્સવ શરૂ થયો અને બાવીસ દિવસ સુધી ચાલુ રહી ફાગણ સુદી પાંચમને દિવસે એ મહોત્સવ સમાપ્ત થયો. ॥ ૧૧૭ ॥

બાવીસ દિવસના અંજનશલાકા મહોત્સવ પ્રસંગે થયેલ વિધિવિધાન જણાવે છે—

આ કદંબગિરિમાં પ્રતિમાઓની અંજનશલાકા વખતે સૌથી પ્રથમ માહ સુદી તેરસ બુધવારે મંડપ-સ્થાપનનો વિધિ થયો, ત્યાર બાદ મંગલ દીવાનો વિધિ એટલે મંગલદીવાને સ્થાપન કરવાની ક્રિયા તથા સમવસરણ વિગેરેની સ્થાપનાનો વિધિ તથા કુંભસ્થાપનની ક્રિયા તથા વાંસમાં બનાવેલ જવારાના કયારાઓમાં જવ આરોપણની ક્રિયા (એટલે જવારા વાવવાની ક્રિયા) થઇ હતી. ॥ ૧૧૮ ॥

नंदावट्टसमच्चा–जिणपासायाहिसेयपमुहाइं ॥
किच्चाइं दिसिवालय–मंगलहिट्ठायगगहच्चा ॥११९॥

સ્પષ્ટાર્થ—તથા માહ વદ એકમ શનિવારે નંદાવર્ત સ્વસ્તિકની પૂજા, તથા જિનપ્રાસાદની ઉપર અભિષેક વિગેરેની ક્રિયા, તથા માહ વદી ત્રીજ સોમવારે દશ દિકપાલ દેવોની પૂજા, અષ્ટમંગલપૂજા, અધિષ્ઠાયક દેવોની પૂજા અને [1]નવ ગ્રહોની પૂજા વિગેરે ક્રિયાઓ (આ દિવસે થયેલી બીજી ક્રિયા આગળ જણાવે છે.) ॥ ૧૧૯ ॥

विज्जादेवीपूया–संतिकलसपमुहसंविहाणाइं ॥
सासणदेवीदेवा–हणबलिमंतोववीणासो ॥१२०॥

सिरिसिद्धचक्कपूया–पमुहविहाणाइ तित्थहिययाइं ॥
कल्लाणगाइहेउय–रहजत्ता उचियसामग्गी ॥१२१॥

वीसइठाणयमंडल–धजदंडकलसहिसेयपूयाइ ॥
जाया महुस्सवेणं–सुरीपइट्ठा पसंतिदया ॥१२२॥

---

૧ સૂર્ય સોમ મંગળ બુધ ગુરૂ શુક્ર શનિ રાહુ કેતુ એ ૯ ગ્રહ.

विहनंदावट्टच्चा–पढमदुकल्लाणगुस्सवारंभो ॥
तह वरदिसिकुमरीणं–महुस्सवो रंगओ जाओ ॥१२३॥

સ્પષ્ટાર્થ—તથા [1]સોલ વિદ્યાદેવીઓની પૂજા અને શાન્તિ કળશ વિગેરે ઉત્તમ પ્રકારના વિધિઓ થયા, તથા માહ વદી ચોથ મંગળવારે મુખ્ય [2]શાસન દેવીઓનું આહ્વાન

---

૧ રોહીણી–પ્રજ્ઞપ્તિ–વજ્રશૃંખલા–વજ્રાંકુશી–અપ્રતિચક્રા અથવા ચક્રેશ્વરી દેવી–પુરૂષદત્તા–કાલી–મહાકાલી–ગૌરી– ગાન્ધારી– સર્વાસ્ત્રા–મહાજ્વાલા–માનવી–વૈરોટચા–અચ્છુપ્તા– માણસી– મહામાણસી એ ૧૬ વિદ્યા દેવીઓ છે. એ સર્વે સમ્યગ્દૃષ્ટિ અને શાસનનું હિત કરનારી દેવીઓ છે.

૨ આ કદંબવિહારમાં શ્રીમહાવીર સ્વામી મૂળનાયક છે અને મહાવીર સ્વામીના શાસનની અધિષ્ઠાયિકા દેવી સિદ્ધાયિકા નામની છે, તે આઠ પ્રકારની વ્યન્તર જાતિ જે ભૂત પિશાચ વિગેરે છે તેમાં ત્રીજી યક્ષનિકાયની છે. અને એ પણ સમ્યગ્દૃષ્ટિ દેવી છે, તેમજ શ્રીમહાવીર સ્વામીના શાસનનું હિત ચાહનારી અને તેવા તેવા પ્રકારના અતિ વિકટ પ્રસંગમાં મહાવીર સ્વામીના શાસનના ભક્તોને સહાય કરનારી છે તેમજ શાસનનું રક્ષણ કરનારી છે. દરેક તીર્થંકર પ્રભુના શાસનમાં એક યક્ષ અને એક યક્ષણી શાસન-રક્ષક તરીકે હોય છે. જેથી આ ચોવીસીના ચોવીસ યક્ષ દેવો અને ચોવીસ યક્ષણી દેવીઓ તે તે જિનેશ્વરોના શાસનના સંરક્ષક છે.

૫૬ દિશિકુમારીઓનાં નામ તથા સ્થાન- વિગેરે સ્વરૂપ આ પ્રમાણે:–શ્રીજિનેશ્વર પ્રભુના જન્મના પ્રસંગે દિશાકુમારીઓનાં આસન કંપાયમાન થાય છે. તે વખતે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી સિંહાસન કંપવાનું કારણ જાણી પોતપોતાને યોગ્ય પ્રભુની માતાના સૂતિકર્મ (સૂવાવડ સંબંધિ ક્રિયા) કરવા માટે દિશાકુમારીઓ આવે છે. તેમાં પ્રથમ મહાવિદેહ ક્ષેત્રમાં રહેલા મેરૂ પર્વતની ચાર વિદિશાઓમાં

રહેલા ચાર ગજદંત ગિરિનાં સાત સાત અને આઠ આઠ શિખરો છે. તેમાંથી બે બે શિખરોની નીચે અધોલોકમાં વસનારી બે બે દિશાકુમારીઓનાં બે બે ભવનો છે તેમાં એનો નિવાસ છે, તેમજ એ શિખરો ઉપર પણ એ ૮ દેવીઓના પ્રાસાદ છે,એ પ્રમાણે અધો-લોકમાં રહેનારી એ ભોગંકરા–ભોગવતી–સુભોગા–ભોગમાલિની–તોયધારા–વિચિત્રા–પુષ્પમાલા ને અનિન્દિતા એ આઠ નામવાળી આઠ દિશાકુમારીઓનાં સિંહાસનો સૌથી પ્રથમ કંપે છે, તેથી શ્રીજિનેશ્વરનો જન્મ જાણીને આઠ દેવીઓ એક બીજાને બોલાવી ભેગી થઈ વિચારે છે કે આપણો એ અનાદિ કાળનો આચાર છે કે શ્રીજિનેશ્વરનો જન્મોત્સવ કરવો, માટે આપણે આઠે ત્યાં જઈને પ્રભુની માતાની પ્રસૂતિ ક્રિયા વિગેરે કાર્ય કરી આપણો જન્મ સફળ કરીએ. એ પ્રમાણે આઠે કુમારીઓ પરસ્પર નિર્ણય કરીને પોતાના સેવક દેવોને બોલાવી પોત પોતાનું જૂદું જૂદું યાત્રા ( બીજે સ્થાને જતાં જરૂરી ) વિમાન તૈયાર કરાવે છે. તે એક યોજન વિસ્તારવાળા અને સેંકડો રત્નના સ્તંભોવાળા મનોહર વિમાનમાં પોતાના ૪૦૦૦–૪૦૦૦ સામાનિક દેવો અને ૪–૪ મહત્તરા દેવીઓ સહિત તથા સાત સૈન્ય સાત સેનાપતિ ૧૧૦૦૦ આત્મરક્ષક દેવો અને બીજા પણ અનેક દેવ દેવીઓના પરિવાર સહિત બેસીને ગીત વાજીંત્ર નાટક સહિત અને મહર્દ્ધિક ૮ દિક્કુમારિકાઓ શીઘ્ર જન્મસ્થાને આવી વિમાનમાંથી નીચે ઉતરી શ્રીજિનેશ્વરને અને જિનેશ્વરની માતાને ત્રણ પ્રદક્ષિણા દઈને વિનયથી નમ્ર થઈને પ્રભુની માતાની સ્તુતિ કરીને અમો અધોલોકની રહેનારી આઠ દિશાકુમારી દેવીઓ પ્રભુનો જન્મોત્સવ કરવા આવ્યા છીએ, માટે તમારે બ્હીવું નહિં એમ માતાને કહી વૈક્રિય સમુદ્ઘાત કરી સંવર્ત્તક વાયુ વિકુર્વી ચારે દિશામાં એકેક યોજન પ્રમાણ ભૂમિમાંથી ધૂળ. કાષ્ટ, કચરો, ઘાસ વિગેરે નકામી વસ્તુઓ ઉડાડી દઈને તે ફેલાતા સુગંધવાળા સંવર્તક વાયુવડે ભૂમિશુદ્ધિ કરે, અને એ રીતે ભૂમિ સ્વચ્છ કર્યાં બાદ

સંવર્તક વાયુ સંહરી લઈને પ્રભુની પાસે આવી મધુરે ગીત ગાતી ઉભી રહે. એ અધોલોકની આઠ દિશાકુમારીનું કાર્ય કહ્યું. **इति अधोलोकनिवासी अष्टौ दिक्कुमारिकाः ॥**

ત્યાર બાદ મેઘંકરા—મેઘવતી—સુમેધા—મેઘમાલિની—સુવત્સા—વત્સમિત્રા—વારિષેણા—અલાહકા એ ૮ દિકકુમારીઓ ઉર્ધ્વલોકની રહેનારી છે, કારણ કે મેરૂપર્વતની તલહટીથી ૫૦૦ (પાંચસો) યોજન ઉપર ચઢતાં નંદનવન નામનું વન છે, અને એ વનમાં ૫૦૦ યોજન ઉંચા, મૂળમાં ૫૦૦ યોજન પ્હોળાં અને ઉપર અઢીસો યોજન પ્હોળાં, અન્તર્મેરૂની ચાર વિદિશામાં એકેકમાં બે બે મળી ૮ કૂટ—શિખરો છે. તે એ મેઘંકરા આદિ ૮ દેવીઓનાં છે. અને એ શિખરો ઉપર એ દેવીઓના પ્રાસાદ છે, એ પ્રાસાદો ભૂમિથી ૧૦૦૦ યોજન ઉંચે છે, ને ૯૦૦ યોજન ઉપરથી ઉર્ધ્વ લોકની શરૂઆત થાય છે માટે એ ૮ પ્રાસાદો ઉર્ધ્વલોકમાં હોવાથી એ પ્રાસાદ નિવાસી ૮ દેવીઓ પણ ઉર્ધ્વ લોકની ૮ દિકકુમારિકાઓ ગણાય છે. આ દેવીઓ પણ અધોલોકવાસી ૮ દેવીઓની માફક સર્વ ઋદ્ધિ સહિત આવીને વૈક્રિય સમુદ્દઘાતથી આકાશમાં મેઘ વિકુર્વી પ્રથમની દેવીઓએ શુદ્ધ કરેલી ભૂમિ ઉપર સુગંધી જળ વર્ષાવે છે, ત્યાર બાદ મેઘને સંહરીને પંચવર્ણી પુષ્પના મેઘ વિકુર્વીને યોજન પ્રમાણ ભૂમિમાં પંચવર્ણી પુષ્પો વર્ષાવે છે. જેથી ઢીંચણ સુધી ઉંચા ફૂલના રાશિ (ઢગલા) થાય છે, ત્યાર બાદ પુષ્પના મેઘ સંહરીને ઉત્તમ સુગંધિવાળાં દ્રવ્યોથી ધૂપ કરે છે, અને ત્રણ કાર્ય કરી પ્રભુની પાસે આવી ગાયન ગાતી ઉભી રહે છે. ॥ **इति ऊर्ध्वलोकनिवासी ८ दिशाकुमारी ॥**

એ પ્રમાણે ઉર્ધ્વલોકની ૮ દેવીઓનું કાર્ય પૂરૂં થયા બાદ તેરમા રૂચક દ્વીપ નામના દ્વીપમાં વલયાકાર રૂચકગિરિ નામનો મહાન્ પર્વત (ચૂડીના આકારે ફરતો ગોળ આકારવાળો) છે. તે પર્વત ઉપર ચાર દિશામાં દિશાકુમારી દેવીઓનાં ૮-૮ કૂટ છે, અને ચાર વિદિ-

શામાં એકેક કૂટ-શિખર હોવાથી રૂચક પર્વત ઉપર છત્રીશ દિકકુ-મારીઓ અને રૂચક પર્વતની નીચે દ્વીપનાં ભૂમિના મધ્યભાગમાં ચાર દિશાએ ચાર કૂટ છે તે ઉપર પણ ૪ દિકકુમારીઓ રહે છે, ને અભ્યન્તર રૂચક દ્વીપની અથવા મધ્ય રૂચકની જ દેવીઓ ગણાય છે, એમ સર્વ મળી તેરમા રૂચક દ્વીપમાં ૪૦ દિશાકુમારીઓ છે, તેમાંથી નન્દોત્તરા—નન્દા—આનન્દા—નંદિવર્ધના—વિજયા—વૈજયન્તી—જયન્તી ને અપરાજિતા એ આઠ દેવીઓ પૂર્વ દિશાનાં ૮ શિખરો ઉપર હોવાથી પૂર્વ રૂચકવાસિની ગણાતી એ ૮ દેવીઓ પૂર્વે કહ્યા પ્રમાણે જિનેશ્વરના જન્મ સ્થાને આવી દરેક દેવી એકેક આરિસો હાથમાં લઈ પ્રભુને દેખાડતી પ્રભુની પૂર્વ દિશામાં ગાયન કરતી ઉભી રહે છે.

**॥ इति पूर्व रुचकवासो ८ दिक्कुमारी ॥**

ત્યાર બાદ એજ રૂચક પર્વત ઉપર દક્ષિણ દિશાનાં ૮ શિખરો ઉપર વસનારી સમાહારા સુપ્રદત્તા સુપ્રબુદ્ધા યશોધરા લક્ષ્મીવતી શેષવતી ચિત્રગુપ્તા અને વસુંધરા એ નામવાળી દેવીઓ આવીને પ્રભુની દક્ષિણ બાજુ હાથમાં જળથી ભરેલા એકેક કળશ લઈને ઉભી રહે છે ॥ **इति दक्षिण रुचकनी ८ दिक्कुमारी ॥**

ત્યાર બાદ એજ રૂચક પર્વત ઉપર પશ્ચિમ દિશામાં રહેલાં આઠ શિખરોની ઉપર વસનારી ઇલાદેવી સુરાદેવી પૃથ્વી પદ્માવતી એકનાસા નવમિકા ભદ્રા શીતા એ આઠ નામવાળી દેવીઓ આવીને પ્રભુની પશ્ચિમ બાજુએ એકેક વીંઝણો હાથમાં રાખીને ગાયન ગાતી ઉભી રહે છે ॥ **इति पश्चिम रुचकनी ८ दिक्कुमारी ॥**

ત્યાર બાદ એજ રૂચક પર્વત ઉપર ઉત્તર દિશામાં રહેલાં ૮ શિખરો ઉપર વસ(રહે)નારી અલમ્બુશા મિતકેશી પુંડરિકા વારૂણી હાસા સર્વપ્રભા શ્રી હ્રી એ નામવાળી ૮ દિશાકુમારીઓ આવીને પ્રભુની ઉત્તર દિશામાં ચામર વીંજતી અને ગાયન ગાતી ઉભી રહે છે ॥ **इति उत्तर रुचकनी ८ दिक्कुमारी ॥**

ત્યાર બાદ એજ રૂચક પર્વતની ઉપર ચાર દિશામાં રહેલા એકેક શિખરની ઉપર રહેનારી ચિત્રા ચિત્રકનકા શતેરા સૌદામિની એ નામવાળી ચાર દેવીઓ ત્યાંથી આવીને પ્રભુની ચારે વિદિશામાં હાથમાં એકેક દીવી લઇને ગાયન ગાતી ઉભી રહે છે.

॥इति विदिशा रुचकनी ८ दिक्कुमारो ॥

ત્યાર બાદ રૂચક દ્વીપના મધ્યમાં ભૂમી ઉપર રહેલાં ચ ર દિશાનાં ચાર શિખરો ઉપર રહેનારી રૂપા રૂપાસિકા સુરૂપા રૂપકાવતી એ મધ્યમ રૂચકવાસી ૪ દેવીઓ ત્યાંથી સર્વ ઋદ્ધિ સહિત આવીને ૪ અંગુલ સિવાયનું પ્રભુનું નાળ છેદીને (કાપી લઇને) ભૂમીની અંદર દાટી તે ખાડો રત્નોથી પૂરી દઈ તેના ઉપર પીઠિકા (ઓટલો અથવા ચોતરો) બંધાવી તેના ઉપર દ્રો–દુર્વા નામનું ઘાસ વાવે છે જેથી પ્રભુનાજ અંગના અવયવ રૂપ એ નાલની પણ આશાતના ન થાય. ત્યાર બાદ એ દેવીઓ પશ્ચિમ દિશામાં કેળનાં ૩ ઘર બનાવી તેમાં એકેક ચતુઃશાલ બનાવી ચાર ક્રશાલીવાળું એકેક ઘર બનાવી તે ઘરના મધ્ય ભાગમાં એક સિંહાસન ગોઠવે છે, ત્યાર બાદ હાથના સંપુટમાં તે દેવીઓ પ્રભુને લઈ ને અને પ્રભુની માતાનો હાથ ઝાલીને પ્રથમ દક્ષિણ દિશાના કેળગૃહમાં સિંહાસન ઉપર પ્રભુની માતાને બેસાડી માતાને અને પ્રભુને લક્ષપાક તૈલ વિગેરે શરીરે ચોળે છે, ત્યાંથી પુનઃ પુર્વ દિશાના કદલી ગૃહમાં લઈ જઇને પ્રભુ સહિત માતાને સિંહાસન ઉપર બેસાડી સુગંધી જળ પુષ્પજળ અને શુદ્ધ-જળ વડે સ્નાન કરાવીને શરીર લૂંછી વસ્ત્રાભૂષણ પહેરાવી ઉત્તર-દિશાના કદલીગૃહમાં લઈ જાય છે, ત્યાં પણ પ્રભુ સહિત માતાને સિંહાસન પર બેસાડી અને માતાના ખોળામાં પ્રભુને બેસાડી પોતાના સેવક દેવો પાસે ગોશીર્ષ ચંદનનાં કાષ્ટ મંગાવી અરણીના કાષ્ટથી નવો અગ્નિ ઉત્પન્ન કરી ચંદનનાં પાતળાં છોડીયાંથી અગ્નિને પ્રદીપ્ત કરી તેમાં ચંદનનાં કાષ્ઠ હોમીને બળી રાખ થઇ જાય ત્યારે તે

અને તે આહ્વાનનાં મંત્રોચ્ચાર, તથા દેવ દેવીઓના આહ્વાન કરવા માટે બલિ બાકુલાનો પ્રક્ષેપ વિધિ અને તેના મન્ત્ર-ન્યાસ કરીને દેવ દેવીઓની સ્થાપના કરવા પૂર્વક તે તીર્થનું—શાસનનું કલ્યાણ કરનારા શ્રીસિદ્ધચક્ર પૂજન વિગેરે વિધાનો ઉત્તમ પ્રકારે થયાં, તથા શ્રીજિનેશ્વરના કલ્યાણક વિગેરેના કારણવાળી રથયાત્રા નીકળી. તેમાં પણ રથયાત્રાને ઉચિત—યોગ્ય એવી સર્વ સામગ્રીઓ ઘણી શોભા આપનારી હતી. ॥ ૧૨૦ ॥ ૧૨૧ ॥

તથા માહ વદી પાંચમ બુધવારે વીસસ્થાનકના મહામંડલની પૂજા વિગેરે, માહ વદી ૬ ગુરૂવારે ધ્વજપૂજા દંડપૂજા કળશપૂજા અને અભિષેકપૂજા વિગેરે ઘણા પ્રકારની પૂજાઓ મોટા ઉત્સવ પૂર્વક થઈ, અને માહ વદી નોમ શનિવારે

---

રાખની નાની પોટલી બાંધીને પ્રભુના હાથે અને પ્રભુની માતાના હાથે બાંધે છે, જેથી ડાકણ શાકણ વિગેરેની દુષ્ટ દષ્ટિઓ નાશ પામે છે.

ત્યાર બાદ પ્રભુની કર્ણેન્દ્રિયને સતેજ કરવાના ઉદ્દેશથી રત્નની રચનાવાળા બે ગોળ પત્થર લઈ પ્રભુના કાન આગળ તમારૂં આયુષ્ય પર્વતના આયુષ્ય જેટલું થાઓ એમ કહીને તે બે પથરા પરસ્પર અફાળે છે.

ત્યાર બાદ પ્રભુને હાથમાં લઈને અને માતાનો હાથ ધરીને જન્મસ્થાને લાવી શય્યામાં સૂવાડી ગીત ગાતી ઉભી રહે છે. ત્યાર-બાદ ઇન્દ્ર આવી પ્રભુને મેરૂ ઉપર લઈ જઇ ઘણાંજ મોટા આડંબર પૂર્વક પ્રભુનો જન્માભિષેક કરે છે તે વર્ણન લોક પ્રકાશ વિગેરે ગ્રંથોથી જાણવું.

શાન્તિને આપનારી એવી શાસનદેવીની પ્રતિષ્ઠાનો મહોત્સવ કર્યો. ॥ ૧૨૨ ॥

તથા માહ વદી દશમ રવિવારે—બૃહદાવર્ત્તની ( મોટા નંદાવર્ત સાથીયાની ) પૂજા થઈ, તથા પહેલા બે કલ્યાણકના મહોત્સવનો આરંભ થયો. તેમજ ચ્યવન કલ્યાણક મહોત્સવ પ્રસંગે ઘણા હર્ષથી ઉત્તમ છપ્પન દિશિકુમારીઓનો મહોત્સવ થયો. ॥ ૧૨૩ ॥

जम्माहिसेयकिरिया-इंदाइमहुस्सवाइया रम्मा ॥
अट्ठदसहिसेयणाम-ठ्ठवणा वरलेहसालाई ॥१२४॥

સ્પષ્ટાર્થ—માહ વદી ૧૧ સોમે બીજા જન્મ કલ્યાણકના મહોત્સવ પ્રસંગે પ્રભુની અભિષેક ક્રિયા થઈ એટલે જન્મને સૂચવનારો સ્નાત્ર મહોત્સવ થયો. તે પ્રસંગે છપ્પન દિક્કુમારિકાનો અને ઈંદ્રાદિએ મેરૂ ઉપર કરેલ મહોત્સવ આદિ-અનેક પ્રકારના મનોહર મહોત્સવો થયા. તથા અઢાર અભિષેક થયા, માહ વદી ૧૨ મંગળવારે પ્રભુના નામની સ્થાપના થઈ, ત્યાર બાદ પ્રભુને ઉત્તમ લેખશાળામાં મોકલવા વિગેરેનો (એટલે પ્રભુને નિશાળે બેસાડવા વિગેરેનો) વિધિ થયો. ॥૧૨૪॥

अहिसेयपइट्ठाइय-महुस्सवो गणहराइयगुरूणं ॥
विंवसिणत्तविहाणं-कुंभट्ठवणाइ सुकयंवे ॥१२५॥

સ્પષ્ટાર્થ—તથા માહ વદી તેરસ બુધવારે ઉત્તમ શ્રી કદંબગિરિમાં શ્રીગોતમગણધર વિગેરે ગણધરોની તથા પ્રાચીન પૂર્વાચાર્યોની પ્રતિમાઓના અભિષેકની ક્રિયા અને તેમની પ્રતિષ્ઠા વિગેરેને અંગે જરૂરી વિધાન થયું અને

તેમની પ્રતિમાઓનો સ્નાત્રવિધિ અને આ ક્રિયાને અંગે કુંભસ્થાપના વિગેરે વિધિ વિધાન થયા. ॥ ૧૨૫ ॥

वरघोडो दिक्खाए–गहदिसिवालच्चणाइ सुकयंवे ॥
संतिसिणत्ताइजुया–देउलियहिसेयकिरियाओ ॥१२६॥

**સ્પષ્ટાર્થ**—તથા માહ વદી ચૌદશ ગુરૂવારે શ્રીકદંબગિરિ તીર્થમાં શ્રીમહાવીરસ્વામીની દીક્ષાનો વરઘોડો ઘણા આડંબરપૂર્વક નીકળ્યો. તથા શ્રીકદંબગિરિની ઉપર નવ ગ્રહોની પૂજા અને આઠ દિગ્પાલ દેવોની પૂજા તે શાન્તિસ્નાત્રાદિ સહિત થઈ. તેમજ માહ વદી અમાસ શુક્રવારે દેહરીઓના અભિષેકની ક્રિયા શાંતિસ્નાત્ર વિગેરે ક્રિયા થઈ. ॥૧૨૬॥

दिक्खासेसविहाणं–केवलकल्लाणगुस्सवाइविही ॥
सुहलग्गंजणकिरिया–सूरिकया महभिसेयविही॥१२७॥

**સ્પષ્ટાર્થ**—તથા ફાગણ સુદી ૧ શનિવારે શ્રીમહાવીરસ્વામીના દીક્ષા મહોત્સવનો બાકીનો સર્વ વિધિ થયો, ત્યાર બાદ કેવલજ્ઞાન કલ્યાણકના મહોત્સવનો આદિ (શરૂઆતનો) વિધિ થયો એટલે શ્રી મહાવીરસ્વામીને કેવળજ્ઞાન પ્રગટ થયું તે સંબંધિ વિધિ થયો. ત્યાર બાદ ફા૦ સુ૦ બીજ રવિવારે શુભ મુહૂર્તે ગુરૂ મહારાજ આચાર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વરે કરેલી અંજનક્રિયા થઈ, અને મોટો અભિષેક વિધિ થયો.॥૧૨૭॥

वरकेवलकल्लाणे–सेसविहाणाइ संघवच्छल्लं ॥
पुज्जजिणासणठवणं–दंडाइयरोवणं विहिणा ॥१२८॥

**સ્પષ્ટાર્થ**—તથા પ્રભુના ઉત્તમ કેવળજ્ઞાન કલ્યાણકના પ્રસંગના બાકીના બીજાં પણ અનેક વિધિ વિધાનો થયાં,

તથા ફા૦ સુ૦ ત્રીજ સોમવારે પૂજ્ય શ્રીજિનેશ્વરોને આસને સ્થાપવા ધજાદંડ વિગેરેના ચઢાવા વિગેરે ક્રિયાઓ વિધિ પૂર્વક થઇ. ॥ ૧૨૮ ॥

કદંબવિહારમાં મૂળનાયકને સ્થાપન કરનાર પુંજીબાઇ—

फग्गुणसियतइयाए–रायनयरवासिकरमचंदस्स ॥
पुत्तीए पुंजीए–मइणीए तेसलेयस्स ॥१२९॥
पासाओ निम्मविओ–मज्झगओ मूलनायगरिहस्स ॥
सिरिवीरमहापडिमा–ट्ठवणा तत्थेव तीइ कया ॥१३०॥

સ્પષ્ટાર્થ—અમદાવાદ નિવાસી શા. ફુલચંદ શેઠના પુત્ર શા. કરમચંદ શેઠની પુત્રી (પુંજી બેન કે જેણે આ મૂળ દેહરાસર બંધાવ્યું તે વાત ૧૦૪મી ગાથામાં કહી છે તે) પુંજી બેને શ્રીગુરૂ મહારાજના સદુપદેશના પ્રભાવે અને પોતાના ધનનો ઉત્તમમાં ઉત્તમ સદુપયોગ કરવાની ઉત્કંઠા વડે ફાગણ સુદ ત્રીજને દિવસે એટલે ૧૯૮૯ ના વિક્રમ સંવત્સરની ફાગણ સુદ ત્રીજ નામની શુભ તિથિમાં ત્રિશલા માતાના પુત્ર શ્રીમહાવીરસ્વામીનો મૂળપ્રાસાદ કે જે ફરતાં બાવન જિનાલયોની વચ્ચે બંધાવ્યો હતો અને તેમાં મૂળ નાયકને યોગ્ય શ્રીમહાવીરસ્વામીની પ્રતિમા પ્રાહુણા તરીકે બેસાડી હતી તે મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની પ્રતિષ્ઠા–સ્થાપના પણ તેજ સ્થાને પુંજી બાઇએ કરી. અર્થાત્ મૂળનાયકજીની પ્રતિષ્ઠા ફાગણ શુદ ત્રીજે પુંજીબાઇએ કરાવી. ॥૧૨૯–૧૩૦॥

साहम्मियवच्छल्लं–संतिसिणत्तं तहा सिरिकयंबे ॥
रहजत्ता वरघोडो–विहिकिरिया चउत्थीए ॥१३१॥

**સ્પષ્ટાર્થ**—તથા શ્રીકદંબગિરિમાં કદંબવિહાર નામના બાવન જિનાલય મહાપ્રાસાદમાં પુંજીબાઈએ મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી, તે પ્રસંગના બાવીસ દિવસના મહોત્સવમાં શાન્તિસ્નાત્ર (અષ્ટોત્તરી સ્નાત્ર) ભણાવવામાં આવ્યું અને ઘણાં નોકારશી વિગેરે સ્વામીવાત્સલ્યો થયાં, તથા વિશાલ રથયાત્રાનો વરઘોડો નીકળ્યો, અને ફાગણ સુદી ચોથને દિવસે એટલે પ્રતિષ્ઠા પછી બીજે દિવસે રથયાત્રાનો વરઘોડો તથા વિહિ સંબંધિ વિધિ થયો. ॥૧૩૧॥

**दारुग्घाडणमेवं-वुड्ढसिणत्तुस्सवो समत्तीए ॥**
**पहुदंसणमिइ कहिया-संखेवा सयलदिणकिरिया॥१३२॥**

**સ્પષ્ટાર્થ**—તથા ફા૦ સુ૦ પાંચમ બુધવારે મોટા મહોત્સવ પૂર્વક શ્રીકદંબવિહાર દેહરાસરની દ્વારોદ્ઘાટન ક્રિયા (બારણું ઉઘાડવાની વિધિ) થઈ, તેમજ બૃહતશાન્તિ સ્નાત્ર [૧૦૮ વાર અભિષેકની વિધિ] થયું, અને એ સર્વ ક્રિયા વિધિઓ સમાપ્ત થયા બાદ શ્રીકદંબવિહારમાં પ્રતિષ્ઠિત કરેલ મૂળ નાયક શ્રીમહાવીરસ્વામી પ્રભુના પ્રથમ દર્શનનો વિધિ થયો, એ પ્રમાણે સર્વ [૧]દિવસોની એટલે બાવીસે દિવસોની ક્રિયા વિધિઓ સંક્ષેપથી કહી દીધી. ॥ ૧૩૨ ॥

---

૧ અહિં ૨૨ દિવસની અનુક્રમે દરેક દિવસની ક્રિયાવિધિ ગાથામાંથી સ્પષ્ટ ન સમજાય તે માટે આ અંજનશલાકા પ્રતિષ્ઠાની બહાર પડેલી કુંકુમ પત્રિકામાં જે દરેક દિવસનો અનુક્રમ છપાયેલો છે તે અનુસારે અનુક્રમ આ પ્રમાણે.

માઘ શુદ ૧૩, તા. ૮—૨—૩૩ ના શુભ દિવસે મંડપ સ્થાપન, જલયાત્રાથી લાવેલા જળથી કુંભ સ્થાપના, અને મંગલ દીવાનું સ્થાપન વિગેરે શુભ ક્રિયાઓ.

માઘ વદિ ૧ ને શનિવાર, તા. ૧૧-૨-૩૩ના શુભ દિવસે નન્દ્યાવર્તનું પૂજન અને પ્રસાદનો અભિષેક વિગેરે શુભ ક્રિયાઓ.

માઘ વદિ ૩ ને સોમવાર, તા. ૧૩-૨-૩૩ના શુભ દિવસે નવગ્રહનું પૂજન, ૧૦ દિગ્પાલનું પૂજન, અષ્ટ મંગલનું પૂજન, અધિષ્ઠાયક દેવનું પૂજન, વિદ્યાદેવીનું પૂજન અને શાન્તિકળશ વિગેરે શુભ ક્રિયાઓ.

માઘ વદિ ૪ ને મંગળવાર, તા. ૧૪-૨-૩૩ના શુભ દિવસે શાસનના અધિષ્ઠાયક દેવ અને ૬૪ ઇન્દ્રાદિકનું આવ્હાન, અને ભૂતબલી તથા મન્ત્રન્યાસ વિગેરે વિધિથી શ્રીસિદ્ધચક્રના મંડલની પૂજા વિગેરે.

માઘ વદિ ૫ ને બુધવાર, તા. ૧૫-૨-૩૩ના શુભ દિવસે વીસ સ્થાનકના મંડલની પૂજા.

માઘ વદિ ૬ ને ગુરૂવાર, તા. ૧૬-૨-૩૩ના શુભ દિવસે ધ્વજાદંડનો વિધિ, કળશનો અભિષેક અને કળશની પૂજા વિગેરે શુભ ક્રિયાઓ.

માઘ વદિ ૯ ને શનિવાર, તા. ૧૮-૨-૩૩ના શુભ દિવસે દેવીની પ્રતિષ્ઠાનો મહોત્સવ (શ્રીસિદ્ધાયિકા દેવીનો પ્રતિષ્ઠા મહોત્સવ).

માઘ વદિ ૧૦ને રવિવાર, તા. ૧૯-૨-૩૩ના શુભ દિવસે બૃહત્ નન્દ્યાવર્તનું પૂજન તથા પહેલા ચ્યવન કલ્યાણક સંબંધિ ક્રિયા વિગેરે.

માઘ વદિ ૧૧ ને સોમવાર, તા. ૨૦-૨-૩૩ના શુભ દિવસે બીજા જન્મ કલ્યાણકનો મહોત્સવ, છપ્પન દિશાકુમારીઓનો મહોત્સવ, ઇન્દ્ર ઇન્દ્રાણીનો વરઘોડો, મેરૂ પર્વતના શિખર ઉપર જન્માભિષેકનો મહોત્સવ, તથા ૧૮ અભિષેકની ક્રિયાઓ.

માઘ વદિ ૧૨ ને મંગળવાર, તા. ૨૧-૨-૩૩ના શુભ દિવસે પ્રભુના નામની સ્થાપના, લેખશાળામાં પ્રભુને લઇ જવાનો વિધિ, દીક્ષા કલ્યાણકથી પહેલાંની મહોત્સવાદિ ક્રિયાઓ.

માઘ વદિ ૧૩ ને બુધવાર તા. ૨૨--૨--૩૩ના શુભ દિવસે અભિષેક, પ્રતિષ્ઠા વિગેરે મહોત્સવ તથા શ્રીકદંબ ગણધર, શ્રીપુંડરિક ગણધર, શ્રી શ્રીનાભ ગણધર, અને ગૌતમસ્વામી વિગેરે ગુરૂ મૂર્તિઓ સંબંધી અષ્ટોત્તરી સ્નાત્ર મહોત્સવ તથા ઉપર (શ્રીકદંબગિરિ ઉપર) કુંભ સ્થાપના વિગેરે.

માઘ વદિ ૧૪ ને ગુરૂવાર, તા. ૨૩-૨--૩૩ના શુભ દિવસે દીક્ષા કલ્યાણકનો વરઘોડો, ડુંગર ઉપર નવ ગ્રહ પૂજન અને દશ દિગ્પાલનું પૂજન વિગેરે.

માઘ વદિ ૦))ને શુક્રવાર, તા. ૨૪--૨--૩૩ના શુભ દિવસે ડુંગર ઉપર દેહરીઓના અભિષેકની ક્રિયા, શાન્તિસ્નાત્રનો મહોત્સવ વિગેરે.

ફાગણ સુદ ૧ને શનિવાર, તા. ૨૫--૨--૩૩ના શુભ દિવસે કલ્યાણકની બાકી રહેલી ક્રિયાઓ, તથા કેવળ જ્ઞાન કલ્યાણકની ક્રિયા વિગેરે.

ફાગણ સુદ ૨ ને રવિવાર, તા. ૨૬-૨--૩૩ના શુભ દિવસે શુભ સમયમાં અંજન શલાકાની શુભ ક્રિયા [અંજનની શુભ ક્રિયા], બૃહદ્ અભિષેક ક્રિયા, કલ્યાણકની બાકી રહેલી ક્રિયાઓ વિગેરે. તથા શા. ચંદુલાલ બુલાખીદાસ [શાહપુરવાળા] તરફથી નવકારશી.

ફાગણ સુદ ૩ ને સોમવાર તા. ૨૭--૨--૩૩ના શુભ દિવસે શુભ મુહૂર્તમાં પ્રભુને ગાદીએ બિરાજમાન કરવા (એટલે પવાસણ પર સ્થિર કરવા), દંડારોપણ, ધ્વજા આરોપણ અને કળશઆરોપણ ક્રિયા. તથા અમદાવાદના શા કરમચંદ ફુલચંદભાઈની દીકરી પુંજીબ્હેન મૂળનાયકજી મહારાજને પધરાવે તે ક્રિયા અને પુંજીબ્હેન તરફથી નવકારશી.

ફાગણ સુદ ૪ ને મંગળવાર, તા. ૨૮--૨--૩૩ના શુભ દિવસે રથયાત્રાનો વરઘોડો અને વિષ્ટિની ક્રિયા.

ફાગણ સુદ ૫ ને બુધવાર, તા. ૧--૩--૩૩ના શુભ દિવસે મૂળ દેહરાસરનું દ્વાર ઉઘાડવાનો વિધિ, પ્રભુજીનાં પ્રથમ દર્શનનો વિધિ, અને અષ્ટોત્તરી સ્નાત્રનો મહોત્સવ વિગેરે.

सिरिनेमिसूरिगुरुणो विजओदयसूरि नंदणायरिया ॥
सिद्धंतुत्तविहाणं–जणकिरियाकरगा तिण्णि ॥१३३॥

**સ્પષ્ટાર્થ**—પરમ પૂજ્ય ગુરૂવર્ય શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વર, તથા વિધિ વિધાનના જ્ઞાતા અને મહુર્ત્તાદિકના જ્ઞાતા તેમના શિષ્ય શ્રીમદ્ વિજયોદયસૂરીશ્વર, અને તેમના શિષ્ય અને પરમ ગુરૂવર્યના પ્રશિષ્ય શ્રીમદ્ વિજયનંદન સૂરીશ્વર એ ત્રણ મહાત્માઓ શ્રીસિધ્ધાન્તમાં કહેલા વિધિ પ્રમાણે સર્વ પ્રતિમાઓની અંજનશલાકાની ક્રિયા કરનાર હતા. ॥ ૧૩૩ ॥

तत्तविवेयगसंठा–सब्भेहिं सासणिक्करसिएहिं ॥
गुरुलहुदेउलियाओ–कारित्ता जिणयपडिमाओ ॥१३४॥
संठविया भव्वेहिं–इयावरेहिं नयरसेट्ठिपमुहेहिं ॥
हिट्ठेहिं देउलिया–निम्मावणठावणाईसुं ॥१३५॥
नायागयदविणवओ–विहिओ सिरिनेमिसूरिगुरुवयणा ॥
इय बहुसंखेवाओ–पढिया पढमंजणसलाया ॥१३६॥

**સ્પષ્ટાર્થ**—અમદાવાદમાં મારા શ્રીગુરૂ મહારાજના ઉપદેશથી જૈન શાસનની ઉન્નતિ કરવામાં અત્યંત રસવાળા-અભિલાષવાળા એવા શાસનરસિક શ્રાવકોએ તત્ત્વવિવેચકસભા નામની એક સંસ્થા–સભા ઘણા વખતની સ્થાપેલી છે, તે તત્વ વિવેચક સભાના સભ્ય ધનવાન સદ્‌ગૃહસ્થોએ શ્રીકદંબવિહારને ફરતી નાની મોટી દેહરીઓ કરાવીને તેમાં જુદા જુદા અનેક જિનેન્દ્ર પ્રભુની તથા સૂરિવરોની પ્રતિમાઓ

---

આ નિયમિત દિવસોમાં લખેલા નિયમિત વિધિ ઉપરાન્ત પણ અંજનશલાકા સંબંધી બીજી અનેક ક્રિયાઓ તેમજ વચ્ચે નહિ લખેલા દિવસોમાં પણ બીજી અનેક ક્રિયાઓ તથા દરેક દિવસે વિવિધ પૂજા આંગી ભાવના વિગેરે વિધિ થયા.

સ્થાપિત કરી હતી. અને અમદાવાદના નગર શેઠ કસ્તૂરભાઈ મણીભાઈ, દેવ ગુરૂ ધર્મારાધક દાનવીર સંઘવી શેઠ ચીમનલાલ લાલભાઈ (હીં૦ ૨૦ વાળા) શેરદલાલ જેસંગભાઈ કાલીદાસ, શા.અમુભાઈ રતનચંદ, શા. બુધાભાઈ કસ્તુરચંદ, શા. ચંદુલાલ બુલાખીદાસ, શેરદલાલ વાડીલાલ છગનલાલ વગેરે મોટા મોટા સદ્ગૃહસ્થોએ પણ અતિ હર્ષ પૂર્વક દેહરીઓ બનાવરાવીને તેમાં શ્રીજિનેન્દ્ર પ્રભુ વિગેરેની પ્રતિમાઓ સ્થાપન કરી, એ પ્રમાણે તત્વવિવેચક સભાના સભ્યોએ તેમજ બીજા સદ્ગૃહસ્થોએ પોતે ન્યાયથી ઉપાર્જન કરેલા દ્રવ્યનો-ધનનો સદ્વ્યય કર્યો, અને એ સર્વ સદ્ગૃહસ્થોએ જે એવા પ્રતિષ્ઠા આદિ કાર્યમાં ધનનો જે સદુપયોગ કર્યો હતો તેમાં મારા પરમ પૂજ્ય ગુરૂવર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વરના સદુપદેશવાળાં વચનામૃત કારણભૂત હતા. એ પ્રમાણે અત્યંત સંક્ષેપમાં મેં પ્રથમ અંજન શલાકા કહી. (અને બીજી અંજન શલાકાનું સંક્ષિપ્ત વૃત્તાન્ત હવે પછી કહેવાશે.) ॥ ૧૩૪-૧૩૫-૧૩૬ ॥

શ્રીકદંબવિહાર આદિ સર્વ ચૈત્ય અને પ્રતિમાઓને ત્રણ ગાથામાં નમસ્કારઃ-

सिद्धकयंबविहारे-मज्झगयं सासणेसरं वीरं ॥
चउवीसइतिगजिणए-वीसविहरमाणतित्थयरे ॥१३७॥
चउसासयतित्थवई-कयंबगणि पुंडरीयसिरिनाहे ॥
गोयमसोहमसामी-अण्णेऽवि य गणहरे वंदे ॥१३८॥
पुव्वायरियाइमहा-पुरिसाण पणमभि भव्वपडिमाओ ॥
ते सव्वे संघगिहे-मंगलमाला कुणंतु सया ॥१३९॥

સ્પષ્ટાર્થ—અતિ શ્રેષ્ઠ શ્રીકદંબવિહાર નામના મુખ્ય દેહરાસરમાં મધ્યવર્તી દેવછંદામાં રહેલા વર્તમાન શાસનના અધિપતિ શ્રીમહાવીર સ્વામી પ્રભુને નમસ્કાર કરૂં છું, તથા ત્રણ ચોવીસીના (અતીત ઉત્સર્પિણીમાં થયેલા ૨૪ ભગવાન, વર્તમાન અવસર્પિણીના ત્રીજા ચોથા આરામાં થયેલા ૨૪ ભગવાન અને ભવિષ્યમાં આવતી ઉત્સર્પિણીના ત્રીજા ચોથા આરામાં થનારા ૨૪ ભગવાન એ પ્રમાણે ત્રણ ચોવીસીના ૭૨) ભગવંતોને હું નમસ્કાર કરૂં છું, તથા વીસ વિહરમાન ભગવંતોને એટલે ૫ ભરતક્ષેત્ર ને ૫ ઐરવત ક્ષેત્રમાં તો અત્યારે અવસર્પિણીનો પાંચમો આરો દુઃખમ નામે વર્તે છે, તે વખતે એકે ભગવાન વિદ્યમાન હોતા નથી પરન્તુ ૫ મહાવિદેહ ક્ષેત્રોમાં તો અત્યારે પણ એકેક મહાવિદેહમાં ચાર ચાર મળી વીસ તીર્થંકર ભગવાન વિચરે છે, અને ત્યાંના ભવ્ય જીવોને દેશના આપી પરોપકાર કરી રહ્યા છે. તે વીસ વિહરમાન તીર્થંકર ભગવંતની ૨૦ પ્રતિમાઓ અહિં શ્રીકદંબવિહારની આસપાસની દેહરીઓમાં સ્થાપિત કરી છે તે પ્રતિમાઓને અથવા તે વીસ વિહરમાન ભગવંતોને પણ હું વંદન કરૂં છું. ॥ ૧૩૭ ॥

તથા ચાર નામવાળા શાશ્વતા તીર્થંકર પ્રભુને હું વંદન કરૂં છું. એમાં (૧) શ્રી ઋષભ પ્રભુ (૨) શ્રીચંદ્રાનન પ્રભુ (૩) શ્રી વારિષેણ પ્રભુ અને (૪) શ્રીવર્ધમાન પ્રભુ એ ચાર નામવાળી શાશ્વત પ્રતિમાઓ જગચિંતામણી ચૈત્યવંદનમાં કહ્યા પ્રમાણે ૧૫૪૨૫૮૩૬૦૮૦ પ્રતિમાઓ [પંદરસો બેંતાલીસ ક્રોડ અઠ્ઠાવન લાખ છત્રીસ હજાર એંસી એટલી શાશ્વત પ્રતિમાઓ] ત્રણ લોકમાં સર્વ મળીને છે, તે સર્વ ઉપર કહેલા ૪ નામવાળી

છે, પરન્તુ એ હરેક શાશ્વત પ્રતિમાનું જૂદું જૂદું નામ નથી, તેમજ એ પ્રતિમાઓ ચારે નિકાયના દેવોના ભવનોમાં આવાસોમાં ને વિમાનોમાં છે, તેમજ તીર્છા લોકના કેટલાક પર્વતો ઉપર અને દ્વીપો વિગેરે સ્થાને છે. તે પ્રતિમાઓ કોઈ કારીગરની ઘડેલી નથી, પરન્તુ અનાદિ કાળથી શાશ્વતી ( કાયમ રહેનારી ) છે, તેમજ એ પ્રતિમાઓનો ભવિષ્યમાં કોઈ કાળે વિનાશ પણ થવાનો નથી, એટલુંજ નહિં પરન્તુ કોઈ અવયવ પણ ખંડિત થયો નથી થતો નથી ને થવાનો નથી, તેમજ જેટલા પ્રમાણુવાળી છે તેટલા પ્રમાણુમાંથી સ્હેજ પણ ઓછીવત્તી થઇ નથી થવાની નથી અને થશે નહિં. પરન્તુ જેવી છે તેવી ને તેવી ત્રણે કાળમાં એક સરખીજ રહેવાની છે, માટે એ પ્રતિમાઓ શાશ્વત કહેવાય છે અને આપણે અત્યારે જે દેહરાસરોમાં પ્રતિમાજીને વંદનાદિ કરીએ છીએ તે કારીગરોની ઘડેલી છે, તેથી ભૂતકાળમાં નહોતી વર્તમાનકાળમાં છે ને ભવિષ્યકાળમાં થોડાં વર્ષો વીત્યા બાદ નાશ પામશે, માટે એ કૃત્રિમ પ્રતિમાઓ તે અશાશ્વત પ્રતિમાઓ કહેવાય અને એ અશાશ્વત પ્રતિમાઓનાં નામ જે જે કાળમાં જે જે તીર્થંકર પ્રભુનાં નામ હોય તે તે જૂદા જૂદા નામવાળી હોય છે, અને શાશ્વત પ્રતિમાઓ તો પૂર્વે જણાવેલા શ્રીઋષભ વિગેરે ચાર નામ સિવાય પાંચમા નામવાળી કોઇ નથી અને એ શાશ્વત પ્રતિમાઓને દેવો વિદ્યાધરો ને લબ્ધિવંત મનુષ્યોજ ત્યાં જઈને વંદન પૂજન કરે છે. એવી એ ચાર નામવાળી પ્રતિમાઓ પણ કદંબવિહારની આસપાસની દેહરીઓમાં સ્થાપિત કરી

છે તેમને હું વંદન કરું છું. તથા જે ગણધરના નામથી આ તીર્થનું કદંબગિરિ એવું નામ પ્રસિદ્ધ થયું છે તે ગઈ ચોવીસીના છેલ્લા શ્રીસંપ્રતિ નામના તીર્થંકરના ગણધર શ્રી કદંબ ગણધર અથવા મતાંતર પ્રમાણે એટલે શ્રી સિદ્ધાચલના ૨૧ મા ખમાસમણમાં કહ્યા મુજબ ગઇ ચોવીસીના બીજા શ્રીનિર્વાણી નામના તીર્થંકરના પણ શ્રીકદંબ નામે ગણધર તથા આ ચોવીસીના પ્રથમ તીર્થંકરના ( શ્રીઆદીશ્વર પ્રભુના ) શ્રીપુંડરિક ગણધર તથા શ્રીનાભ નામના ગણધર કે જેમણે યાત્રા માટે આવેલ ભરત ચક્રવર્તીએ આ તીર્થનો મહિમા પૂછતાં શ્રી કદંબગિરિનો મહિમા સંભળાવ્યો હતો તે ત્રણે ગણધરની પ્રતિમાઓ અહિં સ્થાપિત કરી છે, તેથી ત્રણે ગણધર ભગવંતોને અથવા તેમની પ્રતિમાઓને હું વંદન કરું છું. તેમજ આ કદંબવિહારમાં મૂળનાયક તરીકે પ્રતિષ્ઠિત કરેલા શ્રીમહાવીર ભગવંતના પ્રથમ ગણધર શ્રી ગૌતમ ગણધર અને પાંચમા ગણધર શ્રીસુધર્મ સ્વામી તેમની તથા બીજા ગણધરોની પ્રતિમાઓ પણ સ્થાપિત કરી છે તેથી શ્રી વીર પ્રભુના અગીઆરે ગણધર ભગવંતોને પણ હું વંદન કરું છું.

અહિં ૧૧ ગણધરોમાં ફક્ત બે ગણધરોનું નામ દર્શાવવાનું કારણ કે શ્રી ગૌતમસ્વામી પહેલા ગણધર છે અને શાસનની ચાલુ પરંપરા શ્રીસુધર્મા ગણધરની છે માટે એ બે ગણધર ભગવંતને નામ ગ્રહણ કરવા પૂર્વક ( તેમનું નામ લઇને ) વંદન કર્યું છે. ॥ ૧૩૮ ॥

તથા પ્રાચીન કાળમાં થઇ ગયેલા મહાપ્રભાવિક પૂર્વાચાર્ય વિગેરે મહાપુરૂષોની પણ જે ભવ્ય પ્રતિમાઓ

આ તીર્થમાં સ્થાપિત કરી છે તે સર્વે એટલે મૂળનાયક શ્રીમહાવીર સ્વામીથી પ્રારંભીને કહેલા તીર્થંકર ભગવંતો ગણધર ભગવંતો અને પ્રાચીન પૂર્વાચાર્ય વિગેરે યુગપ્રધાનાદિ શ્રી જિનશાસનના સ્તંભ સમાન મહાપુરૂષો તે સર્વે શ્રી ચતુર્વિધ સંઘરૂપી ગૃહમાં એટલે ચતુર્વિધ શ્રીસંઘમાં હંમેશાં મંગલિકની માળા કરો વિસ્તારો (એટલે સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકાનું કલ્યાણ કરો) ॥ ૧૩૯ ॥

બીજી વાર થયેલી અંજનશલાકાનું બાવીસ ગાથામાં વર્ણન કરે છે—

वेयनिहाणंकिंदु–प्पमिए वरिसे य माहवे मासे ॥
जाया जंजणकिरिया–वुच्छं तीएऽवि वुत्तंतं ॥१४०॥

સ્પષ્ટાર્થ—ઉપર જે શ્રીમહાવીર સ્વામી આદિક પ્રતિમાઓની અંજનશલાકા કહી તે ૧૯૮૯ના વિક્રમ સંવત્સરમાં મારા ગુરૂવર્ય શ્રીકદંબગિરિ પધાર્યા તે વખતની એ પહેલી અંજનશલાકા કહી અને હવે ૧૯૯૪ના વિક્રમ સંવત્સરમાં મારા ગુરૂવર્ય શ્રીકદંબગિરિ બીજી વાર પધાર્યા તે વખતે વૈશાખ માસમાં જે અંજનશલાકા કરી તે બીજી અંજનશલાકાનું ટુંક વૃત્તાંત પણ હવે હું (શ્રીવિજયપદ્મસૂરિ) કહીશ. (કહું છું) ॥ ૧૪૦ ॥

શ્રીકદંબ તીર્થની સ્પર્શના કરનારને લાભ—

जत्थहुणा सोहंते–उवस्सया मव्वधम्मसालाओ ॥
तं सिरिकयंबतित्थं–फासंतगी लहंति समं ॥१४१॥

સ્પષ્ટાર્થ—જે શ્રીકદંબગિરિમાં હાલ શ્રીમુનિ મહારાજોને આશ્રય લેવા માટે ઉપાશ્રયો અને ભાવિક યાત્રાળુ

ગૃહસ્થોને આશ્રય લેવા માટે બંધાયલી ભવ્ય–સુંદર ધર્મ-શાળાઓ અત્યંત શોભે છે તે શ્રીકદંબગિરિ તીર્થને સ્પર્શનારા જીવો એટલે કદંબગિરિને વંદન નમસ્કાર પૂજા યાત્રા કરનાર આસન્નસિદ્ધિક ભવ્ય જીવો શમને એટલે સાત્વિક શાંતિના સુખને અથવા જ્ઞાન દર્શન અને ચારિત્રના લાભને પામે છે. અથવા શમને એટલે ઉપશમ ભાવ ( સમતા–ક્ષમાસ્વરૂપ )ને પામે છે, કારણ કે એ જીવોને સંસારનો સંતાપ રૂપી અગ્નિ બાળતો નથી. ॥ ૧૪૧ ॥

જાવાલનિવાસી મોતીજીના બે પુત્રોએ કરાવેલ આદીશ્વર વિહાર (મંદિર)ની બીના જણાવે છેઃ—

अयले मव्वकयंबे–मरुहरजावालवासिसद्धवरो ॥
मोतीजी सेट्ठिवरो–तस्स सुया दुण्णि धम्मिट्ठा ॥१४२॥
चंदुत्तरकप्पूरो–ताराचंदो कमेण नामाइं ॥
तेहिं गुरूवएसा–नियतणयाईण सेयट्ठं ॥१४३॥
आईसरपासाओ–निम्मविओ तत्थ हरिसयविसालो ॥
तेहिं ठप्पा पडिमा–मरुदेवीपुत्तबहुमहई ॥१४४॥

સ્પષ્ટાર્થ—તથા મારવાડ દેશના જાવાલ નગરના નિવાસી ઉત્તમ શ્રદ્ધાવંત શ્રાવક શા. મોતીજી શેઠ હતા, તેમના અતિ ધર્મીષ્ટ એવા અનુક્રમે કપૂરચંદ અને તારાચંદ એ બે નામના બે પુત્રો છે. તેઓએ મારા શ્રીગુરૂવર્યના સદુપદેશથી પોતાના પુત્રાદિકના કલ્યાણને અર્થે આ અત્યંત મનોહર શ્રીકદંબગિરિ નામના પર્વત ઉપર એટલે પ્રથમ કહેલ શ્રીકદંબવિહાર નામે શ્રીમહાવીરસ્વામીનું મોટું

દહેરાસર કદંબગિરિની નીચે ભૂમિ ઉપર બંધાયલું છે અને આ શ્રીઆદીશ્વર વિહાર નામનું ચૈત્ય કદંબગિરિના શિખર ઉપર બંધાયલું છે, એ પ્રમાણે શ્રીકદંબગિરિની ઉપર હર્ષને આપનાર અને અતિ વિશાળ એવો શ્રીઆદીશ્વર ભગવાનનો પ્રાસાદ બંધાવ્યો, અને તે વિશાળ પ્રાસાદમાં એજ કપૂરચંદ અને તારાચંદ નામના બે પુત્રોએ મરૂદેવા માતાના પુત્રની એટલે નાભિરાજાના અને મરૂદેવા માતાના પુત્ર શ્રીઋષભદેવ ભગવાનની ઘણી જ મોટી (આશરે ૯૧ ઇંચ જેટલી ઉંચી) પ્રતિમા સ્થાપન કરી, [ એટલે જાવાલ-નિવાસી મોતીજી શેઠના જે બે પુત્રોએ એ દેહરાસર બંધાવ્યું તેજ બે પુત્રોએ દેહરાસરમાં આદીશ્વર પ્રભુની પ્રતિમા પણ સ્થાપિત કરી ] ॥ ૧૪૨-૧૪૩-૧૪૪ ॥

શ્રીઆદીશ્વર વિહાર (મંદિર)ની ભમતિ (ગિરિ ઉપર) ઓની બીના જણાવે છે—

**तस्सभिओ भमईए–पट्टणफलवद्धिपमुहसड्ढेहिं ॥**
**देउलिया कारविया–अण्णेहि तहण्णपासाया ॥१४५॥**

સ્પષ્ટાર્થ—તે શ્રીકદંબગિરિ ઉપર જાવાલનિવાસી મોતીજી શેઠના પુત્રોએ બંધાવેલ શ્રીઆદીશ્વર પ્રભુના વિહાર (મંદિર)ની આસપાસ ફરતી ભમતિમાં પાટણના અને ફલોધી વિગેરે નગરના શ્રદ્ધાવંત શ્રાવકોએ ઘણી દેહરીઓ બંધાવી છે. અને બીજા પણ અનેક ભાવિક સદ્‌ગૃહસ્થોએ બીજા પ્રાસાદો પણ બંધાવ્યા છે ॥ ૧૪૫ ॥

શ્રીકદંબગિરિની ઉપર શ્રીઆદીશ્વર વિહારના અંજન શલાકાના મહોત્સવની બીના જણાવે છે—

इक्कारसीवरदिणा–चित्तासियपक्खया समारंभो ॥
पवरुस्सवस्स जाओ–सत्तरसदिणावही रम्मो ॥१४६॥

**સ્પષ્ટાર્થ**—સંવત ૧૯૯૪ના વિક્રમ સંવત્સરની ચૈત્ર માસની વદી પક્ષની ઉત્તમ અગીઆરસના દિવસથી પ્રારંભીને (માંડીને) શ્રીઆદીશ્વર વિહારની ઉત્તમ અંજન શલાકા રૂપ પ્રતિષ્ઠાના નિમિત્તે અતિ શ્રેષ્ઠ મહોત્સવનો આરંભ થયો, અને તે અતિ ઉત્તમ અઠ્ઠાઈ મહોત્સવ ૧૭(સત્તર) દિવસ સુધી ચાલ્યો. એટલે ચૈત્ર વદી ૧૧થી વૈશાખ સુદ તેરસ સુધી અંજન શલાકા અઠ્ઠાઈ મહોત્સવ ચાલ્યો હતો. ॥ ૧૪૬ ॥

૧૭ દિવસના પ્રતિષ્ઠા મહોત્સવમાં અનુક્રમે થયેલ મંગલ ક્રિયાઓની બીના જણાવે છે—

कुंभट्ठवणाइकयं–पढमदिणे सूरिमंतवरविहिणा ॥
साहम्मियवच्छल्लं–विहियं माणेकचंदेणं ॥१४७॥

**સ્પષ્ટાર્થ**—એ સત્તર દિવસના પ્રતિષ્ઠા મહોત્સવમાં પહેલે દિવસે એટલે ચૈત્ર વદી અગીઆરસને દિવસે સૂરિમંત્રની ઉત્તમ વિધિ વડે કુંભસ્થાપના વગેરે ક્રિયા થઈ અને તે દિવસે ભાવનગરનિવાસી શા. માણેકચંદ[૧] જેચંદભાઈ તરફથી સ્વાધર્મીવાત્સલ્ય થયું એટલે શ્રીસંઘને જમાડવા રૂપ નોકારશી થઈ હતી. ॥ ૧૪૭ ॥

---

૧ આ શેઠનો વિશેષ પરિચય આત્માનંદ સભાએ છપાવેલ શ્રીમહાવીર ચરિત્રના ભાષાંતરની પ્રસ્તાવનામાં સભાના સેક્રેટરી શા. વલ્લભદાસે કરાવ્યો છે. તેમાં તેમણે ઉદારતાથી ક્યા ક્યા ધાર્મિક કાર્યોમાં સ્વલક્ષ્મીનો સદુપયોગ કર્યો વિગેરે બીના જણાવી છે. ભાવનગરની જૈન અગ્રગણ્ય વ્યક્તિઓમાં તે ગણવા લાયક છે.

બીજા ત્રીજા ચોથા દિવસનો વિધિ જણાવે છે.—

नंदावट्टच्चाई–बिइयदिणे नवगहाइपरिपूया ॥
दिवसे तहा चउत्थे–नवपयपूया विहाणाई ॥१४८॥

સ્પષ્ટાર્થ—બીજે દિવસે નંદાવર્ત્ત સ્વસ્તિકની પૂજા વગેરે ક્રિયા થઇ, ત્રીજે દિવસે નવ ગ્રહ વિગેરેની વિશેષ પૂજા થઈ, અને ચોથે દિવસે નવપદની પૂજાનો વિધિ વગેરે ક્રિયા થઇ. ॥ ૧૪૮ ॥

પાંચમા દિવસનો ને છઠ્ઠા દિવસનો વિધિ જણાવે છેઃ-

उत्तमपंचमदियहे–रहजत्ताई विसेसवित्थारा ॥
वीसइठाणयमंडल–पूयाइ दिणे तहा छट्ठे ॥१४९॥

સ્પષ્ટાર્થ—ઉત્તમ પાંચમા દિવસે ઘણા વિસ્તારવાળી રથયાત્રા વિગેરે વિધિ થઇ, અને છઠ્ઠે દિવસે વીસ સ્થાનકના મંડલની પૂજા વગેરે મંગલ ક્રિયા થઇ. ॥ ૧૪૯ ॥

સાતમા દિવસનો વિધિ જણાવે છે—

बिहनंदावट्टच्चा–सत्तमदियहे सुहाइकल्लाणं ॥
साहम्मियवच्छल्लं–विहियं माणेकलालेणं ॥१५०॥

સ્પષ્ટાર્થ—સાતમા દિવસે બૃહત્ નંદાવર્તની પૂજા અને તે શુભ એવા શ્રીઆદીશ્વર પ્રભુના પહેલા ચ્યવન કલ્યાણકની ક્રિયા કરી હતી. તેમજ તે દિવસે અમદાવાદ નગરનિવાસી શ્રેષ્ઠિવર્ય શેઠ[1] માણેકલાલ મનસુખભાઇએ નોકારશી રૂપ સ્વધર્મીવાત્સલ્ય એટલે શ્રીસંઘજમણ કર્યું. એ પહેલા કલ્યાણકનો વિધિ. ॥ ૧૫૦ ॥

---

૧. આ શેઠ માણેકલાલ શ્રીસિદ્ધચક્ર ભગવંતના પરમ ઉપાસક, દેવ ગુરૂ ધર્મારાધક, અને શ્રીસંઘાદિ સાતે ક્ષેત્રોમાં ઉદારતાથી લક્ષ્મી

આઠમા દિવસનો વિધિ—

**जम्मसिणत्ताइविही-महुस्सवेणं कयट्ठमे दियहे ॥**
**साहम्मियवच्छल्लं-पोपटलालेण परिविहियं ॥१५१॥**

**સ્પષ્ટાર્થ**—તથા આઠમા દિવસે મોટા મહોત્સવ પૂર્વક જન્મસ્નાત્ર વિગેરેનો વિધિ એટલે જન્માભિષેક કરવા માટે સૌધર્મ ઇન્દ્ર પ્રભુને મેરૂ પર્વત ઉપર લઈ ગયા ત્યાં ચોસઠ ઇન્દ્રોએ આવી જન્માભિષેક કર્યો તે વિધિને જણાવનાર એવો આ જન્માભિષેક કર્યો, અને તે દિવસે કાઠીયાવાડ પ્રાન્તમાં આવેલા જામનગરના નિવાસી શ્રેષ્ઠિવર્ય શેઠ [2]પોપટલાલ ધારસીભાઈએ સ્વાધર્મીવાત્સલ્ય એટલે શ્રીસંઘજમણ કર્યું. એ બીજા જન્મકલ્યાણકનો વિધિ. ॥ ૧૫૧ ॥

નવમા દસમા દિવસનો વિધિ બે ગાથામાં જણાવે છે—

**वरदिक्खाकल्लाणं-नवमे नामाइठावणा विहिणा ॥**
**कल्लाणगं चउत्थं-दसमे जायं पवित्थारा ॥१५२॥**

---

ને વાપરનાર છે. વિ. સં. ૧૯૯૧માં મારા ગુરૂ મહારાજના ઉપદેશથી તેમણે છરી પાળતાં વિશાલ સંઘ સાથે શ્રીસિદ્ધગિરિ ગિરિનારાદિની યાત્રા કરી હતી. તેમાં લાખો રૂપિયા વાપરીને શ્રીજિનશાસનની અનુપમ પ્રભાવના કરી હતી.

૨ શેઠ પોપટભાઈ જામનગરનો અગ્રગણ્ય વ્યક્તિઓમાંના એક છે. તેમણે ઉદારતાથી સાતે ક્ષેત્રોમાં અને છરી પાલતા વિશાલ સંઘ સાથે શ્રીસિદ્ધાચલાદિ તીર્થોની યાત્રા કરવામાં તથા ઉથાપનાદિ ધાર્મિક કાર્યોમાં પુષ્કળ દ્રવ્યને વાપરી શ્રીજિનશાસનની અપૂર્વ પ્રભાવના કરી હતી. તેઓ દાનાદિ ધર્મને સાધવામાં તેમજ દેશવિરતિ પ્રમુખ ધર્મ ક્રિયા કરવામાં પહેલાંની માફક હાલ પણ પૂર્ણ ઉત્સાહી છે.

સ્પષ્ટાર્થ—નવમા દિવસે વિધિપૂર્વક પ્રભુનું નામ સ્થાપન કરવા સંબંધી મંગલ ક્રિયા થઈ, અને ત્રીજા દીક્ષા કલ્યાણકની ક્રિયા પણ થઇ હતી અને દસમે દિવસે અતિ વિસ્તારથી ચોથા કલ્યાણકનો વિધિ એટલે પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણકનો વિધિ થયો. એ પ્રમાણે ત્રીજા ચોથા કલ્યાણકનો વિધિ જણાવ્યો. ॥ ૧૫૨ ॥

साहम्मिवच्छल्लं–रायनयरवासिचंदुलालेणं ।
एयम्मि दिणे पगयं–पहावणा सासणस्स कया ॥१५३॥

સ્પષ્ટાર્થ—એ ચોથા કલ્યાણકના દસમા દિવસે રાજનગરનિવાસી એટલે અમદાવાદમાં શાહપુર મંગળ-પારેખના ખાંચાના રહીશ શેઠ ચંદુલાલ બુલાખીદાસે અતિ શ્રેષ્ઠ રીતે નોકારશી રૂપ સ્વધર્મીવાત્સલ્ય જમણ કર્યું હતું. આ દ્વારા તેમણે શ્રીજૈનશાસનની અત્યંત પ્રભાવના કરી. ॥ ૧૫૩ ॥

અગિઆરમા દિવસનો વિધિ જણાવે છે—

तयणंतरम्मि दियहे–माहवसियसत्तमोइ हरिसाओ ।
अंजणविहिपमुहाइं–मद्दयकिच्चाइ विहियाइं ॥१५४॥

સ્પષ્ટાર્થ—ત્યાર પછીના દિવસે એટલે અગીઆરમા દિવસે વૈશાખ સુદ સાતમને દિવસે અતિ હર્ષથી અંજનવિધિ વિગેરે એટલે પ્રતિમાજીની અંજનશલાકા કરવાનો વિધિ વિગેરે અનેક મંગલિક કૃત્યો કર્યાં. અહિં આચાર્ય મહારાજ સુવર્ણની સળીથી પ્રતિમાજીની આંખમાં અંજન કરે તે અંજનશલાકા વિધિ કહેવાય. શ્રીઆદિનાથની પ્રતિમા વિગેરે

બિંબોનો તે અંજનવિધિ વિગેરે અનુષ્ઠાનો વૈશાખ સુદી સાતમે થયા હતાં. ॥ ૧૫૪ ॥

साहम्मियवच्छल्लं–भावनयरवासिणा धणड्ढेणं ॥
वित्थारेणं विहियं–सावयमाणेकचंदेणं ॥१५५॥

સ્પષ્ટાર્થ—એ અંજનશલાકાના ઉત્તમ દિવસે કાઠીયાવાડ પ્રાન્તમાં શ્રીસિદ્ધગિરિજીથી થોડે દૂર આવેલા ભાવનગર નામે શહેરના નિવાસી ધનાઢ્ય–ધનવાન શેઠ શા. માણેકચંદ જેચંદભાઈએ અતિ વિસ્તારથી ઝાંપે ચોખા સહિત નોકારશી કરી હતી. અને તેથી શ્રીજૈનશાસનની ઘણી પ્રભાવના થઈ હતી. ॥ ૧૫૫ ॥

બારમા દિવસનો વિધિ જણાવે છે—

माहवसियट्ठमीए–पहुप्पवेसाइमहसिणत्तं च ॥
साहम्मियवच्छल्लं–परिविहियं मूलचंदेण ॥१५६॥

સ્પષ્ટાર્થ—ત્યાર બાદ બીજે દિવસે વૈશાખ સુદ આઠમને દિવસે શ્રીઆદીશ્વર પ્રભુ વિગેરે જિનબિંબોને મંદિરમાં ગભારામાં પ્રવેશ કરાવવા સંબંધી વિધિ થયો અને એ પ્રવેશ મહોત્સવમાં મોટું શાન્તિસ્નાત્ર કે જે અષ્ટોત્તરી સ્નાત્રના નામથી પ્રસિદ્ધ છે તેનો વિધિ થયો, અને એ પ્રવેશ મહોત્સવના દિવસે ખંભાત બંદર નિવાસી દેવ ગુરૂ ધર્મારાધક શ્રાવક શા. [1]મૂળચંદ બુલાખીદાસે નોકારશી કરી હતી. એ

૧. શેઠ મૂલચંદભાઈ ખંભાતમાં અગ્રગણ્ય વ્યક્તિ ગણાય છે. તેમજ શ્રીજિનશાસનની પરમ ઉલ્લાસથી આરાધના કરવા પૂર્વક શ્રીસંઘાદિ સાતે ક્ષેત્રોને પોષી રહ્યા છે.

બારમા દિવસનો વિધિ જણાવ્યો. ॥ ૧૫૬ ॥

૧૩ મા દિવસનો વિધિ જણાવે છે—

**सिरिवीरप्पासाए–महपूयाईयसुक्कनवमीए ॥**
**साहम्मियवच्छल्लं–नगीनदासेन परिविहियं ॥ १५७ ॥**

સ્પષ્ટાર્થ—ત્યાર બાદ તેરમા દિવસે વૈશાખ સુદ નવમીના દિવસે શ્રીકદંબગિરિની નીચે શ્રીમહાવીર પ્રભુના પ્રાસાદમાં એટલે શ્રીકદંબવિહારમાં મોટી પૂજા ભણાવી તે ઉપરાંત બીજી મંગલ ક્રિયાઓ પણ કરી હતી અને તે દિવસે પાટણ નગરના નિવાસી શેઠ શા. [1]નગીનદાસ કરમચંદે સ્વધર્મીવાત્સલ્ય કર્યું. ॥ ૧૫૭ ॥

૧૪ મા દિવસનો વિધિ જણાવે છે—

**पहुबिंबासणठवण–प्पमुहविहाणाइ सत्तमीदियहे ॥**
**साहम्मियवच्छल्लं–विहियं कप्पूरचंदेणं ॥ १५८ ॥**

સ્પષ્ટાર્થ—તથા ૧૪ મા દિવસે એટલે વૈશાખ સુદી દશમે શ્રીઆદીશ્વર પ્રભુના બિંબને આસન (ગાદી) ઉપર સ્થાપન કરવાનો વિધિ એટલે શ્રીઋષભદેવ પ્રભુની મોટી પ્રતિમાની પ્રતિષ્ઠા વિગેરે વિધિ વિધાનો થયાં, અને તે પ્રતિષ્ઠાના દિવસે જાવાલ નિવાસી મોતીજી શેઠના સુપુત્રો તે શા. કપૂરચંદભાઈ વિગેરે તરફથી વિશાલ નોકારશી રૂપ

---

૧. શેઠ નગીનદાસ પાટણના શ્રી જૈન સંઘમાં અગ્રગણ્ય ગણાય છે. તેમણે મારા ગુરૂ મહારાજના ઉપદેશથી શ્રીઉદ્યાપન છરી પાલતા વિશાલ ચતુર્વિધ સંઘ સાથે શ્રીભદ્રેશ્વર ગિરનારાદિ મહાતીર્થોની યાત્રા કરી હતી. તથા શ્રીજિન મંદિરાદિ સાતે ક્ષેત્રોને પોષ્યા છે અને તેઓ હાલ પણ તે પ્રમાણે કરી રહ્યા છે.

સ્વધર્મીવાત્સલ્ય થયું હતું કે જેમણે આ દેહરાસર બંધાવ્યું હતું. ॥ ૧૫૮ ॥

૧૫ મા દિવસનો વિધિ જણાવે છે—

इक्कारसीसुहदिणे–वुड्ढसिणत्तं च बारसीदियहे ॥
रहजत्ता विड्डीओ–पयट्टिया तेरसीदियहे ॥ १५९ ॥

સ્પષ્ટાર્થ—ત્યાર બાદ પંદરમા દિવસે એટલે વૈશાખ સુદ અગીઆરસના શુભ દિવસે બૃહત્ શાન્તિસ્નાત્ર ભણાવવાનો વિધિ થયો, અને ૧૬ મા દિવસે એટલે વૈશાખ સુદ બારસના દિવસે ઘણા આડંબરથી રથયાત્રાનો વરઘોડો નીકળ્યો, અને સત્તરમા દિવસે એટલે વૈશાખ સુદ તેરસના દિવસે વિદ્ધિની ક્રિયા થઇ હતી. ॥ ૧૫૯ ॥

दारुग्घाडणपमुहं–किच्चं किच्चा महुस्सवसमत्ती ॥
वुड्ढिमया संखेवा–भणिया बिइयंजणसलाया ॥१६०॥

સ્પષ્ટાર્થ—ત્યાર બાદ શ્રીઋષભવિહાર દેહરાસરનાં દ્વાર ઉઘાડવાનો વિધિ વિગેરે કાર્યો થયા હતા. આ પ્રમાણે અહીં બીજી અંજનશલાકાના મહોત્સવની સત્તર દિવસની ક્રિયા પૂરી થાય છે. એ પ્રમાણે આ અંજનસલાકા સંબંધી ઘણો વિસ્તાર કરતાં ગ્રંથ (આ બૃહત્કદંબકલ્પ નામનો ગ્રંથ) ઘણો મોટો થઇ જાય માટે ગ્રંથ ઘણો વધવાના—મોટો થવાના ભયથી આ બીજી અંજનશલાકાનો વિધિ બહુ સંક્ષેપથી કહ્યો છે. ॥ ૧૬૦ ॥

---

બીજી અંજનશલાકા પ્રતિષ્ઠાના ૧૭ દિવસના મહોત્સવનો કુંકુમ-પત્રિકામાં છપાયલો વિધિ ક્રિયા સહિત અનુક્રમઃ—

૧ ચૈત્ર વદિ ૧૧ મંગળવાર, તા. ૨૬-૪-૩૮ના દિવસે મંડપ સ્થાપના, મેરૂ પર્વતની અષ્ટાપદ પર્વતની તથા સમવસરણ વગેરેની સ્થાપના, કુંભસ્થાપના વિગેરે અને જવારારોપણ વિગેરે શુભ ક્રિયાઓ. એ દિવસે ભાવનગરના શેઠ માણેકચંદ જેચંદ ભપાન તરફથી નવકારશી (સંઘ જમણ)

૨ ચૈત્ર વદિ ૧૨ બુધવાર તા. ૨૭-૪-૩૮ના દિવસે નન્દાવર્તનું પૂજન અને ઋષભવિહાર પ્રસાદનો અભિષેક વિગેરે શુભ ક્રિયાઓ.

૩ ચૈત્ર વદિ ૧૩ ગુરૂવાર, તા. ૨૮-૪-૩૮ના દિવસે નવગ્રહનું પૂજન (એટલે સૂર્ય ચંદ્ર મંગળ બુધ ગુરૂ શુક્ર શનિ રાહુ કેતુ એ પ્રસિદ્ધ ૯ ગ્રહનું પૂજન) ૧૦ દિગ્પાલ દેવોનું પૂજન (એટલે સોમ –યમ–વરૂણ–કુબેર વિગેરે દસ દેવોનું પૂજન)

અષ્ટ મંગલનું પૂજન (એટલે દર્પણ–ભદ્રાસન–વર્ધમાન–શ્રીવત્સ મત્સ્યયુગલ–મંગળ કળશ–સ્વસ્તિક–નંદાવર્ત્ત એ આઠ મંગળનું પૂજન)

અધિષ્ઠાયક દેવનું પૂજન (એટલે ઋષભદેવ પ્રભુનો અધિષ્ઠાયક કપર્દિ નામે યક્ષ છે તે યક્ષ દેવનું પૂજન), અને વિદ્યાદેવી પૂજન (રોહિણી પ્રજ્ઞપ્તિ આદિ ૧૬ વિદ્યાદેવીઓનું પૂજન) અને શાન્તિકળશ વિગેરે શુભ ક્રિયાઓ.

૪ ચૈત્ર વદી ૧૪ શુક્રવાર, તા. ૨૯-૪-૩૮ ના શુભ દિવસે શાસન અધિષ્ઠાયક દેવનું પૂજન, ઇન્દ્રાદિકનું આહ્વાન, ભૂત બલિમન્ત્રનો ન્યાસ, અને શ્રીસિદ્ધચક્રના મંડલનું (નવપદ મંડલનું) પૂજન વિગેરે શુભ ક્રિયાઓ.

ચૈત્ર વદી અમાસ ૦)) શનિવાર તા. ૩૦-૪-૩૮ના શુભ દિવસે પંચકલ્યાણક વિગેરેનું (ચ્યવન કલ્યાણક–જન્મ કલ્યાણક–દીક્ષા કલ્યાણક–જ્ઞાન કલ્યાણક અને નિર્વાણ કલ્યાણક એ ઋષભદેવ પ્રભુનાં પાંચ કલ્યાણક વિગેરેનું) વિધાન અને તે નિમિત્તે રથયાત્રાનો વરઘોડો.

૬ વૈશાખ સુદી બીજ રવિવાર તા. ૧-૫-૩૮ ના દિવસે

વીસ સ્થાન મંડલની પૂજા, ધજાદંડના કળશનો અભિષેક અને પૂજા વિગેરે તથા દેવીની પ્રતિષ્ઠા (એટલે શ્રીઋષભદેવ પ્રભુની અધિષ્ઠાયિકા દેવી ચક્રેશ્વરી દેવી છે તેની પ્રતિષ્ઠા), અહિં વીસ સ્થાનકનું મંડલ કર્યું તે ૨૦ સ્થાનો આ પ્રમાણે-૧ અરિહંત-૨ સિદ્ધ-૩ પ્રવચન ૪ ગુરૂ-૫ સ્થવિર-૬ બહુશ્રુત-૭ તપસ્વી-૮ સ્વધર્મીવાત્સલ્ય (એ સાત પદનું)-૯ દર્શન-૧૦ વિનય-૧૧ આવશ્યક-૧૨ શીલવ્રત-૧૩ ક્ષણલવ-૧૪ તપ-૧૫ ત્યાગ-૧૬ વૈયાવૃત્ય-૧૭ સમાધિ-૧૮ અપૂર્વ જ્ઞાન ગ્રહણ-૧૯ શ્રુત ભક્તિ-૨૦ પ્રવચન પ્રભાવના. એ ૨૦ સ્થાનકના જાપનાં ૨૦ પદ આ પ્રમાણે-૧ નમો અરિહંતાણું-૨ નમો સિદ્ધાણું-૩ નમો પવયણસ્સ-૪ નમો આયરિયાણું-૫ નમો થેરસ્સ-૬ નમો વાયગસ્સ-૭ નમો સાહૂણું-૮ નમો નાણસ્સ-૯ નમો દંસણસ્સ-૧૦ નમો વિણયસ્સ-૧૧ નમો ચારિત્તસ્સ-૧૨ નમો બંભવયધારિણું-૧૩ નમો કિરિયાણું-૧૪ નમો તવસ્સ-૧૫ નમો સિરિગોયમસ્સ-૧૬ નમો જિણાણું-૧૭ નમો ચારિત્તસ્સ-૧૮ નમો નાણસ્સ-૧૯ નમો સુયસ્સ-૨૦ નમો તિત્થસ્સ. એ વીસ સ્થાનકનાં ૨૦ જાપ પદ કર્યાં.

૭ વૈશાખ સુદ ૩ સોમવાર, તા. ૨-૫-૩૮ના શુભ દિવસે બૃહત્ નંદાવર્તનું પૂજન, ચ્યવન કલ્યાણકનો વિધિ-જન્મ કલ્યાણકનો મહોત્સવ પ્રારંભ-દિક્કુમારી દેવીઓનો મહોત્સવ, અને અમદાવાદના શેઠ માણેકલાલ મનસુખભાઈ તરફથી નવકારશી (સંઘ જમણ).

૮ વૈશાખ સુદ ૪ મંગળવાર, તા. ૩-૫-૩૮ના શુભ દિવસે ઈન્દ્ર ઈન્દ્રાણીનો વરઘોડો. અને મેરૂ પર્વતના શિખર ઉપર ૧ ક્રોડ ૬૦ લાખ કળશોથી ૨૫૦ અભિષેકનો મહોત્સવ અને તે દિવસે જામનગર નિવાસી શેઠ ધારસીભાઈ દેવરાજભાઈ (શેઠ. પોપટલાલ ધારસીભાઈ તરફથી) નવકારશી.

૯ વૈશાખ સુદ ૫ બુધવાર. તા. ૪-૫-૩૮ના શુભ દિવસે અઢાર અભિષેકનો મહોત્સવ, પ્રભુનું નામ સ્થાપન વિગેરે, પ્રભુના દીક્ષા કલ્યાણકનો વરઘોડો અને પ્રભુની દીક્ષાનો વિધિ.

૧૦ વૈશાખ સુદ ૬ ગુરૂવાર તા. ૫-૫-૩૮ના દિવસે શાંતિ-વિધાન-શેષ રહેલ દીક્ષા કલ્યાણકનો વિધિ અને કેવળજ્ઞાન કલ્યાણકનો વિધિ વિગેરે. તથા એ દિવસે અમદાવાદ નિવાસી શેઠ ચંદુલાલ ગુલાબીદાસ (શાહપુરવાળા) તરફથી નવકારશી.

૧૧ વૈશાખ સુદ ૭ શુક્રવાર, તા. ૬-૫-૩૮ના દિવસે શુભ મુહૂર્તમાં પ્રતિમાજીને અંજન કરવાનો વિધિ, બૃહદ્ અભિષેક ક્રિયા, કલ્યાણક સંબંધિ અવશિષ્ટ વિધાન, અને ભાવનગર નિવાસી શેઠ માણેકચંદ જેચંદ જાપાન તરફથી ઝાંપે ચોખા સહિત નવકારશી.

૧૨ વૈશાખ સુદ ૮ શનિવાર, તા. ૭-૫-૩૮ના દિવસે પ્રભુનો પ્રવેશ, અભિષેકાદિ સંબંધી અષ્ટોત્તરી સ્નાત્ર મહોત્સવ, અને ખંભાત નિવાસી શેઠ મુળચંદ ગુલાબીદાસ તરફથી નવકારશી.

૧૩ વૈશાખ સુદ ૯ રવિવાર, તા. ૮-૫-૩૮ના દિવસે કદંબ-ગિરિના નીચે શ્રીમહાવીર સ્વામીના દેહરાસરમાં (કદંબવિહારમાં) મહાન્ પુજા મહોત્સવ અને પાટણનિવાસી સંઘવી શેઠ નગીનદાસ કરમચંદ તરફથી નવકારશી.

૧૪ વૈશાખ સુદ ૧૦ સોમવાર, તા. ૯-૫-૩૮ના દિવસે શુભ મુહૂર્તમાં શ્રીઋષભદેવ પ્રભુને ગાદી ઉપર બિરાજમાન કરવાનો વિધિ (એટલે મૂળ પવાસન ઉપર પધરાવવાનો અને સ્થિર કરવાનો વિધિ), દંડ કળશારોપણ ધ્વજારોપણ ઇત્યાદિ વિધાનો અને બપોરે અષ્ટોત્તરી સ્નાત્ર, તથા એ દિવસે જાવાલ નિવાસી શેઠ મોતીજીના સુપુત્ર શેઠ કપુરચંદજી તથા શેઠ તારાચંદજી તરફથી ઝાંપે ચોખા સહિત નવકારશી.

૧૫ વૈશાખ સુદ ૧૧ મંગળવાર, તા. ૧૦-૫-૩૮ના દિવસે સૂર્યકુંડ ઉપરના દેહરાસરમાં અષ્ટોત્તરી સ્નાત્ર.

૧૬ વૈશાખ સુદ ૧૨ બુધવાર, તા. ૧૧-૫-૩૮ના દિવસે રથ યાત્રાનો મોટો વરઘોડો અને વિસર્જનની ક્રિયા.

**वित्थारेण सरूवं–विहाणसहियं तयक्खगंथम्मि ॥**
**वुच्छं जं निस्संदं–सुलहं होज्जंजणसलाए॥ १६१ ॥**

**સ્પષ્ટાર્થ**–આ અંજનશલાકા સંબંધિ અત્યંત વિસ્તાર પૂર્વક વર્ણન સર્વ વિધિ વિધાનો સહિત તે નામવાળા ગ્રન્થમાં એટલે શ્રીકદંબ અંજનશલાકા નામના ગ્રન્થમાં હું કહીશ. ( આ ગ્રન્થમાં તો તેનો સાર માત્ર કહ્યો છે.) કે જે ઉપરથી અંજનશલાકાનું રહસ્ય સમજવું સુગમ થશે. ॥ ૧૬૧ ॥

શ્રીકદંબગિરિ તીર્થનું માહાત્મ્ય જણાવે છે—

**वंछियदाणसमत्थं–परमत्थनियाणकुसलसाहणयं ॥**
**विजयइ कयंबतित्थं–परमब्भुयमहिमपरिकलियं ॥१६२॥**

**સ્પષ્ટાર્થ**—આ શ્રીકદંબગિરિ તીર્થ જીવોને આ લોક સંબંધી અને પરલોક સંબંધી સર્વ મનોવાંછિત પદાર્થ આપવાને સમર્થ છે, તથા પરમ પુરૂષાર્થ જે મોક્ષ તેનું નિદાન એટલે કારણ જે જ્ઞાન દર્શન ચારિત્ર તેને સાધવામાં જરૂરી સાધનોને મેળવી આપનાર છે. અર્થાત્ જ્ઞાન દર્શન ચારિત્રની આરાધના માટે અને તેનાથી પ્રાપ્ત થતા મોક્ષ ફળ

---

૧૭ વૈશાખ સુદ ૧૩ ગુરૂવાર, તા. ૧૨–૫–૩૮ના દિવસે શ્રી ઋષભવિહાર દેહરાસરનું દ્વાર ઉઘાડવાનો વિધિ, પ્રભુજીનાં પ્રથમ દર્શનનો મહોત્સવ; એ પ્રમાણે એ ૧૭ દિવસનો અનુક્રમ કહ્યો તે ઉપરાન્ત પણ બીજા અનેક વિધિ વિધાનો યુક્ત પ્રતિષ્ઠા મહોત્સવ થયો હતો. આ ક્રમ અંજન શલાકાની બીજી વારની કંકોત્રી ઉપરથી લખેલ છે.

માટે આ શ્રીકદંબગિરિની આરાધના જરૂર કરવી જોઇએ. કારણ કે શ્રીકદંબગિરિની સેવાથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે, અને તે સમ્યગ્દર્શનથી સજ્જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે સજ્જ્ઞાનથી ઉત્તમ ચારિત્રની પ્રાપ્તિ થાય છે, અને ચારિત્રથી અન્તે મોક્ષપદ પ્રાપ્ત થાય છે. આ રીતે આ ગિરિરાજ મોક્ષ માર્ગને સાધવા માટે અતિ કુશળ સાધન છે. તેમજ આ તીર્થ પરમ અદ્ભુત મહિમાવાળું છે એટલે અત્યંત આશ્ચર્યકારી મહિમાવાળું છે, કારણ કે આ તીર્થમાંની વનસ્પતિઓ અતિ પ્રભાવશાલી છે, અને તીર્થની સેવા પણ પરમ કલ્યાણ આપનારી હોવાથી અતિ આશ્ચર્યકારી છે, માટે આ તીર્થનો અદ્ભુત મહિમા છે એમ સમજવું. ॥ ૧૬૨ ॥

આ તીર્થની સેવા કર્મનો નાશ કરનારી શુભ ભાવનાને ઉત્પન્ન કરનારી છે એ બીના જણાવે છે—

**कम्माण बंधमोक्खा–होंति सया भावणाणुसारेणं ॥**
**कम्मुम्मूलणदक्खो–सुहभावो तित्थभूमीए ॥१६३॥**

સ્પષ્ટાર્થ—અનાદિ કાળથી જીવોને કર્મનો બંધ-સંબંધ થયા કરે છે. તેમજ ભવ્ય જીવોને કર્મનો મોક્ષ પણ થાય છે એટલે તેઓ સર્વથા કર્મરહિત પણ થાય છે. અને મોક્ષ તે હમેશાં ભાવનાને અનુસારે હોય છે, એટલે જીવના મનપરિણામને અનુસારે થાય છે, કારણ કે જો અશુભ ભાવનામાં જીવ વર્તે તો વિવિધ કર્મનો બંધ થાય છે અને શુભ ભાવમાં વર્તે તો વિવિધ કર્મનો મોક્ષ (ક્ષય) થાય છે. તેથી કર્મોનો સર્વથા નાશ કરવામાં અત્યંત કુશળ એવો શુભ ભાવ આવા પ્રકારની તીર્થભૂમિમાં થાય છે. અહિં

કર્મનો બંધ અને કર્મનો નાશ ભાવનાને અનુસારે કહ્યો તેમાં પ્રથમ કર્મબંધના અશુભ ભાવ આ પ્રમાણે જાણવા– મિથ્યાત્વ અવિરતિ કષાય ને યોગ એ કર્મબંધના મૂળ ૪ હેતુ છે, તેમાં * ૫ પ્રકારનું મિથ્યાત્વ, ૧૨ પ્રકારની

*(૧)પરંપરાથી ચાલ્યો આવતો ધર્મ તેજ સત્ય એમ માનવું તે **अभिग्रह मिथ्यात्व** કહેવાય (૨) સર્વ ધર્મો સત્ય માનવા તે **अनभिग्रह मिथ्यात्व** કહેવાય (૩) હું જે કહું છું તેજ સત્ય એમ માનવું તે **अभिनिवेष मिथ्यात्व** (૪) અશ્રદ્ધા ભાવથી સંશય ઉપજવો તે **शांसयिक मिथ्यात्व** કહેવાય અને (૫) ઉપયોગ શૂન્ય મિથ્યાત્વ તે **अव्यक्त मिथ्यात्व** એ ૫ પ્રકારનું મિથ્યાત્વ જણાવ્યું.

પૃથ્વીકાયનો વધ, અપ્કાયનો વધ, તેઉકાયનો વધ, વાયુકાયનો વધ, વનસ્પતિકાયનો વધ અને ત્રસકાયનો વધ એ ૬ વધની અવિરતિ, તથા ૫ ઇન્દ્રિયોની અવિરતિ અને મનની અવિરતિ એમ ૧૨ પ્રકારની અવિરતિ જાણવી.

અનન્તાનુબંધી ક્રોધ, માન, માયા,લોભ, અપ્રત્યાખ્યાની ક્રોધાદિ ૪, પ્રત્યાખ્યાની ક્રોધાદિ ૪, સંજ્વલન ક્રોધાદિ ૪ એ ૧૬ કષાય તથા સ્ત્રીવેદ–પુરૂષવેદ–નપુંસકવેદ–હાસ્ય-રતિ–શોક–અરતિ- ભય-જુગુપ્સા એ ૯ નોકષાય મળી ૨૫ કષાય જાણવા.

સત્ય અસત્ય મિશ્ર ને વ્યવહાર એ ૪ પ્રકારના મનયોગ, ૪ પ્રકારના વચનયોગ મળી ૮ યોગ અને ઔદારિક--ઔદારિકમિશ્ર--વૈક્રિય- વૈક્રિયમિશ્ર--આહારક--આહારકમિશ્ર ને તેજસકાર્મણયોગ એ સાત કાયયોગ મળી ૧૫ પ્રકારના યોગ છે. એ ૫૭ ઉત્તર હેતુ કહ્યા. એમાં જે મૂળ હેતુ ૪ છે, એ ૪ હેતુ કોઈ વખતે ભેગા હોય છે, કોઈ વખતે અમુક અમુક કર્મો મિથ્યાત્વ વિના ૩ હેતુથી પણ બંધાય છે, કેટલાંક કર્મો મિથ્યાત્વ ને અવ્રત વિના શેષ કષાય ને યોગ એ બે હેતુથી પણ બંધાય છે ને કેટલાંક કર્મ કેવળ યોગથી પણ બંધાય છે. વિગેરે વધારે બીના ચોથા કર્મગ્રંથ વિગેરે ગ્રંથોમાં જણાવી છે.

અવિરતિ, ૨૫ કષાય ને ૧૫ યોગ એ ૫૭ ઉત્તર બંધ હેતુ. એટલે ચાર મૂળ હેતુના ૫૭ પ્રતિભેદ (ભેદના ભેદ છે.) અથવા કર્મના આશ્રવના ૪૨ ભેદ છે તેમાં ૫ ઈન્દ્રિયો ૪ કષાય ૫ અવ્રત ને ૩ યોગ ને ૨૫ ક્રિયા એ પણ* ૪૨

---

*૧ સ્પર્શેન્દ્રિયાશ્રવ, ૨ રસનેન્દ્રિયાશ્રવ, ૩ ઘ્રાણેન્દ્રિયાશ્રવ, ૪ ચક્ષુરિન્દ્રિયાશ્રવ, ૫ શ્રોત્રેન્દ્રિયાશ્રવ એ પાંચ આશ્રવો કર્મબંધના કારણમાં પ્રવર્તતી ઇંદ્રિયોની અપેક્ષાએ જાણવા. તથા ક્રોધ, માન, માયા, ને લોભ, એ ૪ કષાયરૂપ અશુભ ભાવ તે પણ કર્મબંધના કારણ છે, તથા મનયોગ વચનયોગ ને કાયયોગ એ ત્રણ યોગના નિમિત્તવાળો અશુભ ભાવ પણ કર્મબંધનું કારણ છે. તથા ૧ પ્રાણાતિપાત અવ્રત, ૨ મૃષાવાદ અવ્રત, ૩ અદત્તાદાન અવ્રત, ૪ મૈથુન અવ્રત, ૫ પરિગ્રહ અવ્રત એ ૫ અવ્રત છે, ને ૨૫ ક્રિયાઓ આ પ્રમાણે જાણવી.

**१ कायिकी क्रिया**—કાયાને અયતનાએ પ્રવર્તાવતાં જે ક્રિયા લાગે તે કાયિકી ક્રિયા. એટલે કાયાને અયતનાએ પ્રવર્તાવતાં કર્મબંધ થાય છે.

**२ अधिकरणिकी क्रिया**—અધિકરણ એટલે હિંસાનાં ઉપકરણ સાધન તેના અવયવો સંયુક્ત કરી રાખવા કે જેથી શીઘ્ર ઉપયોગમાં આવે તે અને એ ઉપકરણોને મૂળથીજ નવાં બનાવતાં તે પણ અધિકરણિકી ક્રિયા કહેવાય. એટલે આ પ્રમાણે કરવાથી કર્મ બંધાય છે.

**३ प्राद्वेषिकी क्रिया**—જીવ અથવા અજીવ પ્રત્યે ક્રોધ માનસ્વરૂપ દ્વેષ કરવો તે.

**४ पारितापनिकी क्रिया**—પોતાને હાથે બીજા જીવને સંતાપ ઉપજાવવો, અને પોતે સંતાપ કરવો તે પણ પરિતાપન ક્રિયા.

૫ **प्राणातिपातिकी क्रिया**—પોતે આત્મહત્યા-આપઘાત કરવો તેમજ બીજા જીવનો ઘાત કરવો તે.

૬ **आरंभिकी क्रिया**—જે કાર્યો વડે સચેતન જીવો હણાય અને ચિત્રાદિકની અચેતન આકૃતિ સ્વરૂપ મનુષ્ય વિગેરે હણાય તે બન્ને પ્રકારની આરંભિકી ક્રિયા છે, આ ક્રિયામાં વિવક્ષિત જીવોને હણવાના ઉદ્દેશથીજ કાર્ય કરે છે એમ નહિં પરન્તુ એ કાર્ય એવું હોય છે કે ત્રસાદિ જીવો હણાય, એવી ક્રિયા તે આરંભિકી ક્રિયા.

૭ **परिग्रह क्रिया**—ધન ધાન્ય આદિ પદાર્થોનો સંગ્રહ કરવો તે.

૮ **मायाप्रत्ययिकी क्रिया**—પોતાના હૃદયગત ભાવને છૂપાવવો તે પોતાને ઠગવારૂપ અને ખોટો લેખ વગેરેથી બીજાને ઠગવો તે પર ઠગવારૂપ ક્રિયા. એ બન્ને રીતે માયા પ્ર૦ ક્રિયા થાય છે. માયા એટલે છળકપટ અને પ્રત્યય એટલે હેતુ એમ બંને શબ્દનો અર્થ જાણવો.

૯ **मिथ्याप्रत्ययिकी क्रिया**—જે પદાર્થ જે સ્વરૂપે છે તે સ્વરૂપે ન માનતાં વિપરીત સ્વરૂપે માને, કુદેવ કુગુરૂ કુધર્મ ઉપર શ્રદ્ધા રાખે, અને અન્ય દર્શનીય વ્રતાદિ નિયમો કરે તે.

૧૦ **अप्रत्याख्यानिकी क्रिया**—સચિત્ત અને અચિત્ત પદાર્થના ઉપભોગની વિરતિ નહિં એટલે તે સંબંધી સાવદ્ય વ્યાપારનો ત્યાગ ન કરવો તે અપ્રત્યાખ્યાનિકી ક્રિયા કહેવાય. આ ક્રિયા વસ્તુનો ઉપભોગ ન કરવો હોય પરન્તુ તેનો ત્યાગ ન કર્યો હોય તોપણુ લાગે છે. જેમકે ભરત ક્ષેત્રવર્તી મનુષ્યને સ્વયંભૂરમણ સમુદ્રનું પાણી પીવાના ઉપયોગમાં આવતું નથી કારણ કે તે સમુદ્ર અસંખ્યાત દ્વીપ સમુદ્રો વ્યતીત થયા બાદ સર્વથી અન્તે આવેલો છે, ત્યાં જઈ શકાય નહિં તેમજ ત્યાંનું પાણી લાવીને કોઈ આપતું નથી તોપણ દર સમયે તે પાણી પીવા સંબંધી કર્મબન્ધ તો ચાલુ છેજ. તેમજ અનુત્તર વિમાનનો વૈભવ આપણે ભોગવતા નથી તોપણ વૈભવના

પરિગ્રહ મમત્વ ભાવથી થતો કર્મબંધ ચાલુ છે, વળી આપણે ભૂતકાલમાં પૃથ્વીકાયાદિ અનેક ભવોમાં જે પૃથ્વી વનસ્પતિ વિગેરેના શરીરો છોડીને આવ્યા છીએ તે શરીરોથી અત્યારે જે હિંસા પ્રવર્તે છે તે હિંસાનો કર્મબંધ પણ આપણને અત્યારે ચાલુ છે, કારણ કે આપણે સ્વયંભૂરમણ સમુદ્રનું પાણી જો કે પીતા નથી પરન્તુ પીવાનો ત્યાગ નથી કર્યો તેથી પીવાનું મમત્વ તો છેજ, તેમજ અનુત્તર વિમાનની ઋદ્ધિ ભોગવતા નથી તોપણ તેનો ત્યાગ કર્યો નથી માટે તે વૈભવનું મમત્વ વર્તે છે, અને પૂર્વ ભવોમાં છોડેલાં શરીરોની ઉપરથી પણ હજી મમત્વ ભાવ છૂટયો નથી કારણ કે પ્હેલાં તે શરીરોને વોસિરાવવા રૂપ ત્યાગ કર્યો નથી, માટે એ સર્વનો કર્મબંધ અવિરતિના હેતુથી ચાલુ છે, શરીર વિગેરે સર્વનો જે સમયે ત્યાગ થાય તેજ સમયથી કર્મબંધ પણ અટકે. જેમ તલાવમાં પાણી આવવાના જેટલા માર્ગ ખુલ્લા છે, તેટલા માર્ગથી તલાવમાં પાણી ભરાય. પરન્તુ જે જે માર્ગ બન્ધ કરીએ તે તે માર્ગથી પાણી આવતું અટકે, તેમ જીવ રૂપી તલાવમાં પણ કર્મરૂપી પાણી આવવાના સર્વ માર્ગ ખુલ્લા રાખ્યા હોય તો તે સર્વ માર્ગોથી કર્મ રૂપી પાણી જીવ રૂપ તલાવમાં ભરાતું જાય, અને જેટલા માર્ગ રૂંધી નાખ્યા હોય તેટલા માર્ગથી કર્મરૂપી પાણી આવતું બંધ થઇ જાય છે. એ રીતે આ અપ્રત્યાખ્યાની ક્રિયા કર્મબંધનું કારણ છે એમ સ્પષ્ટ સમજાવ્યું અને એવા પ્રકારનો જે અવિરતિ પરિણામ તે જીવનો અશુભ ભાવ છે.

૧૧ **दृष्टिकी क्रिया**—જીવને તથા અજીવને રાગ દ્વેષથી દેખવા જોવા તે.

૧૨ **स्पृष्टिकी क्रिया**—જીવને તથા અજીવને રાગાદિકથી સ્પર્શવા (અડકવા) તે. એમાં સુંવાળી સુકોમલ વસ્તુને સ્પર્શતાં રાગ થાય છે, અને કર્કશાદિ સ્પર્શવાળી અનિષ્ટ ચીજને દ્વેષથી સ્પર્શાય છે એ પ્રમાણે વસ્તુને સ્પર્શવી તે અશુભ ભાવરૂપ છે અને તેથી કર્મબંધ થાય છે.

આ ક્રિયાને સ્થાને બીજા ગ્રંથોમાં પ્રાશ્નિક ક્રિયા પણ જણાવી છે. ત્યાં જીવ અજીવ સંબંધી ખોટા પ્રશ્ન કરવા એટલે કુતર્ક કરવા તે પ્રાશ્નિકી ક્રિયા.

૧૩ **प्रातित्यकी क्रिया**—અન્યને પ્રતીત્ય—આશ્રયીને જે કર્મબંધ થાય તે. આ ક્રિયા પણ જીવ આશ્રયીને અને અજીવ આશ્રયીને એમ બે પ્રકારની છે. આ સંબંધી વિશેષ બીના શ્રી નવતત્ત્વ વિસ્તરાર્થ વિગેરે ગ્રન્થોમાં જણાવી છે.

૧૪ **सामन्तोपनिपातिकी क्रिया**—જે ક્રિયાથી ત્રસ દિ જંતુઓનું સમન્તાત્—સર્વ બાજુથી ઉપનિપાત—આવી પડવું થાય તે સામન્તોપનિપાતિકી ક્રિયાઓમાં પ્રવાહી પદાર્થોનો (તેલ ઘી વિગેરેનાં) અને ચીકણા પદાર્થ ગોળ ખાંડ વિગેરેનાં ભાજનો ઉઘાડાં મૂકવાથી તેમાં ચારે બાજુથી જંતુઓ આવી આવીને પડે છે અને વિનાશ પામે છે માટે એવાં ભાજનો ઉઘાડાં મૂકવાં તે સામન્તોપનિપાતિકી ક્રિયા જાણવી. અથવા બીજો અર્થ એ છે કે સર્વ બાજુથી લોકોનું આવી પડવું જે ક્રિયાથી થાય તેવા ખેલ તમાસા નાટક સીનેમા વઢવાડ વિદૂષકપણું વગેરે સર્વ કુતુહલનાં કાર્યો કરવાં તે સામન્તોપનિપાતિકી ક્રિયા છે. કારણકે એવી કુતુહલ ક્રિયાઓથી અનેક લોક ભેગા થઈ જાય છે. એમાં યાદ રાખવું કે—ભાષણ વ્યાખ્યાન વિગેરે જે શુભ ભાવથી લોકને એકત્ર કરવાની ક્રિયાઓ છે તે કુતુહલ રૂપે અશુભ ભાવવાળી નથી માટે એ ક્રિયાઓ સામન્તોપ૦ ક્રિયામાં ન ગણાય.

૧૫ **नैशस्त्रिकी क्रिया**—શસ્ત્રથી જીવ અજીવને હણવા, અથવા નૈસૃષ્ટિકી એટલે જીવ અજીવને કૂપાદિકમાંથી બહાર કાઢવા તે.

૧૬ **स्वाहस्तिकी क्रिया**—જીવ અજીવ વડે પોતાના હાથે જીવાજીવને હણવા તે.

૧૭ **आज्ञापनिकी क्रिया**—જીવને અને અજીવને આજ્ઞા કરવી તે. અહિં અજીવને આજ્ઞા કઇ રીતે હોય? તેના સમાધાનમાં જાણવું કે હાથ ચાલાકીના ખેલ કરનાર અથવા જાદુગરો અને મન્ત્રવાદીઓ

અજીવ પદાર્થને પણ આજ્ઞા કરી તેની પાસે કાર્ય કરાવે છે એમ લોકોને દર્શાવે છે. માટે એ રીતે અજીવને પણ આજ્ઞા થાય છે. અથવા **आनयनिकी क्रिया** એવો **અર્થ** કરીએ તો જીવને અથવા અજીવને અણાવવા-મંગાવવા તે. એ **સર્વ** અશુભ ભાવે કર્મ બંધ કરી છે.

**१८ विदारणिकी क्रिया**—વિદારવું એટલે ફાડવું તોડવું **ભાંગવું**. એ **અર્થ** પ્રમાણે જીવ અજીવને વિદારવા ફાડવા તોડવા ભાગવા તે અથવા **विचारणिकी** એટલે વિચારવું. એ અર્થ પ્રમાણે જીવ અજીવને અસત્ સ્વરૂપે વિચારવા તે વિચારણિકી ક્રિયા કહેવાય. અથવા **वैतारणिकी** એટલે વિતારવું-ઠગવું એ અર્થ પ્રમાણે જીવને ઠગવા તે વૈતારણિકી **ક્રિયા** કહેવાય. અથવા કલંક આદિ ખોટા આક્ષેપો કરી બીજાના **હૃદયને** વિદારવું અને ઠગવું તે પણ વિદારણીકી ક્રિયા. **અથવા** વિતારણિકી ક્રિયા **કહેવાય.** એ અશુભ ભાવરૂપ છે. તેમજ મિત્રની સ્ત્રી વિગેરેની છાની વાતો **ઉઘાડી** કરવી તે પણ વિદારણિકી ક્રિયા કહેવાય છે.

**१९ अनाभोग प्रत्ययिकी क्रिया**—અનાભોગ એટલે અજ્ઞાન અથવા ઉપયોગની **શૂન્યતા એ** બન્ને વડે એટલે અજ્ઞાનપણે અથવા ઉપયોગ રહિતપણે કોઈ વસ્તુ લેવી મૂકવી પરઠવવી વિગેરે ક્રિયા કરવી તે અનાભોગિકી ક્રિયા, **તેમજ** એ રીતે જવું આવવું બેસવું ઉઠવું ઉલ્લંઘવું દોડવું કૂદવું ઇત્યાદિ ક્રિયાઓ કરવી તે પણ અનાભોગ પ્રત્યયિકી ક્રિયા કહેવાય.

**२० अनवकांक्षप्रत्ययिकी क्रिया**—આ લોક અને પરલોકના હિતની અવકાંક્ષા-અપેક્ષા રાખ્યા વિના જે ઉભય લોક વિરૂદ્ધ આચરણ આચરવાં તે અનવકાંક્ષ પ્રત્યયિકી ક્રિયા કહેવાય. જેમકે ચોરી હિંસા કરવી વિગેરે જે **અનાચરણોનું** આ લોકમાંજ વધ બંધન આદિ ફળ પ્રત્યક્ષ પ્રાપ્ત થાય તેવાં અનાચરણો તે આ લોક અનવકાંક્ષા ક્રિયા, અને હિંસા મમત્વ-મૂર્છા રાગ દ્વેષ ઇત્યાદિ જે ક્રિયાઓનું ફળ આ ભવમાં સાક્ષાત્ પ્રાયઃ **નથી** પરન્તુ પર ભવમાં દુર્ગતિ આદિ ફળ

અવશ્ય પ્રાપ્ત થાય છે તેવી ક્રિયાઓ પરલોક અનવકાંક્ષા ક્રિયા કહેવાય. એ સર્વ અશુભ ભાવરૂપ છે.

**૨૧ प्रयोग क्रिया**—આર્તધ્યાન રૌદ્રધ્યાન ધ્યાવવું તે મનઃપ્રયોગ ક્રિયા, સાવદ્ય વચનો બોલવાં તે વચન પ્રયોગ ક્રિયા અને પ્રમાદ પણે કાયાથી ગમનાગમનાદિ ક્રિયા કરવી તે કાય પ્રયોગ ક્રિયા. એ પ્રમાણે અશુભ ભાવ રૂપ એ પ્રયોગ ક્રિયા જાણવી.

**૨૨ सामुदानिकी क्रिया**—સમ એટલે સમગ્ર અને ઉપાદાન એટલે ગ્રહણ એટલે જે ક્રિયાવડે સમગ્ર કર્મોનું અર્થાત્ આઠે કર્મોનું ગ્રહણ થાય એટલે આઠે કર્મોનો બંધ થાય તે સમુદાન ક્રિયા અથવા સમુદાય ક્રિયા પણ કહેવાય. તે અતિ તીવ્ર રૌદ્ર પરિણામથી કોઈ જીવનાં અંગોપાંગ છેદવાં વધ કરવો અથવા દર્શન જ્ઞાન ચારિત્રનાં સાધનોનો નાશ કરવો અથવા સાધુ વગેરે મહાત્માઓને હણવા નિંદવા વિગેરે ક્રિયાઓ રાચી માચીને કરવી તે સમુદાન ક્રિયા કહેવાય.

**૨૩ प्रेमप्रत्ययिकी क्रिया**—બીજા જીવોને માયા અને લોભ રૂપ રાગ-પ્રેમ ઉત્પન્ન થાય એવા પ્રકારનું બોલવું ચાલવું ને વર્તવું વિગેરે ક્રિયા કરવી તે પ્રેમ પ્રત્યયિકી ક્રિયા કહેવાય.

**૨૪ द्वेषप्रत्ययिकी क्रिया**–બીજા જીવોને ક્રોધ અને માન રૂપ દ્વેષ ઉપજે એવા પ્રકારનું બોલવું ચાલવું ને વર્તવું વિગેરે ક્રિયા કરવી તે દ્વૈષિકી ક્રિયા કહેવાય. અથવા પોતે પોતાના ઉપર ક્રોધ અને માન કરે તે પણ દ્વૈષિકી અથવા દ્વેષ પ્રત્યયિકી ક્રિયા કહેવાય.

**૨૫ इर्यापथिकी क्रिया**—અપ્રમત્ત સંયત-સાધુ ઉપયોગ પૂર્વક ચાલે ઉપયોગ પૂર્વક બેસે ઉઠે બોલે ઇત્યાદિ જે જે ક્રિયાઓ ઉપયોગપૂર્વક કરે તે ઇર્યાપથિકી છે કે જેમાં કર્મબંધ કેવળ યોગથી બહુજ થોડો થાય છે, અર્થાત્ વીતરાગ ભવ્ય જીવોની જે ઉપયોગ-વાળી ક્રિયાઓ તે ઇર્યાપથિકી છે. અહીં રાગ રહિત હોવાથી બે સમયની સ્થિતિવાળી શાતાવેદનીય કર્મપ્રકૃતિ બંધાય છે, જેમાં પહેલે

કર્મબંધના અશુભ ભાવ (કારણ વિગેરે) અથવા પહેલા કર્મગ્રંથ વિગેરેમાં કહેલા પ્રત્યનીકપણું નિન્હવ વિગેરે વિશેષ હેતુઓ તે પણ કર્મબંધના અશુભ ભાવ (કારણાદિ) રૂપ છે ॥ ૧૬૩ ॥

શ્રીકદંબવિહારના શ્રીમહાવીરસ્વામિનો પ્રભાવ જણાવે છે–

संतोसधणा भव्वा–पवयणविण्णायतित्थनिस्संदा ॥
सिद्धिं पावेंति सया–कयंबवीरप्पसायाओ ॥ १६४ ॥

સ્પષ્ટાર્થ—સંતોષ રૂપી ધનવાળા તથા પ્રવચનથી જાણ્યો છે તીર્થનો સાર જેણે એવા એટલે જે ભવ્ય જીવોએ આગમ વચન શ્રવણ કરીને આ તીર્થનો અતિશય મહિમા અથવા તીર્થનો પ્રભાવ જાણ્યો છે, એવા ભવ્ય જીવો હમેશાં શ્રીકદંબગિરિના શ્રીમહાવીર પ્રભુના પ્રસાદથી એટલે કૃપાથી પોતે ધારેલી કાર્યસિદ્ધિને (અથવા પરભવોમાં મુક્તિ પદને) પામે છે, પરન્તુ જે અભવ્ય જીવો છે તેઓ તો તીર્થની શ્રદ્ધા વિનાના હોવાથી તેમજ મોક્ષના અભિલાષ રહિત હોવાથી અને તેથીજ આવા ઉત્તમ ગિરિરાજને ભાવ–

સમયે માત્ર શાતાવેદનીય કર્મ બંધાય બીજે સમયે વેદાય–ભોગવાય અને ત્રીજે સમયે નિર્જરે છે. એ ઈર્યાપથિકી ક્રિયામાં કેવળ (એક) યોગ હેતુ છે. એ સર્વ આશ્રવના ૪૨ ભેદ તે અશુભ ભાવ રૂપ છે. જો કે એમાં પુણ્યબંધ રૂપ શુભ ભાવ પણ છે પરન્તુ તે પ્રશસ્ત યોગાદિકથી શુભાશ્રવ એટલે પુણ્યબંધ છે. માટે કર્મબંધના હેતુઓ તે શુભાશુભ ભાવરૂપ છે. શુભ ભાવથી શુભ કર્મ બંધાય ને અશુભ ભાવથી અશુભ કર્મ બંધાય અને સંગતિ ગુપ્તિ આદિક આત્મિક શુદ્ધ ભાવથી કર્મનો સંવર ને કર્મની નિર્જરા થાય છે.

પૂર્વક નહિં સ્પર્શતા હોવાથી તેઓ કદી પણ કાર્ય સિદ્ધિ ને અથવા મુક્તિને પામી શક્તા નથી. ॥ ૧૬૪ ॥

કદંબવિહારમાં પ્રતિષ્ઠિત શ્રીવીર પ્રભુને વન્દન કરે છે—

दुरियतिमिररवितुल्लं-वीयहियणिनाहमुहकमलं ॥
वज्जकयंबविहारे-वंदे सिरिसासणाहीसं ॥ १६५ ॥

**સ્પષ્ટાર્થ**—અતિ ઉત્તમ એવા આ શ્રીકદંબવિહારમાં (એટલે ગિરિની નીચે રહેલા શ્રીમહાવીર સ્વામીના દેહરાસરમાં) પાપ રૂપ અંધકારના સમૂહને નાશ કરવામાં સૂર્ય સરખા, અને મોક્ષ પ્રાપ્તિને અનુકૂળ એવા શુભ ભાવ (શુભ અધ્યવસાય-પરિણામ) રૂપી સમુદ્રને ઉલ્લાસ પમાડવામાં ચંદ્ર સરખું જેનું મુખરૂપી કમળ છે એવા વર્તમાન શાસનના અધીશ્વર-નાયક શ્રીમહાવીરસ્વામી પ્રભુ પ્રતિષ્ઠિત છે તેમને હું વન્દન કરૂં છું. ॥ ૧૬૫ ॥

ગ્રંથકાર શ્રીવીર પ્રભુને વંદન કરવાની પ્રેરણા કરે છે—

तिकालं सुहविहिणा-कप्पलयब्भहियभव्वमाहप्पं ॥
वीरं नमंतु भविया !-पसमगुणालंकियं धीरं ॥१६६॥

**સ્પષ્ટાર્થ**—તથા કલ્પલતાથી પણ અત્યંત મનોહર અથવા અતિશય ઉત્તમ માહાત્મ્યવાળા તથા અત્યંત શાન્તિ ગુણ વડે અલંકૃત અને ધીર એવા શ્રીવીર પ્રભુ કે જે કદંબ વિહારમાં બિરાજમાન છે તેમને હે ભવ્ય જીવો! તમો શુભ વિધિ પૂર્વક એટલે મન વચન કાયાની એકાગ્રતા રૂપ શુભ પ્રણિધાનથી આ ભવ પરભવના પૌદ્ગલિક સુખની ચાહના રૂપ નિયાણા રહિત કેવળ મોક્ષ સુખની ઇચ્છાથીજ નમસ્કાર કરો, કારણ કે કલ્પવલ્લી

તો ફક્ત આ ભવના સુખને જ આપનારી છે, પરન્તુ શ્રી વીર પ્રભુને કરેલો નમસ્કાર તો ભવોભવમાં સુખ આપી પર્યન્તે મોક્ષપદ આપનારો છે. માટે શ્રીવીર પ્રભુ કલ્પવલ્લીથી અણુ અતિ ઉત્તમ પ્રભાવવાળા છે. ॥ ૧૬૬ ॥

હવે ગ્રંથકાર અંતિમ ભાવના જણાવે છે—

निभवो सहलो जाओ–जाया मज्झज्ज पावणा रसणा ॥
तित्थत्थवणविहाणा–संजाओ सत्तियाणंदो ॥ १६७ ॥

સ્પષ્ટાર્થ—એ પ્રમાણે શ્રીકંદબગિરિ તીર્થનું સ્વરૂપ જણાવવા પૂર્વક આ તીર્થની સ્તુતિ કરવાથી આજે મારો નિભવ એટલે મનુષ્ય ભવ સફળ થયો. અને આજે મારી રસના—જીભ પવિત્ર થઇ, અને તીર્થની સ્તવના કરવાથી આજે મને સાત્વિક આનન્દ થયો, એટલે આત્મગુણુમાં રમણુતા કરવાથી જે આનંદ ઉત્પન્ન થાય તેવો નિર્દોષ આત્મિક આનંદ ઉત્પન્ન થયો. ॥ ૧૬૭ ॥

નિર્મલ ત્રણ કરણથી શ્રીકદંબગિરિમાં યાત્રાદિક કરવાથી ભવ્ય જીવોને મળતું ફળ બે ગાથામાં જણાવે છે—

माहप्पजुयस्सेवं–कयंबतित्थस्स सत्तियं पूयं ॥
जत्तामहुस्सवाई–करंति जे कारवेंति मुया ॥ १६८ ॥
अणुमोअंति नरा ते, रिद्धिपवुड्ढिं परत्थ कल्लाणं ॥
पाविंति बद्धलक्खा–गुरुवयणं नण्णहा होज्जा ॥१६९॥

સ્પષ્ટાર્થ—એ પ્રમાણે મોટા માહાત્મ્યવાળા શ્રીકદંબગિરિતીર્થની અને અહીં જિન મંદિરોમાં રહેલા બિંબોની જે

ભવ્ય જીવો પૂજા કરે યાત્રા કરે અને મહાન્ મહોત્સવ વિગેરે કરે તેમજ બીજા જીવોને પણ ઉપદેશ આપીને હર્ષ પૂર્વક ગિરિરાજની ભક્તિ પૂજા જાત્રા ને મહોત્સવ વિગેરે કરાવે, તેમજ શ્રીકદંબગિરિની પૂજા ભક્તિ યાત્રા મહોત્સવ આદિ કરતા બીજા જીવોની અનુમોદના કરે એટલે અહો આ ભવ્ય જીવે કેવી તીર્થભક્તિ કરે છે. અમારો પણ એવો ધન્ય દિવસ ક્યારે આવશે કે જેથી અમો પણ આ રીતે શ્રી કદંબ ગિરિરાજની પૂજાભક્તિ વગેરે કરીએ ઇત્યાદિ ભાવના-મનોરથ ચિંતવે તો એ પ્રમાણે પૂજા ભક્તિ આદિ કરનાર કરાવનાર અને અનુમોદનાર એ પ્રકારના ભવ્ય જીવો આત્મ ઋદ્ધિની અધિક અધિક વૃદ્ધિ પામે એટલે જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ આત્મિક ગુણની અત્યંત વૃદ્ધિ કરે અને તેથી બદ્ધલક્ષ્ય જીવો એટલે જેઓએ શ્રી કદંબગિરિ તીર્થની ભક્તિનું જ એક લક્ષ્ય રાખેલ છે અથવા તેવી ભક્તિથી કેવળ મોક્ષપ્રાપ્તિનું જ એક લક્ષ્ય રાખેલ છે, પરન્તુ આ લોકની તથા પરલોકની ચક્રવર્તીપણું દેવેન્દ્રપણું વગેરેની તુચ્છ ચપલ ને અસાર ઋદ્ધિઓ મેળવવા તરફ લક્ષ્ય રાખ્યું નથી, એવા એ બદ્ધલક્ષ્ય ભવ્યાત્માઓ પરમાર્થ કલ્યાણને પામે છે. એટલે મોક્ષ એજ પરમ અર્થ પરમ કાર્ય અથવા પરમ પ્રયોજન હોવાથી પરમાર્થ કહેવાય. તે મોક્ષના કલ્યાણને એટલે મોક્ષના અવ્યાબાધ અખંડિત અને અનન્ત સુખને પામે છે. પરન્તુ જે જીવો કેવળ આ લોકના સુખની પ્રાપ્તિના જ લક્ષ્યવાળા થઇને જો શ્રીકદંબ ગિરિરાજની પૂજા ભક્તિ વગેરે કરે તો તેઓને આ લોકનું સુખ અવશ્ય મળે પરન્તુ મોક્ષ સુખથી તેઓ વંચિત

થાય છે, અને એ આરાધના નિદાનવાળી ગણાય છે. ( નિયાણાવાળી ગણાય છે ). જેથી મોક્ષ માત્રમાંજ બદ્ધલક્ષ્ય થયેલા જીવોને આ લોકનું સુખ તો સહેજે પ્રસંગથીજ વિના ઇચ્છાએ પ્રાપ્ત થાય છે, ને વાસ્તવિક ફળ રૂપે તો મોક્ષ સુખજ પ્રાપ્ત થાય છે, માટે તીર્થની આરાધના કરનારા ભવ્ય જીવોએ આ લોકના સુખ માટે બદ્ધલક્ષ્ય ( એક લક્ષ્ય ) ન થતાં કેવળ મોક્ષપદની પ્રાપ્તિમાં જ બદ્ધ-લક્ષ્ય થવું એ સદુપદેશ રૂપ ગુરૂ વચન છે, એટલે પ્રાચીન પરમ મહર્ષિઓનું એજ વચન છે કે તીર્થની ભક્તિમાંજ બદ્ધલક્ષ્ય ત્રણે કરણથી અને ત્રણે યોગથી થવું, અને એથીજ આત્મઋદ્ધિની વૃદ્ધિ થતાં મોક્ષ સુખ પામી શકાય છે. એવા પ્રકારનું ગુરૂવચન કદી પણ અન્યથા ન જ થાય એટલે નિષ્ફળ ન જાય ॥ ૧૬૮-૧૬૯ ॥

કયા કયા સાધનોથી અને કોના પસાયથી આ કદંબ-ગિરિ બૃહત્કલ્પ ગ્રન્થની રચના કરી ? આ બીના બે ગાથામાં જણાવે છે—

अत्तजणाण मुहाओ–तहेव गहिऊण संपयायलत्रं ॥
पाईणसत्थसारं–विहकप्पो सिरिकयंबस्स ॥ १७० ॥
रइओ ताण पसाया–जेहिं गुरूहिं कयंबभत्तेहिं ॥
अस्सविहाणे दिण्णा–आणा मज्झं महाणंदा ॥ १७१ ॥

સ્પષ્ટાર્થ—આત્મ જનોના મુખથી એટલે જેનું વચન પ્રમાણભૂત મનાય છે એવા પ્રામાણિક મહાપુરુષોના મુખથી આ ગિરિરાજનો અદ્ભુત મહિમા જાણીને તેમજ શ્રીશત્રુંજય માહાત્મ્ય વિગેરે પ્રાચીન શાસ્ત્રોનો સાર ગ્રહણ કરીને

એટલે પ્રાચીન શાસ્ત્રોમાં (શ્રીશત્રુંજય માહાત્મ્ય આદિ પૂર્વ મહાપુરૂષોનાં બનાવેલાં શાસ્રોમાં) જ્યાં શ્રીકદંબ ગિરિરાજનું સ્વરૂપ કહ્યું છે તેમાંથી સાર સાર ગ્રહણ કરીને આ શ્રીકદંબ ગિરિના માહાત્મ્યને દર્શાવનારો "શ્રીકદંબ ગિરિબૃહત્કલ્પ" નામનો ગ્રન્થ પ્રાકૃત ભાષામાં રચ્યો છે. તથા મારા શ્રી કદંબગિરિ પ્રત્યે અત્યંત ભક્તિવાળા એવા પરમપૂજ્ય પરમોપકારી જે શ્રીગુરૂ મહારાજે ( એટલે જૈનાચાર્ય શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરે ) મને અત્યન્ત આનન્દ આપનારી એવી આ ગ્રન્થ રચનાની આજ્ઞા આપી તે શ્રી ગુરૂ મહારાજના પ્રસાદથી મેં આ ગ્રન્થની રચના કરી છે. ॥ ૧૭૦-૧૭૧ ॥

ગ્રન્થકાર ગ્રન્થ રચનામાં ભૂલચૂક થઇ હોય, તેની માફી માગે છે—

इह मे जं विवरीयं-कहियं होज्जणुवओगभावेणं ॥
खामेमि सुद्धभावा-जत्तो मे तित्थभत्तीए ॥ १७२ ॥

સ્પષ્ટાર્થ—આ શ્રીકદંબગિરિ બૃહત્કલ્પ નામના ગ્રન્થમાં કદાચિત્ ઉપયોગના અભાવે ( એટલે ઉપયોગની શૂન્યતાએ) મારાથી કંઇ વિપરીત કથન થઇ ગયું હોય અર્થાત્ કંઈ ભુલ ચૂક થઇ હોય તો તેને હું શુદ્ધ ભાવથી એટલે નિરાગ્રહપણે મારા હૃદયની નિર્મળતાથી ખમાવું છું અર્થાત્ તે ભૂલ ચૂકની પરમ કૃપાળુ સજ્જનો-વિદ્વાનોની આગળ તેમજ શ્રી જિનાગમના મહા જ્ઞાની પુરૂષોની આગળ ક્ષમા માગું છે, અને મને દૃઢ શ્રદ્ધા છે કે તે વિદ્વાનો મારી ક્ષમા સ્વીકારીને મારી અલ્પજ્ઞની ભૂલ ચૂક અવશ્ય સુધારી લેશે. કારણ કે આ ગ્રન્થ રચવાનો મારો પ્રયત્ન કોઇને વિપરીત

માર્ગ દેખાડવા માટે નથી, પરન્તુ શ્રીકદંબ ગિરિરાજ મહાતીર્થની ભક્તિની પ્રેરણાથીજ મેં આ ગ્રંથ બનાવ્યો છે. અને મહાનિર્મલ જ્ઞાની પુરૂષો તો દરેકને એજ સદુપદેશ આપે છે કે શુભે યથાશક્ति यतनीयं " એટલે શુભ કાર્યમાં દરેક સજ્જને યથાશક્તિ પ્રયત્ન કરવો. એ વચન પ્રમાણે મારો આ પ્રયત્ન પણ યથાશક્તિ સ્વપરોપકારમય શુભકાર્યને ઉદ્દેશીનેજ થયો છે ॥ ૧૭૨ ॥

ગ્રંથકાર ગુરૂ દેવાદિનો પ્રસાદ ચાહે છે—

सिरिनेमिवीरपहुणो–मंगलधम्मा सया पसीयंतु ॥
पुज्जा सव्वेऽवि तहा–तित्था हिट्ठायगा देवा ॥१७३॥

સ્પષ્ટાર્થ—મારા ગુરૂદેવ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ તથા વર્તમાન શાસનના નાયક ધર્મવીર દયાવીર સમતા ક્ષમાદિ ગુણરત્નનિધાન-પરમ પૂજ્ય શ્રી વીરપ્રભુ તથા સર્વ પૂજ્ય પુરૂષો એટલે શ્રીસુધર્માસ્વામી ગણધરથી પ્રારંભીને આજ સુધીની પરંપરામાં થયેલા શાસન પ્રભાવિક પૂર્વાચાર્યો તથા તીર્થના અધિષ્ઠાયક દેવ દેવીઓ એ સર્વ મંગલ કરવાના સ્વભાવવાળા એટલે સકલ વિઘ્નોને હઠાવી ઋદ્ધિ વૃદ્ધિ કરનારા છે તેઓ મારી ઉપર હંમેશાં પ્રસન્ન થાઓ, કે જે સર્વની પ્રસન્નતા વડે ભક્તિથી રચેલો આ કદંબ ગિરિ બૃહત્કલ્પ ગ્રંથ શાસનના પર્યન્ત સુધી વિજયવંત વર્તે, તેથીજ ભાવિક ને ભકિતવાળા જનો વાંચે વિચારે અને શ્રીકદંબગિરિરાજની ભકિતમાં નિરન્તર ઉજમાલ રહે. ॥ ૧૭૩ ॥

આ ગ્રંથ રચનામાં સહાયક મહાપુરૂષનો નામનિર્દેશ સ્મરણ વિગેરે બીના જણાવે છે—

बिहकप्पाईविहाणे-साहिज्जविहाणभावकरुणड्ढा ॥
आयरिओदयसूरी-विज्झागुरुणो जयंतु सया ॥१७४॥

**સ્પષ્ટાર્થ**—શ્રી કદંબગિરિ બૃહત્કલ્પ વિગેરે મહા ગ્રંથોની રચનામાં તથા મને અને બીજા સાધુઓને ભણાવવા ગણાવવામાં મદદ કરવારૂપ ભાવ કરૂણાવાળા—ભાવદયાવાળા સિદ્ધાંત વાચસ્પતિ ન્યાયવિશારદ અનન્યગુરૂભક્ત ગીતાર્થ-શિરોમણિ મારા વિદ્યાગુરૂ પરમ પૂજ્ય આચાર્ય મહા-રાજ શ્રીમદ્ વિજયોદયસૂરીશ્વરજી મહારાજે મને શ્રુતજ્ઞાન આપ્યું છે એટલે ભાવદયા પૂર્વક શ્રીભગવતી વિગેરે જિના-ગમો ભણાવેલ છે તે આચાર્ય મહારાજ (શ્રીમદ્ વિજયો-દયસૂરીશ્વર) હમેશાં જયવંતા વર્તો. ॥ ૧૭૪ ॥

આ ગ્રંથની રચનાનો સમય અને સ્થાન વિગેરે બે ગાથામાં જણાવે છે—

समिइनिहाणनिहिंदु-प्पमिए वरिसे सिरिंदभूइस्स ॥
गणिणो केवलदियहे-जइणउरी रायनयरम्मि ॥१७५॥
जिणसासणगयणतवण-गुरुवरसिरिनेमिसूरिसीसेणं ॥
पउमेणायरिएणं-कओ सिरिकयंबविहकप्पो ॥१७६॥

**સ્પષ્ટાર્થ**—(સમિતિ એટલે ૫, નિધાન ૯, નિધિ ૯ ને ચંદ્ર ૧ એ અંકની ડાબી ગતિ પ્રમાણે) ૧૯૯૫ ના વિક્રમ સંવતમાં શ્રીઈન્દ્રભૂતિ ગણધરના કેવળજ્ઞાનના દિવસે એટલે શ્રીગૌતમસ્વામીને કાર્તિક સુદ ૧ની પ્રભાતે કેવળજ્ઞાન થયું છે તેથી તે કેવળજ્ઞાનનો દિવસ કાર્તિક સુદ પડવો ગણાય, આ પ્રમાણે વિક્રમ સંવત ૧૯૯૫ના કાર્તિક સુદી પડવાને શુભ દિવસે જૈનપુરી જે રાજનગરી એટલે હિંદુ-

સ્તાનમાં આજે અમદાવાદ એ જૈનપુરીના ઉપનામથી અથવા બહુમાનવાળા નામથી પ્રસિદ્ધ છે, તેથી એવી પ્રશસ્ત પ્રસિદ્ધિવાળા રાજનગરમાં—અમદાવાદ માં શ્રી જૈનશાસન રૂપી ગગનમંડલને શોભાવવામાં અથવા પ્રકાશિત કરવામાં સૂર્ય સરખા તપોગચ્છનાયક આચાર્ય શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરના ચરણકિંકર શિષ્યાણુ વિજય-પદ્મસૂરિએ આ શ્રીબૃહત્કદંબગિરિ કલ્પ નામના ગ્રન્થ બનાવ્યો. । ૧૭૫—૧૭૬ ॥

ગ્રન્થકાર છેવટની ભાવના જણાવીને ગ્રંથને પુરો કરે છે:—

विहकप्परयणजोगा-जं लद्धं पुण्णमित्थ तेण सया ॥
भव्वा लहंतु सिद्धिं-कयंबभत्ती मिलउ सययं ॥१७७॥

સ્પષ્ટાર્થ—આ શ્રીકદંબગિરિ બૃહત્કલ્પ ગ્રન્થની રચના કરવાથી અહિં—આ ભવમાં મેં જે પુણ્ય ઉપાર્જન કર્યું હોય તે [1]પુણ્યાનુબંધી પુણ્યના ફલ રૂપે હું એજ ચાહું છુ

૧ મુક્તિના આશયથી કરાતું કોઈ પણ ધર્માનુષ્ઠાન પુણ્યાનુબંધી પુણ્ય પ્રાપ્ત કરાવી પર્યન્તે કર્મની સર્વથા નિર્જરા કરાવનારૂં થાય છે, અને તેથી મોક્ષ પદની પ્રાપ્તિ અવશ્ય થાય છે. અહિં પુણ્ય બે પ્રકારનાં છે. પાપાનુબંધી પુણ્ય અને પુણ્યાનુબંધી પુણ્ય. ત્યાં જે જે શુભ અનુષ્ઠાને આ લોક અને પરલોકના સુખની ઇચ્છાએ કરવામાં આવે તે શુભ અનુષ્ઠાનોથી પાપાનુબંધી પુણ્ય બંધાય છે કે જે પુણ્યથી આ લોક પરલોકનાં સુખ તો અવશ્ય મળે પરન્તુ એ સુખ એવાં હોય છે કે જે સુખો ભોગવતાં ધાર્મિક ભાવના વધતી નથી, પરન્તુ તે સુખોમાં રાચવા માચવાપણું થાય છે અને તેથી તેવા પ્રકારના જીવો અનેક પાપ-

કે–ભવ્ય જીવો હંમેશાં દ્રવ્યસિદ્ધિ તથા ભાવસિદ્ધિને પામે અને તે ભવ્ય જીવોને ભવે ભવે (ભવોભવ) શ્રીકદંબગિરિ તીર્થની પરમ ઉલ્લાસથી વિધિ પૂર્વક સાત્વિકી ભક્તિ કરવાનો ઉત્તમ અવસર મળો. ॥ ૧૭૭ ॥

॥ इति तपोगच्छाधिपति-शासनसम्राट् सूरिचक्रचक्रवर्ति-जगद्गुरु आचार्य श्रीविजयनेमिसूरीश्वरचरणकिंकर विनेयाणु-विजयपद्मसूरिप्रणीतः स्पष्टार्थसमेतः श्रीकदंबगिरिबृहत्कल्पः ॥

॥ સમાપ્ત. ॥

---

કર્મોને બંધાવનારા મોટા મોટા આરંભ સમારંભોમાં તથા હિંસા આદિ મોટાં પાપકર્મોમાં પ્રવર્તી અન્તે પાપકર્મ બાંધી દુર્ગતિમાં જઈ સંસારમાં રખડે છે, આથી સાબીત એ થયું કે પાપાનુબંધી પુણ્ય એ મોક્ષમાર્ગને અનુકૂળ નથી, અને મોક્ષના આશયથી કરાતાં ધર્માનુષ્ઠાનોથી જીવને પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે કે જે પુણ્યના ઉદયથી ભવ્ય જીવોને પરભવમાં આર્ય દેશ ઉત્તમ કુળ અને સંપૂર્ણ અંગોપાંગ મળે છે તથા શરીરે સુખી રહે છે. તેમજ જ્યાં દેવ ગુરુ-ધર્મની સામગ્રી હોય એવો ઉત્તમ જન્મ થાય છે, અને સર્વ સાધનો મોક્ષ માર્ગને અનુકૂળ પ્રાપ્ત થતાં જીવ અન્તે સર્વ વિરતિ ધર્મને સાધીને સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષપદ મેળવે છે. માટે આ ગાથામાં જે पुण्ण એટલે પુણ્ય કહ્યું છે તે પાપાનુબંધી નહિં પણ પુણ્યાનુબંધી પુણ્ય જાણવું. અને તેવા પુણ્યથીજ ભવ્ય જીવો શ્રીકદંબ-ગિરિની ભક્તિ કરે. અને મોક્ષપદ પ્રાપ્ત કરે એ સારાંશ છે.